શ્રી સયાજી સાહિત્યમાળા, પુષ્પ ૩૪૮

મહાગુજરાતના મુસલમાનો

ભાગ ૧-૨

પ્રાચ્યવિદ્યા મન્દિર
મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા

શ્રી સયાજી સાહિત્યમાળા, પુષ્પ ૩૪૪

મહાગુજરાતના મુસલમાનો

ભાગ ૧-૨

પ્રાચ્યવિદ્યા મન્દિર

મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા

શ્રી સયાજી સાહિત્યમાળા, પુષ્પ ૩૪૪

મહાગુજરાતના મુસલમાનો

ભાગ ૧–૨

લેખક:

કરીમ મહમદ માસ્તર

પ્રાચ્યવિદ્યા મન્દિર

મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા

પ્રકાશક :
ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા,
નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર,
મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા.

પ્રથમાવૃત્તિ, પ્રત ૫૦૦

[વિ. સં. ૨૦૨૫] [ઈ. સ. ૧૯૬૯

મૂલ્ય રૂ. ૧૩ = ૦૦ ન. પૈ.

પ્રાપ્તિસ્થાન :
યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ
મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ,
રાજમહેલ દરવાજા પાસે, રાજમહેલ રોડ,
વડોદરા

મુદ્રક :
શ્રી. રમણલાલ જીવણલાલ પટેલ, મૅનેજર,
ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ
બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહેલ
દરવાજા પાસે, રાજમહેલ રોડ, વડોદરા.

નિવેદન

આપણા દેશી ભાષાના સાહિત્યની અભિવૃદ્ધિ કરવાના સદુદ્દેશથી, પતિતપાવન કૈ૦ શ્રીમન્ત સરકાર મહારાજા સાહેબ શ્રી સયાજીરાવ ગાયકવાડ ત્રીજા, સેનાખાસખેલ સમશેરબહાદુર, જી. સી. એસ. આઈ., જી. સી. આઈ. ઈ., એલએલ.ડી., એઓશ્રીએ કૃપાવન્ત થઈને બે લાખ રૂપિયાની રકમ અનામત મૂકેલી છે. તેના વ્યાજમાંથી 'શ્રી સયાજી સાહિત્યમાળા'રૂપે વિવિધ વિષયોને લગતાં પુસ્તકો તૈયાર કરાવવામાં આવે છે.

તદનુસાર, આ 'મહાગુજરાતના મુસલમાનો' ભાગ ૧–૨ એ નામનું પુસ્તક, સ્વ. કરીમ મહમદ માસ્તર પાસે તૈયાર કરાવવામાં આવેલું, તેને મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા તરફથી ઉપર્યુક્ત માળામાં ૩૪૪મા પુષ્પરૂપે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ચતુરભાઈ શં. પટેલ
કુલપતિ,
મ. સ. વિશ્વવિદ્યાલય,
વડોદરા.

ભો. ધ્રૂ. પારેખ
સંશોધન અધિકારી,
પ્રાચ્યવિદ્યા મન્દિર,
વડોદરા.
તા. ૭–૭–૧૯૬૯

પ્રસ્તાવના

ઈ. સ. ૧૯૩૮માં, નામદાર મુંબઈ સરકારની પરવાનગીથી મેં બોમ્બે ગેઝેટિયર, પુ. ૯, ભા. ૨, વિભાગ ૧, "ગુજરાતના મુસલમાનો"નું ભાષાન્તર પ્રસિદ્ધ કર્યું હતું. તેને ગુજરાતમાં સારો આવકાર મળ્યો હતો, અને પહેલી આવૃત્તિ એક વરસમાં જ ખપી ગઈ હતી.

તેથી, મને લાગ્યું હતું કે આ વિષયની વધારે છણાવટ થવાની જરૂર હતી. મુસલમાનો માત્ર ગુજરાત તળપદમાં જ નહિ, પણ કાઠિયાવાડ, કચ્છ વગેરે મહાગુજરાતના બીજા ભાગોમાં પણ વસતા હતા અને તેઓનો ઇતિહાસ આંતરસંકલિત હતો.

તેથી, મેં તે બાબતનું વાચન વિસ્તારવા માંડયું હતું તે કારણે અને અંશતઃ તે વખતની મારી નોકરીના કામકાજના બોજાને લીધે, મેં "ગુજરાતના મુસલમાનો"ની બીજી આવૃત્તિ મુલત્વી રાખી હતી.

મને પૂરતો અવકાશ તો ઈ. સ. ૧૯૪૮માં હું નિવૃત્ત થયો ત્યારે જ મળ્યો હતો. દરમ્યાન, મારી છૂટક છૂટક કરેલી નોંધો તૈયાર હતી. મૂળ પુસ્તકમાં તે બધી સાંકળી લીધી હતી. 'ગુજરાતના મુસલમાનો' અને સરકારી ગેઝેટિયરો અર્ધી સદી અગાઉની માહિતી આપતાં હતાં, તેથી તેઓની જૂની થઈ ગયેલી અને બિનજરૂરી માહિતી કમી કરી, નવી માહિતી ચાલુ વૃત્તાંતમાં થડકો ના લાગે તેવી રીતે સંકલિત કરી હતી.

મુસલમાનોની ત્રણ મુખ્ય વેપારી કોમો—મેમણ, ખોજા અને શિયા વહોરાઓની વિગતવાર માહિતી માટે મેં તેમની કોમ તવારીખોનો લાભ લીધો છે.

શિષ્ટ માસિકોમાં પણ આ બાબત અવારનવાર આવતા લેખો મેં જતા કર્યા નથી. વિશાળ રેફરન્સ લાયબ્રેરીનો લાભ મને મળી શક્યો નથી. હું એવાં સ્થળોએ હતો જ્યાં તેવી કોઈ લાયબ્રેરી હતી જ નહિ, પરંતુ તે રીતે હું મારો બચાવ કરી શકું નહિ.

તેથી મને લાગે છે કે હજી વધારે માહિતી હોય તો વધારે સારું. કોઈ પણ એક જ વ્યક્તિનું વાચન ગમે તેટલું વિશાળ હોય તોપણ આવા વ્યાપક વિષય માટે તે પૂરતું ના જ ગણાય.

તેથી વાચક વર્ગને મારી સવિનય વિનંતી છે કે તેઓ પોતપોતાની કોમની જેટલી અલબત, આધારભૂત માહિતી ધરાવતા હોય અથવા મેળવી શકતા હોય, તેનો લાભ જો તેઓ મને આપવાની કૃપા કરશે તો હું જરૂર તે માહિતી નવી આવૃત્તિમાં સાંકળી લેવા યથાયોગ્ય પ્રયત્ન કરીશ.

આશા રાખું છું કે મારું આ નવું પુસ્તક, મારા આ વિષયના અગાઉના પુસ્તક માફક જનતાના આદરને પાત્ર થશે.

આ પુસ્તક પ્રગટ કરવા માટે વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીનો, તેના વાઈસ ચાન્સેલર ડૉ. જ્યોતીંદ્ર મહેતા અને ગુજરાતીના નિષ્ણાત ડૉ. ભોગીલાલ સાંડેસરાનો આભાર માનું છું.

અમદાવાદ

કરીમ મહમદ માસ્તર

અનુક્રમ

ભાગ ૧

પરિશિષ્ટ

ભાગ ૨

મહાગુજરાતના મુસલમાનો

ભાગ ૧

પ્રકરણ ૧

પશ્ચિમ હિન્દમાં આરબો

ઈસ્વી સનના સાતમા સૈકાના મધ્યકાળથી અઢારમા સૈકાના અંત સુધી પરદેશી મુસલમાનો ગુજરાતમાં આવતા હતા.

ગુજરાતમાં મુસલમાન આરબો આવ્યા તે પહેલાં ચોલ, કલ્યાણ અને સોપારામાં આરબ વસાહતોના દાખલા નોંધાયલા છે. અબુ'લફિદા (ઈ. સ. ૧૨૭૩–૧૩૪૩) કહે છે કે સોપારામાં બહુ પહેલાંના સમયથી આરબો વસતા હતા. ઍગેથાર સાઈકસના સમયમાં (ઈ. સ. પૂ. ૧૭૭–૧૯૦) મલાબારના કિનારા ઉપર એટલા બધા આરબો હતા કે ત્યાંના લોકોએ આરબોનો ધર્મ સ્વીકાર્યો હતો. ટૉલેમીના હિંદના નકશામાં (ઈ. સ. ૧૫૦) આરબોની અસર 'મેલીઝીજેરીસ' નામમાં મળે છે. એ શબ્દનો ઉત્તર વિભાગ અરબી 'જઝીરા'=બેટનું રૂપાન્તર છે.

આરબોએ ઇસ્લામ ધર્મ સ્વીકાર્યો તે પહેલાં તેઓ ઘણાખરા સાબિયન હતા. સેઈલ કુરઆનેશરીફના ઉપોદ્ઘાતમાં કહે છે કે આરબોના ઇસ્લામ સ્વીકાર પહેલાં (જહાલત જમાના'માં) ત્યાં મૂર્તિપૂજકો, યહુદીઓ, મૅગિયનો અને ખ્રિસ્તીઓ હતા, તોપણ સાબિયનોનો ધર્મ આખી આરબ પ્રજામાં ઓતપ્રોત થઈ ગયેલો હતો.

મુસલમાન આરબોની હિન્દ પરની પહેલી ચઢાઈ ઈ. સ. ૬૩૬માં બીજા ખલીફા હઝરત ઉમર(રદી.) (ઈ. સ. ૬૩૪–૬૪૩)ના અમલ દરમ્યાન, જોકે તેમની મંજૂરી વિના, બહરૈનના સૂબા ઉસ્માને કરેલી હતી. જોકે તે ચઢાઈ ફતેહમંદ નીવડેલી હતી, છતાં ય ઉમર એ ચઢાઈ સંબંધે સૂબા ઉપર નારાજ થયેલા હતા.

હ. ઉમરના હિન્દ વિરુદ્ધના આ પૂર્વગ્રહનું કારણ એ હતું કે તેમના માનવા પ્રમાણે હિન્દમાં જવાનો રસ્તો કિરમાનમાંથી હતો અને તે રસ્તો વિકટ હતો.

હિ. ૧૪=ઈ. સ. ૬૩૬માં કાદેસિયાની લડાઈ પછી તરત જ નવા સ્થાપેલા બસરા શહેરમાં જ્યારે હ. ઉમરે પોતાનો પહેલો સૂબો મોકલ્યો હતો ત્યારે તેમણે તેને કહ્યું હતું કે ‘ હું તને હિન્દના મુલકમાં મોકલું છું; ધ્યાન રાખજે કે એ દુશ્મનોનો ખરાબમાં ખરાબ પ્રદેશ છે.’

એ જ અરસામાં, હ. ઉમરે એક ફિલસૂફને હિન્દ વિશે તેનો અભિપ્રાય પૂછતાં તેણે કહેલું હતું કે ‘ તે બળવાખોર કાફરોનો દૂરનો પ્રદેશ છે.’

હિન્દ વિશેની આ માન્યતા છેક ઉમૈયા વંશના ખલીફા હ. અબ્દુલ-મલિક(ઈ. સ. ૬૮૫–૭૦૬)ના અમલ સુધી ચાલુ રહેલી હતી. તેના અમલમાં ઇબ્ને કીરીય્યાએ હજ્જાજ બિન યૂસુફને હિન્દ અને ખુરાસાન વિશે એ પ્રમાણે સચોટ સંક્ષિપ્ત અભિપ્રાય આપેલો હતો કે ‘ હિન્દના સમુદ્રમાં મોતી, પર્વતોમાં માણેક, વૃક્ષોમાં સુવાસિત અગર અને તેમાં વર્ણવેલાં બમરાટ છે, પરંતુ ત્યાંની પ્રજા બિચારાં કબૂતરોનાં ટોળાં જેવી છે, અને ત્યાં જવાનો માર્ગ ખુરાસાનમાં થઈને છે, જેનું પાણી બરફ જેવું છે, અને જ્યાંની વસ્તી ચાલાક દુશ્મન છે.

ઈ. સ. ૬૩૬માં બહરૈનના આરબ સૂબાએ ખંભાતના અખાતમાં બંદરો સામે બે કાફલા મોકલ્યા હતા; ૭૩૦માં ભરૂચ ઉપર હુમલો કર્યો હતો; ૭૫૮ અને ૭૭૮માં કાઠિયાવાડના કિનારા સામે કાફલા મોકલ્યા હતા, અને ૮૩૦ના અરસામાં ઘણું કરીને કચ્છમાં છે તે સિન્દાન ફતેહ કર્યું હતું, અને કેટલાંક વરસો સુધી તેનો કબજો રાખ્યો હતો.

એક વૃત્તાંત પ્રમાણે ૭૩૪માં આરબો કિનારો વટાવી દેશની અંદર દાખલ થયા હતા, અને ઉજ્જૈન જીતી લીધું હતું. આ 'ઉજ્જયન' જૂનાગઢનો ગિરનારનો વા ઉજ્જતાનો ડુંગરી કિલ્લો હોય, પરંતુ જ્યારે આપણે જોઈએ છીએ કે ચચનામામાંના વર્ણન મુજબ, ઉમૈયા વંશના ખલીફા અબ્દુલવલીદના અમલમાં (૭૦૫–૭૩૪) મોહમ્મદ બિન કાસિમે જયપુર અને ઉદયપુર જીતી લીધાં હતાં, અને કર્નલ ટૉડ તેમના રાજસ્થાનના પુસ્તકમાં કહે છે કે 'ઉજ્જૈન ચિતોડને તાબે હતું', ત્યારે શકય છે કે સિન્ધના આ આરબ વિજેતાએ પોતાનું આક્રમણ દેશના અંદરના ભાગમાં છેક ઉજ્જૈન સુધી લંબાવેલું હોય.

ઈસ્વી સનના સાતમા, આઠમા અને નવમા શતકોમાં ગુજરાતના કિનારા લૂંટવા અને જીતવા બગદાદથી મોકલવામાં આવતાં નૌકા-સૈન્યોના આરબ નાવિકો અને સૈનિકો ગુજરાતમાં પ્રથમ વસનાર આરબો હતા. તેમના પછી આવનાર વેપારીઓએ મોટે ભાગે ઇરાની અખાતમાંથી આવી, ગુજરાતનાં મુખ્ય શહેરોમાં મોટી સંખ્યાનાં જૂથોમાં વસાવટ કર્યો હતો. અણહીલવાડના રજપૂત રાજાઓએ આ વેપારીઓને સ્થાયી વસવા ઉત્તેજન આપી, તેમના તરફ સારો આદરભાવ દર્શાવ્યો હતો. તેમના વસાવટોની આંતરવ્યવસ્થા તેમને જ કરવા દઈ, તેમનો ધર્મ તેમને પાળવા દઈ, તેમને મસ્જિદો બાંધવા દીધી હતી.

હિન્દમાં મુસાફરી કરનાર સુલયમાન (ઈ. સ. ૮૫૧) કહે છે કે બલહોરા એટલે દક્ષિણના માલખંડનો રાજા રાષ્ટ્રકૂટ (૮૫૨–૮૭૩), જે તે વખતે ગુજરાતનો પણ રાજા હતો. તે બધા રાજાઓમાં આરબો પ્રતિ વિશેષ પક્ષપાત ધરાવતો હતો. અલ મસઉદીએ ૯૧૬માં ઇસ્લામને માન મળતું અને તેનું રક્ષણ થતું જોયું હતું. તે કહે છે કે ચારે તરફ રોનકદાર મસ્જિદો જોવામાં આવતી હતી. ત્યાં પાંચે વખતની નમાઝ પઢાતી હતી. સૈમુરમાં (ચેમ્બુરમાં—તેમાં ૧૦,૦૦૦ મુસલમાનો હતા. ઘણાખરા ઈરાની અખાતમાંથી આવેલા હતા. ઇબ્ને હૌકલે ૯૪૩માં અણહીલવાડ, ખંભાત અને સિન્દાન(કચ્છ)માં મસ્જિદો જોઈ હતી. અલ ઇદ્રીસી (૧૦૭૦–૧૧૦૦) કહે છે કે નહેરવાળા(અણહીલવાડ)માં મુસલમાન સોદાગરો મોટી સંખ્યામાં આવતા જતા હતા. મુસલમાનોનાં આક્રમણોથી નુકસાન પહોંચ્યા છતાં, અણહીલવાડના રજપૂત રાજાઓએ મુસલમાન વેપારીઓ તરફ ઘણું માયાળું વર્તન ચાલુ રાખ્યું હતું. મોહમ્મદ ઔફી (૧૨૧૧) કહે છે કે સિદ્ધરાજ જયસિંહે (૧૦૯૪–૧૧૪૩) ખંભાતના કેટલાક મુસલમાન વેપારીઓ ઉપર થયેલા જુલ્મની તપાસ કરી હતી, અને એ માટે હિન્દુઓને સજા કરી, મુસલમાનોને મસ્જિદ ફરીથી બાંધવા નાણાંની મદદ કરી હતી.

કેટલાક નાના હિન્દુ રાજાઓએ મુસલમાનોને ભાડુતી લશ્કરમાં રાખ્યાનું જણાય છે. ૧૨૬૪માં સોમનાથના હિન્દુ રાજા પાસે કેટલાક મુસલમાન અમલદારો હતા. તેમાં એક તો નૌકાસૈન્યનો ઉપરી—'નાખુદા' હતો. અમદાવાદના કસ્બાતી મુસલમાનોની એક શાખા, અણહીલવાડના વાઘેલા રાજાઓ(૧૨૧૫–૧૨૯૭)ના લશ્કરમાં કેટલાક ખુરાસાની સૈનિકો હતા, તેમના વંશજ હતા. હિન્દુ રાજાઓ મુસલમાન ભાડુતી સૈનિકો રાખતા હતા, એ કેટલી સામાન્ય વાત હતી તેનું એક દૃષ્ટાંત

છે કે અલાઉદ્દીન ખીલજીએ દક્ષિણ હિન્દ ઉપર સવારી કરતી વખતે બહાનું બતાવ્યું હતું કે પોતે રાજમંદ્રીના રાજા પાસે નોકરી માટે જતો હતો.

ઈસ્વી અગિયારમા અને બારમા શતકોમાં, ઉત્તર તરફથી મુસલમાનોનાં આક્રમણો શરૂ થયાં હતાં. મહમૂદ ગઝનવી, ૧૦૨૪, કુત્બુદ્દીન ઐબક ૧૨૯૪, પરંતુ ૧૨૯૭માં અલફખાંએ ગુજરાત છેવટનું સર કર્યું ત્યાં સુધી, કિનારા ઉપરનાં થોડાંક ગામોના અપવાદ સિવાય, ગુજરાત તળપદમાં મુસલમાનોની વસ્તી ઘણી થોડી હતી.

બારમી સદીની આખરથી સત્તરમી સદીની આખર સુધી, તરી અને ખુશ્કી બેઉ માર્ગોએ, સંખ્યાબંધ વિદેશી મુસલમાન સૈનિકો, વેપારીઓ, આશ્રિતો અને ગુલામો ગુજરાતમાં ચાલુ આવતા હતા.

ગુજરાતનાં બંદરો, મધ્ય એશિયા, ઈરાન અને ખુરાસાનના રાજાઓ માટે "અબવાબુ'લ મક્કા"– "મક્કાના દરવાજા"રૂપ હોવાથી, ઘણાં વિદેશી કુટુંબો, મક્કામદીનાનાં પવિત્ર સ્થળોથી પાછા ફરતાં ગુજરાતમાં સ્થાયી વસવટ કરતાં હતાં, આનું એક નામાંકિત દૃષ્ટાંત અમદાવાદ પાસેના સરખેજના પીર હઝરત શેખ અહમદ ખટ્ટુ (રહ.)નું છે. તેઓ અમદાવાદ શહેરનો પાયો નાખનાર ચાર "ઔલિયા" અહમદો પૈકીના એક છે. મુસલમાનો પૈકીનો મોટો ભાગ તો સૈનિકો તરીકે નોકરી શોધવા નીકળેલા સાહસિકોનો હતો. ૧૫૩૧માં, બહાદુરશાહના લશ્કરમાં તુર્કો અને હબસીઓ હતા. ૧૫૭૨માં અકબર સામે લડનાર ગુજરાતના લશ્કરમાં સીદીઓ અને અફઘાનો હતા. ૧૫૧૪માં ગુજરાતની મુલાકાત લેનાર બારબોસાના કહ્યા પ્રમાણે, ઘોડેસ્વાર લશ્કરમાં તુર્કો, મિસરના મમલુકો, આરબો, ખુરાસાનીઓ અને તુર્કોમાન

હતા; કેટલાક દિલ્હીથી આવેલા હતા અને કેટલાક ગુજરાતના જ હતા. વેપારીઓને કાયમ વસવા ઉત્તેજન મળતું હતું. ૧૩૨૧માં, તેવા એક વેપારીને સુરત પાસે નવસારીમાં, કેટલીક જમીન બક્ષિસ આપવામાં આવેલી હતી. તે ઉપરાંત, તેને "મલેકુત્તુજ્જાર" = "શાહ વેપારી"નો ઇલકાબ આપવામાં આવેલો હતો.

વિદેશી મુસલમાનોમાંના ઘણાખરા તો સ્ત્રીઓ વિના એકલા જ આવેલા હોવાથી, તેઓ સામાન્ય મુસલમાન વસ્તીમાં ભળી ગયા હતા.

અર્વાચીન યુગમાં, ગુજરાતની મુસલમાન વસ્તીમાં વિદેશી તત્ત્વ ત્રણ કારણોને લીધે કંઈક વધારે પ્રમાણમાં વૃદ્ધિ પામેલું છે: (૧) અગિયારમા સૈકાના અંતમાં, અરબસ્તાનના યમન પ્રાન્તમાંથી શીઆ વેપારી વહોરાઓના વડા ધર્મગુરુ—"મોટા મુલ્લાંજી સાહેબ" તેમના અનુયાયીઓના મોટા સમૂહ સાથે ગુજરાતમાં આવ્યા હતા, (૨) આશરે સત્તરમા સૈકાના મધ્યમાં મોગલ કાફલાના નાખુદા તરીકે જંજીરાના સીદીઓ સુરતમાં કાયમના વસવા આવ્યા હતા; અને (૩) અઢારમા સૈકામાં આરબ ભાડુતી સૈનિકો અને ઈરાની રાજકીય આશ્રિતોનાં કેટલાંક ટોળાંની ભરતી થઈ હતી.

ઓગણીસમા સૈકાના આરંભમાં (૧૮૦૨માં) ગુજરાતમાં અંગ્રેજી લાગવગ સંપૂર્ણપણે સ્થાયી થવામાં માત્ર આરબ ભાડુતી સૈનિકો જ અંતરાયરૂપ હતા, બહાદુર પણ બંધારણ વિનાના તેઓ આશરે ૭૦૦૦ હતા. તેમાં ચોથા ભાગના અરબસ્તાનના વતનીઓ હતા. બાકીના ગુજરાતમાં વસેલા અરબોની ઔલાદમાંથી હતા. સને ૧૮૦૨ના ડિસેમ્બરની ૨૬મી તારીખે, વડોદરામાં તેમની હાર થયા પછી આ અરબી ભાડુતી સિપાહીઓની સત્તા પરવારી ગઈ હતી.

ખંભાતના ઈરાની આશ્રિતો માટે જેમ્સ ફોર્બ્સ (૧૭૮૧) કહે છે કે તેમાંના કેટલાક અફઘાનીઓ ૧૭૨૩માં તેમનો દેશ જીતી લીધો ત્યારે આવેલા હતા; અને બીજા કેટલાક ૧૭૩૬માં નાદિરશાહે ઈરાનની ગાદી હાથ કરી ત્યારે નાસી આવ્યા હતા. બીજા કેટલાક ૧૭૩૮માં નાદિરશાહનું લશ્કર હિન્દમાંથી ઈરાન પાછું ગયું ત્યારે અહીં રહી ગયા હતા. ઈરાનના ભાડુતી સિપાહીઓ ખંભાતના નવાબ સાહેબની ઈરાની પલટણોમાં નવા સિપાહીઓ તરીકે આવતા હતા.

સ્થાનિક વતનીઓમાંથી કેટલાકને સમજાવીને અને કેટલાકને બળજબરાઈથી ઇસ્લામમાં દાખલ કરવામાં આવ્યા હતા. વખતોવખત ઇસ્લામના ઉપદેશકો અને ઉલમાઓ પોતાની મેળે અથવા ગુજરાતના સુલતાનોના આમંત્રણથી અહીં આવીને ઘણા હિન્દુઓને ઇસ્લામમાં મેળવી લેવામાં ફતેહમંદ થયા હતા.

આ ધર્મોપદેશકોમાં સૌથી અગત્યના ગુજરાતનાં શીઆ વહોરા કોમની સ્થાપના કરનાર દાઈ અબ્દુલ્લા ૧૦૬૭માં ખંભાત આવ્યા હતા.

બીજા સુપ્રસિદ્ધ પ્રચારકોમાં ૧૧૬૫માં આવનાર હઝરત ખ્વાજા મુઇનુદ્દીન ચિશ્તી (રહ.) હતા. તેઓ અજમેરમાં વસતા હતા. ત્યાં તેમણે ઘણાને ઇસ્લામમાં દાખલ કર્યા હતા. ત્યાં જ તેઓ ૧૨૩૫માં ખુદાની રહમતે પહોંચ્યા હતા : ઇન્ના.

સુલતાન મહમૂદ ગઝનવીએ ગુજરાતના ઉત્તર ભાગના રજપૂતો, જેઓ હાલ 'મલેક' કહેવાય છે, તેમને ઇસ્લામમાં દાખલ કર્યાની આખ્યાયિકાઓ હજી એ પ્રદેશમાં પ્રચલિત છે.

દિલ્લીના તઘલક બાદશાહ ફિરોજશાહ (૧૩૫૧–૧૩૮૮)ના એક વિશ્વાસુ અમીર ઝફરખાને જયારે ૧૩૭૧માં ગુજરાત સર કર્યું

ત્યારે તેની સાથે ઇસ્લામના કેટલાક ઉલમાઓ આવ્યા હતા. તેમણે લોકોને "સુન્નત વ'લ જમાઅત અર્થાત્ સુન્ની મઝહબ દલીલોથી સમજાવ્યો હતો. પરિણામે ૧૦૬૭માં ઇસ્લામમાં દાખલ થયેલા શીઆ વહોરાઓમાંથી કેટલાકે સુન્ની પંથ સ્વીકાર્યો હતો.

બીજા ઉપદેશકોમાં, સૈયદ મોહમ્મદ જૌનપુરી હતા. તેઓ ગુજરાતમાં ૧૫૦૯માં આવ્યા હતા. પોતે ઇમામ મેહદી હોવાનો દાવો કરતા હતા.

બીજાઓમાં, સુલતાન મહમૂદ બેગડાના જમાના (૧૪૫૯-૧૫૧૩)ના અલંકારરૂપ હઝરત શાહઆલમ સાહેબ (રહ.); અને સુલતાન મુઝફ્ફર બીજા (૧૫૧૩-૧૫૨૬)ના પીર શાહ તાહીર સાહેબ (રહ.) હતા.

ગુજરાતના સુલતાનોમાં મુઝફ્ફરશાહ પહેલાએ ૧૩૯૫માં, અને મહમૂદ બેગડાએ ૧૪૭૧માં, ઇસ્લામનો પ્રચાર કરવા ઉલમાઓને આમંત્ર્યાનું નોંધવામાં આવેલું છે. વિદ્વાન અને નિપુણ મુઝફ્ફર બીજાના રાજ્યઅમલ દરમ્યાન (૧૫૧૩-૧૫૨૬) ઈરાન, અરબસ્તાન અને તુર્કસ્તાનથી ઘણા વિદ્વાનોને ગુજરાતમાં સ્થાયી વસવાનું ઉચિત લાગ્યું હતું.

પીરાણાવાળા હઝરત ઇમામશાહે (રહ.) પણ ઘણા હિન્દુઓને ઇસ્લામમાં આણ્યા હતા. તેમના પિતા હ. કરીમુદ્દીન ઈરાનના ઇરાક પ્રાંતમાંથી અમદાવાદ આવ્યા હતા. તેમના પુત્ર સૈયદ ઇમામુદ્દીન અમદાવાદથી દક્ષિણે આઠ માઇલ ઉપર આવેલા એક ગામડામાં અવસાન પામ્યા હતા. તે ગામડાને પોતાની કરમતી ઉત્પત્તિની યાદમાં તેમણે કર્મથી નામ આપ્યું હતું. હાલ તે કરમત્યા (પીરાણા) નામથી

ઓળખાય છે. હ. ઇમામ શાહના વંશજો હજી પણ, મોમનાઓને તેમણે ઇસ્લામમાં આણ્યા હતા, તેમના પીરઝાદાઓનો મરતબો ભોગવે છે. હ. ઇમામશાહના અવસાનની વાર્ષિક તિથિએ કરમથા (પીરાણા)માં આવેલા તેમના રોજામાં ભરાતા ઉરસમાં તેમના ઘણા મુરીદો હજી જાય છે.

પ્રકરણ ૨

કર્મતિયનો

કર્મતિયનોની ટૂંક પણ ખાસ નોંધ કરવા જેવી છે. હિ. ૨૭૮= ઈ. સ. ૮૯૧માં, અબ્બાસી વંશના પંદરમા ખલીફા અલ-મોઅતમીદ બીલ્લાહના અમલના અંત ભાગમાં કૂફા પાસે નહરૈનના નાના ગામડામાં, એક વખત એક ગરીબ અને ઘરબાર વિનાનો રખડતો મુસાફર આવ્યો હતો. તે કહેતો હતો કે ઈરાનના ઇસ્ફહાન શહેર પાસેના ખુઝીસ્તાનથી તે આવેલો હતો. તે અજાણ્યો માણસ નહરૈનમાં કાયમનો રહી ગયો હતો. ત્યાં તેણે એક સુખી સ્થિતિના બક્કાલ (શાકભાજી વેચનાર)ના આશ્રય નીચે રહી, ઉગ્ર તાપસી જીવન ગાળવા માંડયું હતું. તેનું નામ અહમદ હતું. તેના વિલક્ષણ ધાર્મિક વિચારો અસાધારણ ઉગ્ર ધર્મ-ક્રિયાઓ અને આચરણોના તીવ્ર પાલનમાં પ્રત્યક્ષ થતા હતા. ઇસ્લામની શરીઅત મુજબ નિત્યની પાંચ નમાઝને બદલે તે પચાસ પઢતો હતો અને બીજાઓને તેમ કરવા ઉપદેશ કરતો હતો. તે કહેતો હતો કે હ. ઈસા(અલ.)એ તેને સાક્ષાત્ દર્શન દીધાં હતાં, અને તેને કહ્યું હતું કે "હ. ઝકરીયા (અલ)નો પુત્ર યહયા (John) છે; તું 'પવિત્ર આત્મા'—Holy Ghost છે."

અહમદ પોતાની જાતમહેનતથી મેળવ્યા વિનાનું કંઈ પણ ખાતો ન હતો. આવા જીવનનાં કેટલાંક વર્ષો વ્યતીત થયા પછી તેના ઉપદેશથી આકર્ષાઈ, લોકો તેના પંથમાં ભળ્યા હતા; જોકે અહમદ પોતે તો પૂર્વવત્ એકાંત અને સાદું જીવન જ ગાળતો હતો તોપણ તેના શિક્ષણે રાજકીય સ્વરૂપ ધારણ કર્યું હતું. નિરંતર નમાઝ

પઢવાના તેના સતત આગ્રહને લીધે તેના અનુયાયીઓનો જીવનપલટો થયો હતો. જેઓ એક વખત મહેનતુ ખેડૂતો હતા, તે મટી તેઓ નિરુદ્યમી, ઉદાસી બગાસાં ખાનાર ટોળાં બની ગયાં હતાં. આ ફેરફારોને લીધે તે પ્રાન્તનું જમીન મહેસુલ, જે તે વખતે પાકના અમુક ભાગ રૂપે લેવાતું હતું, તે ઘટી ગયું હતું. તે કારણે ત્યાંના સૂબાએ અહમદને કેદમાં નાખ્યો હતો. બીજી સવારે તેને દેહાંતદંડ આપવાની આવશ્યકતા વિશે તેણે ચર્ચા કરી હતી. આ ચર્ચાને સૂબાની એક ચાકરડીએ સાંભળી લીધી હતી. કદાપિ તે અહમદની ગુપ્ત શિષ્યા હોય ! જ્યારે સૂબો નિદ્રાવશ થયો હતો ત્યારે સૂબાના અંગ ઉપરથી કેદખાનાની ચાવીઓ તે ચાકરડીએ ચોરી લીધી હતી, અને તેણે અહમદને છૂટો કર્યો હતો. પછી અહમદ શામ (Syria) નાસી ગયો હતો. પરંતુ કેદમાંથી તેના આ ભેદભર્યા છુટકારાને લીધે, તેના અનુયાયીઓની દૃષ્ટિમાં તે એવો મહાન પુરુષ જણાવા લાગ્યો હતો કે તેના નામની સાથે અલૌકિક મહત્તા સંકળાઈ ગઈ હતી.

આ અરસામાં તેના મુરીદે જાહેર કર્યું હતું કે તેના મુરશિદને revelation—દૈવી સંદેશો મળ્યો હતો. ઇબ્ને અસીરના કહેવા મુજબ, તે પેગામ આ પ્રમાણે હતો : “ બિસ્મીલ્લા હિર્ રહમાનનિર્ રહીમ, (દયાળુ અને કૃપાળુ અલ્લાહને સંબોધું છું) નસારા—Nazarath ગામના અલફરજ બિન ઉસ્માન સૌને આમંત્રે છે; તે કલામ—word છે; તે રાહબર—Guide છે; ને અહમદ બિન મોહમ્મદ હનીફા છે; તે હ. જિબરાઇલ (અલ.) છે.”

અહમદે પોતાના અનુયાયીઓ માટે ઇસ્લામના હ. પેગમ્બર સાહેબ (અલ.)ની શરીયત રદ કરી, તેને સ્થાને નવી શિક્ષાપત્રી પ્રતિપાદ કરી, તેમને મદ્યપાનની છૂટ આપી હતી, કુરઆનેશરીફનાં ફરમાનો

રૂપક—allegory રૂપે છે, એમ કહી, તેણે એવો બોધ કર્યો હતો કે નમાઝ ઇમામની તાબેદારીની સંજ્ઞારૂપે છે; રોઝા (અપવાસ) મૌનવ્રત માટે છે; અને મઝહબના કાનૂનો ત્રાહિત અજાણ્યા માણસોથી ગુપ્ત રાખવા જોઈએ; અને વ્યભિચાર બેવફાઈના પાપ રૂપે છે.

આ ઉપદેશો પૂર્વમાં હિન્દ સુધી અને પશ્ચિમમાં આફ્રિકા અને સ્પેન સુધી પ્રસર્યા હતા. આને મળતા આવતા સિદ્ધાંતોના પાયા ઉપર મિસરમાં ફાતિમી ખિલાફત (૯૦૮થી ૧૧૭૧) અને હિન્દમાં મુલ્તાન (૯૮૫) અને મનસુરાનાં રાજયુગલ સ્થપાયાં હતાં. નહરૈનના અપ્રસિદ્ધ ગામડામાં ઊગેલો આ નાનો છોડ લગભગ બે સૈકાઓ ફૂલ્યો ફાલ્યો હતો, અને એક મહાન વૃક્ષ થયો હતો. પછી પશ્ચિમની ડાળી પોષણ વિના કરમાઈ ગઈ હતી; અને પૂર્વની શાખા તેના નામરાશી ઘોરી મોહમ્મદ બિન સામની કાતિલ તલવારથી ૧૧૭૫માં કપાઈ ગઈ હતી. તે ફરીથી ફૂટી શકી જ ન હતી.

મિસરના શીઆઓ કર્મતિયનોની સાંપ્રદાયિક આસક્તિ વિના અપ્રસિદ્ધિના અંધકારમાં સડ્યા કર્યા હોત. કર્મતિયનો ઝનૂની વિપ્લવકારી હતા. તેમની ખૂનરેજીભરી કારકિર્દીને કારણે નવમા અને અગિયારમા શતકોમાં તેમણે સીરિયા અને મેસોપોટેમિયામાં ખૂનની નદીઓ વહેવડાવી હતી. ક્રમશઃ કર્મતિયન ઇસ્માઈલી સંપ્રદાય ફાતિમી ખલીફાએ (૯૦૯–૧૧૭૧)ના ઇમામી સંપ્રદાયમાં પરિણમ્યો હતો. ફાતિમી ખિલાફત પશ્ચિમમાં સ્થાપનાર સાહસિક ઓબયદુલ્લાએ (૯૦૯–૯૩૪) મિસર અને સીરિયા ઉપર કાબૂ જમાવ્યા પછી કર્મતિયનોનું કાનૂની જોશ અંકુશમાં આણી, પોતાનું રાજકીય આધિપત્ય પ્રસારવામાં તેને સાધનભૂત કરવા ઉપયોગમાં લીધું હતું

કર્મતિયન નામની ત્રણ વ્યુત્પત્તિ આપવામાં આવે છે. ઇબ્નેઅસીર

કહે છે કે અહમદ નહરૈનમાં રહેતો હતો તે સમયના તેના મુસીબતના દિવસોમાં એક વખત તે જે ખજૂરીઓનું રખવાળું કરતો હતો, તે સંબંધે તકરાર થવાથી કેટલાક લોકોએ તેને બહુ ક્રૂર રીતે માર માર્યો હતો. તેણે મરણશરણ થયેલો સમજી તેને તેઓ ચાલ્યા ગયા પછી એક રાતી આંખવાળો ગામડિયો, જે ઘણા બળદોનો માલિક હતો, તે તેને પોતાને ઘેર લઈ ગયો હતો. તેણે તેની સારી સારવાર કરી હતી. ત્યારપછી અહમદ તે ગામમાં રહ્યો ત્યાં સુધી, રાતી આંખવાળા મુરબ્બીના આશ્રય નીચે નિરંતર રહેતો હતો. નહરૈનમાં તે વખતે પ્રચલિત નબાતિયન અરબોની ભાષામાં 'કર્મતા'નો અર્થ 'રાતી આંખવાળો' થાય છે, તેથી બળદોના આ રાતી આંખવાળા માલિકના માનીતા પાલક અહમદનું ઉપનામ 'કર્મતિયા' અર્થાત્ 'કર્મતાના માણસ' એવું પડયું હતું. આ ખુલાસો સૌથી વધારે બંધબેસતો લાગે છે.

બીજાઓના કહેવા પ્રમાણે, જ્યારે અહમદ તોફાની અને જબરદસ્ત કાવત્રાનો ઉપરી થયો હતો, ત્યારે તે મંડળનો પત્રવ્યવહાર તેની પોતાની સંશોધિત શૂન્યની સાંકેતિક ભાષામાં ચાલતો હતો. આ લિપિની પંક્તિઓ એટલી નિકટ લખાતી હતી અને અક્ષરો એટલા ઝીણા હતા કે તેને 'કર્મત' અર્થાત્ 'ગુપ્ત' કહેતા હતા.

ત્રીજો ખુલાસો છે કે આ કર્મતિયન પીરનું નામ અહમદ બિન મોહમ્મદ હતું; એનામાંના અક્ષરો વાંકા હોવાથી અહમદનું ઉપનામ 'કર્મત' એટલે 'વાંકો' પડયું હતું. કર્મતિયન નામની વ્યુત્પત્તિ બીજી રીતે પણ કરવામાં આવે છે. તેનાં પણ ત્રણ દૃષ્ટાંત આપવામાં આવે છે.

ડિ હર્બેલોટના મત પ્રમાણે, ઈરાકના કૂફા શહેર પાસે હમદાનમાં, જ્યાં તેમના પંથનો સ્થાપક જન્મેલો હતો, તે ગામના નામ ઉપરથી એ નામ પડેલું છે, ઇલિયટના કથન અનુસાર, 'કર્મત' 'ગુપ્ત'—એ

ઉપરથી એ ઉપનામની ઉત્પત્તિ માનવામાં આવે છે. તેમના સંપ્રદાયનું લખાણ ગુપ્ત સંજ્ઞાઓથી થતું હતું. દબિસ્તાનના વર્ણન અનુસાર, તેમનો નેતા વક્રાંગ crooked હોવાથી તેને ' કર્મતા ' કહેતા હતા.

તેમના સંપ્રદાયનો સ્થાપક અહમદ ઉર્ફે હમદાન હિ. ૨૭૮=ઇ. સ. ૮૯૧માં અહમદ બિન અબ્દુલ્લા બિન મામુન કદ્દાહ જે ફાતિમી ખિલાફતના સ્થાપક સઈદ ઉબયદુલ્લાહનો પૂર્વજ હતો, તેનો તે અનુયાયી હતો. તેણે સ્ત્રીઓને સઘળા પુરુષો વચ્ચે સામાન્ય ભોગ્ય ગણવા (community of women) બોધ કર્યો હતો, તેમ જ સૌને ધાર્મિક અને નૈતિક ફરજોમાંથી મુક્તિ આપી હતી. તેનો સાંપ્રદાયિક ઉપદેશ એવો હતો કે જેની જે ઇચ્છા હોય તે સઘળું પ્રાપ્ત કરી શકે છે. અગાઉના ધર્મઉપદેશકોથી તેનો મત અવી રીતે જુદો પડતો હતો કે તેના સાંપ્રદાયિક સિદ્ધાંતો બીજા પાસે હિંસક રીતે મનાવી શકાય છે. તે અર્થે તે રાજકર્તાઓ સામે બળવો કરવાની પણ તરફેણ કરતો હતો.

હર્બેલોટના મત મુજબ, તે ફિરસ્તાઓ અને શેતાનોથી સૃષ્ટિક્રમ ચાલતો હોવાનું માનતો હતો. કુરઆનનાં ફરમાનોને તે રૂપક ગણતો હતો. રોજાનો અર્થ બીજા ધર્મવાળાઓ પાસે પોતાનો ધર્મ ગુપ્ત રાખવાની સંજ્ઞારૂપે હોવાનું તે સમજાવતો હતો. તે કહેતો હતો કે કુરઆનમાં વ્યભિચાર માટે જે સજા નિર્દેશ કરેલી છે, તે ધર્મોપદેશકોની બેવફાઈ માટે છે.

ઈ. સ. ૮૯૯ કે ૯૦૩ = હિ. ૨૮૬ કે ૨૯૦માં સઈદ હબ્બીબના નેતૃત્વ નીચે કર્મતિયનોએ ખલીફા મોઅતકિદ સામે સીરિયામાં બળવો કર્યો હતો. તેમણે હગિમાર—રોમનોનું પેટ્રા ડેઝરટા સર કરી, ત્યાં પોતાનું થાણું જમાવ્યું હતું. તે સ્થળ એક સમયે અરબસ્તાનની રાજધાની હતું.

ત્યાં આખરે દશ વર્ષના રાજઅમલ પછી સઈદને કતલ કરવામાં આવ્યો હતો.

તેના પુત્રના રાજઅમલમાં, ઈ.સ. ૯૨૩ = હિ. ૩૧૧માં તેમણે બસરા અને કૂ'ફા સર કર્યાં હતાં, અને ઈ. સ. ૯૩૧ = હિ. ૩૧૧માં અબૂ તાહિર નામના વિખ્યાત નેતાની આગેવાની નીચે તેમણે મક્કા શરીફ ફતેહ કરી, ત્યાં ભયંકર કતલ ચલાવી હતી. કા'બા શરીફ લૂંટી, ત્યાંથી 'હજરૂ'લ અસ્વદ = કાળો પથ્થર તેઓ ઉઠાવી ગયા હતા. વીસ વરસ સુધી તે પથ્થર તેમણે પોતાના કબ્જામાં રાખ્યો હતો. ખલીફા અર્રાઝીએ, હાજીએ તેમનાં દિલને સંતોષ આપી હજ પઢી શકે, તે માટે તેમને વાર્ષિક સાલિયાણું આપવા કબૂલ્યું હતું.

સઈદના છેલ્લા પુત્ર યૂસુફ અથવા અબુ યાકૂબના ઈ.સ. ૯૭૫ = હિ. ૨૬૬માં અવસાન પછી, કર્મતિયનોએ પોતાના રાજઅમલ 'સાદાહ': પવિત્ર ઉપનામવાળા ૭ સૈયદોથી ચલાવ્યો હતો. દશમા સૈકાના અંતમાં, હગિયારની સરકાર આંતરકલહથી નબળી પડી, તેને અંત આવી ગયો હતો. પછીથી કર્મતિયનો વેરવિખેર થઈ ગયા હતા.

તેમના અમલના કોઈ અગાઉના જમાનામાં તેઓ સિન્ધુ નદીની ખીણમાં દાખલ થયેલા હતા. અલ બીરૂનીના કથન પ્રમાણે, ઈ.સ. ૯૭૦થી ૧૦૩૦ના અરસામાં, તેમણે મુલ્તાનની મોટી મૂર્તિ તોડી નાખી હતી. સુલ્તાન મહમૂદ ગઝનવીએ ઈ.સ. ૧૦૨૦ = હિ. ૪૩૦માં, જે રાજાએ એક વખત ઇસ્લામ સ્વીકારી, પાછળથી તે ઇસ્લામમાંથી ફરી ગયો હતો, તે રાજાને મુલ્તાનમાંથી હાંકી દૂર કર્યો હતો, તે રાજા આ કર્મતિયનોના સંપ્રદાયમાં માનતો હતો.

આ રાજા કોણ હતો ? કર્નલ મેડીઝ ટેલર 'હિન્દના ઇતિહાસ'માં આ રાજાનું નામ સેવકલાલ; અને સાલ ૧૦૦૫–'૦૬ આપે છે. તે કહે

છે કે તે રાજાને મહમૂદ ગઝનવીએ પોતે પંજાબના જીતેલા ભાગનો સૂબો નીમ્યો હતો. તે રાજાએ ઇસ્લામ સ્વીકારેલો હોવાથી, સુલતાને તેમ કરેલું હોય. લાહોરના રાજા જયપાલ અને તેના પુત્ર અનંગપાલનાં નામોની સરખામણી કરતાં આ સેવકલાલ તે જ કુટુંબનો હોવાનું અનુમાન કરી શકાય છે. સૈયદ અબૂ ઝફર નદવી તેમના ગુજરાતના ઇતિહાસમાં તે રાજાનું નામ સુખપાલ આપે છે.

સુલ્તાન મોહમ્મદ ઘોરીએ ઈ. સ. ૧૧૮૫=હિ. ૫૭૧માં મુલ્તાનને કર્મતિયનોના પંજામાંથી છોડાવ્યું હતું. ઈ. સ. ૧૨૩૭=હિ. ૬૩૪માં કર્મતિયનોએ દિલ્હીની જૂની મસ્જિદ ઉપર હુમલો કરીને ઘણા નમાઝીઓને કતલ કર્યા હતા. પરંતુ શાહી લશ્કર આવી પહોંચવાથી કર્મતિયનોનો સૌનો સંહાર કરવામાં આવ્યો હતો.

કચ્છના જાડેજા રજપૂતો આ કર્મતિયન સંપ્રદાય પાળતા હતા, તેમ માનવા બે કારણો છે: આશરે હિ. ૪૩૨=ઈ. સ. ૧૦૩૨માં સુમરાઓનો એક રાજવંશ કર્મતિયન હતો. તેમણે જાડેજાઓને ઇસ્લામમાં આણ્યાનું કહેવામાં આવે છે, તેમનામાં એક "કર્મતી" નામની પેટા શાખ હોય છે. કર્મતિયનોની શિથિલ નીતિ અને તેમના શિથિલ સાંપ્રદાયિક સિદ્ધાંતોને લીધે છોકરીઓને નાનપણમાં જ દૂધ પીતી કરવાનો રિવાજ તેમનામાં સહેલાઈથી દાખલ થઈ ગયો હોય. હિન્દુ અને મુસલમાન, બન્ને ધર્મો આ દુષ્ટ રિવાજને એકસરખી રીતે વખોડી કહાડે છે.

પ્રકરણ ૩

ગુજરાતમાં ઇસ્લામ પ્રચાર

૧. શાહી ફાળો :

હિન્દુઓને બળાત્કારે મુસલમાન બનાવીને, અલફખાને (૧૨૯૭–૧૩૧૭) અણહીલવાડથી ભરૂચ સુધી ઇસ્લામ ફેલાવ્યો હતો, પરંતુ તેના પછી થયેલા સૂબાઓએ ઇસ્લામના પ્રચારમાં વધારે ઉત્સાહ દર્શાવ્યો ન હતો.

અણહીલવાડના એક કરતાં વધારે રાજાઓએ ઇસ્લામ સ્વીકાર્યો હોય, એ મુસ્લિમ માન્યતામાં સત્યાંશ હોય તો, અજયપાળે (૧૧૭૪–૧૧૭૭) પોતાના રાજ્યમાં માત્ર એક જ મંદિર ઊભું રહેવા દીધું હતું, તે હકીકત તેને ગુજરાતના સઘળા રાજ્યકર્તાઓમાં સૌથી વધારે ધર્માકાંક્ષી ઠરાવે છે.

હિન્દુમાંથી મુસલમાન થયેલા ફર્હતુલ મુલ્કે હિન્દુ ધર્મને ઉત્તેજન આપ્યું હતું. તેથી, ૧૩૯૧માં, ઝફરખાનને ગુજરાતના સૂબા તરીકે મોકલવામાં આવ્યો હતો. પાછળથી તે અમદાવાદનો પહેલો સ્વતંત્ર સુલ્તાન થયેલો હતો. અમદાવાદના સુલ્તાનોમાંથી સુલ્તાન અહમદશા (૧૪૧૧–૧૪૪૧), મહેમૂદ બેગડો (૧૪૫૯–૧૫૧૩) અને મહમૂદ બીજો (૧૫૩૬–૧૫૪૭)—એ ત્રણ સુલ્તાનોએ ઇસ્લામ ફેલાવવાના ખાસ પ્રયાસો કરેલા હતા.

સુલ્તાન અહમદશાહે બે વખત ૧૪૧૪ અને ૧૪૨૦માં હિન્દુઓ પાસે ફરજિયાત ઇસ્લામ સ્વીકારવાના કાનૂની પ્રયત્નો કર્યા હતા. જે

રજપૂતો આ પ્રમાણે ઇસ્લામમાં આવ્યા હતા. તેઓ "મોલે સલામ" કહેવાયા હતા, વાણીઆઓ અને અને બ્રાહ્મણો વહોરા કોમમાં ભળી ગયા હતા.

ઇસ્લામ ફેલાવવામાં મહમૂદ બેગડાએ અમદાવાદના બીજા કોઈ પણ સુલ્તાન કરતાં, વિશેષ પ્રયત્નો કર્યા હતા; પરંતુ તેના તે પ્રયત્નો, પોતાની હિન્દુ રૈયતને બદલે, તે સમયના ત્યાર સુધીના સ્વતંત્ર રજપૂત રાજાઓને ઇસ્લામમાં આણવા માટે હતા. દા.ત. જૂનાગઢનો રા'માંડલિક મુસલમાન થયા પછી બેગડાના દરબારનો 'ખાનખાનાન' થયો હતો, અને તે અમદાવાદમાં જ ગુજર્યો હતો, તેની કબર માણેક-ચોકમાં હતી.

મહમૂદ બીજાના અમલમાં મુસલમાની ધર્મ એટલો સત્તાધારી થયેલો હતો કે તેના અમલની આખરે ઈ. સ. ૧૫૪૭માં કોઈ હિન્દુને ઘોડે બેસવા દેવામાં આવતો ન હતો; અને પગે ચાલનારને પણ ખાસ નિશાન પહેરવાં પડતાં હતાં. તેમને જાહેરમાં મૂર્તિપૂજા કરવા દેવામાં આવતી ન હતી. હોળી અને દિવાળીના ઉત્સવો તેમને ઉજવવા દેવામાં આવતા ન હતા.

મોગલ શહેનશાહ જહાંગીરે ૧૬૧૮માં અને ઔરંગઝેબે ગુજરાતના સૂબા તરીકે ૧૬૪૬માં હિન્દુઓને હેરાન કરીને તેમને ફરજિયાત મુસલ-માન કરવાના પ્રયાસો કર્યા હતા.

જહાંગીરે ૧૬૧૮માં અમદાવાદના જૈનોને સતાવ્યા હતા. તેમના ઉપાશ્રયો તોડી નાખી ઇસ્લામને ઉચ્ચતર કર્યો હતો.

ઔરંગઝેબે હિન્દુઓને એટલા સખત રીતે હેરાન કર્યા હતા કે તેમના અસંતોષને કારણે ૧૬૪૬માં તેને ગુજરાતના સૂબાપદ ઉપરથી બદલવામાં આવ્યો હતો.

ઓવિંગ્ટન ૧૬૮૯માં સુરત વિશે લખે છે કે ઔરંગઝેબે, મૂર્તિ-પૂજા વિરુદ્ધના તેના તિરસ્કારને લીધે નવાં દેવળો બંધાતાં મોટે ભાગે બંધ કરેલાં હતાં, અને જે દેવળો હસ્તીમાં હતાં, તેમનું ખંડન કરવાનાં અને તેમાં થતી જાહેર મૂર્તિપૂજા બંધ કરવાનાં ફરમાનો કાઢયાં હતાં.

૨. ઔલિયાઓના ઉપદેશ :

ઉપર ઉલ્લેખેલા મુખ્ય પીરો પૈકી ૧. હ. ઇમામશાહ પીરાણા-વાળા માટે અવામે "મોમના"નું વૃત્તાંત, ૨. સૈયદ મોહમ્મદ જોનપુરી (ઇમામ મેહદી) માટે "ગયર મેહદી" (મેહદવી)નું વૃત્તાંત અને શીઆ દાઈ અબ્દુલ્લા માટે "વહોરા"નું વૃત્તાંત જુઓ.

બીજા મુખ્ય પીરોમાં ૧. હ. શેખ અહમદ ખટ્ટુ, ૨. હ. શાહ આલમ સાહેબ અને ૩. હ. ખ્વાજા મુઇનુદ્દીન ચિસ્તીનાં વૃત્તાંતો નીચે આપેલાં છે :

હ. શેખ અહમદ ખટ્ટુ (રહ.) (૧૩૩૭–૧૪૪૧)

તેમનો જન્મ દિલ્લીમાં ઈ. ૧૩૩૭–૩૮માં એક ખાનદાન કુટુંબમાં થયો હતો. ત્રીસ વર્ષની ઉમરે તેઓ હ. બાબા ઇસહાક મગરેબી, જેઓ જોધપુર રાજ્યના નાગૌરની પૂર્વે ખટ્ટુ નામના ગામમાં રહેતા હતા, તેમના મુરીદ (શિષ્ય) થયા હતા. તેમની "ખટ્ટુ" અટક તેમના મુરશિદના ગામના આ નામ ઉપરથી પડેલી હતી.

તેઓ સરખેજમાં ૧૪૦૦માં આવ્યા હતા. તેઓ ૧૦૮ સૂર્યવરસ = ૧૧૧ ચંદ્ર વરસની પાકી ઉંમરે જન્નતનશીન થયા હતા. (ઇન્ના.)– તેમનો રોજો સરખેજમાં છે.

એ રોજામાંની મસ્જિદ તેમણે પોતે બંધાવેલી હતી. આ મસ્જિદની વિશિષ્ટતા છે કે બીજી મસ્જિદોને આગળ બે મિનારા હોય હોય છે તેવો કોઈ મિનારો આ મસ્જિદમાં નથી. તેનું માપ અમદાવાદની જૂમા મસ્જિદથી અર્ધું છે. આ બન્ને મસ્જિદો લગભગ એક જ સમયે બાંધવામાં આવેલી હતી. સરખેજની આ મસ્જિદ, અખિલ હિન્દમાં, તેની સાદાઈને લીધે શોભામાં આગ્રાની વિખ્યાત મોતી મસ્જિદથી બીજે નંબરે છે.

તેમનો રોજો સુલ્તાન અહમદશાહના પુત્ર અને વારસ સુલ્તાન મોહમ્મદશાહ બીજાએ બંધાવવો શરૂ કર્યો હતો, અને તે ત્યારપછીના સુલ્તાન કુત્બુદ્દીને પૂરો કર્યો હતો. ગુજરાતભરમાં તે સૌથી મોટો રોજો છે.

હ. શેખ અહમદ ખટ્ટૂનો લકબ "ગંજગીર" અથવા "ગંજબક્ષ" છે. તેઓ સરખેજમાં આવ્યા ત્યારે તેમણે બુઢા નામના એક સુન્ની વહોરાને ત્યાં મુકામ કરેલો હતો. તેમણે આખી જિંદગી 'તહજ્જુદ'ની નમાઝ પઢેલી હતી. તેઓ જીવનભર અપરિણીત રહ્યા હતા. ઉત્તરાવસ્થામાં તેમણે એક સલાહુદ્દીન નામના છોકરાને દત્તક લીધો હતો

૨. હ. શાહઆલમ સાહેબ (રહ.)

હિ. ૮૧૭–૮૮૦ : ઈ. ૧૪૧૫–૧૪૭૭.

તેમના પિતા હ. કુત્બેઆલમ સાહેબ (રહ.) અમદાવાદના સ્થાપક સુલ્તાન અહમદશાહના એક પીર (ગુરુ) હતા. એમનો રોજો અમદાવાદ પાસે વટવામાં છે. હ. શાહઆલમ સાહેબ તેમના ૧૧ પુત્રોમાં સૌથી નાના હતા. 'શાહઆલમ' તો તેમનું દરવેશી નામ છે તેમનું મૂળ નામ તો સૈયદ મોહમ્મદ છે પરંતુ તેઓ તેમના દરવેશી નામથી જ

મશહૂર છે. તેમનો રોજો અમદાવાદ બહાર કાંકરિયા તળાવ પાસે છે. ત્યાં જ તેઓ તેમની હયાતિ દરમ્યાન રહેતા હતા. તેમનો રોજો અને તેના કમ્પાઉન્ડમાં આવેલી મસ્જિદ તેમણે પોતે જ હયાતિ દરમ્યાન બંધાવેલાં હતાં.

તેમનાં પહેલાં બીબી, સિન્ધના નગર ઠઠ્ઠાના રાજા જામનાં કુંવરી હતાં. એ જ નામની બીજી કુંવરી સુલ્તાન અહમદશાહના શાહઝાદા અને વારસ મોહમ્મદશાહ બીજા સાથે પરણાવેલી હતી. આ મોહમ્મદ-શાહના પુત્ર ફતેહખાન, જે ગાદીએ આવ્યા પછી મહમૂદ બેગડા તરીકે જાણીતા છે. તે આ રીતે હ. શાહ આલમ સાહેબનો ભાણેજ થતો હતો. મોહમ્મદશાહ તેમના પુત્રની સગીરાવસ્થામાં જ ગુજર્યા હોવાથી, સગીર ફતેહખાનને તેના કાકા અને ગાદી પચાવી પડનાર સુલ્તાન કુત્બુદ્દીનથી સંરક્ષવા, તેનાં માતુશ્રી પોતાનાં બહેન સાથે હ. શાહઆલમ સાહેબને આશ્રય તેમને ત્યાં જ રહેતાં હતાં. પરંતુ એ બહેનના અવસાન પછી સામાજિક દૃષ્ટિએ પોતાનાથી એકલા શાહઆલમ સાથે રહેવાય નહીં, તેથી તેમણે તેમની સાથે નિકાહ કરી લીધા હતા. આથી જુવાન ફતેહખાન નારાજ થયો હતો. તેથી હ. શાહઆલમ સાહેબ ઘણી વખત તેને હસતાં હસતાં ‘ મહમૂદ બિગડા ’ કહેતા હતા. આ બિગડા ઉપરથી તેનું ‘ બેગડો ’ ઉપનામ પડ્યું હોવાનું કેટલાકનું માનવું છે.

હ. શાહઆલમ સાહેબના જન્મ અને મરણનાં વરસો ફારસી ‘ અબજદ ’ની ગણત્રી પ્રમાણે અનુક્રમે “ વારિસ આલા ” અને ‘ અમિરૂલ ઔલિયા ’ ઉપરથી નીકળે છે. તેમના જન્મ અને મરણની સાલોના ચાવીરૂપ આ શબ્દો જ તેઓ કેટલા ઉચ્ચ દરજ્જાના વલી બુઝુર્ગ હતા તે સ્પષ્ટ રીતે સૂચવે છે.

તેમના વંશજો તેમના નામ ઉપરથી “ શાહી ” સૈયદો તરીકે

ઓળખાય છે; જ્યારે તેમના બીજા ભાઈઓની ઔલાદ તેમના પિતા મૂળ બુખારાથી આવેલા હોવાથી "બુખારી" સૈયદો તરીકે ઓળખાય છે.

૩. હ. ખ્વાજા મુઇનુદ્દીન ચિસ્તી

હિ. ૫૩૬–૬૨૩ : ઈ. ૧૧૪૨–૧૨૩૬.

એમના મશહૂર લકબો "હિન્દવલી" "અને ગરીબનવાઝ" છે આ લકબોથી તેમનો વલી તરીકેનો ઉચ્ચ દરજ્જો સ્પષ્ટ થાય છે.

તેમનું વતન મધ્ય એશિયામાં સિસ્તાનમાં હતું. તેમનું બાળપણ પાસેના ખુરાસાનમાં વ્યતીત થયેલું નતું, તેમના શિશુ વયમાં અર્ધ-જંગલી તુર્કોએ તેમના વતનમાં વર્તાવેલા અત્યાચાર, દુરાચાર અને ઇસ્લામના અપમાનથી તેમના દિલ ઉપર દુનિયાની ક્ષણભંગુરતાની ઊંડી છાપ પડી હતી.

તેમના પહેલા મુરશિદ (ગુરુ) તેમના જ વતનના હ. ઇબ્રાહીમ કંદોઝી (રહ.) હતા. તેમણે તેમને અધ્યાત્મવાદમાં પ્રવેશ કરાવ્યો હતો. ત્યાથી તેમનું મન સંસારથી વિરક્ત થઈ જતાં તેમણે વિશેષ આધ્યાત્મિક અભ્યાસ માટે વિદેશમાં પ્રયાણ કર્યું હતું. સૌથી પ્રથમ તેમણે કુરઆનેપાક કંઠસ્થ કરી લીધું હતું. આમ કરનાર "હાફિઝ" કહેવાય છે. ઇસ્લામી શરીઆતમાં તેનું સ્થાન ઊંચું લેખાય છે.

તેમના બીજા મુરશિદ નિશાપુર પાસે હારૂન ગામના હ. ઉસ્માન હારૂની હતા. તેમની પીરી મુરીદીનો સિલસિલો (સંબંધ) ચિસ્તી હતો. એ પંથના મૂળ સ્થાપક ખુરાસાન પ્રાન્તના ચિસ્તી નામે ગામમાં રહેતા હતા. તે ઉપરથી તેમના પંથનું નામ ચિસ્તી પડેલું હતું.

હ. હારૂનીએ ખ્વાજા સાહેબને પોતાના મુરીદ કરતી વખતે વિલક્ષણ આત્મજ્ઞાન અને દિવ્ય સાક્ષાત્કાર કરાવ્યાં હતાં.

પછી હ. ખ્વાજા સાહેબ બગદાદ, ઇસ્ફહાન, હેરાત વગેરે સ્થળોએ થોડો થોડો વખત થોભતા હિન્દમાં પ્રથમ લાહોરમાં આવ્યા હતા. તે વખતે ત્યાં ગિઝની વંશના છેલ્લા બાદશાહનો અમલ હતો. ત્યાંથી તેમણે દિલ્લી થઈ, હિન્દના લગભગ કેન્દ્ર સમા અજમેરને, વિશેષતઃ તે બિન-મુસ્લિમ પ્રદેશનું કેન્દ્ર હોવાથી, પોતાના સ્થાયી વસાવટ માટે પસંદ કર્યું હતું. ત્યારે ત્યાં પૃથ્વીરાજ ચૌહાણનો અમલ હતો. પોતે ઈ. સ. ૧૧૬૭માં પધાર્યા હતા.

હરવિલાસ સારદા તેમના "અજમેર"ના અંગ્રેજી પુસ્તકમાં કહે છે કે જ્યારે હ. ખ્વાજા સાહેબ અજમેર પધાર્યા ત્યારે પૃથુરાજ તો મોહમ્મદ ઘોરીને હાથે પરાજય પામી ચૂકેલો હતો. તે કહે છે કે હ. ખ્વાજા સાહેબ ઘોરીના લશ્કર સાથે હિન્દમાં પધાર્યા હતા, અને કુત્બુદ્દીન ઐબકે અજમેરના તારાગઢ ઉપર સવારી કરી, તે લશ્કર સાથે તેઓ અજમેર પધાર્યા હતા, અને પછી ત્યાં જ સ્થાયી રહી ગયા હતા. તેમ માનીએ તો તેઓ ૧૧૯૫ના અરસામાં અજમેર આવેલા હોય.

હ. ખ્વાજા સાહેબ અજમેર થોડાં વરસ પહેલાં કે મોડા આવ્યા તે ઇસ્લામના તેમના પ્રચારની દૃષ્ટિએ બહુ અગત્યનો સવાલ નથી. તેમણે અજમેરમાં રહી, સંખ્યાબંધ હિન્દુઓને ઇસ્લામમાં આણ્યા તે જ મુખ્ય મુદ્દો છે.

તેમણે અનેક ચમત્કારો કર્યા હોવાનું કહેવામાં આવે છે. તેમાં મુખ્ય બે છે: અજમેર પાસેના વિશાળ અનાસાગર સરોવરનું પાણી પોતાના વઝુ કરવાના સાધારણ બદ્દના (નાળચાવાળા મોટા લોટા)માં ભરી

લીધું હતું, અને વઝુ કરી લીધા પછી બચતું થોડું પાણી ફરીથી તે સરોવરમાં નાખવાથી, સરોવર ફરીથી પહેલાં માફક છલોછલ ભરાઈ ગયું હતું. ૨. તે જમાનામાં ત્યાં એક મશહૂર જોગી રહેતો હતો, તે કુશળ જાદુગર હતો, તે હ. ખ્વાજા સાહેબની કસોટી કરવા આવ્યો હતો. પેલી વિદ્યા અને શુદ્ધ આધ્યાત્મિક બળની સ્પર્ધામાં જોગી પરાસ્ત થયો હતો. તેથી તેણે હજરત ખ્વાજા સાહેબને હાથે ઇસ્લામ ધર્મ સ્વીકાર્યો હતો. હ. ખ્વાજા સાહેબની દુઆથી તે હજી હયાત છે. એમ માનવામાં આવે છે, ત્યાં ઝયારત કરવા ગયેલા શખ્સો પૈકી કોઈ રસ્તો ભૂલી અટવાતો હોય છે તો જોગી તેને ખરે રસ્તે ચઢાવી આપે છે, એમ સામાન્ય આખ્યાયિકા છે.

હ. ખ્વાજા સાહેબ સુલ્તાન અલ્તમશના અમલ દરમ્યાન બે વખત દિલ્હી ગયેલા હતા. ત્યાં તેમના એક ખ્વાજાના મુરીદ હ. કુત્બુદ્દીન બખ્ત્યાર કાકી રહેતા હતા. તેઓ મહાન પ્રભાવશાળી ઓલિયા હતા. કુતુબમિનાર પાસે તેમનો રોજો છે. કહે છે કે "કુતુબમિનાર"નું નામ તે બંધાવવો શરૂ કરનાર સુલ્તાન કુત્બુદ્દીનના નામ ઉપરથી નહિ, પણ આ વલી બુઝુર્ગના મુબારક નામ ઉપરથી પડેલું છે.

હ. ખ્વાજા સાહેબની ૯૭ વર્ષની લાંબી ઉમરમાંથી ૯૦ વર્ષ તો તેઓ અપરિણીત રહ્યા હતા, પરંતુ ત્યાર પછી તેમને પરોક્ષ રીતે નિકાહ કરવાની ફરજ પડી હતી. કન્યાના પિતાને એક ચમત્કારિક સ્વપ્નમાં છઠ્ઠા ઇમામ હ. જાફર અસ્સાદિક (રદી.) મારફતે હ. પેગમ્બર સાહેબે (અલ) તેમ કહેવા સૂચવ્યું હતું. હ. ખ્વાજા સાહેબને તેનો અમલ કરવો પડ્યો હતો. તેમને ઓલાદ થયેલી હતી. તેની પરંપરા આજ પર્યંત ચાલુ છે.

પ્રકરણ ૪

સૌરાષ્ટ્રમાં મુસલમાનો

સૌરાષ્ટ્રને અગાઉ કાઠિયાવાડ કહેતા હતા; જોકે ત્યારે પણ જૂનાગઢ વિભાગને સૌરાષ્ટ્ર જ કહેતા હતા.

તેનાં બંદરો સાથે અરબસ્તાનનો વેપારી સંબંધ પરાપૂર્વથી ચાલતો આવતો હતો. જૂના જમાનામાં સૌરાષ્ટ્રનો યુરોપ અને આફ્રિકા સાથેનો વેપાર મોટે ભાગે આરબ વેપારીઓ મારફતે થતો હતો.

ઈ.સ. ૭૧૨માં આરબ વિજેતા મોહમ્મદ કાસિમે સિન્ધ જીત્યું હતું. આ આરબોએ સૌરાષ્ટ્રના વલભી રાજ્યનો ધ્વંસ કર્યો હોવાની એક કિંવદંતિ પ્રચલિત છે.

જૂનાગઢના રજપૂત રાજાઓના સમયમાં પણ ત્યાં એટલી બધી મુસલમાનોની વસ્તી હતી કે તેમના માટે એક મસ્જિદ બંધાયેલી હતી. હજી તે મસ્જિદ ઊભી છે. તે મુસલમાનો સ્ત્રીઓ સાથે હોવા જોઈએ. પુરુષો સાથે સ્ત્રીઓ પણ એકસાથે નમાઝ પઢી શકે, તેવી ગોઠવણ એ મસ્જિદમાં એક ભાગની પથ્થરની જાળીનો પરદો કરીને કરેલી છે. એ મસ્જિદ અત્યારે તો જૂનાગઢનાં વેરાન ભાગમાં " માઇ ગઢેરાં "ની દરગાહ પાસે છે.

સુલ્તાન મહમૂદ ગઝનવીનું સોમનાથ પરનું ૧૦૨૪નું આક્રમણ તો જગપ્રસિદ્ધ છે. અલાઉદ્દીન ખિલજીએ કરણ વાઘેલા પાસેથી ૧૨૯૭માં ગુજરાત સર કર્યા પછી તે લશ્કરનો સેનાપતિ, અલાઉદ્દીનનો ભાઈ ઉલુઘખાન, આખા સૌરાષ્ટ્ર ઉપર ફરી વળ્યો હતો, ત્યારથી એ પ્રદેશમાં મુસલમાનોએ ઓછુંવત્તુ કાયમનું સ્થાન મેળવ્યું હતું.

દક્ષિણના દરિયાકિનારે તેમણે નાની નાની હકૂમતો સ્થાપી હતી. તેમાં અવારનવાર ફેરફારો થતા રહેતા હતા. ફિરોઝશાહ તઘલકે (૧૩૨૫–૧૩૫૧) જૂનાગઢ સર કરી ત્યાં મુસલમાની સત્તા ફરીથી સ્થાપી હતી.

જૂનાગઢ તેના રજપૂત રાજાને પાછું સોંપવામાં આવ્યું હતું, પરંતુ ક્રમે ક્રમે સૌરાષ્ટ્રના રાજાઓની સ્વતંત્રતા ઓછી થતી જતી હતી, અને તેમને દિલ્હીના બાદશાહોને ખંડણી આપવાની અને શાહી પ્રતિનિધિઓને પોતાને ત્યાં થાણદારો તરીકે રાખવાની ફરજ પડતી હતી. આ થાણદારો બ્રિટિશ અમલના "રેસીડેન્ટો" જેવા હતા.

અમદાવાદ સ્થાપનાર સુલ્તાન અહમદશાહે ૧૪૧૩માં જૂનાગઢ જીત્યું હતું, અને આજુબાજુના નાના રાજાઓને અંકુશમાં રાખવા અને તેમની પાસેથી ખંડણી ઉઘરાવવા જૂનાગઢમાં પોતાના અમલદારો મૂક્યા હતા.

ત્યાર પછી, ૧૪૬૯માં મહમૂદ બેગડાએ જૂનાગઢ જીતી, ત્યાંના રા'માંડલિકને મુસલમાન કરી, તેને અમદાવાદ લાવી, જૂનાગઢ કાયમ માટે ગુજરાતની સલ્તનતમાં ભેળવી દીધું હતું. થોડો વખત પોતે પણ ત્યાં રહ્યો હતો. ત્યારે તેણે તેનું નામ મુસ્તફાબાદ પાડ્યું હતું. ત્યાંના નવઘણ કુવાની યાદગીરી હજી પણ બેગડાએ સ્થાપેલા મહેમદાવાદમાં, તે વખતના તેના બંધાવેલા મહેલમાં હજી પણ મોજૂદ છે, તે નવઘણ કુવાની પ્રતિકૃતિ "ભમરિયા" કુવામાં જોવા મળે છે.

બેગડાએ સૈયદો અને બીજા મુસલમાનોને ત્યાં સ્થાયી વસવા આમંત્ર્યા હતા. તેણે તેમને ત્યાં જાગીરો આપી હતી. ત્યારથી જૂનાગઢનો 'સોરઠ' પ્રાન્ત ગુજરાતના સુલતાનોના 'નાયબના' વહીવટમાં આવ્યો હતો.

ઘોરી કુટુંબે પ્રથમ 'નાયબ' તરીકે રહી, પછીથી પોતાનો સ્વતંત્ર વહીવટ જમાવ્યો હતો. પરંતુ ૧૫૯૧માં તેમની સત્તા તોડી નાખવામાં આવી હતી, અને ફરીથી 'સોરઠ' (જૂનાગઢ) દિલ્હીના શહેનશાહોના અમદાવાદના સૂબાઓના તાબામાં આવ્યું હતું. તેઓ ત્યાં પોતાનો એક 'નાયબ' રાખતા હતા. તેને તેઓ 'ફોજદાર'—'ફોજનો ઉપરી' કહેતા હતા.

છેલ્લા 'ફોજદાર' શેરખાન બાબીએ અમદાવાદના સુલ્તાનોની નિર્બળ સ્થિતિનો લાભ લઈ ૧૭૪૮માં પોતે ત્યાંનો સ્વતંત્ર 'નવાબ' થયો હતો. ત્યારથી જૂનાગઢના બાબી નવાબોનો અમલ થયો હતો. 'નવાબ' 'નાયબ'નું જ રૂપાંતર છે.

રાણપુર અને બાંટવાની જાગીરો જૂનાગઢના બાબી કુટુંબના ભાયાતોને 'જીવાઈ' તરીકે આપવામાં આવેલી હતી.

શેરખાનના મરણ પછી, ઘણા સૈયદો અને બીજા મુસલમાન જાગીરદારોએ જૂનાગઢથી સ્વતંત્ર થવા પ્રયત્નો કર્યા હતા, પરંતુ જૂનાગઢના બાહોશ દિવાન અમરજીએ તેમને જેર કર્યા હતા.

માંગરોળનો 'તાલુકો' જૂનાગઢની સર્વોપરી સત્તા નીચે હતો.

ગુજરાતના સુલતાનોના અમલમાં (૧૪૧૦–૧૫૭૩) જોકે તેમની સત્તા સૈદ્ધાંતિક દૃષ્ટિએ આખા સૌરાષ્ટ્રમાં સર્વોપરિ મનાતી હતી, પરંતુ વાસ્તવિક રીતે માત્ર જૂનાગઢ સિવાય બીજા પ્રાંતોમાં તે માત્ર નામની જ હતી.

અમદાવાદના સુલ્તાનોનું લશ્કર ઝાલાવાડ ઉપર ફરી વળ્યું હતું. ૧૪૮૬માં તેની રાજધાની કુવા ભાગ્યું હતું, પરંતુ ત્યાંના અમલના સ્થાયી ચિહ્‌ન તરીકે તે પ્રાન્તમાં માત્ર બજાણા અને દસાડાનાં મલેક કુંટુંબોની બે જાગીરો જ હવે રહેલી છે.

મુસલમાનોની દૃષ્ટિ હાલાર પ્રતિ કેટલાક સમય સુધી દોઅમલી નહોતી, પરંતુ ૧૫૯૦ના અરસામાં ગુજરાતના છેલ્લા સુલ્તાન મુઝફ્ફરશાહ ત્રીજાનો પક્ષ જામનગરે લીધો હતો, તેથી દિલ્હીના ગુજરાતના મોગલ સૂબા ખાન આલમ મીરઝાએ જામનગર સર કર્યું હતું. ત્યારથી એ મોગલોનું ખંડિયું સંસ્થાન થયેલું હતું. ૧૬૪૦માં જામ લાખાજીએ ખંડણી આપવી બંધ કરી સ્વતંત્ર થવા પ્રયત્ન કર્યો હતો, પરંતુ તરત જ તેને સીધો કરી દેવામાં આવ્યો હતો. ફરીથી ૧૬૬૪માં જામ રાયસિંગે બળવો કર્યો હતો, પરંતુ સોરઠના ફોજદાર કુત્બુદ્દીને જામનગર સર કર્યું હતું. તેણે તેને નવું નામ "ઇસ્લામ નગર" આપ્યું હતું, અને તેને અને તેના તાબાનાં બધાં સંસ્થાનોને મોગલ શહેનશાહી સાથે ભેળવી દેવામાં આવ્યાં હતાં; પરંતુ ૧૬૭૩માં તે રાજ્ય જામ તમાચીને પાછું સોંપવામાં આવ્યું હતું. થોડાં વર્ષો પછી મોગલાઈની પડતીનો લાભ લઈને જામ રાયસીંગજીએ મુસલમાન અમલદારોને ત્યાંથી કાઢી મૂકયા હતા અને ફરીથી પોતાની સ્વતંત્ર સત્તા જમાવી હતી.

ગોહિલો તો મુસલમાનોએ કાઠિયાવાડમાં પ્રવેશ કર્યાને થોડો સમય થયો હતો, તેવામાં જ તેમની સાથે ઘર્ષણમાં આવ્યા હતા. સેજકના પુત્ર રાણાજીએ રાણપુર વસાવ્યું હતું. (આ ગોહિલવાડનું રાણપુર ઉપર કહેલા જૂનાગઢના રાણપુરથી અલગ છે.) પરંતુ ૧૩૦૯માં મુસલમાનોએ તેને ત્યાંથી કાઢી મૂકયો હતો. તેનો પુત્ર મોખરાજી દક્ષિણ તરફ ગયો હતો. તેણે ત્યાંના પઠાણ કસ્બાતીઓ પાસેથી ઘોઘા જીતી લીધું હતું, પરંતુ ૧૩૪૭માં મોહમ્મદ તઘલકે તેને હરાવીને કતલ કર્યો હતો.

૧૫૮૭માં ગોહિલવાડ પ્રાન્ત પણ કાઠિયાવાડના બીજા પ્રાન્તો સાથે શહેનશાહ અકબરની સાર્વભૌમ સત્તા નીચે આવ્યો હતો, અને તેને ખંડણી આપવી પડી હતી.

જામનગર

હાલના જામનગર રાજ્યના સ્થાપક કહી શકાય તે ભાવસિંહજીએ મુસલમાન સરદારોના આંતરકલહનું નિરીક્ષણ કરી, ઘણી કુશળતા અને ધૈર્યથી એક પક્ષને બીજા પક્ષ સાથે લડાવી પોતાની જાગીર સંગઠિત કરી, પોતાના પ્રદેશમાંથી મુસલમાન થાણાં કાઢી મૂકયાં હતાં. આ રાજનીતિ તેના પૌત્ર વખતસિંહજીએ ચાલુ રાખી હતી. તેણે તે વખતે ઊગતી આવતી અંગ્રેજ સત્તા સાથે સારો સંબંધ જાળવવાના લાભ કુશળતાથી સમજી લીધા હતા; અને મુસલમાનોની આથમતી જતી સત્તા ઉપર મરાઠા પોતાની સત્તા સ્થાપતા અને જમાવતા જતા હતા. તેને લીધે ગોહિલવાડમાંથી મુસલમાની દોરની રહી સહી નિશાનીઓ પણ નષ્ટ થયેલી છે.

ગોહિલવાડની સરહદ ઉપરના બાબેરિયાવાડ જિલ્લામાં સૌરાષ્ટ્રનું સારાં બંદરોમાંનું એક બંદર જાફરાબાદ છે. આ બંદર અને તેના આસપાસના ૪૨ માઈલના ક્ષેત્રફળનો પ્રદેશ મધ્ય કોંકણના જંજીરા સંસ્થાનના સીદી નવાબના રાજ્યનો એક ભાગ હતો. ૧૭૩૧માં આ બંદર અને તેના આજુબાજુનો પ્રદેશ ત્યાંના તુર્ક પટેલ અને બીજા કોળી જમીનદારો અને ચાંચિયાઓને, તે સમયના મોગલ કાફલાના નાખુદા સીદી હીલાલને છુટકારાના દંડ તરીકે સોંપેલો હતો. ૧૭૪૯માં ત્યાં એક કિલ્લો બાંધવામાં આવેલો હતો. ૧૭૫૯માં અંગ્રેજોની સહાયથી જંજીરાના સીદી નવાબનો તે ઉપરનો અધિકાર કાયમ કરવામાં આવ્યો હતો.

બરડા પ્રાન્ત ૧૪૭૧માં મહમૂદ બેગડાએ, જૂનાગઢ જીત્યા પછી ગુજરાતના સુલ્તાનોની સત્તા નીચે આણ્યો હતો. ત્યારથી પોરબંદરમાં મુસલમાની થાણું રાખવામાં આવ્યું હતું. પરંતુ મુસલમાની સત્તાના અસ્ત પછી, ૧૭૮૫માં રાણા સુલ્તાનજીએ પોરબંદર કબજે કરી ત્યાં પોતાની રાજધાની કરી હતી..

માંગરોળ તો મુસલમાનોએ સોરઠમાં આક્રમણ શરૂ કર્યાં ત્યારથી મુસલમાનોના હાથમાં જ રહેતું આવેલું હતું. અને તે સારું બંદર હોવાને કારણે તેને અગત્યનું સ્થળ માનવામાં આવેલું છે. અઢારમા સૈકાના મધ્યમાં માંગરોળે સ્વતંત્ર થવા પ્રયાસ કર્યો હતો, પણ ૧૭૬૪માં તેના પર ચઢાઈ કરી, તેને જૂનાગઢની સર્વોપરી સત્તા સ્વીકારવા અને પોતાનો અર્ધો મુલક જૂનાગઢને સોંપી દેવા ફરજ પાડી હતી. ત્યારથી માંગરોળ જૂનાગઢનું તાબેદાર પેટાસંસ્થાન રહેતું હતું.

ઉપરોક્ત સંક્ષિપ્ત વર્ણન ઉપરથી સમજાશે કે, જોકે એક સમયે આખા સૌરાષ્ટ્ર પ્રાન્ત ઉપર મુસલમાનોની સત્તા હતી, છતાં તેઓ ત્યાંના નાના-મોટા રજપૂત રાજાઓને સંપૂર્ણ રીતે પોતાના અંકુશમાં લાવી શક્યા નહોતા. તેથી તેમનાં સંસ્થાનોમાં માત્ર જૂનાગઢ, બાંટવા, માંગરોળ, રાણપુર અને અમરાપુર સોરઠ પ્રાન્તમાં, અને બજાણા અને દસાડા ઝાલાવાડ પ્રાન્તમાં રહેલાં હતા. તદુપરાંત કેટલાક સૈયદો અને બીજા મુસલમાનો સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાઓમાં જાગીરો ભોગવતા હતા. હવે તો રાજાઓનાં રાજ્યો પછી જમીરદારોની જાગીરો પણ ખાલસા થયેલી છે. તેમ છતાં, મુસલમાનો હજી પણ દક્ષિણ કિનારે ઉના, દેલવાડા, સુયાપાડા, પાટણ, વેરાવળ, કુતિયાણા, બાંટવા વગેરે ગામોમા સારી સંખ્યામાં છે.

પ્રકરણ ૫

ઇસ્લામનો પ્રચાર

મુખ્યત્વે ઉપદેશથી, નહિ કે તલવારથી

હિન્દમાં ઇસ્લામના પ્રચાર માટે સામાન્ય માન્યતા એવી છે કે જે વિદેશી મુસલમાનો વિજેતાઓ તરીકે હિન્દમાં આવ્યા હતા. તેઓ પોતાનો ધર્મ પોતાના સ્થાયી થયેલા વંશજોમાં મૂકતા ગયા હતા; અને જ્યાં સ્થાનિક તત્ત્વોવાળા મુસલમાનો જોવામાં આવે છે, તેઓને જોરજુલમથી મુસલમાન કરવામાં આવેલા છે.

એવું માનવામાં આવે છે કે સુલ્તાન મહમૂદ ગઝનવીએ બ્રાહ્મણોને કતલ કર્યા હતા, ઔરંગઝેબે હિન્દુઓ ઉપર જુલમ ગુજાર્યો હતો. હૈદર અને ટીપુ સુલ્તાને હિન્દુઓને બળજબરાઈથી મુસલમાન કરી, તેમના ઉપર ભારી જુલમ વર્તાવ્યો હતો.

પરંતુ ભારત અને પાકિસ્તાનના એકંદરે દશ કરોડ ઉપરાંત મુસલમાનોમાં સંખ્યાબંધ એવા નવા મુસલમાનો અને તેમના વંશજ છે, જેમના ઉપર મુસલમાન થવા માટે કોઈ પ્રકારનાં બળ કે ત્રાસ ગુજારવામાં આવ્યાં ન હતાં, ઊલટા ઇસ્લામના ધર્મોપદેશકોના ધર્મ-અને દોરવણીથી રાજીખુશીથી ઇસ્લામ સ્વીકાર્યો હતો. આ પ્રકારના મુસલમાનો બીજા મુસલમાનો જેમને જબરદસ્તીથી મુસલમાન કર્યાનું કહેવામાં આવે છે, તેમનાથી જુદા તરી આવે છે.

હિન્દના મુસલમાનોના બે વર્ગ પાડી શકાય : પહેલા વર્ગના મુસલમાનો પરદેશથી આવીને અહીં સ્થાયી વસેલા છે. બીજા વર્ગના મુસલ-

માનો હિન્દુઓની વિવિધ કોમોમાંથી જુદે જુદે વખતે ઉપદેશ અને બોધને પરિણામે ઇસ્લામમાં દાખલ થયેલા હતા.

વિદેશી મુસલમાનોને ત્રણ પેટા-વર્ગોમાં વહેંચી શકાય : પહેલો પેટા વર્ગ, જેની સંખ્યા સૌથી મોટી છે, તેઓ હિન્દમાં વાયવ્ય ખૂણાને માર્ગે પ્રવેશ્યા હતા, અને અહીં સ્થાયી થયા હતા. આ લોકો પંજાબ અને સિંધમાં વિશેષ કરીને વસે છે. બીજો પેટા વર્ગ, હિન્દમાં જે અનેક રાજકર્તા મુસલમાન વંશો થઇ ગયા, તેમના દરબારીઓ અને લશ્કરીઓની સંતતિ છે. આ વર્ગ મુખ્યત્વે વાયવ્ય પ્રાન્તો અને દક્ષિણમાં વસે છે. ત્રીજો અને છેલ્લો પેટા-વર્ગ, ઘણું કરીને આરબોની ઔલાદ છે. તેઓ હિન્દને પશ્ચિમ કિનારે, જ્યાં તેમના પૂર્વજો સમુદ્રમાર્ગે ઊતર્યા હતા ત્યાં જોવામાં આવે છે.

હિન્દના મુસસમાનો પૈકી અર્ધ ઉપરાંત પોતાના નામ સાથે શેખ, બેગ, ખાન અને સૈયદની અટકો જોડે છે. આ લોકોના પણ બે વર્ગ છે. પહેલો મોટો વર્ગ, નવા મુસલમાનો અને તેમની ઔલાદનો છે. તેમને જે ધર્મોપદેશકોએ ઇસ્લામમાં દાખલ કર્યા હતા, તેમની અટકો તેમણે બહુધા અંગિકાર કરી લીધેલી હતી, "અથવા એવા જ બીજા કોઈ કારણે તેઓ 'શેખ', 'સૈયદ', 'મીરઝા', 'ખાન', થઈ ગયેલા છે.

દિલ્હીના એક પીરઝાદા સૈયદ ખ્વાજા હસન નિઝામીના ગુજરાતના મુરીદો પોતાની અટક તરીકે "નિઝામી" લખે છે. સંભવ છે કે સમય વીતતાં તેઓ પોતાને પોતાના પીર માફક, દિલ્હીના મશહૂર નિઝામુદ્દીન ઔલિયાની જ ઔલાદ તરીકે ઓળખાવે ! આ લેખકની જાતમાહિતી મુજબ ગુજરાતના એક ઊતરતી કક્ષાના મુસલમાન કુટુંબના ત્રણ ભાઈઓ પૈકી એક 'કાઝી' બીજો 'સૈયદ' અને ત્રીજો 'શેખ' થયો હતો! એક 'તાઈ' પોતાના નામ પાછળ 'દીન' પ્રત્યય લગાડી 'સૈયદ' થયો હતો ! એક પોતાના નામ પાછળ કોઈ વખત 'શેખ'

અને કોઈ વખત ‘હાજી’ લખતો હતો! ખેડા અને પંચમહાલ જિલ્લાઓના કેટલાક સુન્ની વહોરાઓ ‘શેખ’ લખવા લાગ્યા છે, વગેરે. આવી અટકોથી જ તે લખનારા જે તે પેટા કોમના હશે કે કેમ, તેમ માનતાં વિચાર કરવો પડે છે.

ત્રીજો પેટાવર્ગ એ લોકોનો છે, જેમણે બાદશાહો અને સૂબાઓના દબાણથી ઇસ્લામ કબૂલ કર્યો હતો. બાકીના જેમની સંખ્યા વિશેષ છે, તેમણે નિખાલસ દિલથી ઇસ્લામ સ્વીકાર્યો હતો.

હિન્દના જેટલા ઇતિહાસ સહેલાઈથી મળી શકે છે તે બધા જ કાં તો આ દેશના જ લેખકોએ અથવા યુરોપિયનોએ લખેલા છે. તેમાં ફક્ત વિગ્રહો અથવા રાજકર્તાઓનાં વૃત્તાંતો જ હોય છે. પ્રજાના વિવિધ ધર્મોની સ્થિતિ વિશે એમાં ઘણું કરીને મૌન સેવ્યું હોય છે; અથવા એ ધાર્મિક દૃષ્ટિએ જુલમ કરવામાં આવેલો હોય તો તે એક મુદ્દો પકડી લઈ તેનું જ વિસ્તૃત વર્ણન કરેલું હોય છે. ઇસ્લામના બુઝુર્ગો અને વલી ઓલિયાઓનાં જીવનવૃત્તાંતમાંથી અથવા લોકવાયકાઓ, જે રાજકીય રંગે રંગાયેલી ના હોય, તે ઉપરથી આ ઉપર કાંઈ પ્રકાશ પાડી શકાય તેમ છે, પરંતુ તેમ કરતાં પહેલાં જે પ્રસંગોમાં ઇસ્લામનો પ્રચાર હકૂમતના દોરને શરણે થયેલો હતો, અથવા જે બાદશાહોએ ઇસ્લામના પ્રચારમાં સક્રિય ભાગ લીધેલો હતો તે પ્રથમ અવલોકીએ.

સિન્ધના આરબ વિજેતા મોહમ્મદ કાસિમથી માંડી મોગલો સુધીના મુસલમાન આક્રમણકારો સાથે કોઈ ધર્મોપદેશકો આવેલા હતા કે કેમ તે ચોક્કસપણે કહી શકાતું નથી. તેમાંના કેટલાક તો ‘જિહાદો’ ધર્મયુદ્ધોને નામે, ઉદ.–મહમૂદ ગઝનવી, તૈમૂર વગેરે, હિન્દમાં આવી લૂંટફાટ અને કત્લેઆમ કરી પાછા ચાલ્યા ગયા હતા. બીજા કેટલાક આક્રમણકારોએ અલ્લાહને નામે થોડી મૂર્તિઓ તોડી,

કેટલાક બ્રાહ્મણોની કતલ કરી, કેટલાક મંદિરો તોડી, અહીંતહી તેમને સ્થાને મસ્જિદો બંધાવી હતી. ખરું છે કે યુદ્ધ શરૂ કરતા પહેલાં, તેઓ હિન્દુઓને ઇસ્લામ સ્વીકારવા આમંત્રણ આપતા હતા, કેટલાક ભીરુતાને કારણે ઇસ્લામ સ્વીકારી પણ લેતા હતા પરંતુ આક્રમણકારની પીઠ વળતી કે તરત જ તેઓ ઇસ્લામ ફગાવી દેતા હતા.

આવા મુસ્લિમ આક્રમણકારોનાં દિલોમાં, ઇસ્લામ તે સ્વીકાર કરનારનું જીવન અજવાળે છે, અને તેની મરણોત્તર જિંદગી સુધારે છે, તેવો ખ્યાલ સરખો રહેતો નહોતો. પરંતુ ઇસ્લામના આરબ ધર્મોપદેશોનાં દિલોમાં તો માત્ર તે જ ઝંખના નિરંતર ગુંજતી રહેતી હતી. અહીં સ્થાયી થયેલા બાદશાહોમાં પણ અનેક એવા હતા કે તેઓ માત્ર પોતાનો પ્રદેશ વિસ્તારવા અને વધારે ખંડણી વસૂલ કરવા સિવાય બીજો વિચાર જ કરતા ન હતા. કેટલાક બાદશાહો એવા પણ હતા, ઉદા. ફિરોઝશાહ તઘલક, જે નવ મુસ્લિમોને નિત્ય પોતાના દરબારમાં હાજર કરાવી, તેમને પોશાક અને પુરસ્કાર આપતો હતો. કેટલાક હિન્દુઓ જઝિયા વેરો ના ભરવો પડે તે ઉદ્દેશે પણ મુસલમાન થઈ જતા હતા.

મોગલાઈની જાહોજલાલીમાં ઇસ્લામનો સૂર્ય મધ્યાહ્ન તપતો હતો. અકબરે ધાર્મિક સહિષ્ણુતાનો સિદ્ધાંત સ્વીકારી હિન્દુ મુસલમાનને સરખા ગણ્યા હતા. શાહજહાન સુધી એ નીતિ ચાલુ રહી હતી, પરંતુ ઔરંગઝેબે એ રાજ્યનીતિ ઉલટાવી નાખી હતી. પરિણામે એના અશક્ત વારસોના અમલમાં મોગલાઇ આથમવા માંડી હતી. હૈદરઅલી અને ટીપુ સુલ્તાનોએ જેમને બળજબરાઈથી મુસલમાન કર્યાનું કહેવામાં આવે છે, તેમાંની મોટી સંખ્યા તો તેમના રાજઅમલ પહેલાંથી મુસલમાન થઈ ચૂકેલી હતી.

પ્રકરણ ૬

મુસલમાનોના પેટાવિભાગો

૧. સંપૂર્ણ પરદેશી અથવા ઓછેવત્તે અંશે પરદેશી મુસલમાનો :

ગુજરાતના અરબ મુસલમાનોના બે વર્ગો પાડી શકાય : ૧. ચાર મુખ્ય નિયમબદ્ધ વર્ગો–સૈયદ, શેખ મોગલ અને પઠાણ અને ૧૭ ખાસ કોમો, જેમનામાં ઓછેવત્તે અંશે પરદેશી લોહી છે.

૧. સૈયદો :

ચાર નિયમબદ્ધ કોમોમાં સૈયદો પોતાને સર્વોચ્ચ માને છે. તેઓ હ. પેગમ્બરસાહેબ (અ. સલ)માં પુત્રી હ. બીબી ફાતેમા અને હ. અલી (કરમ)ની ઔલાદ હોવાનો દાવો કરે છે. તેમના બે પેટાવર્ગો છે હસની અને હુસેની. હ. બીબી ફાતેમાના અવસાન પછી, હ. અલીએ બીજી અનેક પત્નીઓ કરી હતી; તેમની ઔલાદ, અલવી (અલીની ઔલાદ) તરીકે ઓળખાય છે. તેઓ પણ સૈયદો છે.

સૈયદો પૈકી ઇદ્રુસી સૈયદો, જે ગુજરાત અને કોંકણમાં વસે છે, તેઓ અરસ્બતાનથી સીધા આવેલા છે. બુખારી સૈયદો મધ્ય એશિયાના બુખારામાંથી પ્રથમ સિન્ધમાં અને ત્યાંથી ગુજરાતમાં આવેલા છે. મશહદી સૈયદો ખુરાસાનથી આવેલા છે. ગુજરાતના ઉત્તર ભાગમાં, છેક હમણાં સુધી, એક વર્ગના સૈયદો બીજા વર્ગો સાથે લગ્નવ્યવહાર રાખતા ન હતા. અને હજી પણ ઘણા ખરા સૈયદો બિન–સૈયદોને પોતાની કન્યાઓ આપતા નથી. પરંતુ, અર્વાચીન યુગમાં, કેળવણી

અથવા દોલતથી આકર્ષાઈ, કેટલાક સૈયદોએ બિન-સૈયદોને પોતાની કન્યાઓ આપેલી છે.

ગુજરાતમાં સૈયદોનાં દશ મુખ્ય કુટુંબો છે :

૧. બુખારી—ગુજરાતમાં આવેલા તેમના, પ્રથમ પૂર્વજ હઝરત સૈયદ બુરહાનુદ્દીન કુત્બેઆલમ સાહેબ હ. ઇમામ અશ્કરી (રદી.) (જન્મ ઈ. ૮૨૯)ના ભાઈ સૈયદ જાફર મુઅન્નાના વંશમાંથી હતા. તેઓ દશ વર્ષની વયે, ઈ. સ. ૧૩૯૭માં, તેમનાં મા સાથે ઉત્તર ગુજરાતમાં પાટણમાં આવીને વસ્યા હતા; અને અમદાવાદ શહેર સ્થપાયું ત્યારે તેઓ પાટણથી અમદાવાદ આવી, વટવામાં વસ્યા હતા.

૨. કાદરી—હિન્દમાં આવનાર તેમના પ્રથમ પૂર્વજ સૈયદ જમાલ મથરી હતા. તેઓ હ. પીરાનપીર અબ્દુલ કાદર જિલાની(રહ.)ના પૌત્ર હતા. સૈયદ જમાલ ઇરાની અખાતના ઓરમઝ બંદરેથી દક્ષિણ હિન્દમાં આવ્યા હતા. ઈ. સ. ૧૫૩૦માં, ગુજરાતના સુલ્તાન બહાદુર શાહે તેમને ઘણા માનમરતબા સાથે ગુજરાતમાં આમંત્ર્યા હતા.

૩. રફાઇ—પીરનો દરજ્જો પામેલા તેમના પૂર્વજ સૈયદ અહમદ કબીર (ઉપર કહેલા હ. પીરાનપીરસાહેબ (રહ.)ના ભત્રીજા હતા. તેમના એક વંશજ ઈસ્વી સનના ચૌદમા સૈકામાં અમદાવાદમાં આવીને વસ્યા હતા. તેમની ચોક્કસ સાલ મિરાતે અહમદીમાં મળતી નથી.

૪. ચિશ્તી—અજમેર શરીફવાળા ‘ હિન્દ વલી ’ હ. ખ્વાજા સૈયદ મુઇનુદ્દીન ચિશ્તી (રહ.)ના વંશજો છે. આ ખ્વાજાસાહેબ સુન્ની જમાઅતના હિન્દમાં સૌથી પ્રથમ આવનાર અને અહીં સ્થાયી વસનાર પીર હતા.તેઓ હિન્દમાં ૧૧૬૫ના અરસામાં આવ્યા હતા.

૫. મશહદી—તેમના પૂર્વજ સૈયદ મોહમ્મદ મુરાદશાહ ઈ. સ. ૧૬૩૭માં અમદાવાદમાં કાયમના વસ્યા હતા. તેઓ હ. શાહ આલમ

સાહેબ (રહ.)ના પૌત્ર મેહબુબે આલમ સાહેબના મુરીદ હતા. મોગલ શહેનશાહ અકબરના જમાનામાં દિલ્હીના મશહદી સૈયદોએ પ્રમાણિક-પણા માટે પોતાની શાખ બગાડી હતી. તેઓ તેમના ઉચ્ચ ખાનદાન માટે મગરૂર ગણાતા હતા. આઈને અકબરીમાં તેમને માટે કહેલું છે કે,

' એહલે મશ્હદ ! બજુઝ ઈમામે શુમા
' લા'નતુલ્લાહ બર તમામે શુમા ! '

અર્થ–હે મશ્હદીઓ ! તમારા ઈમામ સિવાય તમારા સૌ ઉપર અલ્લા-હનો શાપ હોજો !

તેમના આ ઇમામ, આલમ શીઆ ઇમામ હ. મૂસા રઝા (રદી) છે. મશ્હદીઓ આ ઇમામની ઔલાદ હોવાનો દાવો કરે છે.

૬. શિરાઝી—તેમના પૂર્વજ અહમદ બિન જાફર સાધુ જીવન ગાળતા હતા. તેઓ ઝાડનાં પાંદડાં ખાઈને નિર્વાહ કરતા હતા. કહેવાય છે કે તેઓ ચમત્કારો કરવાની શક્તિ ધરાવતા હતા, તેઓ ગુજરાતમાં મોગલ શહેનશાહ–હુમાયુના સમયમાં, ઈ. સ. ૧૫૩૫–૩૬ માં, આવ્યા હતા.

૭. ઉરૈઝી—અજમેરના તારાગઢના ડુંગરી કિલ્લા ઉપર ઇસ્લામનો ઝંડો સૌથી પહેલો ફરકાવનાર ' ખિંગ સવાર ' ' સફેદ ઘોડા ઉપર સવારી કરનાર ' મશ્હુર સરદારના ભત્રીજા સૈયદ ' બુઢ્ઢા ' યાકૂબના વંશજો છે. તેઓ અરબસ્તાનની દક્ષિણે આવેલા હદ્રમૌત પ્રાન્તમાંથી આવેલા હોવાનું કહેવાય છે. સૈયદ–" બુઢ્ઢા " ગુજરાતમાં સુલ્તાન અહમદશાહના સમયમાં રહેતા હતા.

બાકીના ત્રણ વર્ગના સૈયદો–૮ ઇદ્રુસી, ૯. તીરમીઝી, અને ૧૦, ભૂખરી સૈયદોના પૂર્વજો કોણ હતા, અને તેઓ ગુજરાતમાં ક્યારે આવ્યા હતા, તેની ચોક્કસ માહિતી મળતી નથી.

આ દશ પ્રકારના સૈયદો ઉપરાંત, ૧૧ ' મટારી ' નામથી ઓળખાતા સૈયદો જૂનાગઢ તાબે વંથલીમાં રહે છે. વંથલી સિવાય બીજે કોઈ સ્થળે તેઓ જોવામાં આવતા નથી. તેમનું ' મટારી ' નામ " મુર્તજાઅલી " : ' હ. અલીના અનુયાયીઓ 'નું અપભ્રંશ રૂપ છે. આવા ' અનુયાયીઓ ' મૂળ ' સૈયદ ' જ હોવા જોઈએ, એવું આવશ્યક નથી.

૧૨મા પ્રકારના ' ગોઠી ' સૈયદો રાધનપુર તાબે સમીમાં રહે છે. સમી સિવાય બીજે કોઈ ઠેકાણે આ સૈયદો મળતા નથી. તેમને માટે કહેવાય છે કે રાધનપુરના પહેલા નવાબ જવાન મર્દખાન, ગાયકવાડે અમદાવાદ લીધું અને તેમને ત્યાંથી " ફોજદારી "ના બદલામાં તેમને રાધનપુર વગેરેની જાગીર આપી ત્યારે તેમની સાથે તેમના અંગરક્ષક તરીકે આવેલા હતા. અંગરક્ષકો સૈયદો જ હોવા જોઈએ, એવું આવશ્યક નથી. આગળ પ્રકરણ પર કસ્બાતીઓના આ સૈયદોનો ઉલ્લેખ જુઓ. સમીમાં.

ગોઠી ઉપનામ ગોઠ ઉપરથી પડ્યું લાગે છે. ' ગોઠ ' નો અર્થ સિન્ધી ભાષામાં કિલ્લો થાય છે. તેથી આ કહેવાતા સૈયદો મૂળ સિન્ધમાંથી આવેલા હોય. રાધનપુરની મૂળ ગાદી સમીમાં હતી. ત્યાં આજે પણ નવાબના મહેલને ' રાજગઢી ' કહે છે. શરૂમાં ગાદી સમીમાં હોવાથી, તેમણે સમીમાં શરૂ વસવાટ કર્યો હોય અને પછીથી ત્યાં જ કાયમના રહ્યા હોય, એ સંભવે છે. તેઓ બહુ ઇમાનદાર વર્ગ મનાય છે, જોકે તેઓ ઘણાખરા માત્ર ખેડૂતો જ છે.

ઉપર કહેલા પહેલા દશ વર્ગના સૈયદો ગુજરાતના બધા જ ભાગમાં મળે છે. તેઓ તુર્કસ્તાન, અરબસ્તાન અને મધ્ય એશિયામાંથી ગુજરાતમાં, મોટે ભાગે સલ્તનતના જમાનામાં, પીરઓદા સૈનિકો અને સાહસિકો તરીકે મોટી સંખ્યામાં આવેલા હતા.

આ મધ્યમ કદના, પરંતુ મજબૂત બાંધાના અને ઘણું કરીને એકવડા કોઠાના હોય છે. તેઓ પહેલાં માથું મુંડાવતા હતા, પણ હવે જમાનાને અનુસરીને તેઓ માથાના વાળ વધવા દે છે. તેઓ જો માથાના વાળ લાંબા રાખે છે તો તે વાળ કુદરતી જુલ્ફાં માફક વધેલ હોય છે. પીરઝાદાઓ ભરાવાદાર દાઢીઓ રાખે છે, બીજાઓ દાઢીઓ ટૂંકી રાખે છે અને હવે તો 'ક્લીન શેવ' —clean shaveના જમાનામાં દાઢીને ઘણે ઠેકાણે દેશવટો મળેલો હોય છે.

તેમના ઊંચા ખાનદાનની નિશાની રૂપે, પુરુષો પોતાનાં નામ પહેલાં 'સૈયદ' અથવા 'મીર' અને નામ પાછળ 'શાહ' ઉમેરે છે. તે જ ધોરણે, સ્ત્રીઓ, તેમનાં નામ પાછળ 'બેગમ' ઉમેરે છે.

'બેગમ' 'બેગ'નું નારી જાતિનું રૂપ છે. 'બેગ' શબ્દ તુર્કી ભાષાનો છે, અને તેનો અર્થ 'સરદાર' થાય છે. એ પ્રત્યય સાધારણ રીતે મોગલોનાં નામ પાછળ ઉમેરવામાં આવે છે. 'સૈયદ' પણ 'સરદાર' છે.

સૈયદો પોતાને માટે કન્યાઓ શેખ, મોગલ, પઠાણ—ગમે તે વર્ગમાંથી લાવે છે. પરંતુ પોતાની પુત્રીઓ માત્ર સૈયદોમાં જ પરણાવે છે. આ પ્રમાણે શુદ્ધ સૈયદ લોહી ગુજરાતમાં ભાગ્યે જ ગણ્યા ગાંઠ્યાં કુટુંબોમાં જ જળવાઈ રહેલું હોવું જોઈએ; છતાં બધા જ 'સૈયદો' હોવાનો દાવો કરે છે.

સૈયદો ગુજરાતમાં હિન્દુ બહુમતીમાં વસીને, પોતાને મુસલમાનોના 'બ્રાહ્મણો' તરીકે ખપાવવામાં, કેટલાક મુસ્લિમ કુરિવાજો અપનાવી બેઠેલા છે; તેમાં મુખ્ય તો તેઓ તેમના વર્ગની વિધવાઓને પુનઃ લગ્નની છુટ આપતા નથી. તેઓ હ. પયગમ્બર સાહેબ (અલ.)ની ઔલાદ હોવાનો દાવો કરે છે, અને હ.

પયગમ્બર સાહેબે પોતે પોતાની બે પુત્રીઓના બીજા નિકાહ કરેલા હતા, છતાં આ શરીઅતને તેઓ તરછોડે છે, છતાં 'સૈયદો' હોવાનો દાવો તો ચાલુ રાખે છે!

સૈયદો સામાન્યતઃ સત્યવક્તા, પ્રામાણિક અને ઠરેલ હોય છે, પરંતુ તે સાથે તેઓ સુસ્ત, વિલાસી અને ખર્ચાળ અથવા ઉડાઉ પણ હોય છે. તેમની આ ખામીઓનો ઢાંકપિછોડો કરવા તેઓ ઇસ્લામનો "અલ્લાહ તવક્કલ"–'અલ્લાહ ઉપર ભરોસો રાખો', એ સિદ્ધાંત આગળ ધરે છે! તેમને માટે કહેવત છે કે 'દૌલત મલે તો મીર, નહિં તો ફકીર, ઔર મરે તો પીર',

હવે તો સૈયદો બધા જ ધંધા કરે છે, નોકરીઓ, મોટી કે નાની, સરકારી કે ખાનગી, બધી જ કરે છે. પરંતુ હજી એ અજ્ઞાન મુસલમાનોમાં તેઓ પીરઝાદાઓની ઔલાદ છે એ માન્યતાને કારણે, આમ જનતામાં માન પામે છે. પીરઝાદાઓ સાધારણ રીતે સુખી સ્થિતિના અને કેટલાક માલદાર પણ હોય છે. પરંતુ ઘણા તેમની કરકસર નહિ કરવાની ખામીને લીધે અને 'તવક્કલ અલલ્લાહ'-ના તેમના અકીદાને લીધે લાચાર અને તંગ હાલત ભોગવે છે.

એટલે સુધી કે, હ. પયગમ્બર સાહેબ(અલ.)ની ઔલાદ તરીકે, તેમણે ભીખ માગવી જોઈએ નહિ, છતાં અમદાવાદ પાસેના બટવાના બુખારી સૈયદો તેમના જૂના મુરીદોમાં રમઝાન માસમાં ધોરણસર ઉઘરાણું કરવા નીકળી પડે છે, તેમના પૂર્વજ, અમદાવાદના સુલ્તાનોના 'પીરઝાદા'નો માનવંતો દરજ્જો ધરાવતા હતા, તે વાત તેઓ હવે ભૂલી ગયા લાગે છે!

મઝહબે, સૈયદો શીઆ અને સુન્ની બન્ને પ્રકારના હોય છે. કેટલાક શીઆ સૈયદોના મુરીદો સુન્ની હોય છે; ત્યારે તેઓ ખાનગી

માં શીઆ અને મુરીદોમાં સુન્ની એમ બે ઘોડે જીન રાખે છે! આવો વર્ગ મોટે ભાગે ઉત્તર ગુજરાતમાં જોવામાં આવે છે. તદુપરાંત, નવા જમાનાની અસરને લીધે, તેમનામાં મઝહબી અકીદાઓ ચીવટથી પાળવાની તમન્ના ઓછી થઈ ગઈ હોવા છતાં, તેમના મુરીદોમાં જૂની પ્રતિષ્ઠા જાળવી રાખવા, તેમને બહુ પરહેઝગાર મુસલમાનો હોવાનો દેખાવ કરવો પડે છે.

જમાનાને ઓળખી, પુરુષો હવે જૂનો પીરઝાદાનો પેશો છોડી દઈ, ઉચ્ચ કેળવણી લઈ, સમાજમાં પોતાનું સ્થાન સુધારી રહ્યા છે. તેમની પાછળ, તેમની પુત્રીઓ પણ હવે તો કેળવણીમાં હરિફાઈમાં ઉતરે છે. ઘણી બી.એ., એમ.એ. વગેરે ઉપાધિઓ મેળવી નોકરીઓ પણ કરે છે. આમ તેમણે-ખાસ કરીને શહેરોમાં જૂના પરદાને તિલાંજલિ આપી દીધી છે. છતાં, નાનાં ગામોમાં જૂનો ચુસ્ત પરદો ટકી રહેલો છે; અને તેને પરિણામે, તેઓ પુત્રીઓને પૂરતી કેળવણી આપી શકતા નથી.

૨. શેખ :

શેખ ગુજરાતમાં સર્વત્ર ખપે છે. 'શેખ 'નો મૂળ અર્થ 'સરદાર 'નો છે આરબોની ટોળીઓના મુખ્ય 'શેખ' કહેવાતા. કેટલાક 'મીર 'ના દરજ્જા સુધી પહોંચેલા પણ 'શેખ ' કહેવાય છે. ગુલિસ્તાન, બોસ્તાનના કર્તા 'શેખ ' સાદી સાહેબ (રહ.); ર. સરખેજના પીર હ. 'શેખ ' અહમદ ખટ્ટુ વગેરે.

ચુસ્ત રીતે જેમાં, 'શેખ ' મક્કાના કુરૈશી ખાનદાનની ત્રણ મુખ્ય શાખાઓનો ખાસ લકબ છે : ૧. સિદ્દીકી; પહેલા ખલીફા હ. અબુબક્ર સિદ્દીક (રદી.)ની ઔલાદ; ૨. ફારૂકી—બીજા ખલીફા હ. ઉમર અલ ફારૂક(રદી.)ની ઔલાદ; અને ૩. અબ્બાસ હ.

પયગમ્બર સાહેબ(અલ.)ના કાકા હ. અબ્બાસ(રદી)ની ઔલાદ.

ફારૂકીની બે પેટાશાખાઓ છે: ૧. ચિશ્તી અને ૨. ફરીદી. ચિશ્તી શાખાના પૂર્વજ શેખ નિઝામુદ્દીન ચિશ્તી (રહ.) અને ફરીદી શાખાનો પૂર્વજ શેખ ફરીદુદ્દીન શકરગંજ (રહ.) છે. બન્ને પેટાશાખાઓના પૂર્વજો તેમની પરહેઝગારી માટે પ્રખ્યાત હોવાથી, તેમના વંશજો પીરઝાદા થયા છે, અને તેમને ઘણા મુરીદો મળ્યા છે.

મિરાતે અહમદીમાં જણાવ્યા પ્રમાણે શેખ પાંચ પ્રકારના છે: ૧. સિદ્દીકી, ૨. ફારૂકી, ૩. અબ્બાસી, ૪. ચિશ્તી અને ૫. કુરૈશી. આ પૈકી પહેલા ચાર વર્ગોનો મોટો ભાગ સાધારણ રીતે અહીં આવેલા આરબોની ઔલાદનો, શુદ્ધ વિદેશી લોહીવાળો છે, ચિશ્તી અને કુરૈશીમાંના કેટલાક પરદેશી મુસલમાનોની ઔલાદમાંથી હશે; પરંતુ તેમાંના ઘણાખરા તો સ્થાનિક હિન્દુઓમાંથી થયેલા નવ-મુસ્લિમોની પ્રજા છે.

અજમેર શરીફવાળા હ. ખ્વાજા મુઇનુદ્દીન ચિશ્તી(રહ.)ની ‘ સૂફી ’ સ્કૂલનું નામ ચિશ્તી છે. તે અકીદાના મુરીદો મૂળ હિન્દુઓમાંથી મુસલમાન થયેલા હોવા છતાં તેઓ પોતાને ‘ ચિશ્તી ’ કહેવડાવે છે.

કુરૈશીએ તો હ. પયગમ્બર સાહેબ(અલ.)ની ખાનદાન કોમનું નામ હતું. હ. પયગમ્બર સાહેબ(અલ.)ની એક હદીસ(tradition) છે કે “ મારા દીનને માનનારા બધા જ મારા કુટુંબીઓ છે. ” તેથી આ હદીસને આધારે, સ્થાનિક હિન્દુઓ અને બીજાઓમાંથી, થયેલા નવ-મુસ્લિમો પોતાને ‘ કુરૈશી ’ કહેવડાવે છે.

અબ્બાસી નાતના શેખ હિન્દમાં ઘણા થોડા છે.

ખેડા જિલ્લાના કપડવણજના અને પંચમહાલના ગોધરાના સુન્ની વહોરાઓ અગાઉ પોતાને 'ઘાંચી' તરીકે ઓળખાવતા હતા; તેઓ હવે પોતાને 'શેખ' તરીકે ઓળખાવે છે. તેમને અનુસરીને, આ બન્ને જિલ્લાઓના બીજા કેટલાક સુન્ની વહોરાઓ પણ પોતાને 'શેખ' તરીકે ઓળખાવે છે.

મુસલમાનોમાં ગમે તે ઊતરતી કોમનો માણસ પણ પોતાને 'શેખ' અને 'કુરૈશી' તરીકે લખે છે. આવી અટકો ધારણ કરનારની ખરેખર અસલ કોમ કયી હશે તે જાણવું મુશ્કેલ થાય છે.

'શેખ'નો સામાન્ય અર્થ ગુજરાતી "રા. રા." અથવા અંગ્રેજી 'Esquire' જેવો છે. તે કારણે પણ ગમે તે પેટાકોમનો મુસલમાન પોતાને 'શેખ' તરીકે લખી શકે છે.

મિરાતે અહમદીમાં જણાવ્યા પ્રમાણે ખેડા જિલ્લાના ડાસરા ગામના કુરૈશી અને પાલનપુરની આસપાસના અને ઉંઝા પરગણાના પરદેશી પઠાણો 'ઝીંદરાન' અથવા અપભ્રંશ રૂપમાં 'ઝાદ્રાન' કહેવાતા, બે વિદેશી વર્ગો છે. તે વિદેશી મુસલમાનોને તેમની લશ્કરી નોકરી બદલ ગુજરાતના સુલ્તાનોએ એ પરગણાઓમાં જમીનો બક્ષેલી હતી. આ ઝીંદરાન શેખો ઈરાનના માઝીંદરાનથી અહીં આવી વસેલાઓના વંશના હોવાનું કહેવામાં આવે છે.

તેઓ હજી ગૌરવર્ણ, દેખાવડા, ઘાટીલા અને મજબૂત બાંધાનાં ઊંચા અને લાંબાવાળવાળા હોય છે; પરંતુ તે સાથે તેઓ અફીણી પણ હોય છે. તેઓ મોટે ભાગે ખેડૂતો છે. તેઓ પહેલાંનાં દેશી રાજ્યોમાં સવાર હતા અને પોલિસમાં નોકરી કરતા હતા.

તેઓ ખોખર, ગખર અને પટ્ટણના બીજા પરદેશી પઠાણો સાથે લગ્નવ્યવહાર રાખે છે.

ગેઝિટિયરના સંપાદક રાધનપુરમાં એક અજાણી ઉત્પત્તિનો 'તેલિયા' શેખનો વર્ગ હોવાનું જણાવે છે; પરંતુ આ લેખકના રાધનપુરના ચાર વરસના વસાવટ દરમ્યાન ત્યાં આ પ્રકારનો કોઈ વર્ગ હોવાનું જાણવામાં આવ્યું નથી. એ સંપાદકના જણાવ્યા પ્રમાણે તેઓ 'તેલિયા' એટલા માટે કહેવાતા હતા કે તેઓ પુષ્કળ તેલ પીતા હતા અને પોતાનાં કપડાં પણ તેલથી ભીંજવેલાં રાખતા હતા; પરંતુ આ લેખકને તેની કોઈ માહિતી મળેલી નથી.

શેખ વર્ગના પુરુષો પોતાનાં નામ આગળ 'શેખ' અથવા 'મોહમ્મદ' ઉમેરે છે અને તેમની સ્ત્રીઓ તે જ પ્રમાણે તેમનાં નામ સાથે 'બીબી'નો લકબ જોડે છે, જોકે આજકાલની જિંદગીની શરતદોડમાં આવી 'બીબીઓ' પણ પોતાને 'બેગમો' તરીકે ઓળખાવવા હરીફાઈ કરે છે!

૮ શેખો માટે ઉત્તર હિન્દની એક કહેવત છે કે 'શેખ કાગડા જેવા ચકોર હોય છે.'

૯ 'શેખ' ઉપનામ ધરાવતી અનેક પેટાકોમો છે, તેથી તેમનામાં સંગઠન કે બંધારણ જેવું ભાગ્યે જ જોવામાં આવે છે.

હવે તો જમાનો ઓળખીને તેઓ પણ કેળવણી લેવા લાગ્યા છે અને મળે તે બધી જ નોકરીઓ અને થાય તે બધા જ ધંધા કરે છે.

કચ્છના મુસલમાનોમાં 'શેખ' મુસલમાનોનો એક વર્ગ ધંધાદારી ભીખ માગે છે. તેઓ ભૂજથી દશ માઈલ ઉત્તરે આવેલા સુમરાસર ગામમાં વસે છે. તેઓ બીજા શેખ લોકો જેવાં જ કપડાં પહેરે છે;

પરંતુ તેઓ માથે ઉનની આંટાવાળી પાઘડીઓ પહેરે છે, અને 'દફ' નામનું નાનું ઢોલ વગાડતા ઘેર ઘેર ફરીને ભીખ માગે છે. તેઓ મઝહબે સુન્ની છે અને દાવલશા પીરમાં માને છે.

આ પીરનું પૂરું નામ તો મલેક અબ્દુલ લતીફ વલદે મોહમ્મદ કુરૈશી (રહ.) છે. તેઓ મહમૂદ બેગડાના એક અમીર હતા. બેગડાએ તેમને 'દાવરૂ'લ મુલ્ક'નો ઇલકાબ આપ્યો હતો. તેનું અપભ્રંશ રૂપ 'દાવલશા' થયેલું છે.

તેમની પરહેઝગારીને કારણે પીર હ. શાહઆલમ સાહેબે (રહ.) તેમના પોતાના મુરીદ બનાવ્યા હતા.

આ 'દાવલશાહે' ઘણી જિહાદો—ધાર્મિક લડાઈઓમાં ભાગ લીધેલો હતો. તેઓ ઈ. સ. ૧૪૭૪માં જામનગરના બેજ્જેડિયા પાસે આમરાનની લડાઈમાં દેવા રણમલને હાથે શહીદ થયા હતા.

આ પીરની ઘણી માનતાઓ માનવામાં આવે છે. આખા ગુજરાતમાં અને દક્ષિણમાં પણ તેમના ઘણા અનુયાયીઓ છે. આ અનુયાયીઓ ઘણા હિન્દુ રિવાજો પાળે છે. કચ્છની બહુ મોટી હિન્દુ બહુમતીનું આ પરિણામ હોય.

૩. મોગલો :

મોગલોના બે વર્ગ છે : ૧. ઇરાની અને ૨. હિન્દી અથવા ચુઘડ્ડા.

'ચુઘડ્ડા અટક મશ્હુર મોંગોલ બાદશાહ ચંગીઝખાન (૧૨૧૮)-ના પુત્ર ચુગતાઈ ખાનના નામ ઉપરથી પડેલી છે. ચંગીઝખાનના લશ્કરના માણસો જે તાર્તર–તુર્કી બોલી બોલતા હતા, અને જે ભાષામાં મોગલ બાદશાહ બાબરે પોતાનું આત્મવૃત્તાંત લખેલું છે. તેને 'ચુઘતાઇ' અથવા 'જુઘતાઇ' કહે છે.

અમદાવાદ અને ભરૂચમાં થોડા ઇરાની મોગલો છે. બીજા ખંભાત અને સુરતમાં પણ છે. તેઓ ઇરાની રાજકીય નિરાશ્રિતો અને વેપારીઓના વંશજો છે. પુરુષો પોતાનાં નામ પહેલાં 'મિરઝા' અમીરઝાદા અને નામ પછી 'બેગ' સરદાર ઉમેરે છે. ઉદા૦ મીરઝા મુગલ બેગ. સ્ત્રીઓ તેમનાં નામ પાછળ 'ખાનમ' ઉમેરે છે. ઉદા૦ હુસેનીખાનમ. 'બેગ'નું નારી જાતિનું રૂપ તો 'બેગમ' છે પરંતુ એ ઉપનામ તો સૈયદોએ આંચકી લીધેલું છે.

આ કોમનાં જુદાં પડતાં શારીરિક લક્ષણોમાં, તેઓ કંઈક સ્થૂલતા તરફ ઢળતા, મધ્યમ કદના, ખુલતા વર્ણના, પોપટ જેવા વાંકા નાકવાળા અને સ્વચ્છ દેખાવના હોય છે. કેટલાંકની આંખો ભૂરી અથવા ઝાંખા રંગની હોય છે. ઘણાખરાની મુખાકૃતિ વિનોદી અને બુદ્ધિશાળી હોય છે. દારૂની બદીથી તેઓ મુક્ત નથી. પરંતુ તેઓ મહેનતુ અને ઉદાર હોય છે. એક વર્ગ તરીકે, તેઓ સુખી સ્થિતિના હોય છે. તેઓ ઘણાખરા મઝહબે શીઆ હોય છે. તેઓ તેમના મઝહબના કાનૂનો ચીવટથી પાળવા માટે જાણીતા છે. તેઓ નિરાળી કોમ તરીકે તેમની ઇબાદતની જગાઓ બીજા મુસલમાનોથી ઇલાયદી રાખે છે. તેઓ ઘણું કરીને અંદર અંદર જ લગ્ન-વ્યવહાર કરે છે. ઇરાની મોગલોએ બીજા બધા મુસલમાનોની સરખામણીમાં ઘણા ઓછા હિન્દુ રિવાજો અંગીકાર કરેલા છે.

બીજા વર્ગના હિન્દી મોગલો આખા ગુજરાતમાં અહીંતહીં સર્વત્ર મળે છે. ઇરાની મોગલો માફક, પુરુષો તેમનાં નામ પહેલાં 'મીરઝા' અને પછી 'બેગ' ઉમેરે છે, અને સ્ત્રીઓ તેમનાં નામ પાછળ 'ખાનમ' ઉમેરે છે. તેઓ હિન્દના મોગલ વિજેતાઓના વંશજો છે. ગુજરાતના ઉત્તર અને દક્ષિણ ભાગમાં ઘણાં મોગલ કુટુંબો તેમનાં પેઢીનામાં અને દંતકથાઓ ઉપરથી દેખાડે છે કે તેઓ

મોગલ બાદશાહ હુમાયુના તૈમુરી ખાનદાનના બીજા મીરઝાઓ અથવા તૈમુરી શાહઝાદાઓના વેરથી બચવા જ્યારે તેઓ કાબુલ અને કંદહારથી નાસી છૂટયા હતા, અને જેમને ગુજરાતના સુલ્તાન બહાદુરશાહે (૧૫૨૧-૧૫૩૬) પ્રથમ અમદાવાદમાં અને પછી ભરૂચ અને સુરતમાં આશ્રય આપ્યો હતો, તેમના તેઓ વંશજો છે. બહાદુરશાહે ૧૫૩૨માં મીરઝા મોહમ્મદ ખાનને જે આશ્રય આપ્યો હતો, તે જ હુમાયુની ૧૫૩૫ની ગુજરાતની ચઢાઈનું કારણ હતું. હુમાયુએ ગુજરાત જીતી લીધા પછી અહીં મોગલ સૂબો મૂકયો હતો. પરંતુ હુમાયુને શેરખાને હરાવ્યા પછી, ૧૫૩૬માં ગુજરાતીઓએ તે સૂબાને કહાડી મૂકયો હતો.

મીરઝાઓનો બીજો સમૂહ ખુરાસાનના સુલ્તાન હુસેનના પુત્રોનો છે. મોગલ બાદશાહ બાબરે અને તેના પછી તેના પુત્ર હુમાયુએ, સગપણના સંબંધથી તેમને પોતાના દરબારમાં આશ્રય આપ્યો હતો, પરંતુ ૧૫૬૧માં તેમણે અકબર સાથે કજિયો કર્યો હતો. તેઓ ગુજરાતમાં આવ્યા ત્યારે તેમને અહીં ગુજરાતના એક અમીર ચંગીઝખાને વધાવી લીધા હતા. તે વખતે (૧૫૫૪માં) એતમાદખાનની સત્તા દાબી દેવા ચંગીઝખાનને જોરદાર પક્ષની જરૂરત હતી. ચંગીજખાનને હબસીઓએ ૧૫૫૮માં કતલ કર્યા પછી આ મીરઝાઓ દક્ષિણ તરફ ગયા હતા. તેમણે ભરૂચ, વડોદરા અને ચાંપાનેરનો કબજો લીધો હતો, અને કેટલાક સુરતમાં સ્થાયી વસ્યા હતા.

'મોગલ' અથવા 'મુગલ' નામ મૂળ 'મોન્ગોલ' નામ સાથે કઈ રીતે મળતું આવે છે, તે માટે જુદા જુદા અભિપ્રાયો છે. જ્યોર્જ કેનાબેલ કહે છે કે મોગલો Mongolsનો ethnologically હિન્દમાં પત્તો નથી. ઇરાની અને અફઘાન પ્રજાઓમાંથી પસાર થવામાં તેમના લોહીમાં ફેર પડ્યો હતો. બીમ્સ—Beames''વાયવ્ય પ્રાન્તની

પ્રજાઓ" નામના તેના પુસ્તકમાં કહે છે કે 'મુગલ' નામ જ સૂચવે છે કેતેઓ હિન્દના તાર્તાર વિજેતાઓના સાથીઓ અથવા અનુયાયીઓના વંશજો છે.

પ્રાચીન કાળમાં 'મોગલ' કે 'મુગલ' કોઈ કોમ કે જાતિનું નામ ન હતું, પણ કેટલાક કબીલાના સરદારો તે નામથી ઓળખાતા હતા. તે નામનો અર્થ 'શૂરવીર' અથવા 'જવાંમર્દ' થાય છે.

તેઓ બીજી કોમો કરતાં સંખ્યામાં થોડા છે. ઘણાઓની મૂળ કળા તુરાનિયન ઢબની હજી પણ જોવામાં આવે છે. તેમનાં અંગ ઉપર જાણે કે ગરદન જ ના હોય તેમ માથું હોય છે. તેમની આંખો સાંકડી અને તીક્ષ્ણ હોય છે, તેમનાં નાક એક ગાલથી બીજા ગાલ સુધી પહોળાં, તેમનાં મ્હોં એક ગાલના હાડકાથી બીજા ગાલના હાડકા સુધી લાંબાં, તેમના ગાલ ચામડાની નરમ મસકો માફક કરચલીઓ વાળા અને ગાંઠોવાળા, તેમની મુછો ઘણી લાંબી અને દાઢી જૂજ વાળવાળી હોય છે.

મોગલો બીજા કરતાં ખૂલતા વર્ણના હોય છે. એક વર્ણ તરીકે તેઓ ગરીબ છે. તેઓ નાની મોટી નોકરીઓ કરે છે. મઝહબે તેઓ સુન્ની છે.

૪. પઠાણો

પઠાણો ગુજરાતમાં લગભગ દરેક સ્થળે જોવામાં આવે છે. તેઓ અફઘાન ઉત્પત્તિના છે. તેમના નામનો અર્થ 'ઘણું કરીને ડુંગરી મુલ્કમાં રહેનારા'–Highlanders થાય છે.

કેપ્ટન સર રીચર્ડ બર્ટન 'પઠાણ' શબ્દની વ્યુત્પત્તિ અરબી 'ફતહાન' ઉપરથી આપે છે. બીજાઓ એ શબ્દ હિન્દુસ્તાની 'પેઠના'

દાખલ થવું, એ ઉપરથી ઉપજાવી કહાડેલ છે. ફરીશ્તા કહે છે કે 'પઠાણ' શબ્દની ઉત્પત્તિ ચોક્કસ નથી, પરંતુ, તેના મત પ્રમાણે, હિન્દમાં આવનાર પહેલા અફઘાનો 'પટણા'માં વસ્યા હતા, તે ઉપરથી તેઓ 'પઠાણ' કહેવાયા છે.

આ બધા ખુલાસાઓ મુસલમાનોએ પાછળથી ઉપજાવી કાઢયા લાગે છે. અફઘાન દંતકથા પ્રમાણે ખુદ પયગમ્બર સાહેબે તેમના મહાન પૂર્વજ અબ્દુર રશીદને 'બતાન' અથવા 'પતાન,' એટલે 'સુકાન' નો ઇલ્કાબ આપ્યો હતો. તે ઉપરથી તેમનું ઉપનામ 'પઠાણ' પડેલું છે.

હાલ સાધારણ રીતે સૌ એકમત થયેલા છે તે પ્રમાણે, 'પઠાણ' શબ્દ પુશ્તુ અથવા પુખ્તુ બોલી બોલનારા પોતાને જે નામથી ઓળખાવે છે તે 'પસ્તાન' (બહુવચન – 'પસ્તાનાહ')નું હિન્દી રૂપાન્તર છે.

તેઓ જે ડુંગરી પ્રદેશમાં રહે છે, તે ઉત્તરે સ્વાત અને બીજોરથી દક્ષિણે સીવી અને ભૂકર સુધી, પૂર્વમાં હસન અબ્દાલથી પશ્ચિમમાં કાબૂલ અને કંદહાર સુધી છે.

તેઓ શુદ્ધ પ્રજા નથી. તેમનામાં તાર્તર (ગીલ્ઝાઈ), આરબ (દુર્રાની) અને હિન્દી (સ્વાતી) તત્ત્વો ભળેલાં છે. તે ઉપરાંત, કદાપિ, ઇરાની તત્ત્વ પણ તેમનામાં ભળેલું છે. દાર્મસ્ટેટર કહે છે કે 'પુશ્તુન' તે પહેલાંના 'પશ્તુન'નું રૂપાંતર છે. અને 'પુશ્તુન' શબ્દ પ્રાચીન ઇરાની 'પર્શતી' અર્થાત્ 'ડુંગર' ઉપરથી નીકળેલો છે. મૂળ પઠાણો હેરોડોટસ, તેમ જ ટૉલેમી વર્ણવે છે, તેમને મળતા આવે છે. વરાહમિહિર પહેલાં (ઈ. સ. ૫૫૦) અફઘાન નામ વપરાયલું

જણાતું નથી. એ લેખક બૃહત્સંહિતામાં એ પ્રજાને 'અવગાન' તરીકે વર્ણવે છે.

પુરુષો તેમનાં નામ પાછળ 'માન' અને સ્ત્રીઓ 'ખાતુન' અથવા 'ખાતુ' ઉમેરે છે. તેઓ ગુજરાતમાં મુખ્યત્વે લશ્કરી સિપાહીઓ અને વેપારીઓ તરીકે આવેલા હતા.

તેમના બે વર્ગ છે: જૂના અને નવા. નવા આવેલા 'વિલાયતી' કહેવાય છે. જૂના પઠાણોના વંશજોએ, બીજા પરદેશી મુસલમાનોના વંશની માફક, બીજી કોમો સાથે લગ્નવ્યવહાર વગેરેથી ભેળસેળ થઈ જવાથી, પોતાનાં શારીરિક અને ચારિત્ર્યનાં વિશિષ્ટ લક્ષણો ગુમાવ્યાં છે. નવા આવેલા 'વિલાયતીઓ' ઊંચા અને મોટાં હાડકાંવાળા, પહોળી છાતીવાળા અને પ્રમાણસર અવયવોવાળા હોય છે. તેમનામાંના ઘણાખરાએ તેમનો મૂળ અફઘાન ગૌરવર્ણ ગુમાવ્યો છે. અને જો કે તેમની ચામડી રતુમડા ઝેતુનના રંગથી ચોખ્ખા કાળા રંગ સુધીની હોય છે. છતાં તેમની મુખાકૃતિ તદ્દન જુદી તરી આવે છે. ઘણાખરાનાં નાક પોપટ જેવાં નીચેથી સહેજ વળેલાં હોય છે. તેમની આંખો ભૂરી, ઝાંખી અથવા તપખીરિયા રંગની અને તેમના માથાના વાળ મોટે ભાગે તપખીરિયા રંગના પણ લાંબા અને હવામાં ઊડતા હોય છે.

તેઓ 'શીખ' લોકો કરતાં ઓછા ચકોર હોય છે. પરંતુ તેઓ વધારે કરકસરીઆ, જક્કી અને તામસી હોય છે. તેઓ પૈસાના લોભ માટે એટલા નામચીન છે કે ક્રૂર લહેણદારોને 'પઠાણ' ઉપનામ આપવામાં આવે છે. ઉદા૦ 'પઠાણ કા કર્ઝ' ઘોડાના વેપારીઓ અને ઘોડા વેચનારા સિવાય ઘણા ખરા પઠાણો મોટે ભાગે પોલીસમાં કે લશ્કરમાં નોકરી કરતા હોય છે.

બધા મઝહબે સુન્ની હોય છે. તેમનામાં જેઓ નિરક્ષર હોય છે, તેઓ ધાર્મિક બાબતોમાં અતિ ઝનૂની હોય છે. પરંતુ નવા આવેલા 'વિલાયતીઓ' સિવાય, તેઓ, એક કોમ તરીકે, ધર્માચાર તરફ થોડું જ ધ્યાન આપે છે. પહેલાં તેમનામાં કેળવણીનો, ખાસ કરીને પાશ્ચાત્ય ધોરણની કેળવણીનો, અભાવ હતો. પરંતુ હવે તો તેઓ પણ તે તરફ વળ્યા છે. દેશી રાજ્યો હતાં ત્યારે તેમનામાં કેટલાક ત્યાં મોટા હોદ્દાઓ સુધી પહોંચ્યા હતા.

પ્રકરણ ૭

મુસલમાનોમાં પણ જ્ઞાતિભેદ !

કુરઆને કરીમમાં ફરમાવેલું છે કે “ કુલ્લો મો'મેનુન ઇખ્વતુન્' સૌ મુસલમાનો ભાઈ ભાઈ છે અને ઇસ્લામનો મુખ્ય બોધપાઠ પણ અખિલ ભ્રાતૃત્વનો જ છે. ઇસ્લામના હ. પયગમ્બરસાહેબે (અલ.) માત્ર ૨૩ વરસના ઇસ્લામ પ્રચારથી અરબસ્તાનની છુટક છુટક ટોળીઓમાં સદા ફરતી રહેતી અને પ્રત્યેક ટોળી પોતાની ખાનદાનીમાં ગર્વ માનતી પ્રજામાં એટલાં ઇખલાસ અને બંધુત્વ પ્રસાર્યાં હતાં કે પ્રાચીન પ્રણાલિકાવાળી આરબ કોમમાં ‘ આઝાદ ’ અને ‘ ગુલામ 'ના ભેદભાવ અદશ્ય થઈ ગયા હતા. ખુદ પયગમ્બરસાહેબે (અલ.) પોતાની સગી ફોઈની દીકરી—બેન પોતાના જ આઝાદ કરેલા ગુલામ સાથે પરણાવી હતી; અને આઝાદ થયેલા ગુલામો પ્રાન્તોના સૂબાઓના હોદ્દા સુધી પહોંચ્યા હતા. પોતાના મજકુર આઝાદ કરેલા ગુલામ રોમનો સાથેના એ જંગમાં શહીદ થયા પછી, તેનો બદલો લેવા જે બીજું સૈન્ય તૈયાર કર્યું હતું, તેના સેનાપતિ દરજ્જે એ શહીદ થયેલા પિતાના પુત્ર—આઝાદ કરેલા ગુલામના પુત્રને જ નિમ્યા હતા અને તેના હાથ નીચે પાછળથી થયેલા પહેલા અને બીજા ખલીફા—હ. અબુબક્ર સિદ્દીક અને હ. ઉમર ફારૂક જેવી મહાન વ્યક્તિઓને નિયુક્ત કરી હતી.

છતાં જ્યારે ઇસ્લામ અરબસ્તાન બહાર વિસ્તર્યો ત્યારે પૂર્વે, અગાઉના ઈરાની સામ્રાજ્યમાં, અને પશ્ચિમે, અગાઉના રોમન સામ્રાજ્યમાં જે સૈકાઓ જૂનો ઉચ્ચ નીચનો ભેદભાવ હતો ને ક્રમેક્રમે મુસલમાનોમાં પણ પ્રવેશ્યો હતો; પરંતુ આ માત્ર ‘ વર્ગોનો ભેદભાવ ’ હતો.

પરંતુ જ્યારે મુસલમાનો હિન્દમાં આવ્યા ત્યારે હિન્દુઓના વૉટરટાઇટ જ્ઞાતિભેદોએ ઇસ્લામ ઉપર ધીરી ધીરી પણ અચૂક અસર કરેલી છે. તેમાં ખાસ કરીને, સ્થાનિક હિન્દુઓમાંથી જેમણે ઇસ્લામ સ્વીકાર્યો હતો, તેઓ તેમના પેઢીઓ જૂના સંસ્કારો ફગાવી શક્યા નથી. તે ભેદભાવ જાણે તેમના લોહીમાં જ ઓતપ્રોત થઈ ગયેલો છે. આ ભેદભાવ ખાસ કરીને લગ્નવ્યવહારમાં વિશેષ તરી આવે છે.

વિદેશી મુસલમાનોની ચાર મુખ્ય કોમોમાં–સૈયદ, શેખ, મોગલ અને પઠાણમાં, પહેલેથી પોતપોતાની કોમમાં જ લગ્નવ્યવહાર થાય છે; જોકે ઉચ્ચ મનાતી કોમ કન્યા લેવામાં ઊતરતી કોઈ પણ કોમમાંથી કન્યા લઈ શકે છે; છતાં પોતાની કન્યા આપવામાં તેઓ ચુસ્ત રહે છે અને પોતાની કોમ બહાર જતા નથી. હિન્દમાં આ ભેદભાવ વધારે પડતો તરી આવે છે તે એટલે સુધી કે એક મુખ્ય કોમની અનેક પેટાકોમો થઈ ગઈ છે અને તે પ્રત્યેક પેટાકોમ બેટીવ્યવહારમાં પોતાના નાના વર્તુલમાં જ સ્થગિત થઈ ગઈ છે; જોકે હવે પાશ્ચાત્ય કેળવણીની "નઈ રોશનીમાં" એ ભેદભાવ થોડો થોડો ભુલાવા લાગ્યો છે પરંતુ હજી બંગાળમાં તો નવા મુસલમાનોમાં, હિન્દુઓના અસ્પર્શ અને અછૂત વર્ગ માફક એક એવો જ અછૂત વર્ગ બંધાયો છે. આનું કારણ એક જ છે કે જેને વર્ગના નવા મુસલમાનો જે હિન્દુ વર્ગમાંથી મુસલમાન થયા હતા તે મુળ હિન્દુ વર્ગની પ્રાચીન પ્રણાલિકાઓ વિસારી શકતા નથી.

એથી વિશેષ ઇસ્લામની શરીઅતમાં વિધવાઓના પુનર્લગ્નની સંપૂર્ણ છૂટ હોવા છતાં ગુજરાતમાં સૈયદો પોતાને મુસલમાનોના 'બ્રાહ્મણો' મનાવવાની ખોટી ધૂનમાં તેમની કોમની વિધવાઓને બીજા નિકાહ કરવાની છૂટ આપતા નથી. એટલે તેમનામાં કોઈ બીજવરને, તેની પોતાની ગમે તેટલી ઉંમર છતાં તદ્દન યુવાન કુંવારી કન્યા સાથે જ નિકાહ કરવાની ફરજ પડે છે. આવાં ઉમરનાં કજોડાંનાં

જગજાણીતાં પરિણામો આવે છે છતાં તેઓ તેનો બોધપાઠ લેતા નથી.

ઘણા મુસલમાનો હજી પણ હિન્દુ ઢેડ, ભંગી—હવે 'હરિજન'ને હિન્દુઓ માફક જ અસ્પર્શ ગણે છે; અને તે મુજબ જ તેમના તરફ વર્તે છે. એવા હરિજનને હિન્દુઓ માફક મુસલમાનો પણ પોતાનું મકાન ભાડે આપતા નથી, તેમ પોતાને કૂવે તેમને પાણી ભરવા દેતા નથી. આ અસ્પૃશ્યતા એકલા કાયદાથી ટાળી ટળી શકે તેમ લાગતું નથી. આમ જનતાની કેળવણી સિવાય તેનો ઉકેલ આવવા સંભવ નથી.

———

પ્રકરણ ૮

ન્યૂનાધિક વિદેશી તત્ત્વવાળી કોમો

સૈયદ, શેખ, મોગલ અને પઠાણ એ ચાર મુખ્ય કોમો ઉપરાંત બીજી કેટલીક નાની નાની કોમોનાં નામ ઉપરથી તેમનામાં ઓછું-વત્તુ વિદેશી તત્ત્વ હોવાનું જણાય છે તેવી કોમો આ પ્રમાણે છેઃ

૧. ધાર્મિક કોમો–અહમદિયા, બાબી, બહાઈ, સીદી, વહોરાઓ અને હીજડા;

૨. વેપારી–કાબૂલી, અને નાયતા (ખારવા, ભાડેલા)

૩. ખેડૂતો–અગરા, બઅનિયા, ભૂતા, ચંગીઝ, કાહતિયા, ખીલજી, કુરૈશી, કિરદિયા, અને ફસ્આતી.

૪. નોકરી કરનારા–આરબ, બલૂચી, મકવાણા અને મિરધા.

પ્રકરણ ૯

અહમદિયા

ઇસ્લામના આ નવીન સંપ્રદાયના સ્થાપક મીરઝા ગુલામ અહમદનો જન્મ પંજાબના કાદિયાન ગામમાં ૧૮૩૯માં થયો હતો. કેટલાક તેમનો જન્મ ૧૮૩૬-૩૭માં થયાનું માને છે. તેમના જન્મની સાલ અગત્યની નથી. તેમનું અવસાન ૧૯૦૮માં થયું હતું. તેમના પંથનું નામ તેમના પોતાના નામ ઉપરથી 'અહમદિયા' અને તેમના જન્મસ્થાન ઉપરથી 'કાદિયાની' પડેલું છે. પાછળથી તેમનામાં 'અહમદિયા' અને 'કાદિયાની' એમ બે પક્ષ પડી ગયેલા છે. 'કાદિયાનીઓ' તેમના સંપ્રદાયના સિદ્ધાંતો ચુસ્ત રીતે પાળે છે; જ્યારે 'અહમદિયા' સુન્નીઓને વધારે મળતા આવે છે.

આ પંથના સ્થાપક, ઇસ્લામના હ. પયગમ્બર સાહેબ (અલ.) માફક, પોતાને પણ અલ્લાહ તા'લા તરફથી વહી–revelation મળ્યાનું કહેતા હતા. તેવી વહી તેમને સૌથી પહેલી ૧૮૮૯માં મળ્યાનું તેમનું કહેવું હતું. ઇસ્લામની માન્યતા પ્રમાણે, અલ્લાહ તા'લા તરફથી મળતી વહી માત્ર પયગમ્બરોને જ મળે છે. અને ઇસ્લામની ખાસ માન્યતા પ્રમાણે ઇસ્લામના પયગમ્બર સૌથી છેલ્લા પયગમ્બર હોવાથી ત્યાર પછીથી અલ્લાહ તા'લા તરફથી મળતી વહી બંધ થઈ ગયેલી છે. તેથી ઇસ્લામે મીરઝા ગુલામ અહમદનો આ દાવો ઇન્કારેલો છે.

મીરઝા ગુલામ અહમદ પોતાને હ. મોહમ્મદ પયગમ્બર સાહેબ (અલ.)ના 'બુરૂઝ' spiritual manifestation અને હિન્દુઓના શ્રી કૃષ્ણના અવતાર તરીકે ઓળખાવતા હતા.

ઇસ્લામ માત્ર એક જ જિંદગીમાં માને છે. અને અનેક અવતારોની માન્યતા ઇન્કારે છે. તેથી મીરઝા ગુલામ અહમદનો આ ધર્મ પણ ઇસ્લામે ઇન્કારેલો છે.

મીરઝા ગુલામ અહમદ હ. ઈસા (અલ.)ની કબર કાશ્મીરમાં શ્રીનગરમાં હોવાનું કહેલું છે. તેમનું આ કથન ખ્રિસ્તીઓ અને મુસલમાનો બન્નેની ધાર્મિક માન્યતાઓની વિરુદ્ધ છે. ખ્રિસ્તીઓ માને છે કે હ. ઈસુ ખ્રિસ્ત તેમને ક્રોસ ઉપરથી ઉતારી દફન કર્યા પછી ત્રીજે દિવસે, તેમની કબરમાંથી ઊઠીને સ્વદેહે આસ્માન ઉપર ગયા હતા અને એમની ખાલી પડેલી કબર હજી પેલેસ્ટાઈનમાં Church of the Holy Sepulchureમાં જળવાઈ રહેલી છે. આ બાબત મુસલમાનો માને છે કે રોમનો હ. ઈસા(અલ.)ને પકડવા આવ્યા ત્યારે તેમનો એક શિષ્ય–Apostle જુડાસ તેઓ જે મકાનમાં હતા તેમાંથી તેમને બહાર લાવવા તે મકાનમાં દાખલ થયો હતો. તે વખતે અલ્લાહ તા'લાએ હ. ઈસાને સ્વદેહે આસમાન ઉપર ઉડાવી લીધા હતા અને જુડાસની શિકલ હ. ઈસા જેવી કરી દીધી હતી. તેથી રોમન સૈનિકોએ તેને જ ઈસા સમજી પકડયો હતો અને તેને જ ક્રોસ ઉપર ચઢાવેલો હતો. ખ્રિસ્તીઓ અને મુસલમાનો બન્ને માને છે કે હ. ઈસા (અલ.) કયામત પહેલાં પોતાના જૂના સ્વદેહે દુનિયામાં પાછા આવશે અને સાચો ધર્મ ફેલાવશે. તેથી ખ્રિસ્તીઓ અને મુસલમાનો બન્ને મીરઝા ગુલામ અહમદે હ. ઈસાની કહીને શોધી કાઢેલી કબર હ. ઈસાની હોવાનું સ્પષ્ટ રીતે ઇન્કારે છે.

કયામત પહેલાં આવનાર ઈમામ મેહદી પોતે છે એમ મીરઝા ગુલામ અહમદનો દાવો છે. આવો દાવો અગાઉ સૈયદ મોહમ્મદ જોનપુરીએ પણ કરેલો હતો અને તેના અનુયાયીઓ આજે ' મેહ-

દિયા' અને તેનો સંપ્રદાય 'મેહદવી' તરીકે ઓળખાય છે, અને તેમાં માનનારાની ઠીક ગણાય તેવી સંખ્યા ઉત્તર ગુજરાતમાં છે. પાલનપુરના નવાબ સાહેબ એ પંથના છે. ઇસ્લામે આ માન્યતા ઇન્કારેલી છે તેથી મીરઝા ગુલામ અહમદનો આ દાવો પણ મુસલમાનો ઇન્કારે છે.

ઇસ્લામના જિહાદ–ધાર્મિક યુદ્ધ—ના સિદ્ધાંતને મીરઝા ગુલામ અહમદે નવા જમાનાને અનુસરીને નવીન સ્વરૂપ આપ્યું છે અને કહ્યું છે કે આ જમાનામાં 'જિહાદ' શસ્ત્રોથી નહિ પણ કલમથી લડવાની છે. આ માત્ર અર્થ કરવાનો જ પ્રશ્ન છે. તેમાં કોઈ ધાર્મિક સિદ્ધાંત સમાયલો નથી.

મીરઝા ગુલામ અહમદની આ બધી વિશિષ્ટ માન્યતાઓ તેમના સંપ્રદાયના ચુસ્ત અનુયાયીઓ 'કાદિયાનીઓ' માને છે. તેમની સંખ્યા વિવિધ ગણત્રી પ્રમાણે પોણા લાખથી પાંચ લાખ સુધીની છે.

પાકિસ્તાનના અગાઉના વિદેશ મંત્રી મોહમ્મદ ઝફરૂલ્લાખાન 'કાદિયાની' હતા. તેથી તેમના વિરુદ્ધ પાકિસ્તાનમાં જબરી ચળવળ જાગેલી હતી. હાલ તેઓ હેગના આંતરરાષ્ટ્રીય ન્યાય પંચમાં એક ન્યાયાધીશ છે.

અહમદિયા, કાદિયાનીઓથી છૂટા પડી, હિન્દમાં અન્ય સ્થળોએ તેમ જ હિન્દ બહાર યુરોપ અને અમેરિકામાં ઈસ્લામનો બુદ્ધિવાદી–rationalist દૃષ્ટિએ પ્રચાર કરે છે. તે માટે તેઓ ત્યાં મસ્જિદો બાંધે છે, પુસ્તકો લખે છે, અને સામયિકો પણ પ્રસિદ્ધ કરે છે. તેમનું આવું સામયિક 'Muslim Review' છે તે લંડનથી પ્રસિદ્ધ થાય છે; તેનો ઉર્દૂ તરજુમો લાહોરથી 'ઈશા અને ઇસ્લામ' તરીકે પ્રસિદ્ધ થાય છે. તેમણે પ્રસિદ્ધ કરેલાં

પુસ્તકોમાં સૌથી વધારે અગત્યનાં બે પુસ્તકો છે; તે કુરઆનનો મૌલવી મોહમદઅલીએ કરેલો અંગ્રેજી તરજુમો અને સહીબુખારીનું તેમણે જ ઉર્દુમાં કરેલું ભાષાન્તર છે.

અહમદિયાનું પ્રચારકેન્દ્ર લાહોરમાં તથા કાદિયાનીઓનું કાદિયાનમાં છે.

આ સંપ્રદાયનું નેતૃત્વ મીરઝા ગુલામ અહમદના અવસાન પછી તેમના પુત્ર બશીર અહમદ સંભાળી રહ્યા છે.

બાબીઓ :

આ સંપ્રદાય પણ ઇસ્લામનો અર્વાચીન યુગનો એક ફાંટો છે. તેનાં સ્થાપક સૈયદઅલી મોહમ્મદ શીરાઝી ૧૮૨૦માં ઈરાનમાં જન્મ્યા હતા. તેમના ઉપનામ 'બાબ' ઉપરથી તેમનો સંપ્રદાય "બાબી" કહેવાય છે.

તેમના વિશિષ્ટ સિદ્ધાંતો છે કે સ્ત્રીઓને પણ પુરુષો જેવા જ સમાન હક્ક હોવા જોઈએ. સ્ત્રીઓનો પરદો, છોકરાઓની સુન્નત-વિધિ–circumcision—સ્ત્રીઓના માસિક અટકાવ અને મુસલમાનોનાં કપડાં-લત્તાં પહેરવાના સૌ નિયમો રદ્દ કરવા જોઈએ.

આ સૂચવેલા સુધારામાં નવીનતા કંઈ જ નથી. ઇસ્લામ કુરઆનમાં સ્પષ્ટ રીતે બોધે છે કે જેવા પુરુષોના હક્ક સ્ત્રીઓ સામે છે તેવા જ હક્ક સ્ત્રીઓને પુરુષો સામે છે. ઇસ્લામનો પરદો માત્ર મલાજો—આમન્યા જાળવવા પૂરતો જ છે. અરબસ્તાનમાં સ્ત્રીઓ મ્હોં અને હાથનાં કાંડાં ખુલ્લાં રાખી બજારનું કામકાજ કરે છે અને તુર્કી, ઈરાન અને હવે તો મિસરમાં પણ પરદાનો બહિષ્કાર થઈ રહેલો છે. ગુજરાતમાં કેળવાયલાં કુટુંબોમાં તેની શરૂઆત થયેલી છે. સ્ત્રીઓના માસિક અટકાવ માટે હિન્દુઓની માફક

મુસલમાનોમાં કોઈ અસ્પૃશ્યતા છે જ નહિ અને પહેરવેશ તો પ્રત્યેક દેશમાં તેની આબોહવા અનુસાર હોય છે. કુરઆનમાં સૌ માટે એકસરખો કોઈ પોશાક ફરજિયાત ઠરાવેલો નથી.

આ નવીન બાબી સંપ્રદાયમાં કુરઆનમાં બંધ કરેલી વ્યાજ લેવાની છૂટ આપેલી છે. કુરઆનમાં ભલે વ્યાજની બંધી હોય, પરંતુ વ્યવહારમાં મુસલમાનો તેની અવગણના કરતા જણાય છે.

આ સંપ્રદાયની ખાસ વિશિષ્ટતા તેણે 'ઓગણીસ'ની સંખ્યાને અર્પેલા મહત્ત્વમાં છે; 'બિસ્મિલ્લા હિર રહમાન નિર રહીમ'ના અક્ષરો ૧૯ છે તેથી. આ પંથના અનુયાયીઓ માટે દર વરસે માત્ર ૧૯ દિવસના રોજા ફરજિયાત ઠરાવેલા છે. તે તો ઠીક, ફરજિયાત રોજા પણ હવે વ્યવહારમાં મરજિયાત જેવા જ થઈ ગયેલા છે; પરંતુ આ સંપ્રદાય વિશેષ બોધે છે કે વરસના ૧૯ મહિના હોવા જોઈએ. અને દરેક મહિનાના દિવસ પણ ૧૯ જ હોવા જોઈએ. આ સુધારો દુનિયા માન્ય કરે તેમ લાગતું નથી. તેમ ના થાય ત્યાં સુધી તેનો કોઈ અર્થ નથી. તેમના ધર્મપુસ્તકનું નામ 'બયાંન' છે.

આ સંપ્રદાયના સ્થાપકને ૧૮૫૦માં ઈરાન સરકારે ફાંસી આપી હતી.

બહાઈઓ :

મજકુર 'બાબ'ના મુખ્ય મુરીદ બહાઉલ્લાહનો જન્મ ૧૮૧૭માં થયો હતો. તેમણે તેમના પીરનો પંથ ચાલુ રાખ્યો હતો. તેમણે લખેલા પુસ્તકનું નામ 'કિતાબુ'લ અકદસ'— "પવિત્ર પુસ્તક" છે.

તેમણે અખિલ જગત માટે એક જ ભાષા હોવાનો બોધ કર્યો હતો. આ દિશામાં Esperantoની એક સંક્ષિપ્ત નોંધ નીકળેલી છે. તે હજી સર્વમાન્ય થયેલી નથી.

તેમણે બીજી ભલામણ એકપત્નીત્વની કરેલી છે. પ્રત્યેક સુધરેલા દેશમાં તે સિદ્ધાંત તરીકે પળાય છે. હવે તો તુર્કી, ઈરાન વગેરે મુસ્લિમ દેશોમાં પણ તેનો સ્વીકાર થયેલો છે.

ઇસ્લામમાં મસ્જિદ બહાર પણ ઘેર અને ગમે ત્યાં નમાઝ પઢી શકાય છે, તેથી બહાઉલ્લાહે બોધ્યું હતું કે મસ્જિદોની કોઈ જરૂર નથી. મસ્જિદો ધાર્મિક દૃષ્ટિએ બંદગી માટે છે પરંતુ સામાજિક દૃષ્ટિએ પણ, તેની ઉપયોગિતા છે. ત્યાં દિવસમાં પાંચ વખત મળવાથી લોકોનું પરસ્પર ઓળખાણ થાય છે, તેના અનેક ફાયદાઓ છે.

ખાનપાન માટે બહાઉલ્લાહનું કહેવું હતું કે માણસને રુચે તે ખાણાપીણા સામે વાંધો હોવો જોઈએ નહિ. ઇસ્લામે તેમ જ ઠરાવેલું છે. માત્ર તંદુરસ્તીને નુકસાન કરે તેવું ગંદા ડુક્કરોનું માંસ અને નિશા ઉપજાવે તેવાં પીણાં બંધ કરેલાં છે.

બહાઉલ્લાહ પછી તેના પુત્ર અબ્બાસ એફેન્દીએ 'અબ્દુલ બહા' અને "ગૈસુલ આઝમ"નાં ઉપનામ ધારણ કરી, પિતાનું પ્રચારકાર્ય ચાલુ રાખ્યું હતું. અબ્બાસ થોડા જ વખતમાં તેના ઓરમાન ભાઈ મોહમ્મદઅલી સાથે ઝઘડ્યો હતો. આ મોહમ્મદઅલીએ તેના ભાઈની માફક 'મૌસુલ અકબર'નું ઉપનામ ધારણ કર્યું હતું.

આ સંપ્રદાય અમેરિકામાં ફેલાયો છે; મોહમ્મદઅલીના અનુયાયી-

એને ત્યાં ' મુવાહેદીન '–'એક અલ્લાહમાં માનનારા ' કહે છે. અબ્બાસના અનુયાયીઓ તેમનો બહિષ્કાર કરે છે.

આ બહાઈ સંપ્રદાયમાં ઇસ્લામ, ખ્રિસ્તી ધર્મ, યહૂદી ધર્મ, બૌદ્ધ ધર્મ, ફ્રીમેસન પંથ અને થિયૉસૉફીમાંથી ચૂંટી કાઢી સર્વમાન્ય સિદ્ધાંતો એકત્ર કરેલા છે. આમ તેમનો આશય દુનિયાભર માટે ' સર્વસામાન્યધર્મ ' સ્થાપવાનો લાગે છે.

તેમના હાલના અમેરિકન પ્રચારક ડૉ. ઇબ્રાહીમ જ્યૉર્જ ખયરૂલ્લાહ છે. તે એશિયા માઇનોરના લેબેનોન પ્રાન્તના ખ્રિસ્તી છે.

અબ્બાસ એફેન્દી ૧૯૧૨માં અમેરિકા ગયો હતો. તે ૧૯૨૧માં પેલેસ્ટાઇનના હૈફામાં ગુજર્યો હતો. અંગ્રેજ સરકારે તેને ' સર 'નો ઇલ્કાબ આપેલો હતો.

પ્રકરણ ૪

સીદીઓ

સીદીઓ અથવા માલિકો જેમને આબીસીનિયાના 'હબશીઓ' પણ કહે છે, તે ગુજરાતમાં સઘળે સ્થળે થોડી થોડી સંખ્યામાં મળે છે. તેઓ મૂળ તો હિન્દમાં ગુલામો તરીકે આણેલી મુખ્યત્વે આફ્રિકાના સોમાલી કિનારાની જુદી જુદી જાતોના સીદીઓ છે.

તેમના બે વર્ગ છે; નવા આવેલા 'વિલાયતીઓ' અને અહીં જન્મેલા 'મુવલ્લદ' (વલદ=જન્મેલા), તેઓ બીજાઓ સાથે ભાગીતૂટી હિન્દુસ્તાની ભાષા બોલે છે, પરંતુ તેમનામાં અંદર અંદર સોમાલી બોલી બોલે છે. આ બોલી આબીસીનિયન નથી પણ સોમાલી છે. તેમની રહેણીકરણી મુસલમાનોની બીજી ઊતરતી પંક્તિની જાતોની રહેણીકરણી જેવી હોય છે. તેઓ ઉત્તર ગુજરાતમાં, કેટલોક વખત દશેક ફીટ પરીઘનાં માટીની દીવાલોવાળા અને ઘાસના છાયેલા છાપરા-વાળા ગોળ ઝૂંપડામાં રહે છે. તેવા ઝૂંપડાંને 'કૂબા' કહે છે, તેમનામાં સ્ત્રીઓ અને પુરુષો બન્નેનો પોશાક મુસલમાનોના હલકા વર્ગોના પોશાક જેવો હોય છે. તેઓ ખાનગી કુટુંબોમાં નોકરીઓ કરીને અથવા ભીખ માગીને ગુજરાન કરે છે. તેમનામાં જે નોકરી કરે છે તે વર્ગ મિતાહારી હોય છે, અને સુઘડ રહે છે. બીજા એક વર્ગ તરીકે વ્યસની, કજિયાખોર, ગંદા, ઉડાઉ અને મોજીલા હોય છે. જકકીપણું તેમનું મુખ્ય લક્ષણ હોય છે. તે માટે કહેવત છે કે 'હબશીકી મૂઠ' (મૂઠી=પકડ), 'હબશીકા બાલ બાંકા' એ બીજી કહેવત છે. ધંધા-દારી નાટકિયા સિવાય, ગુજરાતના મુસલમાનોમાં સીદીઓ એક જ

કોમ છે, તેઓ નાચવાગાવામાં ગુલતાન રહે છે. એક વર્ગ તરીકે તેઓ ગરીબ છે.

તેઓ મઝહબે સુન્ની હોય છે પણ ધાર્મિક વૃત્તિવાળા હોતા નથી. તેમનામાં થોડાક જ કુરઆન પઢી જાણે છે અથવા નમાઝ પઢવાની દરકાર કરે છે.

તેઓ બાબા ઘોર નામના આબીસીનિયાના પીર અને શાહ સોદાગરને માને છે. એ પીરનો રોજો રાજપીપલા સ્ટેટના પશ્ચિમ ભાગમાં રતનપુરની અકીકની ખાણો પાસે એક ડુંગર ઉપર છે.

સીદીઓમાં બીજાઓનું અનુકરણ કરવાની શક્તિ બહુ ધ્યાન ખેંચે એવી હોય છે. ગુલામોના વહાણ ઉપરથી જુવાન સીદીઓની એક ટોળી એક વખત સુરતમાં લાવવામાં આવેલી હતી. તેમણે તેમના ખ્રિસ્તી, પારસી, હિન્દુ અને મુસલમાન માલિકોની બોલી અને રીતભાત એકસરખી ત્વરાથી શીખી લીધી હતી.

લગ્ન અને એવા બીજા માંગલિક પ્રસંગોએ સ્ત્રીઓ અને પુરુષો ઢોલ અને ઝુનઝુના વગાડતા ગાય છે અને નાચે છે. તેમનું ઝુનઝુના વાજુ—તૂમડાનું બનાવેલું વાજું તેના ઉપર તાંત તંગ બાંધીને, તેને એક છેડે મોરનાં પીંછાં બાંધી, વાજાને કાચના જૂના મણકા અને છીપોથી શણગારી, તે ફૂટી જાય નહિ તેમ તેને નજર-પ્રૂફ બનાવેલું હોય છે. તેને કમાન અથવા લાકડીથી વગાડવામાં આવે છે. તે કમાનને એક છેડે કાચલીમાં ભરેલા નાના નાના કાંકરા ઘૂઘરા માફક વાગે છે. સીદીઓ તેમનાં વાજિંત્રોને ઘણું ધાર્મિક માન આપે છે. તેથી તેઓ શરીરે પવિત્ર ના હોય ત્યાં સુધી તેને અડતા નથી. તેઓ ઝુનઝુનાને મિસરી વાજું અને મોટા ઢોલને તેમના પીર બાબા ઘોરનું વાજું કહે છે. તેઓ માને છે કે

તેઓ સ્ત્રી-સંગ કરવાને લીધે, શારીરિક અપવિત્ર સ્થિતિમાં જો તે વાજાને બેદરકારીથી અડકે તો મિસરીમાં અથવા બાબા ઘોર તેમને શિક્ષા કરે છે.

બાબા ઘોર માટે જૉહ્ન કોપલેન્ડ ૧૮૧૪માં લખે છે કે દંત-કથા અનુસાર, તે ઘોર વંશના એક શાહઝાદા હતા. તેઓ આ દેશમાં એક ધાર્મિક યુદ્ધમાં શહીદ થયા હતા.

હાલ બાબા ઘોરનો રોજો છે. ત્યાં અગાઉ એક માખણ દેવી રહેતી હતી. તેની પાસે પચાસ મણ ઘીનો એક દીવો નિરંતર બળ્યા કરતો હતો. તેનો પ્રકાશ એટલો બધો પડતો હતો કે હઝરત મોહમ્મદ પયગમ્બર સાહેબે (સલ.) બાબા ઘોરને તેની તપાસ કરવા મોકલ્યા હતા. બાબા ઘોર રતનપુર આવ્યા એટલે માખણ દેવી જમીનમાં ઊતરી ગઈ હતી. બાબા ઘોર તે જગા ઉપર બેસી ગયા હતા, અને કેટલાક ચમત્કારો બતાવ્યા હતા. હજી પણ તેમના ચમત્કારો ચાલુ છે. જંગલનો વાઘ સુદ્ધાં તેમની આમન્યા માને છે; એટલે સુધી કે તે કોઈના ઉપર હુમલો કરવાની તૈયારીમાં હોય અને તે માણસ તેને બાબા ઘોરની આણ દે તો તે વાઘ તેને ઇજા કર્યા વિના ચાલ્યો જાય છે.

બાબા ઘોરના રોજા પાસે એક રાયણનું ઝાડ છે. તેની ડાળીઓ એકબીજા સાથે ગુંચાઈને તેનું એક વર્તુલ બની ગયું છે. એવી માન્યતા પ્રચલિત છે કે કોઈ શકદાર ગુનેગારને તે વર્તુલમાંથી પસાર કરવામાં આવે તો, જો તે નિર્દોષ હોય તો તે વર્તુલ વિકસિત થાય છે અને તે તેમાંથી સલામતિથી પસાર થઈ જાય છે; પરંતુ જો તે ગુનેગાર હોય તો તે વર્તુલ સંકોચાઈને તેને પોતાની અંદર મજબૂત પકડી લે છે.

સીદીઓ જ્યારે માગવા નીકળે છે ત્યારે તેઓ દશ પંદર જણની ટોળીઓમાં ઢોલ વગાડતા અને બાબા ઘોરની તારીફ ગાતા ગાતા ફરે છે.

તેઓ તેમનામાં જ અંદર અંદર પરણે છે. પરંતુ અહીં જન્મેલા સીદીઓ નવા આવનાર વિલાયતીઓને તેમના કરતાં શ્રેષ્ઠ સમજે છે, તેથી તેવા વિલાયતીઓને દીકરીઓ પોતાનાં કુટુંબોમાં સુખી થશે નહિ, તેમ માની તેમની માગણી લગ્ન માટે કરતા નથી. તેઓ જૂથમાં રહે છે. પણ તેમનામાં કોઈ મુખી હોતો નથી. તેમની જમાતમાં જૂજ કાનૂનો હોય છે.

સીદીઓ તેમનાં છોકરાંને કેળવણી આપતા નથી તેથી તેમનામાંથી કોઈ ભિખારી કે નોકરોની સ્થિતિથી ઊંચે ચઢી શક્યા નથી. પરંતુ, હિન્દના ઇતિહાસમાં, સીદીઓ ઉંચી પદવીઓ મેળવી સત્તાધારી થયા હોય, તેવા ઘણા દાખલાઓ મળે છે. સુલ્તાન રઝિયા બેગમ (૧૨૩૯)નો માનીતો અશ્વપાળ, જેને સાટે તેણે પોતાનું તાજ ગુમાવ્યું હતું, તે સીદી હતો. અહમદનગરનો વઝીર મલિક અંબર, જેને મોગલોએ, તેની તેમના સામેની અનેક જીતોને લીધી, ' તિરસ્કૃત 'નું ઉપનામ આપ્યું હતું, તે સીદી હતો. તેની જ રેવન્યુ ખાતાની જમીન માપણી અને આંકવારી શેરશાહના અને પાછળથી અક્બરના અમીર ટોડરમલે અપનાવી હતી. તે જ પ્રમાણે, ગુજરાતના અમીર ઝુઝારખાન, જેણે ૧૫૬૮માં ચંગીઝખાનને કતલ કર્યો હતો, તે સીદી હતો. એ ચંગીઝખાન એટલો સત્તાધારી થયેલો હતો કે તેણે ગુજરાતનું સુલ્તાનપદ લગભગ પોતાના હાથમાં કરી લીધું હતું. આ ઝુઝારખાન ત્યાર પછીથી, ૧૫૭૪-૭૪માં, જ્યારે અક્બરે ગુજરાત જીતી લીધું ત્યારે કતલ

થયો હતો. જંજીરા અને સચીનના નવાબો સીદીઓ હતા. છેક ૧૮૨૦માં ખંભાતનો વતની સીદી ઇસ્માઇલ ઉત્તર ગુજરાતમાં રાધનપુરના બાબી નવાબોના દિવાન તરીકે લાંબા વખત સુધી જોરદાર હતો. જૂનાગઢ સ્ટેટમાં કેટલાક સીદી અમીરો હતા. દિલ્હી અને લખનાના સીદી અમીરો ૧૯૫૭ની ક્રાંતિ સુધી સુપ્રસિદ્ધ હતા.

પ્રકરણ ૧૧

વહ્હાબીઓ

ઇસ્લામની દીની બાબતોમાં મતભેદ પાડનારા Dissenters વહ્હાબીઓ પોતાને 'ગયર મુકલ્લિદ' બીજાનું અનુકરણ નહિ કરનારા અથવા એહલે હદીસ 'હદીસમાં માનનારા' તરીકે ઓળખાવે છે. તેઓ હજી જુદી કોમ તરીકે વર્તતા નથી. છતાં તેમણે અત્યાર અગાઉ ગુજરાતમાં સારી પ્રસિદ્ધિ મેળવેલી છે.

તેમનું 'વહ્હવાબી' ઉપનામ તેમના સંપ્રદાયના સ્થાપક અબ્દુલ વહ્હાબના નામ ઉપરથી પડયું છે. એ અબ્દુલ વહ્હાબ અરબસ્તાનના અલ અરીદ પ્રાન્તની અબ્દુલવહ્હાબ નામની કોમ અને નજ્દ પ્રાન્તની ખેતીવાડી કરનારી તમીમ નામની કોમના નાનકડા સરદાર હતા. તેમનો જન્મ હિ. ૧૧૨૦ = ઈ. સ. ૧૬૯૧માં થયો હતો. તેમણે ઇસ્લામમાં વહ્હાબી મતાન્તરની શરૂઆતી કરેલી હતી. પહેલાં નજ્દના અને અત્યારે આખા અરબસ્તાનના સુલ્તાન ઇબ્ને સઊદ આ પંથના છે.

ઇસ્લામમાં પ્રવેશ કરી ચૂકેલા દુરાચારો અને હાજિઓના ઢોંગ ધતુરાનું સચોટ અવલોકન કરી, અબ્દુલવહ્હાબે ધૈર્ય અને વકતૃત્વથી બોધ કરવાથી તેમની જન્મભૂમિમાંથી તુર્કી સલ્તનત તરફ હાંકી કહાડવવામાં આવ્યા હતા. પોતાના મિત્ર દિરૈયાના શેખની મદદથી, તેમણે તેમનો ઉપદેશ તલ્વારની ધારથી ફેલાવવાનો નિશ્ચય કર્યો હતો. અસ્તોદયવાળું જીવન ગાળી, તેઓ ૧૭૮૭માં દિરય્યામાં અવસાન પામ્યા હતા.

તેમના પુત્ર અબ્દુલઅઝીઝે લશ્કર જમાવી તેમનું આ જીવનકાર્ય–વહ્હાબી સત્તા ઘણી ફેલાવી હતી. અઢારમી સદી પૂરી થતાં તો મક્કા શરીફની સરકારના શરીફે તેમને ભિન્ન કોમ તરીકે સ્વીકાર્યા હતા, અને તેમને કા'બા શરીફની હજ પઢવા દીધી હતી. દરમ્યાન, તેમની વધતી જતી સત્તાથી અને તેમના શત્રુભાવથી તુર્કીના સુલ્તાન ચોંકી ઊઠ્યા હતા. તેથી ૧૭૯૭માં સુલ્તાન તરફથી તેમના સામે લશ્કર મોકલવામાં આવ્યું હતું. આ લશ્કર તૈયાર કરવામાં અને તેને રણમેદાનમાં મોકલવામાં એટલી બધી અવ્યવસ્થા થઈ હતી કે તે ચઢાઈ નિષ્ફળ નીવડી હતી. તેથી ૭ વર્ષ માટે તેમની સાથે સુલેહ કરવામાં આવી હતી. પરંતુ, એ ૭ વર્ષની મુદ્દત પૂરી થતાં પહેલાં, અબ્દુલ અઝીઝના પુત્ર સઊદે, ૧૮૦૧માં કરબલા શરીફ ઉપર હુમલો કરીને તે જીતી લીધું હતું અને ત્યાંનો હઝરત ઇમામહુસેન (રહ)નો રોજો શહીદ કરી નાખી (પાડી નાખ્યો) તેમાંનો ખજાનો ઉપાડી ગયા હતા. પછી, તેમણે ૧૮૦૨માં, હ. પયગમ્બર સાહેબ (સલ.)ના કાકા હઝરત અબ્બાસ (રઇ.)નો તાયફમાં આવેલો રોજો શહીદ કર્યો હતો, અને ૧૮૦૩માં ખુદ મક્કા શરીફમાંના કા'બા શરીફનો કબજો કર્યો હતો. તે જ સાલમાં તેમણે મદીના પણ જીતી લઈને ત્યાંના હ. પયગમ્બર સાહેબ(સલ.)ના મુબારક રોજાનો ઘુમ્મટ શહીદ કરી નાખ્યો હતો, અને બીજી પણ કેટલીક દરગાહો શહીદ કરી, દુનિયાની મુસ્લિમ જનતાની લાગણી દુભાવી હતી.

બકીઅ શરીફ જનાબ પાસે કબરો - ૯૨૭ તોડાવી હતી.

ધાર્મિક પવિત્રતા ભ્રષ્ટ કરવાના આ આક્રમણોથી ઇસ્લામી રાજ્યો વહ્હાબીઓને દબાવી દેવા એકત્ર થયાં હતાં. ત્યાર પછી, વિજયના જૂજ પ્રસંગો સિવાય, તેમણે પકડાઈ જવાની બીકથી નાસતાફરતા બહારવટિયા જેવું શેષ જીવન ગુજાર્યું હતું. ૧૮૧૨માં મિસરના પાશા મોહમ્મદઅલીએ અંગ્રેજોની મદદથી

સઊદના પુત્ર અબ્દુલ્લાને હરાવી, પકડી, તેને કોન્સ્ટેન્ટિનોપલ મોકલી દીધો હતો. ત્યાં તેને ૧૮૧૮માં 'કાફર '–heretic અને બંડખોર ઠરાવી દેહાંતદંડની શિક્ષા કરવામાં આવી હતી. આ પ્રમાણે પરાજય પામી સત્તાહીન થયા છતાં, વહ્હાબીઓ ધીરે ધીરે ફરી પગભર થયા હતા, અને અરબસ્તાનના નજ્દ પ્રાન્તના ફરિયાદમાં પોતાની રાજ્યસત્તાનું કેન્દ્ર જમાવી તેમણે નિરાળી અને વિશિષ્ટ કોમ તરીકે પોતાની હસ્તી સાબિત કરી હતી. ત્યાર પછી પહેલા વિશ્વયુદ્ધ સમયે ૧૯૧૪માં મક્કાના શરીફને હરાવી, મક્કા–મદીનાનાં પવિત્ર સ્થળોનો કબજો કરી, પછી આમ અરબસ્તાન ઉપર પોતાની પકડ જમાવી, આખા અરબસ્તાનના સુલ્તાન થયા છે.

ઇસ્લામના સઘળા પંથોમાં વહ્હાબીઓનો પંથ ધાર્મિક માન્યતાઓમાં સૌથી વધારે રૂઢિચુસ્ત orthodox છે. તેઓ કુરઆન સિવાય બીજું કંઈ જ માનવા ના પાડે છે. હદીસો અને ઘણીખરી ધાર્મિક વિધિઓનો તેઓ તિરસ્કાર કરે છે. વળી ઓલિયાઓની માન્યતાઓને તેઓ તરછોડી કાઢે છે. ખુદ પયગમ્બર સાહેબ(સલ.)ના મુબારક રોજા પાસે પણ માત્ર ફાતેહા પઢવા સિવાય બીજી કોઈ પણ વિધિ તેઓ કરવા દેતા નથી. મક્કા શરીફની હજ તો તેમણે હજી સુધી ચાલુ રહેવા દીધી છે, પરંતુ તેમાં પણ ઘણી સાદાઈ આવી ગઈ છે.

તેઓ સઘળા મોજશોખને તિરસ્કારે છે અને ઇસ્લામમાં નહિ માનનારા—'કાફરો' સામે જિહાદ કરવાની તેઓ આવશ્યક ફરજ માને છે. આ છેલ્લો કાનૂન હિન્દી વહ્હાબીઓને લાગુ પડે છે કે કેમ તે માટે તેમના નેતાઓમાં મતભેદ છે.

કયામતને દિવસે હ. પયગમ્બરસાહેબ(સલ.) અલ્લાહ તાલા

પાસે દુઆ કરીને સૌ મુસલમાનોના ગુના બક્ષાવશે, એ સુન્ની માન્યતાનો તેઓ ઇન્કાર કરે છે. તેઓ સુન્નીઓના ચાર ઇમામોમાં માનતા નથી.

આ પંથ હિન્દમાં ૧૮૨૧માં આવ્યો હતો અને ૧૮૫૭ની રાજ્યક્રાન્તિમાં તેમના આગેવાનોએ જે ભાગ ભજવ્યો હતો તેથી તેમની અગત્ય વધી હતી. પરંતુ એ 'બળવો' અંગ્રેજોએ શમાવી દીધા પછી, એ ક્રાન્તિનાં કેટલાંક રમખાણોમાં 'મૌલવી' ઉપનામથી ઓળખાતા તેમના જે આગેવાને આગળ પડતો ભાગ લીધો હતો, તેમના મુખ્ય નાયબ મૌલવી લિયાકતઅલી ગુજરાત તરફ આવ્યા હતા અને બીજું નામ ધારણ કરીને વહ્હાબી ઉપદેશક તરીકે તેઓ ફરતા રહ્યા હતા. તેમનો સારો સત્કાર થયો હતો અને તેમણે તેમના પંથમાં ઠીક ઠીક સંખ્યામાં અનુયાયીઓ મેળવ્યા હતા. એવામાં તેઓ પકડાઈ ગયા હતા અને એ બળવામાં તેમણે જે ભાગ લીધો હતો તે માટે તેમને જીવન પર્યંતની દેશનિકાલની સજા કરવામાં આવી હતી.

લિયાકતઅલી પકડાઈ ગયા પછીથી ગુજરાતમાં વહ્હાબીઓની પ્રગતિ પાંગળી થઈ ગઈ હતી; પરંતુ ૧૮૭૫ પછીથી તેમનામાં પુનઃ જાગૃતિ આવેલી છે. તેમના કેટલાક ઉપદેશકો જૂજ અનુયાયીઓ સાથે મધ્ય હિન્દથી ગુજરાતમાં આવેલા છે અને તેમના મઝહબી અકીદાઓ (સાંપ્રદાયિક માન્યતાઓ) ફેલાવવામાં તેમને સારી કામયાબી મળેલી છે. તેમના મઝહબમાં દાખલ થનારા ગુજરાતના ઉત્તર અને દક્ષિણ ભાગના વેપારી વહોરાઓ અને ગુજરાતના દક્ષિણ ભાગના ખેડૂત વહોરાઓ મળી લગભગ બધા જ સુન્ની વહોરાઓ છે. દક્ષિણ ગુજરાતના સુન્ની વહોરાઓ સામાન્ય રીતે ધાર્મિક વૃત્તિવાળો વર્ગ હોવાથી તેમણે વહ્હાબી અકીદાઓ ત્વરાથી સ્વીકાર્યા

છે અને વહ્હાબી મૌલવીઓની દોરવણી નીચે તેમણે ઘણા સામાજિક સુધારા અંગીકાર કર્યા છે.

ઉપર, આ સંપ્રદાયમાં માનનારાને વહ્હાબીઓ તરીકે ઓળખાવ્યા છે, પરંતુ તેઓ પોતાને તે નામથી નહિ પણ ગયૂર મુકલ્લિદ તરીકે ઓળખાવવાનું વધારે પસંદ કરે છે, બલ્કે તેઓ તેમના 'વહ્હાબી' ઉપનામ માટે ખૂલો અણગમો દર્શાવે છે.

'ગયૂર મુકલ્લિદ' એટલે 'મુકલ્લિદ' નહિ તે. 'મુકલ્લિદ' તેને કહેવામાં આવે છે, જે કોઈ પણ ધાર્મિક બાબતનો ખુલાસો કુરઆન કે હદીસમાંથી મળે નહિ તો ઇસ્લામી શરીઅતનાં બીજાં સાધનો 'ઇજ્મા' અને 'કિયાસ'માંથી મળતો તેનો ઉકેલ સ્વીકારે છે. 'ઇજ્મા' એટલે કુરઆન અને હદીસનો નિષ્ણાતોનો સમગ્ર રીતે થતો અભિપ્રાય. 'કિયાસ' એટલે તેવા નિષ્ણાતોનું અમુક ધાર્મિક બાબત વિશે દોરેલું અનુમાન. તેથી માત્ર કુરઆન અને હદીસોમાં માનનારા અને ઇજ્મા અને કિયાસમાં નહિ માનનાર, 'ગયૂર મુકલ્લિદ' કહેવાય છે. અલિગઢ કોલેજ અને તેની પાછળથી વિકસેલી યુનિવર્સિટીના સ્થાપક સર સૈયદ અહ્મદ આવા 'ગયૂર મુકલ્લિદ' હતા. તેથી તો સુન્ની ઉલમાઓ હમેશાં તેમના વિરુદ્ધ અને તેમણે સ્થાપેલી કોલેજનો સતત વિરોધ કરતા હતા.

પરંતુ જસ્ટીસ સૈયદ અમીરઅલી કહે છે કે 'ગયૂર મુકલ્લિદ'ની માન્યતા મનુષ્યના હૃદયના સૌથી અંતર સ્થાનમાંથી ઉદ્‌ભવે છે એ, ઉદ્દેશથી કે સ્થાપિત સંપ્રદાયના સંકુચિત પિંજરમાંથી મુક્તિ મેળવી શકાય 'ગયૂર મુકલ્લિદ' ખ્રિસ્તી ધર્મની પરિભાષામાં non-conformist એટલે સ્થાપિત મઝહબી કાનૂનોમાં નહિ માનનારો છે છતાં ગયૂર મુકલ્લિદ સુન્નીઓના અન્ય

નામધારીઓ કરતાં વિશેષ તત્ત્વજ્ઞાની અને વિશેષ બુદ્ધિસ્વાતંત્ર્યવાદી હોય છે. જસ્ટીસ અમીરઅલી પોતે એવા જ 'બુદ્ધિસ્વાતંત્ર્યવાદી'માંથી મોઅતઝેલા rationalist હતા. તેથી તેમનો આ અભિપ્રાય તેમના પૂર્વગ્રહથી રંગાયલો માનવો હોય તો માની શકાય તેવો છે.

એક બીજા ઇસ્લામના પ્રમાણભૂત લેખક સર ડેનીસન રૉસ કહે છે. કે વહ્હાબી સંપ્રદાયની ભૂલ 'ઇજ્મા'ના સિદ્ધાંતનો ઇન્કાર કરવાની અથવા ઓછામાં ઓછી તેનો મનસ્વી અમલ કરવાની હતી. સુન્નીઓ તેમના સામે હમેશાં સખત ટીકાઓ કરે છે, કારણ કે વહ્હાબીઓ બીજા બધા મુસલમાનોને 'કાફિર'—hereticsનું ઉપનામ આપવા તત્પર હોય છે, ખર્ચમાં કરકસર કરવાના દેખીતા સારા નિયમનું પાલન કરવામાં તેઓ એટલી ચુસ્તતા દર્શાવે છે કે ઘણી વખત તેઓ મર્યાદા ઓળંગી જાય છે તેમ જ તેમના વિરોધીઓ સામે અંગત જબરદસ્તી વાપરવામાં અને ઇસ્લામનાં પરંપરાથી ચાલતા આવેલાં સ્મારકો અને સંસ્થાઓ સામે અત્યાચાર વાપરવામાં તેઓ પાછું વળીને જોતા નથી.

પરંતુ નિરપેક્ષ દૃષ્ટિથી વિચારતાં, તેમનો ભિન્ન સંપ્રદાય કહી શકાય નહિ. તેઓ ઇસ્લામના દૃઢ માર્ગોમાં છેલ્લે પાટલે બેસનારા છે. પરંતુ તે સાથે તેઓ તેની અખંડ શુદ્ધિનું સંરક્ષણ પણ કરનારા છે. એક રીતે તેઓ સુન્નીઓના ચોથા ઇમામ હંબલની હંબલી શાખાની અંતિમ પૂર્વ પાંખરૂપે છે. પરંતુ કેટલાંક વર્ષો થયાં તેમનો આ પ્રચાર કંઈક મંદ પડ્યો લાગે છે.

———

પ્રકરણ ૧૨

હીજડાઓ

હીજડાઓ કાળી અથવા કાલિકા માતાની બ્હેન બ્હેચરાજી વા બહુચરાજી દેવીના ખાસી કરેલા પુરુષ પૂજારીઓ છે. તેમના પુરુષત્વનું બલિદાન આપવાના તેમણે સોગંદ લીધેલા હોય છે. તેથી તેઓ પોતાને ખાસી કરાવે છે, એટલું જ નહિ પરંતુ ત્યાર પછીથી તેઓ હંમેશાં સ્ત્રીઓનો જ પોશાક પહેરે છે. તેથી તેઓ દાઢી મૂછના વાળ તોડી નાખે છે અથવા તેની હંમેશાં હજામત કરાવે છે. તે ઉપરાંત, તેઓ સ્ત્રીઓનો સ્વાંગ પૂરો ભજવવા સ્ત્રીઓને યોગ્ય વાળીઓ પહેરવા નાક, કાન વીંધાવે છે. બોલવાચાલવામાં પણ તેઓ સ્ત્રીઓનું જ અનુકરણ કરે છે.

વ્યંડળ થવાના સોગંદ અથવા માનતાઓ તો ઘણી વખત માતાઓ પોતે, પોતાને લાંબા વખત સુધી પુત્ર નહિ થવાથી, વંઝાદોષ દૂર કરવા, પોતાનાં સંતાનો માટે પોતે જ માનતી હોય છે, અને કવચિત્, છોકરો પોતે પણ કોઈ ભારે મંદવાડમાંથી ઊઠ્યા પછી આવી બાધા માને છે.

ગુજરાતના દક્ષિણ ભાગના હીજડાઓ ઘાઘરા સાડલા પહેરે છે; પરંતુ, નર્મદા નદીની ઉત્તરના પ્રદેશના હીજડાઓ મુસલમાન સ્ત્રીઓ જેવાં કપડાં પહેરે છે; જાણે પોતે ખરેખર સ્ત્રીઓ જ હોય તેવી રીતે તેઓ વર્તે છે, અને કેટલાક તો સૃષ્ટિક્રમ વિરુદ્ધ મૈથુનને પોતાનું જીવન અર્પણ કરી, તેની કમાઈ ઉપર જીવે છે.

હીજડા કરવાની ક્રિયા, અમદાવાદથી ઈશાન ખૂણામાં સંખનપુર નામના ગામમાં, બહુચરાજી માતાના મંદિરમાં થાય છે. નવો ઉમેદવાર, કોઈ જૂના હીજડા સાથે, તેના વાલીપણામાં ત્યાં જાય છે. તે નવા છોકરાને, તેના વાલી હીજડાની છોકરી તરીકે ઓળખાવવામાં આવે છે. તેનો ક્રિયાકાંડ ગુપ્ત રાખવામાં આવે છે. કહેવાય છે કે આ શસ્ત્રક્રિયા તથા હીજડાના સંઘમાં તેને દાખલ કરવાની વિધિ બંધ બારણે, વારતહેવારમાં સારાં સારાં કપડાં પહેરી ભેગા થયેલા હીજડાઓની હાજરીમાં કરવામાં આવે છે. ચૂલો ચોખ્ખો કરી, નવી આગ સળગાવી, 'તલન' નામની ખાસ વાની તળવા મૂકે છે. તેનું તેલ ઉકળવા માંડે ત્યારે, મંડળીમાંથી થોડાક જણા આ નવા ઉમેદવારને સ્નાન કરાવી. સ્ત્રીનાં રાતાં કપડાં પહેરાવી, ફૂલહારથી શણગારી, ઓરડીની વચ્ચે બાજુ ઉપર બેસાડી, ઢોલ મંજિરાના તાલ સાથે ગાય છે. બીજાઓ શસ્ત્રક્રિયાનો ઓરડો તૈયાર કરે છે. આ ઓરડાના મધ્યમાં, નરમ નરમ રાખોડી પાથરી. તેનો એક ઢગ કરેલો હોય છે. શસ્ત્રક્રિયાનો સમય થાય છે ત્યારે આ નવા શાગિર્દને તે ઓરડામાં લઈ જઈ, રાખોડીના ઢગ ઉપર તેને ચત્તો સુવાડવામાં આવે છે, પછી શસ્ત્રક્રિયા કરનાર પાત્ર ચાલતો ચાલતો તેની પાસે આવે છે. મંડળીમાંના થોડાક જણ નવા થનાર હીજડાના હાથપગ મજબૂત પકડી રાખે છે. તે વખતે, શસ્ત્રક્રિયા કરનાર, જાણે કંઈ જ કરવાનું ના હોય તેમ બેદરકાર રીતે પાસે ઊભો રહે છે, અને જ્યારે સૂતેલા તેના દરદીનું ધ્યાન બીજે કંઈક રોકાયેલું હોય છે ત્યારે એકાએક, બહુ ચાલાકીથી એક જ ઝટકાથી, ઇંદ્રિય અને અંડ બન્ને એક સાથે કાપી નાંખે છે. ઘા ઉપર પોતાના મ્હોના પાનની પીચકારી મારી, ઘામાંથી વહેતું લોહી બંધ કરવા, તે ઉપર બાવળની રાખ ભભરાવે છે. આ ક્રિયામાં જીવનું જોખમ સમાયલું હોય છે. કેટલાક વખત માણસ મરી પણ જાય છે.

ગુજરાતના ઉત્તર ભાગના કેટલાક હીજડાઓ, જોકે પોતે બહુચરાજી માતાના ભક્તો હોવાનું કહે છે, તોપણ તેઓ પોતાને ખાસી કરાવતા નથી; તેમ તેઓ સ્ત્રીઓના કપડાં પણ પહેરતા નથી, પરંતુ તેઓ માત્ર દુરાચારી સ્ત્રીઓના ચાળાચટકાની નકલ કરે છે, અને તેમને પુત્ર પણ થાય છે; તેઓ માત્ર નામના જ હીજડા હોય છે. ગરીબ મુસલમાનોને ત્યાં પુત્રપ્રસવ પ્રસંગે તેઓ ગાવાબજાવવા જાય છે. આ વર્ગના હીજડાઓ અમદાવાદ અને તેના આજુબાજુના પ્રદેશોમાં જોવામાં આવે છે.

સાધારણ રીતે ગુજરાતના જે હીજડાઓને ગુજરાતનાં સ્વતંત્ર સાધનો હોય છે, તેમને સૃષ્ટિક્રમ વિરુદ્ધ મૈથુન આચરવાની આવશ્યકતા રહેતી નથી તેમ છતાં આ બદીને તેઓ બદી તરીકે માનતા નથી. તેથી તેઓ તે પ્રમાણે વર્તવામાં શરમ સમજતા નથી. આ બદી ઉત્તર હિન્દુસ્તાનમાં વિશેષ જોવામાં આવે છે.

બહુચરાજીના ભક્તો તરીકે, જે જમીનો અથવા જમીનોમાંના હક્કો, દેશી રાજ્યો, ગ્રામપંચાયતો અને ખાનગી ગૃહસ્થોએ દેવીના મંદિરને અર્પેલા હોય છે, તેનો તેઓ ઉપયોગ કરે છે. તે ઉપરાંત, અમુક જ્ઞાતિઓ ઉપર નિર્ણિત વાર્ષિક ફાળા ઉઘરાવવાના હક્ક તેઓ ભોગવે છે. હીજડાઓની માગણીઓનો ઇન્કાર કરનારનું જાણે આવી જ બન્યું ! તેમની સ્થાનિક વસ્તીની આખી જમાત તે માણસના ઘરને ઘેરો ઘાલે છે, અને બીભત્સ ચાળાના ધાંધલથી તેને શરમાવી મૂકે છે.

હીજડાઓને કેટલીક વખત ' કમાલીઆ ' અથવા ' પાવૈયા ' પણ કહે છે અથવા આ બે તેમના પેટાવર્ગો છે.

કમાલીઆ :

કમાલીઆ નામ, અરબી—'કમાલ'='સંપૂર્ણ' ઉપરથી છે. પૂર્ણતાએ પહોંચેલા કમાલીઆ બહુચરાજીના પૂજારી કનોજીયા બ્રાહ્મણોમાંથી છે. તેમને દિલ્હીના બાદશાહ અલાઉદ્દીન ખીલજીએ ૧૨૯૭માં મુસલમાનો બનાવ્યા હતા. જ્યારે તેઓ ઇસ્લામમાં દાખલ થયા ત્યારે તેમના મુખીને 'કમાલ'—સંપૂર્ણનો ઇલકાબ આપવામાં આવ્યો હતો. તે ઉપરથી તેમની કોમનું એ નામ પડેલું છે.

જ્યારે તેઓ બહુચરાજી જાય છે ત્યારે તેઓ તે દેવીના નામથી ભીખ માગે છે. તેઓ સુન્નત—circumcision કરાવતા નથી. તેઓ તેમનામાં કોઈ મરી જાય ત્યારે તેની છાતી ઉપર ડામ દે છે અને પછી તેને દફન કરે છે. તે સિવાય તેમની બીજી ક્રિયાઓ હિન્દુઓની હોય છે. તેમનામાંના કેટલાક પરણેલા હોવાનું કહેવાય છે; પરંતુ તેમનામાંનો મોટો ભાગ હીજડાઓ તરીકે ગુજરાન કરે છે.

કમાલીઆ માટે મિરાતે અહમદીમાં કહેલું છે કે અમદાવાદથી ઉત્તરે ચાલીસ માઈલ ઉપર ચુણવાલ પરગણામાં, પાટણ તાબે સંખનપુર ગામમાં, તેમનું એક મંદિર છે, તેમાં કોઈ મૂર્તિ નથી, પણ તેની પશ્ચિમ તરફની દિવાલમાં એક બારી અથવા મસ્જિદમાં હોય છે તેવી મેહરાબ છે. તેને તેઓ ભવાની માતાના એક નામ બહુચરાજીના નામથી ઓળખે છે. આ મેહરાબ માટે ઘણી કથનીઓ કહેવામાં આવે છે. આ મંદિર માટે સૌથી વધારે આશ્ચર્યકારક ઘટના તો ત્યાંના પૂજારીઓની છે. તેમના બે વર્ગ છે: કમાલીઆ અને પાવૈયા. કમાલીઆ લશ્કરી માણસો માફક વર્તે છે. તેઓ બહુચરાજીનું ત્રિશૂલનું નિશાન રાખે છે. પાવૈયા વર્ગના હીજડાઓએ સ્ત્રીઓના પહેરવેશ અને તેમની રીતભાત અંગીકાર કરેલાં હોય છે.

બન્ને વર્ગ નામના મુસલમાન હોય છે. તેમના ઇસ્લામ કરતાં તો નાસ્તિકતા વધારે સારી હોય છે. આ તરફના ડાકૂ અને લૂંટારા રજપૂતો અને કોળીઓ આ લોકોને એટલું બધું માન આપે છે કે કોઈ જાન કે સંઘ સાથે તેઓ રખાવા તરીકે હોય છે તો તેઓ તેને લૂંટતા નથી. કૂકડો અને મોર આ દેવીનાં વાહન હોવાથી, તેના મંદિરમાં આ પક્ષીઓ ભેટ તરીક મૂકવામાં આવે છે. મંદિરના પૂજારીઓ એ ભેટમાં આપેલાં પક્ષીઓના રક્તથી પોતાને કપાળે તિલક કરે છે.

ઘણા લોકો આ મંદિરની માનતાઓ માને છે. તેમની ઇચ્છાઓ પૂર્ણ થતાં સુધી તેઓ ત્યાં અપવાસ કરે છે. આ મંદિરમાં આવી માનતાઓને પરિણામે ઘણા આંધળા માણસો દેખતા થયેલા છે. બીજા કેટલાક કોઈ મુરાદ બર આવવા ઉદા૦ ઘોડો મેળવવા પ્રાર્થના કરે છે અથવા માનતાઓ માને છે. તેમને તેમણે ઇચ્છેલી વસ્તુ મેળવવા અમુક વ્યકિત પાસે જવા સ્વપ્નમાં સૂચના કરવામાં આવે છે. તેની પાસે આવી માનતા માનનારને જવાનું કહેવામાં આવે છે, તેને પણ એ જ પ્રકારનું સ્વપ્ન આવે છે, જેમાં તે માગવા આવનારને ઓળખવાની નિશાની આપવામાં આવે છે, અને તે માણસને શું આપવાનું છે, તે પણ તેને તે સ્વપ્નમાં જણાવવામાં આવે છે.

પાવૈયા :

ઉપર કહેલા પાવૈયા હીજડા અથવા ફાતડા ગુજરાતના કડી પ્રાન્તમાં અને સૌરાષ્ટ્રમાં જૂના જામનગર રાજ્યમાં નાની નાની સંખ્યામાં જોવામાં આવે છે.

પાવૈયા હિન્દુ તેમ જ મુસલમાન હોય છે. તેઓ ગુજરાતની ઉત્તરે આવેલા બહુચરાજી માતાના મંદિરના અંગભૂતો છે. હિન્દુ પાવૈયા મુસલમાન પાવૈયા સાથે ખાતાપીતા નથી. તે સિવાય, તેઓ બન્ને એક જ વર્ણ તરીકે વર્તે છે.

તેમની દંતકથા અનુસાર, ચાંપાનેરના એક બારીઆ રાજાને પુત્ર-સંતતિ નહિ હોવાથી તે શોકાતુર રહેતો હતો. તે બહુચરાજીનો શ્રદ્ધાળુ ભક્ત હતો. તે દેવીની કૃપાથી તેને એક પુત્ર થયો હતો. તેનું નામ તેણે જેતો રાખ્યું હતું. જેતો જન્મથી નપુંસક હતો.

રાજાને આ પુત્ર બહુચરાજીની કૃપાથી થયેલો હોવાથી, રાજાએ તેને એ દેવીની પૂજા માટે અર્પણ કરી દીધો હતો. દેવીએ એક વખત જેતાને સ્વપ્નમાં દર્શન દઈને તેની જનનેંદ્રિય છેદી નાખવા અને ત્યાર પછીથી સ્ત્રીનાં કપડાં પહેરવાં, આજ્ઞા કરી હતી. જેતાએ તેનું અક્ષરશઃ પાલન કર્યું હતું. ત્યારથી આ વર્ગમાં એ બન્ને આચાર પ્રચલિત થયેલા છે.

આ વર્ગમાં દાખલ થવા માટે નપુંસકતા અનિવાર્ય ગણાય છે. જ્યારે કોઈ ઉમેદવાર આ વર્ગમાં દાખલ થવા મુખ્ય પાવૈયા પાસે જાય છે ત્યારે તે પાવૈયો તેના જમણા કાનમાં મંત્ર ભણી, તેના બન્ને કાનની બુટોમાં સોયથી છેદ પાડે છે અને ભવિષ્યમાં કોઈ પણ વખત ચોરી નહિ કરવા અને કોઈ ગૃહસ્થ સ્ત્રીના ભડવા તરીકે નહિ વર્તવા તેને પવિત્ર સોગંદ આપે છે. તે પછી તે નવા ઉમેદવારને પાવૈયાના વર્ગમાં હંગામી રીતે દાખલ કરવામાં આવે છે.

તેને ખાવા દેશી સાકર આપવામાં આવે છે. તે સ્ત્રીનાં કપડાં પહેરે છે. તેનું નવું નામ પાડવામાં આવે છે. તે તેના નવા ભાઈઓને જમાડે છે.

પાવૈયાનાં નામ સ્ત્રીઓનાં નામ હોય છે. તે નામો સામાન્યતઃ અંત્યાક્ષરી ‘ દે ’ વાળાં હોય છેઃ ઉદા૦ ધનાદે, ઝીણીદે, લાડુદે, ખીમદે ઇત્યાદિ.

નવા ઉમેદવારને છબ્બાર માસ સુધી 'પ્રોબેશન' ઉપર રાખવામાં આવે છે. દરમ્યાન, તેના ઉપર કડક દેખરેખ રાખવામાં આવે છે. તેના નપુંસકપણાની ખાત્રી વેશ્યાઓ મારફત કરાવવામાં આવે છે. જ્યારે તે બાબત સંપૂર્ણ ખાત્રી થાય છે ત્યાર પછી બીજી અગત્યની વિધિ, તેની જનનેંદ્રિય કાપી નાખવાની કરવામાં આવે છે. આ માટે તે ઉમેદવાર સ્નાન કરી, ધોયેલાં કપડાં પહેરી, માતાની પૂજા કરે છે. જનનેંદ્રિયના છેદનની શસ્ત્રક્રિયા માટે શુભ દિવસ સૂચવવા તે માતાને પ્રાર્થના કરે છે. તેવું સૂચન તેને થાય ત્યાં સુધી તે પૂજા ચાલુ રાખે છે. અંતે દેવીના સૂચન પ્રમાણે, તે ક્રિયા કરવામાં આવે છે. તેથી તેવા ઉમેદવારનું મરણ થવા સંભવ રહેતો નથી, અથવા તેની જનનેંદ્રિય તથા અંડના તંતુઓ કુદરતી રીતે જ એટલા ચેતનહીન હોય છે કે તે કાપી નાખવા પાત્ર જ હોય છે. આ કાપવાની ક્રિયા તે પોતે જ, કોઈની મદદ વિના, અસ્ત્રા વડે, પરદા પાછળ રહીને કરે છે, આ પ્રસંગને પાવૈયા નવા આગંતુકની જન્મવિધિ તરીકે ગણે છે.

આ શસ્ત્રક્રિયા પછી, દરદી ખાટલા ઉપર ચત્તો હાલ્યાચાલ્યા વિના ત્રણ દિવસ સુધી રહે છે. આ ગાળા દરમ્યાન કાપી નાખેલા અવયવો ઉપર તીસ રતલ તેલ ચાલુ રેડવામાં આવે છે. બીજા દશ દિવસ સુધી, અથવા જ્યાં સુધી જખમ પૂરો રૂઝાય નહિ ત્યાં સુધી, બોરડી અને બાવળની છાલના ઉકાળેલા પાણીથી તે ભાગ ધોવામાં આવે છે.

શસ્ત્રક્રિયા પછી છટ્ઠે દિવસે પાવૈયાઓમાં શીરો વહેંચવામાં આવે છે. ચાળીસ દિવસ સુધી દરદી પરદામાં રહે છે. દરમ્યાન, તેને હલકો ખોરાક આપવામાં આવે છે. તે દરમ્યાન, તેને તેલ, મરચું અને હિંગ ખાવાની મનાઈ હોય છે.

૧૮૮૦માં શ્રીમંત ગાયકવાડ સરકારે પોતાના રાજ્યમાં ખાસી કરવાની બંધી કરેલી હતી. તેથી પાવૈયા નારાજ થયા હતા. તેઓ કહે

છે કે એ પ્રમાણેની કુદરતી સ્થિતિમાં રહેવાથી દેવી નારાજ થયા છે. અને શરીરના નકામા અવયવોનો ભોગ નહિ આપવાને કારણે તેવા માણસો ભવિષ્યના સાત અવતારમાં નપુંસક તરીકે જ જન્મે છે.

પાવૈયા તેમના શબ દાટે છે. મરણ પછી શબને નવડાવીને, ખાટલા ઉપર સુવાડી, તે ઉપર ચાદર ઓરાઢવામાં આવે છે પછી દફન કરવા માટે મૈયતને ચોખ્ખું કફન પહેરાવવામાં આવે છે. પાવૈયા પોતે નહિ સ્ત્રી કે નહિ પુરુષ હોવાથી, તેઓ જનાઝા (મૈયતને દફન કરવા લઈ જવાની ખાટલી)ને અડતા નથી. તેથી તેમનો જનાઝો મુસલમાનો ઉપાડે છે, અને દફનવિધિ પણ તેઓ જ કરે છે, તે વખતે મરનારના સોબતીઓ બાજુએ ઊભા રહે છે.

મરણ પછીના દશમા અને ચાળીસમા દિવસે, મરનારનો સૌથી વહાલો મિત્ર તેમની જમાતને અને જનાઝો ઉપાડનારા મુસલમાનોને જમાડે છે. તે તેમ ના કરે તો તેને નાતબહાર મૂકવામાં આવે છે. મરનારની કબર ઉપર મકબરો (રોજો) બાંધવામાં આવે છે. (મકબરો = કબરની જગા).

પાવૈયા તેમનાં મકાનોમાં બહુચરાજીની મૂર્તિઓ રાખે છે. તેઓ તેની રોજ પૂજા કરે છે. જ્યારે તેઓ માગવા નીકળે છે ત્યારે તેઓ ચુણવાલમાં આવેલા બહુચરાજીના મંદિરે ખાસ જાય છે. તેઓ હિન્દુઓના તેમ જ મુસલમાનોના બન્નેના તહેવારો પાળે છે.

પાવૈયા શ્યામવર્ણા, ઊંચા અને સારા બાંધાના હોય છે. તેમની મુખાકૃતિ સ્ત્રીઓના જેવી હોય છે. તેઓ ચાળાચટકા પણ સ્ત્રીઓના જેવા જ કરે છે. તેઓ માથાના વાળ સ્ત્રીઓ માફક લાંબા વધારે છે. તેમને દાઢીમૂછ હોતી નથી. તેઓ લાંબી બાંયોના કબજા અને

૬

ચણિયા પહેરે છે. તેઓ હલકી જાતનું અનાજ ખાય છે. તેમને મચ્છી કે માંસ ખાવાનો વાંધો હોતો નથી. તેઓ દારૂ પીએ છે અને અફિણ પણ ખાય છે. તેઓ તેમની કુળદેવી બહુચરાજીનાં ગીતો ગાતા માગણાનું જીવન ગાળે છે.

તેઓ માગતી વખતે સામા ઊભા રહી બે હાથના તાળોટા વગાડી, તેને તેમનો રોજનો સામાન્ય આશીર્વાદ આપે છે, કે "મા બહુચરાજી તમારું અને તમારાં છોકરાંનું ભલુ કરે!" અથવા, "અંદો ભવાની" અર્થાત્ "માતા ભવાની ઊભા થાય."

જો કોઈ તેમને દાન આપતો નથી તો તેઓ તેને ગાળો ભાંડે છે, તેમ કરતાં પણ જો તે દાન આપતો નથી તો તેઓ નાગા થઈ જાય છે, તેથી લોકો ડરી જાય છે. પાવયાને નાગા જોવો અપશકુનિયાળ ગણાય છે.

તેઓ તેમની મર્યાદિત હદમાં ટોળીઓ વળીને માગવા જાય છે. તેમને બાંધી આપેલી વાર્ષિક રકમ રોકડા અથવા અનાજમાં દુકાનદારો, દરજીઓ, મોચીઓ, સુથારો, લુહારો, સોનીઓ, કાછીયા, ભરવાડો, સથવારા, ચારણો, ઢેડાઓ વગેરે આપે છે.

દરેક કણબીને ત્યાં પુત્રજન્મ **પ્રસંગે** પાવૈયાને અમુક રકમ મળે છે. ગુજરાતના ઘણાખરા ભાગમાં કોઈ વાંઝણી સ્ત્રીને પુત્ર જન્મે છે, અથવા કોઈ સ્ત્રીને લાંબા વખત સુધી પુત્ર જન્મ્યો ન હોય અને તેને ત્યાં પુત્ર જન્મે છે ત્યારે પાવૈયાઓને ખાસ આમંત્રીને, તે માતા પાસે તેમને નચાવવામાં આવે છે.

જામનગરમાં તેઓ માબાપ વગરની છોકરીઓને વેશ્યાઓ તરીકે ખરીદતા હતા. આ રિવાજ બંધ કરવામાં આવેલો છે.

તેમના સામાજિક કજિયા તેમની જ જમાતમાંથી ચારપાંચ આગેવાનો પતાવે છે. તેમનામાંથી કોઈ ચોરી કરે અથવા કોઈ ગૃહસ્થ સ્ત્રીના ભડવા તરીકે વર્તે તો તેઓને તેને નાત બહાર મૂકે છે પણ જો તે દંડ ભરે તો તેને ફરીથી નાતમાં લેવામાં આવે છે.

પ્રકરણ ૧૩

વેપારી વર્ગો

૧. કાબુલીઓ :

કાબુલીઓ ગુજરાતમાં સર્વ સ્થળે મળે છે; ખાસ કરીને અમદા વાદમાં તેઓ કાબુલથી આવેલા હોવાથી, તેમને કાબુલીઓ તરી ઓળખવામાં આવે છે : તેઓ અફઘાનો છે.

'અફઘાન'નો અર્થ 'પખ્તુન' એટલે 'સ્વતંત્ર' 'મુક્ત' થા છે. અફઘાન દંતકથા મુજબ, એ ઉપનામ શબ્દ—વિનોદ – pun-ને પરિણામે પાડવામાં આવેલું છે. અફઘાનોના પૂર્વજની માતાએ પોતાન પુત્રને "અફઘાના" નામ આપ્યું હતું. પુત્રપ્રસવની વેદનામાંથી મુક્તિ મેળવતાં, તેણે 'અફઘાના'; 'હું મુક્ત થઈ', એવો ઉદ્ગા કાઢ્યો હતો.

નવા આવનાર કાબુલીઓ 'પશ્તુ' ભાષા બોલે છે. તેઓ ઘણું કરીને ગુજરાતમાં ઉછરેલી અફઘાન સ્ત્રીઓ સાથે પરણે છે, તેથ થોડા વખતમાં તેઓ હિન્દુસ્તાની બોલતાં શીખી જાય છે, પરંતુ તેમનું હિન્દુસ્તાની અશુદ્ધ, વ્યાકરણના દોષોવાળું અને નોખા પડ આવતા વિદેશી ઉચ્ચારોવાળું હોય છે.

તેઓ ઊંચા, માંસાળ અને મજબૂત બાંધાવાળા હોય છે. નવા આવનારા ગૌર વર્ણ અને બીજા રતુમડા અને જૈતુનના રંગના હોય છે. તેમની આંખો ભૂરી, માંજરી અથવા તપખીરીઆ રંગની, ના

સામાન્ય રીતે શુક નાસિકા જેવું' નીચેથી સહેજ વળેલું, માથાના વાળ ઝુલ્ફાં માફક ઢીલા અને છૂટથી વધવા દીધેલા હોય છે.

તેઓ માથે દેશી દુપટ્ટો, શરીરે ઢીલું સફેદ કુરતું અને તે ઉપર ઢીલો જામાં, કમરે લીટીઓવાળી અથવા સફેદ, સુતરાઉ, ઉપરથી ઘણી પહોળી અને નીચેથી તંગ સુરવાળો અને દેશી જોડા પહેરે છે. પુરુષો ચાંદીની વીંટી સિવાય બીજા કોઈ દાગીના પહેરતા નથી. સ્ત્રીઓ બીજી મુસલમાન સ્ત્રીઓ કરતાં ઘણી ઢીલી ઇજારો પહેરે છે. તે સિવાય, તેમનાં બીજાં કપડાં કે દાગીનામાં બીજી મુસલમાન સ્ત્રીઓનાં કપડાં અને દાગીનાઓ કરતાં કંઈ ફેર પડતો નથી.

તેઓ ઝનૂની પણ મિતાહારી અને મહેનતુ હોય છે. લહેણદારો તરીકે તેઓ અતિશય કડક હોય છે. આઈને અકબરીમાં તેમના સંબંધમાં એક કહેવત આપેલી છે કે—

'અગર કહતુ'ર રિજાલ ઉફતાદ,
અઝ ઇન સેહ ઉન્સ કમગીરી;
'યકી અફઘાન, દુવ્વમ કમ્બુ,
'સિય્યુમ બદઝાત કશ્મીરી.'

અર્થ—જો માણસોનો દુકાળ પડે તોપણ પહેલા અફઘાન, બીજા કમ્બુ અને ત્રીજા નીચ કાશ્મીરી સાથે ભાગ્યે જ કામ પાડવું.

કમ્બુ એ અફઘાન વૃક્ષની જ એક શાખા છે, મજકુર કહેવત છતાં, અકબર અને જહાંગીરના અમલમાં અફઘાન અને કમ્બુ જાતિના હોવું માનપ્રદ લેખાતું હતું.

ઘણાખરા કાબુલીઓ વેપારી હોય છે. તેઓ ઘોડા, મારવાડનાં ઘેટાં અને ફળાદિ વેચે છે. ઘોડાઓનો વેપાર તેમનો મુખ્ય ધંધો છે.

તેઓ કાઠિયાવાડી ઘોડા સિંધ અને દક્ષિણમાં અને સિંધ અને દક્ષિણના ઘોડા ગુજરાતમાં વેચે છે. તેમના ઘોડાઓનાં મુખ્ય બજાર દેશી રાજ્યોમાં, ખાસ કરીને વડોદરા અને રાજપીપળામાં હતાં. હવે તો દેશી રાજ્યો જ રહ્યાં નથી. તેથી તેમનો એ વેપાર તટી ગયેલ છે. તે કારણે, તેમનામાં ઘણા દેવાદાર થઈ ગયેલા છે.

તેઓ મઝહબે સુન્ની હોય છે. તેઓ મોટે ભાગે નોખી કોમ તરીકે રહે છે અને પોતાની કોમમાં જ લગ્નવ્યવહાર કરે છે. તેઓ તેમના નાતવરાઓમાં માત્ર કાબુલીઓને જ આમંત્રે છે તેમનામાં એકબે કુટુંબ માનનીય હોય છે. તેમને તેઓ તેમની સામાજિક તકરારોના લવાદ નીમે છે. તેઓ હજી કેળવણીનો ઘણો થોડો લાભ લે છે.

પ્રકરણ ૧૪

૨. નાયતાઓ

નાયતા, અસલના ' નવાઈત ' એટલે ' નાવવાળા ' (ખારવાઓ). પહેલાંના વખતમાં મુસલમાન વેપારીઓ અને નાખુદાઓનો અગત્યનો વર્ગ ગણાતો હતો. હાલ તેઓ ગુજરાતમાંથી નાબૂદ થયેલા છે. સુરત પાસેના રાંદેરમાં અને અમદાવાદ જિલ્લાના ઘોઘામાં એકાદબે નાયતા કુટુંબોમાં તેની યાદ હજી રહેલી છે.

કાનડા અને કોંકણના કિનારા ઉપર જ્યાં તેઓ હજી જોવામાં આવે છે, ત્યાં તેમને ' નવાઈતા ' કહે છે. કાઝી શહાબુદ્દીન અને ઇબ્ને બતુતા નાયતાઓને હોનાવર પાસે જોવાનું જણાવે છે.

૧૪૪૨માં, કાલીકટના મુસલમાનો શાફી મઝહબના હતા અને તેઓ આરબોનો પોશાક પહેરતા હતા. ગ્રાન્ટ ડફ્ફ ૧૪૪૪માં ' નાયતા નવાબો ' તરીકે તેમનો ઉલ્લેખ કરે છે.

નાયતા—બહુવચન નવાયત, કુરૈશ કોમના છે. ઉમૈયા વંશના પાંચમા ખલીફા અબ્દુલ મલિક (ઈ. સ. ૬૮૪–૭૯૫) તેણે મદીનાના ૫૦,૦૦૦ સૈયદો અને ઉલમાઓને વગર વાંકે અને ડંડે કલેજે કતલ કર્યા હતા અને જેના ઈરાકના કડક સૂબા અલ હજ્જાજ બિન યૂસુફ (ઈ. સ. ૭૦૦)ના જુલમ અને ત્રાસથી તેઓ મદીનાના પવિત્ર શહેરમાંથી નાસી છૂટયા હતા. તેઓ પ્રથમ મદીનાથી કૂફા ગયા હતા અને ત્યાંથી દરિયા માર્ગે ઈ. સ. ૮૬૫માં, અબ્બાસી ખલીફા અલ મોતમીદના અમલ દરમ્યાન તેઓ હિન્દી મહાસાગરને કિનારે ઊતર્યા હતા.

આ નિરાશ્રિતો ચાર કબીલામાંથી હતાઃ ૧. પહેલા ખલીફા હ. અબુબક્ર સિદ્દીક (રહી)નો પરિવાર, ૨. હ. ઝુબયરનો પરિવાર, ૩. હ. ઉમૈયાનો પરિવાર અને ૪. મુગયરાનો પરિવાર. તેમનામાં સૌથી મોટો ભાગ હ. ઉમૈયાના પરિવારનો હતો. તેઓ બધા જ તેમનું પેઢીનામું હ. પયગમ્બર સાહેબ (અલ.)ના એક પૂર્વજ નજ્ર બિન કિનાના સાથે જોડતા હતા. આ વૃત્તાંતને બધા ઐતિહાસિક આધારોની પુષ્ટિ છે.

આ અરબસ્તાનથી હિન્દુસ્તાનમાં હાંકી કાઢેલા નાયતાઓ પૈકી જે કાલીકટને કિનારે ઊતર્યા હતા, તેમણે તેમના તે વખતના ઝામોરીન બાદશાહને ઇસ્લામમાં આણ્યો હતો. પછી એ ઝામોરીન મક્કા મદીનાની હજ માટે ગયો હતો. તે યવન પ્રાંતના દક્ષિણે આવેલા ઝુફાર ગામમાં ગુજર્યો હતો. ત્યાં એક અબ્દુર્ રહમાન સામીરી દફન થયેલા છે. ઝામોરીન તેના ઇસ્લામ સ્વીકાર પછીનું એ નામ છે. ‘ સામીરી ’ ‘ ઝામોરીન ’નું જ અપભ્રંશ સ્વરૂપ લાગે છે. તેમના રોજા ઉપરના શિલાલેખમાં જણાવેલું છે કે ‘ તેઓ ઝુફારમાં ઈ. સ. ૮૭૨માં આવ્યા હતા અને ચાર વરસ પછી તેઓ ત્યાં અવસાન પામ્યા હતા, આરબો હજી પણ તેમના રોજાને માનની નજરે જુએ છે.

નાયતાઓ અરબી બોલી બોલતા હતા અને અરબી પોશાક પહેરતા હતા. તેઓ નાવિકો તરીકેની તેમની કુશળતા માટે સુવિખ્યાત હતા. અરબસ્તાનથી હિન્દુસ્તાન સુધી ભરદરિયે તેઓ હિમ્મતથી વહાણો હંકારતા હતા. ગુજરાતમાં, કદાપિ ઘોઘાના ખારવાઓ સિવાય, તેમની કોઈ ખાસ યાદગાર રહેલી નથી.

પોર્ટુગીઝ લેખક ગરસીઆડિ ઓરતા (૧૫૩૦) નાયતાઓ વસાઈમાં વેપાર કરતા હોવાનું જણાવે છે. તે લેખક તેમને માટે કહે છે કે તેઓ વિદેશી મૂર (આરબો) હતા અને અહીં તેઓ હિન્દુ સ્ત્રીઓ સાથે પરણ્યા હતા.

બીજો એક લેખક ફ્રીન્શ (૧૬૧૦) કહે છે કે રાંદેરના નાયતા સુરતના મૂરથી તદ્દન ભિન્ન પ્રજા હતી અને તેઓની જ બોલી બોલતા હતા. પરંતુ તેઓ બધા જ નાવિકો હતા, અને 'નાયતા'ના સામાન્ય નામથી ઓળખાતા હતા. રાંદેરના નાયતાનું કુટુંબ ઈ. સ. ૧૮૯૭થી નષ્ટ થયેલું છે.

રાંદેરના નાયતાઓ :

રાંદેર ઘણું જુનું શહેર છે. ઘણા સૈકાઓ સુધી ત્યાં 'નવાયતા' નામના વિદેશી મુસલમાનો પ્રાબલ્ય ધરાવતા હતા. આ નિરાશ્રિતો કૂફાના આરબો હતા. તેઓ શીઆ હોવાથી, ચુસ્ત સુન્નીઓની સતામણીને લીધે, તેઓ તેમના વતનથી હિન્દમાં આવ્યા હતા. હિન્દને પશ્ચિમ કિનારે વિવિધ સ્થળોએ તેમણે વસાવટ કર્યો હતો.

તેમની દંતકથા મુજબ ઇ. સ. ૧૨૨૫ની આસપાસ, તેઓ રાંદેરની જૈન વસ્તીને પરાસ્ત કરીને રાંદેરના રાજકર્તા થયા હતા. તેઓ ચાલાક અને સાહસિક સફરી નાવિકો હોવાથી, થોડા વખતમાં તેઓ માલદાર અને સફળ વેપારીઓ થયા હતા. તેઓ તેમનાં પોતાનાં જ પૂર્ણ સાધન સંપન્ન વહાણોમાં મલાયા, ચીન, ટેનેસીરીન, પેગુ અને સુમાત્રા સાથે તેમના રેશમ, કસ્તુરી, ચીનાઈ વાસણો વગેરેનો વેપાર કરતા હતા

રાંદેરના આ આરબ વેપારીઓ સંસ્કારી અને પ્રગતિવાદી હતા.

બારબોસા કહે છે કે તેઓ ગૌરવર્ણા અને ખાનદાની હતા. તેમની સ્ત્રીઓ પણ ખૂબસૂરત હતી. મુસ્લિમોના અન્યત્ર સામાન્ય પરદાના રિવાજ મુજબ, તેઓ તેમની સ્ત્રીઓને મકાનોમાં પૂરી રાખતા નહોતા. તે સ્ત્રીઓ દિવસે પણ પરદા વિના ઘરબહાર નીકળતી હતી.

તેમનાં મકાનો પાકી બાંધણીનાં અને પૂરતા ફરનીચરવાળાં હતાં.

રાંદેરની પડતી ૧૫૩૦માં પોર્ટુગીઝ કપ્તાન એન્ટોનિયો ડિ સીલ્વીરાની તદ્દન નિષ્કારણ અને લૂંટારુ ધાડથી શરૂ થઈ હતી. તેણે તાપી નદીમાં થઈને આક્રમણ કર્યું હતું. તેણે રાંદેર અને સુરત બન્ને શહેરો બાઝમાં હતાં. રાંદેરની લડાયક મુસ્લિમ વસ્તીએ બહાદુરીથી બચાવ કર્યો હતો, પરંતુ તેઓ નિષ્ફળ ગયા હતા. જ્યારે સુરતની વાણીયાશાહી વસ્તીએ કોઈ પ્રકારનો સામનો કર્યો નહોતો. તે જમાનામાં સુરત રાંદેર કરતાં ઓછું માલદાર, તેમ વેપારમાં પણ ઊતરતું શહેર હતું. રાંદેર આ આઘાત પછી પુનઃ જીવન પ્રાપ્ત કરી શક્યું નથી, જ્યારે સુરતે તેની પ્રવૃત્તિઓમાં નવો પ્રાણ પૂરીને ટૂંક સમયમાં પ્રતિસ્પર્ધી રાંદેરનું સ્થાન પ્રાપ્ત કરી લીધું છે.

ગુજરાતના ખારવાઓ :

એક વર્ગ તરીકે ખારવાઓ હિમ્મતવાળા અને સાહસિક હોય છે. તેઓ બોલેલો બોલ પાળે તેવા ઈમાનદાર હોય છે.

સુરતી ખારવા સખત શ્રમ કરી શકે તેવા મજબૂત બાંધાના ખલાસીઓ છે. તેઓ પહેલાં હિન્દમાં સર્વોત્તમ પૂલ બાંધનારા હતા.

ખંભાતી ખારવા ઊંડા દરિયામાં સફર કરનારા અને મીઠું પકવનારા હતા, પરંતુ બંદર તરીકે ખંભાતનું પતન થયા પછીથી, અને અંગ્રેજ સરકારે ૧૮૭૮માં ઇજારા પદ્ધતિના ખારાઘોડાના મીઠાના અગરો ખોલ્યા પછીથી તેઓ મજુરી કરે છે, કડિયાકામ કરે છે અને મકાનોનાં નળિયાંવાળાં છાપરા સંચારે છે, તેમનામાંના ઘણા થોડા જ હવે ખલાસીઓનું કામ કરે છે.

અમદાવાદમાં અને એવા અંદરના ભાગમાં આવેલાં શહેરોમાં રહેતા ખારવા જૂનાં દોરડાંનાં છૂંછામાંથી નવાં દોરડાં બનાવવાનું કામ

કરે છે. તેઓ સાવરણીઓ તથા ચટાઈઓ પણ બનાવે છે. તેઓ મચ્છી પકડે છે અને વેચે છે, અને ખેતી પણ કરે છે.

સુરતમાં અને ભરૂચમાં તેમની સ્ત્રીઓ કાથીનાં દોરડાં બનાવે છે અને ખેતાની પરચુરણ મજુરી કરે છે.

કિનારાનાં ગામોનાં ખારવા હોડીઓ અને નાનાં વહાણો હંકારે છે. ગુજરાતમાં સૌથી કુશળ ખારવાઓ સુરત અને ઘોઘાના છે.

કચ્છ અને સોરાષ્ટ્રના ખારવાઓ દેશી વહાણોમાં પશ્ચિમમાં એડન અને ઝાંઝીબાર સુધી અને પૂર્વમાં સીંગાપોર સુધી દરિયો ખેડે છે.

સૌરાષ્ટ્રના ખારવાઓ :

સૌરાષ્ટ્રના ખારવાઓના ત્રણ વર્ગ છેઃ રજપૂત, કોળી અને મુસલમાન.

રજપૂત ખારવાઓ સોલંકી, ઝાલા અને ગોહિલ હોય છે. સંભવિત છે કે તેઓ અણહીલવાડના રજપૂત રાજાઓના સમયથી હોય. તેઓ રજપૂતો સાથે ખાય છે, પીએ છે, અને ઘણા રજપૂત રિવાજો પાળે છે. તેઓ મુખ્યત્વે વેરાવળ, માંગરોળ અને પોરબંદરમાં છે.

કોળી ખારવાઓ સૌરાષ્ટ્રના દક્ષિણ કિનારાના જૂના ચાંચિયાઓના વંશજો છે. તેમનામાં કોળી લોહીનું વધારે પ્રમાણ છે. તેમની અટકો શિયાલી અને તલાજિયા છે. તેઓ કોળીઓથી જુદા પડતા નથી. તેઓ મુખ્યત્વે ભાવનગર, તળાજા, મહુઆ અને જાફરાબાદમાં રહે છે.

મુસલમાન ખારવા ખાસ કરીને ઘોઘામાં છે. તેમને કસ્બાતીઓ કહે છે. તેમની ઉત્પત્તિ અંધારામાં છે. તેઓ પોતાને પઠાણ કહેવરાવે છે, પરંતુ તેમનામાં આરબો અને હિન્દુઓનું મિશ્ર લોહી હોવાનું લાગે છે. દિલ્હીના શહેનશાહોએ તેમને પીરમનો બેટ અને ઘોઘામાં મહેસુલની માફીવાળી જમીનો આપેલી હતી.

કચ્છના ભાડેલા ખારવાઓ ધર્મે મુસલમાન છે. તેઓ અરબસ્તાનથી આવેલા હોવાનું કહેવાય છે. તેઓ મુખ્યત્વે જાફરાબાદ, જોડિયા, દીવ, સલાયા, દ્વારકા અને બેટમાં જોવામાં આવે છે.

મજકુર બધા જ ખારવાઓ કુશળ અને સાહસિક ખલાસીઓ હોય છે. તેથી તેઓ દેશી વહાણોમાં એડન અને ઝાંઝીબાર જાય અને હિન્દના આખા કિનારા ઉપર ફરતા રહે છે. પૂર્વમાં તેઓ સીંગાપોર સુધી સફરો કરે છે. મુંબઈ અને લંડન વચ્ચે ફરતી આગ બોટોમાં તેમને નોકરીએ રાખવામાં આવે છે.

કચ્છના ભાડેલા ખારવાઓ :

આ ખારવાઓ મુખ્યત્વે માંડવીમાં જોવામાં આવે છે. સિંધ, હાલાર અને ગુજરાતમાંથી આવેલી અનેક કોમો મળીને આ કોમ બનેલી છે. એમનામાંના કેટલાક પહેલેથી મુસલમાન હતા અને બાકીના પાછળથી મુસલમાન થયેલા છે. તેઓ ધર્મે સુન્ની છે. તેઓ પ્રાન્તિક ઉચ્ચારોવાળી કચ્છી બોલી બોલે છે.

તેઓ લગભગ બધા જ ખારવા છે. તેઓ એડન અને ઝાંઝીબાર સુધી જ સફરો કરે છે. તેમનામાંના કેટલાક એટલા હોંશિયાર હોય છે કે હોકાયંત્ર અને આકાશના તારાની ઊંચાઈ માપવાનું યંત્ર quadrant કેમ વાપરવાં, તે તેઓ સારી રીતે સમજે છે.

અગાઉ તેઓ વાઘેરો અને સંઘારાની સોબતમાં હિન્દના પશ્ચિમ કિનારાના ભયંકર ચાંચિયા હતા.

તેમની સ્ત્રીઓ મચ્છી વેચે છે, અને કાથીનાં દોરડાં તથા પંખા બનાવે છે.

તેઓ ધાર્મિક વૃત્તિવાળા હોય છે. તેમના પીર મુરાદશાહને તેઓ ઘણું માન આપે છે. તેઓ દરિયાઈ પીરની પણ માનતાઓ માને છે.

તેમના અંદરઅંદરના કજિયા પતાવવા, તેમની કોમમાંથી જ તેમણે એક સમિતિ નીમેલી હોય છે. તેઓ તેમનામાં જ અંદરઅંદર પરણે છે. તેમની કેટલીક સ્ત્રીઓ હિન્દુ પહેરવેશ પહેરે છે; છતાં હમણાં કેટલાક સમયથી તેઓ ઇસ્લામી રિવાજોને વધારે અનુસરે છે. તેથી તેમણે પરદાનો રિવાજ અખત્યાર કરેલો છે. પૈસાદાર કુટુંબોની સ્ત્રીઓ જાહેરમાં ઘર બહાર નીકળતી નથી. તેઓ તેમનાં છોકરાંને કેળવણી આપતા નથી. તેથી તેમની સ્થિતિ સુધરવાની આશા બંધાતી નથી.

પ્રકરણ ૬૫

ખેડૂતો

નવખેડૂત વર્ગોમાંથી, અગરા, બલતીયા, ભૂતા, અંગીઝ કાહતીઆ, ખીલજી, કુરૈશી અને ફીરદીઆ ભાડુતી લશ્કરી સિપાહીઓની ઔલાદમાંથી છે. તેઓ ખેડૂતો તરીકે મુખ્યત્વે અમદાવાદ જિલ્લાના પશ્ચિમ ભાગમાં, ભરૂચ જિલ્લામાં અને સૌરાષ્ટ્રમાં મળે છે. તેઓ તેમનાં મૂળ કોમી નામો રાખે છે, પરંતુ તેઓ બીજા મુસલમાનોમાં પરણે છે તેથી હવે તેઓ અલગ કોમ તરીકે રહેતા નથી. તે કારણે તેમનાં કોમી નામો હવે માત્ર અટકો કરતાં વિશેષ ઉપયોગી નથી.

નવમા 'કસ્બાતીઓ' અર્થાત્ 'કસ્બામાં રહેનારા', અથવા 'નાગરિકો' સોળમા સૈકા આખરે, દિલ્હીથી આવનાર મીના અને રેહેન નામની પરદેશી કોમોની ઔલાદમાંથી કંઈક પ્રમાણમાં છે, પરંતુ આ વર્ગ રજપૂતો અને બીજા હિન્દુઓમાંથી મુસલમાન થયેલા સાથે મિશ્ર થઈ મળેલો છે. તેથી તેનું વિગતવાર વર્ણન હિન્દુઓમાંથી થયેલા મુસલમાનોમાં નીચે આપવામાં આવશે.

પ્રકરણ ૧૬

નોકરી કરનારા વર્ગો

૧. આરબો :

ચાર નોકરી કરનારા વર્ગોમાં આરબો મુખ્ય છે. તેઓ સીદીઓ માફક બે વર્ગના છે: નવા આવેલા 'વિલાયતી' અને અહીં જન્મેલા 'મુવલ્લદ' : વલદ=જન્મ્યો. તેઓ આખા ગુજરાતમાં જુજ જુજ સંખ્યામાં પથરાયલા છે.

આરબો ઘરમાં ઉર્દુ બોલે છે, પણ તેમના ઘણા ઉચ્ચાર ગળામાંથી થાય છે અને કેટલાક અક્ષરોના ઉચ્ચારો તેઓ વિચિત્ર રીતે કરે છે. તેવી તેમની વિશિષ્ટતાઓમાં, તેઓ 'સ'ને સ્થાને 'શ' હિન્દુસ્તાની મ્હોંમાંથી બોલાતા 'અ'ને બદલે અરબી ગળામાંથી બોલાતા 'અયન' 'ય'ને બદલે 'બ' અને અરબી સાદા 'ક' અથવા ગળામાંથી બોલાતા 'ક'ને બદલે 'ગ' બોલે છે.

નવા આવેલા 'વિલાયતીઓ' મુખ્યત્વે અરબસ્તાનની દક્ષિણે આવેલા હદ્રમૌત પ્રાન્તમાંથી આવેલા છે. એ પ્રાન્ત બાઈબલમં વર્ણવેલો હઝોરમવેથ પ્રાન્ત છે.

હઝરમી આરબો તેમની સાહસિકતા અને સર્વવ્યાપકતા માટે સુવિખ્યાત છે. એક આખ્યાયિકા પ્રમાણે, એક વખત એક માણસ હઝરમી આરબના ત્રાસથી ચીન નાસી ગયો હતો. ત્યાં તે એક ખંડેરમાં રાત ગાળવાનો વિચાર કરતો હતો, તેવામાં તેણે કોઈ માણસને મસ્હૂર

હદરમા પીરને યાદ કરતો, ' યા ઇમામુદ્દીન ' કહેતો સાંભળેલો હતો તે ઉપરથી, તે તરત જ ત્યાંથી નાસવા માંડયો હતો. હજી તે નાસતો ફરતે દુનિયાનો એવો ખૂણો ખોળતો ફરે છે, જ્યાં કોઈ હઝરમી વસતો ન હોય!

વિલાયતી અરબો તેમના રતુમડા તપખીરીયા વર્ણથી અને પાતળા લંબગોળ મ્હો ઉપર ભરાવદાર ભ્રમરો, ઊંડી આંખો, ઘાટીલાં નાક, ગાલનાં ઊંચાં હાડકાં, સહેજ અંદર પડતી હડપચીઓ અને આછી અને નાનીમોટી ઉગેલી દાઢીઓ ઓળખાઈ જાય છે. પરંતુ ગુજરાતી મુસલમાનો સાથે લગ્નવ્યવહાર કરવાથી, તેમની આ વિશિષ્ટતાઓ પેઢી દર પેઢી ઓછી થતી જાય છે.

તેમનાં મકાનોની બાંધણીના ઢબમાં કોઈ ખાસ બાબત નથી, પરંતુ મકાનોને અંદરથી શણગારવામાં તેઓ બહુ સંભાળ રાખે છે. કપડાની છત બાંધી. તેમાં અહીં તહીં ચકચકિત અબરખના કડકાઓ ચહોડી, છતને સજાવે છે. ચિત્રોમાં, ફક્ત હઝરત પયગમ્બર સાહેબ (અલ.)ના રોજા મુબારકનું જ ચિત્ર, અથવા કુરઆનેશરીફની કોઈ આયત (વાક્ય) અથવા સૂત્ર (પ્રકરણ) સોનેરી ચમકતી શાહીથી લખેલી રાખે છે. અભરાઈઓ ઉપર ભાગી જાય તેવાં ચીની યા કાચનાં વાસણોને બદલે. સાધારણ રીતે, સંખ્યાબંધ ત્રાંબા પીત્તળની થાળીઓ અને પ્યાલા સુઘડ અને ચકચકિત માંજેલા ઓપાવેલા નજરે પડે છે.

તેમના ખોરાકમાં વારતહેવારે તેઓ મટન (બકરાનું ગોશ્ત) અને ઘઉંની ' હરીઆ ' અને ' મઝબી ' નામની એકબે એમની ખાસ વાનીઓ અને ખજુર અને મધના તેમના શોખ સિવાય બીજું કંઈ ખાસ ખાતા નથી. તેથી બીજી રીતે, તેમનો ખોરાક બીજા મુસલમાનોના ખોરાકથી જુદો પડતો નથી.

તેલનામાંનો તવંગર વર્ગ તેમના અરબી પોશાકને વળગી રહે છે. માથે હિન્દી ઢબનો સફેદ રેશમી અથવા સુતરાઉ દુપટ્ટો, પહોળી ગડીઓ વાળીને પહેરે છે. શરીરે અંગ્રેજી ડ્રેસીંગ ગાઉન જેવો ઊનનો અથવા ગરમ – સુતરાઉ, સાદો અથવા ભરેલો 'સાદો', તે નીચે ગરમ, રેશમથી ભરેલો જાકિટ જેવો 'સદરીઓ', અને તે નીચે ઢીંચણ સુધી પહોંચતું ઢીલું પહેરણ પહેરે છે. દેશી રાજ્યોમાં નોકરીઓ કરનારા આરબો, મરાઠાઓ માફક, ત્રણ ખૂણાની પાઘડીઓ પહેરે છે. કમરે વીંટાળેલા કપડાના કમરબંધમાં જમૈયો ખોસેલો રાખે છે, અને સુરવાલો કંઈક ઊંચી પહેરે છે. તે સિવાય, બધા આરબોનો હંમેશનો પોશાક ગુજરાતના બીજા મુસલમાનોના પહેરવેશથી જુદો પડતો નથી. સ્ત્રીઓ અને છોકરાંઓના પહેરવેશમાં કોઈ વિશિષ્ટતા નથી.

આરબો સ્વભાવે તામસી અને ઉશ્કેરાય ત્યારે ઝનૂની હોવા છતાં, બીજી રીતે તેઓ શાંત, મહેનતુ, કરકસરિયા અને ઠરેલ હોય છે.

કેટલાક આરબો વેપારી હોય છે, પરંતુ ઘણાખરા દેશી રાજ્યો હતાં ત્યારે રાજાઓના અંગરક્ષકો તરીકે નોકરીઓ કરતા હતા. હવે તેઓ બેન્કો અને મોટાં કારખાનાં કે કંપનીઓમાં ચોકીદારો તરીકે નોકરી કરે છે.

એક વર્ગ તરીકે તેઓ ગરીબ છે. કેટલાક કરકસરિયાં કુટુંબો, જેઓ ખર્ચાળ મિજબાનીઓ આપવાના હિન્દી રિવાજ પાળતાં નથી, તેઓ સુખી સ્થિતિમાં છે, પરંતુ ઘણાખરા દેશ રિવાજને અનુસરીને, તેમના ગજા ઉપરાંતના નાતવરા કરે છે. દેશી રાજ્યો હતાં ત્યારે તેમના પગાર તેમને ઘણી વખત અનિયમિત મળતા હતા, તેથી તેઓ સદા કરજમાં ડૂબેલા રહેતા હતા.

આ આરબો સાધારણ રીતે અરબસ્તાનના દક્ષિણ-પશ્ચિમના

૭

પ્રાન્તોમાંથી આવતા હોવાથી, સુન્નીઓનો શાફઈ સંપ્રદાય પાળે; જ્યારે મસ્કત અને પૂર્વ કિનારેથી આવનાર સુન્નીઓ હંબલી પંથ પ છે. સઘળા નવા આવનારા ધાર્મિક બાબતોમાં ચુસ્ત હોય છે. લાં વખતથી ગુજરાતમાં વસેલા આરબ કુટુંબો પણ બીજા સાધાર મુસલમાનો કરતાં તેમની દીની ફરજો અદા કરવામાં વધારે ચુસ્ત અ સહૃદયી હોય છે.

તેમના કૌટુમ્બિક રિવાજો ઘણી રીતે વિલક્ષણ હોય છે. સ્ત્રીઓ સીમંત, બાળકોના જન્મ અને કન્યાઓના ઋતુધર્મમાં પ્રવેશવા પ્રસંગોને તેઓ અસભ્ય ગણી તે પ્રસંગો તેઓ ઊજવતા નથ બાળકના જન્મ પછીના સાતમા, પંદરમા અને એકવીસમા દિવસ વિધિઓ તેઓ એક જ પ્રસંગમાં ભેળવી દે છે; તેમ જ બાળકનું ન પાડવાની, તેની સલામતી માટે સદકો (કુરબાની) આપવાની અ પુત્રોની સુન્નત કરવાની, આમ ત્રણે વિધિઓ તેઓ એક જ પ્રસંગે પતાવી દે છે.

તેમનાં નામ સાદા અને ટૂંકા હોય છે. હિન્દુસ્તાનીઓ માફક તેઓ ‘ મિયાં ’, ‘ શેખ ’ કે ‘ ભાઈ ’ નામના પહેલાં કે છેડે ઉમેરતા નથી

નિયમ તરીકે, છોકરાની ‘ બિસ્મીલ્લાહ ’ પઢાવવાની વિધિ કર નથી અને શાદી (લગ્ન) પ્રસંગે, માત્ર ‘ નિકાહ ’ પઢાવી, તેઓ ફ એક જ વખતનું ‘ વલીમા’નું જમણ કરે છે. તે રીતે તેઓ હ. પયગમ્બ સાહેબ(અલ.)ને અનુંસરે છે. સામે પોતાની પુત્રી હઝરત બી ફાતિમા(રદી.)નું લગ્ન હઝરત અલી(કરમ) સાથે કર્યું ત્ય એક જ ખાણું કર્યું હતું. હ. રસૂલલ્લાહ(અલ.)ના ફરમાન તાબેદારીમાં, તેઓ મરણ પછી છેક શોકની કોઈ નિશાની પાળતા નથી કુરઆનેપાકમાં ફરમાવેલું છે કે “ ઇન્નાલિલ્લાહે વઇન્ના ઇલ

રાજેઊન ": 'ખરેખર આપણે અલ્લાહ તરફથી આવેલા છીએ, અને ખરેખર, આપણે અલ્લાહ તરફ જ પાછા જવાનું છે' તો પછી જન્મ વખતે હર્ષ શો ? અને મરણ વખતે શોક શો ?

આરબો બીજા સુન્ની મુસલમાનો સાથે છૂટથી લગ્નવ્યવહાર કરે છે. તેમનામાં કોઈ સામાન્ય કે ખાસ, સામાજિક કે મઝહબી (સાંપ્રદાયિક) બંધારણ હોતું નથી.

છતાં એક બાબતમાં, તેઓ ઘણા ચુસ્ત હોય છે અને તે તેમની જૂની કોમી અદાવતો, અરબસ્તાનથી હિન્દુસ્તાન એટલે દૂર આવ્યાં છતાં, તેઓ ભૂલી શક્યા નથી ! તે કારણે, તેઓ તેમની પ્રતિસ્પર્ધા શેખ સાથે કોઈ પણ વ્યવહાર રાખતા નથી. તેમની આ જ નબળાઈને કારણે, તેમણે ઇસ્લામના ઉદય પછી ટૂંક સમયમાં જ મહારાજ્યો સ્થાપ્યાં હતાં છતાં ત્યાં પણ તેઓ તેમની જૂની અદાવતો સાથે લઈ ગયેલા હોવાથી તેઓ તેમાં જ દફનાઈ ગયા હતા.

તેમનાં છોકરાં કુરઆનેશરીફ :પઢતાં શીખે છે, પરંતુ હિન્દની બીજી કોઈ પણ ભાષા તેમને શીખવવાની તેમનાં માબાપ પરવા કરતાં નથી અને એક વર્ગ તરીકે તેમને પાશ્ચાત્ય પદ્ધતિની કેળવણી પ્રતિ સૂગ હોય છે.

પ્રકરણ ૧૭

૨. બલુચીઓ

બલુચીઓ, તેમના નામ પ્રમાણે, બલુચીસ્તાનમાંથી અહીં આવેલાના વંશજો છે. તેઓ ગુજરાતના બધા ભાગોમાં જોવા મળે છે. તેમના પોતાના વૃત્તાંત પ્રમાણે, તેઓ મૂળ હલબ અથવા એલેપ્પો અને સીરિયા(શામ)ના ઉત્તરના ભાગમાંથી મૂળ આવેલા છે.

મુસલમાનો તરીકે તેઓ અરબસ્તાનના હિજાઝ પ્રાન્તના આરબો સાથે પોતાનું પેઢીનામું સાંકળવા આતુર હોય છે કારણ કે, એ પ્રાન્તમાં જ મુસલમાનોનાં બન્ને પવિત્ર શહેરો—મક્કા અને મદીના આવેલાં છે.

તેમની ભાષા સ્પષ્ટ રીતે હિન્દી-ઈરાકી જૂથમાંથી છે.

બલુચીઓનો શારીરિક દેખાવ આરબોને લેશમાત્ર મળતો આવતો નથી. બલુચીઓની આંખો ઈરાનીઓની આંખો જેવી મોટી, કાળી અને વિચારશીલ હોય છે. ઈરાનીઓના શારીરિક અવયવો જેવા તેમના અંગના વિવિધ અવયવો નિયમિત અને ઘાટીલા હોય છે. તેમના માથાના વાળ લાંબા, ચળકતા, ભરાવદાર અને ઝીડતા હોય છે.

ગુજરાતની સલ્તનતના અસ્તકાળમાં (૧૯૫૪–૬૧), સુલ્તાન અહમદશાહ બીજાના અમલ દરમ્યાન, રાધનપુર અને સમી ફતેહખાન બલોચને 'જાગીર' તરીકે આપવામાં આવેલાં હતાં. તેરવાડા અને રાધનપુરના બલોચો આ ફતેહખાન બલોચના કબીલાની ઓલાદ હોવાનો દાવો કરે છે.

તેમનામાં ઘણા પેટાવિભાગો છે પણ તેઓ અંદરઅંદર લગ્ન કરે છે અને પઠાણોની એક પેટાકોમ તરીકે વર્તે છે. તેથી તેમની વિવિધ કોમોના ભેદભાવ અર્થ વિનાના છે.

પુરુષો મજબૂત, કદાવર, શ્યામવર્ણ અને જુદા પડી આવે એવાં શારીરિક લક્ષણોવાળા હોય છે. તેમનામાંથી ઘણા થોડા માથે હજામત કરાવે છે, પરંતુ દાઢી રાખવામાં તેઓ કોઈ ચોક્કસ નિયમ પાળતા નથી. તેમની સ્ત્રીઓ સાધારણ રીતે ગુજરાતની વતની હોય છે; અથવા કેટલાક વખત, સૌરાષ્ટ્ર અથવા વાગડના ઝાલા અથવા જાડેજા રજપૂતોની કન્યાઓ હોય છે. તેઓ ગુજરાતના વધારે મિશ્રણવાળી ઉર્દૂ ભાષા બોલે છે.

પુરુષો અને સ્ત્રીઓ બન્ને સાધારણ મુસલમાનોના જેવો જ પોશાક પહેરે છે. તેઓ કાસદોનું અને ગામડામાં ચોકીદારોનું કામ કરે છે.

તેમના પોતાના નિરીક્ષકોના અભિપ્રાય પ્રમાણે, તેઓ બન્ને બાજુની ઢોલકી વગાડનારા, દગાખોર, ઉદ્ધત, ખર્ચમાં અવિચારી અને અફીણિયા હોય છે. બીજી રીતે તેમનામાં અરબી સાદાઈના સઘળા સદ્ગુણો જોવામાં આવે છે. તેઓ મહેમાનની ખાતર બરદાસ્ત કરનારા, માયા રાખવામાં સરળ અને દૃઢ, વિશ્વાસુ અને બહાદુર હોય છે, તેમના માલિકો પ્રત્યેની તેમની વફાદારી અને નિમકહલાલી માટે તેમને પૂર્વના સ્વીટઝર્ (સ્વીટઝલેંડના વતનીઓ)નું ઉપનામ મળેલું છે.

ઉત્તર ગુજરાતમાં કેટલાંક જમીનદાર કુટુંબો સિવાય, એક વર્ગ તરીકે, તેઓ ગરીબ હોય છે.

તેઓ નામના સુન્ની હોય છે. તેમનામાંથી ઘણા થોડા કુરઆનેશરીફ પઢી જાણે છે અથવા નમાઝ પઢે છે અથવા પઢવાની દરકાર કરે છે.

તેમનામાં કોઈ ખાસ રિવાજો નથી તેમ તેમનામાં જમાતનું કોઈ બંધારણ નથી. કોઈ જમાતનો આગેવાન હોતો નથી.

તેઓ તેમના છોકરાંને કેળવણી આપતા નથી, પરંતુ અંગ્રેજ રાજ્ય અમલ દરમ્યાન, જમીનદાર કુટુંબોએ, પોલિટીકલ અમલદારોના દબાણથી, તેમનાં છોકરાંને શાળામાં મોકલવાં શરૂ કર્યાં હતાં.

ઉત્તર ગુજરાતના જાટ બલુચીઓ, અગાઉની પાલનપુર એજેન્સીના વારાહીથી સૌરાષ્ટ્રની એજન્સીના બજાણા સુધીની જમીનની પટ્ટીના માલિક છે. તેઓ તેમનામાં અંદરઅંદર અથવા રજપૂતોમાં લગ્ન વ્યવહાર કરે છે.

તેઓ ગૌરવર્ણા અને દેખાવડા પણ લૂંટફાટની આદતોવાળા હોય છે.

તેઓ ઘરમાં ગુજરાતી બોલે છે.

રાધનપુરથી પશ્ચિમે આશરે આઠ માઈલ ઉપર આવેલાં ગોતરકામાં દાદા મહાબલી નામના પીરનો રોજો છે, તે પીરને તેઓ માને છે. ' મહાબલી ' નામ ' મહાબત અલી 'નું અપભ્રંશરૂપ છે. તેમનું પૂરું નામ શેખ હુસેન મહાબતઅલી છે. તેમના તે રોજામાંના એક શિલાલેખમાં જણાવેલું છે. અગાઉ, આ પીરના ઉરુસ વખતે, તે રોજાનું બંધ બારણું પોતાની મેળે ઊઘડી જતું હતું, એમ કહેવામાં આવે છે, પણ હવે તેમ થતું નથી. તે માટે ત્યાંના લોકોએ દરગાહના હાલના મુજાવરની એટલી પરહેઝગારી ઓછી હોવાનું જણાવે છે. આ રોજાને મકરાણીઓએ ઘણી જમીનો અને પૈસા આપેલા છે.

આ પીર મૂળ પાટણના શેખ હતા. ઉત્તર હિન્દુસ્તાનમાં હિન્દુ અને મુસલમાનો બન્ને તેમને માને છે. તે પીર હ. જમ્મન જતિએ હ. હુસેન

બહાલત અલીને સ્વગાતમાં કાળી પાઘડી આપેલી હતી; અને તેમને વારાહી જતા અને ત્યાં બલુચીઓ હિન્દુ માન્યતાઓ અને રિવાજો તરફ ઢળતા જતા હતા, તેમને ઇસ્લામમાં દૃઢ કરવા ફરમાવેલું હતું.

રાધનપુરથી ઉત્તરે પંદર માઈલ ઉપર આવેલા તેરવાડાના બલુચીઓથી વારાહી અને તરવાડના જાટ બલુચીઓ જુદી કોમ છે; જોકે પહેરવેશ અને રિવાજોમાં તેઓ એકબીજાથી જુદા પડતા નથી-

બલુચીઓ મૂળ શીઆ પંથી છે. ઉત્તર ગુજરાતના જાટ બલુચીઓ અને ગુજરાતમાં છુટક છુટક પથરાયલા બીજા બલુચીઓ માત્ર નામના જ સુન્ની છે.

કોલબ્રુક તેમના માટે કહે છે કે સિન્ધના બલુચીઓમાં ઘણાખરા ચુસ્ત શીઆ હોય છે અને તેઓ પોતાને ઓળખાવે છે અને સુન્નીઓ તેમને ઓળખે છે તેમ, તેઓ "હઝરત અલી(કરમ)ના દોસ્તો" કહેવાય છે. બુખારાના સૈયદ રાજોએ આ કોમને સીધે રસ્તે દોરવામાં શ્રમ લીધેલો હતો. તેમના વંશજો હજી તેમનામાં વસે છે.

પ્રકરણ ૧૮

૩. મકરાણીઓ

મકરાણના કિનારા ઉપરથી આવેલા આ પરદેશીઓ આજ ગુજરાતમાં નાની નાની સંખ્યામાં મળે છે. અગાઉ તેઓ સૈનિક તરીકે આવ્યા હતા, અને હજી પણ તેઓમાંથી કેટલાક તે પ્રમાણે આવે છે.

તેમનામાં પેટાવિભાગો નથી. તેઓ મધ્યમ કદના, મજબૂમ બાંધાના પાતળા સુકલકડી હોય છે. તેઓ માથાના વાળ લાંબા રાખી. માથાના મધ્યમાં ઉપરના ભાગમાં તેની ગાંઠ વાળે છે, અને દાઢી વચ્ચેથી બે ભાગમાં વહેંચી, તેના છેડા માથા પાછળ બાંધે છે. તેમની સ્ત્રીઓ મુખ્યત્વે ગુજરાતીઓમાંથી હોય છે.

તેઓ હિન્દુસ્તાની અને ગુજરાતીની મિશ્ર બોલી બોલે છે.

પુરુષો મારવાડી જેવી, નીચે તંગ આંટાવાળી પાઘડી, કાળો-ભૂરે ગળીના રંગનો કોટ, અને ટૂંકી ચુસ્ત સુરવાળો પહેરે છે. સ્ત્રીઓ સામાન્ય મુસલમાની પોશાક પહેરે છે.

પુરુષો લશ્કરી સિપાહીઓ અને ચોકીદારોની નોકરીઓ કરે છે. સ્ત્રીઓ ઘરકામ કરે છે અને કાંતે છે.

પુરુષો બહાદુર પણ અફીણી અને દારૂડીઓ, વિલાસી અને સ્ત્રીઓ ઉપર તીવ્ર દેખરેખ રાખનારા સ્વામીઓ હોય છે. તેમની સ્ત્રીઓ જાહેરમાં બહાર નીકળતી નથી. એક વર્ગ તરીકે તેઓ ગરીબ છે અને ઘણા દેવાદાર હોય છે.

તેઓ મઝહબે સુન્ની હોય છે. કેટલાક કુરઆનેશરીફ શીખે છે અને નમાઝ પઢે છે.

તેમનામાં કોઈ ખાસ રિવાજો નથી. તેઓ ગરીબ મુસલમાનોની કન્યાઓ પરણે છે; અને કેટલાક હિન્દુ સ્ત્રીઓ રખાત તરીકે રાખે છે.

તેમનામાં કોમી બંધારણ કે કોમનો કોઈ મુખી નથી. તેઓ તેમનાં છોકરાંને શાળાઓમાં મોકલતા નથી. તેમનામાંથી કોઈ ઊંચે દરજ્જે ચઢેલો નથી.

પ્રકરણ ૧૯

૪. મીરધાઓ

'મીરધા' શબ્દ ફારસી 'મીર'=અમીર અને 'દેહ'=ગામ ઉપરથી થયેલો છે. ગામનો માલિક, સાધારણ રીતે જેને 'મુખી' કહેવામાં આવે છે તે. તેને 'ગામેતી' પણ કહે છે. 'મીરદાહ'નું 'મીરધા' થઈ ગયેલું લાગે છે.

તેઓ મૂળ જાસુસો હતા. તેઓ ગુજરાતના ઉત્તર ભાગમાં નાની-નાની સંખ્યામાં મળે છે. તેઓ કંઈક વિદેશી અને કંઈક રજપૂતોમાંથી છે. ગુજરાતના સુલ્તાનોના જમાનામાં, તેઓ જાસુસોની નોકરી કરતા હતા. હવે તેઓ જાસુસો અથવા પોલિસ સિપાહીઓ તરીકે નોકરીઓ કરે છે. દેશી રાજ્યોમાં ત્યારે તેઓ જાસુસો હતા. તે કામ હવે મુસલમાનોમાંથી શેખ અથવા પઠાણો અથવા હિન્દુઓમાંથી બ્રાહ્મણો કરે છે. પાલનપુર એજન્સીના છેવટના ભાગમાં એ ખાતું માત્ર નામનું જ રહ્યું હતું. ત્યાં છેલ્લા તબક્કામાં મીરધાઓનું કામ ઔદિચ્ય બ્રાહ્મણો કરતા હતા.

પ્રકરણ ૨૦

હિન્દુઓમાંથી થયેલા મુસલમાનો

સ્થાનિક મુસલમાનો લગભગ બધા જ હિન્દુઓમાંથી મુસલમાન થયેલા છે. તેમની ૭૮ જાતો છે: ૯ ધાર્મિક, ૫ વેપારી, ૧૮ ખેડૂતો, ૨૨ કારીગરો, ૧૦ નોકરો અને ૧૪ મજૂરી કરનારા છે. ૭૮માંથી ૬૫ સુન્ની અને ૯ શીઆ છે. એ રીતે ૭૪ થાય છે. બાકીના ૪ હુસેની બ્રાહ્મણો, કમાલીઆ, મતીઆ, કણબી અને શેખડા–સુન્ની કે શીઆ, કોઈ વર્ગમાં મૂકી શકાય તેમ નથી. તેમને હિન્દુ કહેવા કે મુસલમાન, તે જ મુશ્કેલ પ્રશ્ન છે. છેલ્લા શેખડા, તે ખેડા જિલ્લા તથા ખંભાતમાં ઠીક ઠીક સંખ્યામાં હતા. તેઓ ૧૯૨૪–૨૫ના અરસામાં હિન્દુ થઈ જઈ, કણબીઓના વર્ગમાં ભળી ગયા છે. અથવા તેઓ કણબીની એક પેટાકોમ બની ગઈ છે. તેઓ નાયતા મુસલમાન હતા, ત્યારે પણ તેઓ મુસલમાનો સાથે ખાતાપીતા નહતા.

પ્રકરણ ૨૧

ધાર્મિક કોમો—ફકીરો

ધાર્મિક કોમોમાં મુખ્ય ફકીરો છે. તેમનામાં જુદા જુદા વર્ગ અથ જમાતો હોય છે. ભિક્ષાવૃત્તિ આદરતી આવી લગભગ સઘ કોમો રખડતી જિંદગી ગાળે છે. તેમની જમાતોમાં હિન્દના લગભ બધા જ પ્રાન્તના અને દરેક જાતના માણસો હોય છે, પરં આ અપવાદરૂપે છે. ગુજરાતમાં, ફકીરોની મોટી સંખ્યા ગુજરાતીઓ ની જ છે. તેઓ ક્વચિત્ ગુજરાત બહાર જાય છે.

ભીખ માગનારા ફકીરોમાં સૌથી મોટો જથો નામ વિનાનો છે સુરતમાં મોટે ભાગે હલકા મોમના વણકરો, અમદાવાદમાં હલક મોમનાઓ, ઢેડ, વાઘરી અને મારવાડીઓ રાતદિવસ ઘેર ઘેર રખડી પૈસા, કાચું અનાજ અને રાંધેલું અન્ન ભેગું કરે છે. પૈસા તેઓ રાખે છે અને કાચું અને રાંધેલું અનાજ તેઓ કુંભાર અને ધોબીઓ તેમનાં ગધેડાં અને આખલાઓને ખવરાવવા વેચી દે છે.

બીજા સખીઓ(ઉદાર)ને વખાણી અને બખીલો(કંજૂસ)ને વખોડી ધૂમ મચાવે છે:

“ અલ્લાહ નામકા પેસા,
નબી નામની રોટી,
હસન નામકા કપડા,
દેવે, દિલાયે વો પાયેગા—
દૂનિયામાં દશ દશ,

આક્બતમેં સો દફા,
દેવે વો સખી,
ન દેવે વો મૂજી,
સખીસે નજીક અલ્લાહ,
સખી વો હબીબુલ્લાહ. ”

તેમનું વર્ગીકરણ :

આ નનામા, આળસુ ફકીરો સિવાય, સારા ફકીરોના મુખ્ય બે વર્ગ છે અને તેમની ૧૦ જમાતો છે. ઇસ્લામની શરીઅતની અવગણના કરનારો “બે-શર્રા,” અને શરીઅતને અનુસરનારા “બા-શર્રા” કહેવાય છે.

બેશર્રા ફકીરોને ઓરતો, કુટુંબો કે ઘરબાર હોતાં નથી. તેઓ શરાબ પીએ છે, રોજા રાખતાં નથી, નમાઝ પઢતા નથી અને નીતિ પાળતા નથી. ઘણાખરા બેશર્રા ફકીરો “સૂફી” શબ્દનો અર્થ પણ સમજ્યા વિના પોતાને ‘સૂફી’ કહેવડાવે છે અને પોતે ‘સૂફી’ હોવાનો ડોળ રાખે છે.

બા-શર્રા ફકીરો ઘરબારી અને કુટુંબવાળા હોય છે, તેઓ શરીઅતના નિયમો પાળે છે, નમાઝ પઢે છે, રોજા રાખે છે તથા સંઘમાં ઇસ્લામી કાનૂનોને અનુસરે છે.

તેમની દરેક જમાતમાં સાધારણ રીતે ત્રણ આગેવાનો હોય છે. તે પૈકી એક સૌનો ઉપરી હોય છે. તેને ‘સર-ગિરોહ’—જમાતનો મુખી કહે છે. તે આખી જમાત ઉપર અધિકાર ભોગવે છે. બધાની કમાઈમાંથી તેને ભાગ આપવામાં આવે છે. બીજા તેના હાથ નીચે કામ કરે છે. તેમાં એક ‘ઇઝની’— ‘ઇઝન’—આમંત્રણ, ‘નોતરિયો’વા

'નકીબ' કહેવાય છે, તે જમાતના માણસોને ચેલા-મુંડન, લગ્ન અને મરણ પ્રસંગોએ ભેગા કરે છે. બીજો 'ભંડારી' હોય છે, તે જમાતનાં નાણાંની વ્યવસ્થા કરે છે. તેની ફરજ ફકીરોની જમાત ભેગી થાય ત્યારે ચલમ-પાણીનો બંદોબસ્ત કરવાની હોય છે.

ફકીર થવાની વિધિ :

ફકીરોમાં બે વર્ગ હોય છે: તેઓ ગુરુ (મુરશિદ) અને શિષ્ય (ખાદિમો—ખિદમત કરનારા) કહેવાય છે. દરેક નવો ફકીર એક મુરશિદનો ખાદિમ થાય છે. મુરશિદ ચેલા-મુંડનની વિધિ યોગ્ય રીતે થાય છે કે કેમ તેની દેખરેખ રાખે છે. ચેલાના માથાના વાળ ઉતરાવી તેને સ્નાન કરાવવામાં આવે છે. તેની જમાતના અગાઉના મુખીઓનાં નામ તેને શીખવવામાં આવે છે. તેને તે બધા મુખીઓને માન આપવાનું વચન આપવું પડે છે. તેને પહેરવાનાં અમુક કપડાં આપવામાં આવે છે. તેનું નવું નામ પાડવામાં આવે છે. તેને સલામ કરવાની નવી રીત શીખવવામાં આવે છે. તેને ચોરી નહીં કરવા, જૂઠું નહીં બોલવા અને વ્યભિચાર નહીં કરવા સોગંદ આપવામાં આવે છે અને ફકીર તરીકે કોઈ પણ ધંધો કરી હલાલ રોજી કમાવા તેને કહેવામાં આવે છે. છેવટે, ચેલા-મુંડનની મિજબાની બરાબર થાય છે કે કેમ તે મુરશિદને જોવાનું હોય છે.

દરરોજ સાંજે, નવો ચેલો પોતાની તે દિવસની કમાણી 'સર-ગિરોહ' પાસે રજૂ કરે છે. તે તેમાંથી પોતાને માટે થોડું લે અને ભંડારીના ખર્ચનો ભાગ કાઢી બાકીનું તે ચેલાને પાછું આપે છે. તે રકમ તે ચેલો પોતાના મુરશિદ પાસે લઈ જાય છે, મુરશિદ ખાદિમને થોડી રકમ તેના ખિસ્સાખર્ચ માટે આપે છે અને બાકીની પોતાને માટે રાખે છે. જ્યાં સુધી મુરશિદ હયાત હોય છે ત્યાં સુધી

ચેલો તેનો ખાદિમ ચાલુ રહે છે. પરંતુ મુરશિદ ખુદાની રહમતે પહોંચે ત્યારે એ જમાતનો સૌથી વડો ખાદિમ મુરશિદ થાય છે અથવા મુરશિદનો પુત્ર હોય તો તે પુત્ર અને વડો ખાદિમ તેમના મુરશિદના ખાદિમો પોતાનામાં બે ભાગમાં વહેંચી લે છે.

ફકીરોની દશ જમાતોમાંથી બે, અબ્દાલી અને નક્શબંધી શરીયત પાળનારા બા–શર્રા વર્ગમાંથી છે. બાકીના આઠ—બેનવા, હીજડા, હુસેની બ્રાહ્મણો, કલન્દર, મદારી, મૂસા સુહાગા, રફાઈ અને રસૂલ-શાહી શરીઅત નહિ પાળનારા બે–શર્રા વર્ગમાંથી છે.

પ્રકરણ ૨૨

બાશર્રા ફકીરો

૧. અબ્દાલી :

અબ્દાલીને દફ નામનું વાજું વગાડનારા 'દફાલી' વા 'ફદાલી' પણ કહે છે. તેઓ આખા ગુજરાતમાં નાની નાની સંખ્યામાં મળે છે. તેઓ ઉર્દૂ બોલે છે અને ડંફા નામનું એક છેડાવાળું વાજું વગાડતા અને દીની કવ્વાલિઓ ગાતા, અલ્લાહ નામે ભીખ માંગે છે. ભૂત, પલીત અને જીન કહાડનારા ભૂવાઓને જે પ્રકારની ગઝલો ભૂત અને જીન કહાડવામાં જોઈએ તેવી ગઝલો ગાવાનો તેમનો મુખ્ય ધંધો હોય છે.

તેઓ શરીઅત પાળનારા વર્ગના હોવાથી, તેઓ પરણે છે અને તેમનામાંના કેટલાક સ્થાયી ઘરબાર કરી રહેલા, સુખી સ્થિતિના હોય છે. તેઓ ઝાઝા ધાર્મિક વૃત્તિવાળા હોતા નથી અને તેમનામાં જૂનું કોમી બંધારણ હોય છે.

ઉત્તર ગુજરાતમાં, શહેરો અને ગામડાંમાં મુસલમાનોનાં મકાનો ઉપર અબ્દાલીઓનો બાંધેલો કરવેરો હોય છે. તે કર તેઓ કેટલીક વખત અનાજમાં અને કેટલીક વખત પૈસામાં ઉઘરાવે છે. તે કર આઠ આનાથી બે રૂપિયા સુધીનો હોય છે.

૨. નક્શબંધી :

'નક્શ' (નિશાની) બનાવનારા નક્શબંધી ફકીરો આખા ગુજરાતમાં નાની નાની સંખ્યામાં મળે છે. તેઓ ખ્વાજા બહાઉદ્દીન

નક્શબંધ (૧૩૮૯) નામના પીરના અનુયાયી મળે છે. તેઓ હિન્દુસ્તાની બોલે છે. તેઓ માથું ખુલ્લું રાખે છે. તેઓ માથાના વાળ તથા દાઢી વધારે છે અને તે બન્ને તેઓ બરાબર હોળીને રાખે છે. તેઓ લાંબાં બાંયો વિનાનાં અને સીવ્યા વિનાનાં કુરતાં (લાંબા પહેરણ) પહેરે છે. તેઓ કાળી અથવા રાતી સુરવાળ અને જોડા પહેરે છે.

વરસાદ અથવા પવનથી ના હોલવાય તેવો પિત્તળનો ખુલ્લો, જાડી દીવેટવાળો બળતો દીવો હાથમાં લઈ, તેમના પીરની તારીફ ગાતા, તેઓ અકેક જણ ફરે છે. ઈરાનના બુવૈહ અથવા બુવૈહિદ વંશની સર્વોપરી સત્તાના સમયમાં, બગદાદના ખલીફાઓના દરબારમાં, શીઆ પંથની ઉન્નતિના સમયમાં, આશરે હિ. ૩૩૩=ઈ. સ. ૯૪૬ના અરસામાં, ઈરાન અને તાતારીમાં મજુસી પંચતત્ત્વની પૂજાને નવું જીવન આપવાના પ્રયાસના અવશેષરૂપે નક્શબંધીઓનો અગ્નિ પ્રત્યેનો પૂજ્ય ભાવ હોવાનું કહેવાય છે. નાનાં છોકરાં નક્શબંધોનાં શોખીન હોય છે—તેથી તેઓ મોટી સંખ્યામાં તેમને પૈસા આપવા નીકળી પડે છે. બદલામાં આ ફકીરો તેમના નામ પ્રમાણે, પૈસા આપનાર છોકરાંનાં કપાળ ઉપર નિશાનીઓ કરે છે.

તેઓ શાન્ત, સદ્વર્તનવાળા અને ડરેલ હોય છે. તેઓ શરીઅત પાળનારા વર્ગના હોવાથી, ઘરબાર અને કુટુંબોવાળા હોય છે.

તેઓ મઝહબે સુન્ની છે. તેમનામાં કોઈ ખાસ રિવાજો નથી. તેઓ એકલદોકલ ફરે છે. તેથી તેમનામાં જમાતી બંધારણ નહિ જેવું હોય છે. તેમને ચેલાઓ સહેલાઈથી મળે છે. તેઓ એકંદરે સુખી હાલતમાં હોય છે.

———

પ્રકરણ ૨૩

બેશર્રા ફકીરો

૧. બેનવા :

શરીઅત નહિ પાળનારા 'બેનવા' ફકીરોને 'મુફલિસ' અ 'અલિફશાહી' પણ કહે છે. 'અલિફ' અરબી મૂળાક્ષરો સૌથી પહેલો અક્ષર છે. વળી તે 'અલ્લાહ' નામમાં પણ પહેલો અ છે. તેથી એક અલ્લાહ સૂચક નિશાની તરીકે, તેઓ તેમનાં કપાળ ઉ નાક સુધી પહોંચતી 'અલિફ' આકારની નિશાનીની લાંબી ઊભી લી દોરે છે. તેઓ નાની નાની સંખ્યામાં આખા ગુજરાતમાં મળે છે.

તેઓ મુસલમાનોના ઘણા વર્ગોમાંથી હોય છે. તેથી તેમના શારી દેખાવમાં નોંધવા જેવાં કોઈ ખાસ લક્ષણો હોતાં નથી. તે હિન્દુસ્તાની બોલે છે. તેઓમાંથી ઊંચી, ઈરાની જેવી ઊનની ટો ખડબચડું બાંયો વિનાનું અને સીવ્યા વિનાનું લાંબુ પહેરણ અ ડોકમાં 'સેલી' નામની મણકાઓની લાંબી માળાઓ પહેરે છે. તે ગાતાબજાવતા નથી, પરંતુ પાંચદશની ટોળીઓમાં તેઓ અલ્લા નામે માગતા ફરે છે. તેઓ પૈસા, અનાજ અને કપડાં લે છે. છતાં તેમ રાંધેલું અનાજ આપવામાં આવે છે તો તેઓ ત્યાં જ બેસીને ખાય તેઓ જોકે મિતાહારી નથી, છતાં શાન્ત અને વિવેકી હોય છે.

તેઓ નામના સુન્ની પણ શરીઅત નહિ પાળનારા ફકીરો તેમનામાં કોઈ ખાસ રિવાજો નથી. તેઓ ફકીરોના આખા સમૂ સામાન્ય રીતે પળાતા બિરાદરીના નિયમો પાળે છે. દરેક ગામ

તેમનામાંથી ચૂંટેલો, તેમનો એક ભંડારી હોય છે. તેમનામાંનો દરેક જણ તે ભંડારીને પોતાની સઘળી કમાઈ આપે છે; અને ભંડારી તે ફકીરને ખર્ચ માટે જે કંઈ પાછું આપે તે સિવાય બાકીની રકમ ભંડારી તેમની જમાતના મુરશિદને મોકલી દે છે. જ્યારે કોઈ ફકીર તેમની જમાતમાં નવો ખાદિમ થાય છે, ત્યારે મુરશિદ પાસે ભેગી થયેલી રકમમાંથી તેમની જમાતને જમણ આપવામાં આવે છે. છેલ્લાં થોડાં વરસોમાં તેમની સંખ્યા ઘટી ગયેલી છે. હવે તો તેઓ બની શકે તેટલી કેળવણી લઈ નોકરીઓ કરે છે.

૨. કલંદરો :

'કલંદર' અરબી શબ્દ છે. તેનો અર્થ 'દરવીશ'—આવું થાય છે. આ શબ્દની ઉત્પત્તિ "કાલા અંદર આ." તેણે કહ્યું "અંદર આ છે." આ વિષે એવું કહેવામાં આવે છે કે એક વખતે એક માણસ જંગલમાં ગયો. ત્યાં કેટલાક કલંદર ફકીરો હતા. એક ફકીર તે માણસ તંબૂમાં લઈ ગયો અને તેણે તેનું માથું, ભવાં, દાઢીમૂછ મુંડી નાખ્યાં, પછી તે માણસ શહેરમાં ગયો. તેના મિત્રોએ તેને પૂછ્યું કે તેં આ શું કર્યું ? તેણે જે હકીકત બની હતી તે કહી. તેથી તેની આ દશા થઈ. આખા ગુજરાતમાં તેઓ નાની નાની સંખ્યામાં મળે છે. તેઓ હિન્દુસ્તાની બોલે છે અને ગરીબ મુસલમાનો જેવાં કપડાં પહેરે છે. તેઓ ભીખ માગતા સ્થળે સ્થળે ભટકે છે. તેઓ ઘણાં મજબૂત બાંધાના હોય છે. તેમને ભીખ નહિ આપનારને તેઓ ઘણા હેરાન કરે છે. તેઓ આખા શરીરના વાળ લેવડાવે છે. આંખની ભ્રમરો કાતરેલી રાખવી, એ એમનો એમના પંથમાં દીક્ષા લેતી વખતનો સાથી અગત્યનો ક્રિયાકાંડ છે.

વડોદરામાં પાણી દરવાજા બહાર એક કલંદરી ફકીર, તેણે બનાવી

લીધેલા તકિયા(મઠ)માં રહે છે. તે ચમત્કારી હોવાનું કહેવાય પણ લેખકના તેના અનુભવ પ્રમાણે, તેનામાં ઢોંગનું પ્રમાણ વધુ જોવામાં આવે છે. તે અને તેના અનુયાયીઓ, જેઓ મોટે ભાગે હિન્દુઓ છે અને તેમાં સ્ત્રીઓ પણ છે, તેઓ આખા વખત ચ… પીતા જોવામાં આવે છે.

૩. મદારીઓ :

'મદારી' નામ શામ(સીરિયા)ના બ્રહ્મચારી પીર હ… બદીઉદ્દીન મદારશાહના નામ ઉપરથી પડેલું છે. તેમનો જ… સીરિયામાં એલેપ્પોમાં થયેલો હતો. તેઓ હિન્દમાં સુલ્તાન ઇબ્રાહીમ શર્કીના અમલ દરમ્યાન આવ્યા હતા. તેમનું અવસાન ઈ. સ. ૧૪૩૩ કાનપુર પાસે મકનપુરમાં થયું હતું. તેમનો રોજો શાહ ઇબ્રાહીમ બંધાવ્યો હતો. 'કાનૂને ઇસ્લામ' માં જણાવ્યા પ્રમાણે, તેઓ તે… રોજામાં હજી હયાત છે.

આ ફકીરો આખા ગુજરાતમાં જ્યાં ત્યાં નાની નાની સંખ્યામાં મળે છે. તેઓ હિન્દુસ્તાની બોલે છે. તેઓ ગરીબ મુસલમાનો જે… કપડાં પહેરે છે. લોકો તેમને જલ્દી ભીખ આપે માટે તેઓ … સાંકળ ખેંચતા અથવા પગ ઉપર ચાબૂક મારતા ફરે છે. બીજા… માંકડાં અથવા રીંછના ખેલ કરે છે અથવા દોરડાં ઉપર નટ મા… નાચે છે.

તેઓ નામના સુન્ની હોય છે કારણ કે તેઓ શરીઅત પાળ… નથી. તેઓ કજિયાખોર, જક્કી અને કાછડીછૂટા હોય છે. તે… સ્ત્રીઓ અને છોકરાં હોય છે, છતાં તેઓ ઘરબાર વિનાના હોય… ભીખ માગવા માટે અક્કેક, બબ્બે કે ત્રણ જણની ટોળીઓમાં ફરે… તેમની જમાતનું બંધારણ સારું હોય છે તેથી તેમની સં… ઘટતી નથી.

૪. મૂસા સોહાગ :

આ નામના ફકીરો હ. મૂસા ' સોહાગ ' (રહ.) નામના પીરને માનનારા અને ' સૌભાગ્ય ' વતી સ્ત્રીઓનાં કપડાં પહેરનારા આખા ગુજરાતમાં કોઈ એકાદ મળે છે.

આ પીર અમદાવાદમાં સુલ્તાન મહમૂદ બેગડાના સમયમાં થયા હતા, એમ કહેવાય છે કે એક વખત અમદાવાદમાં ચાલુ થોડાં વરસ દુકાળ પડ્યો હતો તેથી સુલ્તાને પોતાના પીર હ. શાહ આલમ સાહેબ(રહ)ને વરસાદ માટે અલ્લાહ પાક પાસે દુઆ કરવા અરજ કરી હતી, પરંતુ હ. શાહ આલમ સાહેબ એ માટે વધારે કારગર દુઆ હ. મૂસા સોહાગની થશે, એમ સૂચવ્યું હતું. પરંતુ આ પીર જાહેરમાં રહેતા નહોતા. તેઓ સ્ત્રીનાં કપડાંમાં હીજડાઓના અખાડામાં રહેતા હતા. જેમ સ્ત્રી પોતાના સ્વામીની સેવા કરે છે, તે રીતે જ આપણે અલ્લાહ પાક પર દિલો-જાનથી ફિદા રહેવું જોઈએ, એ માન્યતાથી તેઓ હંમેશાં સૌભાગ્યવતી સ્ત્રી પહેરે તેવાં કપડાંમાં રહેતા હતા. હ. શાહ આલમ સાહેબે હ. મૂસા સોહાગનો પત્તો આપવાથી બેગડાએ તેમને શોધી કાઢ્યા હતા. તેમણે પહેલાં તો આવી દુઆ કરવાનો ઇન્કાર કર્યો હતો, પરંતુ સુલ્તાને રૈયતની મુસીબતોનો તેમને ખ્યાલ આપવાથી તેમણે તેમ કરવા હા પાડી હતી.

સાબરમતીના રેતાળ પટમાં, સુલ્તાન અને માનવમેદની વચ્ચે તેમણે વરસાદ માટે દુઆ કરી હતી; તરત જ વરસાદ પડવો શરૂ થયો હતો.

લોકો તેમને હેરાન કરે નહીં તે માટે હ. મુસા સોહાગ ત્યાંથી તરત જ નાસી છૂટ્યા હતા. બેગડો પણ પાછળ ગયો હતો. હાલ તેમનો રોજો છે ત્યાં (દિલ્હી દરવાજા બહાર) તેઓ જમીનમાં સમાઈ ગયા હતા.

બેગડાએ ત્યાં ખોદવા હુકમ કર્યો હતો. એટલે હ. મુસા સોહાગે પોતાનું માથું એ ઓરડામાં બીજે ખૂણે બહાર કાઢયું હતું અને વળી પાછા જમીનમાં ઊતરી ગયા હતા. બેગડાએ એ બીજી જગ્યાએ ખોદવા કહ્યું એટલે તેમણે ત્રીજે ખૂણે માથું બહાર કાઢી ફરીથી તેઓ જમીનમાં ઊતરી ગયા હતા. આ પ્રમાણે ચાર જગ્યાએ તેમને ખોદવું પડયું હતું, પણ તેઓ માથું બહાર કાઢી અંદર ઊતરી જતા હતા. પાંચમી વખત તેમણે એ કમરા બહાર માથું બહાર કાઢયું અને ફરમાવ્યું હતું કે હવે બસ કરો, તેથી બેગડાએ એ પાંચે જગ્યાઓએ ફૂલ ચઢાવ્યાં હતાં.

આ લેખકે આ પીરનો રોજો વરસો પહેલાં જોયો હતો ત્યારે મૂળ સ્થિતિમાં, રોજાને ચાર ખૂણે ચાર ગોળ કબરો અને પાંચમી એવી જ કબર કમરા બહાર હતી. પરંતુ હવે એ રોજો અમદાવાદ સુન્ની મુસ્લિમ વકફ કમિટીના વહીવટમાં આવેલો છે, તેથી તેમાં 'સુધારો' કરી, રોજાની અંદર ચાર લાંબી, સામાન્ય રીતે મુસલમાનોની કબરો હોય છે તેવી, સુંદર રંગબેરંગી ટાઈલ્સ જડીને સુશોભિત બનાવી છે. રોજા બહારની કબર સાદી રાખી છે.

આ પીર સ્ત્રીના પહેરવેશમાં રહેતા, તેથી મોટે ભાગે સ્ત્રીઓ તેમની માનતાઓ માને છે. અને પુત્રપ્રાપ્તિ માટે દુઆ માગે છે. પહેલાં આ રોજા બહાર એક ચંપાનું મોટું ઝાડ હતું. તેના ઉપર માનતા માનનારી સ્ત્રીઓ બંગડીઓ ચઢાવતી હતી. બંગડી કોઈ ડાળીમાં ભરાઈ રહે તો દુઆ ફળશે, એમ તેઓ માનતી હતી. આ ચંપાનું ઝાડ પણ સમય વીતતાં હવે સુકાઈને તૂટી ગયેલું છે; છતાં હજી જૂની માન્યતા પ્રમાણે પાસેના એક બીજા ઝાડ ઉપર તેવા જ અખતરા કરવામાં આવે છે. જૂનું ચંપાનું ઝાડ તેના પૂરબહારમાં આ લેખકે જોયેલું હતું.

આ પીરના અનુયાયી ફકીરો પહેલાં તેમના પીરના જીવનને અનુસરીને સ્ત્રીનાં કપડાં પહેરતા હતા. હવે તેમાં પણ 'સુધારો' થયો છે, હવે તેઓ પુરુષોનાં જ કપડાંમાં રહે છે. માત્ર હાથમાં શીખ લોકો પહેરે છે, તેવું એકાદ લોઢાના વાળાનું કંકણ પહેરેલું રાખે છે. "સાપ ગયા અને લીસોટા રહ્યા." છતાં આ સંપ્રદાયમાં ફકીરો હજી દાઢીમૂછ રાખતા નથી, એટલો 'લીસોટા' તેઓ જાળવી રહ્યા છે અને સ્ત્રી-સ્વાંગ કાઢી નાખ્યા છતાં, હજી તેઓ જીવનભર અપરિણીત રહે છે, એટલા પૂરતી યાદગીરી તેઓ જાળવી રહ્યા છે.

આમ જીવનભર અપરિણીત રહેવાનું સામાન્ય રીતે અરુચિકર હોવાથી આ જમાતમાં નવા ચેલા બહુ ઓછા મળે છે. તેથી તેમની સંખ્યા ઘટતી જાય છે. તેમનામાં જમાતનું બંધારણ નથી.

૫. રફાઈઓ :

રફાઈ અર્થાત્ 'શરીફ' (ખાનદાનવાળા) ફકીરોને 'મ્હોફોડા' અથવા 'મ્હોચીરા' પણ કહે છે. તેઓ આખા ગુજરાતમાં મોટી સંખ્યામાં મળે છે. તેઓ હ. સૈયદ અહમદ કબીર (રહ.)ના અનુયાયીઓ છે. તેઓ હિન્દુસ્તાની બોલે છે. તેઓ ધોતી પહેરે છે તે સિવાય તેમનાં બીજાં કપડાં હલકા મુસલમાન વર્ગના જેવાં હોય છે.

તેઓ ભીખ માગતા ફરે છે ત્યારે તેઓ જમણા હાથમાં લોઢાનો બાર ઇંચ લાંબો, નીચેથી તીક્ષ્ણ અણિવાળો અને મથાળે નાની નાની લોઢાની અનેક સાંકળીઓવાળો 'ગુર્ઝ' ખખડાવતા ફરે છે. જો કોઈ તેમને ભીખ આપવામાં ઢીલ કરે છે તો તેઓ તેમના ગુર્ઝની અણિવાળો ભાગ પોતાના ગળા કે આંખ પાસે મારે છે. દેખીતી રીતે તેમને કઈ ઇજા થતી જણાતી નથી. તેઓ અલ્લાહના નામે

ભીખ માગે છે. તેઓ ભીખ માગવામાં બહુ જક્કી હોય છે. તે
તેઓ લોકોને બહુ હેરાન કરે છે. તેઓ કેફી વસ્તુઓના શોખીન છે
છે. છતાં તેમનામાંથી ઘણા થોડા દારૂ પીએ છે.

તેઓ સુન્ની હોય છે પરંતુ શરીઅત પાળતા નથી. કેટલાક
શરીઅતને અનુસરે છે અને પરણે છે. તેમના છોકરા બાપનો ધંધો
અંગીકાર કરે છે. છોકરીઓ બીજા ફકીરોમાં પરણે છે. તેઓ
તરીકે ગરીબ છે.

૬. રસૂલશાહી :

રસૂલુલ્લાહ : અલ્લાહના પયગમ્બરના આ અનુયાયીઓ કહેવડાવતા ફકીરો "મસ્તાન" તરીકે વધારે ઓળખાય છે. તેઓ આખા ગુજરાતમાં થોડી થોડી સંખ્યામાં મળે છે. તેમના દેખાવમાં કોઈ વિશેષતા નથી. તેઓ હિન્દુસ્તાની બોલે છે. તેઓ ઝાઝાં કપડાં પહેરતા નથી. માત્ર લાંબુ પહેરણ અને લુંગી (કાછડી વાળ્યા વિનાની ધોતી) પહેરીને તેઓ સંતોષ માને છે. તેઓ હાથમાં લાકડાનો મોટો ડંડો લઈને ફરે છે અને ભીખની કમાણી દારૂ પીવામાં ખર્ચે છે. તેઓ લફંગા હોય છે અને લોકોને ઘણા હેરાન કરે છે. તેમને ઘરબારી બૈરાં હોતાં નથી. તેમની સંખ્યા નાની છે. તેમની જમાતનો મુખી હોય છે, છતાં તેમનામાં બંધારણ જેવું કંઈ હોતું નથી.

૭. ફકીરોમાંથી અમલદારો :

ફકીરો પણ હવે જમાનાને ઓળખી, ઘરબારી અને કેળવણી લેતા પણ થયા છે. કીમિયો હલકી ધાતુને પણ સોનું બનાવે છે. તે ધોરણે તેમનામાંથી અંગ્રેજી કેળવણી લઈ, ગ્રેજ્યુએટો (બી. એ.) થનાર ત્રણ વ્યક્તિઓ આ લેખકની જાણમાં છે. પાશ્ચાત્ય કેળવણીને પરિણામે

પછાત કોમ હોવાનો લાભ લઈ, તેઓ ઊંચે દરજ્જે ચઢી શક્યા છે. તે પૈકી સૌથી ઊંચો દરજ્જો મેળવનાર, ખેડા જિલ્લાના કપડવંજના વતની, મી. મોહમ્મદી પોસ્ટખાતામાં દાખલ થઈ વડોદરા સરકલના સુપ્રિ. ઑફ પોસ્ટ ઑફિસના હોદ્દા ઉપર લાંબા સમય ગાળી, બોમ્બેના ડેપ્યુટી પોસ્ટમાસ્ટર જનરલના હોદ્દા ઉપરથી નિવૃત્ત થઈ, હાલ અમદાવાદમાં રહે છે. બીજા બે ભાઈઓ, એ પણ ખેડા જિલ્લાના કડલાલના વતની, એક મોહમ્મદશા સાંઈ રેવેન્યુ ખાતામાં દાખલ થઈ, મામલતદાર સુધી પહોંચ્યા છે અને બીજા અહમદશાહ સાંઈ કેળવણી ખાતામાં દાખલ થઈ ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેકટર અને ટ્રેનિંગ કૉલેજમાં આસિ. માસ્તર થયા છે. બન્ને ભાઈઓ હજી સર્વિસમાં ચાલુ છે અને હજી વધારે ઊંચે દરજ્જે પહોંચવાની આશા રાખે છે. મુસલમાનની અન્ય કોમોએ આ દાખલા ધ્યાનમાં લેવા જેવા છે. બાપદાદા ' સમશેર બહાદુર ' હતા, એ ખોટું આશ્વાસન હવે છોડી દેવું જોઈએ, અને શરતની દોડમાં સૌની સાથે દોડવા માંડવું જોઈએ. ' હિમ્મતે મર્દા તો મદદે ખુદા .'

૮. હીજડાઓ :

એમનું વર્ણન ઉપર પ્રકરણ ૧૨માં આવી ગયેલું છે.

૯. હુસેની બ્રાહ્મણો :

ઉપર કહ્યા પ્રમાણે, આ વર્ગને હિન્દુ કહેવો કે મુસલમાન, તે અટપટો સવાલ છે. તેઓ પોતાને અથર્વવેદના અનુયાયીઓ કહેવડાવે છે. તેમ છતાં, તેઓ ઇસ્લામના હઝરત પયગમ્બર સાહેબ(સલ.)ના નવાસા (દૌહિત્ર) હ. ઇમામ હુસેન(રહ.)ને નામે તેઓ ભીખ માગે છે. તેથી તેમને ' હુસેની ' કહેવામાં આવે છે. તેમણે ધર્મ તરીકે ઇસ્લામ સ્વીકારેલો હોતો નથી; છતાં ઇસ્લામના જે સિદ્ધાંતો હિન્દુ ધર્મની

વિરુદ્ધ હોતા નથી, તે તેઓ પાળે છે. તેમનું મુખ્ય મથક અજમે… છે. થોડા ઘણા વડોદરા અને અમદાવાદમાં પણ વસે છે. તેમના… ધર્મગુરુને, તેમના ગળાની આજુબાજુ ફરતી એક કુદરતી… લીટીની નિશાની હોય છે. આવી નિશાની ૨૫-૩૦ના વર્ષના ગાળ… ફક્ત એકાદબે જણને જ હોય છે. તે ગોળ પટ્ટો જાણે ગુલાબી રં… હાર પહેર્યો હોય તેમ લાગે છે. કેટલીક જગાએ તે વધારે ચકચકિત… કેટલીક જગાએ તે ઝાંખો હોય છે, પરંતુ એકંદરે તે કુદરતી દેખા… આવી નિશાનીવાળા ગુરુના મૃત્યુ પછી, એવી નિશાનીવાળા… માણસની શોધ કરી, તેને મુખ્ય ધર્મગુરુને સ્થાને સ્થાપે છે.

સરખાવો—તિબેટમાં એક લામાના ગુજર્યા પછી તેના નવા… અવતારની શોધ કરવામાં આવે છે.

ગુજરાતની તેમની શાખાનું સદર સ્ટેશન વડોદરામાં છે. ત્યાં… તેઓ તેમના પંથના અનુયાયીઓને ત્યાં બક્ષિસો અને ફાળા મેળ… જાય છે. તેમની પોતાની તવારીખ પ્રમાણે અમદાવાદના… બ્રાહ્મણો આઠદશ પેઢીથી ત્યાં જ રહે છે.

ઘરમાં તેઓ હિન્દુસ્તાની બોલે છે. ગાયના ગોસ્ત સિવાય બી… બધો માંસાહાર તેઓ કરે છે, પરંતુ તેમ તેઓ ગુપ્ત રીતે કરે છે… તેઓ અફીણ અને ભાંગ વાપરે છે, પરંતુ દારૂનો નિષેધ કરે છે.

ભિક્ષાવૃત્તિ ઉપરાંત તેઓ જ્યોતિષ અને સામુદ્રિકમાંથી આજીવિ… મેળવે છે. ગ્રહદશા જોવામાં તેઓ પ્રવીણ મનાય છે. તેઓ ઘણા સુખ… સ્થિતિના હોય છે.

પુરુષો મુસલમાનો જેવાં અને સ્ત્રીઓ હિન્દુઓ જેવાં કપ… પહેરે છે.

તેઓ અજમેર શરીફના પીર હ. ખ્વાજા મુઇનુદ્દીન ચિશ્તી (રહ.)-ને માને છે. તેઓ હિન્દુ તેમ જ મુસલમાની રિવાજો પાળે છે.

હિન્દુ રિવાજોમાં તેઓ કપાળે તિલક કરે છે અને છોકરાંનાં નામ હિન્દુઓ જેવાં પાળે છે. તેઓ મુસલમાનો માફક સુન્નત કરાવતા નથી, પરંતુ રમજાનના રોજા રાખે છે. તેમનો જ ગોર તેમની લગ્નક્રિયાઓ કરાવે છે. તે સિવાય તેમના બાકીના રિવાજો ઇસ્લામી હોય છે.

તેમની એક શાખા દક્ષિણમાં પણ છે; ત્યાં તેમને 'સહદેવ જોશી' કહે છે.

પ્રકરણ ૨૪

સૂફીઓ

સૂફીઓ ઉચ્ચ કક્ષાના ફકીરો છે; જોકે આજકાલ 'સૂફી' ઉપ[ના]મ એટલું સસ્તું થઈ ગયું લાગે છે કે ગમે તે ફકીર પોતાને એ ન[ામે] ઓળખાવવાનો ધંધો કરે છે. પરંતુ સાચા સૂફીઓ મૂક હોય છે.

'સૂફ'—ઉનનું કપડું, એ ઉપરથી તેમને 'સૂફી' કહેવામાં આ[વે] છે કારણ કે તેઓ મોટે ભાગે ઉનનાં કપડાં પહેરે છે. 'સાફ'—અ[ર્થ] સ્વચ્છ, પવિત્ર, એ પણ એમના ઉપનામની એક વ્યુત્પત્તિ મનાય[છે] કારણ કે તેમનાં જીવન પવિત્ર હોય છે.

સૂફીઓ કુરઆનના ફરમાનો અને હદીસોમાં તેમાં કરે[લા] ખુલાસાઓનું સતત ચિંતન–મનન કરી, સ્વતંત્ર રીતે તેનો અ[ર્થ] કરે છે. તેઓ નિરંતર અલ્લાહના રટણમાં જ મસ્ત રહેતા હોવાથી કેટલીક વખત તેઓ શરીઅતે નિર્માણ કરેલી પાંચ વખતની નમા[ઝ] વગેરે ઇસ્લામની પાયારૂપ મનાતી ફરજોમાંથી પોતાને મુક્ત માને છે જોકે સર્વોચ્ચ કક્ષાના સૂફીઓ શરીઅતનું ચુસ્ત રીતે પાલન કર[તા] હોય છે. હ. ઇમામ ગઝાલીએ સૂફીવાદને ઇસ્લામને અનુકૂળ બનાવવા[માં] મુખ્ય ભાગ લીધેલો છે.

ફકીરોની માફક તેમના પણ અનેક પેટાવર્ગો છે.

૧. કાદરિયા—હ. પીરાનપીર અબ્દુલ કાદિર જીલાની (રહ.)ના અનુયાયીઓએ પેટાવર્ગ ઈ. સ. ૧૧૬૬માં શરૂ કર્યો હતો.

૨. **નક્શબંધી**— હ. બહાઉદ્દીન નક્શબંધના નામ ઉપરથી આ પંથ ૧૩૮૯માં શરૂ થયો હતો. આ પીર વિશે વધારે વિગત માટે ઉપર નક્શબંધી ફકીરોનું વર્ણન જુઓ.

૩. **બદવી**—હ. અહમદ અલી બદવી(૧૨૭૪)ના નામ ઉપરથી આ પંથ ઉપસ્થિત થયેલો છે. આ પંથનો વિશેષ પ્રચાર મિસરમાં છે. ત્યાં તેનું કેન્દ્ર ઉત્તર મિસરમાં તંતામાં છે.

૪. **બેકતાશી**—આને સૂફી પંથની શાખા કહેવા કરતાં, તેમને એક અલગ કોમ કહેવી વધારે વાસ્તવિક છે. તેઓ સોળમી સદી પહેલાં 'જાનનિસાર'—'પોતાનો જાન ફિદા કરનાર' તરીકે જાણીતા હતા. તેમના મૂળ સિદ્ધાંતો હજી પણ પૂરા સમજાયા નથી, પરંતુ જ્યાં સુધી તેનો પત્તો મળી શક્યો છે ત્યાં સુધી તે 'અલી ઇલાહી' અને બીજા શીઆપંથી ઉદ્દામવાદીઓ સાથે સંકળાયેલા છે. જાનનિસારોને હલાકુખાને ૧૨૫૭ના અરસામાં વિનાશ કર્યા પછી, તેઓ યુરોપ હિજરત કરી ગયા હતા, અને હજી એલબેનિયામાં તેમની હસ્તી હોવાનું માનવામાં આવે છે.

૫. **મૌલાઈ**— આ સૂફી શાયર મૌલાના જલાલુદ્દીન રૂમીએ સ્થાપેલો પંથ છે. તેમનું કેન્દ્ર સીરિયામાં કુનિયા—Iconiumમાં છે. તેમને 'ચક્કર ચક્કર ફરતા દરવીશો' કહે છે. સૂફી સંપ્રદાયના મહાન શાયરોમાં મૌલાના રૂમીની ગણના થાય છે. તેમણે ફારસીમાં લખેલી 'મસ્નવી'માં કુરઆનનું એટલું સચોટ સ્ફોટન કરવામાં આવેલું છે કે તેને "ફારસીમાં કુરઆન"ના માનવંતા નામથી નવાજવામાં આવે છે.

૬. **રફાઈ**—હ. અહમદ અર્ રિફાઈએ આ પંથ ૧૧૭૫માં શરૂ કર્યો હતો.

૭. **શાધીલી**—આ સંપ્રદાય સ્થાપનાર અલિફ અલ શા(
(૧૨૫૬) હતા. આ પંથ આફ્રિકામાં ચાલે છે. પંદરમી સદી
તેમનામાંથી Convulsionary 'ઇસાઈ', અથવા 'ઇસા
છૂટા પડયા હતા.

૮. **સત્તારી**—આ પંથ તેના સ્થાપક અબ્દુલ સત્તારના
ઉપરથી ૧૪૧૫માં શરૂ થયેલો છે.

૯. **સનૂસી**—આ પંથ ૧૮૩૭માં અલજીરિયાના શેખ
સનૂસીએ સ્થાપ્યો હતો. અરબસ્તાનમાં જેમ વહ્હાબીઓ રાજ
થયા છે, તેમ આ શેખના વંશજો સામરેનિહાના રણપ્રદેશમાં તે
રાજ્ય સ્થાપી શકયા છે.

નોંધઃ—સૂફીઓના વિશેષ વર્ણન માટે જુઓ આ જ લેખક
એપ્રીલ '૫૮ના "નવચેતન" માસિકમાં પ્રગટ થયેલો "સૂફીવાદ"
લેખ.

પ્રકરણ ૨૫

વેપારી વર્ગો

વેપારીઓના મુખ્ય પાંચ વર્ગો છે : વહોરાઓ, ખોજાઓ, મેમણો, દૂધવાળા અને કરાલીઆ. વહોરાઓ સુન્ની અને શીઆ બન્ને પ્રકારના છે. ખોજાઓ શીઆ છે. બાકીના ત્રણ સુન્ની છે. પાંચેમાં સૌથી અગત્યના પહેલા ત્રણ વર્ગો છે.

વહોરાઓ :

ગુજરાતના વહોરાઓમાં સૌથી માલદાર અને સૌથી આબાદ વર્ગ વેપારી વહોરાઓનો છે. વહોરાઓમાં બે પ્રકાર છે : સુન્ની અને શીઆ. સુન્ની વહોરાઓમાં સુરતી વહોરાઓ વેપારી વર્ગ છે; જ્યારે ભરૂચ જિલ્લાના 'કહાનમી' અને ચરોતર તથા ઉત્તર ગુજરાતના વહોરાઓ મુખ્યત્વે ખેડૂતો છે. કાઠિયાવાડ(સૌરાષ્ટ્ર)માં પણ સુન્ની વહોરાઓ છે. તેઓ પણ મોટે ભાગે ખેડૂતો જ છે. ઉપર કહેલા સુરત સિવાયના બીજા જિલ્લાઓના વહોરાઓમાં પણ જૂજ જૂજ વેપારીઓ હોય છે. પરંતુ તે નિયમ કરતાં અપવાદરૂપ ગણવા જોઈએ જ્યારે શીઆ વહોરાઓ બધા જ વેપારીઓ હોય છે. તેઓ ગુજરાતના બધા જ જિલ્લાઓમાં અને દરેક જિલ્લાના નાનાંમોટાં બધાં જ ગામોમાં ઓછીવત્તી સંખ્યામાં જોવામાં આવે છે.

આ ' વહોરા ' નામને કેટલીક વખત મારવાડ, રાજપૂતાના અને વાયવ્ય પ્રાન્તોમાં હાલ પણ વસતા હિન્દુ ' વહોરા ' સાથે જોડવામાં આવે છે. ગુજરાતમાં પણ નાગરો અને વાણિયાઓમાં ' વહોરા ' અટક

જોવામાં આવે છે. મિરાતે અહમદીમાં કહેલું છે કે પાટણના સોલ રાજાઓ—સિદ્ધરાજ, જયસિંહ અને કુમારપાળના સમયમાં શી દાઈઓ(ઉપદેશકો)એ જે બ્રાહ્મણો અને વાણિયાઓને ઇસ્લામ આણી, તેમના શીઆ પંથમાં ભેળવ્યા હતા, તેમની મૂળ અ 'વહોરા' હતી. તે તેમણે મુસલમાન થયા પછી પણ ચાલુ રા હતી. શીઆ પંથમાં શરૂમાં બ્રાહ્મણો પણ ભળ્યા હતા, તેનો જી જાગતો પુરાવો તેમની 'ત્રિવેદી', 'જાની', 'જોષી' વગેરે અ હજી પણ સિદ્ધપુર, રાજકોટ વગેરે સ્થાનોનાં શીઆ વહોરાઓ જળવાઈ રહી છે, તે તેની સ્પષ્ટ સાબિતી છે.

ગુજરાતમાં શીઆ વહોરાઓ કરતાં સુન્ની વહોરાઓની સંખ ઘણી મોટી છે, પરંતુ તેમનામાંના ઘણાખરા ગામડાંમાં અથ સાધારણ ગામોમાં રહે છે. તેઓ ખેતી કરે છે છતાં આબાદ છે.

ગુજરાતમાં આ પ્રમાણે, વહોરાઓના બે વર્ગ છે, તે સૂચવે છે શીઆ પંથ તેના ઉપદેશકોના પ્રયાસોથી અને સુન્ની પંથ રાજ સત્તાથી પ્રસરેલો હોવો જોઈએ.

પ્રથમ આવેલા શીઆ ઉપદેશકોને પાટણના સોલંકી રાજાઓ આદરમાનથી સત્કાર્યા હતા. તેથી તેમનો પ્રચાર મુખ્યત્વે પાટણ સિદ્ધપુર વગેરે તે વખતનાં મોટાં શહેરોમાં થયેલો હતો.

તેથી ગુજરાતના ઉચ્ચ મુસલમાન સૂબાઓ અને સુલ્તાનોનું હિત અને રાજકીય શ્રેય, શાન્ત પણ શરીરે અશક્ત જેવા વેપારીઓ કરતાં મહાલાતોમાં વસતા, સશક્ત ગામડીઆને ઇસ્લામમાં દાખલ કરવામાં સમાયલું હતું. આવા શહેરી અને ગામડીઆ વહોરાઓના બે અસંખ્ય વર્ગો ઉપરથી જણાય છે કે તે જમનામાં ગુજરાતની શસ્ત્રબદ્ધ પ્રજામાં

'ધારાળા' અને શસ્ત્રરહિત એમ બે મુખ્ય વિભાગ હતા. રજપૂત, કોળી વગેરે સૈનિક વર્ગોમાંથી થયેલા નવ-મુસ્લિમોને ઉચ્ચતા આપવા મુસલમાન સૂબાઓ અને સુલ્તાનોએ તેમને માટે 'મોલે સલામ,' 'મલેક' વગેરે ઉપનામો યોજ્યાં હતાં. મલેક = રાજા, મોલે સલામ = મૌલા એ ઇસ્લામ (ઇસ્લામના મુરબ્બીઓ) વગેરે માનવંતાં ઉપનામો હતાં જ્યારે વૈશ્ય અર્થાત્ વેપારી વર્ગોમાંથી થયેલા મુસલમાનોને 'વ્હોરા' ઉપનામ આપવામાં આવેલું હતું. તેથી બ્રાહ્મણો, કારીગરો, ખેડૂતો જેવી શસ્ત્રરહિત કોમોમાંથી થયેલા મુસલમાનો પણ તે જ ઉપનામ નીચે આવી ગયા હતા.

'કુમારપાળચરિત્ર'માં ઉલ્લેખ છે કે 'અણહીલવાડ અને બીરબોન્ગ(વીરમગામ)માં પુષ્કળ વહોરાઓ છે,' તેઓ ઇસ્માઈલી શીઆ વહોરાઓ હોવા જોઈએ, કારણ કે શીઆ ઉપદેશકોના પ્રચાર પછી તુરતનું જ—૧૨૫૯ના અરસાનું આ લખાણ છે.

મિરાતે અહમદીમાં નોંધ છે કે ગુજરાતમાં શીઆ અને સુન્ની બે પ્રકારના વહોરાઓ છે. તેનું કારણ એમ હોય કે પ્રથમ તેમણે શીઆ દાઈઓના ઉપદેશથી શીઆ પંથ સ્વીકાર્યો હોય, પણ પાછળ-થી, સુલ્તાનોના પ્રયાસોથી અથવા સુન્ની ઉલમાઓના ઉપદેશથી તેમણે શીઆ મઝહબ બદલી સુન્ની મઝહબ સ્વીકાર્યો હોય. એ કથનને બીજી રીતે પુષ્ટિ મળે છે. શરૂમાં શીઆ સુન્ની વહોરા ભેળ-સેળ હતા, પરંતુ અમદાવાદના સ્થાપક સુલ્તાન અહમદશાહના અમલ દરમ્યાન તેઓ બે ભિન્ન વર્ગોમાં વહેંચાઈ ગયા હતા; પરંતુ ત્યાર પછી પણ તેમનામાં આંતર લગ્નવ્યવહાર ચાલુ રહ્યો હતો તે છેવટે ૧૫૩૫માં એક સુન્ની ઉલમા ઉપદેશક સૈયદ જાફર શીરાઝીએ બંધ કરાવ્યો હતો.

૯

"વહોરા" નામની વ્યુત્પત્તિ :

'વહોરા' નામ પ્રથમ દર્શનિક 'વ્હોરવું'—વેપાર કરવે ઉપરથી પડ્યું હોય એમ લાગે છે; પરંતુ એ અનુમાન યથાર્િ નથી, કારણ કે સુન્ની વહોરાઓમાં મોટો વર્ગ ખેડૂતોનો છે.

તેની બીજી વ્યુત્પત્તિઓ આ પ્રમાણે આપવામાં આવે છે: શીઆ દાઉદી વહોરાઓના મુખ્ય ઉપદેશક દાઈ અબ્દુલ્લાની જ ભૂમિ અરબસ્તાનના યમન પ્રજામાં બહરૈનમાં હતી. ૨. બેહ ક = સારો રસ્તો કારણ કે શીઆ વહોરાઓ પોતાનો જ પંથ સ પંથ હોવાનું કહે છે. ૩. બહુ કરાહ = ઘણા રસ્તા—કારણ કે વહોરાઓ હિન્દુઓની અનેક કોમોમાંથી થયેલા મુસલમાનોની પહેલી વ્યુત્પત્તિ આધાર વિનાની અને બીજી બે તો દેખીતી શબ્દવિનોદ—pun—જેવી જણાય છે.

ખા. બા. કાઝી શમ્સુદ્દીન ફારસી 'બહીર' = ઊંટોની (અથવા ઊંટોના કાફલાના પરચુરણ નોકરો, અથવા બીજી 'બહુરાજ' અર્થાત્ શાણો અથવા ધંધાદારી એ ઉપરથી 'વહો ઉપનામ તારવે છે. આ બે સૂચનાઓ પૈકી પહેલી એટલા પૂ વાંધાભરેલી છે કે 'વહોરા' નામ શરૂઆતમાં તેના સૂચવેલા ઞ સાથે સંબંધ ધરાવનાર વર્ગ માટે આપવામાં આવેલું નહે બીજી સૂચના પણ સુસંગત જણાતી નથી.

'વહોરા' નામ સાથે કેટલીક વખત ધંધાદારી બીજું જોડવામાં આવે છે. ઉ૦ દા૦ 'ઘાંચી' વહોરા સરખાવો, સુર 'ઘાંચી' વાણિયા કારણ કે એ વાણિયા ત્યાં ઘાણીનો ધંધો કર હતા. એ રીતે તો સૌરાષ્ટ્રમાં આજ પણ કેટલાંક નાનાં ગામો મેમણો ઘાણીનો ધંધો કરે છે. મેમણો એક વર્ગ તરીકે વેપા કોમ છે.

એ જ પ્રમાણે 'ધાન ધારી મોમનાઓ' પોતાને 'વહોરા' કહેવડાવે છે. તે ઉપરાંત, યુરોપિયનોની નોકરી કરનારા કોંકણી મુસલમાનો ગુજરાતમાં પોતાને 'વહોરાઓ' તરીકે ઓળખાવે છે.

વળી, એમ કહેવું છે કે શીઆ દાઇઓએ પાટણ અને સિદ્ધપુરમાં હિન્દુઓની ઉચ્ચ જ્ઞાતિઓમાંથી મુસલમાન કર્યા. તેમને તેમણે 'વહોરા' નામ આપ્યું હતું તે એ યથાસ્થિત લાગતું નથી, કારણ કે સૌરાષ્ટ્ર સોમનાથ-પાટણના એક શિલાલેખ નંબર ૬૨માં છે કે સં. ૧૪૬૨(ઈ.સ.૧૪૦૬)માં ત્યાંના હિન્દુ રાજા બ્રહ્મદાસને તુર્કો સાથે લડાઈ થઈ હતી. તેમાં સોમનાથના સૈન્ય તરફથી લડતાં 'વહોરા મહમદનો પુત્ર વહોરા ફરીદ' માર્યો ગયો હતો. આ શિલાલેખ ત્યાં મીઠાશા ભાગના પડધારમાં છે.

જ્યારે શિલાલેખમાં ઉપરોક્ત નામ સમાવવું યોગ્ય લાગ્યું હશે ત્યારે કવચિત્ તે ત્યાંના સૈન્યમાં અગત્યનો હોદ્દો ધરાવતો હોવો જોઈએ. તેની કોમના બીજા પણ માણસો ત્યાં હોવા જોઈએ. તેમને શીઆ દાઉદીઓના પાટણ-સિદ્ધપુરના ધર્મપ્રચાર સાથે કોઈ સંબંધ નહોતો. તેથી વહોરા નામની ઉત્પત્તિ શીઆ દાઈઓના ધર્મપ્રચારથી સ્વતંત્ર રીતે થયેલી હોવી જોઈએ.

આ પ્રમાણે 'વહોરા' ઉપનામની ઉત્પત્તિ માટે કોઈ નિર્ણયાત્મક ઉકેલ મળતો નથી.

પ્રકરણ ૨૬

શીઆ વહોરાઓ

વહેપારી વહોરાઓમાં શીઆ વહોરાઓનો વર્ગ ઘણો મોટો ઘણો માલદાર છે. તેઓ ગુજરાત બહાર પણ આખા મુંબઈ ઇલા માં જ્યાં ત્યાં જોવામાં આવે છે. તે ઉપરાંત, તેઓ વરાડ પ્રાન્ત માળવા, રાજપૂતાના, ટૂંકમાં આખા હિન્દુસ્તાનમાં દરેક વે કેન્દ્રમાં પથરાયલા છે.

તેમનું મુખ્ય મથક સુરત ગણાય છે, જોકે આજકાલ તેમના મુલ્લાંજી સાહેબ મોટે ભાગે મુંબઈમાં જ રહે છે.

તેમનામાં કેટલાક મિસરના અથવા યમનના અરબોની ઓ હોવાનો દાવો કરે છે; પરંતુ તેમનામાં ઘણા સ્થાનિક હિન્દુઓ શીઆ દાઈઓના ઉપદેશથી ઇસ્લામમાં આવ્યા હોવાનું તેઓ પણ સ્વીકારે છે. તેમના કેટલાક લાક્ષણિક દેખાવ ઉપરથી, તેમની અરબીમિશ્રિત ગુજરાતી બોલી ઉપરથી માનવા કારણ કે તેમનામાંના કેટલાક મિસર અને અરબસ્તાનથી અહીં આ નિરાશ્રિતના વંશજો હોવા જોઈએ.

ફરીશ્તા અને મિરાતે અહમદીના એક વૃત્તાંત પ્રમાણે ઈ. ૮૭૦માં, અને બીજા વૃત્તાંત પ્રમાણે, ઈસ્વી અગિયારમા સૈ જ્યારે ઈરાનમાં નિઝારી ઇસ્માઇલીઓ સત્તાધીશ થયા હતા તેમણે તેમના પ્રતિસ્પર્ધી મુસ્તાલી ઇસ્માઈલીઓને ત્યાંથી મૂક્યાનું કહેવામાં આવે છે.

તે પછી, તેમના વડા મુલ્લાંજી સાહેબ એડનથી ૧૫૩૯માં અહીં આવ્યાનું કહેવામાં આવે છે. તે સાલ, તુર્કોએ એડન જીતી લીધાની સાલ સાથે મળતી આવે છે. તેથી વડા મુલ્લાંજી સાહેબ સાથે આરબ નિરાશ્રિતોનો સમૂહ પણ અહીં આવ્યો હોય એમ સંભવે છે,

શીઆ દાઈઓ :

ગુજરાતમાં તેમના ઉદયકાળના આધારભૂત ગણાતા એક વૃત્તાંત અનુસાર ઈસ્વી અગિયારમા સૈકામાં, ઈ. સ. ૧૦૬૭ના અરસામાં, અરબસ્તાનાના યમન પ્રાન્તના હરઝ ગામમાંથી ઇસ્માઈલી મુસ્તાલી કોમના વડા મુલ્લાંજી અબ્દુલ્લા નામના એક 'દાઈ'ને ગુજરાતમાં મોકલ્યા હતા. તેઓ ખંભાત બંદરે ઊતર્યા હતા.

ખા. બા. કાઝી શમ્સુદ્દીન અને બ્રીગ્સના "ગુજરાતનાં શહેરો"નાં પરિશિષ્ટ ૯ને આધારે, પહેલા દાઈની વફાત (મરણ)ની સાલ ઈ. સ. ૧૧૩૭ આપેલી છે. કોતોલી હિન્દુઓને ઇસ્લામમાં આણ્યાની સાલ ૧૧૩૭ આપે છે, અને પહેલા દાઈનું નામ અબ્દુલ્લા નહીં પણ મોહમ્મદ આપે છે. મિરાતે અહમદીમાં પહેલા દાઈનું નામ મોહમ્મદઅલી આપેલું છે. સર થોમસ આર્નોલ્ડ તેમના પુસ્તક "પ્રીચીંગ ઑફ ઇસ્લામ"માં આ દાઈનું નામ મુલ્લાંઅલી આપે છે. મિરાતે અહમદીના કહેવા પ્રમાણે, આ દાઈની કબર ખંભાતમાં છે. ત્યાં તેમને "પીરે રવાન"—'અમર પીર'ના નામથી ઓળખવામાં આવે છે. આ લેખકે એ કબર ખંભાતમાં જોયેલી છે અને ત્યાં તેમનું નામ "દાઈ અબ્દુલ્લા" પ્રચલિત છે. ત્યાં દર વર્ષે ગુજરાતના બધા ભાગમાંથી સંખ્યાબંધ શીઆ વહોરાઓ ઝિયારત માટે આવે છે.

ખંભાતમાં એક બીજા શીઆ દાઈની કબર હાલ સુન્દર રોજાના રૂપમાં, આમ મુસલમાનોના સામાન્ય કબ્રસ્તાનમાં છે, જ્યારે ઉપર

કહેલી દાઈ અબ્દુલ્લાની કબર દાઉદી વહોરાઓના ખાસ કબ્રસ્તા
છે. આમ મુસલમાનોના કબ્રસ્તાનમાંની શીઆ દાઈની કબર
ખંભાતના સુન્ની મુસલમાનો તથા શીઆ વહોરાઓ વચ્ચેનો
દરગાહ બાબતનો ઝઘડો કોર્ટે ગયો હતો. ખંભાતમાં આ દરગાહ
પીરને 'નાળિયેરી પીર' તરીકે ઓળખે છે. એ પીરને 'નાળિયેરી
'નાળિયેર' સાથે શો સંબંધ છે, તે સમજી શકાતું નથી. તે ઝ
૧૯૨૪-૨૫માં ચાલ્યો હતો અને ત્રણે કોર્ટોમાં પહોંચ્યો હ
છેવટનો ફેંસલો શીઆ વહોરાઓના લાભમાં આવ્યો હતો. આ કે
કોર્ટના ઝઘડામાં સુન્નીઓના વકીલ તરીકે કામ કરેલું હતું. એ દા
ત્યાંના શીઆ વહોરાઓ દાઈ અહમદ તરીકે ઓળખે છે.

દાઈ અબ્દુલ્લા:

પહેલા શીઆ દાઈનું નામ અબ્દુલ્લા હોય કે મોહમ્મદઅલી, પ
એટલું તો નિશ્ચિત છે કે તેઓ ૧૦૬૭માં ખંભાત આવ્યા હ
અને ત્યાં જ તેમણે શીઆ ધર્મનો પ્રચાર શરૂ કર્યો હતો; ત્યારે
કોઈ ઇસ્લામને માનતા નહોતા. ત્યાં એક મહાત્મા હતા, તેના
ત્યાંની રૈયત સંપૂર્ણ શ્રદ્ધા રાખતી હતી. તેથી આ દાઈને લાગ્યું
એ મહાત્માથી વિરુદ્ધ પ્રચાર કરવો અશક્ય હતો; તેમ તે પ્રમાણે ક
એ જોખમ ભરેલું પણ હતું. તેથી આ દાઈ શરૂમાં એ મહાત્મા
ચેલાઓમાં જોડાયા હતા. થોડા વખતમાં, પોતાની હોંશિયારીથી તે
એ મહાત્માનું ધ્યાન પોતાના તરફ ખેંચ્યું હતું. દેશની ભાષા સારી રી
શીખી લીધા પછી, દાઈએ એ મહાત્માનાં ધર્મપુસ્તકોનો અભ્યા
કર્યો હતો. તેઓ એ મહાત્મા ઉપર એટલી અસર કરી શકયા હતા
એ મહાત્માએ ઇસ્લામ ધર્મ સ્વીકાર્યો હતો. તે ઉપરથી એ મહાત્માના
અનુયાયીઓએ પણ ઇસ્લામ સ્વીકાર્યો હતો. ક્રમે ક્રમે રાજાનો
પ્રધાન પણ મુસલમાન થયો હતો.

એ વાત રાજાને કાને પહોંચી હતી. તેથી તેની ખાત્રી કરવા રાજા પોતે એક વખત એકાએક તે પ્રધાનને ત્યાં ગયો હતો, ત્યારે તે પ્રધાન નમાઝ પઢતો હતો. તેને ઊંચોનીચો થતો જોઈ, રાજાએ તેને પૂછ્યું હતું કે તે શું કરતો હતો? પ્રધાને જવાબ વાળ્યો હતો કે તે સર્પ શોધતો હતો, અને તે વખતે ખરેખર એક ખૂણામાં સાપ દેખાયો હતો! એ પ્રધાન ભારમલ હતો, એમ કહેવામાં આવે છે. આ ભારમલની કબર ખેડા જિલ્લાના ઉમરેઠ ગામમાં શીઆ વહોરાઓના કબ્રસ્તાનમાં હોવાનું કહેવામાં આવે છે. ભારમલ અટકના વહોરાઓ સૌરાષ્ટ્રમાં જૂના ત્રણ રાજ્યમાં છે.

પ્રધાનના ઇસ્લામસ્વીકાર અને સર્પના ચમત્કારથી રાજા નવા ધર્મથી પ્રભાવિત થયો હતો. અને તેણે પણ ઇસ્લામ ધર્મ સ્વીકાર્યો હતો, એમ શીઆ વહોરાઓ ખૂબ શ્રદ્ધાથી માને છે. આ રાજા સિદ્ધરાજ જયસિંહ હતો, એમ તેઓ કહે છે, સિદ્ધરાજ સૌ ધર્મો પ્રતિ સહિષ્ણુતા ધરાવતો હતો, પરંતુ તે મુસલમાન થયો હોવા વિષે કોઈ તટસ્થ ઇતિહાસ મળતો નથી.

વળી, ભારમલ નામના તેનો કોઈ પ્રધાન હતો, તેમ પણ કોઈ ઇતિહાસમા ઉલ્લેખ મળતો નથી. કદાપિ તે પ્રધાન અહીંનો કોઈ અમીર (સામંત) હોવા સંભવ છે. શીઆઓની દૃઢ માન્યતા પણ છેક અકારણ તો ના જ હોય.

દાઈ અબ્દુલ્લા કે મોહમ્મદઅલી ગમે તે નામ ખરું હોય, પરંતુ એ દાઈ વિદ્વાન હતા અને ચમત્કારી પણ હતા. એમ કહેવાય છે કે તેમણે કેટલાંક વરસો સુધી ખંભાતમાં રહીને ત્યાંના લોકોની રહેણીકરણીનો ઊંડો અભ્યાસ કર્યો હતો. તેમને ઇસ્લામપ્રચારમાં વિજય મેળવ્યા માટે બે કથનીઓ કહેવામાં આવે છે: એક કણબી ખેડૂતના સુકાઈ

ગયેલા કુવામાં તેમણે દુઆ કરી પાણી આણી આપ્યું હતું. તે ઉ
તે ખેડૂત અને તેની સ્ત્રી મુસલમાન થયાં હતાં. આજે પણ તે
કબરો ખંભાતમાં છે. તેમને કાકા અકેલા અને કાકી અકેલીની ક
કહે છે. વહોરાઓ તે કબરોને માનથી જુએ છે.

તેમનો બીજો ચમત્કાર ખંભાતના એક મંદિરમાં એક લો
હાથી અદ્ધર લટક્યો હતો, તેને ધરતી પર ઉતાર્યો હતો. કહેવા
એ હાથી હતો તે ઓરડાની ચારે દિવાલોમાં લોહચૂંબક ગોઠવેલાં હ
આસ્તે આસ્તે અક્કેક લોહચૂંબક કાઢી લઈ, હાથીનો અક્કેક
જમીન પર ટેકવ્યો હતો, આને ચમત્કાર કહેવા કરતાં, વિ
સફળતા કહેવી વધારે વાસ્તવિક છે.

ત્યાર પછી આ દાઈ ગુજરાતના તે વખતના પાટનગર પાટ
ગયા હતા. સિદ્ધરાજે તેમને વિશે ઘણું સાંભળેલું હતું. તેથી તે
લઈ આવવા, તેમણે એક નાની લશ્કરી ટુકડી મોકલી હતી. સૈનિ
આવ્યા ત્યારે તેમણે દાઈને ઘેરી વળેલી અગ્નિની દીવાલ જોઈ હ
તેથી તેઓ પાછા ગયા હતા અને રાજાને હકીકત જાહેર કરી હતી.
ઉપરથી રાજા પોતે દાઈને મળવા ગયો હતો. તેને માટે અગ્નિ
દીવાલમાં રસ્તો ખુલ્લો હતો. રાજા દાઈની સાથે થયેલી ધર્મચર્ચા
પ્રભાવિત થયો હતો; છતાં તેણે કંઈક ચમત્કાર જોવા ઇચ્છા કરી હ
તે ઉપરથી, રાજાના દેવદેવીઓમાંથી સૌથી શ્રેષ્ઠ દેવને મોઢે દાઈ
રાજાને ઇસ્લામ સાચો અને સર્વોપરી ધર્મ હોવાની ખાત્રી કરાવી હતી.
એમ કહેવામાં આવે છે. તે ઉપરથી રાજા મુસલમાન થયો હતો, એ
શીઆ વહોરાઓ માને છે. આ વિશે ઉપર ચર્ચા કરેલી છે.

સિદ્ધરાજ પછી કુમારપાળ અને તેના પછી અજયપાળ (૧૧૭૪-
૧૧૭૭) રાજા થયો હતો. આ અજયપાળે રાજ્યમાં માત્ર એક

મંદિર રહેવા દીધું હતું. તે મુસલમાન થઈ ગયો હતો, એમ ઇતિહાસકારો કહે છે. તેથી શીઆઓ જે રાજા મુસલમાન થયાનું માને છે તે સિદ્ધરાજ નહિ પણ આ અજયપાળ હોય, એમ વધારે સંભવે છે.

શીઆ દાઈઓના આ ધર્મપ્રચાર પછી અઢી સૈકાઓ સુધી, એટલે ચૌદમા સૈકાના અંત સુધી, તેમને શીઆ પંથના પ્રચારમાં કોઈ અંતરાય નડ્યો નહોતો. પરંતુ ગુજરાતમાં પ્રથમ સૂબા તરીકે આવનાર ઝફરખાન સાથે ઘણા સુન્ની ઉલમાઓ આવ્યા હતા. તેમણે શાન્ત પ્રચારથી ઘણા શીઆઓને સુન્ની મઝહબમાં ભેળવ્યા હતા. ત્યાર પછી તો ઝફરખાન દિલ્હીથી સ્વતંત્ર થઈ ગુજરાતનો પહેલો સુલ્તાન થયો હતો. તેનાઅ ને તેના પૌત્ર, અમદાવાદ શહેરના સ્થાપક, અહમદશાહના અમલમાં શીઆઓની સતામણી થયેલી હતી. અહમદશાહના અમલમાં એમ બન્યું હતું કે સુન્નીઓ દરેક મહીનાની શરૂઆત ચાંદ જોઈને કરે છે, પરંતુ શીઆઓ તેમ નહીં કરતા હોવાથી, તેમનામુલ્લાંજીને પૂછવામાં આવ્યું હતું. તેઓ સુદ પડવાથી અમાસ સુધીનો દરેક માહિનો ગણે છે, અને ચાંદ ઉપરથી ગણત્રી કરવાનો ઇન્કાર કરે છે. તે ઉપરથી સુલ્તાનના હુકમથી એ મુલ્લાંજી સાહેબને કતલ કરવામાં આવ્યા હતા. જે ખાસ મહિના માટે આ તપાસ થઈ હતી, તે રમજાન માસ હતો, અને મુખ્ય પ્રશ્ન ઈદનો હતો.

શીઆ વહોરાઓના અર્વાચીન ઇતિહાસમાં સૌથી મહત્ત્વનો બનાવ તેમના વડા મુલ્લાંજી સાહેબ યમનથી ગુજરાતમાં આવ્યાનો છે. તેઓ ઈ. સ. ૧૫૩૯=હિ. ૯૪૬માં આવ્યા હતા. તેમ કરવાનું કારણ, તેમની પોતાની તવારીખ પ્રમાણે, એમ આપવામાં આવે છે કે યમનમાં તેમની જમાતમાં તેમના મઝહબ માટે શ્રદ્ધા ઓછી થતી જતી હતી; જ્યારે ગુજરાતમાં તેમની જમાતમાં તે વધતી જતી હતી. વળી, એમ

પણ કહેવામાં આવે છે કે જ્યાં સુધી વડા મુલ્લાંજી સાહેબ ય
રહેતા હતા ત્યાં સુધી તેમના કરવેરાની રકમો મુલ્લાંજી સાહેબને ય
મોકલવી પડતી હતી, અને તેમની નાનીમોટી તકરારો માટે લોકોને
જવું પડતું હતું; પરંતુ મુલ્લાંજી સાહેબને ગુજરાતમાં સ્થળાંતર ક
કારણ, ઉપર કહ્યું છે તે પ્રમાણે, તુર્કોએ એડન અને કિનારાનાં
ઈ. સ. ૧૫૩૭માં જીતી લીધાં હતાં, તેને લીધે, પરોક્ષ રીતે, પો
માટે અને પોતાની કોમ માટે ગુજરાતમાં સ્થળાંતર કરવાનું ફરજિ
થયું હતું; અને તે જ કારણ વધારે વાસ્તવિક લાગે છે.

એ પ્રમાણે ગુજરાતમાં પ્રથમ આવનાર મુલ્લાંજી સાહેબ યુસુફ
સુલયમાન હતા અને તેમણે અહીં આવી પ્રથમ સિદ્ધપુરમાં પોતાની
સ્થાપી હતી.

પ્રકરણ ૨૭

શીઆ વહોરાઓના પેટાવિભાગો

શીઆ વહોરાઓની જમાતમાં અનેક પેટાવિભાગો છે. તેઓનો કાળાનુક્રમ સંક્ષિપ્તમાં નીચે પ્રમાણે છે :

૧. જાફરી વહોરાઓ :

આ ફિરકો ઈ. સ. ૧૪૯૪માં સૌથી પહેલો પડ્યો હતો. તેમની મોટી સંખ્યાને લીધે, તેમ તેઓ બધા પાછળથી સુન્ની થઈ ગયેલા હોવાથી, એ ફિરકો સૌથી અગત્યનો છે. તે કારણે નીચે તેનું સવિસ્તર અલગ વર્ણન આપવામાં આવેલું છે.

૨. સુલયમાની વહોરાઓ :

આ ફિરકાની ઉત્પત્તિ ત્યાર પછી લગભગ એક સૈકા પછી થઈ હતી

સુરતના એક વહોરાને અરબસ્તાનમાં ઉપદેશક તરીકે મોકલવામાં આવ્યો હતો. ત્યાં તેણે ઘણાને પોતાના શીઆ પંથમાં ભેળવ્યા હતા. આ વર્ગ, તેમના અસલ 'ઇસ્માઈલી' નામ ઉપરાંત, તે ઉપદેશકના ઉપનામ 'બયાઝી'='ખૂબસૂરત' ઉપરથી બયાઝી વહોરાઓ તરીકે પણ ઓળખાય છે

તેઓ કેટલાક વખત સુધી, ગુજરાતના વડા મુલ્લાંજી સાહેબને પોતાના ધાર્મિક વડા તરીકે ગણતા હતા; પરંતુ ઈ. સ. ૧૫૮૮માં, ગુજરાતના વહોરાઓના વડા મુલ્લાંજી દાઉદ બિન અજબશાહ અવસાન

પામ્યા હતા, ત્યારે ગુજરાતના વહોરાઓએ વારસ દરજ્જે એક કુતુબશાહને નીમી, નિમણૂકની ખબર યમન મોકલી હતી. ઇ યમનના ઇસ્માઈલી વહોરાઓએ યમનના મુલ્લાઓમાંથી એક સુલ મુલ્લાંને મરહુમ વડા મુલ્લાંજીના પારસ તરીકે સ્વીકાર્યો હતો. પણ સુલયમાન ગુજરાતમાં આવ્યા હતા, પરંતુ અહીં માત્ર થોડા વહો સિવાય બાકીનાઓએ તેમના વારસાનો દાવો ઇન્કાર કર્યો હતો. તેઓ અરબસ્તાન પાછા ગયા હતા. ગુજરાતના વહોરાઓમાંથી જે સુલયમાનનો વડા મુલ્લાંજી તરીકેનો હક્ક માન્ય રાખ્યો હતો, " સુલયમાની " વહોરાઓ કહેવાયા હતા.

૩. દાઉદી વહોરાઓ :

શીઆ વહોરાઓમાં ' દાઉદી ' કોમ મુખ્ય છે, અને ગુજરા તેઓ બધા મુસલમાનોમાં સૌથી વધારે માલદાર અને સૌથી જમાતી બંધારણવાળા, અને ચારે તરફ સૌથી વધારે ફેલાયલા તેમનું વિગતવાર વર્ણન નીચે આપેલું છે.

૪. અલીઆ વહોરાઓ :

ત્યાર પછીનો ફિરકો ઈ. સ. ૧૬૨૩=હિજરી ૧૦૩૪માં, એક અલી નામના મુલ્લાંએ, ઉપર પ્રમાણે, વડા મુલ્લાંજીની ગાદી વારસાનો દાવો કર્યો હતો, અને તેને થોડા અનુયાયીઓ મળ્યા હ

૫. નાગોશી વહોરાઓ :

ત્યાર પછીનો ફિરકો ઈ. સ. ૧૭૮૯=હિ. ૧૨૯૧માં, વહોરાએ કેટલાક નવા સિદ્ધાંતો પ્રતિપાદન કરી, " નાગોશી " એ " ગોશ્ત નહિ ખાનારા " કોમની શરૂઆત કરી ત્યારે મળ્યો હતો.

૬. હીપ્તીઆ વહોરાઓ :

આ ફિરકો, વડા મુલ્લાંજી સાહેબની ગાદી ઉજ્જૈનમાં હતી ત્યારે, મુલ્લાંજી મુહૈયુદ્દીનના સમયમાં (ઈ. સ. ૧૭૫૨–૧૭૭૭) મળ્યો હતો. એક વયોવૃદ્ધ અને જ્ઞાનવૃદ્ધ સય્યદી લુકમાનજીએ ત્રણ વડા મુલ્લાંજીઓ-ને જોયા હતા. તેમના દીની ઇલ્મ માટે મુલ્લાંજી મુહૈયુદ્દીને તેમને ‘ શમસુલઉલમા ’નો લકબ આપ્યો હતો. તેમના એક શાગીર્દ ઇસ્માઈલ બિન અબ્દૂર્ રસૂલના પુત્ર હીપ્તુલ્લાહે આ નવો ફિરકો શરૂ કર્યો હતો અને તેના નામ ઉપરથી એ ફિરકાનું નામ પડેલું હતું.

૭. મેહદીબાગવાળા વહોરાઓ :

આ ફિરકો વહોરાઓનો સૌથી છેલ્લો ફિરકો છે. ઈ. સ. ૧૮૯૭ના અરસામાં વડા મુલ્લાંજી બુરહાનુદ્દીનના સમયમાં મુંબાઈના એક નાના વેપારી અબ્દુલહુસેન જીવાજીએ નાગપુરમાં ઘણા માણસોને પોતાના તરફ આકર્ષ્યા હતા. યુવાન અબ્દુલહુસેન અસાધારણ બુદ્ધિશાળી અને માણસોનાં દિલ જીતી લે તેવા આકર્ષક ચારિત્ર્યવાન હતા.

તે વખતના દાઉદી વહોરાઓના મઝહબી દાવત(આમંત્રણ)માં કેટલાક કમનસીબ બનાવોને લીધે અબ્દુલહુસેનને ઉત્તેજન મળ્યું હતું. જૂની પ્રણાલિકા હતી કે એક વડા મુલ્લાંજી પોતાની વફાત પહેલાં પોતાનો વારસ નીમી જતા હતા. પરંતુ મુલ્લાં બદરૂદ્દીન તેમ કરતાં પહેલાં એકાએક ગુજરી ગયા હતા. અગાઉની એક પેશીનગોઈ (ભવિષ્યવાણી) હતી કે “ દાઈ ઝુએબ પહેલા ને બદરૂદ્દીન ખિતાબ-(છેલ્લા).”

આ ઉપરથી અબ્દુલહુસેને નાગપુરમાં ‘ મેહદીબાગ ’નામની સ્વતંત્ર સંસ્થા શરૂ કરી હતી, પરંતુ થોડા વખતમાં લોકોની શ્રદ્ધા તેમના

ઉપરથી ઊઠી ગઈ હતી અને તેઓ પોતાની જૂની જગ્યામાં આવ્યા હતા તેમ કરતા પહેલાં, તેમના પોતાના વારસ એક ગુલામહુસેન (ખા. બા. એચ. એમ. મુલક)ને નીમ્યા હવે તેઓ આ નવી સંસ્થા ચલાવે છે. તેમના અનુયાયીઓની સં અતિ અલ્પ–માત્ર સોએકની જ છે. તેઓ બીજા વહોરાઓ સાથે પ્રકારનો સંબંધ રાખતા નથી.

પ્રકરણ ૨૮

દાઉદી વહોરાઓ

શીઆ વહોરાઓમાં સૌથી મોટી કોમ દાઉદી વહોરાઓની છે. તેમને 'લોટિયા' પણ કહે છે. તેમની પાઘડી 'લોટા' જેવી હોય છે તેથી, અથવા તેઓ માથે હજામત કરાવે છે તેથી એ નામ પડ્યું હોય. હવે તો ઘણા માથે વાળ રાખે છે તેથી બીજું કારણ હવે રહેલું નથી.

ગુજરાતમાં ઘણી જગાઓએ તેઓ મોટી સંખ્યામાં મળે છે. ગુજરાત તળપદમાં અમદાવાદ, અહમદનગર, બાલાસીનોર, કપડવંજ, વીરમગામ પાસે ભોજવા, ભરૂચ, ખંભાત, દોહદ, ગોધરા, ઘોઘા, લુણાવાડા, નવસારી, સુરત અને વડોદરામાં તેઓ મોટી સંખ્યામાં મળે છે.

સૌરાષ્ટ્રમાં ભાવનગર, લીંમડી, રાજકોટ, જૂનાગઢ અને વઢવાણમાં; કચ્છમાં ભુજ અને માંડવીમાં; ગુજરાત બહાર મુંબઈ, ખાનદેશ, કોલ્હાપુર, માલેગાંવ, નાસિક, પન્હાલા, પૂના, સતારા અને થાણામાં; હિન્દના બીજા ભાગોમાં ઇન્દોર, રાયપુર, રતલામ, સીરોન્જ અને ઉજ્જૈનમાં; રજપૂતાનામાં જયપુર, જોધપુર, ઉદયપુરમાં; વરાડ પ્રાન્તમાં બુરહાનપુરમાં; જૂના નિઝામ રાજ્યમાં ઔરંગાબાદ, હૈદરાબાદ અને નીલનામાં; મદ્રાસ ઇલાકામાં અને જૂના મ્હૈસુર રાજ્યમાં તેઓ પૃથક્ પૃથક્ મળે છે; બંગાળામાં પણ જૂજ સંખ્યામાં મોટાં શહેરોમાં મળે છે. હિન્દ બહાર પશ્ચિમમાં, એડન, બસરા, જિદ્દા, મક્કા, મસ્કત અને ઝાંઝીબારમાં; અને પૂર્વમાં રંગૂન, મોલમીન, સિયામ અને ચીનમાં મળે છે.

દાઉદી વહોરાઓ સારા બાંધાના હોય છે, પરંતુ ઘણા ભરાવદાર શરીરના કે હૃષ્ટપુષ્ટ હોય છે. તેમના અવયવો પ્રમાણ ચામડીનો રંગ જૈતુન જેવો અને મુખકળા શાન્ત અને ચંદ્રાર હો તેમનામાં જૂની પેઢીના ઘણા માથે હજામત કરાવે છે. યુવાન વ હવે માથે વાળ વધારે છે. તેઓ દાઢી લાંબી વધવા દે છે. પહેલ તેમનામાં દાઢી રાખવી ફરજિયાત હતી. મુંબઈમાં થોડા વરસો એક માલદાર કુટુંબમાં લગ્નપ્રસંગે વરરાજાએ દાઢી રાખેલી હોવાથી મુલ્લાંજી સાહેબે તેના નિકાહ પઢાવવા ના પાડેલી હતી. તે કેસ હાઈકોર્ટમાં ગયો હતો. તેમાં સમાધાન થયું હતું. હવે તો વર્ગ દાઢી રાખતો નથી, છતાં તેમની રોકટોક થતી નથી. મૂછો હોઠ ઉપરના ભાગમાં હોઠ બહાર ના આવે તેવી રીતે કતરાવેલી છે. આ તો સામાન્ય મુસ્લિમ પ્રથા છે અને અહીં પણ યુવાન 'ક્લીન-શેવ'ની હવામાં, મૂછો પણ કઢાવે છે,

તેમની સ્ત્રીઓ ગૌરાંગી, ફુટડી અને નાજુક હોય છે. હ. રસૂલુલ્લ (સલ.)ના કથન અને કંઈક પ્રમાણમાં અમલને કારણે, અને કરીને તો આપનાં લાડલાં પુત્રી હબીબા ફાતિમા, ખાતુને જન્ન દૃષ્ટાંતને અનુસરીને, વહોરા સ્ત્રીઓ આંખમાં સૂરમો આંજે છે દાંતે કાળી મસી અને માથેપગે મેહંદી મૂકે છે.

જેઓ કરબલાશરીફની ઝિયારત કરી આવેલા હોય છે તે થોડાઓએ હવે અરબી પહેરવેશ પહેરવો શરૂ કર્યો છે, પરંતુ બાકી ઘરમાં માથે મખમલ કે સફેદ સુતરાઉ ટોપીઓ, શરીરે સફેદ સદરિ ઘૂંટણથી નીચે આવે તેવાં લાંબા પહેરણ અને કમર નીચે સફેદ અ લીટીઓવાળી, ઉપરથી ઢીલી અને નીચેથી તંગ સુરવાળો પહેરે બહાર જવામાં, માથે નાની સફેદ પાઘડીઓ, કબજા અને હિન્દુ ઢ

લાંબાં અંગરખાં, ઘરમાં પહેરે છે તેની સુરવાળો અને લાંબા ઉજ્જૈની ઘાટના જોડા પહેરે છે. હવે તો યુવાન વર્ગ અંગ્રેજી ઢબના સ્લીપર દોરીવાળા બૂટ પહેરે છે.

દાઉદી પાઘડી ચાર પ્રકારની હોય છે: ઉજ્જૈની ઘાટ સૌથી નાનો અને સૌથી વધારે સુઘડ, કાયસ્થોની પાઘડી જેવો હોય છે. અમદાવાદી ઘાટ, જે વડા મુલ્લાંજી સાહેબ પોતે પણ પહેરે છે, તે જરા વધારે ઊંચો અને વધારે નવો હોય છે. કાઠિયાવાડી ઘાટ, શંકુ આકારનો અને ઉપરના પોલાણમાં સોનેરી પટ્ટાવાળો હોય છે. નાના છોકરાની પાઘડી મોટા માણસની પાઘડી જેવી જ હોય છે, પરંતુ સફેદને બદલે નારંગી અથવા તપખીરિયા રંગની હોય છે. યુવાન વર્ગ, સફેદ પાઘડીને બદલે કસબી ફેંટા જેવી બાંધેલી પાઘડી પહેરે છે. એવા સોનેરી ફેંટા માટે પણ અગાઉ મુલ્લાંજી સાહેબને સૂગ હતી.

પરંતુ હવે, તેઓ જમાનો ઓળખીને તે માટે અણગમો રાખતા નથી અથવા ઓછામાં ઓછું તે બહાર દર્શાવતા નથી.

સ્ત્રીઓ રાતા, ઘેરા ભૂરા રંગની અથવા પીળી સુતરાઉ અગર રેશમી ઓઢણીઓ ઓઢે છે. ગુજરાતના ઉત્તર ભાગમાં તંગ રેશમી પોલકાં અને દક્ષિણ ભાગમાં, રેશમી ડગલીઓ અને રેશમી ચણિયા પહેરે છે. પગમાં ઉત્તરમાં, લાકડાની પાવડીઓ અને દક્ષિણમાં, ચામડાની સપાટો પહેરે છે.

તેમનો વારતહેવારનો પોશાક જરી ભરેલો, રેશમી અથવા કિનખાબનો, ઘણો કીમતી હોય છે. બહાર જાય ત્યારે ઉપર રહેલાં કપડાં ઉપર, માથું સુદ્ધાંત ઢંકાય તેવો કાળા રંગનો રેશમી બુરખો પહેરે છે. બુરખામાંથી જોવા માટે આંખ આગળના કપડામાં ગૂંથણીની નાની જાળી રાખેલી હોય છે. આવા બુરખા ઘણી વખત,

તેઓ માથાનો ભાગ ઉલટાવી પાછળ નાખેલી સ્થિતિમાં પ
જોવામાં આવે છે. એ સ્થિતિમાં મોઢાનો ભાગ ખુલ્લો થઈ જાય છે.
માણસોની હાજરીમાં તેમને બુરખા તેવી રીતે પહેરવામાં વાંધા
જણાતો નથી, પરંતુ કોઈ ' અપનાવાલા ' જોવામાં આવે કે ત
તેઓ માથા ઉપરનો ભાગ મોઢા ઉપર નાખી દે છે ! બુરખા
ઢીલા અને નીચા હોય છે કે તેનો નીચેનો ભાગ જમીન સુધી પહ

તેઓ હિન્દુ તેમ જ મુસલમાની બન્ને ઢબના દાગીના પહેરે

તેમની બોલી ગુજરાતી છે પરંતુ તે તેઓ વિશિષ્ટ પ્ર
અશુદ્ધ ઉચ્ચારોવાળી બોલે છે. અરબી નહિ શીખેલી તેમની
પણ અરબી શબ્દોના શુદ્ધ ઉચ્ચાર કરે છે. દંતસ્થાની અને
સ્થાની 'ડ' અને 'ટ' ના ઉચ્ચાર તેઓ સામાન્ય રીતે અશુદ્ધ ક
તેઓ 'ક્વ'ને બદલે 'ખ' બોલે છે.

ખાવાપીવામાં દાઉદી વહોરાઓ બીજા મુસલમાનોથી
જુદા પડતા નથી, પરંતુ તેમનો એક ખાસ નિયમ હોય છે કે
બિન-મુસલમાનના હાથનું ખાતાપીતા નથી. ખાવામાં કંઈ
નકામું જાય નહિ તેની તેઓ કાળજી રાખે છે. માંસાહારમાં
ગાયનું ગોસ્ત વધારે ખાય છે, તે વધારે પૌષ્ટિક હોવાને
અથવા તે સસ્તું હોવાને કારણે હોય. મચ્છી પણ, બીજા
માફક, કોઈ પણ મુસલમાનને હાથે 'હલાલ' કરેલી હોવી જોઈ
બીજા મુસલમાનો મચ્છીને 'હલાલ' કરવાની જરૂર જોતા
કારણ કે મચ્છી પાણીમાંથી નીકળે કે તરત જ મરી જાય છે. તેથી
'હલાલ' કરવાની વ્યવહારિક અશક્યતા હોય છે. કોઈ કોઈ કે
વાળી ચીજને વહોરાઓ અડતા સરખા નથી.

તેમનાં મકાનો વિશાળ, ઊંચાં અને હવા અજવાળાવાળાં હોય છે, તેમાં તેઓ ફર્નીચર અને બીજી શોભાની વસ્તુઓ સજાવવાના શોખીન હોય છે. ગુજરાતીમાં કહેવત છે કે ' વહોરાનો માલ ચેડામાં જાય '–ને સાથે બીજી પણ કહેવત છે કે " રડશે રાતી પાઘડીવાળો " (વાણિયો). તેમનાં મકાનો તેમના જ ખાસ લત્તામાં હોય છે. તેમાં બિન-વહોરાને, ભલે તે મુસલમાન હોય તોપણ, રહેવા માટે મકાન મળતું નથી તેથી લહેણદાર લેણાના બદલામાં તેમનું મકાન હરાજ કરાવી, નાણાં વસુલ કરવામાં નિષ્ફળ જાય છે. કોઈ પણ વહોરો એવી હરાજીમાં તે મકાનની માગણી કરતો નથી. આવું તેમનું જમાતનું બંધારણ હોય છે.

સિદ્ધપુરના વહોરાઓનાં મકાનો અર્ધયુરોપિયન ફેશનનાં, કઠેરા-વાળી અગાશીઓ અને રંગીન કાચની બારીઓવાળાં હોય છે. સુરત અને રાંદેરના વહોરાઓનાં મકાનો જોવાલાયક સ્થળો જેવાં સુંદર હોય છે. એ શહેરોમાં સુન્ની વહોરાઓ પણ મોટા વેપારીઓ અને માલદાર હોય છે. તેથી તેમનાં મકાનો પણ એટલાં જ સુન્દર હોય છે.

નીચેના વર્ણન ઉપરથી એક તવંગર વહોરાના મકાનનો ખ્યાલ આવી શકશે; રસ્તાની સપાટીથી સાત ફીટ ઊંચી કુરસી—plinth—ઉપર મકાન બાંધવામાં આવે છે. તે સાધારણ રીતે ત્રણ માળ ઊંચું, ઈંટેરી, આગળના ભાગમાં લાકડાંમાં પુષ્કળ કોતરકામવાળું, મધ્યમાં આશરે ૧૮ ફીટના ચોરસ કે અપચોરસ ચોકની આજુબાજુ બાંધેલું હોય છે. કંઈક અંધારિયા અને અસ્વચ્છ દ્વારમાંથી પ્રવેશ કરી, અંધારિયા એટલા માટે કે મકાનો ત્રણ ત્રણ માળનાં ઊંચાં અને સાંકડી ગલીઓમાં હોય છે. તેથી, તેવા દ્વારમાં પ્રવેશ કરી, ઊભી અને સાંકડી લાકડાની સીડીઓ ઉપર ચઢી, પહેલા માળ ઉપર

Missing from source

Missing from source

દાઉદી વહોરાઓ સામાન્ય રીતે વેપાર કરે છે. કેટલાક તો
સ્તાન, ચીન, સિયામ અને ઝાંઝીબાર સાથે બહોળો વેપાર
તેમ છતાં કેટલાક ઉચ્ચ કેળવણી લઈ ઊંચા સરકારી હોદ્દાઓ
પહોંચ્યા છે. અત્યારે તો તેમનામાં વકીલો, દાક્તરો, એન્જિ
વગેરે ઠીક ગણાય તેવી સંખ્યામાં જોવામાં આવે છે. છતાં આ
સામાન્ય ધંધા તરીકે તો હજી પણ વેપાર જ છે. નાનાં ગામોમાં
નાનીમોટી દુકાનો કરે છે. મોટે ભાગે તેઓ કટલરી,
અને સ્ટેશનરીની દુકાનો કરે છે. મોટાં શહેરોમાં ખાસ
અમદાવાદ, વડોદરા, સુરત અને મુંબઈમાં તેઓ મિઠાઈની
કરે છે. તેઓ કોમ તરીકે બિન-મુસલમાનનાં બનાવેલી
ચીજો ખાતા નથી. તેથી તેમનામાંના જે આવી દુકાનો કરે છે
તેમના કોમી ભાઈઓ તરફથી સારું ઉત્તેજન મળે છે.

અપવાદ તરીકે, થોડા વહોરાઓ ખેતી પણ કરે છે. આવા વહો
ધોળકા તાલુકામાં જોવામાં આવે છે. મેમણો પણ વેપારી હોય છે,
તેમનામાંય કેટલાક, ખાસ કરીને સૌરાષ્ટ્રમાં ખેતી કરતા હોય છે.

પારસીઓ તો ઘણી સુધરેલી, ઘણી પાયાદાર અને કેળવ
ઘણી આગળ વધેલી કોમ છે, છતાં તેમનામાંય ખાસ કરીને
જિલ્લામાં ઘણા ખેતી કરે છે. કેટલાક તો ગાડાં ભાડે ફેરવે છે.

તેથી વેપારી કોમવાળા ખેતી કરે નહિ એમ માનવા કોઈ
નથી.

સુરતના દાઉદી વહોરાઓ ઉત્તર-ગુજરાતના વહોરાઓ
વધારે કુશળ, પહોંચેલા અને ગમે ત્યાં માથું મારીને પોતાનો
કરી શકે તેવા કુશળ હોય છે; પરંતુ તે સાથે તેઓ

બાબતોના પાલનમાં ઉત્તર ગુજરાતના વહોરાઓ કરતાં ઓછો આગ્રહ રાખે છે. છતાં, એક વર્ગ તરીકે વહોરાઓ શાંત, સુઘડ મહેનતુ અને કરેલ હોય છે. સુરતમાં તેઓ સુખી સ્થિતિના છે. જેઓ ગરીબ હોય છે તે કરકસરિયા હોય છે. તેથી તેઓ કરજ-માંથી મુક્ત હોય છે' જે લાચાર હાલતમાં હોય છે, તેમને જમાત-ના ફંડમાંથી મદદ મળે છે. તેમની જમાતનો આ એક સર્વ-શ્રેષ્ઠ પ્રબંધ છે અને બીજી કોમો માટે તે અનુકરણીય છે.

દાઉદી વહોરાઓ એક વર્ગ તરીકે પોતાની મઝહબી ફરજો બરાબર પાળતા હોય છે. ઘણાખરા કુરઆનશરીફ પઢી જાણે છે. સ્ત્રીઓ પણ કુરઆન પઢે છે. પુરુષો અને સ્ત્રીઓ બન્ને નમાઝ, રોજા પાળનારા હોય છે. મોહર્રમના આશુરામાં (પહેલા દશ દિવસોમાં) તેઓ શોક પાળે છે, અને મજલિસોમાં શહીદ થયેલા ઇમામ હુસેન અને તેમના કબીલા-નાં વાયજ સાંભળે છે. સુન્નીઓ માફક તેઓ તાજિયા બનાવતા નથી અને તેના સરઘસમાં તેઓ જોડાતા નથી.

તેઓ 'ઝનૂની કોમીવાદીઓ છે. તેઓ બિનવહોરાઓને, ખાસ કરીને સુન્ની મુસલમાનો માટે, સાધારણ રીતે, તિરસ્કારની લાગણી ધરાવે છે. સુન્ની પણ તેમને તેવો જ બદલો આપે છે.

શીઆઓની આ વિરોધની લાગણી એટલે સુધી હોય છે કે તેઓ હજ પઢવા જાય છે ત્યારે માત્ર મક્કા જ જાય છે અને મદીના જતા નથી. મદીના માટે તેમનો ખાસ વાંધો છે કે હઝરત પયગમ્બર સાહેબ-(સલ.)ના રોજા મુબારકમાં, આપની તુરબત સાથે જ પહેલા બે ખલીફા હ. અબુબક્ર સિદ્દીક અને હ. ઉમર ફારૂકની તુરબતો પણ છે. આ બે ખલીફાઓને તેઓ હ. અલી(કરમ)નો હક્ક છીનવી લેનારા = usurpers માને છે. તેથી આ હઝરત(સલ.)ના રોજા મુબારકની

ઝયારત કરવામાં આ બે ખલીફાઓની તુરબતોની પણ ઝયારત
જાય છે અને તેમ કરવા તેઓ સખત નારાજ હોય છે.

આથી પણ આગળ વધી, અબુબક્ર, ઉમર, અને આં હ
(અલ.)નાં માનીતાં બીબી હ. આયશાના નામ તેઓ પોતાનાં આ
નાં કદી પાડતા નથી.

હ. ઉમર ફારૂક સામેનો શીઆઓનો રોષ તો એટલો બધો છે કે
હમણાં સુધી તેમની શહાદતનો દિવસ, "કત્લે ઉમર"ના નામથી,
માં 'તહેવાર' તરીકે પળાતો હતો. માત્ર થોડાંક વરસોથી જ
રાજદ્વારી કારણોને લીધે, તે તહેવાર પાળવાનું બંધ કર
આવેલું છે.

સુન્નીઓના ખલીફાઓ વિરુદ્ધની તેમની લાગણી, હ. અલી (
માટે, ઊલટી એટલા જ માનની હોય છે. શીઆઓની એક પેટા
તો હ. અલીને અલ્લાહનો 'અવતાર' ગણી, પૂજવાની હદ
જાય છે! ખોજાઓ લગભગ તેટલી જ હદ સુધી હ. અલીને પૂજે

વહોરાઓ તેમના વડા મુલ્લાંજી સાહેબ માટે પણ ઘણા માન
લાગણીઓ રાખે છે. ખોજાઓ તેથી આગળ વધી, તેમના આગા
સાહેબને "હાઝર ઇમામ" તરીકે લગભગ પૂજે છે.

વહોરાઓમાંનો કેટલોક અજ્ઞાન વર્ગ અથવા અંધશ્રદ્ધાળુ
તેમની મુસીબતોમાં મુલ્લાંજી સાહેબની માન્યતાઓ માનવાની
પહોંચે છે.

દાઉદી વહોરાઓ નેકીબદીનો સારાસાર સમજે છે. અને છાક
પણું, વ્યભિચાર અને સાધારણ રીતે નામોશી થાય તેવાં બદકા
માટે ખુદા તરફથી થવાની સજાથી ડરતા રહે છે.

સુન્નીઓ જેમ તેમના પીરોની રોજાઓની ઝયારતોએ જાય છે,

વહોરાઓ તેમના મર્હૂમ મુલ્લાંજીઓના રોઝાઓની ઝયારતો કરે છે, અને જેટલી માનની લાગણીઓ સુન્નીઓ તેમના પીરો માટે રાખે છે, તેટલી જ કે તેથી ય વધારે માનની લાગણીઓ વહોરાઓ તેમના મર્હૂમ મુલ્લાંજીઓ માટે રાખે છે.

મરણ પછીની સ્થિતિ માટે તેઓ માને છે કે ઇસ્લામમાં નહિ માનનારા આત્મા કેટલીક વખત ભૂત-પલીત તરીકે જીવન ગાળ્યા પછી સજાની જગાએ જશે; જ્યારે ઇસ્લામમાં માનનારા, દેખીતી રીતે માત્ર ઇસ્માઈલીઓ જ, થોડીક વધારે તાલીમ મેળવીને કમાલીઅત-(સંપૂર્ણતા)ની સ્થિતિએ પહોંચી જશે. પ્રત્યેક મૈયત મોમીનની રૂહ તા'લીમના મંઝિલમાં કોઈ હયાત નેક આદમીની રૂહ સાથે સહવાસ રાખે છે. ગુજરનાર મો'મીનની એ રૂહ હયાત નેક આદમીની રૂહને નેકી-બદી સૂચવે છે અને હયાત નેક આદમીનાં નેક કામો ઉપરથી નેકીને ચાહતાં શીખે છે. એ નેક આદમી ખુદાની રહમતે પહોંચ્યા પછી, એના સહવાસમાં રહેલી ગુજરનાર મો'મીનની રૂહોને જરૂરી તાલીમ મેળવી લીધેલી હોય તો તેને ગુજરનાર નેક આદમી કરતાં વધારે કમાલિયત પામેલા બીજા શખ્સ સાથે અગાઉ માફક સહવાસમાં મૂકવામાં આવે છે, પરંતુ જો એ મૈયત મો'મીનની રૂહે પ્રથમ મળેલી તક ગુમાવેલી હોય તો તેને ઉપર પ્રમાણેની તાલીમ મેળ-વવા ફરીથી મોકલવવામાં આવે છે. જે અરવાહો(રૂહનું બહુ-વચન)એ વધારે ઈલ્મ મેળવેલો હોય છે, તેમને હયાત વડા મુલ્લાંજી સાહબ સાથે વધારે તા'લીમ મેળવવા મૂકવામાં આવે છે અને એ મુલ્લાંજીના અવસાન પછી, તેમની રૂહ સાથે એ મો'મીનોની અરવાહો પણ ઈમામોની અરવાહો સાથે મળી જાય છે, અને જ્યારે ઇમામો મારફતે જરૂરી સઘળી તા'લીમ મો'મીનોની અરવાહો તે મેળવી લે છે, ત્યારે તેઓ પણ કમાલીઅતે પહોંચે છે.

કોઈ દાઉદી વહોરાના મરણસમયે અવસાન પામેલા મા
ના હાથમાં તેની રૂહ અને જિસ્મ(શરીર) ઉપર અલ્
તા'લાની રહમ માટે એક દુઆ મૂકવામાં આવે છે. તે દુઆ
પ્રમાણે હોય છે!

મૈયતના હાથમાં મૂકવાની દુઆ :

"અલ્લાહ તા'લા પાસે હું રક્ષણ માગું છું. તે તેની શ્રેષ્ઠ કુદ
મને શયતાન મરદૂદથી બચાવે! જે શયતાનને જાણે પથ્થરોથી
દેવામાં આવેલો છે. યા અલ્લાહ! તારો આ બંદો, જે મરણ
થયેલો છે, અને જેના ઉપર તેં મોતનો આખરી હુકમ મોકલેલો છે,
ગુના બક્ષી દે, અને તેના ઉપર રહમ કર! અને તેની રૂહને પયગમ
સાદિકો, શહીદો અને સાલેહીન(પવિત્ર પુરુષો)ની અરવાહો
કયામતને દિવસે ઉઠાડજે; કારણ કે એ પાક અરવાહો સાથે
સારું છે. આ તારી નવાઝિશ(કૃપા) છે. યા અલ્લાહ! જમીં
દફન થયેલા તેના શરીર ઉપર રહમ કર અને તેના તરફ માયા
જેથી તેનું દુઃખ દૂર થાય અને જેથી તેની છેલ્લી આરામગાહ
થાય તારા માનીતા ફિરસ્તાઓથી; તારા પાક ફિરસ્તાઓથી;
રસૂલો, જેઓ સઘળી સૃષ્ટિમાં સર્વોત્તમ થઇ ગયેલા છે, તેમનાં
અને તારા મકબૂલ નબી અમીન " હઝરત મોહમ્મદ મુસ્તફા(અલ
જેઓ દુનિયામાં જે કોઈ નબી આવી ગયા છે તેમાં સૌથી શ્રેષ્ઠ
અને જેમના ઉપર આસ્માને સાયો (છાંયડો) કરેલો છે, તેમનાથી
અને તેમના વારસ મૌલા અલી બિન અબુ તાલિબ(કરમ),
ઇમામોના પિતા અને તારા નબીના ખભા ઉપરનો ભારે
ઉપાડનાર, તેમનાથી; અને હઝરત બીબી ફાતિમા ઝોહરા'થી;
તેમના નૂર-ચશ્મ હઝરત ઇમામ હસન અને ઇમામ હુસેન,
તારા નબીના નવાસા(દોહિત્ર) છે, તેમનાથી; અને હઝરત

બિન હુસેન(રદી.)થી; અને હઝરત મોહમ્મદ બિન અલી અને જા'ફર બિન મોહમ્મદ, ઇસ્માઇલ બિન જા'ફર મોહમ્મદ બિન ઇસ્માઈલ, એમનાથી; અને અબ્દુલ્લા અલ મસ્તુર, અને અહમદ અલ મસ્તુર અને હુસેન અલ–મસ્તુર અને સય્યેદેના મેહદી, અને સય્યદેના કાયમ, અને સય્યેદેના મન્સૂર, અને સય્યેદેના મોઈઝઝ અને સય્યેદેના અઝીઝ, અને સય્યેદેન, હાકિમ, અને સય્યેદેના, ઝાહિર, અને સય્યેદેના મુસ્તન સીર અને સય્યેદેના મુસ્તા'લી અને સય્યેદેના આમીર, અને ઇમામ અલ તૈયબ, અબુ'લ કાસિમ અમીરૂ'લ મો'મનીન અને તેમના દાઈઓ અને વલીઓથી(વારસોથી) અને તેમના ઇમામોથી; અને હવે પછી આવનાર ઈમામ મેહદી કાયમ આખિરૂઝઝમાન' અને તેમના પ્રતિનિધિઓથી; અને તેમના જમાનાના દીની ઇમામોથી; જેમના ઉપર અલ્લાહ તા'લાની રહમત હો તેમનાથી; અને સય્યેદેના અને મૌલાના દાઇ વડા મુલ્લાંજી સાહેબથી; અને સય્યેદેના તેમના નાયબસાહેબ અને સય્યેદેના નાયબના નાયબ સાહેબ, અને સઘળા આમિલ સાહેબો અને આ દિલોના તુફેલથી (વસીલાથી); યા અલ્લાહ ! તું મર્હૂમની રૂહને બચાવી લે ! ખુદા પાક એકલો જ સૌથી સારો બચાવનાર છે. તેના સિવાય બીજા કોઈમાં તેવી કુદરત(શકિત) નથી.''

કેટલીક વખત મુલ્લાંજી સાહેબ જમાતને જમણ આપે છે તેવા પ્રસંગો નીચે પ્રમાણે છે :– ૧. મોહર્‌રમના પહેલા દશ દિવસોમાં, ૨. રમઝાન શરીફના ત્રીજે દિવસે, અને ૩. મુલ્લાંજી સાહેબના કુટુંબમાં શાદી ગમીના પ્રસંગોએ. ત્રીજા પ્રકારના પ્રસંગો આ પ્રમાણે હોય છેઃ વડા મુલ્લાંજી સાહેબ ખુદાની રહમતે પહોંચ્યા પછી, તેમની ગાદીએ બેસનાર વારસ મર્હૂમ મુલ્લાંજી સાહેબની ઝયારતના ત્રણ દિવસોમાં, અને તે પછી દશમા અને ચાળીસમા દિવસે અને વરસીને દિવસે આખી જમાતને જમણ આપે છે.

વડા મુલ્લાંજીની ગાદીની ફેરબદલીઓ :

વડા મુલ્લાંજી સાહેબની ગાદી અઢારમા સૈકાના પાછલા ભા[illegible] સુરતમાં સ્થપાઈ, તે પહેલાં તે અનેક વખત એક સ્થળેથી [illegible] સ્થળે ફેરવવામાં આવેલી હતી. તે અગાઉનાં સ્થળો આ પ્રમાણે છે: સિદ્ધપુર, અમદાવાદ, જામનગર, માંડવી (કચ્છ), ઉજ્જૈન [illegible] બુરહાનપુર.

સુરતમાં તેમની ગાદી સ્થપાયા પછી ત્યાં નીચે જણાવેલા મુલ્લાં[illegible] ઓ થયેલા છે: નજમુદ્દીન, ૧૭૮૫; શમ્સુદ્દીન, ૧૭૯૭; ઇઝ્ઝુદ્દી[illegible] ૧૮૧૭; ઝયનુદ્દીન, ૧૮૨૧; બદરૂદ્દીન, ૧૮૩૭; નજમુદ્દીન. ૧૮[illegible] હુસેનુદ્દીન, ૧૮૮૨; હુસામુદ્દીન, ૧૮૯૩; બુરહાનુદ્દીન, ૧૮૯૩; (હુસા[illegible] દ્દીન પછી એક માસ પછી ગાદીએ આવ્યા હતા); બદરૂદ્દીન, ૧૯[illegible] સયફુદ્દીન, ૧૯૧૭ (હાલના વડા મુલ્લાંજી સાહેબ).

ખાસ પ્રસંગોએ વડા મુલ્લાંજી સાહેબ 'ગાદી' ઉપર બેસે [illegible] અને તેમના અધિકારની નિશાનીરૂપે તેમને ચમ્મર ઢોળવામાં આવે[illegible] વહોરાઓ તેમની પાસે હાજર થતી વખતે, ત્રણ વખત નીચા [illegible] સલામ કરી (ગુલઝારે દાઉદીના કહેવા પ્રમાણે, ત્રણ વખત સિજ[illegible] કરી), અદબ ભરીને ઊભા રહે છે. જિલ્લાઓમાં વડા મુલ્લાંજી સાહે[illegible] ના વતી કામ કરતા આમિલ સાહેબોને પણ બીજા વહોરા[illegible] તરફથી એ પ્રકારની ઇજ્જત મળે છે. આ પ્રથા, મોગલ દરબારો[illegible] અને પાછળથી, નાના નાના નવાબોની રિયાસતોમાં પણ, ચાલ[illegible] પ્રથાનું અનુકરણ છે.

સુરતથી બીજે નંબરે તેમનું મુખ્ય સ્થળ મુંબઈ છે; જો કે અત્[illegible] વડા મુલ્લાંજી સાહેબ મોટે ભાગે મુંબઈમાં જ રહે છે. તેથી તે જ [illegible] તેમને માટે 'પ્રથમ નંબરનું' શહેર થઈ ગયેલું છે. એક રીતે સુર[illegible]

ગાદી જાણે મુંબઈ ફેરવાઈ ગઈ હોય તેમ લાગે છે. તેમની કોમી અગત્યમાં ત્રીજા નંબરનું શહેર અમદાવાદ છે. તે ઉપરાંત નીચેનાં સ્થળોએ પણ મુલ્લાંજી સાહેબના નાયબો રહે છે: ગુજરાત તળપદમાં વાડાસિનોર, વડોદરા, ભાવનગર, વિરમગામ પાસે ભોજવા, ભરૂચ, ભીમા, ખંભાત, દોહદ, ગોધરા, ઘોઘા અને લુણાવાડામાં; કચ્છમાં માંડવીમાં; ઉત્તર ગુજરાતમાં પાલનપુર, પટ્ટણ, સિદ્ધપુર અને વીસનગરમાં; મુંબઈ ઇલાકાના બીજા ભાગોમાં બેલગામ, જુન્નર, કોંકણ અને પૂનામાં; હિન્દના બીજા પ્રાન્તોમાં, ઔરંગાબાદ, બુરહાનપુર, હૈદરાબાદ, મંદસોર અને ઉજ્જયનમાં; હિન્દુસ્તાન બહાર અરબસ્તાનમાં જિદ્દા અને મોખામાં; અને ઈરાની અખાતમાં, મસ્કત અને બસરામાં.

દાઉદી વહોરાઓમાં ખાસ તરી આવતી વિશિષ્ટતાઓમાં તેમની જમાતનું બંધારણ છે. તેના કાયદાકાનૂનોનું પાલન એટલી ચુસ્ત રીતે થાય છે કે મુસલમાનોની બીજી કોમોને તેમની એક પ્રકારની અદેખાઈ થવી જોઈએ! ખરેખર! બીજાઓએ એમનું અનુકરણ કરવા યોગ્ય તેમના સર્વોચ્ચ નેતા તેમના વડા મુલ્લાંજી સાહેબ છે. તેમની 'પૂજા' કરવામાં આવતી નથી. તે સિવાય તેમને ઘણું જ માન આપવામાં આવે છે. એક રીતે, તેમનો નિર્ણય છેવટનો ગણાય છે. તેવો નિર્ણય મઝહબી હોય કે સામાજિક—પ્રત્યેક ક્ષેત્રમાં મુલ્લાંજી સાહેબનો નિર્ણય છેવટનો અને અફર ગણાય છે.

મઝહબી કાનૂનો તોડનારને દંડ કરવામાં આવે છે. તેમની કડકમાં કડક સજા, તકસીરવાનની 'સલામ' બંધ કરી દેવાની હોય છે. જમાતનો કોઈ પણ માણસ તેને સલામ કરતો નથી, તેમ તેની સલામના જવાબ આપતો નથી. આ રીતે તેનો સામાજિક બહિષ્કાર થઈ જાય છે. તેથી તેને સમાજમાં રહેવું વ્યવહારિક રીતે અશક્ય બની જાય છે.

નાનામોટા ગુનાઓ માટે ગુનાના પહેલાં પ્રમાણમાં દંડ કરવામાં આવે; કેટલાક ગુનાઓ માટે ફટકાની સજા પણ થતી હતી. હવે તેમ કરવા આવતું નથી. જે ગામમાં દાઉદી વહોરાઓની નાની નાની પણ સં હોય છે ત્યાં વડા મુલ્લાંજી સાહેબનો એકાદ નાયબ હોય છે જ.

તેમની જમાતની એક વિશિષ્ટતા એ છે કે તેમના નાનામોટા કજિ તેમના આમિલ સાહેબો જ પતાવી આપે છે. પોલિસ અધિકાર બહ ના ફોજદારી ગુનાઓ પણ એવી જ રીતે પતાવી દેવામાં આવે; આથી "જે જાય દરબાર, તેનાં જાય ઘરબાર"ની પાયમાલીમાં તેઓ બચી જાય છે. જેમ સરકારી કોર્ટોમાં મૂળ કોર્ટ, અપીલ કો અને છેવટની હાઈકોર્ટ છે, તેમ તેમના બંધારણમાં પણ ક્રમ ગોઠવે હોય છે. આવા જ ક્રમ ખોજાઓની જમાતમાં પણ હોય છે. વહોરાઓમાં સર્વોચ્ચ અદાલત વડા મુલ્લાંજી સાહેબ છે. જ્ય ખોજાઓમાં તે સ્થાન નામદાર આગાખાન સાહેબનું છે. સુન્નીઓ આવું કોઈ બંધારણ નથી. તે પણ તેમની આર્થિક બરબાદીનું એ કારણ છે.

વરસમાં એક વખત, રજબ મહિનાની અઢારમી તારીખે, દ દાઉદી વહોરો મુલ્લાંજી સાહેબના હાથમાં હાથ મૂકીને, તેમને અ તેમના પંથને નિમકહલાલ રહેવાના સોગંદ ખાય છે. આ મધ્યયુગ feudal જમાનાના જેવી સોગંદવિધિ છે. મુલ્લાંજી સાહેબ તે વખ તે વહોરાને શીખ દે છે કે "હઝરત પયગમ્બર સાહેબ (અલ.)ની ઉમ્મતમાંથી, હઝરત ઇમામો જમા અને તરજલની ખિદમતમાંથી અને મુલ્લાંજીના હુકમમાંથી જરા પણ દૂર ના જાઓ તેની કાળજી રાખજો—જે મુનકર થશે (અનાદર કરશે) તેનો ચહેરો કયામતમાં અલ્લાહ તા'લા પાસે કાળો થશે અને તે દોઝખમાં જશે. (ઇમામો જમા અને તરજલનાં નામ ઇમામોની કોઈ યાદીમાં મળતા નથી.)

એ દિવસે જ્યારે મુલ્લાંજી સાહેબ મસ્જિદમાં પધારે છે ત્યારે દાઉદીઓ તેમનાં પગલાં ચૂમે છે, અને જે જમીન ઉપર થઈને તેઓ જાય છે, તે જગાની ધૂળ લઈને તેઓ પોતાનાં કપાળ અને આંખો ઉપર લગાડે છે.

વડા મુલ્લાંજી સાહેબ તેમના પંથના "દાઈ" ગણાય છે. તેમના હાથ નીચેના મુલ્લાંઓ ચાર દરજ્જાના હોય છે: ૧. **માઝન :** શબ્દાર્થ પ્રમાણે, અમલ કરવાની જેને પરવાનગી આપવામાં આવેલી હોય તે; ૨. **મુશબ્બિર :** અર્થાત્ અમલ કરનાર—એક્ઝીક્યુટર., ૩. **મશાયખ :** (શેખનું બહુવચન)—અર્થાત્, વડીલ; અને ૪. **મુલ્લાં :** એટલે વાલી. તેઓ તેમના નિર્વાહ માટે તેમની જમાત ઉપર આધાર રાખતા નથી, પરંતુ મદ્રેસાઓમાં છોકરાંને પઢાવી અથવા બીજો કોઈ ધંધો કરીને તેઓ પોતાનું ગુજરાન ચલાવે છે. સારું અરબી જાણનાર કોઈ પણ સારી ચાલના જુવાનને મુલ્લાંજી છેલ્લી પાયરીમાં પ્રથમ નીમવામાં આવે છે. પછી તેની લાયકાત મુજબ, માત્ર વડા મુલ્લાંજીના દરજ્જાથી જ ઊતરતા દરજ્જા સુધી તેને ક્રમવાર ચઢાવવામાં આવે છે. મુલ્લાંની ફરજો બજાવતા યુવાન માણસને તા'લીમ આપવામાં આવે છે. તે તા'લીમ તેને સુરતમાં ઈ. સ. ૧૮૦૯માં ખોલવામાં આવેલા મદ્રેસામાં આપવામાં આવે છે. તે મદ્રેસા હજી પણ અસ્તિત્વમાં છે. આ મધ્યસ્થ મદ્રેસા એક પ્રકારની ટ્રેનિંગ કોલેજ છે. જમાતના છોકરા-છોકરીઓની અરબી અને દીની તા'લીમ માટે તેમની જ્યાં જ્યાં વસ્તી હોય છે તે સર્વ સ્થળોએ સામાન્ય પ્રકારના મદ્રેસા હોય છે. તેની એક જરા વિચિત્ર વિશિષ્ટતા છે કે તે મદ્રેસાઓમાં કુરઆન પઢાવનાર સુન્ની મુન્શીઓ હોય છે.

મુલ્લાંઓ તૈયાર કરવાની ટ્રેનિંગ સ્કૂલમાં ઉમ્મેદવારોને ખાવા-પીવાનું, તેમ કપડાંલત્તાં પૂરા પાડવામાં આવે છે. શિક્ષણમાં, તેમને

અરબી, ભૂમિતિ, તર્કશાસ્ત્ર અને ઇસ્લામની શરીઅત શીખવ[ાય] આવે છે. એ સ્કૂલમાં આવી તા'લીમ લેવા માટે હિન્દના દરેક જિ[લ્લા]માંથી, તેમ જ છેક અરબસ્તાનથી પણ ઉમેદવારો આવો છે, તે[નો] અભ્યાસક્રમ ત્રણ વરસનો હોય છે.

હાલના વડા મુલ્લાંજી સાહેબ કેળવણીમાં ઘણો રસ લે[છે] માત્ર પોતાની કોમની કેળવણીમાં જ નહિ, પણ બીજા મુસલમા[નોની] કેળવણીમાં પણ તેઓ અલીગઢ યુનિવર્સિટીના ચાન્સેલર છે.

કેળવણી ઉપરાંત, પોતાની જમાતના ગરીબ અને નિરા[ધાર] માણસોને નિર્વાહ માટેની મદદ જમાતના ફંડમાંથી આપવામાં આવે[છે]. આમ કોમની ગરીબાઈ કોમમાં જ ઢંકાઈ જાય છે. બીજી કોમે આનું પણ અનુકરણ કરવા જેવું છે.

તે ઉપરાંત દાઉદી જમાતમાં વેપાર-ઉદ્યોગને ઉત્તેજન આ[પવા] કોમના ફંડમાંથી એક બૅન્ક પણ કાઢવામાં આવેલી છે. તે જમાત[ના] માણસોને વેપાર અર્થે નાણાં ધીરે છે. તે વ્યાજ લે છે કે કેમ અ[થવા] ના લેતી હોય તો નાણાં પરત કરવા સંબંધેની શી શરતો છે જાણવામાં નથી.

આ બધું ખર્ચ કરવા નાણાં તો જોઈએ. તે માટે તેમના[માં] પ્રબંધ છે કે દરેક દાઉદી પોતાની કમાણીનો પાંચમો ભાગ મુલ્લાં[જી] સાહેબને દર વરસે આપે છે. આ પાંચમો હિસ્સો—"ખુમ્સ" શરીઅત મુજબ અગાઉ ખલીફાઓને આપવામાં આવતો. હ[વે] મુલ્લાંજી સાહેબ તેમની કોમના વડા દરજ્જે આ શરીઅતી 'ખુમ્સ'ના અધિકારી માનવામાં આવે છે.

આવકના આ પાંચમા હિસ્સા ઉપરાંત, હરેક દાઉદીની સઘળા પ્રકારની મિલ્કતમાં, મુલ્લાંજી સાહેબનો પાંચમો હિસ્સો લેવાનો હક માનવામાં આવે છે. બાળકોમાં પણ, પાંચ છોકરા હોય તો પાંચમો છોકરો મુલ્લાંજી સાહેબનો ગણવામાં આવે છે. તેનાં માબાપ મુલ્લાંજી સાહેબને નાણાંનો બદલો આપીને તે છોકરાને ખરીદી લે છે; અથવા તે છોકરો મુલ્લાંજી સાહેબનો હિસ્સો ગણવામાં આવતો નથી. તેમનામાં કોઈ બિનવારસી ગુજરી જાય તો તેની સઘળી મિલ્કત મુલ્લાંજી સાહેબને મળે છે. ખિલાફતના જમાનામાં અને મુસ્લિમ રિયાસતોમાં આવો હક્ક રાજવીનો હોવાનું રાજદ્વારી ધોરણે ગણવામાં આવતું હતું. અંગ્રેજી રાજ્યઅમલ દરમ્યાન પણ આવો કાયદો હતો.

આ 'પાંચમા હિસ્સા' ઉપરાંત, હરેક દાઉદીની જિંદગીમાં, જન્મથી મરણ સુધીના, કુટુંબના પ્રત્યેક પ્રસંગે, મુલ્લાંજી સાહેબનો ભાગો આપવાનો હોય છે તે સાધારણ રીતે આઠથી બાર આના સુધીનો હોય છે; પણ 'ટીપે ટીપે સરોવર ભરાય,' તે ન્યાયે આખી જમાતમાંથી આ રકમનો સરવાળો મોટો થઈ શકે છે.

ખોજાઓમાં પણ આવા ફાળા હરેક ખોજાને નામદાર આગાખાન-સાહેબને આપવાના હોય છે.

આ બન્ને કોમોમાં આવા ફાળા ઉઘરાવવા ગામેગામ મુલ્લાંજી સાહેબના અથવા આગાખાન સાહેબના પ્રતિનિધિ એજંટો હોય છે.

સુન્નીઓમાં આવું કોઈ બંધારણ છે જ નહીં. તેથી તેમનું સંગઠન થઈ શકતું નથી.

આ મુલ્લાંજી સાહેબના 'ખુમ્સ' અને પરચૂરણ ફાળાઓ ઉપરાંત,

દરેક દાઉદી શરીઅત મુજબની સેંકડે અઢી ટકાની "જકાત" કાઢે છે. તે રકમ તે પોતે પોતાની મુન્સફી પ્રમાણે વાપરે ; જમાતના કોઈ ફંડમાં તે ભરવાની હોય છે, તે ચોક્કસપણે જણ નથી.

સુન્નીઓમાં આવી જમાત કેટલાક સખી શેઠિયાઓ કો પરંતુ તેવો સર્વસામાન્ય રિવાજ નથી. હમણાં હમણાં કે શહેરોમાં " બયતુ'લ માલ "ની મંડળીઓ થયેલી છે, તેઓ પે સભ્યો પાસેથી તેવાં નાણાં ઉઘરાવે છે. પરંતુ આ મંડળીઓના થવું મરજિયાત છે.

ગાદી ઉપર હોય તે મુલ્લાંજી સાહેબ પોતે પોતાનો વારસ નીમે સાધારણ રીતે તે તેમના કુટુંબમાંથી જ હોય છે. પણ સર્વદે પ્રમાણે બનતું નથી. આ તો સુન્નીઓની 'ખુલફા–એ–રાશેદ વારસ-ખલીફા નીમવાની પદ્ધતિ થઈ. તે માટે તો શીઆઓ સુન્ની થી જુદા પડયા હતા. તેમનો દાવો હ. અલી(કરમ)ના " વારસ હક્કનો હતો. તેમ છતાં, દાઉદીઓમાં આપણે મૂળ સુન્ની પદ્ધતિ પુનરાવર્તન જોઈએ છીએ.

ઇસ્લામી શરીઅતની સુન્નત કરવાની વિધિને દાઉદી વહોરા ઘણી અગત્ય આપે છે. સાંભળેલું છે કે તેઓ સુન્નીઓથી આગળ છોકરીઓની પણ સુન્નત કરાવે છે ! પરંતુ આ માત્ર કિંવદંતી વહોરાઓ બીજા મુસલમાનો પાસે પોતાની મઝહબી વિધિઓ રાખે છે, અને તેમની તવારીખોમાં પણ તેનું વર્ણન કરતા નથી. આ બાબત ચોકકસ કહી શકાય તેમ નથી.

તેમનાં બાળકોની "અકીકા"ની વિધિ તેઓ મુલ્લાંજી સાહે

કાનમાં કરે છે. નાનાં ગામોમાં, મુલ્લાંજી સાહેબના પ્રતિનિધિ ામિલોને ત્યાં તેમ થતું હોવું જોઈએ.

તેમનામાં લગ્ન મોટી ઉંમરે થાય છે. વિધવાઓ શરીઅત મુજબ ીજા નિકાહ કરે છે. તેમાં કેટલાક કિસ્સા તો વૃદ્ધ ઉંમરે આવા નેકાહો થયાના પણ હોય છે. આવી વિધવાને મોટી ઉંમરનો પુત્ર હોય, ોતે 'દાદી' પણ થઈ ચૂક્યાં હોય, છતાં આવા બીજા નિકાહ કરવાનો ાઈ નિષેધ ગણાતો નથી !

વહોરાઓ પોતાનાં નામને છેડે 'અલી' અથવા 'જી' ઉમેરે છે ! ઉદા. મોહમ્મદઅલી, ઇસ્માઈલજી, વગેરે છોકરીઓનાં કેટલીક વખત હિન્દુ નામો પણ હોય છે. હાલનો યુવાન વર્ગ કેટલીક વખત મુસલમાની નામોને મચરડી નાખી હાસ્યાસ્પદ પરિવર્તન કરી નાખે છે : ઉદા૦ 'ખદીજા'ને 'ખાતુ' અથવા 'ખતલી'; ફાતિમા' ને 'ફતુડી' વગેરે.

———

પ્રકરણ ૨૯

વહોરાઓના બીજા પેટાવિભાગો

ઉપર પ્રકરણ ૨૭ના અંત ભાગમાં આ પેટાવિભાગોનું વર્ણન આપેલું છે. તે વર્ણન આ પ્રકરણમાં જરા વધારે આપ્યું છે.

૧. સુલયમાની વહોરાઓ :

ઈ. ૧૫૯૧માં તેમના ફિરકાની શરૂઆત થયા પછી તેમણે કોઈ પ્રગતિ કરેલી નથી. ઈ. સ. ૧૮૪૮માં, સુરતમાં તેમ... કુટુંબો, ભરૂચમાં ૨૫૦, અને નિઝામ–હૈદરાબાદમાં તેથી થોડાં હતાં. ૧૮૯૬ માં, આ સંખ્યા ઘટીને, સુરતમાં એકબે કુટુંબ, બેત્રણ, અને તેટલાં જ ખંભાતમાં હતાં.

તેમના વડા મુલ્લાંજીની ગાદી શરૂથી જ યમનમાં હતી, અને પણ તે ત્યાં જ છે. ૧૮૭૨માં, તે વખતના તેમના વડા મુલ્લાંજી બિન ઇસ્માઈલને તુર્ક સરકારે કેદ પકડયા હતા. અને હકુમતમાંથી થોડો મુલ્ક લઈ લીધો હતો. ૧૮૯૮માં, તેમના સાહેબ, અહમદ બિન ઇસ્માઈલ અરબસ્તાનના હિજાઝ નજરાન ગામમાં રહેતા હતા.

સુલયમાની વહોરાઓ દેખાવમાં, રીતરિવાજોમાં અને રસમોમાં, દાઉદી વહોરાઓથી જુદા પડતા નથી. તેઓ સાથે હળેમળે છે, માત્ર પરસ્પર લગ્નવ્યવહારનો સંબંધ નથી.

છેલ્લી પેઢીમાં, સુલયમાની વહોરાઓએ તેમના જીવનમાં ઘણા રફારો કરેલા છે. મરહૂમ તૈયબજી જો કે ઉત્તરાવસ્થામાં મુંબાઇમાં હેતા હતા, પરંતુ તેઓ ખંભાતના વતની હતા. પોતાના પુત્રોને ચ્ચ પાશ્ચાત્ય કેળવણી આપનાર તેઓ પહેલા જ વહોરા હતા. મના એક પુત્ર મરહૂમ બદરૂદ્દીન મુંબઈ હાઈકોર્ટના જજ અને થોડો ખત એકિંટગ ચીફ જસ્ટીસ હતા. તેઓ બેરિસ્ટર હતા. તૈયબજીના ીજા બારિસ્ટર પુત્ર મરહૂમ અબ્બાસ તૈયબજી વડોદરા હાઈકોર્ટના જજ હતા. તેઓ રિટાયર થયા પછી કોન્ગ્રેસી થયા હતા અને ખેડા જિલ્લામાં રહેતા હતા. મરહૂમ બદરૂદ્દીનના પુત્ર મોહસીન આઈ. સી. એસ. હતા અને ભરૂચમાં ડિસ્ટ્રીકટ અને સેશન્સ જજ હતા, ત્યારે નર્મદામાં નહાતાં, કમનસીબે યુવાન વયમાં જ ડૂબી ગયા હતા. બીજા પુત્ર સલમાન ઇંગ્લેન્ડમાં સિવિલ એન્જીનિયર થઈ હિન્દમાં સુપ્રિન્ટેન્ડીંગ એન્જીનિયરના હોદ્દા સુધી ચઢયા હતા. એક બીજા પુત્ર ફૈઝ બેરિસ્ટર હતા અને એક વખત મદ્રાસ હાઈકોર્ટના અને બે વખત મુંબાઈ હાઈકોર્ટના જજ થયા હતા.

સર અકબર હૈદરી વીસ વરસમાં અંગ્રેજી રાજ્યમાં એકાઉન્ટન્ટ જનરલ થઈ પાછળથી નિઝામ સરકારના રાજ્યમાં ઉછીની નોકરીમાં નિઝામ સરકારના મુખ્ય પ્રધાન થયા હતા. તેમના પુત્ર મોહમ્મદ સાલેહ આઈ. સી. એસ. હતા અને કોંગ્રેસ સરકારમાં આસામના ગવર્નર હતા, ત્યારે ત્યાં ગુજરી ગયા હતા.

તૈયબજી અને હૈદરી કુટુંબોએ માતૃભાષા ગુજરાતી છોડી દઈ, ઉર્દુ અખ્ત્યાર કરેલી છે. તેથી સરકારી નોકરીઓમાં તેમને બીજા પરભાષીઓ માફક ગુજરાતી શીખવી પડતી હતી.

આ બન્ને કેળવણીમાં આગળ વધેલાં કુટુંબોએ મુસલમાની પરદાના

રિવાજને તિલાંજલિ આપેલી છે. તેમના કુટુંબની પુત્રીઓ પુ
શિક્ષણ લે છે.

૨. અલીઆ વહોરાઓ :

અલીયા વહોરાઓની પેટાકોમ સ્થાપનાર અલી તે વ
વડા મુલ્લાંજી શેખ આદમના એક પુત્ર ઇબ્રાહીમના પુત્ર હતા.
નશીન શેખ મુલ્લાંજી શેખ આદમે પોતાના પુત્રોને છોડી દઈ,
શેખ તૈયબને પોતાના વારસ નિમ્યા હતા. શેખ આદમના પુ
અલીના દાવાને ટેકો આપવા પ્રયાસો કર્યા હતા, પરંતુ બહુ જ
સંખ્યા તેમના તરફ રહી હતી.

સુલયમાનીઓ માફક અલીઆઓ પણ દાઉદીઓ સાથે
સામાજિક વ્યવહાર રાખે છે. માત્ર લગ્નવ્યવહાર રાખતા
તેમનો દેખાવ અને તેમની રીતરસમો દાઉદીઓ જેવી જ છે.
દષ્ટિએ તેમને જુદા પાડી શકાય તેમ નથી.

૩. નાગોશી વહોરાઓ :

ગોસ્ત નહીં ખાનારા આ નાગોશી વહોરાઓનો ફિરકો, દાઉદી
ના કહેવા પ્રમાણે, ઈ. સ.૧૭૮૯ના અરસામાં, પડેલો હતો. તે
પેટાકોમના મૂળ સ્થાપકને તેમની કેટલીક વિચિત્ર માન્યતા
લીધે, અલીઆ કોમમાંથી કાં તો કોમ બહાર કરેલા હતા અથવા
કારણે તેઓ પોતે તે કોમમાંથી નીકળી ગયા હતા.

તેમના કોમી સિધ્ધાંતોમાં, સૌથી વિશિષ્ટ સિધ્ધાંત માંસ
નહીં કરવાનો છે. તેમ કરવું તેઓ ‘ પાપ ’ માને છે. તે ઉપરથી
“ નાગોશીઆ ” કહેવાય છે.

ફરિસ્તાએ વર્ણવેલી 'અલી-ઇલાહિયા' કોમ, જે અનેક અવતારોમાં માનતી હતી, અને હઝરતઅલી(કરમ)ને ખુદાપાકના અવતાર તરીકે માનતી હતી, તે કોમ સાથે આ નાગોશીઓને કંઈ સંબંધ નથી.

૧૮૯૭માં, ગુજરાતમાં તેમની વસ્તી માત્ર ત્રણચારની જ હતી, અને તેઓ બધા વડોદરામાં રહેતા હતા. તેઓ અલીયા સાથે લગ્નવ્યવહાર રાખે છે, પરંતુ દાઉદીઓ સાથે તેઓ સંબંધ રાખતા નથી.

૪. જા'ફરી વહોરાઓ

જા'ફરી વહોરાઓ, જે દાઉદી વહોરાઓ મુઝફ્ફર શાહ પહેલાના અમલમાં, ઈ.સ. ૧૩૯૧ માં સુન્ની મઝહબમાં આવ્યા હતા, તેમના વંશજો છે. દાઉદી વહોરાઓ અને આ સુન્ની મઝહબમાં આવેલા જા'ફરી વહોરાઓ વચ્ચે શરૂમાં આંતર લગ્નવ્યવહાર હતો. તે ૧૫૩૫માં સૈયદ અહમદ જા'ફર શીરાઝીએ બંધ કરાવ્યો હતો. તેમના પેટાકોમના મુખ્ય મથક ઉપરથી તેમને "પટ્ટણી" અને તેમના પેટાકોમના સ્થાપકના નામ ઉપરથી 'જા'ફરી' કહેવામાં આવે છે. તેઓ સુન્ની છે તેથી તેમને "બડી જમાત" અથવા "ચાર યારી" (ચારે ખલીફાઓને માનનારા) કહે છે. તેઓ સુન્ની હોવાથી, આઁ હઝરત-(અલ.)ના ચાર મુખ્ય સહાબા હ. અબુ બક્ર, હ. ઉમર, હ. ઉસ્માન અને હ. અલી એમ ચારેને માને છે.

આ વહોરાઓ સુન્ની કેવી રીતે થયા હતા તે માટે દાઉદીઓ નીચે પ્રમાણે ખુલાસો કરે છે: 'તેમનામાંનો એક જા'ફર નામનો માણસ તે વખતના રિવાજ મુજબ, ગુજરાતથી યમન મુલ્લાંપણાના શિક્ષણ માટે ગયો હતો. ઈ. સ. ૧૪૯૪ના અરસામાં તે પાછો આવ્યો

હતો. ત્યારે તેણે ધોરણસરની પરવાનગી લીધા વિના મુલ્લાંપ ધંધો શરૂ કરી દીધો હતો. તે કારણે, તેને જમાત બહાર મૂક આવ્યો હતો. તેનું વેર વાળવા તે સુન્ની થઈ ગયો હતો અને તે સુન્ની પંથમાં ઘણા શીઆઓને ભેળવ્યા હતા.

પરંતુ સુન્નીઓના કહેવા મુજબની ઘટના આ પ્રમાણે છે: સુલ મહમૂદ બેગડાના જમાનામાં તેના દરબારમાં અલંકાર રૂપ થઈ ગ સૈયદ અહમદ જા'ફર શીરાઝીના નામ ઉપરથી તેઓ 'જાફ કહેવાય છે. આ બાબતની સાબિતીમાં, તેઓ હજીયે એ સૈય પોતાના પીર તરીકે માને છે, અને તે સૈયદના વંશજોને તેઓ પોતા પીરઝાદા માને છે. તેમનો રોજો અમદાવાદમાં છે.

આ સૈયદ અહમદ જા'ફર શીરાઝીને હજી પણ એટલું બધું મ મળે છે કે અમદાવાદમાં, હિન્દુઓ, જે રસ્તે એ પીરનો રોજો છે રસ્તેથી પોતાનાં શબ બાળવા લઈ જતા નથી. તેઓ માને છે કે કરવાથી એ શબ બળતાં નથી.

મિરાતે અહમદીના કહેવા પ્રમાણે, આ સૈયદ અહમદને તેમ પિતા જા'ફરે સિંધમાંથી બોલાવીને અમદાવાદમાં વસાવ્યા હ અને પોતે સિંધ ગયા હતા. કહેવાય છે કે આ સૈયદ અહમદ ચમત્કારો કરી શકતા હતા. બેરકાત નમાઝમાં તેઓ અર્ધું કુરઆ પઢતા હતા. તેમણે મક્કા શરીફની હજ પગે ચાલીને કરેલી હતી.

આ સૈયદ અહમદના હાલના ગાદીનશીન ભરૂચના શહેર કા સાહેબ સૈયદ નુરૂદ્દીન હુસેન સાહેબ છે.

પટ્ટણી વહોરાઓ ગુજરાતનાં સઘળાં ગામોમાં નાનીમો સંખ્યામાં મળે છે. દેખાવમાં તેઓ દાઉદીઓથી જુદા પડે છે

મેમણો અથવા બીજા મુસલમાનોને વધારે મળતા આવે છે. તેમનામાંના શહેરોમાં રહેનારા ઉર્દુ અને ગામડાંમાં રહેનારા ગુજરાતી બોલે છે. પહેરવેશમાં પટ્ટણી વહોરાઓ બીજા મુસલમાનો કરતાં, તેમની ગોળ, નાની કિનારીની તપખીરીઆ અથવા કાળી પાઘડીથી જુદા પડે છે. તેમની કોમના જુવાન માણસો રાતી પાઘડીઓ પહેરે છે. તેમની સ્ત્રીઓ, સુરતી મુસ્લિમ સ્ત્રીઓ જેવાં કપડાં પહેરે છે. ફેર માત્ર એટલો જ હોય છે કે તેમની ઇજારો જરા વધારે પહોળી હોય છે. બહાર જવામાં તેઓ બુરખા ઓઢે છે. આ વહોરાઓ વેપાર કરે છે. જેઓ અરબસ્તાન સાથે વેપાર કરે છે તેઓ ઘણા અરબી રિવાજો પાળે છે.

તેમનામાંના ઘણાખરા લોખંડ કે કાચના સામાનની દુકાનો કરે છે. કેટલાક ફેરીનો ધંધો કરે છે. અમદાવાદ અને પટ્ટણમાં તેઓ રેશમી કપડાં વણે છે. તેમની સ્ત્રીઓ ઘરકામ ઉપરાંત રેશમી કપડાં વણવાનું કામ કરે છે. હવે તેમણે કપડાં વણવાનું કામ છોડી દીધું છે. તેઓ વધારે કંજૂસ હોય છે. તે સિવાય બીજી રીતે તેઓ દાઉદીઓને વધારે મળતા આવે છે. એક વર્ગ તરીકે તેઓ સુખી સ્થિતિમાં છે. કેટલાક પૈસાદાર અને માત્ર થોડા જ દેવાદાર હોય છે. તેઓ મુંબઈ ધારાવીમાં ચામડાનો ધંધો પણ કરે છે, તેમ જ કડી, વડોદરા વગેરે ગામો અને શહેરોમાં કરિયાણાનો ધંધો પણ કરે છે. અમદાવાદના શેઠ વલીયુલ્લાહ અને કડીના પરંતુ મુંબઈમાં પેઢી રાખી ભોંયરાવાળા શેઠ મધ્ય એશિયા અને અગ્નિએશિયાના દેશો સાથે વેપાર કરે છે.

તેઓ મઝહબે સુન્ની અને પરહેઝગાર હોય છે. ઘણીખરી સ્ત્રીઓ પણ કુરઆનેશરીફ પઢી જાણે છે અને નમાઝ પઢે છે.

તેમનામાં કોઈ ખાસ દીનનો ઉપરી નથી. ઘણાખરા પીરઝાદાઓને

માને છે. તેમનામાંની મોટી સંખ્યા અમદાવાદના પીર મોહમ્મદ
માને છે. તેથી તેઓ "કબરીઆ"ને નામે ઓળખાય છે. તે
છોકરાંઓનાં નામ સાદાં, જેવા કે ઉમર, ઉસ્માન અલી નામ
'મિયાં' કે પાછળ 'ભાઈ' જોડેલાં હોય છે.

સુરતના સુન્ની વહોરાઓ દરેક જાતના મુસલમાનોમાં
વ્યવહાર કરે છે. તે સિવાયના જા'ફરી વહોરાઓ માત્ર તેમની કોમ
જ પરણે છે. તેમનાં લગ્ન તેઓ કોઈ જાતના વરઘોડા વિના ઊજવે

દરેક ગામમાં તેમનો નાત-પટેલ હોય છે. તેમની જમાત
બંધારણ એકંદરે સારું છે. તેમનામાંના માલદાર માણસો થોડે
વખતે ભેગા થાય છે. અને તેમની કોમના ગરીબ માણસોને
કરવાને ઉઘરાણું કરે છે. એકંદરે તેમનું ભવિષ્ય ઊજળું છે. તેમનામાં
કેટલાક સરકારી નોકરીઓમાં દાખલ થયેલા છે. તેમનાં છોકરાં
તેઓ ગુજરાતી અને ઉર્દૂ અને કેટલાક અંગ્રેજી શીખવે છે.

હીપ્તીઆ વહોરાઓ :

ઉપર પ્રકરણ ૨૭ને અંતે કહ્યું છે તેમ આ ફિરકો વડા મુલ્લાં
સાહેબની ગાદી ઉજ્જૈનમાં હતી ત્યારે પડેલો હતો. તે સમયે એક વયો
અને જ્ઞાનોવૃદ્ધ સય્યદી લુકમાનજીએ ત્રણ મુલ્લાંજી સાહેબોને જોયે
હતા. તેમના દીની ઇલ્મ માટે તેમને "શમ્શુલ ઉલમા"નો ઇલ્કાબ
મળેલો હતો. તેમના એક શાગિર્દ ઇસ્માઈલ બિન અબ્દુરરસૂલનો
હીપ્તુલ્લાહ ઘણો વિદ્વાન હતો.

આ પિતા-પુત્ર શાગિર્દોએ જાહેર કર્યું હતું કે તેમના 'દાઈ-અલ
બલગ' (મોટા દાઈ) અબ્દુલ્લા બિન હારીસ મારફતે તેમણે તેમ
જમાનાના ઇમામ સાથે સંબંધ સાંકળેલો હતો. હીપ્તુલ્લાએ તો એ

સુધી જાહેર કર્યું હતું કે તે તે જમાનાના ઇમામને મળ્યો હતો અને તેમણે તેનો પોતાનો "હુજ્જતે લયલી"(રાતની સાબિતી) નિમ્યો હતો.

તેમણે ઉજ્જૈનમાં તેમના નવા મતનો પ્રચાર કર્યો હતો, પણ વહોરાઓએ તેમને એટલા હેરાન કર્યા હતા કે તેઓ લુણાવાડા નાસી ગયા હતા. કેટલાક વખતે તેઓ ઉજ્જૈનમાં પાછા આવ્યા હતા, ત્યારે મુલ્લાંજી સાહેબના "ફિદાઈઓ"(વફાદારો)એ તેનું નાક કાપી લીધું હતું.

હીપ્તુલ્લાહને ઉજ્જૈનમાં થોડાક અનુયાયીઓ મળ્યા હતા. તેમને "હીપ્તીઓ" કહે છે. તેઓ બીજા વહોરાઓ સાથે લગ્નવ્યવહાર રાખતા નથી; તેમ તેમની સાથે તેઓ સામાજિક સંબંધો પણ રાખતા નથી.

મેહદીબાગવાળા વહોરાઓ

ઈ. સ. ૧૮૯૭ના અરસામાં, વડા મુલ્લાંજી બુરહાનુદ્દીનના વખતમાં મુંબઈના એક નાના વેપારી અબ્દુલહુસેન જીવાજીએ નાગપુરમાં ઘણા માણસોને પોતાની તરફ આકર્ષ્યા હતા. યુવાન અબ્દુલહુસેન અસાધારણ બુદ્ધિશાળી અને માણસોનાં દિલ જીતી લે તેવી રીતભાત-વાળા હતા.

તેમણે જાહેર કર્યું હતું કે તેઓ તે જમાનાના ઇમામ સાથે સંપર્ક રાખતા હતા. અને ઇમામે તેમને પોતાના "હુજ્જત" (સાબિતી) નીમ્યા હતા તે નવા દરજ્જાને આધારે, તેમણે દાવો કર્યો હતો કે 'દાઈ'– વડા મુલ્લાંજી કરતાં પણ ઊંચો દરજ્જો ધરાવતા હતા.

તે સમયના દાઉદી વહોરાઓના મઝહબી દા'વતમાં કેટલાક

કમનસીબ બનાવોને કારણે, અબ્દુલહુસેનને ઉત્તેજન મળ્યું હતું. તે વખતના તેમના કેટલાક વિદ્વાન મશાયખો માનતા હતા કે મુલ્લાંજી નજમુદ્દીનના વખતથી ચાલતી આવેલી જમાનાના ઇમામોની પ્રેરિ દાઈઓની દૈવી સંકલના છૂટી થઈ હતી, અને ત્યારથી, તે મઝહબી દા'વત મટી ફક્ત કોમી, સામાજિક 'નિઝામત' (કારભાર) રૂપે રહેલી હતી.

તેમને તેમ માનવાનું કારણ એ હતું કે મુલ્લાંજી નજમુદ્દીન પહેલાંના મુલ્લાંજી સય્યદેના બદરૂદ્દીન, ચાલતી આવેલી પ્રણાલિકા અનુસાર, જમાનાના, ઇમામની પ્રેરણાથી પોતાનો વારસ જાહેર કરવાના હતા, તેના ફક્ત બે દિવસ અગાઉ, એકાએક, યુવાન વયે અવસાન પામ્યા હતા.

તેથી, શેખ ઇમામુદ્દીનની આગેવાની નીચે, તે વખતનાં આગેવાન 'મશાયખો'એ સય્યદેના નજમુદ્દીનને વડા મુલ્લાંજી તરીકે ચૂંટ્યા હતા અને તેમણે તેમને વફાદાર રહેવાના સોગંદ લીધા હતા.

આમ અગાઉથી ચાલતી આવેલી ઇમામપ્રેરિત દૈવી દા'વતની પ્રણાલિકાની સાંકળ તૂટવાથી, દાઉદી વહોરાઓના સામાન્ય જનસમાજમાં તેમના ભવિષ્ય માટે શંકાને સ્થાન મળ્યું હતું.

તે પહેલાં થઈ ગયેલા વહોરાઓના એક શાયર શેખ સાદિકઅલીની એક પેશીનગોઈ હતી કે "દાઇ ઝુઐબ પહેલા, તે છે બદરૂદ્દીન ખિતામ" (છેલ્લા). મુલ્લાંજી બદરૂદ્દીન પોતાના વારસ નિમી શક્યા ન હતા, તે સાથે આ પેશીનગોઈ સાંકળી દેવામાં આવી હતી. 'મોસમે બહાર'ની હિ. ૧૨૩૩=ઈ. સ. ૧૮૧૮ની આવૃત્તિમાં આ પેશીનગોઈ આપેલા છે. એ પુસ્તકની ત્યારપછીની આવૃત્તિઓમાં જો પેશીનગોઈ વાળી પંક્તિ સુધારીને છાપવામાં આવેલી છે.

કહેવામાં આવે છે કે, કંઈક આ વહેમને કારણે, તે વખતના કેટલાક વિદ્વાન મશાયખોએ આ નવા ફિરકાને પરોક્ષ રીતે ઉત્તેજન આપ્યું હતું, અને કેટલાક ચુસ્ત મશાયખો તો તેમાં જોડાયા પણ હતા. તે ઉપરથી કેટલાક પૈસાદાર અને સાહસિક વેપારીઓ પણ તેમાં જોડાયા હતા.

તેમની સહાયથી, અબ્દુલહુસેને નાગપુરમાં 'મેહદીબાગ' નામની સ્વતંત્ર સંસ્થા શરૂ કરી હતી, પરંતુ અલ્પ સમયમાં, મશાયખોની આ શ્રદ્ધા અબ્દુલહુસેન ઉપરથી ઊઠી ગઈ હતી. તેથી અબ્દુલહુસેન પોતાની જમાતમાં પાછા આવી ગયા હતા. ત્યાર પછીથી આ સંસ્થાની અગત્ય અને તેના અનુયાયીઓની સંખ્યા ઘટી ગઈ હતી.

અબ્દુલહુસેનના અવસાન સમયે તેમને પોતાના વારસા તરીકે, એક ગુલામહુસેન(ખા. બ. એચ. એમ. મુલક)ને નિમ્યા હતા. તેઓ હાલ આ સંસ્થાના ઉપરી છે. તે સંસ્થામાં હાલ ફક્ત આશરે સો માણસો છે. તેઓ બીજા વહોરાઓ સાથે લગ્નવ્યવહાર રાખતા નથી, તેમ તેઓ તેમની સાથે હળતામળતા નથી.

સૌરાષ્ટ્રના શીઆ વહોરાઓ :

સૌરાષ્ટ્રના શીઆ વહોરાઓ મુખ્યત્વે ખેડૂતો અને નાના વેપારીઓ છે. વાંકાનેર અને જામનગરના વહોરાઓ સામાન્ય રીતે વણકરો છે. ધ્રાંગધ્રા, લીંમડી અને વઢવાણમાં, તેમ જ નાનાં ગામડામાં તેઓ સાબુ બનાવે છે, રાજકોટ અને ગોંડલમાં તેઓ તેલની ઘાણીઓ કરે છે. આખા સૌરાષ્ટ્રમાં તેઓ સામાન્ય રીતે કરિયાણા અને લોઢાના કે પતરાંના સામાનની દુકાનો કરે છે. તે ઉપરાંત તેઓ ફોડવાને દેશી દારૂ અને દારૂખાનું પણ બનાવે છે.

ખેડા જિલ્લાના શીઆ વહોરાઓ :

ખેડા જિલ્લાના શીઆ વહોરાઓનું મુખ્ય મથક કપડવણજ છે ત્યાં તેમનાં મોટાં પાકાં મકાનો સુઘડ રીતે સજાવેલાં હોઈ, તે ગામને શોભારૂપે છે. તેમના પૈસા અને સાહસથી ત્યાં કાચ, સાબુ અને અકીક હુન્નર ચાલે છે. તેમનામાંના એક ઉદાર શેઠે ત્યાં એક અદ્યતન ઢબની ઇસ્પિતાલ બંધાવેલી છે.

પ્રકરણ ૩૦

શીઆ દાઉદી વહોરાઓના થોડાક દીની અકીદાઓ

૧. ખાતિ મુન્નબીની માન્યતા :

દાઉદી વહોરાઓ કુરઆનની આયાત " ખાતિમુન્નબીય્યીન "નો અર્થ, સુન્નીઓ " આખરી પયગમ્બર " કરે છે તેને બદલે તેઓ સૌ પયગમ્બરોની મહોર," નો અર્થ કરે છે. તેઓ હ. અલી(કરમ)ને હ. પયગમ્બર સાહેબ(સલ.)ના " નાયબ " માને છે. એવી રીતે કે આં હઝરત(સલ.)ની વફાત પછી ખિલાફત હ. અલીને જ મળવી જોઈતી હતી ને ગોઠવણ તે વખતે થઈ શકી નહોતી, છતાં હ. અલી જ્યાં સુધી હયાત હતા, ત્યાં સુધી, વહોરાઓની માન્યતા પ્રમાણે તેઓ જ હ. રસૂલલ્લાહના " કાયદેસર નાયબ " હતા, અને હ. અલીએ પોતાની વફાત વખતે પોતાના વડીલ પુત્ર હ. ઇમામ હસનને પોતાના વારસ નીમ્યા હતા.

૨. નમાઝ માટેનાં કપડાં :

દાઉદી વહોરાઓ નમાઝ પઢવાનાં કપડાં સામાન્ય રીતે જુદાં રાખે છે. જો કે જરૂર પડે તો પહેરેલાં કપડાં, જો પાક હોય તો, તે સાથે પણ નમાઝ પઢી શકે છે. ધોબીનાં ધોયેલાં કપડાં તેઓ પાક પાણીમાં પલાળી સુકવીને વાપરે છે ધોબીનાં ધોયેલાં કપડાં નાપાક ગણવાનું કારણ એવું છે કે ધોબી, અસ્તરી કરતી વખતે, મોંમાં

પાણીનો કોગળો ભરી, તે પાણી તે કપડા ઉપર છાંટે છે, તેથી કપડું ધોયેલું છતાં નાપાક થઈ જાય છે. આ માન્યતા કેટ સુન્ની મૌલવીઓની પણ હોય છે. આ માન્યતાનો અમલ વહોરા માં માત્ર નમાઝ પઢવાનાં કપડાં પૂરતો જ કરે છે. બીજાં કપડાં હોય છે તેવાં ચલાવી લે છે. વહોરાઓ રેશમી કપડાં પહેરીને ન પઢતા નથી.

૩. અઝાન :

દાઉદી વહોરાઓ નમાઝની અઝાન જરા જુદી રીતે પઢે અઝાનમાં "અશ્હદો અન્ન મોહમ્મદ રૂ રસૂલુલ્લાહ" પઢ્યા પ "અશ્હદો અન્ન મૌલાના અલીય્યન વલી ઉલ્લાહ" બે વખત પઢે છે "હય્ય અલલ્ફલાહ" પછી "હય્ય અલલ્ ખયૂરિલ અમ્લ મોહમ્મદ વ અલીય્યુમ ખયૂરુલ બસર વ ઇતર તો ખયૂરુલ્ ઇતર" બે વાર છે. અઝાન પઢ્યા પછી દુઆ પઢે છે.

નમાઝ વખતે બન્ને હાથ છૂટા રાખે છે.

૪. નમાઝ ત્રણ વખત પઢે છે :

સુન્નીઓ દિવસમાં પાંચ વખત નમાઝ પઢે છે, ત્યારે શીઆઓ તે ટૂંકાવીને માત્ર ત્રણ વખત પઢે છે. તેમ કરવામાં તેઓ "ઝોહર" અને "અસ્ર" અને "મગરિબ" અને "ઈશા" ભેળવી દઈને સાથે પઢે છે. હ. પયગમ્બર મોહમ્મદ સ. અ.એ હજ્જમાં પ્રમાણે નમાઝ પઢી હતી. હાલમાં પણ હજ્જ વખતે આવું કરવામાં આવે છે. આ દરેક બે નમાઝો વચ્ચે તેઓ થોડો ગાળો રાખે છે. કેટલાક 'મગરિબ'ની નમાઝ પછી "બાવલિયા" નમાઝ પઢે છે. તેમાં બે નિફલ રકાતો પઢવામાં આવે છે. પહેલી રકાતમાં 'અલ હમ્દો' પછી 'કુલહોવલ્લાહ' અને બીજી રકાતમાં 'અલ હમ્દો' પછી 'અલ કાફેરૂન' પઢે છે; સલામ ફેરવ્યા પછી દુઆ પઢે છે.

પછી મુકરર કરેલા નિયમ પ્રમાણે 'પંજ તન'ની તસ્બી પઢે છે. તે પઢતાં વચ્ચે તેઓ સિજદા કરતા જાય છે, પછી ફરીથી દુઆ પઢે છે.

તેઓ ખાસ રાતોએ "નમાઝે વથીક" પઢે છે. ઈદે ગદરને દિવસે તેઓ 'મગરિબ' પછી બેરકાત શુક્રાનાની નમાઝ પઢે છે.

નોંધ—પાંચ વખતને બદલે ત્રણ વખત નમાઝ હ. રસૂલુલ્લાહ-(સલ.)એ પોતે અને મહાન સહાબાઓએ પણ કેટલીક વખત પઢેલી છે તેવા પ્રસંગોએ, ચોમાસામાં જ્યારે વાદળાં હોય અને વખત બરાબર સમજાતો ન હોય અથવા લડાઈઓના પ્રસંગોએ પઢેલી હતી. આ 'અપવાદ' હતા ત્યારે અરબસ્તાનમાં વખત જોવાનાં ઘડિયાળો નહોતાં. આ 'અપવાદો'ને વહોરાઓએ 'નિયમ' બનાવી દીધો છે, એટલો જ માત્ર વાંધો છે.

ઘણા સુન્નીઓ બિલકુલ નમાઝ પઢતા નથી, તેના કરતા તો શીઆઓ આમ ત્રણ નમાઝ ધોરણસર અને નિયમસર પઢે છે, તે પસંદ કરવા યોગ્ય છે.

૫. પેશઇમામ કોણ થઈ શકે?

દાઉદી વહોરાએમાં કોઈ પણ પઢેલો માણસ 'પેશઇમામ' થઈ નમાઝ પઢાવી શકતો નથી. સર્વોચ્ચ ઇમામ તો ખુદ 'ઇમામે ઝમાન' છે, પરંતુ તેઓ 'ગયબ' હોવાથી 'દાઈ-એ-મુતલક' તેમના 'નાયબ' હોઈ, તેઓ નમાઝ પઢાવી શકે છે, પરંતુ દાઈ-એ-મુતલક દરેક જગાએ જાતે નમાઝ પઢાવી શકે નહીં, તેથી તેઓ જેને ઇમામ નીમે તે જ નમાઝ પઢાવી શકે છે. વહોરાઓમાં જે 'આમિલ' હોય છે, તેમને નમાઝ પઢાવવાની Ex-officio પરવાનગી હોય છે. 'આમિલ'ની ગેરહાજરીમાં 'મિયાંસાહેબ'નો દરજ્જો ધરાવતા

૧૨

હોય તે અથવા 'આમિલ' જેને રજા આપે તે નમાઝ પઢાવી શકે છે. આવી 'રજા' વિના જમાત સાથે નમાઝ થઈ શકતી નથી. છતાં કોઈ એવી નમાઝ પઢાવે તો તે નમાઝ (ગેરવાજબી) ગણાય છે.

નોંધ— સુન્નીઓમાં નમાઝ માટે હાજર હોય તેમાંથી જે વધારે પરહેઝગાર હોય અથવા કુરઆન વધારે સારું જાણતો હોય તે નમાઝ પઢાવી શકે છે. આ સગવડિયો પ્રબંધ છે, જ્યારે શીઆઓનો 'નિયમબદ્ધ' પ્રબંધ છે.

વહોરાઓ જુમાની ખાસ નમાઝ પઢતા નથી. તેને બદલે તે દિવસે પણ તેઓ સામાન્ય 'જોહ્ર'ની નમાઝ પઢે છે.

ઈદની નમાઝમાં તેઓ 'ખુત્બો' પઢતા નથી. તેઓ કહે છે કે તે હક્ક 'ઇમામે ઝમાન'નો અને તેમની ગેરહાજરીમાં તે હક્ક માત્ર 'દાઈ-એ-મુતલક'નો છે.

તેમનામાં સ્ત્રીઓ પણ પુરુષો સાથે પણ જુદી 'સફ' (હાર)માં નમાઝ પઢે છે.

તેઓ રમજાનમાં ઈશાની નમાઝમાં સુન્નીઓ તરાવીહ પઢે છે તે તેઓ પઢતા નથી.

ફજરની નમાઝ પઢ્યા બાદ 'યારહીમ' પઢીને તેઓ દુઆ માગે છે.

૬. મસ્જિદો

દાઉદી વહોરાઓમાં દાઈ-એ-મુતલકની પરવાનગી વિના કોઈ મસ્જિદ બાંધી શકાતી નથી; તેમ તેની અંદર નમાઝ પઢી શકાતી નથી.

મસ્જિદો ' વકફ ' ગણાય છે. તેથી તેના ખરા માલિક ' ઇમામે ઝમાન ' છે, પણ તે ઇમામ ' ગયબ ' હોવાથી, તેમના ' નાયબ ' દરજ્જે ' દાઈ-એ-મુતલક ' તેના માલિક મનાય છે

દરેક મસ્જિદનો મુતવલ્લી આ દાઈના તરફથી નીમવામાં આવે છે. તેથી તે મસ્જિદનો કબજો દાઈનો જ ગણાય છે.

કોઈ મસ્જિદમાં નમાઝ પઢાતી બંધ કરવાનો, અથવા તેનો બીજો ઉપયોગ કરવાનો અથવા જરૂર જણાય તો તેને ' શહીદ ' કરી નાખવાનો (પાડી નાખવાનો) હક્ક પણ દાઈ જ કરી શકે છે.

ઉપર નમાઝ સંબંધમાં કહ્યું છે કે તેમની મસ્જિદોમાં જુમા કે ઈદના ખુત્બા થતા નથી. તેથી સુન્નીઓની મસ્જિદોમાં હોય છે, તેવી ' મિમ્બર ' (ત્રણ પગથિયાંવાળી ખુત્બો પઢનારને ઊભા રહેવાની જગા) તેમની મસ્જિદોમાં હોતી નથી.

૭. રમજાનના રોજા

દાઉદી વહોરાઓ રમજાનના પૂરા ત્રીસ દિવસ ગણે છે. તેમનામાં એક હદીસ છે કે સાબાન મહિનો કદી ' કામિલ ' (પૂરા ૩૦ દિવસનો) હોતો નથી; તે જ રીતે રમજાન મહિનો કદી ' નાકિસ ' (અધૂરો – એટલે ૩૦ દિવસથી ઓછા દિવસનો) હોતો નથી.

તેઓ સુન્નીઓ માફક જ વરસની શરૂઆત મોહરમ મહિનાથી કરે છે, પરંતુ સુન્નીઓ માફક ચાંદરાત જોયા વિના પહેલો મહિનો ૩૦ દિવસનો, અને તે પછીનો ૨૯ દિવસનો ગણે છે. ચોમાસામાં વાદળાંને કારણે, ચાંદરાત જોવામાં ઘણી વખત મુશ્કેલી ઊભી થાય છે. તે કારણે સુન્નીઓની ઈદ ઘણી વખત અનિશ્ચિત જેવી થઈ જાય છે.

પરંતુ દાઉદીઓની આ ગણત્રીને લીધે, તેમની ઈદનો દિવસ અગા મુકરર કરી શકાય છે. આને લીધે તેમની ઈદ સુન્નીઓની ઈદ ક એકાદ દિવસ વહેલી થાય છે.

દાઉદી વહોરાઓ રમજાનના ફરજિયાત રોજા ઉપરાંત પ્રમાણેના મરજિયાત રોજા રાખે છે: ૧. શાબાન માસના રોજા; દર મહિનાની પહેલી અને છેલ્લી જુમેરાતના રોજા; અને ૩. મહિનાના વચલા બુધવારના રોજા.

આ સાથે સુન્ની મુસલમાનોના મરજિયાત રોજા સરખા જેવા છે. તે આ પ્રમાણે છે: રજબ અને શાબાન—અને આ મહિનાના રોજા; દરેક મહિનાના દરેક સોમવાર (પીરનો વા અને જુમેરાત (ગુરુવાર)ના રોજા; દરેક ચાંદરાતનો રોજો; આદમ (અલ.)ના વખતના દર મહિનાની ૧૩-૧૪-૧૫ તારીખોના રોજા; આસુરા (મોહરમના પહેલા દશ દિવસોના રો તથા ઝિલહજ મહિનાના ઈદ પહેલાંના નવ દિવસ)ના રોજા.

દાઉદી વહોરાઓ રમજાનની તા. ૧૭ થી ૧૯ અને તા. ૨૧ ૨૩ પવિત્ર માને છે. હ. અલી (કરમ) તા. ૨૧મીએ જખમી થ તા. ૨૩મીએ શહીદ થયા હતા. ઇન્ના.

દાઉદીઓ શબે કદ્ર તા. ૨૩મી રમજાન હોવાનું માને સુન્નીઓના તા. ૨૭ મીએ હોવાનું માને છે.

નોંધ—શબે કદ્રની કોઈ ચોક્કસ તારીખ માનવામાં આવ નથી, પરંતુ તે રમજાનના છેલ્લા દશ દિવસોમાં હોવાનું મનાય પછી તે છેલ્લા દશ દિવસોમાં એકી દિવસો ગણવામાં આવે “અલ્લાહ એક છે,” માટે તે એકી તારીખોમાં

તારીખો ૨૫–૨૭–૨૯ લેવામાં આવે છે, જેથી તે ત્રણ તારીખોમાંથી 'સોનેરી મધ્યમ' Golden mean ગણી, તા. ૨૭મી સુન્નીઓએ સર્વાનુમતે સ્વીકારી છે. દાઉદીઓએ રમજાનના છેલ્લા દશ દિવસોમાંથી એકી તારીખોમાં શરૂઆતની ૨૧–૨૩–૨૫ તારીખો લઈ, તેની મધ્યમ તારીખ ૨૩ લીધી લાગે છે. આ માત્ર ગણત્રીનો ફેર છે. તેનું ઝાઝું મહત્ત્વ નથી.

રમજાન મહિનો અલ્લાહના ઝિક્ર (બંદગી) માટે ઉત્તમ મનાય છે. તેમાં શબે કદ્રની રાત સૌથી ઉત્તમ મનાય છે. તેથી તે રાત અનિશ્ચિત રાખવામાં આવે તો તે અમુલ્ય સવાબ કમાવા, મુસલમાનો એક કરતાં વધારે તારીખોએ ઝિક્ર કર્યા કરે એ આ અનિશ્ચિતતાનો આશય હોવો જોઈએ. જ

કુરઆનની સૂરા "કદ્ર"માં કહ્યા પ્રમાણે, આ રાત્રે કુરઆનની પહેલી વહી થઈ હતી માટે તે રાત ઘણી પવિત્ર મનાય છે.

દાઉદીઓ ઈદેગદીરનો રોજો રાખે છે. હજ્જે અકબર વખતે તેઓ ત્રણ રોજા રાખે છે.

૮. હજ :

દાઉદીઓ હજ માટે જાય છે, પરંતુ ઉપર કહ્યા પ્રમાણે તેમના મહિનાની ગણત્રી સુન્નીઓની ગણત્રીથી જુદા પ્રકારની હોવાથી, તેમની ઈદ એકબે દિવસ વહેલા થાય છે.

મક્કા શરીફમાં તેમનું એક મુસાફરખાનું છે. તે આમ શીઆ વહોરાઓ માટે વકફ છે. દાઉદી વહોરાઓને અભાવે ઇસ્માઈલીઓ પછી હાશિમીઓ અને પછી આમ મુસલમાનો તેનો લાભ લઈ શકે છે.

૯. મૈયતની દફ્નવિધિ :

દાઈ અથવા આમિલની મંજૂરી સિવાય કોઈ મૈયતને કબ્રસ્તાનમાં દફ્ન થઈ શકતું નથી. જનાઝાની નમાઝ દાઈ કે આમિ પઢાવે છે. દફ્ન કર્યા પછી 'સદકલ્લાહ' ટૂંકમાં પઢે છે. ઝયારતને તે પૂરી પઢે છે. તે આ પ્રમાણે છે: 'અલહમ્દો' એક વાર, 'હોવલ્લાહ' ત્રણ વાર, 'ફલક' અને 'નાસ' અક્કેક વાર અને 'અ લામ-મીમ'નો પેહેલો રૂકુ' એક વાર પઢી મૈયતની મગફિરત માટે કરે છે.

મૈયત દફ્ન કરતી વખતે તેના હાથમાં એક રૂક્કો મૂકવામાં આવે તેમાં એક દુઆ લખેલી હોય છે. તે માટે ઉપર પ્રકરણ ૨૮ જુઓ.

———

પ્રકરણ ૩૧

ખોજાઓ

'ખોજા' તુર્કી શબ્દ છે અને તે લકબરૂપે વપરાય છે. ફારસીમાં એ શબ્દનો ઉચ્ચાર 'ખા'જા' છે. લખવામાં તે 'ખ્વાજા' લખાય છે. તેનો અર્થ કવિ, શિક્ષક, વેપારી થાય છે, 'મૌલા' માફક તેનો અર્થ શેઠ તેમ જ નોકર બન્ને થાય છે; જ્યારે મુસલમાનોની એ જ કોમ માટે એ લકબ વપરાય છે. ત્યારે તેઓ આથી 'માનનીય નવ મુસ્લિમો' થાય છે.

તેઓ આખા ગુજરાતમાં અને કચ્છ, સૌરાષ્ટ્ર અને ફિરંગીઓના દીવ-દમ્મણમાં તથા અમદાવાદ, વડોદરા અને સુરતમાં મળે છે.

કચ્છના ખોજાઓ પોતાની ઈરાની ઉત્પત્તિ જણાવી કહે છે કે જ્યારે હલાકુખાને ઈ. સ. ૧૨૫૫માં ઈરાનમાં તેમની સત્તા તોડી નાખી ત્યારે તેઓ ત્યાંથી આ તરફ આવતા રહ્યા હતા.

ગુજરાત બહાર મુંબઈ ઇલાકામાં તેઓ સિંધ, થાણા, ખાનદેશ અને મુંબઈમાં; અને ઇલાકા બહાર, કલકત્તા, પંજાબ, કાશ્મીર, કાબુલ, દાર્દીસ્તાન અને નગરકુન્નામાં; ઈરાની અખાતમાં, બહેરૈન, બંદર અબ્બાસ, મીના, લીંગા અને કીરમમાં; તુર્કી-અરબસ્તાનમાં, કરબલા શરીફ અને શાહ નજફમાં; અરબસ્તાનમાં મસ્કત, એડન અને શહેર મુકલ્લામાં રહે છે. આફ્રિકામાં ઝાંઝીબારમાં તેમની વસાહત આબાદ હાલતમાં છે.

જ્યારે " મૌલાઈ " સંપ્રદાયના સિદ્ધાંતો ઓકસસ ન ખીણોમાંથી હિન્દુકુશ પહાડના ડુંગરી રસ્તાઓમાંથી આવ્યા હતા, ઇસ્કારડો વંશના બાદશાહોની સત્તાથી શીઆ મઝહબ દાખલ હતો. નગરકુન્નાની બધી વસ્તી અને બાલ્તીસ્તાનના બે-તૃતિયાંશ સિવાય, બાકીના નૂરબક્ષપંથના છે. કુન્નાના મીર અને સઘળી વસ્તી " મૌલાઈ " છે. નૂરબક્ષ પંથવાળાનો અર્થ ખોજા થાય છે. કાશ્મીરી ખોજાઓને નૂર-બક્ષના અનુયાયીઓ કહે છે.

' મૌલાઈ ' શબ્દનો અર્થ માલિક અથવા સરદાર થાય ' મૌલા ' એહ. અલી(કરમ)નો ખાસ લકબ છે. તેથી મૌલા અલી અનુયાયીઓ " મૌલાઈ " કહેવાય છે.

સિન્ધુ નદીની ખીણની આજુબાજુ વસ્તી કોમોમાં આગાખાન સાહેબની ત્યારે લાગવગ હતી અને હજી પણ છે. તેમના અનુયાયીઓ ત્યાં " મૌલાઈ " કહેવાય છે. આગાખાન સાહેબના નાયબો ત્યાં ' પીર ' કહેવાય છે. તેમને ત્યાં સારું માન મળે છે. નામદાર આગાખાનને જે નજરાણાં આપવામાં આવે છે તેને રોકડા રૂપિયાના રૂપમાં ફેરવી તે રકમો નામદાર આગાખાન સાહેબને મોકલવામાં આવે છે.

સએદીના નાનજીયાણીના " ખોજા વૃત્તાંત "માં જણાવ્યા પ્રમાણે ખોજાઓના સાત પેટાવિભાગો છેઃ ૧. ખેડવાયા—મોમના ખોજા ૨. ગુજર—ગુપ્તી ખોજા, ૩. મુલતાની ખોજા, ૪. એતલાઇ—ખુરાસાની ખોજા, ૫. મોચી—મોમના ખોજા, ૬. સોની-લુહાર ખોજા, ૭ કાબુલી અને બદક્ષાની ખોજા.

ખોજા સંપ્રદાયની ઉત્પત્તિ

ઉપર વહોરાઓના વૃત્તાંતમાં જણાવ્યા પ્રમાણે, ખોજાઓ નઝારી પંથના ઇસ્માઈલીઓ છે. તેઓ મુસ્તા'લી પંથના ઇસ્માઈલીઓમાં

ઈ. સ. ૧૦૯૪માં, મિસરની ફાતિમી ખિલાફતના વારસાની તકરારમાં જુદા પડ્યા હતા. આ ખિલાફત ઈ. સ. ૯૧૦= હિ. ૨૯૯માં અબ્દુલ્લા મયમૂનના પૌત્ર ઉબયદુલ્લા(ઈ. સ. ૮૭૨–૯૩૪)એ સ્થાપી હતી.

ફાતિમી ખિલાફતના એક ખલીફા મુસ્તનસ્સર બિલ્લાહ-(ઈ. સ. ૧૦૩૬–૧૦૯૫)ના વડીલ પુત્ર નઝારના પક્ષને સારી રીતે ટેકો મળ્યો હતો. ખાસ કરીને ઈરાનમાં આ પક્ષને હસન સબ્બાહ નામના દાઈએ સર્વોપરી બનાવ્યો હતો. હસન સબ્બાહ ઇસ્માઈલી દાઈ હતા. તેઓ તેહરાનની દક્ષિણે નવ માઈલ ઉપર આવેલા, પણ હાલ ખંડેર થઈ ગયેલા રાઈ નામના નાના ગામમાં જન્મ્યા હતા. તેમનો જન્મ ૧૧મા સૈકાની શરૂઆતમાં થયેલો હતો. હસને ' ફિદવી ' અથવા ' ફિદાઈ '(પોતાની જાતનો ભોગ આપનાર)ના પક્ષની સ્થાપના કરેલી હતી, તેમને ખાસ પ્રસંગોએ ' હશીશ '(ભાંગ) આપવામાં આવતી હતી. તે ઉપરથી અંગ્રેજીમાં તેમને " હશીશીન "નું અપભ્રંશ assassin કહે છે, યુરોપમાં તેઓ તે જ નામથી વધારે જાણીતા છે.

આ ' હશીશીન '—assassinના ઉપનામ વિરુદ્ધ ધ્યાનમાં રાખવા જેવું છે કે તે જમાનાના કોઈ પણ આરબ કે ઈરાની ઇતિહાસકારે તેમને એ નામથી વર્ણવ્યા નથી. તેમણે તો તેમને ' મુલાહિદા ' (મુલાહિદનું બહુવચન)=ઇસ્લામથી ફરી ગયેલા heretics તરીકે વર્ણવેલા છે.

હસને પોતાની સત્તાનું કેન્દ્ર અલમુત, અર્થાત્ ' ગરૂડનો માળો ', એ નામના ઈરાનના દઈલમ પ્રાન્તની સરહદ ઉપર આવેલા દુર્ભેદ્ય પહાડા કિલ્લામાં કઝવીનથી આશરે ૨૦૦ માઈલ ઉત્તરે સ્થાપ્યું હતું. આ કિલ્લો અને તેના આજુબાજુનો થોડો પ્રદેશ, તેમની સલ્જુકી

શહેનશાહ મલેકશાહ(ઈ. સ. ૧૦૭૨-૧૦૯૨)ના લશ્કરી પાસેથી કંઈક અંશે ખરીદીને અને કંઈક અંશે પ્રશંસા મેળવ્યો હતો.

અલમુતનો કિલ્લો કબજે કર્યા પછી હસને મિસરની ફાતિ ખિલાફતના મઝહબી દાઈ અને રાજકીય એલચી તરીકે વર્તન બંધ કર્યું હતું; ત્યારસુધી તેમણે જોકે 'ગુપ્ત ઇમામ'- Unrevealed Imam નું પદ ધારણ કર્યું ન હતું, તોપણ વખતે તેમણે એથી વધારે અગવડવાળું 'શે'ખુલ જબલ', 'પહાડ સરદાર'નું સાદું ઉપનામ ધારણ કર્યું હતું. ક્રૂઝેડર્સ (ધાર્મિક કરનારા ખ્રિસ્તીઓ) તેને 'પહાડના પીર મર્દ'—પહાડના માણસ તરીકે સંબોધતા હતા અને તે જ ઉપનામથી, તેના તરત થયેલા તેના બે વારસો ઓળખાતા હતા. ઈ. સ. ૧૧૨૪ પાકી ઉંમરે થયેલા તેના અવસાન વખતે તેને એટલો સંતોષ થયો હતો કે તેણે સ્થાપેલો નવો સંપ્રદાય ફિદવીઓના કાતિલ ખંજર આબાદ અસરથી તેમ પાયમાલ કરી નાખે તેવા તેના મઝહબી કાનૂનોની અસરથી, આજુબાજુની ઇસ્લામી રિયાસતોને ધ્રુજાવતો દિનપ્રતિદિન પ્રગતિ કરતો હતો.

હસન સબ્બાહ પોતાના સાંપ્રદાયિક સિદ્ધાંતોના પાલનમાં એટલો કડક હતો કે તેણે પોતાના બન્ને પુત્રોને તેના સંપ્રદાયના કાનૂનોની નાફરમાની માટે કતલ કરાવ્યા હતા. આ પ્રમાણે તે પુત્રહીન થવાથી, તેના સંપ્રદાયના વારસ દરજ્જે, તેણે તેના સંપ્રદાયના સરકારી સાથી બુઝુર્ગ ઉમ્મીદને નિમ્યો હતો. તેના સીધા વારસો આ સંપ્રદાયના એક પછી એક "શ્રેષ્ઠ સર્વાધિકારીઓ" થયા હતા.

બુઝુર્ગ ઉમ્મીદના ૧૧૩૮માં થયેલા મરણ પછી તેમનો પુત્ર મોહમ્મદ

સર્વાધિકારી થયો હતો, તે ૧૧૬૨માં અવસાન પામતાં તેનો પુત્ર હસન, જેને તેના અનુયાયીઓ "હસન અલા ઝિક્રીહિસ્સલામ" (હસનનો જેના ઉપર સલામ હો) એ બહુનામથી સંબોધે છે, તે તેનો વારસ થયો હતો.

આ હસને પોતાને બુઝુર્ગ ઉમ્મીદનો વંશજ નહિ પણ મિસરની ફાતિમી ખિલાફતના વારસ નિઝાર અલ મુસ્તનસીર, જેના નામથી ઈરાનમાં નવો પ્રચાર કરવામાં આવ્યો હતો, તેના વંશજ તરીકે પોતાને જાહેર કર્યો હતો.

તેને અગાઉ તેના પિતાના જીવનકાળમાં જ પોતાના આવાં કીર્તિ-લોભનાં લક્ષણો દેખાડયાં હતાં, જે તે વખતે દબાવી દેવામાં આવ્યાં હતાં અને તેને ટેકો આપનાર તેના આસરે ૨૫૦ પક્ષવાદીઓને કતલ કરવામાં આવ્યા હતા અને તેટલી જ બીજી સંખ્યાને અલમુત-માંથી હદપાર કરવામાં આવી હતી; પરંતુ તેના પિતાના અવસાન પછી, તે પોતાની યોજનાઓને અમલી સ્વરૂપ આપવાની સ્થિતિમાં આવ્યો હતો.

ઈ. સ. ૧૧૬૪માં તેણે સઘળા ઇસ્માઈલીઓની એક મોટી પરિષદ બોલાવી હતી. તેને તેણે 'ઈદે કયામત'—કયામતની મહા-ખુશાલી' તરીકે જાહેર કરી હતી, તેમાં જ તેણે પોતાને 'ઇમામ' તરીકે જાહેર કર્યો હતો. તે ઉપરાંત, તે પરિષદમાં, તેણે ઇસ્લામી કાનૂનોનો અક્ષરશઃ અર્થ અને અમલ કરવાનો બંધ કરીને, તેમના શબ્દાર્થ તરીકે નહિ, પણ રૂપકના અર્થમાં સમજવા કહ્યું હતું.

આ જાહેરાતનો તેના અનુયાયીઓએ સારો સત્કાર કર્યો હતો. પરંતુ તેથી રૂઢિચુસ્ત મુસલમાનોને સખત આઘાત લાગ્યો હતો.

તેથી, રસીદુદ્દીન ફઝલુલ્લાહના મંતવ્ય પ્રમાણે, ત્યારથી તેમણે તે 'મુલ્હિદ' : પાખંડી—heretics ઓળખવા માંડ્યા હતા. હ પોતાના નવા ગાદીસ્થાનને 'મોમિનાબાદ' નું નામ આપ્યું હ

(પ્રો. બ્રાઉનના 'લિટરરી હિસ્ટરી ઑફ પર્શિયા' ઉપરથી

આ હસને અલમુતના કિલ્લામાંની લાયબ્રેરીના દરવાજા ઉ નીચેની કડી કોતરાવેલી હતી :

> બરદાશ્ત તૌકેશરા 'બતાઈદે ઇઝદી
> મખ્દુમે સેઝગાર, અલી ઝિક્રિ હિસ્સલામ.

અર્થ—ખુદાની કૃપાથી જમાનાના માનનીય ખુદું (તેમના ઉપર સલામતી હો)–તેમણે શરીઅતની જંજીર તોડ નાખી છે.

અલમુતના આ શાસનકર્તાઓ બીજા બાદશાહોને ત્રાસરૂપ નિવ અને રાજ્યક્રાંતિઓ યોજી ખુરાસાનની સરહદથી સીરિયાના પહાડે સુધી અને કાસ્પિયન સમુદ્રથી ભૂમધ્ય સમુદ્ર સુધી રાજ્ય કરત હતા.

ચંગીઝખાનના પૌત્ર હલાકુખાને ઈ. સ. ૧૨૫૦માં ઈરાનમ સર્જેલી કત્લેઆમમાં આ ઇસ્માઈલી રાજ્યસત્તાને અને ઇસ્માઈ કોમને જડમૂળથી ઉખેડી નાખી હતી, અને અલમુત તથા તેમન બીજા પહાડી કિલ્લાઓને જમીનદોસ્ત કરી નાખ્યા હતા. તે છતાં, તેમના છેલ્લા "સર્વાધિકારી"ના કોઈ વારસ અને તેમન કેટલાક અનુયાયીઓ ભૂગર્ભમાં ગયા હતા, અને ક્રાન્તિકારક વટે ળિયો શમ્યા પછી તેઓ જાહેરમાં આવ્યા હતા. કેટલાક કાળે, સ ધર્માચાર્યોએ પ્રથમ સિંધમાં પોતાનું નિવાસસ્થાન કરી, પાછળથી તેમણે મુંબઈને પોતાનું ગાદીસ્થાન બનાવ્યું હતું.

આ હસન મારફતે નામદાર આગાખાન સાહેબ પોતાનું પેઢીનામું હઝરત અલી (કરમ) સાથે સાંકળે છે. જુઓ ૧૮૬૬નો મોટો ખોજા કેસ.

હિન્દના ખોજાઓ માને છે કે હિન્દમાં ઇસ્માઈલી ધર્મોપદેશક મોકલનાર તેમના ઇમામોમાં આ હસન સૌથી પહેલો હતો.

મજકુર હસન 'અલા ઝિક્રિ હિસ્સલામે'. પોતાને ફાતિમી ખિલાફતના છેલ્લા વારસ નઝારના વંશજ તરીકે ઓળખાવ્યો હતો; પરંતુ મુદ્દાનો સવાલ એ જ છે કે મિસરના ખલીફાઓ ખરેખર ફાતિમી ખાનદાનના હતા કે કેમ? પ્રો. બ્રાઉન તેમના 'લિટરરી હિસ્ટરી ઓફ પર્શિયા'માં તેનો ઉત્તર નકારમાં આપે છે.

પ્રકરણ ૩૨

મિસરના ફાતિમી ખલીફા ખરેખર "ફાતિમી" હતા

મુસલમાનો અત્યાર સુધી માને છે, અને કદાપિ ભવિષ્ય પણ માનતા રહેશે કે તેઓ ખરેખર "ફાતિમી" હતા; પરંતુ આ માન્યતાની સચ્ચાઈ તપાસવા જેવી છે.

ફાતિમા ખલીફાઓના પેઢીનામાની સત્યતા વિશે ચર્ચાએલી છે અને પુરાવાની તુલનામાં તે મંતવ્ય વિરુદ્ધ જણાયું છે. એમાં શક નહિ કે તેમના ખરેખર પૂર્વજ હ. અલી(કરમ.)અને બીબી ફાતિમા (રદી.) નથી, પણ અબ્દુલ્લા બિન મયમૂન કદ્દાહ છે.

આ બાબતની લંબાણ ચર્ચા ડિ ગોએજીના પુસ્તક "બહરૈનના કરમાતિયનો"માં આપેલી છે. તેમ કરવામાં એ લેખકે પોતાની હમેશની વિદ્વત્તા અને ચર્ચાની તીક્ષ્ણતા દર્શાવેલી છે. એ ખલીફાએ "ફાતિમી" હોવાની કાયદેસરના સામે તેણે જે અનેક દલીલો રજૂ કરેલી છે, તે પૈકી સૌથી જોરદાર થોડી દલીલો અત્રે આપેલી છે:

૧. તેઓ બીબી ફાતિમાની ઔલાદમાંથી હતા, તે વાત અબ્બાસી ખલીફાઓ ઇનકારતા હતા; જોકે એ જ અબ્બાસી ખલીફાઓ હ. અલીની બીજી બીબીઓની ઔલાદમાંના દાવેદારો જેઓ વારે વારે બંડ ઉઠાવતા હતા અને જેઓ પૂરતા મજબૂત અને તેમની સત્તા સામે પૂરતા જોખમકારક હતા, તોપણ તેમના સામે તેઓ તેમના ખાનદાનનો વાંધો ઉઠાવતા નહોતા.

૨. સ્પેનના કોરડોવાના ઉમ્મયા ખલીફાઓએ પણ બે પ્રસંગોએ, હિ. ૪૦૨–૪૪૪ = ઈ. સ. ૧૦૧૧–૧૨ અને ૧૦૫૨–૫૩માં એવો જ વાંધો ઉઠાવેલો હતો.

૩. તે ઉપરાંત હ. અલીના ખાનદાનના બગદાદમાં રહેતા પ્રતિનિધિઓએ પણ તેવો જ વાંધો લીધેલો હતો.

૪. વધુમાં, બુવાહિદ અબ્દુદ્દૌલાએ તેના જોરદાર શીઆ પક્ષપાત છતાં, મિસરી ખલીફાઓના પેઢીનામા બાબત હિ. ૩૭૦=ઈ. સ. ૯૮૦–૮૧માં તપાસ કરેલી હતી અને તેને સંતોષ થયેલો નહોતો. તે ઉપરથી તેણે તેમના ઉપર હુમલો કરવાની ધમકી અપાયેલી હતી, અને તેમના સંપ્રદાયનો લગતી બધી કિતાબો બાળી નાખવાનો હુકમ કરેલો હતો.

૫. વધારામાં, હાલ પણ સીરિયામાં જેમની પુષ્કળ વસ્તી છે, તે દ્રુઇઝ કોમની ધાર્મિક કિતાબોમાં, જોકે છઠ્ઠા ફાતિમી ખલીફા અલ હાકિમને અલ્લાહના સર્વોત્તમ અને સંપૂર્ણ આવિષ્કાર તરીકે માનેલા છે, તોપણ તેમના પૂર્વજ તરીકે તેઓ અબ્દુલ્લા બિન મૈમૂનને જ માને છે.

૬. જ્યારે ઇસ્માઈલી મઝહબી અકીદાઓનું રહસ્ય, તેમની ફિલસૂફી અને સર્વવ્યાપકતા વિચારીએ છીએ ત્યારે આપણે ઠીક કલ્પના કરી શકીએ છીએ કે તેમના સંપ્રદાયના સંપૂર્ણ માહિતગાર સભ્યોને, તેમનાં ખલીફા બીબી ફાતિમા મારફતે હ. પયગમ્બર સાહેબ(સલ.)ની ઔલાદમાંથી હતા કે નહોતા, તે બન્ને સ્થિતિ તેમને માટે એક રીતે અવજ્ઞા કરવા જેવી જ હતી.

૭. તેમ છતાં, તેમના પૈકીના ઈરાનના એક સૌથી વધારે

બુદ્ધિશાળી કવિ અને મુસાફિર નાસિર ખુસરવ, જેને ઇસ્માઈલ તરફથી " હુજ્જતે ખુરાસાન " (ખુરાસાનની સાબિતી)નો ઇ[illegible] આપવામાં આવ્યો હતો, અને જે તેમના સંપ્રદાય માટે અતિ[illegible] ઉત્સાહ દર્શાવતો હતો, અને જે તેટલો જ દિલનો સાચો હતો, મિસરના ફાતિમી ખલીફાઓ ખરેખર " ફાતિમી " ખાનદાન[illegible] હોવાનું માનતો હતો.

તેથી, હવે જોવાનું એ રહે છે કે મિસરની કહેવાતી "ફાતિમ[illegible] ખિલાફતનો મૂળ સ્થાપક કોણ હતો તે ખરેખર હ. અલીએ[illegible] બીબી ફાતિમાની ઔલાદમાંથી હતો કે કોઈ બહારથી ત્રાહિત જ [illegible]

———

પ્રકરણ ૩૩

મિસરની ફાતિમી ખિલાફતનો મૂળ સ્થાપક

મિસરની ફાતિમી ખિલાફતનો મૂળ સ્થાપક, સામાન્ય રીતે, અબ્દુલ્લા મયમૂન અલ-કદ્દાહને માનવામાં આવે છે. તે જ ફાતિમી સત્તા અને તેના બંધારણનો પ્રયોજક હતો. તે અહવાજનો વતની હતો.

તેનો પિતા મયમૂન રહસ્યવાદી હતો. તે ઉપરથી તે 'અલ-કદ્દાહ' (રહસ્યવાદી) કહેવાતો હતો. મયમૂન "મયમૂનિયા" સંપ્રદાયનો સ્થાપક હતો. આ સંપ્રદાય ખત્તાહિયા સંપ્રદાયની શાખારૂપે હતો, અને આ ખત્તાહિયા સંપ્રદાય 'ઘુલાત'—અંતિમ શીઆ સાંપ્રદાયિક શિક્ષણ આપતો હતો. તેનો મુખ્ય સિદ્ધાંત એ હતો કે શીઆ ઇમામો, ખાસ કરીને છઠ્ઠા ઇમામ, હા. જા'ફર અસ્સાદિક, જે શીઆ ઇમામ ઇસ્માઈલના પિતા હતા, તે બધા ઈશ્વરી અવતારો હતા.

અબ્દુલ્લા પોતે 'પયગમ્બર' હોવાનો દાવો કરતો હતો. તે દાવા સંબંધે તે કેટલાક ચમત્કારો કરી બતાવતો હતો. આ ચમત્કારોને તેના અનુયાયીઓ દૈવી ચમત્કારો માનતા હતા. તેનો મુખ્ય દાવો હતો કે આંખ મીંચતામાં તો પૃથ્વીને બીજે છેડે પહોંચી જઈ શકતો હતો. એ રીતે તે ગમે તેટલે અંતરે બનતા બનાવોની માહિતી મેળવી શકતો હતો. આ 'કરામત' યથાર્થ રીતે તો 'ફિહરીસ્ત'-ના લેખકે જણાવ્યું છે તે પ્રમાણે, તેના વિશ્વાસુ સાથીઓ કબૂતરો મારફતે તેને દૂર દૂરના સંદેશા મોકલતા રહેતા હતા. તેનું એ સીધું પરિણામ હતું. તેના વતનમાંથી તેણે તેનું રહેઠાણ કેટલાક સમય

પછીથી અસ્કર મુકર્રમમાં ફેરવ્યું હતું. પરંતુ ત્યાંથી તેને અહ સાબાન, અબીનૂહ, બસરા અને છેવટે સલમીયા નાસી જવું પ હતું. આ સલમીયા સીરિયાના હીમ્સ Emessa—પાસે છે. ત્યાં તેના ધર્મપ્રચારકોને કૂફાની આસપાસના પ્રદેશમાં મોકલતો હ ત્યાં તેના ધાર્મિક સિદ્ધાંતોને એક હમદાન બિન અશાસ, કુસ બહરામનો હતો, અને જેનું ઉપનામ ‘ કરમત ’ હતું, તે આપતો હતો. આ કરમત તેના સંપ્રદાયનો મુખ્ય પ્રચારક થયો હ તે ઉપરથી તેના અનુયાયીઓ ‘ કરમાતિયન ’ કહેવાય છે.

આ હમદાનનો મુખ્ય નાયબ તેનો સાળો અબદાન હ તેણે બલદિયામાં આ પ્રચાર વ્યવસ્થિત કર્યો હતો. તે સમયે હમ કલવાધમાં રહેતો હતો. તેઓ બન્ને અબ્દુલ્લા બિન મયમૂન, કદ્દાહનો એક પુત્ર ખુરાસાનના લાલીકાનમાં રહેતો હતો, તેની પત્રવ્યવહાર ચાલુ રાખતા હતા.

આ અરસામાં, હિ. ૨૬૧ = ઈ. સ. ૮૭૪–૭૫માં અબ્દુ અવસાન પામ્યો હતો. તેના પછી તેનો વારસો તેના પુત્ર મોહ લીધો હતો અને તેના પછી એક અહમદ, જે મોહમ્મદનો પુત્ર ભાઈ હતો, તેણે તેનો વારસો સંભાળ્યો હતો. આ અહમદ ‘ શલ કહેવાતો હતો. તેના પછી સઈદ બિન હુસેન બિન અબ્દુ બિન મયમૂન અલ–કદ્દાહ વારસ થયો હતો. આ સઈદ તેના અબ્દુલ્લાના અવસાનને આગલે વર્ષે, હિ. ૨૬૦માં, સીરિ સલામીયા શહેરમાં જન્મ્યો હતો.

આ પૌત્રના ભાગ્યમાં તેના પિતામહે જે મહત્વાકાં યોજનાઓ ઘડેલી હતી તેનો લાભ ઉઠાવવાનું નિર્માયું હતું. હિ. ૨૯ ઈ. સ. ૯૦૯–૧૦માં તેને તેના દાઈ અબ્દુલ્લા પાસેથી આફ્રિ

મળી હતી કે ઉત્તર આફ્રિકાના બરબરો ઇસ્માઈલી સિદ્ધાંતોથી રચ્યાપચ્યા થયેલા હતા; અને તેઓ જગતના પ્રલય પહેલાં આવનાર છેલ્લા ઇમામ ' મહેદી 'ની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા.

તે ઉપરથી, અબ્દુલ્લાના આ પૌત્ર સઈદે શીઆ ઇમામ ઈસ્માઈલના ગુમ થયેલા પુત્ર મોહમ્મદ, જે આવનાર ' મેહદી ' હતા, તે તરીકે પોતાને જાહેર કર્યો હતો; અને પોતાનું નામ અબુ મોહમ્મદ ઉબયદુલ્લાહ અંગીકાર કર્યું હતું. એ રીતે તેણે તેના ઉત્સાહી અનુયાયીઓની આગેવાની લઈ ત્યાંના અગ્લબીડ નામના રાજ્યવંશને ઉથલાવી પાડી, ઉત્તર આફ્રિકાનો મોટો ભાગ જીતી લીધો હતો. તેણે પોતાના પાટનગર માટે, પોતાના ' મહેદી ' હોવાના દાવા ઉપરથી મેહદિયા શહેર વસાવ્યું હતું. એ રીતે, તેણે તેનો નવા રાજ્યવંશનો પાયો નાખ્યો હતો. તેણે પોતાનો દાવો હ. રસૂલુલ્લાહ(સલ.)-નાં પુત્રી હ. બીબી ફાતિમા(રદી.)ના વારસ તરીકે રજૂ કર્યો હતો.

ત્યાર પછી, આઠ વરસ બાદ, હિ. ૩૫૮= ઈ. સ. ૯૬૯માં તેના વારસે ઇખ્શીદ વંશના રાજકર્તાઓ પાસેથી મિસર આંચકી લીધું હતું. અને દશમા શતકમાં તો સીરિયાનો ઘણોખરો પ્રદેશ તેણે સર કરી લીધો હતો.

આ પ્રમાણે, આ ખલીફ-વિરોધી શીઆ વંશના ચૌદ બાદશાહો થયા હતા. આખરે, હિ. ૫૬૭= ઈ. સ. ૧૧૭૧માં, મહાન ' સલાદીન '—સલાહુદ્દીને તેમનો ' ખાતમા–બિલ–ખયર ' કરી નાખ્યો હતો.

(પ્રો. બ્રાઉનના ' લિટરરી હિસ્ટરી ઑફ પર્શિયા ઉપરથી)

પ્રકરણ ૩૪

મિસરના ફાતિમી ખલીફાઓ ખરેખર "ફાતિમી" ખાનદાનના હતા

પ્રો. બ્રાઉનના 'લિટરરી હિસ્ટરી ઓફ પર્શિયા'માંથી છે પ્રકરણ ૩૨-૩૩માં ઉતારેલાં બે અવતરણો ઉપરથી સાર તે છે કે મિસરના કહેવાતા ફાતિમી ખલીફા ખરેખર ફાતિ ખાનદાનના નહોતા. પરંતુ ઢાલની બીજી બાજુ પણ છે. જર્સ સૈયદ અમીરઅલી તેમના 'હિસ્ટરી ઑફ સેરેસેન્સ'માં કહે કે તે ખલીફા ખરેખર ફાતિમી ખાનદાનના જ હતા. તેથી તે વૃત્તાંત પણ જોવું જોઈએ. તેઓ કહે છે કે:

છઠ્ઠા ઇમામ જા'ફર અસ્સાદિકના વારસ માટે જે તક પડી હતી, તેમાં બહુમતીએ તેમના બીજા પુત્ર મૂસા અલ કાસિમને ટેકો આપ્યો હતો. તેથી, મર્હૂમ ઇમામના, તે હયાતીમાં ગુજરી ગયેલા વડીલ પુત્ર ઇસ્માઈલના પુત્ર મોહમ્મ ટેકો આપનાર જુદા પડચા હતા અને તેઓ "ઇસ્માઈલી" કહે હતા. આ મોહમ્મદ 'છૂપા' રહેતા હતા તેથી તેમનો લ 'અલ મકતુમ' (છૂપા રહેનાર) પડચો હતો.

તેમનો વારસો તેમના પુત્ર જા'ફર અલ-મુસદ્દકને મળ્યો હ અને તેમના પછી તે તેમના પુત્ર મોહમ્મદ અલ હબીબને મળ્યો હ તે બહુ બુદ્ધિશાળી તેમ જ મહત્ત્વાકાંક્ષી હતા. તે હિમ્સ- Emes પાસે સલામીયામાં રહેતા હતા. તેમણે ઇસ્માઈલીઆ સંપ્રદા

પ્રચાર માટે ચારે તરફ પ્રચારકો મોકલ્યા હતા. પરિણામે, તે સંપ્રદાય યમન, યેમામા, બહરૈન, સિંધ, હિંદ, મિસર અને ઉત્તર આફ્રિકામાં પ્રસર્યો હતો. તેમનો સૌથી આગ્રહી અને પ્રભાવશાળી પ્રચારક અબુ અબ્દુલ્લા હુસેન હતો. તેના અતિ આગ્રહી પ્રચારકાર્યને લીધે તે 'અબ્દુલ્લા શીઆ' તરીકે મશહૂર છે.

આ અબુ અબ્દુલ્લાનું પ્રચારક્ષેત્ર ઉત્તર આફ્રિકામાં હતું. ત્યાં તેણે ઝનૂની બરબરાની કિતામા કોમમાં નવા સંપ્રદાયનો બહુ સફળ પ્રચાર કર્યો હતો.

તે વખતે, ઉત્તર આફ્રિકામાં અગ્લબી વંશનો ઇબ્રાહીમ બિન મોહમ્મદ શાસનકર્તા હતો. તેણે અબુ અબ્દુલ્લાના પ્રયાસો દાબી દેવા ઘણી મહેનત કરી હતી, પણ તે ફાવી શક્યો નહોતો. આ ઇબ્રાહીમ પછી તેનો પુત્ર ઝિયાદતુલ્લાહ ગાદીએ આવ્યો હતો. તે અય્યાશી અને તેના જવાબદાર હોદ્દા માટે નાલાયક હતો. તેનો લાભ અબ્દુલ્લા 'શીઆ'એ ઉઠાવ્યો હતો. ઝિયાદતુલ્લાહ હાર્યો હતો અને તેનું પાટનગર છોડી, પ્રથમ ત્રિપોલી અને પછી એશિયામાં તે નાસી ગયો હતો.

તેથી આ અગ્લબીદખાની ધનના ખાલી પડેલા પાટનગરમાં અબ્દુલ્લાએ હિ. ૨૯૬માં વિજેતા તરીકે પ્રવેશ કરી તેનો કબજો લીધો હતો અને ચારે તરફ સૂબાઓ મોકલી રાજ્યનો બંદોબસ્ત કર્યો હતો. તેણે લોકોનાં દિલ જીતી લેવાની રાજનીતિ અખત્યાર કરી હતી.

હિજરી ત્રીજી સદીની આખરે મોહમ્મદ અલ હબીબ ગુજરી ગયો હતો. તેનો વારસો તેના પુત્ર ઉબયદુલ્લાહને મળ્યો હતો.

આ નામો મક્રીઝી અને ઇબ્ન ખલદુનના આપ્યા પ્રમાણે પરંતુ ઇબ્ન અસીર તે નામ જા'ફર અલ-મુસદ્દક અને મોહમ્મદ હબીબ આપે છે. (ઉપર પ્રો. બ્રાઉનના વૃત્તાંતમાં આ જ આપેલાં છે.)

મોહમ્મદ અલ હબીબે પોતાની મરણપથારીએથી પોતાના ઉબયદુલ્લાહને વસિયત કરી હતી કે "તું 'મેહદી' છે. મરણ પછી તારે દૂર દેશમાં જવું પડશે; અને ત્યાં તારે આકરી મુસીબતોનો સામનો કરવો પડશે."

આ ઉબયદુલ્લાહને તેના પ્રચારક અબ્દુલ્લા શીઆએ આવવાનું આમંત્રણ આપ્યું ત્યાં સુધી તે શાન્તિથી સલામીયામાં ચાલુ રહ્યો હતો; પણ આમંત્રણ મળતાં તરત જ, ઉબયદુલ્લા તેના પુત્ર અબુ'લ કાસિમ અને શીઆ અબ્દુલ્લાના ભાઈ અબ્બાસ સાથે આફ્રિકા જવા ઊપડ્યો હતો. તેની સાથે થોડા અનુયાયીઓ હતા. તેઓ આ પ્રમાણે જવાનું જોખમ સમજતા તેથી સૌ સામાન્ય વેપારીઓના સ્વાંગમાં હતા.

ઉબયદુલ્લાહે આ વાત ગમે તેટલી છૂપી રાખી હતી, અબ્બાસી ખલીફાઓને તેમાં તેની ગંધ આવેલી હતી. તેથી મકતફીએ નાસી છૂટેલા હિજરતીઓના બારીક ચહેરા અને અન્ય નિશાની વાળા પરિપત્રો ચારે તરફ પાઠવી દીધા હતા, અને એ વર્ણન મુજબ જે કોઈ મળે તેમને એકદમ અટકમાં લઈ લેવા ફરમાન કાઢયાં હતાં.

ત્રિપોલીથી અબુલ અબ્બાસ, મેહદીની પાર્ટીથી છૂટો કયરોઆન ગયો હતો. ત્યાં તે ઓળખાઈ ગયો હતો. તેથી તેને કારાવાસમાં નાખવામાં આવ્યો હતો. ઉબયદુલ્લાહ અને તેના

માર્ગમાં ઓળખાયા વિના હિ. ૨૯૬માં સીજીલમાંસીઆ પહોંચ્યા હતા. તે શહેર ગ્રાન્ડ એટલાસ પર્વતમાળાની દક્ષિણે છે અને તે વખતે તે બનુ મિદરારની રાજધાની હતું. તે વખતે ત્યાંનો રાજકર્તા એલીસા બિન મિદરાર હતો. તેણે પ્રથમ તો આ હિજરતીઓને આદરમાન સાથે આવકાર્યા હતા. પરંતુ અબ્બાસી ખલીફાનો પરિપત્ર મળતાં તેણે તેમને કેદમાં નાખ્યા હતા.

દરમ્યાન અબ્દુલ્લા શીઆને ખબર પડી જવાથી તે લશ્કર સાથે રવાના થયો હતો. તેણે પ્રથમ પોતાના ભાઈ અબુલ અબ્બાસને કયરોવનના કારાગ્રહમાંથી છોડાવ્યો હતો. પછી તે એલીસા તરફ ગયો હતો. તેને હરાવી તેણે મેહદી અને તેના પુત્રને મુક્તિ અપાવી હતી. પછી તે પિતાપુત્રને ઘોડાઓ ઉપર સવારી કરાવી, પોતે પગપાળો ચાલી, સૌ કિતામા બરબરોની છાવણીમાં ગયા હતા. ત્યાં શીઆ અબ્દુલ્લાએ મેહદી અને તેના પુત્રનું ઓળખાણ કરાવ્યું હતું.

કયહોવનની પ્રજાએ મેહદીને વફાદાર રહેવાના સોગંદ લીધા હતા. આજુબાજુના પ્રાન્તોની જનતાએ પણ તે જ પ્રમાણે કર્યું હતું.

ઉબયદુલ્લાહે જે શીઘ્રતાથી કારોબાર હાથમાં લીધો હતો તેને લીધે પ્રથમ અબુલ અબ્બાસને સત્તાની લગામ તેના હાથમાંથી સરી જતી જોઈ ઇર્ષ્યા થઈ હતી. તેણે માન્યું હતું કે મેહદી તેમના હાથમાં પૂતળાવત્ રાજ્ય કરશે. અબુલ અબ્બાસે કાવત્રું યોજવા માંડયું હતું. તેમાં જોડાવા તે શીઆ અબ્દુલ્લાને સમજાવી શકયો હતો. મેહદીને આ કાવત્રાની ખબર પડી ગઈ હતી. તેણે બન્ને ભાઈઓને પોતાના પક્ષમાં પાછા આવવા સમજાવ્યા હતા. તેમનો વિરોધ ચાલુ રહેવાથી મેહદીએ તેમને બન્નેને તેમના જ મહેલોમાં કતલ કરાવ્યા હતા.

ત્યાર પછી તેને લાગ્યું હતું કે કયરોવન શહેર પાયતખ્ત સલામત નહોતું. તેથી ઈ. સ. ૯૧૬માં તેણે મેહદિયા નામે શહેર દરિયા કિનારે વસાવ્યું હતું.

પ્રો. બ્રાઉન અને જ. અમીરઅલીનાં મંતવ્યો સરખામણી :

બન્નેનાં વર્ણનોમાં મુખ્ય પાત્રો એકસરખાં છે અને સાલવારી થોડા ફેરફાર સાથે મળતી આવે છે; છતાં, કેટલાક મતભેદો જેવા છે. પ્રો. બ્રાઉન અબ્દુલ્લાને સલામીયામાં જ છેવટ સુધી અને ત્યાં જ તે અવસાન પામે છે. આફ્રિકામાં તો તેના પ્રચારકો તરફથી પ્રચાર કરે છે અને તેના અવસાન પછીથી પણ તેઓ તે પ્ર ચાલુ રાખે છે. તેનો લાભ અબ્દુલ્લાનો પૌત્ર અહમદ લે છે અને આફ્રિકા જતી વખતે પોતાનું નવું નામ મેહદી ઉબયદુલ્લાહ ધ કરે છે.

જ. અમીરઅલીમાં અબ્દુલ્લા શીઆનું પાત્ર જરા અસંગત છે. તે પોતે જ આફ્રિકામાં મેહદી માટે સાનુકૂલ ભૂમિકા તૈયાર કરે પોતે જ સત્તારૂઢ થઈ શકયો હોત, પણ પોતાની વફાદારીને કારણે મેહદીને ત્યાં આમંત્રે છે, છતાં પાછળથી તે તેના ભાઈએ યોજે કાવત્રામાં મેહદીનો વિરોધ કરે છે. કદાપિ તે અગાઉ જેટલો જ વફા હોત તો તે તેના ભાઈને સમજાવી કાવત્રાનો જ અંત આ શકયો હોત.

અબ્દુલ્લાની આ કાર્યવાહીમાં માનસશાસ્ત્રની દૃષ્ટિએ અસં ઉપરાંત સાલવારીમાં પણ મહત્ત્વનો ફેર પડે છે.

તેથી આ ફેરફાર વધારે શોધખોળ માગી લે છે. અન્ને

અનુભવી અને વિદ્વાન છે. તે બેમાંથી કોઈને ખોટું કહેતાં કોઈ પૂર્વગ્રહ હોવાનો સંભવ નથી, માત્ર એટલું છે કે અમીરઅલી પોતે 'શીઆ' છે, પરંતુ તે પ્રિવીકાઉન્સિલનો જવાબદારીભર્યો હોદ્દો ધરાવતા હતા. તેથી તેમની વિવેકબુદ્ધિ ઉપર આપણે ભરોસો રાખી શકીએ; માટે જ આ બાબત માટે વધુ શોધખોળની જરૂર જણાય છે.

પ્રકરણ ૩૫

ઉપદેશક નૂર સતગર

ગયાં પ્રકરણ ૩૨, ૩૩ અને ૩૪માં કોઈને લાગશે કે વિષયાન્તર થયેલું છે; પરંતુ તેમ નથી. ખોજાઓ શીઆ ઇસ્માઈલીઓ હોવાનો દાવો કરે છે અને તેમના ધાર્મિક વડા નામદાર આગાખાન સાહેબ સીધા "ફાતિમી" ખાનદાનના હોવાનો દાવો કરે છે. તેથી મજકુર ત્રણ પ્રકરણોમાં કરેલી ચર્ચા પ્રસ્તુત હતી; જોકે અંતમાં તેનો નિર્ણયાત્મક ઉકેલ લાવી શકાય તેટલી હકીકત મળી નથી એમ લાગે છે.

ઉપર પ્રકરણ ૩૧ના અંતમાં કહ્યું છે કે હસન અલાઝિક્રહિસ્સલામે હિન્દમાં ઇસ્માઈલી સંપ્રદાયનો પ્રચાર કરવા સૌથી પહેલા ઇસ્માઈલી ઉપદેશક મોકલ્યા હતા. તેમનું લોકપ્રચલિત નામ નૂર સતગર (સતગુરુ) હતું.

તે હિન્દમાં, ગુજરાતમાં સોલંકી ભીમ બીજાના અમલ દરમ્યાન (૧૧૭૯–૧૨૪૨) આવ્યા હતા. તે આવ્યા જ્યારે હિન્દમાં શીઆ મઝહબી ભૂમિકા આ પ્રમાણે હતી.

સુલ્તાન મહમૂદ ગઝનવીએ મુલતાન ઉપરની તેની ચોથી ચઢાઈમાં (૧૦૦૫) ત્યાંથી કર્માતિયનોને કાઢી મૂકયા હતા. પછી ૧૧૭૫માં મોહમ્મદ ઘોરીએ મુલતાનને ફરીથી કર્માતિયનોની રાજસત્તામાંથી મુક્ત કર્યું હતું. સુલ્તાન રઝિયા બેગમ(૧૨૩૭–૧૨૪૦)ના અમલના આરંભમાં 'તબકાતે નાસિરી'ના કર્તા મિન–હાજ–ઉલ–સિરાજ

પોતાનો નજરે જોયેલો પુરાવો આપે છે કે હિન્દના 'મુલાહિદા' એટલે ઇસ્લામમાંથી ફરી ગયેલા લોકોને કંઈક વિદ્વાન જણાતો હોય, તેવાં એક નૂર નામનો તુર્ક લોકોને પોતાના સંપ્રદાયમાં ફોસલાવી લઈ જાય છે. એ લેખક ઉમેરે છે કે 'સિન્ધ, ગુજરાત, દિલ્હીની આજુબાજુનો પ્રદેશ અને ગંગા જમનાના દોઆબ વગેરે હિન્દુસ્તાના સઘળા ભાગોમાં-થી સંખ્યાબંધ માણસો તેની પાસે આવે છે.' એ લેખક આગળ કહે છે કે 'જ્યારે નૂર ધાર્મિક બોધ કરતા હતા ત્યારે હલકા વર્ગના લોકોનાં ટોળાં તેની આજુબાજુ ભેગાં થતાં હતાં. નૂર વિદ્વાન સુન્નીઓને 'નાસિબી', એટલે હ. અલી(કરમ)ના દુશ્મનો અને તેમનો વારસો છીનવી લેનાર અને પોતાના અનુયાયીઓને 'મરજિયા' : આશાવાદી કહેતા હતા.

હિ. ૬૩૪ના રજબ=માર્ચ ૧૨૩૭માં સુન્નીઓ વિરુદ્ધનાં તેમનાં અગ્નિ વરસાવતાં વાયજોથી ઉશ્કેરાયલા તેમના અનુયાયીઓ ઢાલ, તલવાર, તીરકામઠાં વગેરે હથિયારોથી સજ્જ થઈને દિલ્હીની જામે મસ્જિદ ઉપર તૂટી પડયા હતા અને ત્યાં ભેગા થયેલા નમાઝીઓને તેમણે કતલ કર્યા હતા; પરંતુ એટલામાં રઝિયા બેગમના અમલદારોએ લશ્કર સાથે આવીને ઘણી ખુવારી સાથે તેમને નસાડી મૂક્યા હતા.

નૂર સતગર

નૂર સતગર ગુજરાતમાં પટ્ટણમાં આવ્યા હતા. તેમણે એક હિન્દુ મંદિરની મૂર્તિઓને વાચા આપી, તેમની પાસે પોતાના સંપ્રદાયની સચ્ચાઈ વિશે ખાત્રી કરાવી હતી. તે ઉપરથી ઘણા હિન્દુઓ મુસલમાન થયા હતા. તે વખતના રાજકર્તાને પણ (કદાપિ અજયપાળને) તેમણે ઇસ્લામમાં આણ્યાનું કહેવામાં આવે છે. પછી તેઓ ઈરાન પાછા ગયા હતા.

થોડા વખત પછી તેઓ પાછા આવ્યા હતા અને સુરત જિલ્લાના નવસારીના સૂબા સૂરચંદની કુંવરી સાથે લગ્ન કર્યું હતું. હિન્દુઓને ઇસ્લામમાં આણવામાં તેમને મળેલી ફતેહથી અને તેમની દોલતને લીધે તેમના અનુયાયીઓમાં ઈર્ષા ઉત્પન્ન થઈ હતી અને તેમના બે મુખ્ય મુરીદોમાંથી એક ચાચે તેઓ સમાધિમાં હતા ત્યારે, તેમને શહીદ કરી નાખ્યા હતા.

નૂર સતગર, અર્થાત સતગુરુ એ નામ તેમણે પોતાના મૂળ નામ નૂરદ્દીન અથવા નૂરશાહ ઉપરાંત ધારણ કર્યું હતું. આ હિન્દુશાહી નામ અને સમાધિની હિન્દુ વિધિ ઉપરથી સમજાય છે કે ઇસ્માઈલી સંપ્રદાયના શરૂ ઉપદેશકોએ હિન્દુઓને ઇસ્લામમાં આણવા માટે કેવા ઇલાજો યોજવાથી ફતેહ મેળવી હતી.

ઇસ્માઈલી સંપ્રદાયના બીજા એક ઉપદેશક સદરૂદ્દીને પણ સતદેવ અને હરચંદ જેવાં હિન્દુ નામ ધારણ કર્યાં હતાં. આવાં નામોથી હિન્દુઓ સાથે સહેલાઈથી ભળી શકાય અને લોકપ્રિય પણ થવાય એટલું જ નહિ, પરંતુ હિન્દુ નામ અંગીકાર કરવાની રીતિ મૌલાના શેખ સા'દી સાહેબના "સૂફી" સંપ્રદાયના "તસવુફ" નામના સિદ્ધાંત અનુસાર પણ છે :

"સા'દીયા ! ગર વસ્લ ખ્વાહી,
સુલ્હ કુન બા ખાસ-ઓ-આમ;
"બા મુસલમાં અલ્લાહ ! અલ્લાહ
બા હનૂદા રામ ! રામ !"

અર્થ— હે સાદી ! જો તારે ઐક્ય સાધવું હોય તો નાના મોટા સૌ સાથે સલાહસંપ રાખ. મુસલમાનો સાથે અલ્લાહ, અલ્લાહ કર અને હિન્દુઓ સાથે રામ રામ.

પ્રકરણ ૩૬

ખોજાઓ, બીજા પીર શમ્સુદ્દીન, સદરૂદ્દીન અને ઇમામ શાહ

ઇસ્માઈલી ઉપદેશકોને લોહાણાની અફઘાન જાતિમાં ખાસ ફતેહ મળી હતી. લોહાણા જાતિની જે દંતકથાઓ ખોજાઓએ હજી સાચવી રાખેલી છે તે મુજબ, લોહાણાઓ શ્રીરામચન્દ્રજીના પુત્ર લવ, જેમણે રાઠોડ જાતિ સ્થાપી હતી, તેમના વંશજો છે અને તે કોમમાંથી તેમની ઉત્પત્તિ છે.

બીજી દંતકથા જુદી રીતે કહેવામાં આવે છે: તેને આધારે, જ્યારે કનોજના રાજા જયચંદે શહાબુદ્દીન ઘોરીને ઈ. સ. ૧૧૭૮માં હરાવ્યો હતો ત્યારે લડાઈમાં કેદ પકડાયલી એક અફઘાન સ્ત્રી સાથે જયચંદે લગ્ન કર્યું હતું; પરંતુ તે સ્ત્રીએ વેર વાળવા જયચંદને મારી નંખાવ્યો હતો. જયચંદના પુત્રને, તેના પિતાના ક્રોધિત આત્માને શાન્તિ આપવા, ઘણા બ્રહ્મક્ષત્રિઓને જમાડવા સલાહ આપવામાં આવેલી હતી; પરંતુ ક્ષત્રિઓએ જમવા ના પાડી હતી અને તેઓ લહુરગઢ (હાલનું લાહોર) ચાલ્યા ગયા હતા.

'ખ્વાજા' એટલે સરદારનો ઇલકાબ, પીર સદરૂદ્દીને તેમને આપ્યો હતો, તે ઉપનામ લુહાણાઓને સાધારણ રીતે 'ઠક્કર' અથવા 'ઠાકુર' કહીને સંબોધવામાં આવે છે, તેનું જ ભાષાન્તર લાગે છે. આની પુષ્ટિમાં ધ્યાનમાં રાખવું જોઈએ કે સૌરાષ્ટ્રના ઇશાન ખૂણાના ખોજાઓને લોહાણાઓના "ઠક્કર" ઉપનામથી હજી પણ

સંબોધવામાં આવે છે. તે લોહાણા ઢબ પ્રમાણે ધોતીઓ પહેરે છે. વિશેષતઃ ખોજાઓની બોલી અને તેમના સિન્ધી ભાષાનાં ધાર્મિક પદોમાં પંજાબી શબ્દોનું પુષ્કળ મિશ્રણ હોય છે અને તેવા જ શબ્દો સૌરાષ્ટ્રના લુહાણાઓની બોલીમાં પણ મળે છે.

ખોજાઓની કોમમાં જે પૌષ્ટિક તત્ત્વ પાછળથી ઉમેરાયું છે તે કાશ્મીરી ઉત્પત્તિનું છે. ફરિસ્તા એક "ચાક" નામની પ્રજા વર્ણવે છે. તેઓ મૂળ સૂર્યપૂજકો હતા. તેઓ પોતાને "રોશનિયા" અર્થાત્ 'રોશની'—એટલે પ્રકાશ—પ્રજાના નામથી ઓળખાવતા હતા.

પીર શમ્સુદ્દીન :

કાશ્મીરના બાદશાહ ફતેહશાહ (૧૪૫૮–૫૯)ના અમલમાં આ ચાક લોકોને ઇસ્માઈલી સંપ્રદાયના ઇરાકથી આવેલા એક ઉપદેશકે પોતાના સંપ્રદાયમાં ભેળવ્યા હતા. આ ઉપદેશક હિન્દમાં આવનાર બીજા ઉપદેશક શમ્સુદ્દીન હતા. ખોજાઓનાં ભજનોમાં વર્ણવ્યા પ્રમાણે, તેઓ ચમત્કાર કરી શકતા હતા.

એક ચમત્કારમાં તેમણે ઊચના એક અમીરના મરી ગયેલા પુત્રને સજીવન કર્યો હતો. એ પીરે શબને આજ્ઞા કરી હતી કે 'અલ્લાહને નામે તું ઊઠ', પણ શબ હાલ્યું નહતું. તેમણે ફરી ફરમાવ્યું હતું કે 'શમ્સના નામથી તું ઊઠ' તે ઉપરથી તે છોકરો હાલ્યો હતો—તેણે પગ પ્રસાર્યા હતા અને બગાસું ખાધું હતું, છીંક ખાધી હતી અને તે જીવતો થયો હતો. ફરિસ્તા અનુમાન કરે છે કે આ સૂર્યપૂજક ચાક લોકો આ પીરના નામ 'શમ્સુદ્દીન'નો અર્થ 'દીનના સૂર્ય' થતો હતો, તે ઉપરથી પ્રભાવિત થયેલા હતા.

શમ્સુદ્દીને મુલતાનથી દક્ષિણે ૮૦ માઈલ ઉપર બહાવલપુરના

ઊચ ગામમાં કાયમનું નિવાસસ્થાન કર્યું. તેમનો રોજો પણ ત્યાં જ છે. શમ્સુદ્દીનના અનુયાયીઓ પંજાબ અને કાશ્મીરમાં આશરે ૭૫૦૦૦ સને ૧૮૯૮માં હતા. તેમણે ઇસ્લામમાં દાખલ કરેલા ઘણા ભોઈ, સોની અને કંસારા, જોકે હજી તેમને માને છે, છતાં તેઓ ફરીથી હિન્દુ થઈ ગયેલા છે અને ઘણા, જેઓ તેમને માનતા છતાં હિન્દુઓ તરીકે ચાલુ રહ્યા હતા, તેઓ હજી પણ તેમને માને છે. ખોજાઓની તવારીખ પ્રમાણે શમ્સુદ્દીન નૂર સતગરના શિષ્ય હતા. તેઓ છોટેના નામથી નૂર સતગરની ખિદમત કરતા હતા. આ શમ્સ છોટેની કાશ્મીરમાં આવવાની સાલ ફરિસ્તા ઈ. સ.૧૪૯૬ આપે છે.

પીર સદરૂદ્દીન :

તેની ૬૦ વરસ પહેલાં, ઈ.સ. ૧૪૩૦ના અરસામાં, ત્રીજા પીર તરીકે ઓળખાતા સદરૂદ્દીનની નિમણૂંક કાશ્મીર, સિન્ધ અને પંજાબના ખોજાઓના ઉપરી તરીકે થઈ હતી. સૌથી પહેલું ‘ખોજખાનું’ અર્થાત્ ‘ખોજાઓનું કોમી જમાતખાનું’ સ્થાપનાર તેઓ પહેલા પીર હતા. હિન્દુસ્તાનના સઘળા ખોજાઓને ઈરાનમાં રહેલા ‘ગુપ્ત ઇમામ’ના દર્શનાર્થે લઈ જવાનો વિચાર તેમને ઉદ્‌ભવ્યો હતો. યાત્રાળુઓનું આ મહાન દળ મજલ કાપતાં પંજાબના ગુજરાત શહેર સુધી પહોંચ્યું હતું. ત્યાં એ યાત્રાળુઓના આગેવાનોની આકીનની કસોટી કરવા આ પીરે એક યુકિત રચી હતી. જે પવિત્ર આશયથી તેઓ પ્રવાસે નીકળ્યા હતા, તેનું જાણે તેમને વિસ્મરણ થઈ ગયું હોય તેમ તેઓ આ શહેરમાં એક વેશ્યાને ઘેર ગયા હતા. યાત્રાળુઓના આગેવાનોમાંથી બે જણાની શ્રદ્ધા આ પીર ઉપરથી ઊઠી ગઈ હતી, પરંતુ સિન્ધના મુખી ત્રિકમે, પોતાનો અતિ તિરસ્કાર થયા છતાં, વેશ્યાની માગણીઓ પૂરી પાડી પીરને મુરીદોના મુકામમાં પાછા આણ્યા હતા. તે પછીની મંઝિલના મુકામે, મુરીદોના આકીનની

એથી વધારે કડક કસોટી કરવામાં આવી હતી. તે પરીક્ષામાં પણ માત્ર સિન્ધના મુખી એકલા જ પાર ઊતર્યા હતા. છેવટે અલમુત પહોંચવામાં પીર એકલા જ રહ્યા હતા. ત્યાં અવતારી ઇમામનાં દર્શન કરી તેઓ ઊચ પાછા આવ્યા હતા. ત્યાં તેમનું અવસાન થયું હતું. તેમને ઊચ પાસે જેતપુરના ગામડામાં દફન કરવામાં આવેલા છે.

પીર સદરૂદ્દીનના કેટલાક વંશજ ઉત્તર ગુજરાતના કડી ગામમાં રહેતા હતા. તેઓ પૈકી એક ગુલામઅલી શાહ ઈ. સ. ૧૭૯૨માં કચ્છના દેરા ગામે ગયા હતા, અને ત્યાં સ્થાયી વસ્યા હતા. તેમનો રોજો ત્યાં જ છે. ત્યાં ચૈત્ર સુદ ૧૧ના રોજ મેળો ભરાય છે.

જેમ નૂર સતગરે ગુજરાતમાં ઇસ્માઈલી સંપ્રદાય પ્રસાર્યો હતો, તેમ તેમના એક ગાદીનશીન તુવાર રજપૂત રામદેએ કચ્છ અને સૌરાષ્ટ્રમાં ઈ. સ. ૧૨૦૦ના અરસામાં ઇસ્માઈલી સંપ્રદાયનું ખીજ વાવ્યું હતું. આશરે ૧૪૩૦માં, સિન્ધ–કોટડામાં તેમણે સ્થાપેલા ઇસ્માઇલી 'ખાના'માંથી પીર સદરૂદ્દીને સૌથી પહેલાં ફાળો ઉઘરાવવા હિમાલયથી વિંધ્યાચળ સુધી 'ઝોળી' ફેરવવી શરૂ કરી હતી.

દશ અવતાર

ઇસ્માઈલી પંથના રોજાને અમરવેલી બનાવવા અને તેને નિત્ય હરિયાળી રાખવા પીર સદરૂદ્દીને મૌલાઅલી(કરમ)ને ઇસ્માઇલી મઝહબના અંગભૂત બનાવ્યા હતા; અને નામદાર આગાખાન સાહેબના એક પૂર્વજ આગા ઇસ્માલ શાહને, પોતાના વૈષ્ણવ અનુયાયીઓના નવ અવતારો સાથે હ. અલીના અવતાર રૂપે, દશમા

અવતાર તરીકે યોજ્યા હતા. પીર સદરૂદ્દીનના સમય સુધી, મુસ્લિમ માન્યતા પ્રમાણે, જગતની ઉત્પત્તિના આદિ પુરુષ હ. આદમ(અલ) અને ઇસ્લામના પયગમ્બર, હ. મોહમ્મદ મુસ્તફા (સલ.) અનેક દેવ-દેવીઓના મંડળ (pantheon)માં સ્થાન વિનાના હતા. તેથી પીર સદરૂદ્દીને હ. આદમ(સલ.)ને વિષ્ણુ તરીકે અને હ. મોહમ્મદ (સલ.)ને મહેશ તરીકે ઓળખાવ્યા હતા. ઈસ્લામ શાહને મૌલા અલીનાં, નૂર સતગરને હ. મોહમ્મદ રસુલુલ્લાહના અને પોતાને (સદરૂદ્દીનને) બ્રહ્માના અવતાર તરીકે વર્ણવ્યા હતા. કયામત પહેલાં થનાર છેલ્લા ઇમામ મેહદીને, જળપ્રલય અગાઉ થનાર કલ્કી અવતાર કલ્પી, શાક્ત પંથીઓની માન્યતા અને આકાંક્ષાઓને સંતોષી હતી.

પીર ઇમામશાહ :

પીર સદરૂદ્દીન પછી કબીરૂદ્દીન અને તેમના પછી ઇમામુદ્દીન, અથવા ગુજરાતમાં ઇમામ શાહને નામે વધારે ઓળખાતા પીરો અનુક્રમે આવ્યા હતા. ઇમામ શાહને સિન્ધના ખોજાઓએ યોગ્ય રીતે સત્કાર્યા ન હતા, તેથી તેઓ ઇરાન પાછા ગયા હતા. ત્યાં કેખ્તમાં ઇમામને મળીને તેઓ હિન્દમાં પાછા આવ્યા હતા. તેઓ સિન્ધી ખોજાઓથી કંટાળેલા હોવાથી ગુજરાતમાં આવ્યા હતા.

તેમણે વરસાદ વરસાવવાનો ચમત્કાર દેખાડ્યો હતો તેથી તે વખતના સુલ્તાન મોહમ્મદ શાહ બીજાએ તેમને પોતાની પુત્રી પરણાવી હતી. તેનાથી તેમને ચાર પુત્રો થયા હતા. તેઓ પીરાણાના સૈયદોના પૂર્વજ હતા.

મોહમ્મદ બેગડાએ પણ તેમનો સારો સત્કાર કર્યો હતો. તેમણે

ગુજરાતમાં ઇસ્માઈલી સંપ્રદાયના સિદ્ધાંતોથી નાની બાબતોમાં જૂદો પડતો એક નવો પંથ સ્થાપ્યો હતો.

ઇમામ શાહે રચેલું 'જનાઝા' (કાકડી) નામનું પદ (hymn) હજી ખોજાઓ પાસે છે. એ પદમાં ઇમામ શાહે 'ગુપ્ત-ઇમામ'ની શકિતને પ્રતાપે, પોતે કરેલી આસ્માનની સફર વર્ણવેલી છે. તેમાં પોતે આસમાન ઉપર પ્રલ્હાદ, હરિશ્ચંદ્ર, યુધિષ્ઠિર, સદરૂદ્દીન વગેરેને મળ્યાનું જણાવેલું છે. તેઓ ૧૫૧૨ માં અવસાન પામ્યા હતા. તેમના અનુયાયીઓ મોમના કોમના છે. તેઓ અમદાવાદ, ખેડા, ખંભાત, વડોદરા, ભાવનગર, સુરત, ખાનદેશ અને કચ્છમાં રહે છે.

ઇમામ શાહનું 'જનાઝા'નું કાવ્ય ઇસ્લામના હ. પયગમ્બર સાહેબ (સલ.)ની 'મે'રાજ'—અલ્લાહ તા'લાને મળવા માટે કરેલ આસ્માનની સફરનું અનુકરણ હોવું જોઈએ.

ઇમામ શાહે પોતાના પહેલાં થઈ ગયેલા ખોજાઓના અગાઉના પીરોના સંપ્રદાયથી પોતાનો પંથ જુદી રીતે ચલાવ્યો હતો. અને 'દસોંદ'–દશમો હિસ્સો ઉઘરાવવાના ખોજાઓના રિવાજને વખોડી કહાડ્યો હતો. તેથી ખોજાઓના તે વખતના 'ગુપ્ત ઇમામ' અબ્દુસ્ સલામ બિન ઇસ્લામશાહે ઇમામશાહને ઇસ્માઈલી સંપ્રદાયમાંથી બહિષ્કૃત કર્યા હતા. ૧૫૧૨ માં થયેલા ઇમામશાહના અવસાન પછી ગુજરાતમાં ઇસ્માઈલી સંપ્રદાયમાં નવીન અનુયાયીઓ દાખલ કરવાની પ્રવૃત્તિ બંધ પડી ગઇ હતી.

નૂર સતગરથી ગુજરાતમાં શરૂ થયેલા ઇસ્માઈલી સંપ્રદાય 'સત પંથ' તરીકે ઓળખવામાં આવે છે. તેમાં જ ઇમામ શાહે થોડા ફેરફારો કરીને પોતાનો નવો પંથ ચલાવ્યો હતો.

પ્રકરણ ૩૬

ઇમામશાહનો નવો પંથ

ઇમામશાહના નવા પંથને "પીરાણા" પંથ તરીકે ઓળખવામાં આવે છે. ઇમામશાહ ગુજરાતમાં આવીને અમદાવાદથી ઉત્તરે આશરે નવ માઇલ ઉપર આવેલા ગિરમથા નામના નાના ગામમાં સ્થાયી થયા હતા. આજ ગામને આજે પીરાણા તરીકે ઓળખવામાં આવે છે.

ઇમામ :શાહ ઇસ્માઇલીઓના અગાઉના એક પીર સદરૂદ્દીનની ઓલાદમાંથી હતા. તેમના પિતા અને પિતાવહના રોજાઓ બહાવલપુર સ્ટેટના ઉચ ગામમાં છે.

તેમના પિતાનું નામ હસન કબીરૂદ્દીન છે. ઇમામશાહનો જન્મ ૧૪૫૨ માં થયો હતો, અને અવસાન ૧૫૧૩ અથવા ૧૫૨૦ માં પીરાણામાં જ થયું હતું. તેમનો રોજો તેમણે પોતે પોતાની હયાતીમાં બંધાવ્યો હતો.

તેમના ઉપદેશ અને ચમત્કારોથી તેમણે ઘણા લેઉઆ અને કડવા કણબીઓને તથા શેખડાઓને આકર્ષ્યા હતા. ધર્માંતર પછી તેઓ 'મોમના' અને 'મતિમા કણબી' તરીકે ઓળખાય છે.

કણબીઓ તેમના પંથમાં ભળ્યા બાબત, તેમનો એક ચમત્કાર એવી રીતે હતો કે કણબીઓ એક વખત કાશીની યાત્રાએ જતા હતા. તેમને પીરાણામાંજ તેમની આંખો મીચાવીને કાશીની યાત્રા અને

ગંગાસ્નાન કરાવ્યાં હતાં. આંખો ખોલી ત્યારે તેઓ પીરાણામાં હતા. તે ઉપરથી આ યાત્રાળુઓની તેમના ઉપર શ્રદ્ધા બેઠી અને તેઓ તેમના નવા પંથમાં ભળ્યા હતા.

તેમના પછી તેમનો પુત્ર નૂર અથવા નૂર મોહમ્મદ તેમના પંથનો નેતા પ્રચારક થયો હતો. તેનો જન્મ આશરે ૧૪૭૦માં થયો હતો. તેણે સિન્ધીમાં ' સત્‌વેણી-જી-વેલ ', ' સત્ ધર્મની વેલ' પુસ્તક લખ્યું હતું. તે પુસ્તક તેમના સંપ્રદાયના ક્રિયાકાંડ અને તેમના ઈમામો સંબંધી છે. તેમણે તેમના અનુયાયીઓ તરફથી ' દસોંથ ' નો હિસ્સો ઈરાનમાં ઇસ્માઈલીઓના ઇમામોને મોકલવો બંધ કર્યો હતો. આ કરવેરો બંધ થવાની સાથે તે ઇમામોને અનુયાયી ઉપરનો અધિકાર પણ બંધ થયો હતો.

આમ જુદા પડવાથી, નુકશાન તો આ નવા સંપ્રદાયમાં જોડાયેલી કોમોને જ થયેલું હતું. ઈસ્લામની મહાન સંસ્કૃતિના સંસ્કારો અને વિશ્વધર્મના માનસવાયા ધર્મની ઉચ્ચ ફિલસુફીવાળી શાળાના અનુયાયીઓ તરીકે ઓળખાવાને બદલે, હવે પછી તેઓ ફક્ત " પીરાણાવાળા " એટલે ઉતરતા દરજ્જાના હિન્દુઓ અને અતિ શંકાસ્પદ મુસલમાનોની એક નજીવી કોમ થયેલી છે. ગમે તેમ હોય, પણ રૂઢિચુસ્ત મુસલમાનો તેમને ' મુસલમાનો ' તરીકે ગણતા જ નથી અને તે જ પ્રમાણે રૂઢિચુસ્ત હિન્દુઓ પણ તેમને હિન્દુ તરીક માનતા નથી. આમ તેમની સ્થિતિ ' ત્રિશંકુ ' જેવી અને રચનીય થયેલી છે.

નૂર મોહમ્મદ ઈ. સ. ૧૫૩૩-૩૪ના અરસામાં અવસાન પામ્યા હતા, અને પીરાણાના રોજામાં તેમના પિતાની પાસે જ તેમને દફન કરવામાં આવ્યા હતા. એ જ કમ્પાઉન્ડમાં નૂર શાહ, સુરાભાઈ,

મોહમ્મદ, બાકિરઅલી વગેરેના રોજાઓ છે. તેમના આ નવા સંપ્રદાયના પેટા-વિભાગો ' આદિયા, ' ' સાતિયા ' અને ' પાંચિયા ' તરીકે ઓળખાતા આ રોજાઓની પૂજા કરે છે.

પીરાણાના ' કાકાઓ ' :

જેમને આ સંપ્રદાયમાં ' કાકાઓ ' કહેવામાં આવે છે, તેઓ ધર્માન્તર કરેલી જે તે કોમમાં, તેમના પીર અથવા પ્રચારક–ઉપદેશક (દાઈ) તરફથી નિમાયલા ' મુખી ' હોય છે. તેમની ફરજો તે કોમના અનુયાયીઓને ઉપદેશ કરવાની. તેમની નાની નાની તકરારોનો નિકાલ કરવાની અને સૌથી અગત્યની ફરજ તો તે કોમના અનુયાયીઓ પાસેથી ધાર્મિક ફાળા ઉઘરાવી, તે તેમના પીરને મોકલવાની હોય છે. આ પ્રમાણે, શરૂમાં નિમાયલા ' કાકાઓ ', તેમના પ્રચારક ઉપદેશકો અને તેમના અનુયાયીઓ વચ્ચેની સાંકળરૂપે હતા. કાળના વહન સાથે આ પ્રથા કેન્દ્રમાં પ્રવેશી; અને નૂર મોહમ્મદના પુત્રોના ' પીર ' થવા બાબતમાં હરીફાઈઓ અને કજિયાઓ વધી જવાથી, આ કાકાઓના અધિકારો બાબત આખરી નિર્ણય થયો હતો. નૂર મોહમ્મદે કરેલી વ્યવસ્થા અનુસાર, પીરાણામાં નિમાયલા એક ખાસ ' કાકા ' ની મુખ્ય ફરજ ધાર્મિક કરવેરાઓ અને માનતાઓનાં નાણાં ઉઘરાવી, પીરના કુટુંબના વિવિધ સભ્યો વચ્ચે વહેંચી આપવાની હતી તેની નિમણૂક તેના જીવન પર્યંત થતી હતી; અને તેને આજીવન બ્રહ્મચારી રહેવાના શપથ લેવા પડતા હતા. તેના બદલામાં, તેને પોતાને માટે તેનો નિર્વાહ ચલાવવા જરૂરી ખાદ્યખોરાકી, કપડાં વગેરે મફત મળતાં હતાં.

વખત વીતતાં, તેમના સંપ્રદાયના કેટલાક નિર્બળ પીરોના સમયમાં ' કાકાઓ 'ની સંખ્યા વધી હતી; એટલું જ નહિ પણ તેઓ

સર્વસત્તાધીશ થયા હતા, જેઓ પ્રથમ પીરાણામાંના વિવિધ તે... અને મકબરાઓના માત્ર મુજાવરો જ હતા, તેમની પાસે તે સંસ્થાઓનો ધાર્મિક તેમ જ આર્થિક વહીવટ અને કબજો આવી ગયો... તેથી તેઓ મુખ્ય પીરો અને સૈયદોને હંફાવી શકતા હતા. તે... કોમ માટે તેઓ કાવાદાવા, આપત્તિ અને કોર્ટોના કજિયાના ... ઉત્પત્તિસ્થાન નિવડ્યા છે. પરિણામ માટે અફસોસ થાય છે.

આઠિયા, સાતિયા અને પાંચિયા:

આ પેટાવિભાગો ધીરે ધીરે હસ્તીમાં આવ્યા હતા. પીરાણ... થયેલા પ્રતિસ્પર્ધી સૈયદોનાં વિવિધ જૂથ સૂચવતા આ પેટાવિભાગો...

'આઠિયા' ઉપનામ નૂર મોહમ્મદ શાહના વડીલ પુત્રના વા... વિરૂદ્ધ નાના પુત્ર સઈદખાનના વારસો માટે વાપરવામાં આવ્યું ... 'આઠ'ની સંખ્યા સૂચવતું આ ઉપનામ એમ દર્શાવતું ... તેમના અનુયાયીઓ હિન્દુઓની આઠ વિવિધ જ્ઞાતિઓ કે પેટા ... ઓમાંથી હતા.

સાત જ્ઞાતિઓવાળું 'સાતિયા'નું જૂથ થોડું પાછળથી, ... તે જ ધોરણે, પાંચ જ્ઞાતિઓવાળું "પાંચિયા"નું જૂથ સૌથી ... અસ્તિત્વમાં આવેલું હતું. તે ઉપરાંત એક ધર્મ એવો હતો કે ... પીર ઈમામશાહને વફાદાર રહેલો હતો. પરંતુ તે વર્ગનું કોઈ ... ઉપનામ યોજાયલું જણાયું નથી.

સતપંથીઓ:

ઈમામશાહી સતપંથીઓ વર્તમાન-કાળમાં ગુજરાત, સૌ... અને કચ્છમાં તેમજ વરાડ અને ખાનદેશમાં, મોટી સંખ્યામાં જોવા... આવે છે.

પીરાણાના તેમના મુખ્ય કેન્દ્ર ઉપરાંત તેમનાં બીજાં બે કેન્દ્રો છે. તેમાંનું એક સુરત પાસે નવસારીમાં છે ત્યાં સતગુરૂ નૂર [સતગરનો રોજો છે. તેઓ ત્યાં ક્યારે આવ્યા હતા અને હિન્દુઓની કંઈ ખાસ કોમોને તેમણે ઇસ્માઇલી સંપ્રદાયમાં આણી હતી, તેની કોઈ આધારભૂત માહિતી મળતી નથી.

દંત કથા અનુસાર, આ રોજો ઘણો જૂનો છે. ઈમામશાહીએ ઉપરાંત બીજી કોમો પણ તે રોજા માટે ધાર્મિક ભાવના ધરાવે છે.

બીજું કેન્દ્ર મધ્ય પ્રાન્તોમાં બુરહાનપુરમાં અથવા વધારે ચોક્કસ કહીએ તો બુરહાનપુરથી ચાર માઈલ દૂર બહાદુરપુર નામના ગામડામાં છે. આ સ્થાન સૈયદ મોહમ્મદશાહે પોતાના રહેણા માટે પસંદ કરેલું હતું. તેમણે સત્તરમા સૈકાની શરૂઆતમાં પીરાણા છોડયું હતું; અને આ સ્થળે તેઓ સ્થાયી થયા હતા. એ સ્થળ તે જમાનામાં ખાનદેશ સૂબામાં હતું અને તે મોટું વસ્તીવાળું અને આબાદ રાજધાનીનું શહેર હતું.

સૈયદ મોહમ્મદશાહે ઘણા ચમત્કારો કરેલા હોવાનું કહેવામાં આવે છે. તે કારણે, તાપી નદીની ખીણના ઘણા હિન્દુઓ ધર્માંતર કરી તેમના સંપ્રદાયમાં ભળ્યા હતા. તેઓ ૧૬૫૭ માં અવસાન પામ્યા હતા. તેમને ત્યાં જ દફન કરવામાં આવ્યા હતા. ત્યાં તો તેમનો રોજો ખાનદેશ વરાડ અને નીમારના જિલ્લાઓના સતપંથીઓનું જાત્રાનું કેન્દ્ર આજે પણ છે.

પરંતુ, કંઈક વિચિત્ર છે કે તેમના વારસો વર્તમાન કાળમાં સુન્ની મઝહબ પાળે છે. સ્થાનિક દૃષ્ટિએ તેઓ ત્યાં લાગવગવાળા છે. છતાં હજી તેમને સત પંથીઓની પૂર્વની શાળા તરીકે માનવામાં આવે છે.

ઇમામશાહીઓના ધાર્મિક સિદ્ધાંતો :

ઇમામશાહીઓ એક અલ્લાહને સર્વોત્કૃષ્ટ કિરતાર તરીકે અને હ. મોહમ્મદ મુસ્તફા (સલ.)ને તેના રસૂલ અને પયગમ્બર તરીકે સ્વીકારે છે. આ અગત્યના અકીદાને લીધે તેમને ઈમાનદાર મુસ્લિમો તરીકે માનવામાં આવે છે. તેમ છતાં તેઓ નમાઝને જૂજ મહત્વ આપે છે. તેમની ધાર્મિક વિધિઓમાં તેઓ તેમના પંથના સામાન્ય આચારોથી ઝાઝા જુદા પડેલા નથી.

તેઓ હિન્દુઓના 'અવતાર'ના સિદ્ધાંતમાં માને છે; અને તેમના 'ઈમામ'ને દૈવીપ્રેરિત અગ્રણી અને પરમાત્માના તત્ત્વનો અંશ ધરાવનાર હોવાનું માને છે. આ સંપ્રદાય હિન્દુઓની જગતની ઉત્પત્તિની માન્યતાઓ અને તેના સિદ્ધાંતો સ્વીકારે છે. તેઓ ઇસ્લામના હ. પેગમ્બર સાહેબ (સલ.)ને 'વીર' અથવા 'ગુરુ' માને છે, અને, વિવાદમાં, તેમની અને ઈમામોની સ્થિતિ વચ્ચે કંઈ અંતર હોવાનું તેઓ માનતા નથી.

કુરઆનને તેઓ દૈવી પ્રેરિત ગ્રંથ ગણે છે. કુરઆનને તેમના ઈમામો 'અલંકાર' તરીકે રૂપકની જાણીતી પદ્ધતિથી સમજાવે છે. કુરઆનનાં આવાં અનેક રૂપકો તેમના શરૂમાં થયેલા પીરોએ રચેલાં ધાર્મિક પુસ્તકોમાં, જેને તેઓ 'જ્ઞાન' કહે છે, તેમાં જોવામાં આવે છે. જેમ બીજા મુસલમાનો કુરઆન પઢે છે. તેમ આ પંથના અનુયાયીઓ આ 'જ્ઞાન'નાં પુસ્તકોનો પાઠ કરે છે. 'કાકાઓ' કવચિત જ અરબી મૂળાક્ષરો જાણે છે.

ઈમામશાહ અને તેના ઉત્તરાધિકારીઓએ, શરૂમાં થયેલા ઈસ્માઈલી દાઈઓ માફક, તેમના પંથમાં ભળેલા નવ-આગંતુકોના આધ્યાત્મિક અને નૈતિક સિદ્ધાંતોની પ્રણાલિકાને વિચાર પૂર્વક

સ્થાનભ્રષ્ટ કર્યા વિના સાંગોપાંગ રહેવા દીધી હતી. તેથી તેમની ધર્માન્તર કરાવવાની પદ્ધતિઓમાં શક્ય તેટલો ઓછો અંતરાય નડ્યો હતો. પરંતુ, તે કારણે પરિણામ એ આવ્યું છે કે જ્ઞાતિવાદ અને તેનાં બંધનો અને મર્યાદાઓ, તેમના રીતરિવાજો, આચારવિચારો અને પૂર્વગ્રહો ઉપર આધિપત્ય ભોગવે છે, અને વ્યવહારિક રીતે, એ કોમના સર્વ સભ્યોના સમગ્ર જીવન ઉપર આરૂઢ થયેલાં છે. તે કારણે, તેમને તેમની રહેણીકરણીમાં અને પહેરવેશમાં બીજા હિન્દુઓથી ભાગ્યે જ નોખા પાડી શકાય તેમ છે. એમની લગ્નવિધિઓ અને બીજા ક્રિયાકાંડો આ અનુયાયીઓની મૂળ જ્ઞાતિઓના રીતરિવાજો મુજબ જ હોય છે.

સુરત જિલ્લાના 'પતિયા' કણબીઓમાં પ્રથમ અગ્નિદાહ દે છે. પરંતુ પછી શેષ રહેલાં અસ્થિઓને દફન કરવામાં આવે છે. જેઓ સાધનસંપન્ન હોય છે, તેઓ પીરાણામાં ઇમામશાહના રોજા સામેના ચોકમાં આ અસ્થિઓ દફન કરવાની પરવાનગી માટે મોટી રકમો ખર્ચે છે. ત્યાં આવાં અસ્થિઓ દફન કર્યા પછી, તે ઉપર તે અસ્થિઓ કોનાં છે, તેમનાં નામની ગુજરાતીમાં કોતરેલી તખ્તીઓ મૂકવામાં આવે છે. પીરાણા જોવા જનાર પ્રત્યેક મુલાકાતીને આ રસપ્રદ સ્થાનનું આ વિશિષ્ટ અંગ લાગે છે. 'કાકાઓ'ને તો અગ્નિ સંસ્કાર કર્યા વિના જ દફન કરવામાં આવે છે.

પીરાણાનું આ કબ્રસ્તાન મધ્યકાલીન હિન્દનો નિઃશંક એક અતિ રસપ્રદ અવશેષ છે. વર્તમાન કાળમાં સૈયદો અને કાકાઓના પ્રતિ સ્પર્ધી પક્ષો વચ્ચેના અનંત કજીયા અને દાવાઓને કારણે, તે સાથે હિન્દની અર્વાચીન જાગૃતિને લીધે, મોટા પ્રમાણમાં તેનું ત્વરાથી પતન થતું જાય છે ત્વરિત વિકાસ પામતી ધાર્મિક નિસ્પૃહા, રાજકીય આંદોલનો અને વિવિધ હિન્દુસંસ્થાઓના, વિશેષતઃ આર્યસમાજના

આક્રમણિક પ્રચારકાર્યક્રમો ઇમામશાહના અનુયાયીઓમાંથી મોટી સંખ્યાને હિન્દુ ધર્મમાં આકર્ષી લે છે. તેના પ્રતિકાર માટે, વધારે જોસભેર પ્રચારકાર્ય કરવા સૈયદોમાં કાર્યદક્ષતા કે આર્થિક સાધનો કે તે માટેની આવશ્યક કેળવણી કંઈયે નથી. તેમનામાંના કેટલાક તેમના 'જ્ઞાન'માં ઘણા વિદ્વાન હોય છે, પરંતુ તે સિવાય, તેઓ બીજું કંઈ જ જાણતા હોતા નથી.

આ પરિસ્થિતિમાં પરિણામ શું આવે? આવા માત્ર નામના જ મુસલમાનો ધર્મ પરિવર્તન કરીને પાછા હિન્દુ થઈ જાય, તેમાં નવાઈ શી? આવાં દૃષ્ટાંત છેલ્લા સૈકામાં એક કરતાં વધારે બનેલાં છે.

માર્ચ ઈ. સ. ૧૯૫૩માં, ખેડા જિલ્લાનાં ૨૫૦ મોલેસલામ કુટુંબો શુદ્ધિ કરાવીને ફરીથી "રજપૂત" થયાં છે. તેમણે ૫૦૦ વર્ષ પહેલાં, મહમૂદ બેગડાના અમલમાં, ઈસ્લામ સ્વીકારેલો હતો. ઈ. સ. ૧૯૨૫માં, નડિયાદનાં ૨૫ + ૩૦ સેખડા કુટુંબો શુદ્ધિ કરાવી, "કણબી" થયાં છે તેઓ બેગડાના જમાનામાં થયેલા પીર ઇમામ શાહના અનુયાયીઓ હતાં. ઈ. સ. ૧૮૮૦માં સુરત જિલ્લાના પતિયા કણબીઓનાં ૧૫૦ + ૧૬૫ કુટુંબો સુરતના સ્વામી નિર્મળદાસના બોધથી "વૈષ્ણવ" થયાં હતાં. આ પતિયા કણબીઓના પૂર્વજો પણ એ જ પીર ઈમામ શાહને હાથે ઈસ્લામમાં આવેલા હતા.

આ અર્ધદગ્ધ મુસલમાનો અરબી તો શું, પણ ઉર્દૂ યે જાણતા ન હોતા. તેમની માતૃભાષા ગુજરાતીમાં કોઈએ તેમને ઈસ્લામ અપનાવવા જરૂર વિચારી ન હોતી. પીરઝાદા અને મૌલવીઓને ગુજરાતી તરફ એટલી નફરત હોય છે કે તેઓ ઈસ્લામના અકીદા માત્ર ગુજરાતી જાણનારને તેમની માતૃભાષામાં સમજાવતા નથી, કહો કે, અપનાવી શકતા નથી! તેઓ પોતે જ બરાબર ગુજરાતી બોલી શકતા નથી! તેમ સમજતા પણ હોતા નથી.

પ્રકરણ ૩૭

ઇસ્માઇલીઓના વિશિષ્ટ સાંપ્રદાયિક સિદ્ધાંતો

"સાત"ની સંપ્રદાયનું રહસ્ય :

જગતની ઉત્પત્તિ માટેના ઇસ્માઈલી સિદ્ધાંતો જ્ઞાનવાદી અને બુદ્ધિવાદી rational છે. પરંતુ તેની અંતિમ મર્યાદા તેઓ ઓળંગી ગયેલા છે. અલ્લાહ તા'લા નિર્ગુણ અને અગમ્ય છે. ઉત્પત્તિના સાત પ્રકાર સિવાય તેને વિશ્વ સાથે કોઈ સંસર્ગ નથી. તે સાત પ્રકાર આ પ્રમાણે છે :– ૧. અલ્લાહ, ૨. બુદ્ધિ, ૩. આત્મા, ૪. પંચ મહાભૂત, ૫. આકાશ, ૬. કાળ અને ૭. પૃથ્વી, અલ્લાહ પાકે બુદ્ધિ અને આત્મા સર્જ્યાં છે. કાળની વહેંચણી સાત યુગમાં કરેલી છે. તે પ્રત્યેક ઈશ્વરત્વના પ્રાકટ્યને અનુસરે છે. પયગમ્બરોના "નાતિક"ની સંખ્યા પણ સાત છે. એ યાદી હ. આદમ(સલ.) થી શરૂ થાય છે. અને તેમાં ૨. હ. નૂહ(સલ.) ૩. હ. ઈબ્રાહીમ (અલ.) ૪. હ. મૂસા (સલ.) ૫. હ. ઇસા (અલ.) અને ૬. હ. મોહમ્મદ (સલ.) થઈ ગયા છે. તેમાં સાતમે નંબરે ઇસ્માઈલી ઈમામનો સમાવેશ થાય છે. 'નાતિક' વિશ્વવ્યાપી ન્યાયના અવતાર રૂપે છે. તેમને વિશ્વવ્યાપી આત્મા 'અસાસ'ની સહાય મળે છે આ સહાયકોની સંખ્યા પણ સાત છે તેમનું પ્રચારકાર્ય 'નાતિક'ના સાંકેતિક સિદ્ધાંતોનું રહસ્ય પ્રકાશમાં લાવવાનું છે. આ નિયમાનુસાર, હ. હારૂને, હ. મુસાને અને સંત સાઈમન પિટરે હ. ઈસાને સહાય કરી હતી; અને તેમનું કાર્ય સંપૂર્ણતાને શિખરે પહોંચાડયું હતું. તે જ પ્રમાણે, હ. અલી (કરમ.)એ હ. મોહમ્મદ મુસ્તફા

(સલ.)ના ઇસ્લામના સંદેશને અને કુરઆને કરીમના રૂપકોના અર્થબોધને આખરી સ્વરૂપ આપેલું છે.

ઇસ્માઈલી દીક્ષાના સાત ક્રમ છે, મિસરના ફાતિમા ખલીફાઓના અમલ દરમ્યાન, તે ક્રમ નવ સુધી વિકસાવવામાં આવેલો હતો. પહેલા ક્રમમાં, પ્રપંચી પ્રશ્નોની પરંપરા અને કટાક્ષમય સૂચનોથી નવ-દીક્ષિતના હૃદયમાં તેના પોતાના ધર્મ પરત્વે ધોરણસર સંદેહ ઉત્પન્ન કરી, ક્રમે ક્રમે, ભૂલને પાત્ર નથી તેવા અર્ધ્ય ઈશ્વિર જેવા ઇસ્માઈલી ઇમામની તાલીમમાં અંધશ્રદ્ધા રાખવા તેની પાસે સોગંદ લેવડાવવામાં આવે છે.

'તા'સીસ' અર્થાત્ સ્થાયી ધ્રુવ પર પહોંચ્યા પછી તે પોતાને ધર્મના આચાર વિચારોનાં સર્વ બંધનોથી પર સમજે છે. કારણ કે એ સર્વ બંધનો સાંકેતિક કરતાં વિશેષ કાંઈ નથી. ઉદા. નર્ક (દોઝખ) અજ્ઞાનતા; સ્વર્ગ (જન્નત): આત્મા સંપૂર્ણ જ્ઞાનની કક્ષાએ પહોંચે એ સ્થિતિ: કયામત : ઇસ્માઇલી ઇમામ : કાયમુઝ-ઝમાન; યુગ પુરૂષનું પ્રગટ થવું તે.

દીક્ષાના પ્રથમ ક્રમની તેમની આ માન્યતાને કારણે, ઇસ્મા-ઇલીઓ ઉપર 'ઇલાહિય્યા' આત્મવશતાવાદ Libertinarianism ના આક્ષેપો મુકવામાં આવે છે. તે ઉપરાંત, તે જ કારણે તેમના ઉપર વ્યભિચારી મંડળીઓના તથા અન્ય અનીતિમય આક્ષેપો ઓરાડવામાં આવે છે, જો કે આની સાબિતી કોઈ વખત આપ-વામાં આવેલી નથી.

આવા પ્રવીણોનો મોટો સમૂહ ત્રીજા ક્રમ કરતાં આગળ પ્રગતિ કરી શકતો નથી. તે દરજ્જે પહોંચીને તેઓ પોતાની જાતને ઇસ્માઈલી ઈમામ ઉપર સંપૂર્ણપણે છોડી દે છે. ધાર્મિક પ્રચાર કાર્ય કરનારા

અને દાઇ આ અંતિમ સ્થાનથી એક ક્રમ ઉતરતી પંક્તિ સુધી પહોંચી શકે છે.

જે રાજકીય ગુપ્ત ખુનોને કારણે, સાત ઇમામોમાં માનનારા ઇસ્માઈલીઓની બદનામી થયેલી છે, તે તેમની મઝહબી તાલીમનો કોઈ સિદ્ધાંત નથી તે તો 'કર્મતિયા'ના ઝેરી સિદ્ધાંતોને પરિણામે, અલમુતના ઝનૂની સરમુખ્ત્યારોના બેહદ જુલમોની 'કર્મપ્રચારકાર્ય' રૂપે છે.

'દા'વતે જ દીદ': નવો ઇસ્માઈલી સંપ્રદાય ફાતિમી સંપ્રદાયમાંથી અર્ધ ધર્માન્તર અને અર્ધ-ધર્મ પરિવર્તનરૂપે હસન સબ્બાહે શરૂ કર્યો હતો. વસ્તુતઃ તે તો 'શેખુ'લ જબલ': પહાડના સરદારના અનુયાયીઓનો સંપ્રદાય હતો. તેમને 'હસ્શાશીન': હશીશ : ભાંગ અને એવાં બીજાં પાદક પીણાં પીનારાનું ઉપનામ આપી, assasin ગુપ્ત ખૂન કરનારા તરીકે ઓળખવામાં આવે છે. ક્રુઝેડૂસ : ધર્મ યુદ્ધોના જમાનામાં તેમણે તેમનાં રાજકીય ગુપ્ત ખૂનોને પરિણામે સીરિયામાં ત્રાસ વર્તાવ્યો હતો.

તેમના વંશજો હવે સંખ્યામાં ઘણા ઘટી ગયેલા છે. અને, એક રીતે તેઓ હવે હાનિકર્તા રહ્યા નથી. છતાં, હમ્સ અને લટકિયા, તેમજ હોમ્સની પૂર્વે સલામિયામાં તેમની નાની સંખ્યા, આશરે ૨૦૦૦ નો સમૂહ, હજી વસે છે, તેઓ ઇરાન અને અફઘાનિસ્તાનમાં સરખી રીતે પ્રસરેલા છે.

તેમનું મુખ્ય કેન્દ્ર હિન્દમાં છે. અહીં તેમને 'ખોજા' અથવા 'મૌલા' કહે છે. તેઓ 'નઝારિયા', એટલે ફાતિમી ખલીફા મુસ્તનસીર બિલ્લાહના વડીલ પુત્ર નિઝારના અનુયાયીઓ છે. આ નિઝારને દૂર કરીને તેનો નાનો ભાઈ મુસ્તા'લી ખલીફા થયો હતો : (ઈ. સ.

૧૦૯૪ થી ૧૧૦૧) હિન્દના પહેલા ઇસ્માઈલીઓ એટલે શીઆ વહોરાઓ, આ મુસ્તા'લીના અનુયાયીઓ છે. વહોરાઓમાં અનેક પેટાવર્ગો છે. તેમનામાં સૌથી વધારે સંખ્યા દાઉદી વહોરાઓની છે.

ઇસ્માઈલીઓની ત્રિમૂર્તિ

હ. મોહમ્મદ (સલ.), હ. અલી (કરમ) અને ઇમામ હુસેન (રદી.)મળીને શીઆઓની ત્રિમૂર્તિ Trinity થાય છે. હ. મોહમ્મદ (સલ.) અલ્લાહ તા'લા પાસેથી મળેલી વહી, હ. અલી(કરમ) કુરઆને કરીમના સાંકેતિક અર્થ બોધનારા અને ઇમામ હુસેન(રદી.) કયામતને દિવસે ઇસ્માઈલીઓના મુક્તિ દાતા છે.

પ્રકરણ ૩૮

ખોજાઓ—ચાલુ

પીર દાદુ અને નામદાર આગાખાન

પીર ઇમામશાહે ઇસ્માઈલી ઇમામને હિન્દમાંથી દસોંદ મોકલવી બંધ કરી હતી. પરંતુ ઈ. સ. ૧૫૯૪ના અરસામાં, કપુરા લોહાણાઓએ તથા બીજા કેટલાક ખોજાઓએ હિન્દી ઇસ્માઈલીઓની દસોંદની ઝોળી ઈરાનમાં કેહ્ફ ગામે તે વખતના ઇમામ અબ્દુસ્સલામને પહોંચાડી હતી.

ત્યાર પછીથી, હિન્દમાં ઇસ્માઈલી ઉપદેશક નહિ હોવાથી, તેનું સ્થાન લેવા, આગા અબ્દુસ્સલામે પોતાના હિન્દી અનુયાયીઓ માટે ફારસીમાં 'પંદ યાદે જવાં મર્દી' 'હિમ્મતનાં પદ' નામની કિતાબ રચી હતી, ગુજરાતી અને સિન્ધીમાં થયેલા એ કિતાબના અક્ષરશ: અને ખુલાસાવાર તરજુમા ખોજાઓની દીની કિતાબોમાં ગણાય છે. તે કિતાબને ખોજાઓ એટલું બધું માન આપે છે કે તેમના પીરોની યાદીમાં તેને છવ્વીસમું સ્થાન આપે છે. ખોજાઓ પોતાના સંપ્રદાયના રહસ્યમય સિદ્ધાંતોના ખુલાસામાં હ. મોહમ્મદ પયગમ્બર સાહેબ (સલ.)અને હ. અલી(કરમ)ની કેટલીક રૂપક હદીસો ટાંકે છે.

પીર દાદુ :

આશરે સોળમાં સૈકાના મધ્યમાં પંજાબી ખોજાઓ સુન્ની થઈ જવાથી, હિન્દમાં ઇમામના નાયબની જરૂર જણાતાં ઇમામે સિન્ધી ખોજાઓના એક અગ્રગણ્ય અને લાગવગવાળા કુટુંબના વંશજ, દાઉદ

ઉર્ફે દાદુને પોતાની પાસે બોલાવી, તેમને પીરનો ઇલ્કાબ અને પોશાક બક્ષ્યો હતો. દાદુના આ પદવીદાનના દિવસની વરસગાંઠ ખોજાઓ હજી પણ 'શાહની ઈદ' તરીકે ઉજવે છે. આશરે ઈ. સ. ૧૫૪૯ માં, સમગ્ર લોકોના વિરોધને કારણે, પીર દાદુએ સિન્ધ છોડી જામનગરમાં સ્થાયી વસવાટ કર્યો હતો. તે વખતના જામ સાહેબે તેમનો સારો સત્કાર કર્યો હતો. તેમની વિનંતીથી બીજાં ૪૦ ખોજા કુટુંબોને ત્યાં આમંત્રવામાં આવ્યાં હતાં. તેમને વસવા માટે શહેર નઝદીક જમીન આપવામાં આવી હતી. ત્યાં તેમણે પોતાના વસવાટ પૂરતી કિલ્લેબંધી કરી હતી. એનો એક દરવાજો હજી પણ 'દાદુના દરવાજા' તરીકે ઓળખાય છે. તેમણે કેટલાક કાઠિયાવાડી લોહાણાઓને પોતાના પંથમાં ભેળવ્યા હતા. પછી કચ્છના રાવ ભારમલ પહેલાના અમલમાં (ઈ. સ. ૧૫૮૫-૧૬૩૧) તેઓ કચ્છની રાજધાની ભૂજમાં ગયા હતા. ત્યાં વરસાદ વરસાવવાનો ચમત્કાર દેખાડવાથી, ઘણા હિન્દુઓ તેમના પંથમાં ભળ્યા હતા. પીર દાદુ ઈ.સ. ૧૫૯૪માં ગુજર્યા હતા.

તેમના પછી તેમના પુત્ર સાદિક 'પીર'ની પદવીથી તેમની 'ગાદી'એ આવ્યા હતા. એ સાદિક પછી પીરની પદવી બંધ થઈ ગઈ હતી, ત્યાર પછીથી, ઇમામના 'નાયબો', 'વકીલ'ના લકબથી ઓળખાતા હતા.

કેટલાક કૌટુમ્બિક કલેશોને લીધે સાદિકના પૌત્ર કચ્છ છોડી કાઠિયાવાડના હાલાર પ્રાન્તમાં ગયા હતા.

ઈ. સ. ૧૮૪૪ માં, ખોજાઓના ઇમામ આગા શાહ હસનઅલીએ સ્થાનિક ખોજાઓમાંથી 'વકીલ' નીમવાની પ્રણાલિકા બંધ કરી, પોતાના ભત્રિજાને પોતાના નાયબ તરીકે કચ્છમાં મોકલ્યા હતા.

તે પછીના વર્ષમાં ઈ. સ. ૧૮૪૫ માં, ખુદ આગા શાહ હસનઅલી, ઉર્ફે હીઝ હાઇનેસ આગાખાન, પોતે જ હિન્દમાં પધાર્યા હતા. આ

પ્રમાણે, હિન્દમાં સ્થાયી વસવાટ કરનાર ઇસ્માઇલી ગુપ્ત ઇમામોમાં તેઓ પહેલા જ હતા. હલાકુખાન નાસરે જે ઇસ્માઇલી ઇમામ રૂકનુદ્દીન ખૂરશાહના અમલમાં ઈ. સ. ૧૨૫૫માં, ઇરાનની ઇસ્માઈલી વસતીને કતલ કરી હતી, અને તેમના કિલ્લાઓ જમીનદોસ્ત કરી નાખ્યા હતા, તે ઇમામથી નામદાર આગાખાન આગાશાહ હસનઅલી અઢારમા વંશજ હતા.

પ્રકરણ ૩૯

ખોજાઓનો મઝહબ

ખોજાઓનો મઝહબ શીઆ ઇસ્માઈલી છે.

"શીઆ"નો અર્થ એક વ્યુત્પત્તિ પ્રમાણે 'જુદા પડનાર' થાય છે. બીજી વ્યત્પત્તિ મુજબ, તેનો અર્થ 'અનુયાયી' છે. 'મૂળ નામ 'શીઆ-એ-અલી'; હ. અલીના અનુયાયીઓ હતું. પાછળથી તેનું સંક્ષિપ્તરૂપ 'શીઆ' થઈ ગયું છે.

સુન્નીઓનો ઇમાનનો સાદો કલમો છે—"લા ઇલાહા ઇલ્લલ્લાહ, મોહમ્મદુર્રસૂલૂલ્લાહ": એક અલ્લાહ સિવાય બીજો અલ્લાહ નથી અને હ. મોહમ્મદ તેના પયગમ્બર છે. આ કલમામાં શીઆઓ ઉમેરે છે: "અલી વસીએ રસૂલુલ્લાહ વ વલીઉલ્લાહો" હ. અલી(કરમ) હ. રસૂલુલ્લાહ(સલ)ના વારસ છે અને અલ્લાહ તા'લાના વલી છે. આમ મૌલા અલી(કરમ)ને હ. પયગમ્બર સાહેબ(સલ) સાથે સમાન દરજ્જે મૂકવાનો તેમનો ખાસ દૃઢ આગ્રહ છે અને તે જ તેમના સંપ્રદાયનો પાયો છે.

શીઆઓનું સમગ્ર ધાર્મિકજીવન અને તેમાં સમાયેલા તેમના આચારો, વિચારો, માન્યતાઓ, દંતકથાઓ ઇત્યાદિ હ. અલી(કરમ) અને હ. બીબી ફાતમુઝ્ઝોહરા (રદી) અને તેમના બે પુત્રો હ. ઇમામ હસન (રદી) અને હ. ઇમામ હુસેન (રદી)માં ઉદ્ભવી, ને ત્યાં જ વીરમી જાય છે. આ પાક નામોમાં ઇસ્લામના હ. પયગમ્બર સાહેબ (સલ)નું નામ ઉમેરતાં ઇસ્લામના 'એહલેબયત' (પવિત્ર કુટુંબ)ના 'પંજતન પાક': પવિત્ર પાંચ વ્યક્તિઓ થાય છે. હ. અલી(કરમ) દુનિયા પરના અલ્લાહના ખલીફા (વારસ—vicar) તરીકે આ

આપવું, એટલે સુધી કે તેમને અલ્લાહ પાકના 'અવતાર' માની પૂજવા, શાહ નજફ નામની હ. અલી(કરમ)ના રોજાની માની લીધેલી જગા, જે બગદાદ શરીફથી નૈઋત્યમાં આશરે ૧૨૦ માઈલ ઉપર છે, ત્યાં ઝયારત કરવા જવું, અને હ. ઇમામહુસેન(રહ)ની શહાદતની જગા કરબલા શરીફની ઝયારત કરી, ત્યાં જમીન ઉપર માથું મૂકી નમન કરવું; અને ત્યાંની માટી પાણીમાં પલાળી, તે પીવી,—આ બધું જેટલા પ્રમાણમાં ચુસ્ત સુન્નીઓ 'હરામ' લેખે છે, તેટલા જ ઊલટા પ્રમાણમાં શીઆ ખોજાઓ તેને ઇષ્ટ અને પુણ્યવાન માને છે.

નમાઝ સંબંધમાં, નમાઝ પઢતી વખતે ઊભા રહેવાની એક સ્થિતિમાં, જ્યારે સુન્નીઓ ડૂંટી નીચે બન્ને હાથ ભેગા બાંધી નિત્યની પાંચ વખતની નમાઝ પઢે છે, ત્યારે શીઆઓ બન્ને હાથ પડખે છૂટા રાખી, નિત્યની માત્ર ત્રણ વખતની નમાઝ પઢે છે.

શીઆઓ જેટલા પ્રમાણમાં હ. અલી(કરમ) અને હ. બીબી ફાતિમા(રદી)ને માન આપે છે તેટલા જ, ઊલ્ટા પ્રમાણમાં તેઓ પહેલા ત્રણ ખલીફાઓ હઝરત અબુબક્ર સિદ્દીક ઉપર અલફારૂક અને ઉસ્માંન ગનીને તિરસ્કારે છે. સુન્નીઓ પહેલા ત્રણ ખલીફા પછી ચોથા ખલીફા હ. અલી(કરમ)ને એકસરખું માન આપે છે.

સામાજિક કાનૂનોમાં, લગ્ન, છૂટાછેડા અને વારસાના કાનૂનો ઇસ્લામની કુરઆનમાંથી એક જુદી શરીઅતમાંથી લીધેલા હોય છતાં ખોજાઓએ કાનૂનનો જૂદા અર્થ કરે છે, અને જુદી રીતે તેનો અમલ કરે છે. ખોજાઓ મેમણો માફક વારસા સંબંધી હિન્દુ કાયદાને અનુસરે છે. તેનું મુખ્ય કારણ એટલું છે કે એ બન્ને કોમો મૂળ હિન્દુ લોહાણાઓમાંથી મુસલમાન થયેલી છે, તેથી તેમના જૂના સંસ્કાર તેઓ હજી સુધી ભૂલ્યા નથી જો કે છેલ્લા કેટલાક વખતથી મેમણો હિન્દુ વારસાનો કાયદો ત્યાગ કરી ઇસ્લામની શરિયત તરફ વળેલા છે.

નામદાર આગાખાન સાહેબ ૧૮૪૬—'૪૭–'૪૮માં જ્યારે કલક
પધાર્યા હતા ત્યારે મુંબઈના ખોજાઓમાં આ વખતે દાવા ચાલ્
અને તેના હાઈકોર્ટના ફેંસલા થયા હતા. પરિણામે, ખોજાઓમાં એ
બીજા વિરુદ્ધના બે પક્ષો પડ્યા હતા. સ્ત્રીઓમાં વારસા સંબંધનો દા
'સરજૂત મીર અલી' નામનો હતો. તેમાં જ. સર એ સ્કી
પેરીએ ૧૮૪૭માં ખોજા સમાજના રીતરિવાજો અને રસમો–
customary lawને આધારે ઇસ્લામની શરીઅત વિરુદ્ધ, ખોજાઓ
સ્ત્રીઓનો વારસાનો કાયદો રદ કર્યો હતો.

જ. સર જોસેફ આર્નોલ્ડે ૧૮૬૬માં 'મોટા ખોજા કેસ'માં બન્
કોમોના રીતરિવાજોની સરખામણી આપેલી છે. તેઓ બન્ને કોમો
મતભેદો ટૂંકમાં આ પ્રમાણે વર્ણવે છે: શીઆઓ અને સુન્નીઓ
બન્ને કોમો એક બાબતમાં સંમત છે કે હ. મોહમ્મદ મુસ્તફા (સલ)
અલ્લાહ તા'લાના પયગમ્બર છે; અને કુરઆને શરીફ અલ્લાહ પાક
કલામ છે તે સિવાયનો કોઈ પણ એક બાબતમાં તેઓ એકબીજા
મળતા આવતા હોય તો એ બન્ને કોમો એકબીજાને કટુમાં ક
તિરસ્કારથી જુએ છે, શીઆઓ સુન્નીઓને 'નાસિબી' અ
'ખારીજી', અનુક્રમે, મૌલા અલી (કરમ)નો વારસાનો હ
છીનવી લેનાર અને ઇસ્લામમાંથી બહાર નીકળી જનાર કહે છે
તેનો જવાબ સુન્નીઓ શીઆઓને 'રાફિઝી' (પહેલા ત્રણ ખલીફ
ઓનો) 'ઇનકાર કરનાર' કહીને આપે છે. સર રીચાર્ડ બર્ટ
'અલ્ફ લલયા વ લયલ', અરેબિયન નાઇટ્સમાં કહે છે કે
ઉપનામથી શીઆઓએ માથું બગાડવાનું કોઈ કારણ નથી; કારણ
એ ઉપનામ સુન્નીઓએ શીઆઓના પોતાના જ કથનમાંથી–
"ઇન્ના રદદનાયમ": ખરેખર, અમે એમને છોડી દીધા છે"
શીઆઓની પોતાની જ ઉક્તિમાંથી એ ઉપનામ ઉપજાવેલું છે.

સુન્નીઓ જેમ મક્કા-મદીનાની હજ માટે જાય છે તેમ ખોજાઓ અને બીજા શીઆઓ નજફ શરીફ અને કરબલા શરીફની ઝયારત માટે જાય છે. સામાન્ય રીતે સુન્નીઓ નઝીફ શરીફ કે કરબલા શરીફ જતા નથી, તેમ ખોજાઓ અને બીજા શીઆઓ મક્કા શરીફ કે મદીના મુનવ્વરા જતા નથી.

શીઆઓમાં બે મુખ્ય વર્ગ છે: ૧. બાર ઇમામોને માનનારા 'અસનાઆશિરી' (૨+૧૦=૧૨)—આ બારે ઇમામો મૌલા અલી (કરમ) અને હ. બીબી ફાતિમા (રદી)ની ઔલાદમાંથી છે. ઇરાન અને હિન્દુસ્તાનના ઘણાખરા શીઆઓ:આ વર્ગના છે. ૨. બીજો વર્ગ "સાબીઇન": સાત ઇમામોને માનનારો છે, તેમને "ઇસ્માઇલી" કહે છે. છઠ્ઠા ઇમામ હ. જા'ફર સાદિકના વારસાની તકરારમાં આ ભાગલા પડ્યા હતા. હ. જા'ફર સાદિકના તેમના હયાતી-માં ગુજરેલા વડીલ પુત્ર હ. ઇસ્માઇલનો પક્ષ લેનારા 'ઇસ્માઇલી' કહેવાયા; જ્યારે હ. જા'ફરના બીજા પુત્ર હ. મૂસા કાઝિમનો પક્ષ લેનારા અને ત્યાર પછી હ. મૂસા કાઝિમના વારસોને માનનારા 'અસના આશિરી' કહેવાયા. 'સાબીઇન' પક્ષે મિસરમાં ફાતિમી ખિલાફત સ્થાપી (ઇ. ૯૧૦થી ૧૧૭૫). આ ખિલાફતના સ્થાપક ઉબયદુલ્લાહ, ઇસ્માઇલી મત મુજબ સાતમા અને છેલ્લા 'જાહેર ઇમામ' હ. ઇસ્માઇલના ખાનદાનોમાંથી ઊતરી આવેલા છે. આ બાબતની વિગતવાર ચર્ચા ઉપર આવી ગયેલી છે. સાતમા ઇમામ હ. ઇસ્માઇલના પુત્ર મોહમ્મદ, પૌત્ર જા'ફર મુસદ્દીક; અને પ્રપૌત્ર મોહમ્મદ હબીબને ઇસ્માઇલીઓ 'મખ્તુમ' 'છૂપા ઇમામ' કહે છે; જ્યારે ફાતિમી ખિલાફતના આદ્ય સ્થાપક ઉબયદુલ્લાહને તેઓ 'જાહેર ઇમામ' કહે છે. ઉબયદુલ્લાહે ઇસ્લામમાં કયામત પહેલાં આવનાર 'અલ મેહદી' હોવાનો દાવો કરી, તે નામ ધારણ કર્યું હતું. પાછળથી

તેણે તેના તે નામ પરથી " મેહદિયા " નામનું નવું પાટનગર બસાવ્યું હતું. તેના પછી થયેલા ચોથા ખલીફા : અલમોઇઝઝે મિસર જીતી લઈ કાહિરા હાલનું કૈરો વસાવી, રાજધાની ત્યાં ફેરવી હતી.

ઇસ્માઇલી સંપ્રદાયના સિદ્ધાંતો પહેલવહેલા ઉબયદુલ્લાહે ' મેહદિયા 'માં અને પાછળથી અલમોઈઝઝે કૈરોમાં જનતાને જાહેરમાં શીખવવા શરૂ કર્યા હતા. તે સિદ્ધાંતોનો થોડા વિકૃત સ્વરૂપમાં, હસન સબ્બાહે ઇરાનમાં અલમુતના પહાડી કિલ્લામાંથી પ્રચાર કર્યો હતો. એના એ સિદ્ધાંતો ૧૧૬૩ સુધી કંઈ પણ ફેરફાર વિના ચાલુ રહ્યા હતા. તે વર્ષમાં હસન અલ્લાહના ચોથા વારસ હસન ' અલા ઝિક્રિહિસ્સલામ તેમનાં મઝહબી કાનૂનો ગુપ્ત રાખવાનો ચાલતો આવતો શિરસ્તો બંધ કરી, તે સર્વાંગે જાહેરમાં મૂકયા હતા. તદુપરાંત ત્યાર પછીથી હસનસબ્બાહ અને તેના વારસો પોતાને ફાતિમી ખિલાફતના માત્ર પ્રતિનિધિ દાઈ તરીકે ઓળખાવતા હતા. તે શિરસ્તો પણ બંધ કરી, ' અલાઝિક્રિહિસ્સલામે ' પોતાને જ ' ઇમામ ' તરીકે જાહેર કર્યા હતા. આ ' અલાઝિક્રિહિસ્સલામ ' મારફતે નામદાર આગાખાન સાહેબ પોતાની પેઢીનામું ફાતિમી ખલીફાઓ સાથે સાંકળે છે.

ઇસ્માઇલી સંપ્રદાય

ઇસ્માઇલી સંપ્રદાય શાક્ત દેવીના પૂજકો લોહાણાઓને સ્વીકાર્ય અને સત્કાર્ય થઈ શકે તે આશયથી, આદિ ઇસ્માઇલી ઉપદેશકોએ તેમના સંપ્રદાયના સિદ્ધાંતોમાં અનુકૂળ ફેરફારો કર્યા હતા. શાક્ત પંથીઓ જે દશમા અને છેલ્લા 'કલ્કી' અવતારની અપેક્ષા રાખતા હતા, તે જ અવતાર અલમુતના ઇમામ ' મેહદી 'નો છે, એવો બોધ તેમણે કર્યો હતો. પાંચ પંડવો, એ ઇસ્મઇલી સંપ્રદાયના પહેલા પાંચ ઇમામો

હતા. પહેલા ઇસ્માઇલી ઉપદેશક, નૂર સતગર ને બુદ્ધ પછી થયેલા બ્રહ્માના અવતાર હતા. માતાપંથીઓમાં ચાર યુગ પૈકી પ્રત્યેક યુગમાં અકેક ભક્ત થયેલા હતા. પહેલા યુગમાં પ્રહ્લાદ, બીજામાં હરિશ્ચન્દ્ર, ત્રીજામાં યુધિષ્ઠિર અને ચોથામાં બળભદ્રને સ્થાને ત્રીજા ખોજા ઉપદેશક સદરૂદ્દીને પોતાનું નામ ગોઠવ્યું હતું.

તે જ પ્રમાણે ચાર યુગનાં ચાર બલિદાન પણ બંધબેસતાં કર્યાં હતાં; પહેલા યુગમાં હાથી, બીજામાં ઘોડો, ત્રીજામાં ગાય અને ચોથામાં બકરી ઠરાવ્યાં હતાં.

એવી જ રીતે શાક્તપંથીઓનો ‘ઘટપાઠમંત્ર’ અથવા તેમની પ્રાર્થના અને ક્રિયાકાંડ પણ અપનાવ્યાં હતાં.

સદરૂદ્દીને પોતાના પંથનું નામ ‘શાક્તપંથ’ને બદલે ‘સત્પંથ’ પાડયું હતું. ખોજાઓ સદરૂદ્દીનનાં પદ ઘણા ભક્તિભાવથી ગાય છે; અને તેમનું નામ ઘણા ભક્તિભાવથી ઉચ્ચારે છે. ખોજાઓની પ્રાર્થનાઓ અને ધાર્મિક વિધિઓ એમના એક ઇમામ આગા અબ્દુલ્સલામ શાહે ‘વંદયાદે જવાંમર્દી’ નામની કિતાબમાં વર્ણવેલી છે. આ કિતાબનો તરજુમો લોહાણાઓના જૂની સિંધી ભાષામાં કરેલો છે. પીર દાદુના અમલ પહેલાં આશરે ૧૫૫૦ના અરસામાં ખોજાઓને જે બંદગી કરવાની હતી તે દરરોજ જમાતખાનામા આવીને ૯૯ અથવા ૧૦૧ મણકાની માળા ઉપર શાહ અથવા શાહ-પીરનાં નામ તેમ જ શરૂથી ત્યારસુધીના ઇમામ સુદ્ધાં, તમામ ઇમામોનાં નામ પઢવાનું ફરમાવ્યું હતું. ‘શાહ’ શબ્દનો ખુલાસો ‘ખોજા વૃત્તાંત’માં આપ્યા પ્રમાણે, શાહનો સાધારણ અર્થ બાદશાહ થાય છે; પરંતુ રૂપક લઇ એવો તેનો અર્થ ‘ખુદા’ પણ થઈ શકે છે; અને ‘પીર’નો અર્થ પયગમ્બર થાય છે.

પીર દાદુએ ખોજાઓને બીજા શીઆઓ માફક ત્રણ વખત નમાઝ પઢવા અને નમાઝમાં ઉપર કહેલાં શાહપીરનાં નામ તેમ જ શરૂથી ત્યારસુધીના ઇમામ સુદ્ધાં, બધા ઈમામોનાં નામ પઢવા ફરમાવ્યું હતું.

ખોજાઓ બેઠા બેઠા પોતાના જમાનાના હયાતમાં ઇમામને ઉદ્દેશીને બંદગી કરે છે. વચ્ચે વચ્ચે અમુક નક્કી કરેલે વખતે તેઓ સિજદા કરે છે. ચાંદરાત, મોહર્રમ અને રમજાનની નમાઝ જમાતખાનામાં પીરની 'પેશ ઇમામી' (આગેવાની)થી પઢવામાં આવે છે. નમાઝ પઢનારા ભેગા થવાના હોય ત્યારે તેમનામાંનો એક જમાતખાનાને મુખ્ય દરવાજે ઊભો રહે છે; અને દરેક દાખલ થનાર ખોજાને સાંકેતિક શબ્દ પૂછે છે. આવનાર કહે છે 'અય ઝિન્દા !' દરવાજે ઊભો રહેનાર જવાબ આપે છે 'કાયમ પાયા'.

આ સાંકેતિક શબ્દોના ખુલાસામાં 'ખોજા વૃત્તાંત'માં કહેવામાં આવેલું છે કે ચોથા ઇસ્માઇલી દાઈ પીર કબીરૂદ્દીન (૧૪૪૮) એક વખત તે સમયના ઇમામને મળવા ઇરાનમાં દઇલમ ગયા હતા, ત્યાં ઇમામે તેમને આવકાર આપતાં સંબોધ્યા હતા 'અય ઝિન્દા !' તેના જવાબમાં પીરે કહેલું હતું 'કાયમ પાયા'. ખોજાઓ માને છે કે પોતાની ઇબાદતોમાં આ શબ્દો પઢવાથી એક ઘોડો દાનમાં આપ્યાનું પુણ્ય મળે છે.

ખોજાઓની નિત્યની નમાઝ આ પ્રમાણે છે; ૧. 'સુબોજી નમાઝ': સવારની નમાઝ. સવારના ચાર અને પાંચ વચ્ચે પઢવાની, ૨. મગરિબ: 'સામનજી નિમાઝ', સંધ્યા સમયે પઢવાની નમાઝ; અને ૩. 'ઇસાઇ નિમાઝ': રાતના ૮ અને ૯ વાગ્યા વચ્ચે ઘેર પઢવાની નમાઝ. આ ત્રણ નમાઝ સિવાય, બીજી સૌથી અગત્યની બંદગી કરબલા શરીફની

માટીના ૧૦૧ મણકાની તસ્બી (માળા) ઉપર પીરનાં નામ પઢવાની હોય છે. ત્રીજી ઇબાદત, ખોજાઓનો પોતાનો પવિત્ર ' ઘર પાઠ ' મનમાં પઢવાની હોય છે, આ ' ઘરપાઠ ' મુખ્ય જમાતખાનામાં સવારની નમાઝ પઢ્યા પછી પઢવામાં આવે છે, તહેવારોમાં શનિવારોએ અને સોમવારોએ, ઇમામ પોતે તે પાઠ પઢાવે છે. બીજા દિવસોએ જમાતના બીજા અમલદારો તે પાઠ પઢાવે છે. તે વખતે એક મોટા વાસણમાં કરબલા શરીફની માટી પલાળવામાં આવે છે. ભેગા થયેલા નમાઝીઓ ઘેર જતી વખતે, જતાં પહેલા, તે દિવસની નમાઝ પઢાવનાર પાસે જઈને તેની આગળ બે આનાથી બે રૂપિયા સુધીની ' નઝર ' (ભેટ) મૂકી તેનો હાથ ચૂમે છે. બદલામાં, કરબલા શરીફની માટીના ઉપર કરેલા પાક પાણીની એક નાની પ્યાલી તેને પીવા આપવામાં આવે છે, તે પાણી તે પી જાય છે અને પછી ઘેર જાય છે.

ખોજા સ્ત્રીપુરુષોની મુખકળા :

મુસલમાનોની મેદનીમાં ખોજાઓ દેખાવમાં સહેલાઈથી જૂદા પડી ઓળખાઇ જાય છે. તેમની મુખકળાની વિશિષ્ટતાઓમાં, તેમનું માથું પૂરા ઘુમ્મટ જેવું; મોટું ચોરસ કપાળ, મોટી, ઘણી વખત પુષ્કળ વાળવાળી પણ સાધારણ રીતે સ્પષ્ટ અને કમાનવાળી ભ્રમરો; લાંબી પાંપણો; મોટી માંજરી અથવા કાળી કીકીઓવાળી આંખો; મોટા ગોળ અને કેટલીક વખત આગળ વધેલા કાન; અને ઇસ્લામની શરીઅત અને હઝરત પયગમ્બર સાહેબ(સલ)ની હદીસ વિરુદ્ધ નાના, ભરાવદાર હોઠ ઉપર ભારે મોટી મૂછો અને દાઢી સફાચટ અથવા ઝીણી કરાવેલી; અને લંબગોળ ગાલ હોય છે. જમાનાઓની વેપારી આદતોને લીધે, તેમનો ચહેરો ખુશમિજાઝી, પરન્તુ તીક્ષ્ણ, બુદ્ધિશાળી, ચકોર સ્વસંતોષી અને નીચલા વર્ગોમાં કેટલીક વખત ક્રૂર અને નઠોર દેખાવવાળા હોય છે.

ખોજા સ્ત્રીઓની મોટી, કાળી, કેટલીક વખત તેજસ્વી આંખો તેમની ખુશનુમા અને પૂર્ણ લંબગોળ મુખાકૃતિને શોભાવે છે. તેમની મુખકળાની વિશિષ્ટતાઓ, જોકે ઝીણી અને વધારે નાજુક હોય છે, છતાં પુરુષોની વિશિષ્ટતાઓ જેટલી જ તેયે: સ્પષ્ટ રીતે જુદી તરી આવે છે. પુરુષોનો વર્ણ પીળાશ પડતા અથવા સુખડા ગૌરવર્ણથી લઈ ઘેરા ઝૈતુન રંગ અથવા કેસરી તપખીરિયા રંગનો હોય છે, સ્ત્રીઓ ઇરાની અને ઉર્દુ શાયરોએ એટલા બધા વખાણેલા અને વારંવાર ગાયેલા 'સબ્ઝ' રંગની એટલે હરિયાળી કાન્તિની હોય છે. પુરુષો સાધારણ રીતે મધ્યમ કદના અને સારા બાંધાના કંઈક સ્થૂળતા તરફ ઢળતા હોય છે; જ્યારે સ્ત્રીઓ મધ્યમ કદથી ઓછી ઊંચાઈની અને કંઈક નાજુક, પરંતુ ઘાટીલા બાંધાની હોય છે. પુરુષો માથે હજામત કરાવે છે અથવા યુરોપિયન ફૅશનના ટૂંકા કતરાવેલા વાળ રાખે છે. સ્ત્રીઓ તેમના લાંબા, કાળા વાળમાં વચ્ચે સેંથો પાડી, માથા પાછળ તેનો આંબોડો વાળવાને બદલે ગૂંથેલા વાળની પટ્ટીઓ લટકતી રાખે છે. ખોજા સ્ત્રીઓ તેમના હાથની હથેલીઓ તથા પગનાં તળિયાંમાં મેંદી લગાડવાની શોખીન હોય છે. તેઓ આંખમાં મેશ અથવા સુરમો આંજે છે, પરંતુ બીજી મુસલમાન સ્ત્રીઓ માફક તેઓ દાંતે કાળી 'મિસ્સી' લગાડી દાંત કાળા કરતી નથી.

મિસ્સી—અરબી 'મિસ', ત્રાંબુ. કારણ કે મિસ્સીમાં મુખ્ય મુખ્ય વસ્તુ ત્રાંબાનો ઝીણો ભૂકો હોય છે. આરબો હોઠની અંદરના રાતા રંગ, અરબી 'લમા' સાથે કાળી મિસ્સી શોભારૂપ ગણતા હતા. તેથી મિસ્સી લગાડવાનો રિવાજ નીકળેલો છે. અરેબિયન નાઇટ્સની એક વાર્તામાં કહેલું છે કે "અસ્સુમ્નો ફી લવ નિલ્લમા, વ'લ બોઝો ફી લવ નિલ બહક": અર્થ—હોઠની અંદરનો લાલચોળ રંગ ખુશનુમા લાગે છે; જ્યારે દાંતનો સફેદ રંગ સફેદ કોઢની માફક તિરસ્કારને પાત્ર છે.

૧૮૪૦ના અરસા સુધી ખોજા પુરુષો માથે ઢીલી બાંધેલી સફેદ પાઘડી અને શરીરે કસોવાળું ઘુંટણ સુધી નીચું સફેદ સુતરાઉ 'અંગરખું' અથવા 'ચોળ' પહેરતાં હતાં. અંગરખાની બહોંયો અસાધારણ લાંબી રાખતાં હતાં; પણ પહેરતી વખતે તેના થડ પાડી કોણી સુધી ચઢાવી લેતા હતાં. ગરીબ વર્ગ અંગરખાને બદલે 'બંડી' પહેરતા હતા. તે 'ચોળ' જેવા જ ઘાટની હતી; પણ માત્ર કમર સુધી જ નીચી હતી. કમર નીચે ઉપરથી પહોળું પણ નીચે ઘુંટણ આગળ બટનો રાખી સાંકડું કરેલું 'સુથણું' પહેરતા હતા. બંડી પહેરનાર મર્યાદા સાચવવા સુંથણા ઉપર કમરે એક ગાંઠ વાળી 'ધોતિયું' વીંટતા હતા. લાંબા અગરખાં પહેરનારા એવું પોતિયું છુટું પોતાના હાથ ઉપર અથવા ખભા ઉપર રાખતાં હતા. જોડાઓ તો ગરીબ ને તવંગર બન્ને એક જ જાતના, આગળ ચાંચવાળા કાળા અથવા રાતા ચામડાના પહેરતા હતા.

પહેલાંના ખોજાઓ ઘરમાં હિંદુઓ માફક સાદું પંચિયું પહેરતા; અને બાકીનું અંગ ઊઘાડું રાખતા હતા.

સને ૧૮૪૦ના અરસામાં સ્ત્રીયો લીટીઓવાળી રેશમી યા સુતરાઉ, પીઠની પાછળમાં તંગ કરી પહેરવાની ચોળી અને લીટીઓવાળો કાળો, લીલો વા રાતો ઘણી પ્લેટોવાળો ઘુંટણ સુધી પહોંચતો ભારે ચણીયો પહેરતી હતી; અને તે ઉપર લીલા, કાળા વા બીજા સાદા રંગની લીટીઓ અને કિનારીવાળી સુતરાઉ પછેડી પોતડી ઓઢતી હતી.

અર્વાચીન યુગના તવંગર ખોજાઓ ઘરમાં સાદી અથવા ફૂલવાળી ઘેરા રંગની મખમલ અથવા કિનખાબની ટોપી, શિયાળામાં ફલાલી વા બનાતનો ગરમ ને ઉનાળામાં સુતરાઉ અથવા રેશમી અંગ્રેજી ફેશનના ખમીસ જેવા કોલરવાળો કબજો અને તે નીચે લાંબું

ઝીણું સુતરાઉ પહેરણ પહેરે છે. કમર નીચે પૈસાદાર ખોજાએ સુતરાઉ યા ફલાલીન અથવા બનાતની અંગ્રેજી ફેશનની પાટલૂન અથવા પાટલૂન ઘાટની નાડું બાંધવાની સુરવાળો પહેરે છે. કેટલીક સફેદ રેશમી સુરવાળો પહેરે છે. પરંતુ, એ રિવાજ દિવસે દિવસે ઓછો થતો જાય છે. પગમાં સુતરાઉ, ગરમ અથવા રેશમી મોજા ઉપર મખમલનો અથવા ચામડાની સ્લીપરો પહેરે છે.

બહાર જવામાં તવંગર ખોજાઓ જરી ભરેલી કમાનદાર પાઘડી પહેરે છે. તેને તેઓ મોગલાઇ ફેંટો અથવા પાઘડી કહે છે, કારણ કે એ ફેંટાનો ઘાટ મોગલોની પાઘડી ઉપરથી લીધેલો છે. ખોજાઓની અને મેમણોની અથવા કોકણી મુસલમાનોની પાઘડી એક જ ઘાટની હોય છે; પરંતુ ખોજાઓની પાઘડીના ઘાટમાં વિશિષ્ટતા એટલી હોય છે કે માથાનો પાછળનો વધારે ભાગ ખુલ્લો રહે છે. ખોજાઓ પાઘડીઓ માટે જે બીજી જાતનું કપડું વાપરે છે તે કલકત્તા તરફનું 'કશીદા' જાતનું ગૂંથણકામવાળું કપડું હોય છે. વૃદ્ધ પુરુષો અથવા દેખાવના ઓછા શોખવાળા તેમ મધ્યમ વર્ગનાં પુરુષો રેશમી ભરેલી પાઘડીઓ પહેરે છે. ગરીબ વર્ગ બહાર જવામાં માત્ર ટોપીઓ પહેરે છે.

માલદાર અને મધ્યમ વર્ગના ખોજાઓ, બહાર પહેરવાનાં કપડાંમાં કબજા ઉપર લાંબો કોટ પહેરે છે. એ કોટ દેશી અંગરખા જેટલો નીચો, અંગ્રેજી કોટની ફેશનનો બટનવાળો અને ટૂંકી બાંહોયોવાળો હોય છે. કેટલાક ખોજાઓ આરબોનો 'સાયો', 'સદરિયો' પહેરે છે. સદરિયો અંગ્રેજી ફેશનના જેકેટ જેવો આગળ એક બાજુ પુષ્કળ રેશમી બટનોવાળો અને બીજી બાજુએ બટનોના કાચને બદલે રેશમી દોરાંના નાકાંવાળો હોય છે. 'સાયો' ઓવરકોટ જેવો નીચો ઝભ્ભો હોય છે.

બહાર જવામાં પૈસાદાર ખોજાઓ સ્લીપરોને બદલે અંગ્રેજી ઘાટના બૂટ ને વચલાં વર્ગના ખોજાઓ અંગ્રેજી ફેશનના દેશી બનાવટનાં બૂટ અથવા ચંપલ પહેરે છે.

ખોજાઓનો બહાર પહેરવાનો પોશાક હાલનાં પારસી પોશાકને એટલો બધો મળતો આવે છે કે માત્ર કમાનદાર જરીવાળી અથવા રેશમી ભરતવાળી પાઘડીના ફેર સિવાય બીજી રીતે એકબીજાને જૂદા પાડવા મુશ્કેલ છે. વચલા વર્ગના ખોજાઓનો પહેરવેશ પૈસાદાર ખોજાઓના પહેરવેશ કરતાં સસ્તાં કપડાંનો તો હોય છે. એ સિવાય એ બે વર્ગના પહેરવેશ વચ્ચે કંઈ ફેર હોતા નથી માત્ર માલદાર અથવા મધ્યમ વર્ગ જે કપડાં ઘરમાં પહેરે છે તેવાં કપડાં ગરીબ વર્ગ બહાર પહેરવામાં વાપરે છે.

ખોજા સ્ત્રીઓમાં કપડાં કીમતી હોય છે કારણ કે ઘણાંખરાં કપડાં રેશમી સ્ત્રી જરી ભરેલાં ખુલતાં રંગનાં રેશમી કપડાં હોય છે. ૮૧ પરણેલી સ્ત્રીઓનાં કપડાંમાં મોટો ભાગ તેમના ટાંકણે તેમનાં માબાપે તેમને આપેલાં કપડાંનો હોય છે. એ કપડાં ટકાઉ જાતના હોવાથી જો તે સાચવીને વાપરવામાં આવે તો દશવીસ વરસ સુધી પહોંચે તેવાં હોય છે. તવંગર ખોજા સ્ત્રીઓ ઘરમાં સાદી યા ભરેલી 'પછેડી', સાદી યા ભરેલી રેશમી યા કિનખાબની પીઠ પાછળ બાંધવાની કાંચળી, ખુલતું ઝભ્ભા જેવું ઘુંટણ સુધી નીચું પહેરણ અને અને પહોળી રેશમી ઇજારો પહેરે છે. બહાર જવામાં તેઓ બ્હોંયો વિનાના કબજા અથવા બ્હોંયોવાળાં પોલકાં, મોજાં અને સ્લીપરો અંગ્રેજી ઘાટના બૂટ પહેરે છે.

છોકરાંનાં કપડાં તેમનાંમાબાપનાં કપડાં જેવા જ હોય છે. છોકરીઓ પુખ્ત ઉમરે પહોંચતાં સુધી પારસી છોકરીઓ માફક ભરેલી યા મખમલની ટોપીઓ પહેરે છે.

મધ્યમ અને ગરીબ વર્ગની ખોજા સ્ત્રીઓ તવંગર વર્ગની સ્ત્રીઓના જેવાં જ પણ કાપડની જાત અને કીમતમાં ઊતરતાં કપડાં પહેરે છે.

આ બે વર્ગ વચ્ચે મૂળ ફેર એટલો જ હોય છે કે માત્ર પૈસાદાર સ્ત્રીઓ ગળામાં લૉકેટ પહેરે છે. એ ફેશન ખોજા સ્ત્રીઓએ પારસી સ્ત્રીઓનું અનુકરણ કરીને દાખલ કરેલી છે, તે સિવાય પૈસાદાર અને મધ્યમ વર્ગની સ્ત્રીઓ ' લોદી લશ્કર ' નામનો દાગીનો કાનની બૂટમાં પહેરે છે. કાનની બુટમાં મોટું વીંધ પાડી, તેમાં સોનાનો અથવા ચાંદીનો ગોળ ડટ્ટો પહેર્યો હોય, તેવો તે દાગીનો હોય છે. એ દાગીનો હવે ખોજા સ્ત્રીઓ ધીરે ધીરે છોડતી જાય છે.

કચ્છ, કાઠિયાવાડ અને ગુજરાતમાં કેટલાક ખોજા પુરુષો કાનની બુટમાં એરીંગો અને કાનના વચ્ચેના ભાગમાં (ear cartilageમાં) નંગવાળી સળીઓ પહેરે છે, પરંતુ આ રિવાજ દિન પ્રતિદિન ઘટતો જાય છે. બીજા દાગીનાઓમાં પુરુષો વીંટીઓ અને ઘડિયાળના અછોડા પહેરે છે; અને સ્ત્રીઓ, સુન્ની સ્ત્રીઓનાં જેવાં જ, પણ માત્ર નામ અને ઘાટમાં કંઈ ફેરવાળાં ઘરેણાં પહેરે છે.

વેપારીવર્ગમાં ખોજાઓની શાખ સારી છે. પારસીઓ, મેમણો કરતાં ખોજાઓ ઉપર વધારે વિશ્વાસ રાખે છે. ખોજાઓના ચારિત્ર્યમાં મુખ્ય ગુણ તીવ્ર વેપારી સ્પર્ધાનો હોય છે. ખોજાઓ બીજાઓને તિરસ્કારની નજરે જુએ છે. કહેવત છે કે ' વેધમાં ખોજો અને દુઃખમાં સોજો. ' વેધ અર્થાત્ દોષ વા દ્વેષ. ખોજાઓ નવા પૈસાદાર અથવા હરીફ માટે તુચ્છકાર દર્શાવવા તેને ' ત્રે પેંજયો ' કહીને સંબોધે છે. ' ત્રે પેંજયો ' એટલે ત્રણ ગણા (૨૫) પચ્ચીસ રૂપિયામાં પોતાને પૈસાદાર સમજતો માણસ. ખોજાઓ એકે ' તુનદાસ ', શ્રદ્ધા વિનાના વિલાસીજન (epicures) ગણાય છે; છતાં, મુંબાઈવાળા હાશમભાઈ નૂરમહમ્મદના જણાવ્યા પ્રમાણે તેઓ પોતાના સંપ્રદાયના સિદ્ધાંતો માટે ઘણું માન ધરાવે છે; અને પોતાના પંથના નિયમો ચીવટથી પાળે છે. તેઓ સ્વચ્છ, સુઘડ, મિતાહારી, કરકસરિયા, કીર્તિલોભી અને વેપારમાં

સાહસિક, શાંત મગજના અને સાધનસંપન્ન હોય છે. તેઓ તરી અને ખુશ્કી માર્ગોએ લાંબી સફરો કરે છે. તેમનો વેપાર પંજાબ, સિંધ, કલકત્તા, સીલોન, બરમા, સીંગાપોર, ચીન, જાપાન, ઇરાની અખાતનાં બંદરો, અરબસ્તાન અને પૂર્વ આફ્રિકા અને ઇંગલેન્ડ, અમેરિકા અને ઑસ્ટ્રેલિયા સાથે હોય છે. ખોજાઓના નાના છોકરા પરદેશમાં ખોજાઓની પેઢીઓમાં વાર્ષિક રૂ. ૨૦૦થી ૨૦૦૦ના પગારે વેપાર શીખવા ઉમેદવારો તરીકે જાય છે.

ખોજાઓ ગુજરાતમાં પ્રથમ વસવા આવ્યા ત્યારે તેઓ પૌંઆ અને બાળવાનાં લાકડાં વેચતા હતા; અને 'જરીપુરાણા'નું અને કડિયા કામ કરતા હતા. હાલ તેઓ હાથીદાંત, શીંગડાં, રૂ, સુતર, ચામડાં, છીપો, અનાજ, મસાલા, fishnaw, sharkfin, બિયાં, ફર્નિચર, અફીણ અને રેશમના વેપારમાં મક્કમ અને મજબૂત સ્થાન ભોગવે છે. દાક્તરો, ઇજનેરો, વકીલ, બારીસ્ટરો તરીકે પણ તેમણે સારી સ્થિતિ સંપાદન કરેલી છે.

કાઠિયાવાડી ખોજાઓ :

કાઠિયાવાડમાં ખોજાઓ મુખ્યત્વે ભાવનગર, ધોરાજી, જામનગર, સુવેડી, ઉપલેટા અને સોરઠ (જૂનું જૂનાગઢ સ્ટેટ)ના કેટલાક ભાગોમાં વસે છે.

ઘણાખરા પૌંઆ અને શેકેલા ચણા તથા શાકભાજી વેચે છે. કેટલાક કપડાં વણે છે. જૂના ધ્રાંગધ્રા રાજ્યના ટીકાર ગામનાં રહેનારા ખોજાઓ 'ચોફાળ' જાતનું કીમતી કપડું બનાવે છે.

પાકિસ્તાનના પ્રયોજક અને સ્થાપક કાઇદે આઝમ મોહમ્મદઅલી જિન્નાહ કાઠિયાવાડી ખોજા હતા; જોકે એમનો જન્મ કરાંચીમાં થયેલો હતો. તેમના પિતાની પેઢી કરાંચીમાં હતી. જૂના જૂનાગઢ રાજ્યમાં એક ખોજા કુટુંબ જાગીરદાર કુટુંબ હતું.

સુન્ની ખોજાઓ :

શીઆ ખોજાઓમાં એક પેટાવર્ગ સુન્ની ખોજાઓનો છે. ૧૮૬૬ના મોટા ખોજા કેસ વખતે આ પેટાવર્ગ જુદો થયો હતો. તેઓમાંથી રહમતુલ્લા સાયાણી કૉન્ગ્રેસના એક વખત પ્રમુખ થયા હતા. પછી તેઓ વાઇસરૉયની કૌંસીલના સભ્ય થયા હતા. આ સાયાણી કુટુંબ સુરત જીલ્લાના સાયણ ગામનું મૂળ વતની છે. રહમતુલ્લા સાયાણીના એક ભાઈ ઇબ્રાહીમ મોહમ્મદ સાયાણી ગુજરાતના લોકપ્રિય હેડમાસ્તર હતા. મુસ્લિમોમાં કેળવણીનો પ્રચાર કરવાની તેમની ધગશને પરિણામે તેમના નામની સ્કૉલરશીપ ભરૂચ અને ખેડા જીલ્લાના મુસલમાનોએ સ્થાપેલી છે. તેમના પુત્ર હૈદર સાયાણી ફારસીના પ્રોફેસર તરીકે એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી રિટાયર્ડ થયેલા છે.

હિન્દુ ધર્મ પાળતા ખોજાઓ :

કાઠિયાવાડમાં કેટલાંક ખોજા કુટુંબો હિન્દુ ધર્મ પાળે છે; ખાસ કરીને વૈષ્ણવ અથવા સ્વામિનારાયણ પંથ, આવાં જૂજ કુટુંબો વેરાવળ અને ઉનામાં હતા, એવો આ લેખકનો જાતઅનુભવ છે.

વેરાવળના શરીફ નામના એક ખોજા ગૃહસ્થ વેદાંતી હતા. તેવા જ એક બીજા ખોજા ગૃહસ્થ સ્વામિનારાયણના ગઢડામાં હતા.

ખોજા સાહિત્યકાર :

ગુજરાતમાં સારા લેખક તરીકે જાણીતા "શયદા" મૂળ નામે હરજી લવજી દામાણી સારા કવિ, ગઝલકાર, નવલકથાકાર, નાટકકાર અને "બે ઘડી મૌજ"ના તંત્રી છે. જરા વિચિત્ર છે કે આવા ફતેહમંદ સાહિત્યકારની મૂળ કેળવણી માત્ર ગુજરાતી ચાર ચોપડીના શિક્ષણની જ છે! માણસ ખંતથી મહેનત કરે તો ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરી શકે છે. એક લેખકે કહેલું છે કે "Genius is 98% perspiration &

only 2% inspiration" પ્રતિભાશાળી પુરુષમાં ૯૮ ટકા પ્રસ્વેદ વડે તેટલો મહેનત કરવાની શક્તિ હોય છે; જ્યારે તેમાં માત્ર બે ટકા જ ઉચ્ચ પ્રકારની પ્રેરણાની આવશ્યકતા જણાય છે.

ખોજાઓના રીતરિવાજો :

રીતરિવાજો અને ખાસ રસમોમાં ખોજાઓ બીજા મુલસમાનોથી ઘણી બાબતોમાં જુદા પડે છે. તેમનામાં બાળકના જન્મ પછીની છઠ્ઠીની વિધિ ગુજરાતના સુન્ની મુસલમાનોથી નિરાળી છે, છઠ્ઠીની સાંજે, બાળકને અને તેની માતાને નવરાવીને નવાં કપડાં પહેરાવ્યા પછી માતાની પથારી પાસે એક લાકડાના બાજઠ ઉપર ખડિયો, કલમ અને એક કોરા કાગળની ચોપડી, છરી અને ફૂલનો હાર મૂકે છે. ખડિયો કલમ અને કોરા કાગળની ચોપડી વિધાતાદેવીને નવા બાળકનું ભાવિ લખવા માટે હોય છે. એ બાજઠ ઉપર એક "ગૌમુખ"—ચાર બાજુ દિવેટવાળો બાંધેલા લોટનો ઘીનો દીવો અને તેની પાસે છોકરાંને ફોડવાની દારૂખાનાની એક પેટી મૂકે છે. સ્ત્રીવર્ગનાં સગાંવહાલાં માતા અને બાળકને મળવા આવે છે, તેઓ બાજઠ પાસે જમીન ઉપર થોડા ચોખા વેરે છે; અને બાળક માટે આણેલી હાથનાં કડાં અથવા પગનાં સાંકળાની સોનાચાંદીની ભેટો જમીન ઉપર મૂકે છે; અને બાળક અને માતા ઉપર નીચાં વળી તેમના 'બલાઓ' લઈ, પોતાના બન્ને હાથની આંગળીઓના કડાકા પોતાનાં લમણાં આગ ફોડે છે, પછી એ બાળકને જમીન ઉપર વેરેલા ચોખા ઉપર સુવાડે છે, અને તેની માતા ઊભી થઈ તે બાળકને અને ગૌમુખ દીવાને પગે પડી બાળકની પૂજા કરે છે. છેવટે દારૂખાનું ફોડી, બાળકને માતાના ખોળામાં આપવામાં આવે છે.

ખોજાઓનાં લગ્નની અત્યારની રીતિ તેમની મૂળ જાતિની પૂર્વની કન્યાવિક્રયની રૂઢિના અવશેષ રૂપે છે. લગ્નના ત્રણચાર દિવસ અગાઉ

એક સાંજે વરકન્યાના પિતાઓ અથવા પુરુષ વર્ગના તેમના વાલીઓ જમાતખાનામાં, તેમનાં સગાંવહાલાં અને જમાતના મુખી અથવા જમાતના બીજા અધિકારી પાસે ભેગા થાય છે. જમાતનો અધિકારી, નામદાર આગાખાન સાહેબના હુકમથી જમાતમાં રાખવામાં આવતા એક રજિસ્ટરમાં વરકન્યાનાં નામ નોંધી લે છે. પછી વરનો પિતા કન્યાના પિતાને પાંચ રૂપિયા આપે છે. એ રકમ કન્યાનો પિતા લઈને જમાતના અધિકારીને જમાતના ફંડમાં લગ્નવેરા તરીકે આપી દે છે. પછી વર તરફના સંબંધીઓ જમાતના અધિકારી આગળ ત્રાંબા પીત્તલના ટાટમાં પાંચથી દશ શેર સાકર મૂકે છે. તે ઉપર જમાતનો અધિકારી 'પંજતન પાક' (હ. મોહમ્મદ મુસ્તફા(અલ.), મૌલા અલી (કરમ), હ. બીબી ફાતમુઝ્ઝોહરા (રદી) અને હઝરત ઇમામ હસન અને હુસેન (રદી)નાં નામ પઢી નીચે પ્રમાણે કહે છે :

"આજે હું (મહેરઅલી), (કરમઅલી)નાં પુત્રનું લગ્ન રાબિયા, પદમશી પુંજાની (ચોથી) પુત્રી સાથે કરાવું છું; જે પ્રમાણે હ. બીબી ફાતમુઝ્ઝોહરા, આપણા હ. મોહમ્મદ મુસ્તફા (સલ.) રસૂલલ્લાહનાં લાડકાં બેટીની શાદી મૌલા અલી (કરમ) બિન અબુ તાલિબ, 'અમીરૂલ મૌ'મનીન' સાથે થઈ હતી. પછી સાકરના ટાટ કન્યાના પિતા પાસે મૂકવામાં આવે છે. તેમાંથી મજકુર કરારની કબૂલત રૂપે, તે ચપટી સાકર ચાખે છે. પછી બાકીની સાકર ત્યાં ભેગા થયેલા માણસોમાં વહેંચી દેવામાં આવે છે. આ પ્રમાણે મુખ-કરાર થાય છે.

બીજે દિવસે સવારે લેખીત કરાર તૈયાર કરવામાં આવે છે. ચર્મપત્ર parchment જેવો જાડો કોરો કાગળ, સૂકાં ફળ અને સાકરના ભરેલા ટાટ લઈને વરનો પિતા તેના મિત્રો અને જમાતના અધિકારીઓ સાથે કન્યાના પિતાને ઘેર જાય છે. ત્યાં કારકુન

કાગળને મથાળે ' પંજતન પાક 'નાં નામ લખી, કાગળના ચાર ખૂણામાં ચાર મહાન ફિરસ્તાઓનાં નામ લખે છે; હઝરત જિબ્રાઇલ, મિકાઇલ, ઇસરાફિલ અને ઇઝરાઈલ (રદી.) પછી વરકન્યાનાં નામ, તેમના પિતાઓ અને પિતામહોનાં નામ સાથે લખીને, મેહરની રકમ, તે વખતના જમાતના અધિકારીઓનાં નામ અને લગ્નની મુખ્ય વિધિઓ કરવાની તારીખો નોંધે છે. પછી એ કરારના કાગળ ઉપર કેસરના છાટાં નાંખીને, સાકર અને પાકા ફળ સાથે તે કાગળ વરના પિતા પાસે મૂકે છે, વરનો પિતા એ કાગળ જમીન ઉપર મૂકીને તે ઉપર એક લોઢાનો ખીલો અને ચાર સોપારી મૂકી, તે ઉપર થોડા ચોખા નાંખે છે. પછી તે કાગળ વાળી લઈ, સોપારીઓ સાથે એક વગર વપરાયલા રેશમી વા સુતરાઉ રૂમાલમાં બાંધીને તે લઈ જાય છે. ખોજાઓના નિકાહ મુંબઈમાં નામદાર આગાખાન સાહેબ પોતે અને બહારગામોમાં તેમના અમલદારો પઢાવે છે. તે સિવાય ખોજાઓનાં લગ્ન અને બીજા મુસલમાનોનાં લગ્નોની બાકીની વિધિઓમાં કંઈ ફેર હોતો નથી.

ખોજાઓના મરણપ્રસંગના રિવાજોની વિશિષ્ટતામાં ' અમર-છાંટો '—' પવિત્ર જલબિન્દુ ' મુખ્ય .છે. જમાતનો મુખી વા બીજો અધિકારી . મરણપથારીએ પડેલા ખોજાને ' અમર છાંટો ' જોઈએ છે. કે કેમ તે પૂછે છે. જો તે પુરુષ વા સ્ત્રી ' હા ' કહે છે તો તે પોતાની શક્તિ અનુસાર જમાતખાનામાં રૂા. ૫ થી ૫૦૦ અથવા એથી પણ વધારે રકમ બક્ષિસ આપે છે. પછી સિંધી જાણનાર ખોજાને બોલાવીને તેની પાસે ખોજાઓની ' દશ અવતાર ' નામના મઝહબી કિતાબ પઢાવે છે; અને જમાતનો અધિકારી કરબલા શરીફની માટીનો કડકો પાણીમાં પલાળી, ખોજાઓની માન્યતા પ્રમાણે મરનારના આત્મા પાસે તે વખતે શયતાન ખોટા અમૃતનો પ્યાલો પીવા માટે ધરે છે. તે લાલચથી વિદાય લેતા આત્માને બચાવવા, તે પાક પાણીથી મરનારના હોઠ પલાળે છે; અને બાકીનું પાણી મરનારના ચહેરા, ગળા અને છાતી

ઉપર છાંટે છે. ખોજાઓ એમ માને છે, કે સુન્ની મુસલમાનોની મરણપથારી પાસે કુરઆન શરીફની "યાસીન" નામની સૂરા પઢવાથી મરનારની રૂહને મોતની વેદનાથી શાન્તિ મળે છે. તેજ પ્રમાણે આ પાક 'અમર છાંટા'થી મરનાર ખોજાના આત્મા અને કાયાનો કલહ શાન્ત થઈ અંતકાળની વેદના મટી જાય છે. મરનાર વૃદ્ધ હોય અને તેના વાળ સફેદ થઈ ગયા હોય તો મરણ પછી તે વાળ મેંદીથી રંગવામાં આવે છે. કરબલા શરીફની માટીના કડકાઓનો હાર મરનારના ગળામાં પહરાવે છે. જો મૈયત તે જ ગામમાં દફન કરવાની હોય છે તો હ. ઇમામ હુસેન (રદી)ના રોજાના રેશમી ગલેફમાંથી બે નાના ગોળ કડકાઓ, જેમને તેઓ "ચશ્મા" (આંખો) કહે છે, તે કાતરી કહાડી મરનારની આંખો ઉપર મૂકવામાં આવે છે; પરંતુ જો મૈયત કરબલા શરીફની પાક જમીનમાં દફન કરવાની હોય છે તો મૈયતને નવરાવતા પહેલાં, એક કથની પ્રમાણે, તેનાં આંતરડાં કાઢી લઈ તે જગાએ કપૂર ભરી દઈ, તે ભાગ ફરીથી સીવી લેવામાં આવે છે. આ કથની સંશય પડતી લાગે છે. બીજાઓ કહે છે કે શીઆઓ પણ સુન્નીઓ માફક માને છે કે મોત પછી મૈયતને બેદરકારીથી અડકવું એ એક રીતે મરનારનું અપમાન કરવા બરાબર અને દીનનાં ફરમાનોની અવગણના કરવા બરાબર છે, તેથી એમ કહેવામાં આવે છે કે આંતરડાં કાઢી લેવામાં આવતાં નથી; પરંતુ મિસરના "મમ્મીઓની" માફક મૈયતના પગના અંગૂઠાથી ગરદન સુધી આખા શરીરે આશરે બે ઇંચ પહોળી મજબૂત સુતરાઉ કપડાની પટ્ટી પાસે પાસે અને તંગ વીંટાળવામાં આવે છે. પછી મૈયતને 'સંદુક'—Coffinમાં મૂકી, સંદુકમાંની ખાલી જગા મેંદીના બારીક ભૂકાથી ભરી દેવામાં આવે છે. મેંદીનો ભૂકો શરીરની ભીનાશચૂસી લઈ, તેમાંથી નીકળતી બદબો અટકાવે છે

પછી મૈયતને નવરાવી, કફન પહેરાવી તેને જનાઝામાં મૂકી

મસ્જિદમાં લઈ જઈ, તે ઉપર જનાઝાની નમાઝ પઢવામાં આવે છે. પછી હવા પેસી શકે નહિ તેવી અંદરથી પતરાં જડેલી સંદુકમાં મૈયતને મૂકી તે સંદુક ઉપર બહારથી ડામર લગાડેલું કંતાન મજબૂત વીંટી લેવામાં આવે છે. કૉફીન આગબોટમાં ચઢાવતા સુધી મસ્જિદમાં રાખવામાં આવે છે; અને તે દરમ્યાન તે કૉફીન પાસે કુરઆને શરીફ પઢવા એક શીઆ મુલ્લાંને માસિક રૂપિયા ૫ થી ૫૦ સુધીના દરમાયાથી રોકવામાં આવે છે. ખોજાઓની મૈયતોનાં આવાં કૉફીનો પર્શિયન સ્ટીમ નેવીગેશન કંપનીની સ્ટીમરો લઈ જાય છે. યુફ્રેટીસ નદીના મુખ આગળ તે સંદુકો મોટી સ્ટીમરમાંથી ઉતારી નદીમાં ફરતી નાની સ્ટીમરોમાં બગદાદ શરીફ પહોંચાડવામાં આવે છે. મુંબઈથી બગદાદ સુધીની આ મુસાફરીમાં ૧૦–૧૨ દિવસ લાગે છે. બગદાદથી કૉફીનો લઈ જવાનો ધંધો કરનારા કૉફીનો ખચ્ચરો અથવા ઊંટો ઉપર કરબલા શરીફ લઈ જાય છે. દરેક કૉફીન દીઠ સ્ટીમરનું નૂર રૂ. ૨૦૦ થી ૪૦૦ થાય છે; અને બગદાદના ઊંટવાળા ઓછામાં ઓછા રૂ. ૨૧ થી ૪૦ લે છે. છેવટે **કરબલા** શરીફમાં મૈયત દફન કરવાનો ખર્ચ જરા વધારા પડતું બે પ્રકારના હોય છે. હ. ઇમામહુસેન (રહ.)ના રોજાની નીચેના ભોયરામાં કૉફીન મૂકવાના રૂ. ૧૦૦ અને તેથી વધારે બેસે છે. જ્યારે કરબલા શરીફની પાક જમીનમાં તે મૈયત દફન કરવા માટે રૂ. ૨૦૦૦ થી ૫૦૦૦ આપવા પડે છે.

કરવેરા : ખોજાઓને તેમના ઇમામને આપવા પડતા કરવેરામાં મુખ્ય "દસૌંદ" આવકનો દશાંશ અને "પેટાંદ" દસોંદથી નાનો કર આવે છે. તે ઉપરાંત બીજા આશરે સોળ સવા પાંચ આનાથી રૂ. એક હજાર સુધીના નાનામોટા કર હોય છે. ખોજા વૃત્તાંતમાં આ કરવેરાની વિગત આ પ્રમાણે આપેલી છેઃ ૧. સારશુર, ૨. લેખોચોખો, ૩. ચોપડો દફતર, ૪. અમર છાંટો, ૫. મરણું પરણું ૬. ચાંદરાણું પીરાણું,

૭. ભાકી ભૂકી, ૮. દરિયાબક્સ, ૯. છટ્ટી મંડાણું, ૧૦. ગુલકુલ, ૧૧. ફોડાફોડી, ૧૨. માતા સલામતી, ૧૩. મોહર, ૧૪. સુદામાજીનો કાંગો, ૧૫–૧૬ ? દસોંદ અને પેટાંદ મોટા કર છે. પરંતુ તે નિયમિત અપાતા નથી; અને ઘણા ખોજાઓ તો તે બિલકુલ આપતા જ નથી, એમ મુંબઈવાળા હાશમભાઈ નૂરમુહમ્મદ કહે છે.

આ બધા કર કુરઆને શરીફમાં ફરમાવેલી 'જકાત' એટલે આવક ઉપયોગ લેતાં પહેલાં તેને 'પાક' અથવા "હલાલ" કરવા માટે અપાતા સેંકડે અઢી ટકાના કર તરીકે હોવાનું ખોજાઓ માને છે: તે ઉપરાંત જ્યારે પૈસાની ખાસ ખાસ જરૂર પડે છે ત્યારે ઈમામ ઝોળી ફેરવે છે. તેમાં દરેક ખોજો પોતાની કુલ મિલકતનો દશમો અથવા પાંચમો ભાગ અસાધારણ જકાત તરીકે આપે છે; અને "બક્કસ" (બક્ષિસનું અપભ્રંશ રૂપ) એટલે ખુશીથી આપવાની બક્ષીસ કહે છે. તેને લીધે એક વખત ઘણા ખોજાઓ કોમમાંથી જુદા પડી ગયા હતા. છતાં ખોજાઓએ આ અસાધારણ "બક્કસ" અનેક વખત રાજીખુશીથી આપેલી છે. અને ૧૮૯૮ પહેલાં, તે છેલ્લી ૧૮૩૯—૪૦માં ઉઘરાવવામાં આવેલી હતી; સને ૧૮૬૬માં 'મોટા ખોજાકેસ'નું સર જોસેફ આર્નોલ્ડનું જજમેન્ટ.

દસોંદ દર મહિને ચાંદરાતને દિવસે ઉઘરાવવામાં આવે છે. તે દિવસે દરેક ખોજો પોતાની તે મહિનાની આવકનો સાધારણ રીતે દશમો ભાગ અથવા તેને જે કંઇ આપવું હોય તે જમાતખાનામાં તે માટે રાખવામાં આવતી કપડાની કોથળીમાં નાખે છે. 'કાંગો' નામનો કર ખોજાઓમાં છોકરાને ઇસ્માઇલી સંપ્રદાયમાં પ્રવેશ કરવાની ક્રિયા વખતે આપવાનો હોય છે. છોકરાની ચાર વરસની ઉમર પછી તે બાર વરસનો થાય તે પહેલાં કોઈ પણ વખતે માબાપ તે કર આપે છે.

બીજા મુસલમાનોમાં, "બિસ્મીલ્લાહની" વિધિ થાય છે. તેને સ્થાને ખોજાઓમાં આ ડાંગાનો રિવાજ છે.

તહેવારો : ખોજાઓ પણ બીજા મુસલમાનોની પેઠે બે ઈદો-રમજાન ઈદ અને બકરી ઈદ, તેમની સાથે પાળે છે. તે ઉપરાંત, તેમના બીજા નવ તહેવારો ખાસ છે, તે નીચે પ્રમાણે છે :—

૧.	કત્લે ઇમામ અલી (કરમ)	૨૧ રમજાન
૨.	લયતુ'લ કદ્ર	૨૩ રમજાન
૩.	ઈદે ગદીર...	૧૮ ઝિલહજ
૪.	આશુરા	તા-૯ અને ૧૦ મોહર્રમ
૫.	ચેહલમ (હ. ઇમામહુસેન (રહ)ની) શહાદતનો ચાલીસમો દિવસ	૨૧ સફર
૬.	કત્લે ઇમામ હસન (રહ)	૨૯ સફર
૭.	ઈદે મૌલુદ (હ. ઇમામહુસેન (રહ)નો જન્મદિવસ.	૧૭ રબઉલ અવ્વલ
૮.	નવરોઝ (Verbal Equinnx) પારસી ગણત્રી પ્રમાણે	૨૧ માર્ચ.
૯.	નામદાર આગાખાનસાહેબનો જન્મદિવસ...	નવા આગાખાન સાહેબના જન્મ-દિવસની ખબર નથી.

પ્રકરણ ૪૦

મેમણો

મેમણો : ખરી રીતે, 'મોમિનો' (ઇસ્લામમાં) ઇમાન લાવનારાના પાંચ વિભાગ છે : ૧. સિન્ધ અને કચ્છમાંથી આવનારા કચ્છી, ૨. કાઠિયાવાડના ઇશાન ખૂણામાં હાલાર પ્રાન્તના **હાલારી,** ૩. અમદાવાદ જિલ્લાના ધોળકા તરફના **ધોકા,** ૪. કાઠિયાવાડના અગ્નિ-ખૂણાના ભાવનગર બાજુના **ભાવનગરી** અને ધોરાજી અને ૫. કાઠિયાવાડની દક્ષિણે આવેલા વેરાવળ તરફના **વેરાવાળા.** તેઓ હિન્દુઓની જે બે ભિન્ન કોમોએ ઇસ્લામ સ્વીકારેલો તેમના વંશજ છે. તે જ્ઞાતિઓ સિન્ધના વેપારી લોહાણા અને કચ્છ ને કાઠિયાવાડમાં આવેલા 'બક્કાલી' કાછિયા અથવા કરિયાણું વેચનારા ગાંધીઓ છે. આ ભિન્નતા મેમણોની કચ્છી હાલાઈ કોમોના બે મુખ્ય વિભાગોમાં કાયમ ચાલુ રહેલી છે. ધોકા, ભાવનગરી અને વેરાવાળા હાલાઈની પેટાશાખાઓ છે.

'મેમણ' ઉપનામની બીજી વ્યુત્પત્તિ 'તારીખુ'લહિન્દ'ના કર્તા મીરઝા મોહમ્મદ કાઝિમ જુદી રીતે આપેછે કે 'બામજ' જાતના હિન્દુઓ પાછળથી મુસલમાન થયા હતા, ત્યારે તેઓ 'મામુન' નામે ઓળખાતા હતા. 'મામુન'નું 'મેમન' અને તેનું 'મેમણ' થયું હતું. 'બામન' શૂદ્ર જાતિના હિન્દુઓ હતા. આ વ્યુત્પત્તિ કઇંક કલ્પિત લાગે છે. ઉપર જણાવેલી વ્યુત્પત્તિ વધારે આધારભૂત લાગે છે.

'લોહાણા' શ્રી રામચન્દ્રજીના પુત્ર લવના વંશજ કહેવાય છે. તેઓ હાલના લાહોરથી સિન્ધમાં, ત્યાં મુસલમાનો આવ્યા ત્યારે પહેલાંથી વસતા હતા.

બીજી રીતે લોહાણા, લવાણા, લમાની જલાલાબાદ પાસે લમઘાનના વતનીઓ હોવાનું પણ કહેવાય છે. લમઘાનને હમણાં લમ્પાકા કહે છે.

હઝરત પીરાનપીર મૌલાના અબ્દુલ કાદિર મોહિયુદ્દીન જીલાની (રહ.) હિ. ૫૬૧ : ઈ. સ. ૧૧૬૫માં બગદાદ શરીફમાં જન્નત નશીન થયા હતા. તેમની વફાત વખતે, તેઓએ તેમના એક પુત્ર તાજુદ્દીન (રહ.)ને હિન્દમાં વસવાટ કરવા અને હિન્દના લોકોને ઇસ્લામના નૂરથી રોશન કરવા ફરમાવ્યું હતું. હ. તાજુદ્દીનથી પાંચમી પેઢીએ હ. યૂસુફુદ્દીનને ઈ. સ. ૧૪૨૧માં એક ચમત્કારી સ્વપ્નમાં સિન્ધ જવા અને ત્યાંના લોકોને ઇસ્લામના સત્ય માર્ગ પર દોરવા ફરમાવવામાં આવ્યું હતું"

મેમણોની ઉત્પત્તિની હકીકત સૈયદ અમીરૂદ્દીન નુઝહતની ઉર્દૂ કિતાબ 'નુઝહતુ'લ અખબાર 'માં આપેલી છે. તે કિતાબ ઈ.સ. ૧૮૭૩ : હિ. ૧૨૮૦માં મેમણોના પીરઝાદા પીર બુઝુર્ગ અલી, કચ્છના બે મુદ્રાવાળાના મુરબ્બીપણા નીચે લખવામાં આવેલી હતી. આ કિતાબમાં જણાવેલી સાલવારી આધારભૂત જણાતી નથી; પરંતુ બીજી હકીકતો માટે તે નીચેનાં સાધનો ઉપરથી લખવામાં આવેલી હોઈ, તેને વિશ્વાસપાત્ર ગણવા સામે વાંધો નથી. સાધનોઃ— ૧. પીરબુઝુર્ગ અલીના પેઢીનામા ઉપરથી, ૨. સૌથી પ્રથમ ઇસ્લામ સ્વીકારનાર લોહાણા માણેકજીને મળેલી તેમની કીમતી આગેવાનીની સનદો અને બીજાં ખતપત્રો, જે તેમના હાલમાં મુંબઈમાં રહેતા વશંજ, ભુજવાળા શેઠ સાહેબના કબજામાંથી મળેલાં હતાં, તે ઉપરથી, અને ૩. લોહાણાઓએ ઇસ્લામ સ્વીકાર્યા તે વખતના તેમના ગોર રામાણીના પુત્ર હંસરાજ જોશીના વંશજ ભોમાજી જોશીના કબજામાંથી મળેલી સનદો અને બીજાં ખતપત્રો ઉપરથી.

ઉપર કહેલી 'નુઝહતુ'લ અખ્બાર' કિતાબને મેમણ અબ્દુલ્લા ઇસ્માઇલે લખેલી "મેમણ તવારીખ"માં "અબરારૂ'લ હક્ક" કહેલી છે.

ભોમાજીના ચોપડામાં લોહાણા મેમણ થયા તેની સાલ વિ. સં. ૧૪૭૮ = શક સં. ૧૨૪૩ છે. તે ઈ. સ. ૧૪૩૨ને મળતી છે. ઉપર ૧૪૨૧ની સાલ આપેલી છે. તે હિન્દી સન ઉપરથી—એટલે ચંદ્ર વરસ પરથી સૂર્યવર્ષની ગણત્રી પ્રમાણે કાઢેલી ઈસ્વી સાલ છે. તે ગણત્રીમાં એક સાલનો ફેર ઘણી વખત જણાય છે, તેથી બીજી સાલ વાસ્તવિક છે.

હઝરત પીરાનપીર સાહેબ (રહ) ઇસ્લામના હ. પયગમ્બર સાહેબ (સલ)ની સીધી ઔલાદમાંથી છે, તે આ પ્રમાણે છે: મૌલા અલી (કરમ)ના વડીલ પુત્ર ઇમામ હસન (રદી)ના બે પુત્રો અબ્દુલ્લા અને કાસિમ તો હ. ઇમામ હુસેન (રહ.) સાથે કરબલાના કરુણ જંગમાં શહીદ થયેલા હતા; પરંતુ ત્રીજા પુત્ર હસન મુસન્ના ઘેર રહેલા હતા, તે બચી ગયા હતા. હ. પીરાનપીર સાહેબ (રહ.) તેમની સીધી ઔલાદમાં આ પ્રમાણે આવે છે: ૨. હસન મુસન્ના, ૩. અબ્દુલ્લા મહઝ, ૪. મૂસા. ૫. અલજોન, ૬. અબ્દુલ્લા, ૭. મૂસા, ૮. દાઉદ, ૯. મોહમ્મદ, ૧૦. યાહયા ઝાહિદ, ૧૧. અલી અબ્દુલ્લા, ૧૨. અલી સાલેહ, ૧૩. હ. પીરાનપીર સાહેબ અબ્દુલ કાદિર જીલાની (રહ).

સિન્ધ આવનાર હ. યૂસુફુદ્દીન હ. પીરાનપીર સાહેબ (રહ)થી છઠ્ઠી પેઢીએ હતા. હ. પીરાનપીર સાહેબ (રહ)ને કુલ ૪૯ ફરજંદ હતા, ૨૭ પુત્ર અને ૨૨ પુત્રીઓ. તેમના વડીલ પુત્ર તાજુદ્દીન હતા. ત્યાર પછીનું પેઢીનામું આ પ્રમાણે છે: ૧૪. તાજુદ્દીન, ૧૫. ઇમામુદ્દીન, ૧૬. અલીનાસિર, મોહીયુંદ્દીન, ૧૭. મોહમ્મદજૂ અહમદ, ૧૮. યૂસુફુદ્દીન.

ઉપર કહેલા પીર બુઝર્ગ અલીને સૈયદ યૂસુફુદ્દીન સાથે જોડતું પેઢીનામું આ પ્રમાણે છેઃ ૧. યૂસુફુદ્દીન, ૨. યહયા, ૩. શમસુદ્દીન, ૪. અલાઉદ્દીન, ૫. નુરૂદ્દીન હુસેન ૬. મોહિયુદ્દીન, ૭. યહયા, ૮. શરફુદ્દીન, ૯. શહાબુદ્દીન, ૧૦. મોહમ્મદ હાશિમ, ૧૧. ઇસ્માઇલ હાસિમ, ૧૨. યુસુફુલ્લાહ, ૧૩. મોહમ્મદ અમીનુલ્લાહ, ૧૪. આબિદ અબ્દુલ્લાહ, ૧૫. મહમૂદસ્સલામ, ૧૬. શાહવલીઉલ્લાહ, ૧૭. સાદિક અલી, ૧૮. બુઝુર્ગ અલી.

જ્યારે સૈયદ યુસુફુદ્દીન સિન્ધ પધાર્યા ત્યારે ત્યાનું પાટનગર નગરઠઠ્ઠા હતું; અને ત્યાંનો રાજા સમ્માવંશનું હતું તે વંશ ઈ.સ. ૧૩૫૧થી ૧૫૨૧ સુધી રાજ્ય કર્યું હતું. તે વખતના રાજાનો ઇલ્કાબ મરકબખાન હતો. કદાપિ, તે નામ રાયદાન (૧૪૫૪) હોય. સિન્ધના સમ્માઓના વૃત્તાંતમાં સિન્ધમાં રાજ્યકર્તા તરીકે કોઈ મરકબખાનનું નામ જણાતું નથી. કદાપિ તે માત્ર ઇલ્કાબ હોવાને કારણે પણ હોય. સૈયદ યુસુફુદ્દીનના આગમનની સાલ ૧૪૨૧–૨૨ અને જામ રાયદાનની સાલ ૧૪૫૪ એટલી પાસે છે. મરકબખાન એ જ નામ રાયદાન હોવા સંભવ છે.

એ રાજાએ ઘણા માનપૂર્વક સૈયદ યુસુફુદ્દીનનો સત્કાર કર્યો હતો અને તેમને પોતાના અંગત મહેમાન તરીકે રાખ્યા હતા.

મેમણોના માનવા પ્રમાણે લોહાણા નામ મુલતાન જિલ્લાના લોહાણપુર અથવા લેહેકોટ ગામ ઉપરથી પડેલું છે. ખોજાઓ કહે છે કે એ નામ લહુરગઢ (હાલનું લાહોર) ઉપરથી પડેલું છે. લોહાણા મૂળ રાઠોડ રજપૂતો હતા.

પ્રકરણ ૪૧

લોહાણામાંથી મેમણો

લોહાણાઓની અટકો :

ઈ. સ. ૧૪૦૦માં લોહાણાઓને સિન્ધમાં ' મોતા ' કહેતા હતા. તેમની ૮૪ નુખ (અટકો)માંથી ૬૦ નીચે પ્રમાણે છે : ૧. ઔદાણી (ઉદાણી), ૨. ઐયા (આહિયા), ૩. અંબિયા, ૪. આસાકીરાહ, ૫. અડ ઠક્કર, ૬. ભાટડી, ૭. બારિયા, ૮. ગખર, ૯. ગાથા, ૧૦. ઘંડી, ૧૧. ઘડતર, ૧૨. ગાંડા, ૧૩. ગજન, ૧૪. મઠિયા, ૧૫. ગુલબદન, ૧૬. ચોખા સોના, ૧૭. ચંદનાણી, ૧૮. સુંચક (સુચક), ૧૯. ગીડેમણ, ૨૦. ચાકિયા, ૨૧ ચીડે, ૨૨. ચાદુપુત્રા, ૨૩. ચંદન. ૨૪. જોબન પુત્રા, ૨૫, ખોરા, ૨૬. **લોધિયા**, ૨૭. લડક. ૨૮. મજીઠિયા, ૨૯. માણેક, ૩૦. મેડવાર, ૩૧. નરમ (નિર્મળ), ૩૨. નારવાણી, ૩૩, ખોબરિયા, ૩૪. પાલિયા, ૩૫. પંઠી, ૩૬. પારકારિયા, ૩૭. મદન, ૩૮. ગુલબદન, ૩૯. પોપટ, ૪૦. રાચ, ૪૧. રકુનરૈયા, ૪૨. રાયચન્ના, ૪૩. રીણા, ૪૪. રારિયા, ૪૫, રેખતા, ૪૬. રૂપારેલ (રૂપારેલિયા), ૪૭. સકરાની, ૪૮. સબાગર, ૪૯. સેંધવા, ૫૦ સોમિયા, ૫૧. સોનાગિલા, ૫૨. સોમીઆર, ૫૩. ઠકરાલા, ૫૪. તન્ના, ૫૫. થૌરા, ૫૬. કોટક, ૫૭. ધકડ, ૫૮. કતીરા, ૫૯. કારિય, ૬૦. ખખ્ખર.

સિન્ધના લોહાણાઓમાં ઓછામાં ઓછી ૫૦ અટકો છે. તેમાં ' ખુદાબાદી ', અને ' સેહવાની ', મુખ્ય છે.

મેમણોની હાલની અટકો :

મજકૂર લોહાણાઓની અટકો સાથે હાલની મેમણોની અટકો સરખાવો તો તે આ પ્રમાણે છે; ૧. ભાયાણી, ૨. લીલા, ૩. હાલારી, ૪. પાલવાલા, ૫. મચ્છિયારા, ૬. સુરૈયા, ૭. ડબ્બાવાળા. ૮. બાવાણી, ૯. ચીડીમાર, ૧૦ જોડિયા, ૧૧. ઓચિયા, ૧૨. ટેભા, ૧૩. મલમલ, ૧૪. ગાડિત, ૧૫. ઝવેરી, ૧૬. મકરાણી, ૧૭. ગાજીયાણી, ૧૮. મસીદિયા, ૧૯. વાઘરિયા, ૨૦. લાખાણી, ૨૧. છોટાણી, ૨૨. શોભાણી, ૨૩. **લોધિયા**, ૨૪. મદની, ૨૫. મોતીવાલા, ૨૬. વહેવારિયા, ૨૭, શીવાણી, ૨૮. મતમલા, ૨૯. સાબુઆણી, ૩૦. પાડેલા, ૩૧. મોટિયાર, ૩૨. કટિયા, ૩૩. કામદાર, ૩૪. કુડથા, ૩૫. ઝૂડા, ૩૬. ખડવાઇ, ૩૭. નાખુદા, ૩૮. મુંડા, ૩૯. ચટણી, ૪૦. પારેખ.

લોહાણાઓ અને મેમણોની આ અટકોમાં માત્ર એક જ અટક—"લોધિયા" બન્નેમાં સામાન્ય રહેલી છે.

સૈયદ યુસુફુદ્દીન આવ્યા તે વખતના જામ તેમના મુરીદ થયા હતા. અને લોહાણાઓની કોમના આગેવાન માણેકજીના ત્રણ પુત્રોમાંથી બે પુત્રો અને ૭૦૦ લોહાણા કુટુંબો પોતાના રાજાને અનુસરીને મુસલમાન થયા હતા. માણેકજીના જે બે પુત્રો મુસલમાન થયા હતા, તેમાંથી રવજીનું નામ અહમદ અને રવજીના પુત્રો સુંદરજી અને હંસરાજનાં નામ આદમ અને તાજમોહમ્મદ પાડ્યા હતાં. તેમને ઇસ્લામ સ્વીકાર્યા પછી તેમના પીરે તેમની કોમનું નામ મોતા અને લોહાણા હતું તે બદલી 'મોમિન' '(ઇસ્લામમાં) ઇમાન લાવનાર' રાખ્યું હતું. એ પીરે આદમને પોશાક આપી, તેને આ નવી કોમનો વંશપરંપરાનો મુખી નિમી, તેની રહેણાક ઠઠ્ઠા પાસે વરાયા નામના ગામમાં રાખવામાં આવી હતી.

મુસલમાન થયેલા લોહાણાઓનાં હિન્દુ સગાંએ પીર સદરૂદ્દીન દેશમાંથી ચાલ્યા જાય એ માટે પોતાના ધર્મગુરુઓ પાસે સિન્ધુ નદીના ‘ દરિયાપીર ’ની પ્રાર્થના કરાવી હતી. આ આરાધના કરનાર ટેકમલ અધનમલ (ઓધવમલ), નંદમલ અને માનમલ હતા. આ આ ચારેની અટક ‘ જોષી ’ હતી.

આ પ્રસંગ અગાઉ લોહાણાઓએ તેમના “ દરિયા દેવ ”ની પૂજા બે વખત કરાવેલી હતી : પ્રથમ પ્રસંગ, જ્યારે કનોજના રાજા જયચંદ રાઠોડના પુત્રના જુલમથી તેઓ કનોજમાંથી નાસી છૂટી લાહોર આવીને વસ્યા હતા ત્યારે; બીજો પ્રસંગ, લાહોરથી સિન્ધમાં આવ્યા ત્યારે સિન્ધના પીરોના જુલમથી બચવા.

આ ‘ દરિયા દેવ ’ એટલે ‘ વરુણ ’ની પૂજાની ઉત્પત્તિ શ્રી રામચંદ્રજીથી થયેલી છે. તેમણે લંકા ઉપર આક્રમણ કરતાં પહેલાં વરુણ દેવની સહાય માગવા દરિયાકિનારે તેમની પૂજા કરેલી હતી; અને લોહાણાઓ, શ્રી રામચંદ્રજીના પુત્ર લવના વંશજ હોવાથી, તેમણે તેવી પૂજાનું મહાત્મ્ય સ્વીકાર્યું હતું.

આમ પણ સિન્ધમાં જ્યાં લોહાણાઓની ઘણી વસ્તી હોય છે ત્યાં લોહાણાના દરેક ગામમાં દરિયા પીરનું સ્થાનક હોય છે. ત્યાં તેઓ રાતદિવસ ઘીનો દીવો બળતો રાખે છે.

સિન્ધુ નદીના દરિયા પીરે તેમની સ્તુતિ સાંભળી હતી. પીર યૂસુફુદ્દીને જાગીર લેવાની ના પાડી. પોતાની ઔલાદને તેમના પીર ઝાદા તરીકે ચાલુ રાખવાની ખાત્રી પોતાના મુરીદો પાસેથી લઈ, તેઓ દરિયામાર્ગે ઇરાક પાછા ગયા હતા.

એ પ્રમાણે વિદાય લેતાં પહેલાં, પીર યૂસુફુદ્દીને પોતાના મુરીદોને આશિષ આપી હતી. તે આશિષને કારણે, તેમનાં કુટુંબોની વૃદ્ધિ

અને તેમના વેપારની આબાદી ચાલુ રહેતી હોવાનું મેમણો હજીયે માને છે. કચ્છના દક્ષિણ ભાગમાં આવેલા મુદ્રાના પીર બુઝુર્ગઅલી કાદરી (અવસાન ૧૮૯૬) પીર યૂસુફુદ્દીનથી ૧૮મી પેઢીએ હતા. તેમના પુત્ર સૈયદ જાફરશાહ થોડો વખત મુંબઈમાં અને થોડો વખત મુદ્રામાં રહે છે

પ્રકરણ ૪૨

હિજરત

સિન્ધમાંથી કચ્છમાં અને ત્યાંથી કાઠિયાવાડમાં :

કચ્છના જાડેજા રાજા રાવ ખેંગાર(૧૫૪૮–૧૫૮૪)ના આમંત્રણથી આદમ શેઠના વંશજ કન્નવાથી આગેવાની નીચે મેમણો ઠઠ્ઠાથી ભૂજ આવ્યા હતા. રાવ ખેંગારે કન્નવાને 'શેઠ'નો ઇલકાબ આપ્યો હતો. રાવની મહેરબાનીથી તેમણે શહેરમાં મેમણો માટે અલગ લત્તો વસાવ્યો હતો.

કન્નવા આદમ શેઠના પૌત્ર હતા, કન્નવાના પિતાનું હિન્દુ નામ મરકત અને મુસલમાની નામ રૂકનુંદ્દીન હતું. કન્નવાના એક પુત્રનું નામ 'મેમણ' હતું. તે ઉપરથી તેમણે વસાવેલા નવા લત્તાનું નામ 'મેમણ મોહલ્લો' પડ્યું હતું. તેમનું ત્યાર પછીનું પેઢીનામું આ પ્રમાણે છે: ૧. કન્નવા, ૨. કાનજી, ૩. લધા; ૪. દાદરૂ, ૫. મહરાયન, ૬. નિભાવ, ૭. વન્દવડે, તેના બે પુત્રો ૮. ઇસ્માઇલ અને હામેરૂ—ઇસ્માઇલની ઔલાદ, ૯. ઝકરીય્યા અને ૧૦. સરાદીન, તેના બે પુત્રો, ૧૧. પીરાઉં અને શકરદીન, અને શકરદીનના પુત્ર, ૧૨. સુલેમાન.

કચ્છમાં રાવ લાખાજી (૧૭૪૧–૬૦) અને રાવ રાયધણ બીજા (૧૭૭૮–૮૫)ના અમલમાં તેઓ રાજ્યમાં મોટા હોદ્દાઓ ઉપર હતા, પરંતુ ૧૭૪૬માં લાખાજીએ તેમના ઉપર ઘણો જુલમ કરી, તેમનાં કુટુંબોને રિબાવીને મારી નાખ્યાં હતાં અને તેમની પાસેથી રૂ. ૮ લાખનો દંડ લીધો હતો. ફરીથી ૧૭૭૮માં, તેમના શેઠ દેવચંદને મારી નંખાવી, તેનાં સગાં પાસેથી ભારે દંડ વસૂલ કર્યો હતો.

આવા જુલમોને લીધે, કોઈ અનિશ્ચિત સાલમાં, લોહાણા અથવા કચ્છી મેમણો કચ્છમાંથી કાઠિયાવાડમાં થઈ, દક્ષિણે ગુજરાતમાં આવ્યા હતા. સુરત શહેરની જેમ જેમ પડતી થતી ગઈ તેમ તેમ કચ્છી મેમણો મુંબઈમાં સ્થળાંતર કરતા ગયા હતા; અને ગુજરાતના ઉત્તર ભાગમાંથી અને કચ્છમાંથી અને ૧૮૧૩ના દુષ્કાળને કારણે તેમની મુંબઈની વસ્તીમાં સારી વૃદ્ધિ થઈ હતી. એ દુષ્કાળમાં કચ્છ કરતાં કાઠિયાવાડમાં ઓછું દુઃખ ન હતું. તેથી હાલાર અને ભાવનગર બાજુના ઘણા કાઠિયાવાડી મેમણોએ પણ ગુજરાતના વિવિધ ભાગોમાં, મુખ્યત્વે ગુજરાતની ઉત્તરે આવેલાં દેશી રાજ્યોમાં, અમદાવાદમાં તથા સુરત અને મુંબઈમાં વસવા સ્થાળાંતર કર્યું હતું.

મેમણોનાં મૂળ નિવાસસ્થાન કચ્છ અને કાઠિયાવાડ છે. તે ઉપરાંત તેઓ ગુજરાતના ઉત્તર અને દક્ષિણ ભાગનાં શહેરોમાં છુટાછવાયા વસે છે. ગુજરાતની પાર મુંબઈ, થાણા, નાસિક અને ખાનદેશમાં હાલાઈ અને કચ્છી બન્ને જાતના મેમણો લગભગ બધા જ કચ્છી મેમણો છે. તેઓ કલકત્તા, મદ્રાસ, મલબાર કિનારે, બરમાના દક્ષિણ ભાગમાં સિયામ, સીંગાપોર, અને જાવામાં દુકાનદારો અને વેપારીઓ તરીકે ફેલાયલા છે. ત્યાં તેમણે પોતાનાં સંસ્થાનો વસાવ્યાં છે. તે જ પ્રમાણે માત્ર મસ્કત સિવાય, જ્યાં તેમનું સ્થાન ખોજાઓએ લીધેલું છે, અરબસ્તાનનાં બીજાં બંદરોમાં મેમણો વસે છે. જિદ્દામાં ઘણાખરા મેમણો કચ્છી મેમણો છે.

પ્રકરણ ૪૩

થોડાંક જાણીતાં મેમણ કુટુંબોનાં પેઢીનામાં

થોડાંક જાણીતાં મેમણ કુટુંબોનાં તેમના લોહાણા પૂર્વજો સાથે સાંકળતાં પેઢીનામાં નીચે પ્રમાણે છે. આ પેઢીનામાં "મેમણ તવારીખ" ઉપરથી લેવામાં આવેલાં છે:—બીજા પેઢીનામાં ચઢતા ક્રમમાં વાંચવાનાં છે.

૧. કાઠિયાવાડના **ધોરાજીના** વતની, પણ હાલ વેપાર અર્થે દક્ષિણ આફ્રિકાના કેપટાઉનમાં રહેતા **હાજી સુલેમાન શાહ મોહમ્મદ લોધિયા**—(ચઢતા ક્રમમાં).

૧. હાજી સુલેમાન, ૨. શાહ મોહમ્મદ, ૩. જીયા, ૪. મોહમ્મદ ૫. હુસેન, ૬. અબ્દુલ્લા, ૭. ધારજ, ૮. માણેક, (છેલ્લા બે લોહાણા છે).

૨. કરાંચીવાળા શેઠના અબ્દુલ શકુરનું પેઢીનામું :

૧. અબ્દુલ શકુર, ૨. અબ્દુલ કાદિર, ૩. હાજી ફાઝિલ મોહમ્મદ ૪. રહમતુલ્લાહ, ૫. ફકીર મોહમ્મદ, ૬. દામા, ૭. સાધુ, ૮. કાસિમ, ૯. અબ્દુલ કાદિર, ૧૦. દેવજી (લોહાણા).

૩. જેતપુરવાળા શેઠ વલીમોહમ્મદનું પેઢીનામું :

૧. વલી મોહમ્મદ, ૨. અબ્દુલ્લા, ૩. જાનમોહમ્મદ, ૪. જુમ્મા ૫. ખાન મોહમ્મદ, ૬. સાલે મોહમ્મદ, ૭. અલી મોહમ્મદ, ૮. વરાસ ૯. જીન્ના (નવ–મુસ્લિમ લોહાણા).

૪. ગોંડલવાળા શેઠ યાકુબ અબ્દુલગનીનું પેઢીનામું :

૫. યાકૂબ, ૨. અબ્દુલ ગની, ૩. હુસેન, ૪. અબા, ૫. મૂસા. ૬. શરીફ, ૭. શકુર, ૮. તૈયબ, ૯. અબા, ૧૦. આયા, ૧૧. પૂંજા (લોહાણા).

૫. કચ્છી મુનશી કુટુંબ :

તેના મૂળ પુરુષ મોહમ્મદ રમજાન સિન્ધમાંથી કચ્છમાં અંજાર ગામે આવીને વસ્યા હતા. તેમને હાથે અંજારનાં બે લોહાણા નરસીંગ અને દેવશીનાં કુટુંબો મેમણ થયાં હતાં. એ બે કુટુંબોની અત્યારની અટકો ' નરસંગાણી ' અને ' દેવાણી ' પડેલી છે.

મોહમ્મદ રમજાનને મેમણોના તે વખતના પીરે " મખ્દુમ "નો ઇલકાબ આપ્યો હતો. તે ઉપરથી તેમના કુટુંબીઓ પોતાને " મખ્દુમ-ઝાદા " અથવા " રમજાણી " કહેવડાવે છે.

સને ૧૮૪૮ના અરસામાં કચ્છના મહારાજા દેશળજીના અમલમાં તેમના કુટુંબના મૌલવી અય્યુબમીયાંના પુત્ર અબામીયાં મહારાવશ્રીના વિદ્યાગુરુ હતા. તે ઉપરથી તેમને " મુનશી "નો ઇલ્કાબ મળ્યો હતો, ત્યારથી તેમનું કુટુંબ એ ઉપનામથી ઓળખાય છે.

મુનશી અબામિયાંના પુત્ર મુનશી અમીન મોહમ્મદ પ્રથમ સિરોહીમાં અને પછી બીકાનેરમાં દીવાન હતા. તેમને અંગ્રેજ સરકારે ' ખાન બહાદુર 'નો ઇલકાબ આપેલો હતો. તેમના પુત્ર મુનશી મોહમ્મદ હુસેન બિકાનેર સ્ટેટમાં ૧૯૧૩માં " નાઝિમ " અમીર હતા.

મુનશી અબામીયાંના ભાઈ મુનશી કરીમ મહમદ લીંમડીમાં કારભારી હતા. તેમના વડીલ પુત્ર મુનશી મોહમ્મદ અલી કચ્છમાં મૅજિસ્ટ્રેટ હતા; અને કનિષ્ટ પુત્ર ઉમેદઅલી ગુજરાતમાં કેળવણી

ખાતામાં આસિસ્ટન્ટ ડેપ્યુટી એજ્યુ. ઇન્સપેક્ટર હતા. તેમની નિમણૂક નડિયાદમાં હતી ત્યારે તેમણે "ગુલિસ્તાને મેમણ" નામનું માસિક શરૂ કરેલું હતું.

મુનશી કુટુંબની બીજી શાખામાં મુનશી નઝીર મોહમ્મદ જાન મોહમ્મદ જામનગરના ધ્રોળગામમાં ખુદાની રહમતે પહોંચ્યા હતા. ત્યાં તેઓ "વીર" તરીકે મનાય છે. તેમના રોજાનો મુજાવર હંમેશાં મેમણ હોય છે.

મુનશી કુટુંબની ત્રીજી શાખામાં મૌલવી મુનશી હામિદ ઇલિયાસ હતા. તેમણે પોતાની હયાતીમાં જ પોતાની કબર તૈયાર કરાવી, જાતે કફન પહેરી, હિંચકા ઉપર સૂઇ, તે હીંચકો કબરમાં ઉતરાવ્યો હતો. અને કલમા પઢતા પઢતા ખુદાની રહમતે પહોંચ્યા હતા. ઇન્ના. તેમનો રોજો જામનગરના ફુલા ગામમાં છે. તેમને લોકો 'ઇલિયાર પીર' તે નામે ઓળખે છે.

પ્રકરણ ૪૪

મેમણોમાંથી મુલ્લાંઓ

કાઠિયાવાડી ' મુલ્લાંઓ જેમ લવમાંથી લોહાણા તેમ મેમણોમાંથી મુલ્લાં થયા છે. આ કુટુંબના મૂળ પુરુષ આશરે ૨૦૦ વર્ષો ઉપર ધોરાજીમાં મેમણ ઇબ્રાહીમ કાસિમ કલુડી હતા. તેઓ પ્રથમ " મૌલાના " તરીકે ઓળખાયા હતા. પછી ' મૌલાના ' નું અપભ્રંશ રૂપ ' મુલ્લાં ' થઇ ગયું હતું.

તેમની મુખ્ય વસ્તી ધોરાજી, કુતિયાણા અને ગોંડલમાં છે. જૂનાગઢ અને વેરાવળના " મુલ્લાંઓ " આ જ કુટુંબની શાખાઓ છે કે કેમ તે નક્કી નથી.

આ " મુલ્લાં " કુટુંબની ઉત્પત્તિ આ પ્રમાણે થયેલી છે. આશરે બસો વરસ ઉપર ધોરાજીમાં પંજાબમાંથી મખ્દુમ ખ્વાજા મોહકમુદ્દીન નામના પીર બુઝુર્ગ આવીને વસ્યા હતા. મજકુર મેમણ ઇબ્રાહીમ કાસિમ આ પીરની ખિદમત કરતા હતા. આ પીરે પોતાના અવસાન પહેલાં તેમને પોતાની " ખલીફા " (જાનશીન) નીમ્યા હતા અને તેમને ' ખલીફે અબુ તુરાબ'નો ઇલ્કાબ આપ્યો હતો.

આ મૌલાના ઇબ્રાહીમે કેટલીક કરામતો કરેલી કહેવાય છે. તે પૈકી એક આ પ્રમાણે છેઃ તેમણે કોઈની એક " કલમી " (હાથે લખેલી) કિતાબ નકલ કરી લેવા લીધેલી હતી. પછી તે માણસને હજ પઢવા જવું હતું તેથી તેણે પોતાની તે કિતાબ મૌલાના ઇબ્રાહીમ પાસેથી પાછી માગેલી હતી. મૌલાના ઇબ્રાહીમ તેની પૂરી નકલ ઉતારી લીધેલી ન હતી. તેમ તેમણે વાયદો કર્યો હતો કે નકલ પૂરી ઉતારી લઈ ને, તરત જ કિતાબ

તમને પાછી આપી દઈશ. પછી તે માણસ હજ પઢવા ગયો હતો. મૌલાના ઇબ્રાહીમે નકલ પૂરી કરી લીધી કે તરત જ તેમણે અલ્લાહ પાકની કરામતથી પોતે મક્કા શરીફ પહોંચી ત્યાં પેલા હાજી હરમ શરીફમાં સૂતેલા હતા, ત્યાં તેમણે જગાડી તેમને તે કિતાબ સોંપી દઈ પોતે પાછા ધોરાજી તે જ રાતે આવી ગયા હતા. ત્યાર પછી તે હાજી પાછા દેશમાં આવ્યા ત્યારે ધોરાજી આવી, એ મૌલાના ઇબ્રાહીમની જ ખિદમતમાં રહ્યા હતા. આ મૌલાના ઇબ્રાહીમનો મઝાર મજકુર વીર મોહકમુદ્દીનના રોજા પાસે છે.

મૌલાના ઇબ્રહીમે પોતાના કુટુંબનો કન્યાવ્યવહાર મેમણ કોમમાં કરવો બંધ કર્યો હતો. છતાં, ધોરાજીના 'મુલ્લાઓ'માં ૪–૫ કુટુંબો એવાં છે કે એમણે મેમણો સાથે કન્યાવ્યવહાર ચાલુ રાખેલો છે. બીજા મુલ્લાંઓ તેમની જ પેટાકોમોમાં કન્યાની આપલે કરે છે.

જૂનાગઢના મુલ્લાં કુટુંબમાંથી, રાજકોટમાં કાઠિયાવાડ એજન્સીના પબ્લિક પ્રોસીક્યુટર ખા.બ. ગુલામમોહમ્મદ મુનશી બારિસ્ટર જાણીતી વ્યક્તિ હતા. તેઓ નિવૃત્ત થયા પછી વડોદરા રહેવા ગયા હતા.

પ્રકરણ ૪૫

મેમણોના બારોટા

તેઓ અગાઉ વંથલી, બાંટવા વગેરે ગામોમાં રહેતા હતા. આશરે સોએક વરસ ઉપર તેઓ મેમણ કુટુંબોની વંશાવલીઓ લખી રાખતા હતા; અને તે માટે તેઓ મેમણો પાસેથી તેમનો જૂનો કર ઉઘરાવતા હતા. વંથલીના એ બારોટાનો છેલ્લો પુરુષ મેમણ મામદ ઈસા હતા. તેનું કુટુંબ આજે પણ "મેમણ બારોટ"ના નામથી ઓળખાય છે; પરંતુ હવે તે કુટુંબના માણસોએ તેમનો અગાઉનો ધંધો છોડી દીધેલો છે. છતાં મેમણોની વંશાવલીઓના જૂના ચોપડા હજી તેના કુટુંબમાં જળવાઈ રહેવાનું કહેવામાં આવે છે.

આ લેખકે પોતાના જૂનાગઢના વસવાટ દરમ્યાન વંથલીના આ મેમણ બારોટના કુટુંબની તજવીજ કરી, તેની પાસેથી સદર જૂના ચોપડા માગ્યા. મૂલ્યે માત્ર જોવા દેવા માગણી કરી હતી; પરંતુ કંઈ સંકુચિત દૃષ્ટિવાળા આ કુટુંબે તેમની હાજરીમાં પણ તેમ કરવા દેવા સાફ ઇન્કાર કર્યો હતો.

બાંટવાના 'મેમણ બારોટ'ના ચોપડા બાંટવાના મેમણોએ તે કુટુંબને કર આપવા બંધ કર્યો ત્યારે જ બાળી નાખ્યા હોવાનું કહેવામાં આવે છે. કદાપિ, તે વખતે માત્ર થોડા ચોપડા બાળી નાખવામાં આવ્યા હોય!

વંથલી અને બાંટવાના આ 'મેમણ બારોટા'નાં કુટુંબો પાસેથી તેમની વંશાવલીઓના આ જૂના ચોપડા માલદાર મેમણોએ મેળવી

તેમનો જૂનો ઇતિહાસ જાળવી રાખવા તજવીજ કરવી જોઈએ, પરંતુ હવે તેવા ઘણાખરા મેમણો પાકિસ્તાન હિજરત કરી ગયેલા હોવાથી આ દિશામાં કંઇ થઈ શકે તેમ લાગતું નથી.

મેમણ કોમનાં સામયિકો :

"મેમણ તવારીખ" ઉપરથી આ પુસ્તક સને ૧૯૧૩માં છપાયું હતું. તેથી આ માહિતી ત્યાર સુધીની છે :

૧. "હિદાયતુ'લ મો'મેનીન"—૧૯૦૨, અમરેલી. તંત્રીઓ—મેમણ ઇબ્રાહીમ દાઉદ અને અબ્દુલ્લા ઇસ્માઇલ.

૨. "ઇસ્લામ ગેઝિટ"—સાપ્તાહિક, ૧૯૦૫. તંત્રીઓ—ઉપર પ્રમાણે.

૩. "મેમણ મિત્ર"—૧૯૦૬, મુંબઈ. તંત્રી—ઉસ્માન હસન હાજી જૂસબ જાપાનવાળા.

૪. "ગુલઝારે ઇસ્લામ" ૧૮૦૬, મુંબઈ—તંત્રી, એમ. ઓ. ધોળાજીવાળા.

૫. "બહારે મેમણ" ૧૯૦૭, મોંગનાઇ. તંત્રી—મેમણ અબ્દુલ કરીમ કાસિમ.

૬. "ઇત્તિફાકે મોમિન" ૧૯૦૯, બાંટવા. તંત્રી—દાઉદ અબ્દુલ કરીમ ખાજાણી.

૭. "ગુલિસ્તાને મેમણ" ૧૯૦૭, નડિયાદ. તંત્રી—ઉમેદ અલી કરીમ મહમદ મુનશી.

૮. "મેમણ પ્રકાશ" ૧૯૦૮, મુંબઈ. તંત્રી—મેમણ મોહમ્મદ અહમદ.

૯. "અલ ઇસ્લામ" સાપ્તાહિક, ૧૯૦૭, ડરબન (દક્ષિણ આફ્રિકા), તંત્રી—ઉસ્માન અહમદ એફેન્દી.

૧૦. " ગુલઝાર " ૧૯૧૨, અમરેલી. તંત્રી—મેમણ અબ્દુલ્લા ઇસ્માઇલ.

૧૧. " સિરાજુ'લ ઇસ્લામ " ૧૯૧૨, મોકબાસા (દક્ષિણ આફ્રિકા) તંત્રી—સાલે મોહમ્મદ હાજી અબુ બકર.

૧૨. " ફ્રેઝન્ટ " ૧૯૧૨, ડરબન. તંત્રી–મજકુર ઉસ્માન અહમદ એફેન્દી.

૧૩. " મેમણ રફીક " પાક્ષિક, ૧૯૧૩, અમરેલી. તંત્રી—મેમણ અબ્દુલ્લા ઇસ્માઇલ.

પ્રકરણ ૪૬

મુખકળા, પહેરવેશ વગેરે

કચ્છી મેમણો ગૌરવર્ણા હોય છે, પુરુષોમાં મોટે ભાગે રતુમડી ચામડી, ભરાવદાર દાઢી, મોટું માથું, માથા ઉપર અને શરીર ઉપર વધારે પડતા વાળ, મોટી કાળી બદામ ઘાટની આંખો અને વધારે વાળ વાળી કમાનદાર ભ્રમરો જોવામાં આવે છે. આ મુખકળા સિન્ધની વિશિષ્ટતા છે. સરેરાશ કરતાં કંઇક વધારે ઊંચા, જુવાનીમાં ભરાવદાર શરીરવાળાં; અને આધેડ અવસ્થામાં વધારે પડતાં સ્થૂળ—એવા પુરુષો અને સ્ત્રીઓ બન્ને ખાસ કરીને ઘાટીલા અને મજબૂત બાંધાનાં હોય છે. કચ્છી મેમણોની મુખાકૃતિ ઘણી વાર ગોળ અને કેટલીક વાર લંબગોળ હોય છે. ગોળ ગાલ, ઊંચું કપાળ, સીધું અથવા છેડે સહેજ વળેલું શુક-નાસિકા જેવું નાક, મોટાં ઘાટિલાં નસકોરાં, નાના ભરાવદાર હોઠ, ગોળ ઘાટિલી હડપચી, સ્ત્રીઓની હડપચી સહેજ ખાડાવળી, નાનાં નાક અને ચોરસ ખભા ઉપર લાંબી ગરદન, એ એમની વિશિષ્ટતા છે. તેમની મુખકળા તીવ્ર અને ચકોર હોય છે.

તેઓ હઝરત પયગમ્બર સાહેબ (સલ)ની સુન્નત પ્રમાણે, ટૂંકી મૂછો અને દાઢી વધારેમાં વધારે આશરે ૭ ઇંચ લાંબી રાખે છે; પરંતુ દાઢીના વાળ જ્યારે ખાસ ભરાવદાર હોય છે ત્યારે તેઓ એક બાજુ ગાલ તરફ તથા બીજી બાજુએ ગળા તરફ કિનારીઓ ઉપર હજામત કરાવે છે; પરંતુ ઘણા યુવાનો આ સુન્નતની અવગણના કરી માથાના વાળ ટૂંકા કતરાવી, વચ્ચે સેંથો પાડે છે; અને મુછો મોટી અને દાઢી તદ્દન નાની કતરાવેલી રાખે છે. છતાં ઘણાખરા માથે હજામત

કરાવે છે. હવે માથે હજામત કરાવવાનો રિવાજ શહેરોમાં રહ્યો નથી. મેમણ સ્ત્રીઓના વાળ બહુ વખત ઘણા લાંબા હોય છે. તેમાંય તેઓ વચ્ચેથી સેંથો પાડી, ત્રણ લટની પટ્ટીઓ પાડી, છેડે રીબનથી બાંધે છે.

વૃધ્ધ પુરુષો અને સ્ત્રીઓ પોતાના વાળ સફેદ ના દેખાય તે માટે તેને મેંદી અને કેટલીક વખત મેંદી અને ગળીથી રંગે છે.

આ પણ સુન્નત એટલે હદીસ પ્રમાણે સવાબ (પુણ્ય) કમાવાનું કામ ગણાય છે. હ. પયગમ્બર સાહેબે (સલ) ફરમાવ્યું હતું કે તમારા સફેદ વાળ તેની સફેદી ઢાંકવા રંગો, પણ કોઇ કાળારંગથી રંગતા નહિ. પહેલા ખલીફા હ. અબુબક્ર (રદી) તેમની દાઢી મેંદી લગાડી લાલ કરતા હતા. ચુસ્ત મુસલમાનો બધા હવે તો ગળીનો રંગ વાપરે છે; છતાં તેવો રંગ નહિ વાપરનારા અપવાદ તરીકે માનને પાત્ર ગણાય છે.

ગળીનો રંગ થોડો વખત વાળ કાળા કરે છે પરંતુ અઠવાડિયામાં તે રંગ જો ફરીથી વાપરવામાં આવતો નથી, તો વાળનાં મૂળમાં જાંબૂડો રંગ નિકળી આવે છે.

મેમણો સ્ત્રીઓ અને પુરુષો બન્ને, આંખમાં સુરમો આંજે છે. મેમણ સ્ત્રીઓ છેક નાનપણથી હાથની હથેળીઓ, આંગળીઓના નખ અને પગના તળિયા તથા પગની આંગળીઓ મેંદીથી રંગી લાલ કરે છે.

મેંદી લગાડવાની રીત ઘણા પ્રકારની હોય છે. ઘણી સ્ત્રીઓ ફક્ત હાથપગની આંગળીઓના નખ જ રંગે છે. કેટલીક સ્ત્રીઓ હથેળીના પાછલા ભાગ ઉપર આંગળીઓ હાડકાંની લીટીઓ પાડી, તે રંગે છે. તે રંગ ખૂલતો નારંગી, ઘેરો કીરમજી, ઘેરો રાતો અને કેટલાક વખત તે રંગ વારે વારે લગાડવાથી સુન્દર, કાળા ઝૈતુનના રંગ જેવો થઇ જાય છે.

હાલાઈ મેમણો કચ્છી મેમણો કરતાં રંગે શ્યામ તથા કદમાં નીચા હોય છે. તેઓ કદી પરસ્પર લગ્નસંબંધ કરતા નથી હાલાઈ મેમણોની

મુખકળા કચ્છી મેમણો જેવી વિશિષ્ટતાવાળી હોતી નથી. તેમ તે તેટલી નિયમિત ખુશનુમા પણ હોતી નથી. હાલાઈ મેમણનું લાક્ષણિક વર્ણન આપવું કઠિન છે.

વેપાર ધંધામાં કચ્છી અને હાલાઈ બન્ને જાતના મેમણો ચકોર અને મહેનતુ હોય છે. કચ્છી મેમણો પ્રમાણિક ધંધા માટે વધારે નામવર હોય છે. સમાજની દૃષ્ટિએ બન્ને જાતના મેમણો આનંદી અને વિલાસી હોય છે. બીજા મુસલમાનો તેમને સખી દિલના માને છે.

મેમણ સખાવતનું માનીતું સ્વરૂપ ગરીબ મુસલમાનોને મક્કા શરીફના હજ પઢવામાં મદદ કરવાની હોય છે. આ ઉદારતા કેટલીક વખત તેવા હાજીઓ માટે આખી આગબોટ ચાર્ટર કરવાની (તાબે લેવાની) હદ સુધી પહોંચે છે. સખાવત ખાનગી રીતે કરવાનો શોખ માલદાર મેમણોનો માનનીય ગુણ છે. ખાનગી સખાવતનું મેમણોનું આદર્શ દૃષ્ટાંત મુંબઈના શાહ સૌદાગર મરહુમ હાજી ઝકરિના શેઠનું છે. તેઓ મુંબઈમાં ૧૮૨૩–૪૦ થઇ ગયા હતાં. મુંબઇ શહેરમાં તેમના નામના મહોલ્લામાં તે જ નામની મસ્જિદ પણ છે. એક વખત એ મસ્જિદમાં માળવાનાં એક આલિમ અને પરહેઝગાર મૌલવીએ મુકામ કરેલો હતો. એક રાત્રે, પોતે ન ઓળખાય તેમ, મેલી ચાદર ઓઢેલો અને વયથી વાંકો વળી ગયેલો વૃદ્ધ પુરુષ પોતાની પગચંપી કરતો હોય એમ એ મૌલવીને લાગ્યું હતું; મૌલવીએ એ વૃદ્ધ પુરુષને પગચંપી નહિ કરવા વિનવ્યું હતું પરંતુ તે વૃદ્ધ પુરુષે પગચંપી કરવી ચાલુ રાખી હતી. મૌલવી સાહેબ પછી ઊંઘી ગયા હતા. સવારે ઉઠ્યા ત્યારે તેમને પોતાની પથારી નીચેથી રૂા. ૨૦ ની નોટ મળી હતી. તે નોટ આપનાર કોણ હતો તે તેઓ શોધી શકયા ન હતાં. તેથી બીજી રાત્રે જ્યારે પગચંપી કરનાર એ વૃદ્ધ શખ્સ ફરીથી આવ્યો ત્યારે મૌલવી સાહેબ ઉંઘવાનો દેખાવ કરી શાંત પડી રહ્યા હતા; અને જેવો તે માણુસ તેમની પથારી નીચે એક કાગળનું કવર મૂકવા જતો હતો કે

તરત જ તેમણે તે બુઢ્ઢા આદમીનો હાથ પકડી લીધો હતો. ખેંચતાણમાં તે બુઢ્ઢા આદમીએ ઓઢેલી ચાદર સરકી ગઈ હતી અને હાજી ઝકરિયા શેઠની માનવંતી મુખકળા દેખાઈ આવી હતી. ઝકરીયા શેઠ ખાનગી સખાવત કરતાં આમ પકડાઈ જવાથી શરમાઈ ગયા હતા. તે કવરમાં રૂા. ૧૦૦ ની નોટ હતી. કવર ઉપર લખેલું હતું કે, તમારા ઇસ્લામના માનમાં બક્ષિશ, અલ્લાહ તા'લાહની મરજીના સાધનરૂપે આ અદના ખાદિમ માટે તેના ગુનાઓની માફી સારુ ખુદા પાસે દુઆ કરશો."

કચ્છી મેમણોની બોલીમાં સિન્ધી અંશ અને હાલાઇ મેમણોની બોલીમાં કાઠિયાવાડી અંશ હોવા છતાં કચ્છી અને હાલાઈ બન્ને જાતના મેમણોની બોલી કચ્છી બોલી ઉપર રચાયલી છે. તેમાં એટલા બધા હાલાઈ શબ્દો હોય છે કે બન્ને જાતના મેમણો એક-બીજાની બોલી કંઈ પણ મુશ્કેલી વિના સમજી શકે છે.

કચ્છી અને હાલાઈ બોલીના સામાન્ય શબ્દોના ફેરફાર નીચેનાં થોડા દૃષ્ટાંતો ઉપરથી સમજાશેઃ—

કચ્છી	હાલાઈ	ગુજરાતી
પાડિમા	વાંસે	પાછળ
પાની	રોટી	રોટલી
ગીનિયા	આન	લાવો
પડકાર	બરક	બોલાવો
ચનીપોન	પાઇ	પડવું
બાપ	પે	બાપ

ઉર્દૂ બોલનારા મુસલમાનોના સંસર્ગને લીધે લગભગ બધા જ મેમણો ઉર્દૂમાં વાતચીત કરવા પૂરતું જ્ઞાન ધરાવે છે. થોડા મેમણોએ ઉર્દૂનું વિદ્વતાભર્યું જ્ઞાન સંપાદન કરેલું છે, તે સિવાય બાકીના મેમણોના ઉર્દૂના ઉચ્ચાર અશુદ્ધ હોય છે.

"કિતાબુ'લ હુદા" નામની મિશ્ર અરબી-ઉર્દુ કિતાબ મદ્રાસના યાકૂબ હસન નામના મેમણે લખેલી છે. તેમાં તે લેખકનો કુઅરાનનો ઊંડો અભ્યાસ તરી આવે છે. થોડાં વરસ ઉપર અલિગઢ યુનિવર્સિટીમાં એક અરબીના પ્રોફેસર મેમણ હતા. તે અરબીના એટલા વિદ્વાન હતા કે મિસરની કેરો અઝહર યુનિવર્સિટીમાં પ્રગટ થયેલાં અરબી પુસ્તકો તેમના અભિપ્રાય માટે આવતાં હતાં. તેઓ વિદ્વતાભર્યું અરબી બોલી શકતા હતા. તેઓ રાજકોટના વતની હતા.

હાલમાં, કચ્છી મેમણો ઘર બહાર પહેરવાનાં કપડાં વધારે મોંઘી જાતનાં પહેરે છે. તે સિવાય કચ્છી અને હાલાઈ મેમણો બન્ને એક જ જાતનો પહેરવેશ પહેરે છે. પુરુષોનો મૂળ પોશાક, કચ્છી અથવા કાઠિયાવાડી સાફો, એટલે વગર બાંધેલી પાઘડી, પહેરણ, કબ્જો ઢીલાં, ઉપરથી પહોળી અને નીચેથી તંગ અથવા કેટલાક વખત ઢીંચણ નીચેથી બટનવાળી સુરવાર, કમરે સફેદ સુતરાઉ, રેશમી અથવા સોનેરી, કમરે વીંટાળેલું, ઢીંચણ સુધી લટકતું કપડું અને દેશી જોડાનો હતો. ઘરમાં પહેરવાનો પોશાક પહેરણ અને સુરવાળ હતાં. સ્ત્રીઓ લાંબો આબો, અર્ધી બાંયની પીઠ વિનાની ચોળી અને કાઠિયાવાડી ઢબનો કાળો અથવા ઘેરા ભૂરા રંગનો ચણિયો પહેરે છે.

પોશાકનો પહેલો ફેરફાર ૧૮૫૭ની રાજ્યક્રાન્તિ પછી થયો હતો. મેમણ સ્ત્રીઓ ઇસ્લામી શરીઅતમાં શરીરના જે ભાગ ઢાંકવાનું ફરમાવેલું છે, તે ભાગ ખુલ્લા રાખતી હતી. તે સામે તેમના સૈયદ પીરઝાદાઓ અને મૌલવીઓએ વાંધો લીધો હતો. તેમના સપનાવ સુખી સ્થિતિના મેમણોએ હિન્દુ પહેરવેશ છોડી દીધો હતો, અને ગરીબ વર્ગો માલદારને પગલે ચાલ્યા હતા.

પુરુષોમાં પોશાકના ફેરફાર ધીરે ધીરે થયા હતા. શરૂઆતમાં, મક્કા શરીફની હજ પઢી આવેલાઓએ નાની કમાનવાળી અરબી પાઘડી,

'અમામાં' ઢીલો ખુલ્લા ગળાવાળો ઓવરકોટ, સાયો, લાંબુ ઢીલું પહેરણ અને બ્હોંયો વિનાનો તંગ કબજો પહેરવાં શરૂ કર્યાં હતા. જૂની ઘુટણ સુધી પહોંચતી સુરવાળો ચાલુ રાખવામાં આવી હતી, પણ તેનાં બટન કમી કરવામાં આવ્યા હતાં. કેટલાંક વર્ષો સુધી ફક્ત હાજીઓને જ આવો અરબી પહેરવેશ પહેરવાની છૂટ હતી. પરંતુ ક્રમે ક્રમે આ નવી ઢબનો પહેરવેશ સામાન્ય પ્રચારમાં આવી ગયો હતો.

જોકે મેમણો કીમતી કપડાં પહેરવાના શોખીન હોય છે, છતાં સ્ત્રીઓ કે પુરુષો કપડાંની પસંદગી કે સ્વચ્છતામાં દીપી આવતા નથી. પુરુષો સોનેરી ભરતકામ અને સ્ત્રીઓ સુંદર રંગોની શોખીન હોય છે. મેમણોના અત્યારના પહેરવેશની મુખ્ય વિશિષ્ટતા તેમની ટૂંકી પાઘડીઓની છે. તે પાઘડી જાવામાંથી થોડા વખત ઉપર આયાત થયેલી ઠંડક આપે તેવી, હવાદાર અને વજનમાં હલકી ઘાસની ગુંથેલી ટોપી અથવા સફેદ સુતરાઉ માથાની અંદર પહેરવાની અરબી ટોપી ઉપર હલકા રેશમના અથવા શાલના અથવા સોનેરી ભરતવાળા કપડાના થોડાક આંટા વીંટીને બનાવેલી હોય છે.

સ્ત્રીઓનાં પહેરવેશમાં મુખ્ય વિશિષ્ટતા ચોલીઓની ટૂંકી બ્હોંયો, રેશમી ઢીલાં પહેરણો, ઢીંચણથી ઉપરના ભાગમાં પહોળી અને ઘુંટણ આગળથી તંગ ઇજારો અને સોનેરી મણકાવાળાં અને ..નેરી અથવા રેશમી ભરતકામ છૂટે હાથે વાપરેલાં પહેરણોની ..ાય છે.

તવંગર મેમણોના ઘરમાં પહેરવાનો પોશાક સોનેરી ભરત-વાળી અથવા કિનખાવની ટોપી, ઝીણાં ફૂલવાળું અથવા સાદું મલમલનું, ગળે બારીક સાંકળીમાં ત્રણ ચાર સોનેરી બટનોવાળું

લાંબુ પહેરણ, શરીરે ચુસ્ત બેસતો બ્હોંય વિનાનો શિયાળામાં રેશમી અથવા ઊનનો અને ઉનાળામાં સફેદ મલમલનો અથવા રંગીન રેશમનો કબ્જો—'સદરિયો' હોય છે. તેને આગળ નાનાં નાનાં રેશમી બટનો અને તેમને ભરાવવા સામી બાજુ તેવાં જ નાનાં નાનાં રેશમી નાકાં હોય છે. તેવા સદરિયાને છાતી ઉપર બે લાંબા અને કમર ઉપર ચંદ્રાકારનાં બે નાનાં ખિસ્સાં હોય છે. છાતી ઉપરના ખિસ્સામાંથી અથવા રેશમી બટનોનાં નાકાં નીચેથી રેશમી રંગીન રૂમાલ બહાર દેખાય તેમ રાખવામાં આવે છે. સુરવાળો ક્રીમ કલરના કપડાની, ઉપરથી ઢીલી અને ઘૂંટણ આગળથી તંગ, વાળેલી પટ્ટીની હોય છે. પાકી ઉમરના અને પરહેઝગાર મેમણો ઘૂંટણ ઉપર એક બે ઇંચ ઊંચી રહે તેવી શરીઅત મુજબની ટૂંકી સુરવાળો પહેરે છે. બહાર જવા માટે તવંગર અને યુવાન પુરુષો અંગ્રેજી ફેશન પ્રમાણે જમીન સુધી પહોંચતી એક સરખી પહોળાઈની નીચી સુરવાળો પહેરે છે. ઘરમાં થોડાક, અંગ્રેજી રિવાજ પ્રમાણે, મોજા સાથે સ્લીપરો પહેરે છે, તે સિવાય બીજા ઘરમાં ખુલ્લા પગે ફરે છે. બહાર જવા માટે પૈસાદાર મેમણો ઘરમાં પહેરવાના પોશાક ઉપર સાયો, સદરિયો પહેરી લે છે. સાયો અંદરના સદરિયા જેવા જ કપડાનો, તેના ઉપર પહેરવાના ઓવરકોટ જેવો હોય છે; પરંતુ અંદરના સદરિયાથી જુદો પડતો ઢીલો અને બ્હોંયોવાળો, પણ બન્ને બાજુએ કામવાળો અને ઘણી વખત ઢીંચણથી નીચે સુધી પહોંચતો હોય છે. આ ઓવર કોટ ઉપર પૈસાદાર મેમણો એ જ જાતના કપડાનો, ઢીલો, બટન વિનાનો અરબી ઝબ્ભો અથવા 'સાયો' પહેરે છે. પગમાં અંગ્રેજી શૂઝ અથવા લાલ ચાંચવાળા દેશી સ્લીપરો પહેરે છે. ખાસ પ્રસંગોએ માલદાર મેમણોનો પહેરવાનો પોશાક તેમના સાધારણ બહાર જવા પહેરવાના પોશાક જેવો જ હોય છે; પરંતુ ફેર એટલો હોય છે કે ખાસ પ્રસંગોએ પહેરવાના પોશાકમાં સાયાનાં બટનોના કૉલરો અને તે પોશાકની કિનારીઓ સોનેરી અથવા રેશમી ભરતવાળી હોય છે.

માથે જુની ઢબની કમાનવાળી અરબી પાઘડી અથવા કીમતી કાશ્મીરી શાલ પહેરે છે. એ શાલ ખીચોખીચ ભરેલી અથવા સોનેરી કિનારી બનારસી દુપટ્ટાની જાતની હોય છે, અથવા છેલ્લામાં છેલ્લી ફેશન પ્રમાણે, રેશમી ભરતવાળી અથવા કિનખાબની ટોપી અથવા ચીત અને જવાની છેલ્લામાં છેલ્લી ફેશનની ઘાસની ટોપીની આજુબાજુ ટૂંકા દુપટ્ટાનાં એક બે આંટા વીંટાળેલી હોય છે.

વચલા વર્ગના મેમણોનો ઘરમાં પહેરવાનો અથવા બહાર જવાનો પોશાક ઓછો કીમતી અને વધારે વખત સુધી પહોંચે તેવાં ટકાઉ કાપડનો હોય છે. તે વાર તહેવારોએ અને સાધારણ ટાંકણાંએ પણ સાયા વિના ચલાવી લે છે, અને કેટલીક વખત ઉતરતા વચલા વર્ગ અને ગરીબ વર્ગ માફક ખુશીના પ્રસંગોએ અથવા વેપારધંધા અર્થે બહાર જાય ત્યારે પણ માથે એકલી ટોપી પહેરે છે, અને કબજા ઉપર બીજું કંઈ પણ પહેરતા નથી. પગમાં અંગ્રેજી બૂટ કે શૂઝ પહેરે છે. ઘણા પૈસાદાર મેમણો તેમાં મોજા પહેરે છે.

ગરીબ મેમણો સુતરાઉ અથવા રેશમી ટોપી, હલકા કપડાનું અથવા મલમલનું પહેરણ, રેશમી અથવા બનાતનો ગરમ કબજો અને હલકા સામાન્ય રંગીન કપડાની સુરવાળ પહેરે છે. માત્ર ઈદના દિવસોએ અને લગ્નપ્રસંગોએ અને જાહેર વરાઓમાં ગરીબ મેમણો પાઘડી અથવા સાયો–સદરીયો પહેરે છે. સાધારણ રીતે, તેઓ દેશી બનાવટના રાતા જોડા અથવા ચાંચવાળી સ્લીપરો પહેરે છે.

માલદાર મેમણ-સ્ત્રી નીચું, ઢીલું અર્ધા બહોંયવાળું ચકચકીત રંગોવાળું ચીનાઇ અથવા હિન્દી રેશમનું 'આબા' નામનું કુરતું પહેરે છે. તેના ગળાની બન્ને બાજુએ ખભા ઉપર બબ્બે નાનાં બટન હોય છે. ક્યાં બટન મૂકવા એ મેમણ અને ખોજા સ્ત્રીઓનાં કુરતામાં મુખ્ય ફરક

૧૮

હોય છે. ખોજા-સ્રી ગળા નીચે છાતી ઉપર બટન રાખે છે.
જ્યારે મેમણ-સ્ત્રી ઉપર પ્રમાણે દરેક ખભા ઉપર બટન રાખે છે. આ
આબા નામનું કુરતું છાતી ઉપર ભરેલું અને કિનારીઓ ઉપર અને
સીવણ ઉપર સોનેરી કિનારી મૂકેલું હોય છે.

આ કુરતું ઘણી વખત મલમલ અથવા ગોઝ જાતના બારીક કપડાનું
બનાવવામાં આવે છે; જેથી તે નીચે પહેરેલી ચુસ્ત, પીઠ વિનાની રેશમી
અથવા કિનખાબની ચોળીનું કીમતી કપડું અને તેના ઉપરનું ખીચોખીચ
ભરતકામ દેખાઈ શકે. ઇજારો ઢીંચણના ઉપરના ભાગમાં પહોળી અને
ઘૂંટણ ઉપર સાંકડી હોય છે. તે રેશમી પરંતુ 'આબા' કરતાં ઓછા
ચળકતા રંગની અને બાજુઓ ઉપર અને કિનારીઓ ઉપર ખીચોખીચ
ભરતવાળી અને સોનેરી કિનારી મૂકેલી હોય છે. ઘરમાં સાધારણ રીતે
માથા ઉપર 'મિસ્સર' બાંધવામાં આવે છે. તે ફૂલવાળો અથવા સાદો
રેશમી ત્રિકોણાકારનું કટકો હોય છે; અને તેની એક બાજુએ સોનેરી
કિનારી લગાડેલી હોય છે, અથવા તેની કિનારી ઉપર ઝીણી
સોનાની ઘૂઘરીઓ મૂકેલી હોય છે. બહાર જવામાં અથવા
ખાસ પ્રસંગોએ માથે તેઓ ત્રણ વારનું ફુલવાળું ચોરસ 'ઓઢ
ઓઢે છે. તે ગોઝનું અથવા 'મલાયા' જાતના કપડાનું અથવા
તપખીરિયા રેશમનું હોય છે. તેની કિનારીઓ ઉપર ભરતવાળી
કિનારી હોય છે, અને સીવણ ઉપર ભરતવાળી કિનારી મૂકી
સીવણ ઢાંકી દીધેલું હોય છે. ઘરમાં જૂજ અપવાદ સિવાય કચ્છી
અને હાલાઈ બન્ને જાતના મેમણો ખુલ્લા પગે ફરે છે. સ્લીપરો ફક્ત
પ્રસંગોપાત્ત જ પહેરવામાં આવે છે. બાહર જવાના પ્રસંગોએ કચ્છી
કે હાલાઈ ગમે તે કોઇની માલદાર સ્ત્રી પોતાના પહેરેલાં કપડાં ઉપર
'મલાયા' કે મલાયાની સીવણ ઉપર સોનેરી કિનારીવાળી અથવા
ઝૂલવાળી તપખીરિયા રંગની રેશમી ચાદર ઓઢી લે છે. 'મલાયા

અરબી શબ્દ છે. આરબોએ એ પહેરવેશ એ દેશના અનુકરણે કરેલો હોવાથી તેને તે નામ આપવામાં આવેલું હોય એમ લાગે છે. હાલાઈ સ્ત્રીઓ ગરીબ અથવા તવંગર કોઈ પણ બહાર જવાને પ્રસંગે પગે મોજા પહેરતી નથી; કેટલીક સ્ત્રીઓ તો સપાટો પણ પહેરતી નથી, જ્યારે એવે પ્રસંગે કચ્છી સ્ત્રીઓ હંમેશાં મોજા અને અફઘાન જાતના ચામડાના શઝ પહેરે છે: ખાસ પ્રસંગોએ મેમણ સ્ત્રીઓ તેમનાં ઘરમાં પહેરવાનાં કપડાં ઉપર ગળે રૂમાલ વીંટે છે. તેમનો તે રૂમાલ 'આબો' ઇજારો, બીજી સુન્ની મુસલમાન સ્ત્રીઓ પહેરે છે તે કરતાં વધારે ભરતવાળા અને મોતી અને સોનેરી કિનારીથી શણગારેલા હોય છે. હાલાઈ મેમણોની સ્ત્રીઓ પુષ્કળ સોનાચાંદીના દાગીના પહેરે છે; પણ તેમાં ઝવેરાત ઓછું હોય છે, જ્યારે કે કચ્છી મેમણોની સ્ત્રીઓ સોના ચાંદીના દાગીના થોડા વાપરે છે પરંતુ કીમતી ઝવેરાતના દાગીનાના સેટના સેટ પહેરે છે.

હાલાઈ કે કચ્છી કોઈ સ્ત્રીઓ શોકની કોઈ નિશાની રાખતી નથી. વિધવાઓ નાકમાં 'ચૂક'—'સીથ' પહેરતી નથી અને લગ્ન-પ્રસંગોએ અથવા એવા બીજા આનંદના પ્રસંગોએ હાજરી આપતી નથી. તે સિવાય તેમને શોકની કોઇ નિશાની રાખવાની જરૂર માનવામાં આવતી નથી.

મેમણો ખાવાપીવાના શોખીન હોય છે અને ખૂબ ખાય છે, છતાં બીજા મુસલમાનોની સરખામણીમાં પાકશાસ્ત્ર માટે બેપરવા હોય છે. ખાવાની વાનગીઓની તેમની પસંદગી પણ જેવી તેવી હોય છે. વચલી ઉંમરના ઘણાખરા મેમણો શરીરે સ્થૂળ હોય છે. તેનું કારણ એ હોય છે કે તેઓ નાનપણથી પુષ્કળ ઘી ખાવાને ટેવાયલા હોય છે. મૂળ ઉત્તર ગુજરાતમાંથી આવેલી ચાર વાનીઓ મેમણો ખાસ પસંદ કરે છે. તે– (૧) ભાત અને બકરાંઘેટાંનાં હાંડકાંનો ઘીમાં રાંધેલો

'હાડકા પુલાવ' અને હાલાઈઓની 'મીંદરાજ,' એટલે રાજવંશી ખાણાની કીમતી વાની હોય છે, (૨) વાળુટાણે તેઓ હમેશાં મગભાતની ખીચડી પસંદ કરે છે. આ ખીચડી ખાવાના તેમના બે પ્રકાર હોય છે: એક તો મગભાતમાં જેટલું ઘી સમાઇ શકે તેટલું ઘી તેઓ તેમાં સમાવે છે. તેવી ખીચડી તેઓ દહીં, છાસ દાળના વડા અથવા કેરીના અથાણા સાથે ખાય છે. તેટલું ખાધા પછી થોડી ખીચડી તેઓ દૂધમાં ભેળવી, દૂધનું પુડિંગ અથવા 'પોરીજિ' (porridge) હોય, તેમ તેઓ પી જાય છે.(૩) તેમની ત્રીજી વાની મચ્છી અને 'સેકટા' (સરગવા) અથવા મચ્છી અને ભીંડાનું શાક હોય છે. (૪) ચોથી વાની કચ્છીઓમાં 'મુઠિયાં' અને હાલાઈઓનાં 'ઢોકળાં' હોય છે, તે મુઠિયાં અથવા ઢોકળાં તેઓ દાળ સાથે મીઠું ચઢાવેલી મચ્છી અને ભાત અને બાજરાની રોટલીના કટકા મસાલા અને મચ્છી સાથે ધીમી આગ ઉપર રાંધીને બનાવે છે.

પ્રકરણ ૪૮

મેમણોની કોમી અને મઝહબી વિશિષ્ટતાઓ

કચ્છી અને હાલાઈ બન્ને જાતના મેમણો. ઘણાખરા હિન્દી અને તુર્કી મુસલમાનો માફક હનફી મઝહબના સુન્ની મુસલમાનો હોય છે. જોકે કેટલાક ખાસ કરીને કચ્છીઓ, તેમના અગાઉના બિન-મુસ્લિમ સામાજિક વહેવારોને વળગી રહે છે. એવા બિન-મુસ્લિમ રિવાજોમાં સૌથી મહત્ત્વનો રિવાજ એ છે કે તેઓ તેમના પૂર્વાશ્રમી પૂર્વજો લોહાણા માફક તેમની પુત્રીઓ અને વિધવાઓને વારસો આપતા નથી; પરંતુ તેઓ તેમનો આ 'રિવાજી કાયદો'—Customary Law ધીરે ધીરે છોડતા જાય છે અને શરિયતના કાનૂનોનો ચુસ્તપણે અમલ કરવા તરફ ઢળતા જાય છે. તેમાં સરકારે તેમને માટે ખાસ કરેલા મરજિયાત કાયદા તેમને સહાયક નીવડે છે.

મેમણો તેમના અસલના કોમી રિવાજોને કેટલી ચીવટથી વળગી રહે છે તેનો એક દાખલો ૧૮૪૭માં બન્યો હતો. ઝકરિયા કુટુંબના હાજી નૂરમોહમ્મદની વિધવાએ તેના ગુજરનાર ધણીની મિલ્કતમાંથી તેનો વારસાનો હિસ્સો માગ્યો હતો. મેમણોની જમાતે ઠરાવ કર્યો હતો કે તેમની કોમમાં વિધવાને તેના ધણીની મિલ્કતમાંથી વારસો માગવા કોઈ હક ન હતો. એ કેસ હાઈકોર્ટમાં ગયો ત્યારે બીજા સુન્ની મુસલમાનોની આ બાબત તેમના પ્રત્યે હાંસી થતાં, કચ્છી મેમણોના વડેરાઓએ કોર્ટમાં જાહેર કર્યું હતું કે તેમની જમાતના રિવાજો મુજબ વિધવાને વારસાનો કોઈ હક ન હતો. આને લીધે ત્યારે અને હજી પણ મક્કા શરીફના ઉલમાઓમાં ચળવળ ચાલ્યા કરે છે અને એ ઉલમાઓએ ફતવો આપેલો છે કે કુરઆને શરીફમાં વારસાનો એ કાયદો ઠરાવેલો છે

તેની અવગણના કરવી એ ઇસ્લામમાંથી નીકળી જવા બરાબર છે. મેમણો આ બાબત તેમના રિવાજમાં ફેરફાર કરવા માગે છે. ગયા સૈકા આખર સુધી તેઓ તેમનો આ રિવાજ બદલી શક્યા ન હોતા પરંતુ ચાલુ સદીમાં તેમાં ફેરફારો થતા ગયા છે. કચ્છી અને હાલાઈ બન્ને જાતના મેમણોએ હવે તો શરિયતનું પાલન સ્વીકાર્યું છે.

મેમણો હજ પઢવા માટે એટલી કાળજી રાખે છે કે તેમનામાંથી લગભગ પચાસ ટકા પોતાના નામ સાથે 'હાજી'નો માનવંતો લકબ જોડવા ભાગ્યશાળી થયેલા હોય છે. પૂરતા પૈસા બચાવે કે તરત દરેક મેમણ પોતાની સ્ત્રી અને કેટલોક વખત તો તદ્દન નાનાં છોકરાં સાથે મક્કા શરીફની હજ પઢવા નીકળી પડશે. મુસાફરીની મુસીબતો માટે તે લાપરવા હોય છે, કારણ કે જે પાક પરવરદિગાર તેની સંભાળ ઘેર રાખે છે, તે જ તેને 'બયતુલ્લાહ' (અલ્લાહનું ઘર)ને માર્ગે પણ સંભાળશે, એવું તેનું પાકું આકીન હોય છે. મક્કા શરીફથી તે મદીના મુનવ્વરા જાય છે અને તેની પાસે દ્રવ્ય હોય અને તેને અવકાશ હોય તો તે પોતાના મુરબ્બી પીર હ. પીરાનપીર સાહેબ 'દસ્તગીર', મૌલાના અબ્દુલ કાદિર જીલાની (રહ)ના રોજાની ઝયારત કરવા તે બગદાદ શરીફ જાય છે.

જેઓ હજ પઢી આવેલા હોય છે અથવા જેઓ તેમ કરવા અશક્ત હોય છે, તેઓ હિન્દુસ્તાનની કેટલીક દરગાહોની ઝયારત કરે છે. તેવી દરગાહો ગુજરાતમાં, અમદાવાદમાં હ. શાહ આલમસાહેબ (રહ)ની અને અમદાવાદથી ઉત્તરે ૫૬ માઇલ ઉપર ઉંઝા સ્ટેશન પાસે, જ્યાં ભૂત-પલીત કાઢવામાં આવે છે તે હ. સૈયદ મીરાં અલી દાતારની છે. રાજપૂતાના રેલ્વે ઊઘડ્યા પછી ગુજરાત અને મુંબઈના મેમણો અજમેર શરીફના ખ્વાજા મુઇનુદ્દીન ચિશ્તી, "ગરીબનવાઝ"ના ઉરસમાં વારે વારે જાય છે.

બીજા સુન્ની મુસલમાનો માફક મેમણો જાદુ સંબંધે માને છે કે "જાદૂ બરહક્ક હય મગર ઉસકા કરનેવાલા કાફિર" અને બીજા મુસલમાનો માફક 'ફાલ' (કુરઆનમાં જોવાનું ભવિષ્ય) જોવડાવવા અને ધાગા, દોરા કે તાવીજ પહેરવામાં મેમણોને વાંધો હોતો નથી. તેઓ જ્યોતિષમાં માને છે અને જોશીઓને ભવિષ્ય પૂછે છે; જો કે આ રિવાજ હ. પયગમ્બર સાહેબ(સલ)એ નાપસન્દ કરેલો છે. મેમણો ગરીબ સૈયદો પાસે 'ફાલ' જોવડાવે છે, તે આ પ્રમાણે હોય છે:

કેટલાંક છોકરાની મા હોય એવી મેમણ સ્ત્રી ગુજરી જાય છે ત્યારે વાજબી વખત વિતાવ્યા પછી મેમણ પુરુષ ફરીથી પરણે છે. તેવી નવી સ્ત્રી માંદી થાય અને તેની બીમારી તેમાની કે સાસુ ઘરમાં કરી શકે તેવા ઘરગથ્થુ ઇલાજોથી સુધરે નહિ ત્યારે તેને 'અલાબલા' (વળગાડ) નો ઇલાજ કરવા સલાહ આપવામાં આવે છે. આવી માંદી સ્ત્રી સૂતી વખતે પોતાના ઓશીકા નીચે થોડા ચોખાના દાણા અને પાંચ તાંબાના પૈસા અથવા ચાંદીની બે આની કે ચાર આની એકાદ પૈસા સાથે મૂકે છે. બીજી સવારે ચોખા અને પૈસા પોતાના નોકર સાથે કોઈ હોશિયાર ભૂત બલા કાઢી જાણનાર સૈયદ પાસે મોકલે છે તે સૈયદ ચોખા લઈ, બીમારીની હકીકત સાંભળી, ચોખા ઉપર થૂંકે છે અને પૈસા કે ચવલી, પાવલી ઉપર દુઆ પઢી આપે છે. તે કહે છે કે આ પૈસામાં કોઈ ગયેલી સ્ત્રીનો બલા છે. બીમાર સ્ત્રીના ધણીને અગાઉ બીજી સ્ત્રી હતી? અને તે ગુજરી ગયેલી છે? તે બીમાર સ્ત્રીના તરફથી કહે છે કે ', ખરી વાત' તેથી તેની તે બીમારી તેની શોકયના વળગાળીને લીધે હોવી જોઈએ, પણ તે લાવનાર કહે છે કે બીમાર સ્ત્રી તેની શોકયના છોકરાં પ્રત્યે બહુ માયા રાખે છે. તે 'શાણો' સૈયદ કહે છે કે છોકરાંનો સવાલ નથી. બીમાર સ્ત્રીએ તેની મરનાર

શોકયની વરસીએ તેનો ફાતેહો કરેલો છે? કદાપિ, તેની તેને ખબર પણ નહિં હોય! માટે તમારી બીમાર બાઈને કહેજો કે તેણે તેની મરનાર શોકયના ધણીનો પ્યાર મેળવ્યો છે અને ઘરની સઘળી ઇસ્કામત, જે એક વખત તેની શોકયની હતી, તેની હવે તે કુલ માલિક બનેલી છે, માટે તેની શોકયની વરસીને દિવસે પાંચ સૈયદ અથવા ગરીબ માણસોને દહીંભાત અને દાળ જમાડે. સૈયદનો એ સંદેશો તે ચોખા વગેરે લઈ જનાર આવીને તે બીમાર સ્ત્રીને કહે છે. તે ઉપરથી તે સૈયદને બોલાવવામાં આવે છે. પછી એ બીમાર સ્ત્રી બુરખો પહેર્યા વિના એ સૈયદ સામે બેસે છે. તે સૈયદ લોબાન બાળે છે, એક બે લીંબુ કાપે છે અને લોઢાના ખીલા ઉપર કંઈક પઢીને, તે ખીલો ઘરના ઉંબરમાં ઠોકી બેસાડે છે. પછી તે જ વખતે અથવા બીમારી મટ્યા પછી તે સૈયદને સવા રૂ.થી પાંચ રૂ. સુધી આપવામાં આવે છે.

કેટલીક વખત તે સૈયદને આટલું બસ લાગતું નથી તેથી જતી વખતે, તે દરેક સવારે પોતાને ચીનીની એક સફેદ રકાબી મોકલવા બીમારને કહેતો જાય છે. તે સૈયદ તે રકાબી ઉપર જાફરાન (કેસર)થી કેટલાંક ખાનાં પાડી, તેમાં આંકડા લખે છે અથવા તે રકાબી ઉપર તે કુરઆને શરીફમાંની 'ફલક' અને 'નાસ'ની સુરાઓ અથવા 'આયતુ'લ કુરસી'ની સુરા લખે છે. બીમાર સ્ત્રી તે રકાબી ચોખ્ખા પાણીથી અથવા ગુલાબજળથી ધોઈ તે પાણી પી જાય છે. કેટલીક વખત તેવું તાવીજ કાગળ ઉપર તે જ પ્રમાણે લખવામાં આવે છે, અને તે એ જ રીતે પીવામાં આપે છે, અથવા તે તાવીજ ચાંદીના માદળિયામાં મૂકી ગળામાં કે હાથ ઉપર પહેરવામાં આવે છે.

કચ્છી મેમણોના પીરઝાદા, ઉપર શરૂઆતમાં પેઢીનામું આપ્યું તે મુજબ હ. યુસુફુદ્દીનથી ૧૯મી પેઢીએ છે. તેઓ કચ્છમાં માંડવીથી પૂર્વમાં ૪૦ માઇલ ઉપર મુંદ્રામાં રહે છે. તેઓ પોતાના મુરીદોમાં

એક બે વરસમાં એકાદ વખત ફરવા નીકળે છે તે વખતે તેમને માટે દરેક મેમણ કુટુંબમાંથી રૂા. બેથી બસો સુધીનું ઉઘરાણું કરીને તે પીરને આપવામાં આવે છે. મેમણો અમદાવાદના બુખારી સૈયદોને પણ માને છે.

હાલાઈ મેમણોના પીર પંજાબમાં સરહિંદમાં રહે છે. તેઓ પાંચ વરસમાં એકાદ વખત તેમના ગુજરાતના મુરીદોમાં આંટો મારવા આવે છે. તે ઉપરાંત, તેમના પ્રાન્તિક મુખી કાઠિયાવાડમાં ધોરાજીમાં રહે છે. આ મુખી તેમનામાં લગ્ન, તલાક અને કેટલીક વખત વારસાની નાની બાબતોમાં પક્ષકારોને સાંભળે છે અને તે બાબત તે પોતાનો નિર્ણય આપે છે.

થોડાક મેમણો હુન્નર કરી જાણે છે તે સિવાય તેઓ ઇસ્લામની શરીઅતથી મના કરેલી નિશાવાળી ચીજો સિવાય બીજી બધી જાતના વેપારધંધા કરે છે. મુસલમાનોમાં દાઊદી વહોરા સિવાય કદાપિ, મેમણોમાં જ સૌથી વધારે સંખ્યામાં અને ખરેખર સૌથી વધારે ફતેહમંદીથી બધી જ જાતના પરચુરણ ધંધા અથવા તેની દુકાનો કરે છે. ધંધામાં તેમની ફતેહ તેઓ કાળજીથી અંગત ધ્યાન આપે છે તેને લીધે હોય છે. ગમે તેવો માલદાર મેમણ વેપારી જે તેની સ્થિતિનો પારસી વેપારી પોતાના કારકુનોને જ સોંપે, તેવું કામ જાતે કરવામાં પણ તે પોતાની જાતનેહલકોમાનતો નથી. તેમનો આશાવાદ અને તેમની સાહસિકતા એ પણ તેમના સર્વોત્તમ ગુણો છે. આશા વિના કોઈ પણ નવા ધંધામાં તેઓ નીડરતાથી ઝંપલાવે છે અને સાહસ કરતાં પાછું જોતા નથી. તેમનો આ ગુણ કંઇક પ્રમાણમાં તેમના લોહાણા પૂર્વજોનો છે અને કંઈક પ્રમાણમાં તેઓ માને છે કે તેમના મુરબ્બી પીરની દુઆને લીધે નસીબ તેમને યારી કરે છે. મેમણો વેપાર માટે બીજા પાસેથી નાણાં લે છે. તે સિવાય તેઓ કવચિત્ જ દેવાદાર હોય છે. તેઓ

ઇસ્લામી શરીઅત અનુસાર સામાન્ય રીતે પૈસા વ્યાજે ધીરતા નથી. જો કે મોટી પરદેશી પેઢીઓના ગૂંચવાડાવાળા હિસાબોમાં મૂડી ઉપરનું વ્યાજ સર્વદા બહિષ્કાર કરેલું હોતું નથી.

તેમણે થોડા વખતથી જ તેમનાં છોકરાંને અંગ્રેજી શિખવવું શરૂ કરેલું છે છતાં, એક કોમ તરીકે તેઓ ઉચ્ચ કેળવણી લેવાની વિરુદ્ધ હોય છે. ઘણીખરી મેમણ છોકરીઓ ઠીક ઠીક ઉર્દુ જાણે છે અને મઝહબી બાબતોમાં તેમનું શિક્ષણ સારું હોય છે. હવે તો કેટલાક મેમણ કુટુંબોએ ઘરમાં માતૃભાષા તરીકે ઉર્દુ અપનાવ્યું છે, છતાં તેઓ કચ્છી સારું બોલી જાણે છે. તેમનું ગુજરાતીનું જ્ઞાન કેટલીક વખત હસવા જેવું હોય છે. મેમણ સ્ત્રીઓ તો ઘણી વખત કચ્છી સિવાય બીજું કંઈ જ બોલી જાણતી નથી; ગુજરાતી પણ નહિ.

પ્રકરણ ૪૯

કરાલીઆ

કરાલીઆ એટલે કુંભારો; તેઓ અમદાવાદ શહેરમાં રહે છે. તેઓ હિન્દુ કુંભારો મુસલમાન થયેલા તેમના વંશના છે. તેઓ અમદાવાદમાં પોતાને 'કુંજા ફરોશ' કોમ તરીકે ઓળખાવે છે. 'કુંજા' પાણીના ભોટવા, 'ફરોશ'—વેચનાર—તેમનામાંના કેટલાક હિન્દુ કાછિયામાંથી પણ મુસલમાન થયેલા કહેવામાં આવે છે.

તેઓ મધ્યમ કદના અને ગૌરવર્ણા હોય છે. પુરુષો પહેલાં માથે હજામત કરાવતા હતા. હવે તેઓ માથે કતરાવેલા વાળ રાખે છે.તેઓ દાઢી રાખે છે પણ હવે નવા જુવાનવર્ગે ક્લીન શેવ—'clean shave' ની ધુનમાં દાઢીને રૂખસદ આપી દીધેલી છે: તેમની સ્ત્રીઓ ગૌરવર્ણા, સુન્દર અને મજબૂત બાંધાની હોય છે. તેઓ ગુજરાતી બોલે છે. પુરુષો ગરીબ મુસલમાનો જેવાં અને સ્ત્રીઓ હિન્દુ સ્ત્રીઓ જેવા કપડાં પહેરે છે. સ્ત્રીઓ હાથમાં મુસલમાની સ્ત્રીઓ માફક ચાંદીની બંગડીઓ પહેરે છે.

તેઓ હવે માટીનાં વાસણો બનાવતા નથી, પણ બનાવેલા વાસણો વેચે છે. તેઓ લાકડાંની લાટીઓ વગેરે બીજા ધંધા પણ કરે છે. પુરુષો મજૂરી અથવા ઘરગથ્થુ કામ કરે છે. સ્ત્રીઓ દુકાનો ચલાવે છે.

પુરુષો શાન્ત, પ્રમાણિક અને ત્રેવડવાળા હોય છે. કેટલાક આળસુ અને અફીણી હોય છે. તેઓ એકંદરે સુખી સ્થિતિના છે. કેટલાક માલદાર પણ છે. તેમનામાં કેટલોક વખત થતાં કેળવણી દાખલ થવાથી, તેમનામાં હવે ગ્રેજ્યુએટો અને વકીલો વગેરે પણ મળે છે.

અમદાવાદમાં એક મુસ્લિમ સહકારી હાઉસીંગ સોસાયટી આ લોકોની છે. તેમનામાંના ગરીબવર્ગની સગવડ ખાતર તેમની ન્યાતનું એક ચાલીમાં તેમને સસ્તે ભાડે મકાન મળવાની સગવડ છે. શહેર બહાર તેમની જમાતની એક 'વાડી' છે, જે હમણાં તો એક સ્કૂલને ભાડે આપેલી છે. જમાતની ભાડાની ચાલી અને આ 'વાડી' ભાડાની મળીને તેમની જમાતની સદ્ધર ગણી શકાય તેવી વાર્ષિક આવક છે.

તેઓ સુન્ની છે. તેમનામાં કેળવણી દાખલ થયા પછીથી તેઓ દીનમાં વધારે આકીન રાખતા થયેલા છે. તેમનામાં કેટલાક કુરઆને શરીફ પઢી જાણે છે.

તેઓ પોતાની કોમમાં જ અથવા લાકડાં ફાડનાર કઠિયારાઓમાં પરણે છે. તેમની અને કઠિયારાની મળીને એક જમાત છે. તેમની નાતનો પટેલ તેમની અંદર અંદરની તકરારો ચૂકવે છે.

પ્રકરણ ૫૦

ગાડિત અને ગવલી

ગાડિત—ગાડીઓ ફેરવનારા અને ગવલી—ગાયો રાખનારા અને તેમનું દૂધ વેચનારા સાબલીઆ અને ગવલીની હિન્દુ કોમોમાંથી મુસલમાન થયેલાના વંશના ગુજરાતમાં ઘણે સ્થળે મળે છે. ખાસ કરીને અમદાવાદ અને વડોદરામાં તેમની સંખ્યા સારી ગણાય તેવી છે.

મિરાતે અહમદીમાં દૂધવાળા અને પિંજારાને 'મન્સુરી'નું સામાન્ય ઉપનામ આપેલું છે. તેમાં કહેલું છે કે એ બન્ને વર્ગો સૈયદ મોહમ્મદ જૌનપુરી રાજે શહીદના અનુયાયીઓ છે. આ રાજે શહીદ મહ્દવી મઝહબના ઉપદેશક હતા. તેમને શાહઝાદા ઔરંગઝેબની ગુજરાતની સૂબાગીરી દરમ્યાન (૧૬૪૪–૪૬) અમદાવાદમાં કતલ કરવામાં આવ્યા હતા. તેમનો રોજો શાહીબાગમાં છે.

આ બે વર્ગો 'મન્સુરી' કહ્યા છે, કારણ કે તેઓ હઝરત અબુ'લ મુગીરા હુસેન ઇબ્ન મન્સુર અલ હલ્લાજ (રૂ પીંજનારા) (રહ.) જેઓ ટૂંકા 'મન્સુર'ના ઉપનામથી મશહૂર છે, તેમના તેઓ ધાર્મિક અનુયાયીઓ અથવા મુરીદો છે.

આ હ. 'મન્સુર' (રહ) ૧૮મા અબ્બાસી ખલીફા અલ મુક્તદીર (ઈ. સ. ૯૦૮–૯૩૨)ના અમલમાં થયા હતા. તેમના ઉપર મુલ્લાઓએ તહોમત મૂકેલું હતું કે તેઓ ઇસ્લામી શરીઅત વિરુદ્ધ 'અનલ હક્ક'—હું ખુદા છું 'અહમ્ બ્રહ્માસ્મિ' કહેતા હતા. તેથી ૯૨૨માં તેમને 'સંગસાર' કરવામાં આવ્યા હતા. 'સંગસાર' એટલે માણસને

કમર સુધી ઊભો જમીનમાં દાટી, શરીરના ઉપરના ભાગ ઉપર પત્થરો મારીને તેને મારી નાખવો તે.

અમદાવાદમાં 'મન્સુરી' ઉપનામ અટક તરીકે અંગીકાર કરનાર સૌથી પહેલાં ખા. સા. અલી મોહમ્મદ હતા. તેઓ તે 'ખા. સા. ડૉ. મન્સુરી'ના ટૂંકા નામથી વધારે જાણીતા હતા. તેઓ ઘણા લાંબા વખત સુધી મુંબઈની ધારાસભાના સભ્ય હતા. તેઓ શિક્ષણથી ડૉક્ટર હતા, પણ તે ધંધો જૂજ વખત અજમાવી પછીથી તેઓ મુખ્યત્વે 'કૉટન વેસ્ટ'—મીલોમાં નકામું પડેલું સુતર લાવીને તેનો મોટો વેપાર કરતા હતા.

તેમણે 'મન્સુરી'ની અટક પ્રચલિત કર્યા પછીથી અમદાવાદમાં અને ગુજરાતના બીજા જિલ્લાઓમાં પણ એ અટક પ્રચલિત થયેલી છે. આ અટકવાળા બધા જ સુન્ની વહોરાઓ છે.

ગાડિત અને ગવલીમાં પેટાજ્ઞાતિઓ નથી. પુરુષો ઊંચા, ગૌરવર્ણ, સારા બાંધાના અને દેખાવડા હોય છે. તેઓ માથાના વાળ સાધારણ લાંબા અને દાઢી ટૂંકી રાખે છે. સ્ત્રીઓ ખૂબસૂરત હોય છે. તેમની આંખો ઘણી વખત માંજરી અને તેમના માથાના વાળ ગૂંચળાંવાળા હોય છે.

તેઓ ગુજરાતી બોલે છે. તેઓ ત્રણ ખૂણાવાળી મરાઠી ઘાટની પાઘડી અને કેટલાક ધોતી પહેરે છે. તે સિવાય સાધારણ રીતે પુરુષો બીજા મુસલમાનો માફક પહેરણો અને સુરવાળો પહેરે છે; પરંતુ તેમની સ્ત્રીઓ હિન્દુ સ્ત્રીઓનો પહેરવેશ પહેરે છે. પુરુષો દૂધ વેચે છે અને ગાડાં ભાડે ફેરવે છે. હવે તો હાથલારીઓ અને મોટર ખટારાઓને કારણે જૂની ઢબનાં ગાડાં શહેરોમાં ભાગ્યે જ જોવા મળે છે. સ્ત્રીઓ ગાયો ભેંસો દુએ છે અને તેમને સંભાળે છે.

પુરુષો એકન્દરે શાન્ત, મહેનતુ, કરકસરીઆ અને સુઘડ હોય છે; પરંતુ દૂધમાં પાણી ભેળવવા માટે તેમનું નામ વગોવાય છે.

મઝહબે તેઓ નામના સુન્ની હોય છે. તેઓ ધાર્મિક વૃત્તિવાળા હોતા નથી; માત્ર થોડા જ કુરઆને શરીફ પઢી જાણે છે અથવા નમાઝ પઢે છે.

હિન્દુઓ માફક તેમનામાં લગ્નપ્રસંગોએ સ્ત્રીઓ વરઘોડામાં ભળે છે અને ગુજરાતી ગીતો ગાય છે. તેઓ મોતમૈયતમાં રડેકૂટે છે. પારસીઓ માફક તેઓ પોતાનાં નામને છેડે ' જી ' ઉમેરે છે.

તેઓ માત્ર પોતાની કોમમાં જ લગ્નવહેવાર કરે છે. અને તેઓ બીજાઓથી નિરાળી કોમ તરીકે રહે છે. તેમનામાં નાતનો પટેલ હોય છે. તેઓ તેમનાં છોકરાંને સાધારણ કેળવણી આપે છે. કેટલાક અંગ્રેજી પણ ભણાવે છે. એક કોમ તરીકે તેઓ એકંદરે સુખી હાલતમાં છે. તેમનામાંથી કોઈ ઊંચી પદવીએ પહોંચ્યો નથી.

સાબલીઆ—જુઓ ઉપર ' ગાડિત, ગવલી '.

પ્રકરણ ૫૨

ખેડૂતો

ખેતી કરનારી ૨૨ જાતો છે: ૧. ખેહૂલીમ, ૨. વહોરા, ૩. ચાવડા, ૪. ચૌહાણ, ૫. ગામેતી, ૬. ગયૂરમેહદી, ૭. ગોહિલ, ૮. જેટા. ૯. કાકાપુરી, ૧૦ કસ્બાતી, ૧૧. ખોખર, ૧૨. મકવાણા, ૧૩. મલેક, ૧૪. મતિયા, ૧૫. મોલેસલામ, ૧૬. પરમાર. ૧૭. રાઠોડ, ૧૮. સમા, ૧૯. શેખડા, ૨૦. સોલંકી, ૨૧. સુમરા અને ૨૨. ટાંક.

તે ઉપરાંત કચ્છ, કાઠિયાવાડમાં વસતી બીજી મુસલમાન અથવા અર્ધ-મુસલમાન ખેડૂત કોમો આ પ્રમાણે છે: ૨૩. કાછિયા, ૨૪. હેર, ૨૫. જટ, ૨૬. મતવા, ૨૭. મિયાણા, ૨૮. વાઘેર, ૨૯. સમ્મા, ૩૦. સંઘાર, ૩૧. સુમડા, ૩૨. સોઢા અને ૩૩. શેતાઓ.

આ બધી કોમોનું વર્ણન ગુજરાતી કક્કાવારી પ્રમાણે આ પછી આપેલું છે: ૧. કસ્બાતી, ૨. કાકાપુરા, ૩. 'કાછિયા, ૪. હેર, ૫. ખોખર, ૬. ગામેતી, ૭. ગયૂરમેહદી, ૮. ગોહિલ, ૯. ચાવડા, ૧૦ ચૌહાણ, ૧૧. જટ, ૧૨. જેટા, ૧૩. ટાંક, ૧૪. પરમાર. ૧૫. ખેહૂલીમ, ૧૬. મકવાણા, ૧૭. મતવા, ૧૮. મતિયા, (કણબી), ૧૯. મલેક, ૨૦. મિયાણા, ૨૧. મોલેસલામ, ૨૨. રાઠોડ, ૨૩. વાઘેરા, ૨૪. વહોરા, ૨૫. શેખડા. ૨૬. શેતાઓ, ૨૭. સમ્મા, ૨૮. સંઘારા, ૨૯. સુમડા, ૩૦. સુમરા, ૩૧. સોઢા અને ૩૨ સોલંકી.

પ્રકરણ ૫૨

કસ્બાતીઓ

કસ્બાતીઓ અર્થાત્ 'કસ્બા', એટલે ગામના માલિક, ઉત્તર ગુજરાતમાં ઘણાં ગામોમાં મળે છે. તેમનામાંથી કેટલાક બલોચ અને પઠાણ ભાડૂતી લશ્કરી સિપાહીઓના વંશજો છે અને બીજા રજપૂતો-માંથી મુસલમાન થયેલા છે.

એક દંતકથા અનુસાર, સમીના કસ્બાતીઓ, સુલતાન મહમૂદ ગઝનવી ઈ. સ. ૧૦૨૩-૨૫માં ગુજરાતમાં આવ્યો હતો, ત્યારે તેની સાથે આવનારા સાહસિક સૈયદ સિપાહીઓના ઔલાદમાંથી છે. બીજી કથની અનુસાર દિલ્લીના સુલ્તાન શમ્સુદ્દીન અલ્તમશ(૧૨૧૧-૩૫)ના અમલ દરમ્યાન બે સૈયદ ભાઈઓએ ગઝનીથી હિન્દુસ્તાન આવી, કાનપુર અને મકનપુરમાં વસવાટ કર્યો હતો. તેમાંથી એક અઝીઝુદ્દીને તે સમયના પટ્ટણના હિન્દુ રાજાના ઉંઝામાં રહેતા સૂબાના હજુરિયા તરીકે રહી, સમીમાં કાયમ વસાવટ કર્યો હતો. ઉંઝા પટ્ટણની પૂર્વે ૧૮ માઈલ ઉપર છે. ત્યાંના પીર હ. સૈયદ મીરાં અલી દાતાર (રહ) આ કસ્બાતીઓની ઔલાદમાંથી હોવાનું કહેવામાં આવે છે.

ઉપર "સૈયદો"ના પ્રકરણ ૬ (૧)માં ગોઠી "સૈયદો"નું વર્ણન સરખાવો.

ઇડરમાં કસ્બાતી, નાયક અને ભાટીનાં ગયા સૈકાની આખરમાં ૧૫૦૦ ઘર હતાં. તેમને ઇડરના દરવાજા અને તોપખાનાની રખેવાળી સોંપવામાં આવેલી હતી.

ધોળકાના કસ્બાતીઓ :

ધોળકાના કસ્બાતીઓ ત્રણ વર્ગના છે : મીના અને રહેના ૧૬મા સૈકાના આખરે દિલ્હીથી આવ્યા હતા અને ત્રીજા મૂળીના પરમાર જાતના રજપૂતોમાંથી મુસલમાન થયેલા છે. આ ત્રીજો વર્ગ ધોળકામાં સંખ્યામાં સૌથી વધારે છે. મૂળી કાઠિયાવાડમાં આવેલું છે.

મૂળી રાજ્યના પરમારોના ત્રણ ભાઈઓ—હાલોજી, રણધીરજી અને રાજા પૈકી મોટો ભાઈ હિન્દુ રહ્યો હતો. તેના વંશજ મૂળીના રાજકર્તા છે.

બીજા બે ભાઈઓ મુસલમાન થયા હતા, તેમાંથી એકને રાણપુર તાલુકો અને બીજાને બોટાદ તાલુકો જાગીરો તરીકે મળ્યા હતા.

સં. ૧૭૮૦ : ઈ. સ. ૧૭૨૪માં, બોટાદના એક ભાઈ ધોળકે આવ્યા હતા. તેમનું નામ ફતેહ મોહમ્મદ. તેનો પુત્ર હુસેન મોહમ્મદ અને તેનો પુત્ર કમાલ મોહમ્મદ. છેલ્લાને સાત પુત્રો હતા : ૧. મલેક મામુન, ૨. મલેક જાંફર, ૩. મલેક ફતેહ મોહમ્મદ ૪. મલેક નૂર મોહમ્મદ, ૫. મલેક અચ્છા, ૬. મલેક મોહમ્મદ, અને ૭. મલેક જહાંગીર.

આ સાત ભાઈઓએ અમદાવાદમાં નવાબ કમાલુદ્દીનના નોકરી સ્વીકારી હતી. પછી અમદાવાદમાં મારવાડીનું રાજ્ય થયું હતું ત્યારે તેમણે નવા રાજ્યમાં નોકરી ચાલુ રાખી હતી. પછી તેઓ જૂનાગઢ ગયા હતા. ત્યાં તેમને ગારીઆધારનો ગરાસ મળ્યો હતો. તે લેવા તેઓ ત્યાં ગયા ત્યારે એક રાત્રે ત્યાંના ગામેતીઓએ દગો કરી તેમનામાંથી પાંચ ભાઈઓ અને તેમના રસાલાને મારી નાખ્યા હતા.

• બચેલા બે ભાઈઓ : મલેક ફતેહ મોહમ્મદ અને મલેક અચ્છા, પ્રથમ ગઢડે અને ત્યાંથી ધોળકે ગયા હતા. તેમણે ગારીઆધારના ગામેતી

ઉપર વેર લેવા ગાયકવાડ સરકારની નોકરી સ્વીકારીને ગારીઆધારમાં ગધેડે હળ જોડી, ગામતળમાં મીઠું વાવ્યું હતું. ત્યારથી અત્યાર સુધી, આ કસ્બાતીઓ ને ગારીઆધાર સાથે સુલેહ થયેલી નથી.

ત્યાંના ગામેતીની બે પુત્રીઓ તેઓ પકડી ગયા હતા. ત્યાંથી એક ગાડું અને એક ઢોલ પણ તેમને લીધાં હતાં, તે ગાડું અને ઢોલ હજી ધોલરા પરગણાના ધનવાડી ગામમાં સાચવી રાખેલાં છે.

ફતેહ મોહમ્મદ ઈ. સ. ૧૭૪૬માં ગુજર્યો હતો. તેના પછી તેના પુત્ર શેરમીયાંએ તલવારના બળે ગરાસ વધાર્યો હતો. તે ઈ. સ. ૧૭૯૯માં ગુજર્યો પછી તેના પુત્ર બાવામીયાં તાલુકદાર થયો હતો.

મલેક અચ્છામીયાંએ ગરાસમાં ભાગ લીધો નહોતો. તેણે સ્વતંત્ર રીતે તલવારના બળે ધનવાડાના નવ ગામ મેળવ્યાં હતાં. તેને ત્રણ પુત્રો હતા : પાટવી નાનામીયાં ગાદીએ આવ્યો હતો. તે ઈ. સ. ૧૭૯૯માં ગુજર્યો હતો.

તેને પ્રજા નહોતી. તેથી તેનો ભત્રીજો બાવામીયાં તેના ગરાસનો પણ વારસ થયો હતો. તે ઈ. સ. ૧૮૧૨માં ગુજર્યો હતો. તે વખતે તેના ગરાસમાં ૨૭ અને બીજાં ત્રણ ઇનામી ગામો હતાં.

બાવામીયાંને બે પુત્રો હતા : મોટો બાપુમીયાં ગાદીએ આવ્યો હતો. તે સગીર હોવાથી કરીમણુ નામની એ કુટુંબની લુંડી (દાસી) તેની સંભાળ રાખતી હતી. કારભાર પણ તે જ કરતી હતી. તેનો વહીવટ સંતોષકારક નહિ હોવાથી, ઈ. સ. ૧૮૨૪માં, સરકારે જપ્તી બેસાડી હતી.

બાપુમીયાં ઈ. સ. ૧૮૨૯માં ગુજર્યો હતો. તેને પુત્ર નહોતો. તેથી તેનો ભાઈ મલેકમીયાં ગાદીએ આવ્યો હતો. લહેણદારોએ ત્રણ ઇનામી ગામ અને બીજી મિલ્કતની હરાજી કરાવી હતી. મલેકમીયાં

ઈ. સ. ૧૮૪૬માં ગુજર્યો હતો. તેના પુત્ર શેરમીયાંને અંગ્રેજ સરકાર માસિક રૂા. ૧૨૬-૬-૩ પાઈ ખર્ચ માટે આપતા હતા.

કસ્બાતીઓની માતૃભાષા ઉર્દુ-ગુજરાતી મિશ્ર બોલી છે. કેટલાક ઉર્દુ પણ બોલે છે.

તેઓ મજબૂત બાંધાના, સરેરાશ મધ્યમ કદના અને ભિન્ન ભિન્ન વર્ણના હોય છે. તેઓ માથાના વાળ લાંબા અને દાઢી સાધારણ લંબાઈની રાખે છે. સ્ત્રીઓ કંઈક નાજુક પણ ગૌરાંગી અને દેખાવડી હોય છે. પુરુષો કજીઆખોર, કોર્ટોના કીડા, અફીણી, કેટલાક દારૂડીઆ, મહેમાનોની સારી ખાતર કરનારા, કરકસર વિનાના અને વિલાસી હોય છે. તેમની સ્ત્રીઓ જાહેરમાં બહાર નીકળતી નથી.

તેઓ મઝહબે સુન્ની હોય છે, પરંતુ તેઓ ધાર્મિક વૃત્તિવાળા હોતા નથી. તેમનામાંથી થોડા જ કુરઆને શરીફ પઢી જાણે છે; અથવા નમાઝ પઢે છે.

પ્રસંગોપાત્ત, પરંતુ છેલ્લો થોડો સમય થયાં અગાઉ કરતાં ઘણા ઓછા પ્રમાણમાં, તેઓ રજપૂત અને કેટલોક વખત કોળીઓમાંથી હિન્દુ સ્ત્રીઓ પરણે છે, આવા લગ્નપ્રસંગોએ કન્યા પક્ષ તરફથી કેટલોક વખત લગ્નક્રિયા કરાવવા બ્રાહ્મણને બોલાવવા આવે છે; પરંતુ બીજી રીતે, બાકીની બધી વિધિ ઇસ્લામી શરીઅત પ્રમાણે કરવામાં આવે છે. તેઓ તેમનાં છોકરાંનાં નામ પઠાણોના નામ જેવાં પાડે છે: દા. ત. જાફરખાન, મુનવ્વરખાન વગેરે. અને છોકરીઓનાં નામ લાડલી બીબી, દુલા બીબી વગેરે. ધોળકાના કસ્બાતીઓના ઉચ્ચ વર્ગની સ્ત્રીઓનાં કેટલાંક નામ અજબ પ્રકારના હોય છે: દા. ત. લાડલી બીબી અથવા લાડલી બાઈ ને બદલે લાડલી અચ્છો. મરણપ્રસંગોએ તેમનામાં કોઈ હિન્દુ રિવાજો નથી. તેમની મોટા જાગીરદારોની સ્થિતિ સહી-

સલામત રાખવાની ફિકરમાં, જો તેમના પુત્રો માટે તેમની પોતાની જ કોમમાંથી લાયક કન્યા મળી શકતી નથી તો તેઓ હિન્દુ અથવા મોલેસલામ જમીનદાર કુટુંબોમાં તેમને પરણાવે છે; પરંતુ પોતાની પુત્રીઓ તો તેઓ ફક્ત મુસલમાનોમાં જ આપે છે.

તેમનામાં કોઈ નાત પટેલ હોતો નથી, તેમ તેઓ કોઈ નિરાળી કોમ તરીકે હસ્તી ધરાવતા નથી. તેમનામાં કેટલાક સુખી સ્થિતિના હોય છે. તેઓ તેમનાં છોકરાંને કેળવણી આપે છે; પરંતુ ઝાઝી અંગ્રેજી કેળવણી તેઓ આપતા નથી.

અમદાવાદના ઘણાખરા કસ્બાતીઓ દેવામાં ડૂબેલા હોય છે, અને અફીણના અતિ વપરાશથી તેમનામાં માનસિક અને શારીરિક દુર્બળતા આવી ગયેલી છે.

પ્રકરણ ૫૩

કાકાપુરી

ગુલામોની ઓલાદના કાકાપુરી, ગામડાંના વહોરાઓ સાથે નિકટ સંબંધ ધરાવતો નાનો વર્ગ છે. કોઈ મહાન દુષ્કાળ સમયે તેઓ મારવાડથી આવેલા હોવાનું કહેવાય છે. પેટ કાજે તેમણે વહોરાઓનો ધર્મ સ્વીકાર્યો હતો, અને તેઓ તેમની નોકરીઓમાં દાખલ થયા હતા.

તેઓ કાળી ઢબના ચુસ્ત ચોરણા પહેરે છે. તે સિવાય તેઓ વહોરાઓથી ભાગ્યે જ જુદા પાડી શકાય તેવા છે. ઈ. સ. ૧૮૨૦માં તેમની સંખ્યા ઘણી હતી, પણ ઇ. સ. ૧૮૭૨માં તેમનાં માત્ર નવ કુટુંબ બાકી રહ્યાં હતાં. તે ઉપરથી જણાય છે કે કાકાપુરીઓ ધીરે ધીરે વહોરા કોમમાં સમાઈ જતા જાય છે.

કાછિયા :

શાકભાજી વેચનારા કાછિયા આખા ગુજરાતમાં મળે છે. તેઓ કણબી અને કોળી ખેડૂતોમાંથી જેમને શાકભાજી વેચવાનો ધંધો ગ્રહણ કરેલો હતો, તેમની ઓલાદમાંથી છે.

ઉત્તર ગુજરાતના કાછિયાના ત્રણ અને દક્ષિણ ગુજરાતના કાછિયાના છ પેટાવિભાગ છે. તેમાંથી ઉત્તર ગુજરાતના 'અંધારિયા' અને દક્ષિણ ગુજરાતના 'માત્રી' કાછિયા, મતિયા કણબી માફક, પીર ઇમામ શાહ(રહ)ના અનુયાયીઓ છે. તેઓ અર્ધા હિન્દુ અને અર્ધા મુસલમાન રિવાજો પાળે છે.

હિન્દુઓના સામાન્ય તહેવારો ઉપરાંત તેઓ રમજાનના રોજા રાખે છે, અને જે ચાંદરાત શુક્રવારે આવે છે : તે દિવસને તેઓ પવિત્ર માને છે. તેઓ હિન્દુઓના સામાન્ય દેવોને માન આપતા નથી, અને તેમનાં મંદિરોમાં જતા નથી. તેઓ હિન્દુ ધાર્મિક સ્થળોને બદલે પીરાણાની જાત્રાએ જાય છે.

સઘળા કાછિયા ભૂત, પલિત, જાદુ અને શુકન-અપશુકનમાં માને છે. તેઓ ગાય પૂજે છે અને શીળીના ઉપદ્રવ સમયે શીતળા માતાની સવારીના ગધેડાની પૂજા કરે છે. શ્રાવણ સુદ ૫ નાગપાંચમને દિવસે તેઓ ઘરની દિવાલ ઉપર નાગની આકૃતિ દોરી તેની પૂજા કરે છે.

હિન્દુ કાછિયામાં કેટલાક ભગત થઈ ગયા છે. તેમાંના એક નડિયાદના સંતરામ મંદિરના સ્થાપક સંતરામ ભગત હતા.

કેર :

કેર જાતનાં માત્ર થોડાંક કુટુંબો કચ્છમાં અહીં તહીં મળે છે. તેઓ રજપૂતોમાંથી મુસલમાન થયેલા છે. તેરમા સૈકાની શરૂઆતમાં તેઓ સિન્ધના નગરઠઠ્ઠાથી કચ્છમાં આવ્યા હતા. કચ્છમાં તેઓ પ્રથમ પાટગઢ—હાલ આર્ટડો કહેવાય છે, ત્યાં સ્થાયી થયા હતા.

શરૂમાં તેમનો સરદાર મનાઈનો કાકો, અને પછીથી મનાઈ પોતે હતો. મનાઈનું માનસિક વલણ ઇસ્લામ તરફ વિશેષ હતું. તેથી તે અને તેના સાથેના ઘણા રજપૂતો મુસલમાન થયા હતા.

તેઓ કચ્છી અને સિન્ધની મિશ્ર બોલી બોલે છે. તેઓ સામાન્ય રીતે સ્વચ્છ અને સુઘડ હોય છે. તે સાથે તેઓ ચુસ્ત, પ્રમાણિક, કરકસરિયા, તામસી, મહેમાનદારી કરનારા અને સારી રીતભાતવાળા હોય છે. તેઓ ખેડૂત છે અને જાનવરો ઉછેરે છે.

તેઓ મઝહબે સુન્ની છે. તેઓ ધાર્મિક વૃત્તિવાળા છે અને મૌલવીઓને માન આપે છે. તેઓ તેમની પુત્રીઓ પીર બહાઉદ્દીનની ઔલાદના સૈયદોને આપે છે. તેમના સરદારો જાડેજા રજપૂતોની કન્યાઓ સાથે પરણે છે.

તેઓ છોકરાઓની સુન્નત કરાવે છે પણ તેમનાં નામ હિન્દુશાહી પાડે છે. તેમનામાં વિવાહ, લગ્ન અને મરણની ઘણી વિધિઓ હિન્દુઓની હોય છે. તેમની સ્ત્રીઓ રજપૂત સ્ત્રીઓનો પહેરવેશ પહેરે છે. તેમના કજિયા તેઓ તેમની નાત મારફતે પતાવે છે. તેમની સ્થિતિ પડતી જતી લાગે છે.

ખોખરો :

ખોખરો, તે જ નામની રજપૂત જાતિમાંથી મુસલમાન થયેલા છે. તેઓ ઉત્તર ગુજરાતમાં અને કાઠિયાવાડમાં નાની સંખ્યામાં મળે છે. દેખાવમાં તેઓ રજપૂતોથી જુદા પડતા નથી.

કાઠિયાવાડમાં પુરુષો અને સ્ત્રીઓ બન્ને હિન્દુ પહેરવેશ પહેરે છે, પરંતુ અમદાવાદ અને ઉત્તર ગુજરાતમાં તેઓ મુસલમાની પહેરવેશ પહેરે છે. તેઓ ખેડૂતો, મજૂરો અને ખાળિયા હોય છે.

"આઈને અકબરી"માં તેમને માટે નોંધ છે કે તેઓ પંજાબમાં મીંદદાદનખાનમાં કંઈક અગત્યની કોમ છે. અમીર ખુસરવે "તારીખે અલાઈ"માં કહેલું છે કે અલાઉદ્દીન ખીલજીના સમયમાં, આશરે ઈ. સ. ૧૨૯૫માં, કાદર નામના મોગલ સરદારો સતલજ અને પંજાબની બીજી નદીઓ ઓળંગી ખોખરોનાં ગામ બાળ્યાં હતાં.

તેમનું 'ખોખર' ઉપનામ, મુસલમાનો મશ્કરી કરે છે તે પ્રમાણે, 'ખોના'=ખોઈ નાખવું, અને 'ખર'=ગધેડો, એ ઉપરથી પડેલું છે, કારણ કે એક વખતે તેમને રાજાના ગધેડા ખોઈ નાખ્યાં હતાં.

બીજી રીતે, તેઓ તેમનું 'ખોખર' ઉપનામ 'કુહ'=પર્વત અને 'ગીર'=જીતનાર, એ ઉપરથી પડ્યું હોવાનું કહે છે, કારણ કે એક વખતે તેમણે એક દુર્ભેદ્ય પહાડી કિલ્લો સર કરેલો હતો.

તેઓ અફઘાની કોમ હોવાનો દાવો કરે છે, અને કહે છે કે અફઘાનિસ્તાનમાં તેમના નામની એક 'ખેલ' (કોમ) હજી ય છે.

પટ્ટણમાં તેઓ જમીનદારો છે. તેઓ સરકારી નોકરીઓ પણ કરે છે. પટ્ટણના ખોખરો સુખી સ્થિતિના, દેખાવડા અને ઘાટીલા બાંધાના હોય છે. બનતા સુધી તેઓ તેમની કોમમાં જ પરણે છે; પરંતુ બાબી, લોહાણી અને બીજા પઠાણો સાથે લગ્નસંબંધ જોડવામાં તેઓ વાંધો લેતા નથી.

"તબકાતે નાસિરી"માં તેમનો ઉલ્લેખ છે કે ઈ. સ. ૧૨૦૨માં કુતુબુદ્દીન ઐબકે તેમના ઉપર હુમલો કર્યો હતો. તે જ પુસ્તકમાં બીજી નોંધ છે કે તેમનો મૂળ પ્રદેશ હાલનો રાવળપિંડી જિલ્લો છે. એક વર્ગ તરીકે તેમની હાલત સારી નથી.

પાલનપુરના નવાબસાહેબની નોકરીમાં મરહૂમ બિન્નેખાન જમાદાર હતા, તે આ કોમના હતા. જૂનાગઢ સ્ટેટમાં કુતિયાણાનું એક ખોખર કુટુંબ જાગીરદાર કુટુંબ હતું.

ગામેતી :

ગામેતીઓ અથવા 'ગામ ધારણ કરનારા', તેમના ગરાસની બાબત સિવાય, બીજી રીતે કસ્બાતીઓથી જૂદા પડતા નથી. તેઓ કસ્બાતીઓ સાથે આંતરલગ્ન કરે છે.

'કસ્બાતીઓ'ના વર્ણન માટે ઉપર જુઓ.

પ્રકરણ ૫૪

મહેદવી

'ગયર મેહદી', અર્થાત્ કયામત પહેલાં આવનાર ઇમામ મેહદીમાં નહિ માનનારા, ગુજરાતના ઘણાખરા ભાગમાં, અને મુંબઈ, સિન્ધ, ઉત્તર હિન્દુસ્તાન અને દક્ષિણમાં નાની નાની સંખ્યામાં મળે છે. તેમનામાં કેટલાક હિન્દુઓમાંથી મુસલમાન થયેલા છે, અને કેટલાક પરદેશથી આવેલા મુસલમાનો છે.

"ગયર મેહદી" ઉપનામ તેઓ અપમાન તરીકે ગણે છે. તેઓ પોતાને "મેહદવી" તરીકે ઓળખાવવાનું પસંદ કરે છે.

તેઓ હ. પયગમ્બર સાહેબ (સલ)ના નવાસા (દૌહિત્ર) હ. ઇમા હુસેન (રહ)ના એક વંશજ હ. મોહમ્મદ મેહદીના અનુયાયીઓ છે. મોહમ્મદ મેહદી બનારસ પાસે જૈનપુર ગામમાં ઈ. સ. ૧૪૪૩માં જન્મ્યા હતા. તેમણે પોતાની ચાળીસ વરસની ઉમરે 'વલી" તરીકે વર્તવા માંડયું હતું અને પ્રથમ જૈનપુરમાં અને પાછળથી મક્કા શરીફમાં પોતાની આજુબાજુ ઘણા અનુયાયીઓ ભેગા કર્યા હતા.

મોહમ્મદ જૈનપુરીને પાંચ વરસની ઉમરે શાળામાં મૂકવામાં આવ્યા હતા. જ્યારે તેઓ ઉમરે પહોંચ્યા ત્યારે તેઓ પોતાના જ્ઞાનની વિશાળતાથી હિન્દના ઇસ્લામી શરીઅતના સઘળા નિષ્ણાતોને આશ્ચર્યમુગ્ધ કરી હંફાવતા હતા. છતાં યુવાનીમાં તેમણે લશ્કરી જીવન અખ્ત્યાર કરેલું હતું.

જૈનપુરના પતનથી તેમને લાગ્યું હતું કે "આખ્ખર જમાનો'

આવી ગયો છે. તેમની કારકિર્દીના કેટલાક અસાધારણ પ્રસંગો, જાણે તેમના ચમત્કારો હોય, તેમ લાગતા હતા. એક વખતે તેમણે એક 'આકાશવાણી' સાંભળી હોવાનું કહેવાય છે કે "અન્ત મેહદી" : તું મેહદી છે.

હિન્દમાં પાછા આવ્યા પછી, અમદાવાદમાં ઈ. સ. ૧૪૯૭માં અને પાટણમાં ઈ. સ. ૧૪૯૯માં પોતે તેમણે પોતે કયામત પહેલાં આવનાર ઇમામ મેહદી હોવાનો ખુલ્લી રીતે દાવો કર્યો હતો. મિરાતે સિકન્દરીની એક નોંધ પ્રમાણે 'મેહદી' હોવાનો દાવો કરનાર સૈયદ મોહમ્મદ જૈનપુરી અમદાવાદમાં સુલતાન મહમૂદ બેગડાના રાજ્યઅમલ આખરે આવ્યા હતા. એ કિતાબમાં આપેલા વર્ણન પ્રમાણે, એમણે અમદાવાદમાં આવીને જમાલપુર દરવાજા પાસેની તાજખાન સાલારની મસ્જિદમાં મુકામ કર્યો હતો. તેમનાં ફસીહ (વક્તૃત્વવાળાં) વાચનો સાંભળવા સંખ્યાબંધ લોકો જતા હતા. ધર્મોપદેશક તરીકેના તેમની કીર્તિ સુલ્તાનના કાન સુધી પહોંચી હતી. સુલ્તાને તેમને મળવાની ઇચ્છા દર્શાવી હતી. પ્રધાનોને લાગ્યું હતું કે મેહદીના વાચનની અસર કદાપિ સુલ્તાન ઉપર થાય અને પરિણામે રાજ્યઅમલમાં પરિવર્તન થાય, તેથી મેહદીને નહિ મળવા તેમને સુલ્તાનને સમજાવ્યા હતા.

મિરાતે સિકંદરીમાં છે કે હ. પીર કુત્બે આલમ સાહેબ (રહ)ના પૌત્ર સૈયદ શાહ શેખજી સાથે સૈયદ મોહમ્મદ જૈનપુરીની મુલાકાત થઈ હતી ત્યારે બન્ને વલી શખ્સોએ તેમની વાતચીત કુરઆને શરીફની આયતોમાં જ કરી હતી. જ્યારે શાહ શેખજીને આ મુલાકાત સંબંધમાં પૂછવામાં આવ્યું હતું ત્યારે તેમણે કહેલું હતું કે સૈયદ મોહમ્મદ જૈનપુરી આધ્યાત્મિક તન્મયતામાં ડૂબેલા હતા; પરંતુ તેમના અકીદાઓ આમ જનતાની સમજશક્તિથી પર હતા.

એ જ પુસ્તકમાં સૈયદ મોહમ્મદ જૌનપુરીની એક કરામત વર્ણવામાં આવેલી છે કે એક જુવાન માણસે પોતાની માશૂક સાથે આખી રાત ગાળી હતી, પરંતુ પ્રભાત સમયે તેણે તેની સાથે કજિયો કર્યો હતો, તેથી ગુસ્સામાં તે સીધો સાબરમતી નદી તરફ ગયો હતો. તે વખતે સૈયદ મોહમ્મદ પોતાના કેટલાક મુરીદો સાથે ફજરની નમાઝ પઢવા સારુ નદી તરફ જઈ રહ્યા હતા. તેમણે જુવાન માણસને જોઈને કહ્યું હતું કે "દુનિયવી ઇશ્ક તરફ ગુસ્સામાં મોં ફેરવી આવેલાને હું ઇશ્કે હકીકીનો રસ્તો દેખાડું", તે સાંભળી તે જુવાન માણસ એકદમ ચીસ પાડીને પડી ગયો હતો. તે ભાનમાં આવ્યો ત્યારે તે એ વલી શખ્સનો ચુસ્ત મુરીદ થયો હતો; અને ત્યારથી તેણે દુનિયા તજી દીધી હતી.

સૈયદ મોહમ્મદનું અમદાવાદથી પાટણ જવાનું કારણ આ પ્રમાણે હતું; તેમણે એક દિવસે પોતાના એક મુરીદને કહ્યું હતું કે હું તમને તમારાં ચર્મચક્ષુથી જ અલ્લાહ તા'લા બતાવું. તેમનું આ કથન અમદાવાદના ઉલમાઓને પહોંચી ગયું હતું. આ બાબતની ખાત્રી કર્યા પછી તેમણે સૈયદ મોહમ્મદ સામે કુફ્ર (નાસ્તિકતા) નો ફતવો આપ્યો હતો. અમદાવાદના તે વખતના મુફતીઓ (ફતવો આપનારા)-માંથી તેમના આગેવાન મૌલાના મોહમ્મદ તાજ સિવાય બાકીના તમામે તે ફતવામાં સહીઓ કરી હતી. તેમાં સહીઓ કરનારા મૌલવીઓનાં નામ વાંચીને મૌલાનાએ તે ચળવળના આગેવાનને પૂછ્યું હતું કે "તમે ઇલ્મ એટલા માટે મેળવ્યાં છે કે એક સૈયદને કતલ કરવામાં આવે?" આ મતભેદને લીધે થયેલી ઢીલ દરમ્યાન સૈયદ મોહમ્મદ અમદવાદમાંથી ચાલ્યા ગયા હતા અને પટ્ટણ પાસે આવેલા બારલી નામના નાના ગામમાં તેમણે મુકામ કર્યો હતો.

તેમના આખા જાહેર જીવનમાં તેમણે ઘણી કરામતો દેખાડેલી

હતી. તેઓ મરેલાને સજીવન કરતા હતા, આંધળાને દેખતા કરતા હતા અને મુંગાને બોલતા કરતા હતા. તેમણે ઘણી મુસાફરીઓ કરેલી હતી. તેમની મુસાફરીઓમાં તેમના બે સાથીઓ સૈયદ ખોંદમીર અને સૈયદ મોહમ્મદ તેમની સાથે રહેતા હતા. ખુરાસાનના ફરાહ શહેરમાં ઈ. સ. ૧૫૦૪માં તેઓ તાવની બીમારીમાં ખુદાની રહમતે પહોંચ્યા હતા : ઇન્ના. છેવટ સુધી તેઓ પોતે ઇમામ મેહદી હોવાનું આગ્રહપૂર્વક કહેતા હતા.

પ્રોફેસર કૉમીસેરિયટ તેમનાં "ગુજરાતના ઇતિહાસ"માં સૈયદ મોહમ્મદ જૈનપુરીની મરણની સાલ અને તારીખ ૧૯ ઝીલકદ ૯૧૦ : ૨૩ એપ્રિલ, ૧૫૦૩ આપે છે.

સૈયદ મોહમ્મદે અમદાવાદથી પટ્ટણ હિજરત કરી હતી, તે સંબંધે એ લેખક જણાવે છે કે જ્યારે પટ્ટણના ઉલમાઓ તેમને મારી નંખાવવા તૈયાર થયા હતા ત્યારે તેઓ ઉત્તર હિન્દુસ્તાનમાં ચાલ્યા ગયા હતા; અને ત્યાંથી તેઓ ખુરાસાન ગયા હતા. કેટલાંક વૃત્તાંતો અનુસાર, ઈ. સ. ૧૫૦૫માં ફરાહ નજદીક તેમને કતલ કરવામાં આવ્યા હતા. જોકે તેમના અનુયાયીઓ, જેમને 'મેહદવી' કહેવામાં આવે છે, તેઓ આનો ઇન્કાર કરે છે અને કહે છે કે તેઓ કુદરતી મોતે ગુજરેલા હતા.

તેમના "મેહદી" હોવાના દાવા વિશે 'મિરાતે અહમદી'માં કહેલું કે તેમણે પોતે 'ઇમામ મેહદી' હોવાનો દાવો કર્યો નહોતો, પરંતુ તેમના ચમત્કારો ઉપરથી તેમના મુરીદોએ પોતાની મેળે તેમને ઇમામ મેહદી માની લીધા હતા.

તેમના અવસાન પછી, તેમના મુરીદો વિખરાઈ ગયા હતા. કેટલાક સૈયદ ખોંદમીરની આગેવાની નીચે ગુજરાતમાં પાછા ફર્યા હતા. જ્યારે બીજા સૈયદ મોહમ્મદ સાથે ફરાહમાં જ રહ્યા હતા.

કેટલાક વખત સુધી તેમના મુરીદોને ગુજરાતમાં કંઈ હરકત કરવામાં આવેલી નહોતી. દરમ્યાન, તેઓ તેમના અકીદા ખુલ્લી રીતે પાળતા હતા, એટલે સુધી કે તેમની ઉત્પત્તિ અને તેના સત્ય સંબંધે ચર્ચા કરવા તેઓ બીજાઓને આવાહન આપતા હતા.

ઈ. સ. ૧૫૨૩માં સુલ્તાન મુઝફ્ફરશાહ બીજાનું ધ્યાન ખેંચાયું ત્યાં સુધી તેમની સંખ્યા અને અગત્ય વધતી ગઈ હતી. એ સુલ્તાનના ફરમાનથી તેમનામાંથી અમદાવાદમાં વસતા કેટલાકને કુફ્ર માટે કતલ કરવામાં આવ્યા હતા, અને બીજાઓ, જે પાટણ પાસે વસતા હતા તેમના સામે લશ્કર મોકલવામાં આવ્યું હતું. તેઓ સામા થયા હતા તેથી ખોંદમીર અને તેમના માણસોને હરાવીને તેમના આગેવાનોને મારી નાખવામાં આવ્યા હતાં.

સૈયદ ખોંદમીરને તેમના સો માણસો સાથે કતલ કરવામાં આવ્યા હતા. ત્યાર પછી એક સૈકા ઉપરાંત મુદત સુધી, આ 'મેહદવી' કોમને શાન્તિમાં રહેવા દેવામાં આવી હતી. મિરાતે અહમદીમાં વર્ણવ્યા પ્રમાણે "ગાઝી" ઉપનામવાળા સુલ્તાન મહમૂદ ત્રીજો, અને છેલ્લા સુલ્તાન મુઝફ્ફરશાહ ત્રીજો, તેમ જ તેનો મશહૂર વઝીર ઇતમાદખાન, જેણે શહેનશાહ અકબરને ગુજરાતમાં આમંત્ર્યો હતો, અને બીજા અમીરો, પટ્ટણના શેરખાન અને મુસાખાન ફુલાદી અને પાલનપુરના નવાબો—બધા જ "મેહદવી" સંપ્રદાયના અનુયાયીઓ હતા.

ઈ. સ. ૧૬૪૫માં ઔરંગઝેબ અમદાવાદનો સૂબો હતો ત્યારે ફરીથી આ કોમની પજવણી શરૂ થઈ હતી. 'ઇમામ મેહદી જાહેર થયા હતા અને ચાલ્યા ગયા હતા', તેમ કહેવા માટે તે વખતે તેમનામાંના કેટલાકને કતલ કરવામાં આવ્યા હતા.

અમદાવાદ શહેર બહાર ઉત્તરે આવેલી "ગુલાબ બાગ"ની

જગામાં એક ખૂની જંગમાં, મેહદવીઓના આગેવાન પાલનપુરના સૈયદ રાજુને તેમના ઘણા અનુયાયીઓ સાથે કતલ કરવામાં આવ્યા હતા.

સૈયદ રાજુ અને તેમની સાથે શહીદ થયેલા તેમના અનુયાયીઓની કબરો હજી પણ "શાહીબાગ"માં છે. તે કબરો એક માઉન્ટમાં આંતરી લેવામાં આવેલી છે. તેમની દેખરેખ પાલનપુરના નવાબ સાહેબ તરફથી રાખવામાં આવે છે.

ઉત્તર ગુજરાતના મેહદવીઓ ખાસ કોમ છે. ઘણીખરી બાબતોમાં તેઓ તેમના બીજા સહપંથીઓથી જુદા પડે છે. પાલનપુરના અને દક્ષિણ હૈદરાબાદના મેહદવીઓ હિન્દુમાંથી મુસલમાન થયેલા નથી; પરંતુ સૈયદ મેહદીના સાથીઓ મીર ઓંદમીર અને સૈયદ મોહમ્મદની ઔલાદમાંથી હોવાનો તેઓ દાવો કરે છે, તેઓ કહે છે કે ઈ.સ. ૧૫૦૪માં મેહદીના ફરાહ ખાતે થયેલા અવસાન પછી તેમના આ બે સાથીઓ હિન્દમાં પાછા આવ્યા હતા, અને આખા હિન્દુસ્તાનમાં ઘણું પર્યટણ કર્યા પછી તેમનામાંના કેટલાક પાલનપુરમાં અને કેટલાક દક્ષિણ હૈદરાબાદમાં અને અહમદનગરમાં સ્થાયી વસ્યા હતા. ત્યાં તેમણે તેમનો 'દાયરો' જમાવ્યો હતો.

'દાયરા'નો મૂળ અર્થ 'ગોળ' થાય છે. કોઈ વલી શખ્સ એકાંતમાં બંદગી કરવા સારુ પોતાને માટે કોઈ ગોળાકારની જગા નક્કી કરે, તેને દાયરો કહે છે; પરંતુ આ વર્ણનના સંબંધમાં 'મેહદવીઓ માટેના ખાસ લત્તા'નો થાય છે.

પાલનપુરના મેહદવીઓ પોતાને સૈયદો અને પીરઝાદા કહેવડાવે છે. પાલનપુરના આ સૈયદ પીરઝાદાઓ, તેમના હોદ્દાસર, તેમના મુરીદોના મરણ પછી તેમની બધી જંગમ મિલ્કતના પોતે માલિકો હોવાનો દાવો કરે છે. તે ઉપરાંત, પાલનપુરની આજુબાજુનાં ગામડાંમાં

રહેનારા તેમના મુરીદો માટે તેમણે કાનૂન કરેલો છે કે તેમનામાંથી કોઈ મરી જાય ત્યારે સૌથી પહેલાં મૈયતને તેના પીરઝાદાને મકાને લાવવામાં આવે છે. ત્યાં તે મૈયત ઉપર કેટલીક ગુપ્ત વિધિઓ કરવામાં આવે છે, ત્યાર પછી જ તે મૈયતને દફન કરવામાં આવે છે.

તેમના અકીદાઓનો ખુલ્લી રીતે ઇકરાર કરવા સામે હવે તેમને કોઈ પ્રતિબંધ નથી, છતાં મેહદવીઓ 'તકિયા' સિદ્ધાંત સાવચેતી તરીકે પાળે છે, અને પોતે ચુસ્ત મુસલમાનો તરીકે ખપવા આતુર હોય છે.

તેઓ ઉર્દુ બોલે છે, તેમના દેખાવમાં કોઈ વિશિષ્ટતા હોતી નથી. સ્ત્રીઓ અને પુરુષો બન્ને ઉત્તર ગુજરાતના મુસલમાનોનો પહેરવેશ પહેરે છે. તેઓ ખેતી કરે છે અને તેમની સ્ત્રીઓ ખેતરના કામમાં તેમને મદદ કરે છે. તેઓ સુઘડ, પ્રમાણિક, મહેનતુ, શાન્ત અને કરકસરીઆ હોય છે. તેમની હાલત ઠીક છે અને તેમનામાંના ઘણા પૈસા બચાવી શકે છે.

તેઓ માને છે કે તેમના પીર સૈયદ મોહમ્મદ મેહદી કયામત પહેલાં આવનાર ઇમામ મેહદી હતા, અને ઇમામ મેહદી આવી ગયેલા છે.

ઇમામ મેહદી; હિદાયત પામેલા ઇમામ જે કયામત પહેલાં આવવાના છે, તે આ હઝરત(સલ)ની હદીસ મુજબ દુનિયામાં આવી સાત વરસ રાજ્ય કરશે, અને તેઓ ઇસ્લામનું ઘટતું જતું આકીન તેના મૂળ સ્વરૂપમાં ફરીથી તાજું કરશે અને દુનિયામાં અદલ ઇન્સાફ ફેલાવશે.

ઇસ્લામની માન્યતા છે કે ઇમામ મેહદી આવ્યા પછીથી પાપનો પસ્તાવો કરીને મુક્તિ મેળવવાનો રસ્તો બંધ થઈ જશે.

મેહદવીઓની માન્યતા મુજબ સૈયદ મોહમ્મદ જૈનપુરી ' ઇમામ મેહદી ' હતા. તેથી મેહદવીઓ હવે નમાઝ પઢી દુઆ માગતા નથી, એવી જનતાની સામાન્ય માન્યતા છે, પરંતુ તે યથાર્થ નથી. મેહદવીઓ સાધારણ રીતે સિજદામાં જ દુઆ માગવાનું વધારે પસંદ કરે છે.

તેઓ રાતની ઇશાની નમાઝ પછી આ પ્રમાણે દુઆ પઢે છે : "લા ઇલાહા ઇલ્લલ્લાહ, મોહમ્મદ રસૂલલ્લાહ : અલ કુરઆનો વ'લ મેહદી ઇમામૌના ".

ઘણી વખત મેહદવીઓ નમાઝ પઢી રહ્યા પછી હાથ ઉઠાવી દુઆ માગતા નથી ; જોકે કેટલાક સિજદામાં, તેમ જ નમાઝ પઢી રહ્યા પછી બન્ને વખત અથવા એક વખત નમાઝ પઢી રહ્યા પછી દુઆ માગે છે, એમ મિરાતે અહમદીમાં કહેલું છે.

તેઓ માત્ર તેમના વર્ગમાં જ લગ્ન-વ્યવહાર રાખે છે. તેમનામાં કોઈ જમાત પટેલ હોય છે, પરંતુ તેઓ દાયરા બનાવે છે, અને પ્રત્યેક દાયરાના પોતાના નિયમો હોય છે. સૈયદો હ. ઇમામહુસેન(રહ)ની ઓલાદમાંથી હોય છે. તેમનાં છોકરામાંથી ઘણા ગુજરાતી અને કેટલાક અંગ્રેજી ભણે છે.

———

પ્રકરણ ૫૫

ગોહિલ, ચાવડા, ચૌહાણ, જેટા

આ પેટા કોમો છે કે માત્ર તેમની અટકો સૂચવે છે, એ માટે કોઈ ખાસ માહિતી મળતી નથી. મો'લેસલામ કોમમાં રજપૂતોની અનેક કોમો ભળેલી છે. તેમની અટકો પણ તેમની મૂળ જાતિની હજી ચાલુ રહેલી છે. તેમનું વિગતવાર વર્ણન 'મો'લેસલામો'ના શીર્ષક નીચે આવશે તેથી આ ચાર પેટા કોમો કે તેમની અટકો વિશે અહીં કંઈ ચર્ચા કરવા જેવું જણાતું નથી.

જટ

કાઠિયાવાડના જટ, પંજાબના જટ કે જાટ જે ત્યાં મજૂરી કરનારા વર્ગમાં મુખ્ય છે તેમની જ શાખા છે. તેઓ મુસલમાન થયા પછી અને કાઠિયાવાડમાં આવ્યા પછી ઘણી પેઢીઓ સુધી, ચોર, લૂંટારાની રખડતી જિંદગી ગાળતા હતા.

તેમની મોટી સંખ્યાએ કચ્છના નાના રણની પૂર્વ દિશાએ પાટડીથી પશ્ચિમે સ્થાયી વસવાટ કર્યો હતો. ત્યાં તેમણે બજાણા પાસેનાં ૨૪ ગામ મેળવ્યાં હતાં. તે પ્રદેશ ત્યાર પછીથી "નાની જટવાડ" તરીકે ઓળખાય છે.

"મોટી જટવાડ" કચ્છના મોટા રણની પૂર્વે રાધનપુર રિયાસતની પશ્ચિમે છે. તેમાં વારાહી, વિયોદર વગેરે નાની જાગીરો છે.

તેઓ અસ્વસ્થ કોમ છે. તેમનો મુખ્ય ધંધો જાનવરો ખરીદવાનો અને વેચવાનો છે, પરંતુ મોટે ભાગે તેઓ જાનવરોની ચોરીઓ જ કરે છે.

તેઓ ઘણા શ્રમ સહન કરી શકે છે. લૂંટ કે જાનવરોની ચોરી કર્યા પછી તેઓ રણમાં સામે પાર સુધી મુસાફરી કરી શકે છે.

તેઓ બહાદુર અને દેખાવડી પ્રજા છે. તેઓ રણમાં રહેવાનું અને ત્યાંની અગવડો વેઠવાનું પસંદ કરે છે. સુધરેલી રીતે રહેવાના હરેક પ્રકારને તેઓ તિરસ્કારે છે.

આ કોમ માત્ર કાઠિયાવાડમાં જ છે ; ગુજરાતમાં નથી.

કચ્છમાં પણ આ કોમ છે. તેઓ કચ્છમાં સિન્ધમાંથી સમ્માઓની સાથે અથવા તરત જ પછીથી ઈ. સ. ૧૩૦૦ના અરસામાં આવેલા લાગે છે. તેઓ મઝહબે સુન્ની છે. તેઓ પીરઝાદાઓને માને છે તે ઉપરાંત તેઓ એક જટ સ્ત્રી-માતા ભામ્બીના રોજાને માને છે. તે રોજો ભુજથી પશ્ચિમે સાત માઈલ ઉપર છે. ત્યાં દર વરસે મેળો ભરાય છે. ત્યાં તેઓ તેમનાં છોકરાંની માનતાઓ ચઢાવવા જાય છે. બીજા સુન્ની મુસલમાનો પણ આ રોજાને માનની નજર જુએ છે. આ રોજામાં જે ધૂપ બાળવામાં આવે છે તેની રાખ લગાડવાથી અને તે ખાવાથી હડકાયું કૂતરું કરડયું હોય તો તે મટી જાય છે એમ માનવામાં આવે છે.

તેઓ મોટે ભાગે તેમના પૂર્વજોના રિવાજોને અનુસરે છે. તેઓ અનાજ કરતાં દહીં અને ઘી વધારે ખાય છે.

તેઓ પહેરવામાં બે ચાદરો વાપરે છે, એક ઓઢે છે અને બીજી પહેરે છે અને માથે ફાળ્યું બાંધે છે. તેઓ કપડાં વારે વારે ધોવાં પડે નહિ તે માટે તેઓ તે કપડાંને ભગવાં રંગે છે. તેમની સ્ત્રીઓ કચ્છની બીજી સ્ત્રીઓથી જુદી પડીને ફક્ત ઘાઘરા પહેરે છે. તેઓ ચોળી, કાંચળી કે કબજા પહેરતી નથી. દાગીનામાં તેઓ ગળામાં ચાંદીની જાડી હાંસડી પહેરે છે.

પ્રકરણ ૫૬

ટાંક

ઈ. સ. ૧૪૦૩થી ૧૫૭૩ સુધી ગુજરાતના સુલતાનોનું કુટુંબ ટાંક જાતના રજપૂતોમાંથી હતું, પરંતુ હવે તેમના વિશે કવચિત જ કંઈ સાંભળવામાં આવે છે. મિરાતે સિકન્દરીમાં તેમની ઉત્પત્તિ શ્રીરામચંદ્રજી સાથે સાંકળેલી છે. તેમાં કહેલું છે કે 'ત્યાગી': તજેલાં શબ્દોચ્ચારની આ રમત લાગે છે. ટાંક કોમ પંજાબ અથવા તક્ષક દેશને પોતાનું નામ આપનાર વિખ્યાત જાતિની પ્રતિનિધિ કોમ છે.

ગુજરાતના સુલતાનોનું કુટુંબ સાહુ અને સહારન નામના બે ટાંક ભાઈઓની ઔલાદમાંથી છે. તેમના પૂર્વજો અને બીજા ગુર્જરો પંજાબના સપાટ પ્રદેશમાં સરહિન્દ જિલ્લાના થાણેશ્વરની પાડોશમાં ઘણા લાંબા સમયથી સ્થાયી વસતા હતા.

એક વખત ફિરોઝશા તઘલક શિકારે ગયો હતો ત્યારે ભૂલો પડી ગયો હતો, તેને ઉપર કહેલા બે ભાઈઓ, સાહુ અને સહારને આશરો આપ્યો હતો, અને તેનું સારું આતિથ્ય કર્યું હતું. તેમની એક સૌંદર્યવતી બહેન ઉપર ફિરોઝશાહ મોહિત થયો હતો. તેણે પોતાનું ઓળખાણ આપ્યું હતું. જે ઉપરથી એ ભાઈઓએ પોતાની બહેન બાદશાહ સાથે પરણાવી હતી. ફિરોઝશાહ એ ભાઈઓને પણ પોતાની સાથે દિલ્લી લઈ ગયો હતો. તેમણે ઇસ્લામ સ્વીકાર્યો હતો.

સહારનને બાદશાહે "વજીહુ'લ મુલ્ક" નો ઈલ્કાબ આપ્યો હતો તેના બે પુત્રો ઝફરખાન અને શમ્સખાન હતા, ઝફરખાનને બાદશાહે ગુજરાતના સૂબા તરીકે મોકલ્યો હતો. પાછળથી તે દિલ્લીથી

સ્વતંત્ર થઈ ગુજરાતના પહેલા સુલ્તાન મુઝફ્ફરશાહ પહેલા તરીકે ઓળખાયો હતો.

ડૉ. ચઘતાઈ, D. Litt., આ બાબત જુદું જ વર્ણન આપે છે. મુંબઈની ગુજરાતી ફાર્બસ સભામાં આવેલા એક ભાષણમાં તેઓ કહે છે કે ગુજરાતની મુસ્લિમ સલ્તનતના સ્થાપક મુઝફ્ફરખાન મૂળ ટાંક રજપૂત જાતિના ખેડા જીલ્લાના ઠાસરા ગામના સરદાર હતા. તેમનું મૂળ નામ 'સાધારણ' (? સહારન) અને તેમના મોટા ભાઈનું નામ 'સાધુ (? સાહુ) હતું. આ બન્ને ભાઈઓએ ઇસ્લામ સ્વીકારી પોતાનાં નામ અનુક્રમે ઝફરખાન અને સમશેરખાન (? શમ્સખાન) રાખ્યાં હતાં.

સ્થાનિક મુસ્લિમ અમલદારોની ભલામણથી તેઓ ઠેઠ દિલ્લીના સુલ્તાન સુધી પહોંચ્યા હતા. ઝફરખાનને 'વજીહુલમુલ્ક'નો ખિતાબ પાઠવ્યો હતો અને તેને રાજમાં સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત થઈ હતી. ત્યાર પછી તેણે ગુજરાતમાં વિદ્રોહના શમનના ઉદ્દેશથી આવી સ્વપરાક્રમે તે સૂબાના પદ સુધી પહોંચ્યો હતો અને પાછળથી તે ગુજરાતનો પહેલો સ્વતંત્ર સુલતાન થયો હતો.

આ બે વર્ણનમાં થોડાં નામફેર બાદ કરીએ તો મહત્ત્વનું તંત્ર, આ ટાંક કુટુંબને ખેડા જિલ્લાના ઠાસરા ગામના સરદાર તરીકવર્ણવે છે તે જ છે. ઠાસરામાં આજે કોઈ ટાંક રજપૂતો કે તેમાંથી એવા મુસલમાનો હોય એમ જાણવામાં નથી. તેથી પ્રથમ ઉપર આપેલું પ્રચલિત વૃત્તાંત વધારે વિશ્વાસપાત્ર લાગે છે.

પરમારો

પરમારો રજપૂતોમાંથી મુસલમાન થયેલા છે. તેઓ કયારે મુસલમાન થયેલા હતા તેનો લેખી દાખલો મળતો નથી, પરંતુ, ઈ. સ. ૧૨૧૭માં

અલાઉદ્દીન ખિલજીના પુત્ર મુબારકશાહે હસન નામના પરમાર સાથે નામોશીભર્યો સંબંધ બાંધ્યા, ખુસરવખાનનો ઇલ્કાબ આપ્યો હતો, તે સંબંધમાં તેમનો ઉલ્લેખ કરવામાં આવેલો છે. આ ખુસરવખાન ગુજરાતી ભરવાડ હતો એમ નવો મત શ્રી કનૈયાલાલ મુન્શીએ પ્રતિપાદ કરેલો છે, અને ગુજરાતીઓ તેનો સ્વીકાર કરવામાં ગૌરવ માનતા લાગે છે.

હસનના ભાઈ હિસામુદ્દીનને ગુજરાતની સૂબાગીરી આપવામાં આવી હતી, પરંતુ ગુજરાતના પરમાર રજપૂતોએ એટલું તોફાન મચાવ્યું હતું કે તેને ત્યાંથી ખસેડવો પડ્યો હતો. ફરીશ્તા આ પરમારોને ગુજરાતના 'પહેલવાનો' કહે છે. પરમારો ઉત્તર ગુજરાતમાં જોવામાં આવે છે.

તેઓ રજપૂતોમાંથી મુસલમાન થયેલામાં જ લગ્નવ્યવહાર રાખે છે, તેઓ જમીનદારો કે ખેડૂતો હોય છે; અથવા તેઓ પટાવાળા કે પોલિસની નોકરી કરે છે. તેઓ દેખાવડા અને ઘાટીલા હોય છે.

બેહલીમો

મુસલમાન થયેલાં બેહલીમ જાતના રજપૂતો ગુજરાતના ઉત્તર ભાગમાં અને ભરૂચમાં મળે છે. બેહલીમો મૂળ તુર્કી કોમ હોય એમ લાગે છે.

જ્યારે ગઝની અને હિન્દુસ્તાનની ગાદીએ સુલતાન બહેરામશાહ હતો. ત્યારે સુલતાન અરસલાને શાહ (૧૧૧૫–'૧૮) તરફથી લાહોર કબજે રાખનાર મોહમ્મદ બેહલિમ નામના તુર્કનું વર્ણન ફરીશ્તા આપે છે. આ બેહલીમે ઉઠાવેલો બળવો દાબી દેવા અને તેને શિક્ષા કરવા ગઝનીનો સુલતાન બેહરામશાહ ૧૧૧૮માં હિન્દુસ્તાનમાં આવ્યો હતો. તેમના વચ્ચે થયેલી લડાઈમાં બેહલીમ કેદ પકડાયો હતો, પરંતુ સુલતાન

બેહરામશાહે તેને મુકત કર્યો હતો, અને લાહોરના લશ્કરના સેનાપતિની જગા તેને પાછી આપી હતી. આમ સમાધાન થયા છતાં, બેહરામશાહ ગઝની પાછો ફર્યો એટલે બેહલીમે બેહરાની પડોશમાં સિવાલિક પરગણા-માં નાગોરનો કિલ્લો બાંધ્યો હતો. તે જિલ્લામાં પોતાનું કુટુંબ અને મિલ્કત મૂકી, તેણે પોતાની પૂર્વ સ્વતંત્રતા પ્રાપ્ત કરવા સારુ આરબો, ઈરાનીઓ, અફઘાનો અને ખીલજી જાતના તુર્કીનું મોટું લશ્કર ભેગું કર્યું હતું. બેહરામશાહ હિન્દુસ્તાન ઉપર ફરી ચઢી આવ્યો હતો, અને ગુજરાત પાસે થયેલી લડાઈમાં, તેણે બેહલિમ અને તેના દશ પુત્રોને કતલ કર્યા હતા. ફરીશ્તા આ અનુસંધાનમાં કહે છે કે આ બેહલીમે તેની સ્વતંત્રતાના ટૂંક સમયમાં ઘણા ગર્વિષ્ટ હિન્દુ રાજાઓને જેર કરી, પોતાને તાબે કર્યા હતા. આ હકીકત કદાપિ મોહમ્મદ બેહલીમે મારવાડ ઉપર હુમલો કર્યો હતો, તેની હોય. તેનું વર્ણન રાસમાલામાં પણ આપવામાં આવેલું છે.

ચાવડા, ચૌહાણ, ગોહિલ, જેટા, મકવાણા, રાઠોડ, સોલંકી અને ટાંક જાતો માફક આ બેહલીમો પણ બીજા મુસલમાનો સાથે લગ્ન વ્યવહાર રાખવાથી ભિન્ન વર્ગ તરીકે રહેતા નથી અને તેમનું કોમી નામ માત્ર અટક કરતાં વધારે અગત્યનું રહેતું નથી. નીચે રાઠોડોના વર્ણનમાં જે વિગતો આપેલી છે, તે આ બધા વર્ગોને એકસરખી રીતે લાગુ પડે છે.

મકવાણા

મકવાણા, એ નામની રજપૂત કે કોળીની કોમમાંથી મુસલમાન થયેલા છે. તેઓ ઉત્તર ગુજરાતના ઘણા ભાગમાં મળે છે.

પુરુષો શ્યામ, ઊંચા, એકવડા બાંધાના, અને પુષ્ટ હોય છે. તેઓ માથાના વાળ લાંબાં અને દાઢી હડપચી આગળ વચ્ચેથી જુદી પાડી કાન પછવાડે બાંધેલી રાખે છે. સ્ત્રીઓ ઘાટીલી અને મોટી કાળી આંખો-

વાળી હોય છે. તેમનામાં સ્ત્રી-પુરુષોનો દેખાવ મકવાણા કોળીઓથી કોઈ રીતે જુદો પડતો નથી. તેઓ ઘરમાં ઉર્દૂ બોલે છે. પુરુષો મોટાં ફાળિયાં બંડીઓ ઉરેબ સુરવાળો, અને સાધારણ દેશી જોડા પહેરે છે. સ્ત્રીઓ કાળી સાડી અથવા ઝીમી, ઢીલી ચોળી, ચણિયા અને જોડા પહેરે છે.

તેઓ નાના જમીનદારો હોય છે, અથવા ખેડૂતો, કાસદો અને પોલિસ સિપાહીઓ તરીકે કામ કરી તેમનું ગુજરાન ચલાવે છે. તેઓ સ્વચ્છ, બોલવે છુટ્ટા, સુસ્ત, અફીણી, દારૂડિયા, કજિયાખોર, મેહમાનોની ચાકરી કરનાંરા અને ઉડાઉ હોય છે, માત્ર ગરીબ કુટુંબો સિવાયની તેમની સ્ત્રીઓ જાહેરમાં નીકળતી નથી. તેમનામાં ઘણા દેવાદાર હોય છે અને કોઈ માલદાર હોતો નથી, છતાં એક વર્ગ તરીકે તેમની હાલત ખરાબ નથી.

તેઓ મઝહબે સુન્ની છે, પરંતુ ઇસ્લામ માટે તેમને થોડી જ પરવા હોય છે. તેમના પુત્રો મુસલમાન, મકવાણા, અથવા કોળી કુટુંબમાં અને તેમની પુત્રીઓ મુસલમાન, મકવાણા બાબી અથવા ધોળકાના પઠાણોમાં પરણે છે. તેમનામાં લગ્નપ્રસંગે તેઓ બ્રાહ્મણ ગોર પાસે લગ્નક્રિયા કરાવે છે. તેઓ નિરાળી કોમ તરીકે રહેતા હોવાનું કહેવામાં આવે છે, પરંતુ તેમનામાં જમાતનું બંધારણ નથી અને તેમનો કોઈ નાત પટેલ હોતો નથી. તેઓ તેમનાં છોકરાંને ભણાવતા નથી.

મતવા

કાઠિયાવાડના મતવા ગાયો, ભેંસો રાખે છે, તે ઉપરથી જ તેઓ પોતાનું ગુજરાન ચલાવે છે. તેઓ મુખ્યત્વે રાજકોટ, જામનગર, મોરબી, વાંકાનેર અને ઘણાંખરાં મોટાં ગામોમાં મળે છે. જૂનાગઢમાં પણ મતવા કુટુંબો છે. આ વર્ગ આખા ગુજરાતમાં જોવામાં આવતો નથી.

પ્રકરણ ૫૮

મતિયા કણબી

'મતિયા' એ ઉપનામની ઉત્પત્તિ શંકાશીલ છે. એક મત પ્રમાણે તેઓ પીરાણાના 'મઠ'માં માને છે, માટે મતિયા કહેવાય છે. બીજા મત પ્રમાણે, 'મત' અભિપ્રાય, એ ઉપરથી તેમનું એ ઉપનામ પડેલું છે કારણ કે તેઓ ઇસ્લામમમાં માને છે. કર્નલ વૉકર 'મોલેસલામ' ઉપનામ, 'મતિ-ઉલ-ઇસ્લામ' — 'ઈસ્લામને આધિન રહેનારા,' એ ઉપરથી પડયાનું કહે છે. તેથી 'મતિયા' નામનો ખુલાસો થાય છે.

કણબીઓ ચાર પ્રકારના છે : આંજણા, કડવા, લેઉઆ અને મતિયા.

કણબી — એ નામ કૃષમીઃ ખેતી કરનાર, એ ઉપરથી પડયાનો ડૉ. વિલ્સનનો અભિપ્રાય છે. પંડિત ભગવાનલાલ 'કુટુંબ' ઉપરથી તેની વ્યુત્પત્તિ તારવે છે. એ પણ શકય છે કે દ્રાવિડ શબ્દ 'કુલ' જેનો અર્થ હવે 'મજૂર' થાય છે; પણ પહેલાં ખેતી એ મજૂરી હતી. તેથી તેનો અર્થ 'ખેડૂત' થતો હતો. 'કુલ' શબ્દ સાથે અંગ્રેજી શબ્દ 'કુલી' = મજૂર સરખાવો—કણબીઓ પોતે પોતાનું નામ 'કણ' અનાજ અને 'બી = બીજ ઉપરથી પડયાનું માને છે.

આ વર્ગને ગુજરાતમાં 'કણબી'. વાયવ્ય પ્રાંતોમાં 'કુર્મી,' મહારાષ્ટ્રમાં 'કણબી' અથવા 'કુલમ્બી' અને દક્ષિણ કોંકણમાં 'કુલવાડી' કહે છે. ગુફાઓના શિલાલેખોમાં તેમના નામને સંસ્કૃત 'કુટુમ્બિક' નામ આપેલું જોવામાં આવે છે. તેમના નામનો સૌથી વધારે સંભવિત સંબંધ દ્રાવિડ શબ્દ 'કુલ' ઉપર હોવો જોઈએ.

મતિયા કણબી હવે સુરત જિલ્લાના માત્ર જલાલપોર અને બારડોલી તાલુકાઓમાં જોવામાં આવે છે. તેઓ મૂળ ખેડા અને અમદાવાદ જિલ્લાના લેઉઆ કણબી હતા. લેઉઆ અને મતિયા કણબીઓ વચ્ચેનો સગપણ સંબંધ હજી (૧૯૦૧) ચાલુ રહેલો છે, તે ઉપરથી તેમ જ તેમની અટકો 'કોઠિયા' અને 'બાવલિયા' અમદાવાદ જિલ્લાના ધુંધકા તાલુકાના કોઠ અને બાવલા ગામનાં નામો ઉપરથી પડેલી છે, તેથી પણ સાબિત થાય છે.

પંદરમા સૈકાના ઉત્તરાર્ધમાં કેટલાક લેઉઆ કણબીઓ કાશીની યાત્રાએ જતાં અમદાવાદથી નૈઋત્ય ખૂણામાં આશરે ૧૦ માઈલ ઉપર કરમથા—અલયાપીરાણા નામના ગામડામાં રાત રોકાયા હતા. પીર ઇમામશાહ નામે એક મુસ્લિમ સંત તે વખતે ત્યાં વસતા હતા.

એક કથની અનુસાર, પીર ઇમામશાહને આ યાત્રાળુઓ સાથે વાતચીત થતાં કણબીઓએ પોતે કાશીની યાત્રાએ જતા હોવાનું કહ્યું હતું. તે ઉપરથી પીર ઇમામશાહે તેમને કહ્યું હતું કે જો તેઓ તેમના ધાર્મિક સિદ્ધાંતો ધ્યાનપૂર્વક સાંભળશે તો કાશી સુધી જવાની તકલીફ લીધા વિના ત્યાં જ તેઓ તે યાત્રા કરી શકશે.

કેટલાક યાત્રાળુઓ ઇમામશાહના કહેવા ઉપર ધ્યાન આપ્યા વિના કાશી ગયા હતા જ્યારે બીજાઓ ઇમામશાહ ઉપર ભરોસો રાખી કરમથા છોડ્યા વિના ત્યાં જ તેમને કાશીની યાત્રા કરી હતી. ત્યાં જ તેમણે ગંગાસ્નાન કર્યું હતું અને ત્યાં જ તેમણે બ્રહ્મભોજન પણ આપ્યું હતું.

આ ચમત્કારથી આશ્ચર્યમુગ્ધ થઈને તેમણે ઇમામશાહને પોતાના 'ગુરુ' તરીકે સ્વીકાર્યા હતા.

બીજી આખ્યાયિકા અનુસાર તેઓ પીર ઇમામશાહના અનુયાયીઓ થવાથી મુસલમાન થતાં બચી ગયા હતાં.

'મતિયા' ઉપનામ તેમના આ 'અભિપ્રાય' ઉપરથી પણ પડેલાનું કહેવાય છે.

કેટલાક વખત સુધી તો આ મતિયા કણબીઓમાં કોઈ વિભાગ પડયા ન હતા, પરંતુ ઈ. સ. ૧૮૮૦માં ૧૫૦ થી ૧૭૫ કુટુંબો જુદાં પડ્યાં હતાં. તેમણે પોતાને માટે મૂળ 'પીરાણા મતિયા'માંથી ભિન્ન "વૈષ્ણવ મતિયા"નું નામ ધારણ કર્યું હતું.

સુરતના નિર્મળદાસ નામના એક સંન્યાસીના ઉપદેશથી આ મતાંતર ઉદ્‌ભવ્યો હતો. નિર્મળદાસે મતિયાઓને તેઓ અગાઉ લેઉઆ કણબીઓ હતા, એમ સમજાવ્યું હતું. તેમના કેટલાક શ્રોતાઓએ પોતાની અર્ધહિંદુ અને અર્ધમુસલમાન સ્થિતિ તિરસ્કૃત ગણી હતી. તેથી તેઓ કાશીની યાત્રાએ ગયા હતા. તેઓ ઉપરથી બીજા મતિયાઓએ તેમને જ્ઞાતિ બહાર મૂક્યા હતા. આ જુદા પડેલા વૈષ્ણવ મતિયાઓએ રામાનંદી અને દાદુપંથી સંપ્રદાયો સ્વીકાર્યા હતા.

'વૈષ્ણવ મતિયા' અને 'પીરાણા મતિયા' એકબીજાનું ખાતા નથી છતાં એ મતાંતર થયા પછી પણ લગ્ન માટે થયેલું કોઈ જૂનું સગપણ તોડી નાખવામાં આવ્યું નહોતું તેમ ત્યારપછી તેમના વચ્ચે કોઈ નવું સગપણ કરવામાં આવ્યું નથી. વૈષ્ણવ મતિયાઓએ બધા મુસલમાની રિવાજો છોડી દીધા છે. તેઓ ત્યાર પછીથી સર્વ પ્રકારે લેઉઆ કણબીઓ માફક જ વર્તે છે. તેમ છતાં લેઉઆ કણબીઓ તેમની સાથે રોટીવહેવાર કે બેટીવહેવાર રાખતા નથી.

પીરાણા મતિયા તેમના દેખાવ, બોલી અને પહેરવેશમાં લેઉઆ કણબીઓથી કોઈ રીતે જુદા પડતા નથી, અને લેઉઆ અને કડવા કણબીઓ માફક તેઓ ચૂસ્ત વનસ્પતિઆહારી છે. માંસ, મચ્છી કે માદક પીણાં તેઓ વાપરતા નથી. તેમના જ્ઞાતિરિવાજો મુજબ હિંદુ,

લસણ, ડુંગળી અને કેફી પદાર્થો વાપરવાની તેમનામાં બંધી છે. કોઈ એમાંના કોઈ રિવાજ તોડે છે તો તેને ફરીથી નાતમાં લેતા પહેલાં તેને શુદ્ધિ કરાવવી પડે છે.

તેઓ હોંશિયાર અને સુખી સ્થિતિના ખેડૂતો છે.

તેઓ ચોથો વેદ, અથર્વવેદ અનુસરે છે. તેઓ પોતાને 'સતપંથી': સાચો ધર્મ માનનારા કહેવડાવે છે. પીરાણા, અમદાવાદ, નવસારી અને બુરહાનપુરમાં તેમના પીરોના રોજાઓ છે તેમને તેઓ માને છે. તેમનું 'શિક્ષાપત્રી' નામનું પવિત્ર ધાર્મિક પુસ્તક પીરાણાના પીર ઇમામશાહે રચેલું છે. તેમનામાંના કેટલાક તો તે આખું પુસ્તક કંઠસ્થ કરે છે. ચુસ્ત મુસલમાનો કુરઆન કંઠસ્થ કરી તે 'હાફિઝ' થાય છે. તેમ તેમને 'કાકા' કહેવામાં આવે છે.

આ 'કાકાઓ' પીરઝાદા નહિ પણ તેમનામાંના સામાન્ય માણસો—Laymen હોય છે. તેઓ બીજા મતિયાઓ માફક ખેતી કરીને પોતાનું ગુજરાન ચલાવે છે.

આ "કાકાઓ"નું એક ખાસ કુટુંબ તેમની કેટલીક ધાર્મિક વિધિઓ કરાવે છે. અને તેમની જ મારફતે પીર ઈમામશાહના વંશના પીરજાદાઓ જેઓ અમદાવાદ, નવસારી અને બુરહાનપુરમાં રહે છે તેમને મતિયાઓની ભેટ સોગાદો મોકલવામાં આવે છે.

મતિયાઓમાં ત્રણ ધાર્મિક વિભાગો છે. પાંચિયા, સાતિયા અને અને આઠિયા. પાંચિયા, પીરાણામાંના પાંચ રોજાઓ પૈકી ત્રીજા સૂરાભાઈના રોજાને માને છે. તે સંસ્થાનો વહીવટ શરૂમાં પાંચ જણાઓએ કર્યો હતો, માટે તેમને પાંચિયા કહે છે. 'સાતિયા' પીરાણામાંના બાલામોહમ્મદના રોજાને માને છે. પ્રથમ સાત જણા તે રોજાનો વહીવટ કરતા હતા, માટે તેમને 'સાતિયા કહે છે. 'આઠિયા'

પીરાણામાંના પાંચમા બાકરઅલીના રોજાને માને છે. તેનો વહીવટ પહેલાં આઠ જણા કરતા હતા, માટે તેમને 'આઠિયા' કહે છે. પૃથક પૃથક પીરો ઉપરથી તેમના આ વિભાગો પડેલા છે, પરંતુ તેમના ધાર્મિક આચારોવિચારોમાં તે કારણે કોઈ તફાવત પડેલો નથી.

આ વર્ણન સાથે સરખાવો— ઉપર "ખોજાઓના વર્ણનમાં આ ત્રણ વિભાગોનું વર્ણન :

પીર ઇમામશાહ ઉપરાંત તેઓ સિંધશાહ, ઘણું કરીને, નૂર સતગર ઈ. સ. ૧૨૩૭માં હિન્દમાં આવનાર પહેલા ઈસ્માઈલી ઉપદેશકને તેઓ માને છે. તેમનો રોજો સુરત જિલ્લાના નવસારી ગામમાં છે. બુરહાનપુરના એક પીરજાદાને પણ તેઓ માને છે.

ભરૂચ જિલ્લાના મતિયાઓએ ઈ. સ. ૧૬૯૧માં બળવો કર્યો હતો. તે માટે મિરાતે અહમદીમાં કહેલું છે કે અમદાવાદ જિલ્લાના મોમના અને સોરઠ પ્રજાના ખોજાઓ મુખ્ય નઝારી શાખાના ફણગા છે. મતિયાઓ ખાનદેશ અને બાગલાણ જિલ્લાઓમાં પણ મળે છે. તેઓ ત્યાં ખેતી કરે છે. તેઓ ગુજરાતમાં અમદાવાદ જિલ્લામાં વસનારા 'મોમના' અને સોરઠમાં વસનારા 'ખોજાઓ' કહેવાય છે. પીર ઈમામશાહ તેમને મુસલમાન બનાવેલા હોવાથી તેઓ અનેક હિન્દુ કોમોમાંથી છે.

તેમના પીરઝાદાઓમાં તેમનું આકીન એટલું બધું હોય છે કે તેઓ પોતાની વાર્ષિક કમાણીમાંથી તેમને દશાંશ આપે છે. આ સિદ્ધાંત તેઓ એટલી હદ સુધી પાળે છે કે તેમનામાંના કોઈને દશ દીકરા હોય છે તો તેમાંના એકને તેમના પીરઝાદાને અર્પણ કરે છે, અથવા તેના બદલામાં તેની કીમત આપીને તે બાળકને તેઓ છોડાવી લે છે. આ પીરઝાદાઓને આ રીતે તેમના મુરીદોમાંથી સારી આવક મળતી હોવાથી તેઓ એશઆરામમાં રહે છે અને જાહો-જલાલીની જિંદગી ગુઝારે છે. આ પીરઝાદાઓ તેમના મુરીદોને

એટલી હદ સુધી પોતાની મિલકત માને છે કે જ્યારે તેઓ તેમની પુત્રીઓને પરણાવે છે ત્યારે દહેજમાં તેઓ તેમને તેમના મુરીદોની અમુક સંખ્યા આપે છે.

કેટલાક મોમનાઓ ઇસ્લામમાં માનવા સિવાય બીજી બધી બાબતોમાં મૂળ હિન્દુ જ્ઞાતિઓમાં જ ચાલુ રહે છે.

જ્યારે પીર ઇમામશાહની ઔલાદમાંથી સૈયદ શાહજી ૧૬૯૧માં તેમના પિતાના વારસ તરીકે મતિયાઓના પીરઝાદા થયા ત્યારે તેમના મુરીદોમાંથી એટલા બધા માણસો અમદાવાદ પાસેના કરમથા-(પીરાણા)માં તેમના મકાને હાજર થયા હતા કે તેમને મળવામાં એ પીરને એક ઘડીની પણ ફુરસદ મળતી નહોતી. તેથી કેટલીક વાર તો એ પીર પરદા પાછળથી પોતાનો પગ લંબાવી પોતાના મુરીદોને સંતોષતા હતા. તેમના મુરીદોનું તેમના ઉપરનું આકીન એટલું નિષ્ઠાવાળું હતું કે તેમના પીરના પગ લંબાવવા તે પણ તેઓ પોતાના ઉપરની મોટી મહેરબાની માનતા હતા, અને પીરના પગને ચૂમીને તેની પાસે પોતે આણેલી 'નઝર' મૂકીને પોતાની જાતને સુખી માની સંતોષથી તેઓ ઘેર પાછળ ફરતા હતા.

પોતાના મુરશિદમાં અંધશ્રદ્ધા રાખવી એ સૂફી મઝહબનો ખાસ અકીદો છે. તેઓ માને છે કે "પીરે મા ખસ અસ્ત, એ'તે કાદે મા બસ અસ્ત": અમારા વીર તરણાવત છે (પણ) અમારે માટે અમારું આકીન બસ છે.

હઝરત "ખુલ્દ મકાની" (ઔરંગઝેબ)ના રાજ્યઅમલમાં ઇસ્લામી શરીઅતના પાલન ઉપર ઘણું ધ્યાન આપવમાં આવતું હતું. હનફી શરીઅતથી વિરુદ્ધ મત ધરાવનારા મુસલમાનોને જડમૂળમાંથી ઉખેડી નાખવામાં આવતા હતા. તેથી બિન-હનફીમાંથી ઘણાખરાઓએ

શહેનશાહને રાજી રાખવા ઘણા ચુસ્ત દીની અકીદાઓ અખત્યાર કર્યા હતા

તેમણે મતિયાઓ અને તેમના પીરઝાદાઓ ઉપર તેઓ "રાફિઝી" (શીઆ) હોવાનું તહોમત મૂક્યું હતું. તેથી તેમનામાંના કેટલાકને કેદ કરવામાં આવ્યા હતા. કોઈએ સૈયદ શાહજી અને તેમના મઝહબી અકીદાઓ અને તેમના વર્તન વિશે શહેનશાહને લખી મોકલ્યું હતું. ઔરંગઝેબે તે બાબત તપાસ કરવા હુકમ કર્યો હતો, અને સૈયદ શાહજીને અમદાવાદના 'કાઝી' પાસે હાજર થવાનું ફરમાવ્યું હતું. તેમ કરવા સૈયદ શાહજી નારાજ હોવાથી તેમણે ઝેર લઈ પોતાના જીવનનો અંત આણ્યો હતો. આથી તેમના મુરીદોનો ગુસ્સો તપી ગયો હતો, અને પોતાના પીરનું વેર લેવા સંખ્યાબંધ મતિયાઓએ નર્મદા નદી ઓળંગી ભરૂચ સર કર્યું હતું, અને ત્યાંના 'ફોજદાર'ને મારી નાખ્યો હતો. ગુજરાતના તે વખતના સૂબા શુજાઅતખાનના સરદારો મુબારિઝખાન બાબી અને નઝરઅલીખાને તેમનો ઘાણ કાઢી નાખ્યો હતો. મતિયાઓ હારીને કેદ પકડાવાને બદલે ઘણી બહાદુરીથી લડ્યા હતા, અને રાજીખુશીથી મરણશરણ થયા હતા.

ખાનપાનમાં કે પહેરવેશમાં તેઓ હિન્દુઓથી જુદા પડતા નથી. તેઓ બધા લેઉઆ કણબીઓ માફક તે જ રીતે અને તે જ સ્થિતિમાં ખેતી કરે છે.

તેમના મુખ્ય ધાર્મિક પ્રસંગોએ તેઓ બ્રાહ્મણને આમંત્રે છે. તેઓ પીરાણાવાળા સૈયદોને પણ પોતાના પીરઝાદાઓ માને છે. તેમના પીરઝાદાઓના નિભાવ માટે તેઓ વેરા આપે છે. તેમની દરગાહોએ તેઓ ઝયારત માટે જાય છે.

તેઓ પોતાના મૈયતોને દાટે છે. આ સિવાય, તેમના બીજા રિવાજો હિન્દુઓના છે.

તેમની આ વિશિષ્ટ માન્યતાઓને કારણે તેઓ બીજા કણબીઓથી જુદા પડી ગયેલા છે. તેઓ માત્ર પોતાની કોમમાં જ અંદરઅંદર પરણે છે. તેથી તેઓ એક અલગ કોમ બની ગયા છે.

તેમની કેટલીક ખાસ ધાર્મિક વિધિઓ નીચે પ્રમાણે છે: તેમની મુખ્ય ધાર્મિક વિધિ "લાહે ઉતારણી", એટલે અપવિત્રતા દૂર કરવાની હોય છે. બાળકના પ્રસવ પછી અથવા માસિક ઋતુસ્નાન પછી (તે જ પ્રમાણે પાડું કે વાછરડું પેદા થાય પછી ભેંસ કે ગાય) સુવાવડી સ્ત્રીને જોવાથી જે પુરુષ આકસ્મિક અપવિત્ર થયો હોય, અને જે તેમનાં જ્ઞાતિએ મના કરેલા અખાદ્ય ખોરાકો ખાઈ જ્ઞાતિરિવાજો તોડવાથી દોષિત થયો હોય, તેને આ વિધિમાંથી પસાર થવું પડે છે.

જે ઘરમાં આ પવિત્ર વિધિ કરવાની હોય છે, ત્યાં મીઠાઈની વિવિધ વાનીઓ તૈયાર કરવામાં આવે છે. ત્યાં તે ગામના 'કાકા'ને આમંત્રવામાં આવે છે. ત્યાં તે તેના નાયક 'ખલ કાકા' સાથે આવે છે. કાકો પોતાની સાથે ત્રાંબાના ચાર સિક્કા, એક માટીનો પ્યાલો અને થોડું લોબાન લાવે છે. વિશેષમાં તે પોતાની સાથે હાથમાં ઝાલવાના નાના પતરાના કે પિત્તળના ડબ્બામાં વટાણાના ઘાટના લાડવા લેતો આવે છે. આ લાડવા દૂધમાં સફેદ ચાક અથવા ચોખાનો લોટ અથવા એકાદ પીરના રોજામાંથી આણેલી ઘસેલી સુખદ મેળવીને બનાવેલા હોય છે.

ઘરમાં દાખલ થતાં કાકો રસોડામાં જાય છે, ત્યાં તે ઘીનો દીવો કરીને ધાર્મિક પાઠ કરે છે. કાકો આ પ્રમાણે ધાર્મિક પાઠ કરતો હોય છે ત્યારે ખલ કાકો એક પિત્તળની થાળી મંગાવી, તેમાં ઘરધણી પાંચિયો સાતિયો કે આઠિયો એમ તે ધોરણે, તે થાળીમાં રાંધેલા ભાતની પાંચ, સાત કે આઠ ઢગલીઓ કરે છે.

કાકો કલમો પઢી રહ્યા પછી જમીન ઉપર કપડું પાથરીને નીચે નમીને બેસે છે પછી તે લોબાન બાળે છે અને બીજી પ્રાર્થના પઢે છે. આ બીજી પ્રાર્થના પછી તે એક પિત્તળની થાળીમાં ઘઉંના દાણાનું એક વર્તુલ બનાવે છે. તે ગોળની અંદર તે પોતાની પાસેના ચાર ત્રાંબાના સિક્કા મૂકે છે, અને તે સિક્કાઓ ઉપર તે પોતાની પાસેનો માટીનો પ્યાલો ગોઠવે છે. આ પ્યાલામાં તે 'નૂર' નામનું પ્રવાહી મિશ્રણ રેડે છે. એ મિશ્રણ સાથેનું પાણી દૂધ અને સફેદ ચાક અથવા પીરના રોજામાંથી આણેલા ચોખાનું બનાવેલું હોય છે.

આ તૈયાર થઈ રહે છે એટલે ખલ કાકો ભાતની ઢગલીઓવાળી થાળી લાવે છે. તે દરેક ઢગલી ઉપર કાકો તેના માટીના પ્યાલામાંનું મિશ્રણ થોડું થોડું છાંટે છે. તેમ કરતી વખતે તે "લા ઇલાહા ઇલ્લલ્લાહ, મોહમ્મદર્ રસૂલલ્લાહ" અથવા "ઇમામશાહ, નૂરઅલી, મોહમ્મદશાહ" દરેક પ્રાર્થનાને અંતે આવે છે તેવી પૃથક પૃથક પ્રાર્થના તે પ્રત્યેક છાંટણા વખતે પઢે છે.

પછી રાંધેલા ભાતની ઢગલીઓવાળી થાળી બાજુએ મૂકી જે સ્ત્રી વા પુરુષને પવિત્ર કરવાનાં હોય છે તેને અંદર બોલાવવામાં આવે છે. તે સ્ત્રી વા પુરુષ આવીને કાકાને નમન કરીને તેની પાસે ઊભો રહે છે. કાકો તેની ઉપર માટીના પ્યાલાનું મિશ્રણ છાંટે છે, પછી તે સ્ત્રી વા પુરુષ બેસી જાય છે. પછી તે સ્ત્રી વા પુરુષ કાકાને એક ચાંદીનો કે ત્રાંબાનો સિક્કો આપે છે. તે સિક્કો કાકો પાણી વતી ધૂવે છે. તે સિક્કો ધોયેલું પાણી અને માટીના પ્યાલાનું મિશ્રણ કાકો તે સ્ત્રી વા પુરુષને પીવા માટે આપે છે.

પિત્તળની થાળીમાંની ભાતની ઢગલીઓ ખલ કાકો બીજી રાંધેલી વાનીઓ સાથે મેળવી ત્યાં ભેગા થયેલા મહેમાનોને વહેંચી આપે છે.

આ પવિત્ર કરવાની ફી સુવાવડી સ્ત્રી અને પાડાવાળી ભેંસ માટે આઠ આના અને વાછડાવાળી ગાય માટે ચાર આના અને જ્ઞાતિ-રિવાજ તોડવા માટે પા આનો હોય છે.

આ ફી કાકો અમદાવાદ, નવસારી અથવા બુરહાનપુરમાં પીરના રોજાઓએ મોકલી આપે છે.

આ ફી ઉપરાંત દરેક મતિયો ખેડૂત પોતાના દરેક હળ દીઠ સાડાત્રણ મણ ચોખા અને એક રૂપિયો દર વરસે કાકા મારફત પીરને મોકલે છે.

મતિયાઓ દરેક ચાંદરાતનો દિવસ પવિત્ર માને છે અને જો કોઈ ચાંદરાતનો દિવસ શુક્રવાર હોય છે તો તે દિવસે તેઓ આખો દિવસ રોજો રાખે છે, અને ચંદ્રદર્શન કર્યા વિના ખાતા નથી. તેઓ રમજાનના રોજા રાખે છે, અને તેમનામાંના કેટલાક તો તે આખા મહિનામાં નક્કર (Solid) ખોરાક ખાતા નથી.

બીજા મુસલમાન તહેવારોમાં તેઓ તેમના પીરનો ઉરસ (મરણ-તિથિ) તથા તે અગાઉના બે સંદલ ચઢાવવાના દિવસો પાળે છે. તે દિવસોએ તેઓ કામ કરતા નથી અને આખો વખત ખાવાપીવામાં અથવા નવસારીમાં તેમના પીરના રોજાઓની ઝયારત કરવામાં ગાળે છે.

આ મુસલમાની તહેવારો ઉપરાંત તેઓ હોળી, અખાત્રીજ, દિવાસો, બળેવ અને દિવાળી પાળે છે.

યાત્રાઓ કરવાનાં તેમનાં મુખ્ય સ્થળો નવસારી. પીરાણા, બુરહાનપુર અને ભરૂચ જિલ્લામાં મીયાગામથી સાત માઈલ દૂર આવેલું વેપાલે ગામે છે. યાત્રાળુઓ ત્યાં જાત્રાએ જાય છે ત્યારે કાકો તેમની સાથે જાય છે. નવસારી, પીરાણા અને વેળાલમાં યાત્રાળુઓ ફક્ત પીરના રોજાની ઝયારત કરે છે, પરંતુ બુરહાનપુરમાં તેઓ તેમના

વર્તમાન પીરના જમણા પગના અંગૂઠાની પૂજા કરે છે. રૂપિયાની ઢગલી કરીને તે ઉપર અંગૂઠો મૂકયા પછી તેઓ પીરનો પગ ધૂવે છે, તેને ખુશબો લગાડે છે, અને દરેક યાત્રાળુ વારાફરતી તે અંગૂઠો ચૂમે છે.

જે કાકો યાત્રાળુઓ સાથે ગયેલો હોય છે તેને પીર તરફથી પોતાને માટે પોશાક અને તેની સ્ત્રી માટે દાગીનો ભેટ મળે છે.

નિયમ તરીકે મતિયા સ્ત્રી તેની પહેલી સુવાવડ માટે તેનાં માબાપને ત્યાં જાય છે. પહેલા બાળકનો જન્મ થાય ત્યારે જો તે પુત્ર હોય તો કાગળ ઉપર પલાળેલા કંકુથી તેનાં પગલાં પાડી તે કાગળ એક વાળંદ તે પુત્રના પિતા પાસે લઈ જાય છે. પિતા તે વાળંદને તે માટે બે રૂપિયા બક્ષિસ આપે છે. બારમે દિવસે તે માતા ઘરનો ઉંબર. તેનાં વારસાખ અને મહોલ્લાના સૌથી પાસેના કૂવા ઉપર સુખડ અને કંકુ લગાડીને તેમની પૂજા કરે છે. કુવા પાસે તે સ્ત્રી સુરતના દોરાથી બે છાણાં ભેગાં બાંધે છે. મહોલ્લાનાં છોકરાંને ઘઉં અને જુવારના બાકળામાં ખાંડ ભેળવી વહેંચવામાં આવે છે. ચાળીસ દિવસ સુધી સુવાવડી સ્ત્રી અપવિત્ર ગણવામાં આવે છે. તેથી ઘરની કોઈ વસ્તુને તે અડતી નથી. બને ત્યાં સુધી તે દરમ્યાન, તે ઘરની બહાર નીકળતી નથી ; પરંતુ તે દરમ્યાન જો તેને ઘરની બહાર જવું જ પડે છે તો તે મેલી બલાઓને દૂર રાખવા દાતરડું અથવા છરી પોતાની પાસે રાખે છે. પાંત્રીસમા અને ચાળીસમા દિવસ વચ્ચે ગમે તે દિવસે તે નહાય છે. પછી સુવાવડા ઓરડાનું લીંપણ ઉખેડી નાખવામાં આવે છે. પછી ઉપર વર્ણવ્યા પ્રમાણે, "લાહે ઉતારણી"ની વિધિ કરીને, તેને પવિત્ર કરવામાં આવે છે. ત્યાર પછી બ્રાહ્મણ જોષી તે બાળકનું નામ પાડે છે. બાળક બે-ત્રણ માસનું થાય છે ત્યારે તે સ્ત્રી તેના ધણીને ઘેર જાય છે. તે બાળકને સૌથી પહેલાં રાંધેલો ખોરાક આપવામાં આવે છે ત્યારે

કોઈ વિધિ કરવામાં આવતી નથી. તેમની લગ્નવિધિઓ લેઉઆ કણબીઓની વિધિઓથી નોખી પડતી નથી. તેમના કુટુંબનો ગોર જે સામાન્ય રીતે આચિચ્ય અથવા મોઢ બ્રાહ્મણ હોય છે, તે આ વિધિ કરાવે છે. માતા અથવા પિતા તરફથી સાત પેઢીઓ સુધી સગપણ સંબંધ હોય તો તેવા વર કન્યાનું લગ્ન કરવાની બંધી હોય છે. કેટલીક વખત છોકરીઓ ફક્ત છ માસની જ હોય છે ત્યારે તેમને પરણાવી દેવામાં આવે છે, પરંતુ સાધારણ રીતે છોકરીઓ પાંચથી આઠ વરસની હોય છે ત્યારે તેમનાં લગ્ન કરવામાં આવે છે. આ રિવાજનો શારદા એક્ટ અમલમાં આવ્યો ત્યાર પહેલાંનો છે. વિધવાઓને પુનઃ લગ્ન કરવા દેવામાં આવે છે. તેમનામાં મોટા ભાઈની વિધવા નાના ભાઈ સાથે 'દિયરવટું' કરે છે. તેમનામાં સ્ત્રીને ફારગતી આપવી કાયદેસર ગણાય છે. કુંવારો પુરુષ ફારગતી આપેલી સ્ત્રી અથવા વિધવા સાથે પરણી શકતો નથી પરંતુ આ મુશ્કેલીનો ઉતાર તેને પ્રથમ શમી વૃક્ષ સાથે પરણાવીને કરવામાં આવે છે જે વિધવા પુનઃલગ્ન કરે છે તે સોનાના પતરાથી મઢેલી હાથીદાંતની ચૂડીઓ પહેરે છે.

સ્ત્રીના પહેલા ગર્ભધાન સમયે તેના સીમંતની વિધિ પાંચમે અથવા સાતમે મહિને કરવામાં આવે છે, પરંતુ બીજા હિન્દુઓના આ બાબતના રિવાજથી વિરુદ્ધ મતિયાઓમાં તેવે પ્રસંગે નાતનું જમણ કરવામાં આવતું નથી તેમ કોઈ વધાવા આપવામાં આવતા નથી.

મતિયાઓ તેમનાં મૈયતો દફન કરે છે. મરણઘડી પાસે આવે ત્યારે તેને નવરાવીને જમીન ઉપર સુવાડવામાં આવે છે તે વખતે કાકો પાસે ઊભો રહીને પ્રાર્થના પઢે છે. પ્રાણપંખેરૂ ઊડી ગયા પછી મરનાર પુરુષ હોય તો તેને સુતરાઉ સુરવાળ, પહેરણ તથા ટોપી અને સ્ત્રી હોય તો તેને રેશમી સાડી, ચોળી અને ચણિયો પહેરાવવામાં આવે છે. પછી તેને મુસલમાનોના જનાઝામાં મૂકીને કબરસ્તાનમાં લઈ જવામાં આવે છે.

તેમનાં કબરસ્તાન સાધારણ રીતે કોઈ જલાશયને કિનારે હોય છે. સાથે જનારા માણસો કોઈ કપડાં કે જોડા ઉતારતા નથી. કબરસ્તાનમાં પહોંચ્યા પછી મૈયતનું કોઈ કપડું ઉતાર્યા વિના તેને કબરમાં મૂકી ઉપર માટી વાળી દેવામાં આવે છે.

મૈયત દફન કર્યા પછી સાથે ગયેલા માણસો દરેક પોતાના હાથમાં દશ અગરબત્તીનો બળતો કડકો રાખી બે અર્ધી-હિન્દુ અને અર્ધી-મુસલમાની પ્રાર્થનાઓ પઢીને પોતાને પવિત્ર કરી લે છે. પહેલી પ્રાર્થના "બિસ્મિલ્લાહિર્ રહમાનિર્ રહીમ, સતગર માત્ર બ્રહ્મા, ઇમામશાહ, આદિ વિષ્ણુનિરંજન અને નૂરઅલી, મોહમ્મદશાહ તમારી દુઆ". બીજી પ્રાર્થના, લોબાન જલે,ફૂલબત્તી ટળે, દીન જાગે, કરુણા માગે"—એ પ્રમાણે હોય છે. પછી દફન કરવા આવેલા માણસો ઘેર જાય છે. તેમના મરનારના કુટુંબ તરફથી લાડુનું જમણ જમાડવામાં આવે છે. મરનારના કુટુંબના માણસો પોતે તે કોઈ પડોશીને ત્યાં ખીચડી રંધાવીને ખાય છે. હિન્દુ સ્ત્રીઓ માફક મતિયા સ્ત્રીઓ દશ દિવસ સુધી મરનાર પાછળ રડે છે, અને છાતી કૂટે છે. તે દશ દિવસ દરરોજ વલાઉ ઉતારણીની વિધિ કરવામાં આવે છે. આજુબાજુનાં ગામોમાંથી મરનારનાં સગાંવહાલાં ભંગિયા મારફતે ખબર આપીને તેડાવવામાં આવે છે. જે એ પ્રમાણે કાણે આવે છે તેમને લાપસી જમાડવામાં આવે છે.

હિન્દુ રિવાજોથી વિરુદ્ધ મતિયાઓમાં મરનારનાં નઝદીકનાં સગાં મરણ પછીના દશ દિવસોમાં પોતાને 'સુતકી'—અપવિત્ર માનતાં નથી. હિન્દુઓ માફક મરણ પછીની કોઈ ધાર્મિક વિધિ કરવામાં આવતી નથી. મરનારના આત્માને 'પિંડ'—ચોખાનો લાડુ ધરાવવામાં આવતો નથી.

નાતિલાઓને મરણ પછી દશમે અને અગિયારમે દિવસે જમાડવામાં આવે છે; પરંતુ જો અગિયારમો અથવા બારમો દિવસ રવિવાર અથવા મંગળવાર હોય છે તો તેરમા અને વીસમા દિવસની વચ્ચે ગમે તે કોઈ દિવસે તેવું જમણ કરવામાં આવે છે. મરણ પછીના નાતના પહેલા જમણ વખતે મતિયાઓના દરેક કુટુંબ તરફથી મરનારના કુટુંબના મુખ્ય માણસને અર્ધો અર્ધો મણ ચોખા મોકલવામાં આવે છે. તે ઉપરાંત સગાંસંબંધી અને સ્નેહીઓ તરફથી આઠ આઠ આના આપવામાં આવે છે. આ ચોખા અને પૈસા અને તે ઉપરાંત મરનારનાં કપડાં, પથારી, અને પલંગ બુરહાનપુર, નવસારી, અમદાવાદ અથવા વેમલના પીરોના રોજાઓમાં મોકલવામાં આવે છે. તદુપરાંત મરનારના કુટુંબનો મુખ્ય માણસ પોતાના તરફથી વધારે પૈસા મોકલે છે, અને તે માલદાર હોય છે તો પીરના બીજા ઉપયોગ માટે એક આંબો જુદો કહાડે છે. પીરને મળતી દરેક ભેટસોગાદોની કીંમત રૂ. ૧૫ થી ૧૦૦ હોય છે.

બ્રાહ્મણ ગોરને પણ પછીના અગિયારમે દિવસે થોડી વસ્તુઓ આપવામાં આવે છે; તે ચીજો તેને "ગોર" તરીકે "દાન"માં આપવામાં આવતી નથી, પણ નાતવરામાં કરેલી મદદના બદલામાં હોય છે.

મતિયાઓનો કોઈ નાતપટેલ હોતો નથી, તેમ છતાં સ્ત્રીઓના છૂટાછેડાના તથા નાતના રિવાજો તોડવાના કેસો પાંચ આગેવાનોને સોંપવામાં આવે છે. તેઓ તેવા કેસોની તપાસ કરે છે. તેમના ફેંસલા બંધનકર્તા ગણાય છે. કસુરવાનોના કરેલા દંડની રકમોમાંથી નાતજાતનાં ત્રાંબાપિત્તળનાં વાસણો બનાવવામાં આવે છે. અથવા તે પૈસા પીરના રોજાઓમાં મોકલવામાં આવે છે.

મતિયાઓ તેમનાં છોકરાંને જૂજ કેળવણી આપે છે.

નવરાત્રિ અને હોળીના તહેવારોમાં મતિયા સ્ત્રીપુરુષો ભેગા મળીને ગરબા ગાય છે.

મતિયાઓ ખર્ચાળ નાતવરાઓ અને ભભકદાર લગ્નસરાઓ માટે જાણીતા છે.

તેઓ તેમની ભેંસો અને બળદોની ઘણી સંભાળ રાખે છે. પોતાની જાતને સારી સ્થિતિમાં અને દેખાવડાં રાખવામાં તેઓ કોઈ વાતે કસર કરતા નથી.

પ્રકરણ ૫૮

મલેકો

મલેકો અર્થાત્ રાજાઓ અથવા ઉમરાવો, હિન્દુઓમાંથી મુસલમાન થયેલા છે. તેઓ આખા ગુજરાતમાં મળે છે. એક વર્ગ તરીકે તેઓ ઊંચા, ઘઉંવર્ણા અને ઘાટીલા હોય છે. તેમની માતૃભાષા ઉત્તરમાં ગુજરાતી અને દક્ષિણમાં ઉર્દૂ છે. પુરુષોમાં કેટલાક કાઠીઓ માફક મોટા સાફા બાંધે છે, અને તંગ બંડીઓ અને ઉરેબ સુરવાળો પહેરે છે, અને કમરે કપડું બાંધે છે. બીજાઓ સામાન્ય મુસલમાની પહેરવેશ પહેરે છે. સ્ત્રીઓ ઉત્તરમાં હિન્દુશાહી અને દક્ષિણમાં સામાન્ય મુસલમાની પોશાક પહેરે છે.

ખેડા જિલ્લાના મલેકો હિન્દુઓમાંથી મુસલમાનો થયેલા છે. તેઓ મોટે ભાગે ઠાસરા તાલુકામાં છે. ત્યાં તેમનાં મૂળ બાર ગામ હતાં, પણ તેમની વસ્તી વધવાથી હવે તે પચ્ચીસ થયેલાં છે. તે ગામો પાવાગઢના ચાંપાનેરના ઘેરામાં (૧૪૮૪-૮૬) તેમને જે મદદ કરેલી તેના ઈનામમાં તેમને મળેલાં છે. આ મલેકોમાં કેટલાક પાસે વધારે અને કેટલાક પાસે ઓછી જમીન હોય છે.

તેઓ બધા જ કરકસર વિનાના સુસ્ત અને અફીણિયા હોય છે.

તેઓ જમીનદારો કે ખેડૂતો અને સરકારી નોકરીઓમાં પટાવાળા અને પોલિસ, સિપાહીઓ હોય છે. સ્ત્રીઓ ઘરમાં કાંતે છે, પણ ખેતરોમાં કામ કરતી નથી. તેઓ સ્વચ્છ, સુઘડ, અને પ્રામાણિક પણ એદી કરકસર, વિનાના અને અફીણી, હોય છે. એક વર્ગ તરીકે ખાસ

કરીને ઉત્તર ગુજરાતમાં તેઓ મૂર્ખાઈ અને બેવકૂફી માટે નામચીન હોય છે. તેમની સ્ત્રીઓ બહાર નીકળતી નથી. તેઓ સામાન્ય રીતે ગરીબ અને ઘણા દેવાદાર હોય છે.

તેઓ નામના સુન્નો હોય છે, પણ ધાર્મિક વૃત્તિવાળા હોતા નથી. તેમનામાંથી થોડાક કુરાને શરીફ પઢી જાણે છે. તેઓ નમાઝ પઢવાની ફિકર રાખતા નથી. તેમના લગ્ન સંબંધી અને બીજા રિવાજોમાં તેઓ બીજા રજપૂતોમાંથી મુસલમાન થયેલા વર્ગોમાંથી જુદા પડતા નથી.

પ્રકરણ ૬૦

મીયાણા

કાઠિયાવાડના માળિયા ગામના મીયાણા સિન્ધમાંથી આવેલા હોવાનો કર્નલ વોકરનો અભિપ્રાય છે.

તેમના ' મીયાણા ' નામની ઉત્પત્તિ માટે કર્નલ વોકરના કહેવા પ્રમાણે બે મત છે : એ નામ વર્ણનાત્મક નથી પરંતુ તેમના પૂર્વજ ' મીયા ' કે ' મીયાં 'ના નામ ઉપરથી તેમનું એ કોમી નામ પડેલું છે. બીજો મત છે કે મીયાણાનું મૂળ નામ ' મેહ ' હતું. સિન્ધી બોલીમાં તેનો અર્થ નીચ અથવા હલકી કોમ થાય છે.

તેમના મૂળ વતન સિન્ધમાં તેઓ સાધારણ માછીમાર છે પરંતુ કચ્છ,ભુજ અને માલિયામાં તેઓ ચોર, લૂંટારા છે.

કાઠિયાવાડમાં માલિયા નામનાં બે ગામ છે. મીયાણાનું માલિયા કાઠિયાવાડમાં ઉત્તરના દરિયાકિનારે મોરબીથી ઉત્તરે છે. બીજું માલિયા જૂનાગઢ રાજ્યમાં દક્ષિણે વેરાવળ બંદર પાસે છે. તે માલિયા ત્યાં હાટી જાતના કાઠી ગરાસિયા ઉપરથી " માલિયા હાટીના " તરીકે ઓળખાય છે. એ પ્રમાણે " માલિયા હાટીના " અને " માલિયા મીયાણા " એમ બે માલિયા ઓળખવામાં આવે છે.

સિન્ધમાંથી હિજરત કરનારા મીયાણા માલિયામાં આવતા પહેલાં કચ્છમાં પેઢીઓથી રહેતા હતા ; પરંતુ આજથી આશરે ૨૦૦ વરસ ઉપર માલિયાના પહેલા રાજા મોરજી કયાજીએ પોતાના ભાઈ મોરજીના

રાજા સાથેના ઝગડામાં પોતાને સહાય કરવા મીયાણાને કચ્છમાંથી આમંત્ર્યા હતા, તે ઉપરથી તેઓ માળિયા આવ્યા હતા. ત્યાં તેમને જાગીરો આપવામાં આવેલી હતી. તેમને મોરજીને મોરબીના ગામ જીતવામાં અને સ્વતંત્ર થવામાં મદદ કરી હતી પરંતુ મોરજીના વંશજોને મોરજીએ મીયાણાને આ પ્રમાણે આમંત્ર્યા બદલ ભારે દંડ આપવો પડેલો હતો, કારણ કે કાઠિયાવાડની અનેક તોફાની કોમોમાં મીયાણાઓની લૂંટ-ફાટો તરી આવતી હતી, અને માલિયાના દરબારો મીયાણાઓને અંકુશમાં રાખી શક્યા નહોતા.

માલિયાના મીયાણાનું ચારિત્ર્ય નીચેની એક કથની ઉપરથી સમજાય છે. એક વખતે ગાયકવાડ સરકારના લશ્કરનો એક આરબ નમાઝ પઢી રહ્યો હતો, ત્યારે એક મીયાણો ત્યાંથી પસાર થતો હતો. મીયાણાએ એ આરબને પૂછ્યું હતું કે તે કોનાથી એટલો બધો ડરતો હતો કે તે માથું જમીન ઉપર મૂકી દેતો હતો ? આરબે જવાબ આપ્યો હતો કે તે ખુદા સિવાય બીજા કોઈથી ડરતો ન હતો ત્યારે મીયાણાએ પૂછ્યું હતું કે ‘ અરે ભાઈ, ત્યારે તમે મિયાણે મારી સાથે ચાલો. ત્યાં અમે ખુદાથી પણ ડરતા નથી ’.

મીયાણા ઊંચા, કદાવર, સ્ફૂર્તિવાળા, શિકાર અને સવારીના શોખીન, બેધડક, હિમ્મતવાળા અને અસાધારણ ચકોર હોય છે. એ રીતે તેઓ સર્વોત્તમ લશ્કરી સિપાહીઓ થઈ શકે છે. દિલગીર થવા જેવું છે કે તેમણે તેમની હોંશિયારી અવળે માર્ગે દોરી છે, અને જોકે હવે તેઓ અગાઉ હતા તેટલા ખરાબ નથી; છતાં તેમણે ચોર, લૂંટારા, ડાકુ અને ઢોર ઉપાડી જનાર તરીકે બદનામ મેળવેલું છે.

માલિયાના મીયાણા સિવાય તેમનાં સંખ્યાબંધ કુટુંબો જામનગર રાજ્યના દરિયાકિનારાનાં ગામોમાં સ્થાયી વસે છે. અલબત્ત પ્રામાણિકતા માટે તેમને કોઈ પ્રકારે નામ કહાડ્યું નથી; છતાં

આ જામનગરના મીયાણાની આબરૂ માલિયા અને કચ્છના મીયાણાના જેટલી ખરાબ નથી.

મીયાણામાં ૩૧ જેટલા પેટાવિભાગો છે. તેમાં મુખ્ય જેડા, માણેક, ભાટી, જામ, મનિઆર, કાજરડિયા બર્ડદાની, સંઘવાની, મમારી અને ખટ્ટીઆ છે. આ વિભાગોમાં વળી પેટાવિભાગો છે. આ દરેક પેટાવિભાગનો એકએક માન્ય કરેલો આગેવાન પટેલ હોય છે.

વરસના મોટા ભાગમાં તેઓ ખુલ્લા પ્રદેશમાં વસે છે. તેઓ થોડાં થોડાં કુટુંબોની ટોળિયોમાં રહે છે. જુવાર, બાજરીના પુળાનાં કામચલાઉ ઝૂંપડાં બાંધીને રહે છે. આવા છાપરાના પ્રત્યેક સમૂહને 'વાંઢ' કહે છે. આવા વાંઢમાંથી તેઓ તેમની 'સફરો' ઉપર નીકળી પડે છે. પાછા આવતાં તેઓ ચોરેલો માલ દાટવામાં અને સંતાડવામાં ઘણી હોંશિયારી દેખાડે છે.

આ કોમને વ્યવસ્થિત જીવનમાં રાખવાના ઘણા પ્રયાસો કરવામાં આવેલા છે. સારી ચાલચલગતથી ચાલવાના અમીનખતો તેમના મુખીઓએ વારંવાર લખી આપેલાં છે; પરંતુ કોઈ વખત તેનો અમલ કરવામાં આવેલો નથી.

આ જામીનખતોની કેટલીક શરતો એ પ્રકારની જણાતી હતી કે જે અમલદારો સમક્ષ તેમણે તેવાં ખતો કરી આપ્યાં હતાં તેમની મીયાણા જાણે કે મશ્કરી કરતા હોય. દા.ત. "હોળી" હિન્દુઓનો તહેવાર છે, માટે તેમાં ભાગ લેવાનો અમારો હક નથી. તેથી તેવે વખતે અમારી આદત પ્રમાણે ચોરીઓ નહીં કરવાનું અમે વચન આપીએ છીએ. અમે એ પણ વચન આપીએ છીએ કે ગામના દરવાજાઓ પાસે અમે સવારસાંજ આંટા મારીશું નહિ, અને આવતી જતી સ્ત્રીઓની અમે મશ્કરીઓ કરીશું

નહિ. માલિયા અને કાગરડાને અમારાં રીતરિવાજોનાં પ્રચારનાં અમે કેન્દ્ર બનાવીશું નહિ. અમે કબૂલ કરીએ છીએ કે અમારા અવરજવર માટે વધારે સરળતા થાય તે માટે કિલ્લાઓની દિવાલોમાં બાકોરાં કરવા ઘણું ખરાબ છે. અમે ફરીથી એ પ્રમાણે કરીશું નહિ." એ પ્રમાણે તેમને પસ્તાવો પ્રદર્શિત કર્યો હતો, અને તેવા ગુના ફરી નહિ કરવા વચનો પણ આપ્યાં છતાં હતાં. એ લખાણોની શાહી સુકાઈ પણ ન હતી, તે પહેલાં તો તેમણે તેમની જૂની આદતો ફરીથી અખત્યાર કરી હતી અને ચોરીઓ અને લૂંટફાટો શરૂ કરી દીધી હતી.

માલિયા દરબારે તેમને કાબૂમાં રાખવા વારંવાર પ્રયત્નો કરેલા હતા, પરંતુ મીયાણાઓએ તેની સત્તાની માત્ર મજાક ઉડાવેલી હતી. છેવટે સને ૧૮૮૦માં આ કોમ પાસેથી હથિયારો લઈ લેવાની ફરજ પડેલી હતી અને તેમને સત્તાના જોરે શાન્ત પાડવા માલિયામાં એક લશ્કરી થાણું રાખવામાં આવ્યું હતું.

તેઓ દેખાવડા હોય છે. તેમની સ્ત્રીઓ સૌંદર્ય માટે મશહૂર છે. પરંતુ મલાજા કે પવિત્રતા માટે તેમણે કોઈ નામના મેળવી નથી. સ્ત્રીપુરુષો બન્નેના માથાના વાળ જાડા, ગુંચળાવાળા અને કાળા હોય છે. તેમનો મ્હોનો દેખાવ ઘાટીલો અને શરીરનો રંગ શ્યામ હોય છે. પુરુષો ચાલાક અને થાકે નહિ તેવા હોય છે. તેઓ ઉરેબ સુરવાળો ઉપર ટૂંકા કોટ પહેરે છે, અથવા કમર ઉપરના ભાગમાં કંઈ પહેર્યા વિના ખુલ્લે શરીરે ફરે છે. સ્ત્રીઓ ચણિયો પહેરવાને બદલે લાંબુ કપડું કમરે વીંટાળે છે. તેને તેઓ "જીમી" કહે છે.

તેઓ પોતાને મુસલમાન કહેવડાવે છે. કેટલાક પીરને માને છે. તેઓ તેમનાં મુર્દાં દફન કરે છે, પરંતુ તેમનાં જીવનની રહેણીકરણી મોટે ભાગે રજપૂતોનાં જીવન જેવી હોય છે.

તેઓ ગૃહવ્યવહારમાં નિષ્ફળ નિવડયા છે. તેઓ ત્રેવડ વિનાના અને સુસ્ત હોય છે. તેઓ કરજમાં ડૂબેલા રહે છે.

તેઓ સંખ્યાબંધ જનાવરો ચરાવે છે, પરંતુ તેમાંનાં ઘણાંખરાં ચોરી આણેલાં હોય છે.

તેઓ તેમની કોમમાં અંદર અંદર પરણે છે. તેઓ ઇચ્છે તો તેઓ એક કરતાં વધારે સ્ત્રીઓ કરી શકે છે.

તેઓ લખીવાંચી જાણતા નથી અને તેમ કરવાની તેમની ઇચ્છા પણ જણાતી નથી.

ગુજરાત તમામમાં તેમની વસ્તી બિલકુલ નથી.

૧૮૦૭માં જ્યારે કર્નલ વૉકરે ઝાલાવાડમાં જમીનોનું સેટલમેન્ટ કર્યું ત્યારે તેમણે એ પ્રાન્તમાં ઘણી સામાજિક શિથિલતા હોવાની વર્ણવી હતી કાઠી, જાટ, મીયાણા અને એવી બીજી રખડતી કોમોએ એ પ્રાન્તના થોડા વતનીઓને નિરંતરની ભયભીત સ્થિતિમાં રાખેલા હતા. ઝાલાવાડના ઘણા ભાગોમાં ખેડૂતો તેમનાં ખેતરોમાં હથિયારબંધ જતા હતા અને પ્રત્યેક ગામમાં એક એક ઊંચા ઝાડ ઉપર અથવા એવા બીજા ઊંચા સ્થળે કાયમ ચોકી રાખવામાં આવતી હતી કે જેની હંમેશાં બીક રાખવામાં આવતી હતી. લૂંટારાનાં ટોળાં દૂરથી નજરે પડે કે તરત જ તે ચોકીદાર સહુને ચેતવી દેતો હતો. તે જમાનામાં ગામડાંના માણસોની સર્વસ્વ પૂંજીમાં ઘરવખરી, ખેતીનાં સાધનો, અને તેમના જાનવરો હતાં. આ બધું તેઓ ચોકીદારની ચેતવણી મળતાં તરત જ ઉતાવળે ઉતાવળે ગામની કિલ્લેબંધીની અંદર લઈ આવતા હતા, અને જો રસ્તામાં જ તેમને લૂંટારાઓનો ભેટો થઇ જતો હતો તો તેઓ કચ્છનું રણ ઓળંગીને કચ્છ-વાગડમાં તે જાનવરો વેચી આવતા હતા.

———

પ્રકરણ ૬૧

મો'લેસલામો

મો'લેસલામો મુખ્યત્વે ભરૂચ જિલ્લાના અને રેવાકાંઠામાં મળે છે. તેઓ ખેડા જિલ્લામાં પણ છે. તેઓ મુખ્યત્વે સુલ્તાન મહમૂદ બેગડાના અમલ દરમ્યાન (ઈ. સ. ૧૪૫૯-૧૫૧૩) રજપૂતોમાંથી મુસલમાન થયેલા હતા, પણ તેઓ અર્ધ-દગ્ધ મુસલમાન હતા. આ સ્થિતિમાં લગભગ પાંચસો વરસ પછી, તા. ૨૩-૩-'૫૩ના રોજ ખેડા જિલ્લાના ખડાલ મુકામે ૨૫૦ મો'લેસલામ કુટુંબો શુદ્ધિ કરાવી ફરીથી હિન્દુ ધર્મ સ્વીકારી રાજપૂતો થઈ ગયા છે.

તેમના ' મો'લેસલામ ' ઉપનામની ઉત્પત્તિ સંબંધમાં વિચિત્ર કથાઓ છે : કર્નલ વૉકરના મત પ્રમાણે, ' મુતી-ઉલ-ઇસ્લામ ' ; ' ઇસ્લામને આધીન થનારા '—એ ઉપરથી તેમનું એ નામ પડેલું છે. એ નામ ગરાસીઓઓને ઠપકારૂપે આપવામાં આવેલું હતું. કારણ કે તેમણે બાહ્યાચારમાં ઇસ્લામ સ્વીકાર્યો હતો; છતાં તેઓ તેમના પૂર્વજોના જ ક્રિયાકાંડ પાળતા હતા. બીજી રીતે તેમનું નામ " મોલાએ-ઇસ્લામ " : ' ઇસ્લામના વડેરા '—એ ઉપરથી પડયું હોવાનું કહેવામાં આવે છે. " મૌલા "નો અર્થ ' માલિક ', તેમ જ ' ગુલામ ' પણ થાય છે. એ નામ તેમને ' ખોજા ', ' ખ્વાજા '—' અમીરો 'ની માફક તેમણે ઇસ્લામ સ્વીકાર્યો ત્યારે તેમને માનાર્થ આપવામાં આવેલું હતું. ત્રીજો ખુલાસો એવો છે કે ઇસ્લામના ફતેહમંદ પ્રચારના શરૂ જમાનામાં જ્યારે કોઈ ગયૂર-મુસ્લિમને ઇસ્લામમાં દાખલ કરવામાં આવતો હતો ત્યારે તેને મુસલમાન બનાવનારનો તે

'મોલા': 'ગુલામ' કહેવાતો હતો. ઇબ્ન ખલ્લીકાન કહે છે કે જ્યારે મશ્હુર હાફિઝ અલ ઇસ્ફહાનીના પ્રથમ પૂર્વજ મિહરાએ ઇસ્લામ સ્વીકાર્યો ત્યારે તેમણે હઝરત મોસા જિયાના પુત્ર અબ્દુલ્લાના "મોલા" (ગુલામ) તરીકે ઇસ્લામનો સ્વીકાર કર્યો હતો.

જ્યારે સુલ્તાન મહમૂદ બેગડાએ એમને મુસલમાન બનાવ્યા ત્યારે સુલ્તાન પોતે નિષ્ઠા અને આકીનવાળો મુસલમાન હોવાથી તેણે તેમને "મહમૂદના 'મૌલા'" કહેવાને બદલે તેણે તેમને "ઇસ્લામના 'મૌલા'" તરીકે સંબોધ્યા હતા. ફાર્બસે 'રાસમાલા'માં આપેલા ખુલાસા પ્રમાણે મહમુદ બેગડાના સમયમાં જે રજપૂતોના તેમની જ્ઞાતિમાંથી બહિષ્કાર કરવામાં આવ્યો હતો તેમણે તેમની અલગ કોમ બનાવી હતી, અને તેમણે પોતાને 'મો'લેસલામ' નામ આપ્યું હતું, કારણ કે તેઓ સુલતાનના 'મહેલ'ને 'સલામ કરતા હતા.

મહમુદ બેગડાએ ૧૪૮૬માં જે જાદવ રજપૂતોને મુસલમાન બનાવ્યા હતા તેમના પોતે વંશજો હોવાનું ભરૂચ જિલ્લાના આમોદ અને કેરવાડાના મો'લેસલામ ઠાકોરો, કહે છે. 'મો'લેસલામ' નામના ઉપર આપેલા ચાર ખુલાસામાંથી બીજો ખુલાસો કે તેનો અર્થ 'ઇસ્લામના વડેરા' થાય છે, તે જ ખરો અર્થ હોવાનું સૌથી વધારે સંભવે છે.

ખેડા જિલ્લાના મો'લેસલામો મોટે ભાગે ગરીબ હાલતમાં છે. એમનામાંના કેટલાક 'ઠાકોરો' અને 'તાલુકદારો' તરીકે જમીનદારોમાં કંઈક અગત્યનો વર્ગ છે.

મો'લેસલામ ઠાકોરો અને દરબારો, સૈયદો અને મોલવીઓને પોતાને ત્યાં રાખે છે. તે ઉપરાંત પોતાના મૂળ બ્રાહ્મણ ગોરના વંશજોને પણ નિભાવે છે, અને ભાટચારણોને પણ પોષે છે. તે

ભાટ ચારણો પાસે ધનવાન વર્ગ કવિતા કહેવડાવે છે; ત્યારે નિર્ધન વર્ગ તેમની પાસે પોતાને ત્યાંના લગ્ન પ્રસંગોએ કુલગોર તરીકે કામ લે છે.

મો'લેસલામો પોતાની પુત્રીઓ સૈયદ, શેખ, મોગલ કે બાબીને આપે છે, પરંતુ નિયમ તરીકે, ઉતરતા વર્ગના મુસલમાનોને આપતા નથી. મો'લેસલામ ઠાકોરના કુંવરને લગ્ન માટે રજપૂત કન્યા મળી શકે છે, પરંતુ બીજા સામાન્ય સ્થિતિના મો'લેસલામો કાં તો અંદર અંદર અથવા ગરીબ મુસલમાનો સાથે લગ્નવ્યવહાર કરે છે.

મો'લેસલામો ઘરમાં ધોતી પહેરે છે, પરંતુ બહાર જવામાં સાફો, કોટ અને સુરવાળ પહેરે છે. તે ઉપરાંત રજપૂતો માફક કમરે કપડું વીંટાળે છે. અથવા ખભા ઉપર ઉપરણું નાખે છે. સ્ત્રીઓ સાડલા, ચોળીઓ અને ચણિયા પહેરે છે. મો'લેસલામો બીજા મુસલમાનો સાથે મળે છે. તહેવાર વખત તેઓ માંસ ખાય છે. તે સિવાય તેમનું ખાનપાન હિન્દુઓના જેવું જ હોય છે.

રાઠોડો

રાઠોડો, એ નામના રજપૂત કોમમાંથી મુસલમાન થયેલા છે. તેઓ ઉત્તર ગુજરાતના જુદા જુદા ભાગોમાં નાની સંખ્યામાં મળે છે. પુરુષો મજબૂત બાંધાના, ઘાટીલા અને ઝનૂની હોય છે. તેઓ દાઢી રાખે છે. તેથી કેટલાક રજપૂતો પણ દાઢી રાખે છે. તેમના અને રજપૂતોના દેખાવમાં કંઈ ફેર હોતો નથી. તેમની જે સ્ત્રીઓ જન્મે હિન્દુ હોય છે તેઓ તેમનાં માતાપિતાને ત્યાં હોય છે ત્યારે રજપૂતોનો પહેરવેશ પહેરે છે. તે સિવાય તેમની બીજી સ્ત્રીઓ મુસલમાની ઓઢણી, આબા અને ઇજારો પહેરે છે. પુરુષો જમીનદારો, ખેડૂતો કે

૨૨

હલકરા તરીકે ગુજરાન કરે છે. તેઓ મોટે ભાગે બેદી અને ત્રેવડ વિનાના હોય છે.

તેઓ મઝહબે સુન્ની હોય છે; પરંતુ ધાર્મિક વૃત્તિવાળા હોતા નથી. અને મોટે ભાગે કુરઆને શરીફ કે નમાઝ પઢતા જણાતા હોતા નથી. તેમનામાંના કેટલાક તેમનાં મકાનોમાં સ્વામિનારાયણ પંથનાં ચિત્રો રાખે છે અને તેમની પૂજા કરે છે. તેમના ક્રિયાકાંડ બહુધા હિન્દુ હોય છે.

લગ્નપ્રસંગોએ, મોટા જમીનદારો, રજપૂત રિવાજ અનુસાર કન્યાને ત્યાં ખાંડુ મોકલે છે અને કન્યાને પોતાને ત્યાં લાવી પછી જ લગ્નવિધિ કરે છે. કન્યા હિન્દુ હોય છે, ત્યારે હિન્દુ અને ઈસ્લામી બન્ને વિધિઓ કરવામાં આવે છે. મરણપ્રસંગોએ સ્ત્રીઓ રડે કૂટે છે.

તેઓ હિન્દુ કે મુસલમાન થયેલા રજપૂતો અને કોળીઓમાં લગ્ન કરે છે. તે સિવાય બીજી રીતે તેઓ નિરાળી કોમ નથી. તેમનામાં કોઈ જાત પટેલ હોતો નથી. તેમની એકંદર સ્થિતિ સારી છે. છતાં તેમનામાંથી કોઈ ભાગ્યે જ તેમનાં છોકરાંને નિશાળે મોકલે છે.

પ્રકરણ ૬૨

વાઘેરો

કાઠિયાવાડની વાઘેર કોમમાં કેટલાક હિન્દુ અને કેટલાક મુસલમાન છે. કાઠિયાવાડના વાયવ્ય ખૂણાના ઓખામંડળના નાના દ્વીપકલ્પમાં વસનારી પ્રજામાં આ વાઘેરો સૌથી પ્રથમ અને સૌથી જૂના હોવાનો દાવો કરે છે.

તેમની ઉત્પાત્તિની કથા શ્રીકૃષ્ણ દ્વારકાની ગોમતી નદીના પવિત્ર પાણીમાં ક્રીડા કરતા હતા ત્યારથી શરૂ થાય છે. અહીં તેમને કશાસુર દૈત્ય રંજાડતો હતો. તેથી શ્રીકૃષ્ણે ગરુડ પર સવારી કરીને તેને પરાજિત કર્યો હતો, અને તેને પૃથ્વીના પેટાળમાં દાબી દીધો હતો. એ પ્રકારે થયેલા પૃથ્વીના પોલાણમાંથી પહેલો વાઘેર બહાર આવ્યો હતો. વાઘેરો તેમની ખરાબ ખાસિયતો આ કમનસીબ ઉત્પત્તિને આભારી હોવાનો ખુલાસો કરે છે.

તેમની ઉત્પત્તિ ગમે તે પ્રકારે હોય, પરંતુ એટલું તો નિઃસંદેહ છે કે વાઘેરો ઓખામંડળમાં શતકોથી વસતા આવેલા છે. આરંભમાં તેઓ માછીમાર હતા; પછી તેઓ ચાંચિયા થયા હતા, અને અંતે જમીનદારો થયા હતા. તેમની અત્યારની આદતો ગ્રીક લોકોએ ૨૦૦૦ વરસ ઉપર તેમનું વર્ણન કરેલું હતું તે જ પ્રકારની ચાલુ રહેલી છે.

અગિયારમી સદીમાં ઓખામંડળ પ્રદેશ હેરોલ અને ચાવડા રજપૂતો વચ્ચે વહેંચાયલો હતો. આ બે પ્રજાઓ વચ્ચે વિગ્રહ થવાથી તેમણે દરેકે કેટલાક રાઠોડ રજપૂતોને પોતપોતાને સહાય કરવા નિમંત્ર્યા

હતા. પરંતુ રાઠોડોએ બન્નેને કપટથી કતલ કરી નાખ્યા હતા. તેથી કેટલાક હેરોલો વાઘેરોમાં આશ્રય શોધવા ગયા હતા. વાઘેરોએ તેમને પોતાની કોમમાં ભેળવી દીધા હતા.

કેટલાક સમય પછી કચ્છના વાઘેલ કુટુંબનો હમીરજી નામનો એક રાજકુમાર ઓખામંડળમાં આવતો રહ્યો હતો. ત્યાં વાઘેરોમાં ઊછરતી એક હેરોલ કન્યા સાથે તે પ્રેમમાં પડયો હતો અને તે તેને પરણ્યો હતો. તેના વંશજો, જોકે વાઘેરો ગણાય છે, છતાં તેમણે 'માણેક'નું ઉપનામ અંગીકાર કર્યું હતું. અંતે તેઓ દ્વારકા અને ઓખામંડળના દક્ષિણ ભાગના રાજકર્તા થયા હતા.

વાઘેરો ઓખામંડળમાંથી કચ્છના અખાતના દક્ષિણ કિનારા ઉપર પ્રસરેલા છે, અને હવે તેઓ હાલાર પ્રાન્તના દરિયા કિનારાનાં નાનાં મોટાં ઘણાં ખરાં ગામોમાં મળે છે. ત્યાં તેઓ માછીઓ અથવા ખલાસીઓનો ધંધો કરે છે.

હાલારના વાઘેરો મુસલમાન થયેલા છે; જ્યારે ઓખામંડળના તેમના ભાઈઓ હિન્દુઓ છે, પરંતુ ઓખામંડળના વાઘેરો ચુસ્ત હિન્દુઓ નથી. તેઓ તેમની પુત્રીઓ કોઈ પણ મુસલમાન, જે તેમને પૂરતા પૈસા આપી શકે, તેની સાથે ખુશીથી પરણાવે છે.

વાઘેરો મજબૂત, દેખાવડી અને ગમે તેટલો શ્રમ સહન કરી શકે, તેવી પ્રજા છે. કેટલાક રજપૂતો, રબારીઓ અને ચારણો માફક દાઢીઓ વચ્ચેથી સેંથો પાડીને તેના છેડા બે કાન તરફ વાળે છે. તેઓ શાન્તિરહિત, તોફાની અને અંકુશના અધીરા હોય છે. હજી તેમની વૃત્તિઓ લૂંટફાટ કરવા તરફ જ તીવ્ર અને પ્રેરાયલી રહે છે.

ઓખામંડળના વાઘેરો ખાસ કરીને વધારે તોફાની છે. ઓગણીસમી સદીની શરૂઆતમાં તેમણે અરબી સમુદ્રમાં ત્રાસ વર્તાવ્યો હતો. તેઓ સિન્ધથી દીવ સુધીના દરિયાકિનારા ઉપર ફરતા રહેતા હતા, અને તેમનાથી બની શકે તેટલું નુકસાન તેઓ શાન્તિપ્રિય વેપારીઓનાં વહાણોને પહોંચાડતા હતા. તેમના અત્યાચારો એટલા બધા વધી પડયા હતા કે દરગુજર થઈ શકે તેવા ન હતા; તેથી ૧૮૧૬માં અંગ્રેજ લશ્કરે ઓખામંડળ સર કર્યું હતુ. પછી તે પ્રદેશ ગાયકવાડ સરકારને સોંપવામાં આવ્યો હતો, પરંતુ વાઘેરોએ તરત જ બંડ કર્યું હતું, અને ગાયકવાડ સરકારને ફહાડી મૂકી, ત્યાં તેમણે પોતાની સત્તા ફરીથી જમાવી હતી. ૧૮૨૦માં અંગ્રેજી લશ્કરે તેમને ફરીથી તાબે કર્યા હતા, અને બીજી વખત તે પ્રાન્તનો વહીવટ ગાયકવાડ સરકારને સોંપવામાં આવ્યો હતો. પરંતુ સ્થાનિક અમલદારો વસ્તીને મોટાભાગની જંગલી અને તોફાની વૃત્તિઓ અંકુશમાં રાખી શકયા ન હતા. લોકોને બળવો કરવાની લાંબા વખતથી ટેવ હતી, અને તેઓ ફાવે તેમ વર્તતા હતા. છેવટે, ૧૮૫૭માં હિન્દુસ્તાનના બળવામાં બંડખોરોની જીત થતી સાંભળી, તેથી ઉશ્કેરાઈ તેમણે ગાયકવાડ સરકારના લશ્કરને કાઢી મૂકયું હતું. અંગ્રેજી લશ્કરે દ્વારકા ફરીથી સર કર્યું હતું, અને કેટલાક વખત સુધી તે પ્રાન્તનો વહીવટ અંગ્રજી અમલદારોએ કર્યો હતો. એક વખત ફરીથી તે વહીવટ ગાયકવાડ સરકારને સોંપવામાં આવ્યો હતો. વળી, ફરીથી વાઘેરોએ તે અમલદારોને હંફાવ્યા હતા. ૧૮૬૫માં વાઘેરો આખા કાઠિયાવાડમાં ફરી વળ્યા હતા. અને ૧૮૭૩માં તેમને છેવટના અંકુશમાં આણવામાં આવ્યા હતા. ત્યાં સુધી તેમણે અનહદ નુકશાન કર્યું હતું. ત્યાર પછીથી તેમણે વધારે તકલીફ આપી નથી. હવે તેઓ પૂરી રીતે શાન્ત પડી ગયા હોય એમ માનવામાં આવે છે.

હાલાર પ્રાન્તના વાઘેરોએ એક કોમ તરીકે તકલીફ આપી નહોતી; જોકે ઓખામંડળના તેમના ભાઈઓના તોફાનો દરમ્યાન તેમની સાથે

તેમની દિલસોજી હતી. તેથી તેઓ તેમને આશ્રય આપતા હતા, અને તેમને રંગરૂટો(recruits)ની મદદ પણ મોકલતા હતા.

વાઘેરો કોઈ પ્રકારે સુધરેલી પ્રજા નથી. તેમની આદતો ગંદી છે. તેઓ અફીણી, વહેમી અને કેળવણીથી વિમુખ છે. તેઓ તેમનામાં જ અંદર અંદર પરણે છે, પરંતુ તેમની કન્યાઓ તેઓ મુસલમાનોને આપે છે. તેમને સ્વમાન જેવું કંઈ હોતું નથી. તેમનો કહેવાતો આગેવાન પણ 'દાન' તરીકે થોડા રૂપિયા સ્વીકારી લે છે.

પ્રકરણ ૬૩

સુન્ની વહોરાઓ

શીઆ વહોરાઓ કોમ તરીકે વેપારીઓ છે તેમ સુન્ની વહોરાઓ કોમ તરીકે ખેડૂતો છે, શીઆ દાઉદી વહોરાઓનાં કેટલાંક કુટુંબો ધોળકા તાલુકામાં ખેતી કરે છે તે અપવાદ ગણાય, તેમ સુન્ની વહોરાઓ પણ વેપાર કરે છે. ખાસ કરીને સુરતી વહોરાઓ સામાન્ય રીતે વેપારી હોય છે. તેઓ પરદેશો સાથે પણ વેપાર કરે છે.

સુન્ની વહોરાઓનો વર્ગ શીઆ વહોરાઓ કરતાં મોટો છે. એકલા ભરૂચ જિલ્લામાં તેમની વસ્તી, ૧૯૩૧ના સેન્સસ પ્રમાણે ૪૨,૪૨૭ હતી. આજે ત્રીસ વરસ પછી વાર્ષિક બે ટકાના વધારાના હિસાબે તે ૭૦,૭૦૦ થયેલી હોવી જોઈએ. તે ઉપરાંત દક્ષિણે સુરત જિલ્લામાં ઓલપાડ અને માંડવી તાલુકાઓમાં, પૂર્વે જૂના વડોદરા રાજ્યમાં અને ઉત્તરે ખેડા, પંચમહાલ અને અમદાવાદ જિલ્લાઓમાં મળી, તેમની વસ્તી એકંદરે ૧૯૩૧ના સેન્સસ પ્રમાણે ૭૦,૭૨૯ હતી. એટલે આજે (૧૯૬૦માં) ૧,૧૭,૮૮૪ હોવી જોઈએ. આ આંકડો જૂના ગુજરાતનાં માત્ર પાંચ જિલ્લાઓનો જ છે. તેમાં ઉત્તર ગુજરાતના કાઠિયાવાડ અને કચ્છનો સમાવેશ થતો નથી. તે બાકીની વસ્તીના આંકડા ઉમેરતાં કુલ વસ્તી ગોળ આંકડામાં બે લાખ થવા જાય છે.

શીઆ ઇસ્માઈલી વહોરાઓનો ઇતિહાસ ખરો હોય તો આ ખેતી કરનારા વહોરાઓ મુખ્યત્વે ચૌદમા અને પંદરમા સૈકાઓમાં અશસ્ત્ર હિન્દુ કોમોએ ઇસ્લામ સ્વીકાર્યો હતો, તેમના વંશજો છે.

અમદાવાદના સુલતાન મુઝફ્ફરશાહ પહેલાના સમયમાં (ઈ. સ. ૧૩૯૦-૧૪૧૧), જ્યારે સુન્ની વહોરાઓ ભિન્ન કોમ તરીકે જુદા પડયા હતા અને ત્યાર પછી સુલતાન અહમદશાહ પહેલા (૧૪૧૧-૪૩) મહમૂદ બેગડો (૧૪૫૯-૧૫૧૩), અને મહમૂદ બીજો (૧૫૩૬-૫૪)—એ સુલતાનોના સમયમાં હિન્દુઓથી જેઓ મુસલમાન થયા હતા, અને શીઆ દાઉદી વહોરાઓમાંથી જેઓ સુન્ની થયા હતા, તેને લીધે આ સુન્ની વહોરાઓની સંખ્યામાં વધારો થયો હતો.

ઘણા ખેડૂત વહોરાઓ પોતાના પૂર્વજો મૂળ કંઈ હિંદુ જ્ઞાતિમાંથી હતા તે જાણે છે. ભરૂચ જિલ્લાના સારોદ ગામમાં વસતા ઘણા વહોરાઓ સુલતાન મહમૂદ બેગડાના સમયમાં મોરબી શહેરના એક મંછારામ નામના બ્રાહ્મણના પોતે વંશજો હોવાનો દાવો કરે છે. તેમના કુટુંબનો ૧૮૯૮માં હયાત હતો તે પુરુષ મૂળ ઇસ્લામ સ્વીકારનાર મંછારામથી તેરમી પેઢીએ હતો. ધંધુકા, કાવી અને જંબુસરના કેટલાક વહોરાઓ મૂળ રાવળીઆ હતા. ભરકોદરાના કેટલાક વહોરાઓ વાણીઆ, દેવડીના કેટલાક રજપૂતો, ટંકારિયાના કેટલાક ભાટિયા અથવા લોહાણા, ખાનપુરના કેટલાક ઢેડ, અચોડીના કેટલાક ચમાર, મોરાના કેટલાક ખત્રી, અને અકોલાના કેટલાક મોઢ ઘાંચી છે. આ જ્ઞાતિભેદ હજી ચાલુ રહેલો છે. જેઓ હિન્દુઓની ઉચ્ચ જ્ઞાતિઓમાંથી મુસલમાન થયેલા હોવાનો દાવો કરે છે, તેઓ હિન્દુઓની ઊતરતી જ્ઞાતિઓમાંથી મુસલમાન થયેલા વહોરાઓને પોતાની કન્યાઓ આપવા ના પાડે છે. આ જ્ઞાતિભેદ બીજા જિલ્લાઓમાં પણ હજી સુધી ચાલુ રહેલો જોવામાં આવે છે.

સુન્ની વહોરાઓના દેખાવ અને રીતભાત ઉપરથી ખાસ કરીને ભરૂચ જિલ્લાના વહોરાઓ માટે જણાઈ આવે છે કે તેમનામાં કેટલાક પ્રમાણમાં વિદેશી તત્ત્વ ભળેલું છે. આ હકીકત ગુજરાત તળના પાંચ

જિલ્લાના સુન્ની વહોરાઓ માટે સ્પષ્ટ તરી આવે છે કે પ્રત્યેક જિલ્લાના વહોરાઓ હિન્દુઓની વિવિધ કોમોમાંથી મુસલમાન થયેલા હોવા જોઈએ. સુરતી વહોરાઓ મોટે ભાગે વેપારીઓ છે અને બીજા વહોરાઓમાં સૌથી વધારે સંસ્કારી લાગે છે. ભરૂચ જિલ્લાના વહોરાઓ મોટે ભાગે ખેડૂતો છે, અને સુરતી વહોરાઓ કરતાં ઓછા સંસ્કારી જણાય છે. ખેડા જિલ્લાના વહોરાઓ હિન્દુઓની સામાન્ય કોમોમાંથી અને તદ્દન સામાન્ય સંસ્કારોવાળા જણાય છે. પંચમહાલના વહોરાઓ તેમનાં કદ, મજબૂત બાંધો અને સામાન્ય દેખાવ ઉપરથી લાગે છે કે તેમાં મારવાડી તત્ત્વ ભળેલું હોવું જોઈએ. અમદાવાદ જિલ્લાના વહોરાઓમાં અમદાવાદ સલ્તનતનું પાટનગર હોવાથી ઘણું મિશ્રણ થયેલું છે તેમનામાં શહેરના સંસ્કાર ઉમેરાયા હોવા છતાં તેમનું મૂળ તત્ત્વ દેખાઈ આવે છે.

જેમણે ભરૂચ જિલ્લાના ખેડૂત વહોરાઓનો અભ્યાસ કરેલો છે તે બધાએ તેમના વિશિષ્ટ દેખાવ અને ચારિત્ર્ય ઉપર ભાર મૂકલો છે; પરંતુ કયું બિન-ગુજરાતી તત્ત્વ તેમનામાં ભરેલું છે, તે હજી સુધી નક્કી કરી શકાયું નથી. તેમને અરબસ્તાનની ઇઝરાઈલ કોમ કહેવામાં આવે છે, અને તેમનામાંના કેટલાક હ. ઈબ્રાહીમ પયગમ્બર (અલ)-ના પુત્ર હ. ઈસ્માઇલ(અલ)ની પોતે ઔલાદ હોવાનો દાવો કરે છે. ૧૮૧૮માં થયેલી ભરૂચ જિલ્લાની પહેલી સર્વેની એક નોટમાં કેપ્ટન ઓવન્સે પોતાને ટંકારિયાના વહોરાઓ પાસેથી મળેલું વર્ણન આપેલું છે, અને તે વર્ણન સત્ય હોવાની કેપ્ટન ઓવન્સની ખાત્રી હતી. તે અનુસાર શહેનશાહ જહાંગીરે લડાઈમાં કેદ પકડાયેલા કેટલાક મારવાડીઓને કોઈ હિન્દુ રાજાએ ગુલામો તરીકે રાખ્યા હતા તેમને ૧૬૧૮માં મુક્ત કરાવ્યા હતા. તે ઉપકારના બદલામાં, તે મારવાડીઓ મુસલમાન થયા હતા. તેના ઈનામમાં તેમને ગુજરાતની કેટલીક ખરાબાની જમીનો ઉપર વસાવવામાં આવ્યા હતા. ખેડા જિલ્લાના કેટલાક ખેતી કરનાર વહોરાઓ પણ

લગભગ તેવી જ હકીક્ત કહે છે, જોકે આ મુસલમાન થયેલા મારવાડીઓ મૂળ 'વહોરા' હોવા જોઈએ નહીં. છતાં, તેઓ એક વખતે ઉપર જણાવેલા કાકાપુરીઓ અથવા તેમના જેવા બીજા કોઈ ભિન્ન વર્ગના મુસલમાનો હોવા જોઈએ. જો માત્ર મુખ્ય કામ અને રહેણીકરણીનો જ વિચાર કરીએ તો ભરૂચ જિલ્લાના વહોરાઓના ખાસ દેખાવ અને રીતરિવાજોનો ખુલાસો તેમના આ મારવાડી તત્ત્વથી ઘણી સારી રીતે થઈ જાય છે. ભરૂચ જિલ્લામાં ઈ.સ. ૫૮૦ થી ૮૦૮ સુધી ગુર્જર સંસ્થાન (લાટ) હતું, તેને લીધે પણ આ મારવાડી અંશ હોઈ શકે.

ભરૂચ જિલ્લાના ગામડાંના વહોરાઓની કેટલીક અટકો આ પ્રમાણે છે: અભૂ, બદાન, ભાલ્યા, બોદાન, પાલેજ, ડોબા, ડીકરાત, ગોગા, ગોદરિયા, હીદાન, હરીફ, જૂના, માયાદન, મામસા, મેહતર, ઓતા, પરનીઆ, રંગેડા, તરાવીઆ, તુરાવા, નીમોલ, બૌના, વૌરા, વાંકર.

આમાંની ઘણી અટકો અત્યારે વપરાતી નથી. તેને બદલે નીચેની નવી અટકો હવે વપરાય છે. અદાન, અમોના, બપોરીઆ, ભૂતા, બોટા. ચૌહાણ, દલાલ, દેદાન, દેસાઈ, ઘોરાત, ગંગાન, ગટી, હાંસ. કારભારી લંભાન, લીંબડા, લુણત, મંઘેરા, માયાંજી, પીપરડી, પાડોર, રાવત, સેદાન તરફી, થાવા, ઉમર, વડીઆ, ઝલકડા.

ભરૂચ જિલ્લાના વહોરાઓમાં અત્યારે નર્મદા નદીની ઉત્તરના અને દક્ષિણના, એમ બે વિભાગો થયેલા લાગે છે. નર્મદા નદીની દક્ષિણના ખેડૂત વહોરાઓને સુરત જિલ્લાના વેપારી વહોરાઓની અસર થયેલી જણાય છે.

ભરૂચ જિલ્લાના વહોરાઓમાં, પુરુષો મજબૂત બાંધાના, કદાવર અને ભરાવદાર, ગૌરવર્ણા અને ઘાટીલા હોય છે. તેઓ માથે હજામત કરાવે છે અને દાઢી લાંબી અને ભરાવદાર રાખે છે. સ્ત્રીઓ ઊંચી, પુષ્ટ, ગૌરવર્ણી અને સુન્દર મુખ્ય કાંતિવાળી હોય છે.

અંકલેશ્વરના વહોરાઓ ઉર્દૂ-ગુજરાતી મિશ્ર બોલી બોલે છે, બીજા વહોરાઓ ઘરમાં ગુજરાતી બોલે છે, દાઉદી વહોરાઓ કરતાં તેમની બોલવાની હલક ઓછી વિશિષ્ટતાવાળી હોય છે.

તેમનો સાધારણ ખોરાક ભાત, બાજરી કે જુવારની રોટલી અને દાળ હોય છે. તેઓ માંસ મચ્છી ખાય છે. તેઓ દારૂ પીતા નથી. ભરૂચ જિલ્લાના કાળી તરફના અને એ જિલ્લાના ઉત્તર ભાગ સિવાયના બાકીના વહોરાઓ અફીણ પણ ક્વચિત્ લે છે.

ખેડા જિલ્લાના વહોરાઓનો ઘણો મોટો ભાગ બેગડાએ ચાંપાનેર જીત્યું ત્યારે ત્યાંની કેટલીક વસ્તી મુસલમાન થયેલી હોવી જોઈએ, તે પૈકીનો છે. તેમની અટકો તેમના નવા વસવાટનાં ગામો ઉપરથી પડેલી છે. તેમાં લગભગ અર્ધા ભાગના વહોરાઓ માત્ર બે અટકોવાળા છે. મહેમદાવાદી અને મકેરિયા. બેગડાએ પોતાના નામનું જે 'પરું' વસાવ્યું હતું તે મહેમદાવાદ હતું. તેથી તે નવ-મુસ્લિમોનો મોટો ભાગ મૂળ મહેમદાવાદમાં વસ્યો હોવો જોઈએ. મકેરિયાની અટક અમદાવાદમાં કાલુપુરમાં નાની મકેરીવાડ અને રાયપુરમાં મોટી મકેરીવાડના લત્તાઓ છે. ત્યાં વસેલા વહોરાઓએ એ લત્તાઓના નામ ઉપરથી પોતાની અટક લીધેલી હોવી જોઈએ. અમદાવાદ સલ્તનતનું પાટનગર હોવાથી, ત્યાં પણ કેટલાક નવ-મુસ્લિમ વહોરાઓએ વસવાનું પસંદ કરેલું હોય. ખેડા જિલ્લાના વહોરાઓની બાકીની લગભગ બધી જ અટકો ખેડા જિલ્લાનાં, ખાસ કરીને મહેમદાવાદથી બહુ દૂર નહિ તેવાં ગામો પરથી પડેલી છે. માત્ર એક જ અટક અમદાવાદ જિલ્લાના ધોળકા ઉપરથી ધોળકિયાની છે.

તેથી માનવા કારણ મળે છે કે જેમ જેમ મહેમદાવાદમાં વસ્તી વધતી ગઈ હવે તેમ તેમ તેઓ ગામોમાં વિખરાયલા હોવા જોઈએ.

તેમનામાં કોઈ મૂળ અટકો જળવાઈ રહી નથી. દાઉદી વહોરાઓમાં જોશી, જાની, ત્રિવેદી વગેરે અટકો છે, તેવી હિન્દુની મૂળ જાતિ કે જ્ઞાતિ દર્શાવતી કોઈ પણ અટક ખેડા જિલ્લાના વહોરાઓમાં જોવામાં આવતી નથી. તેથી પણ માનવા કારણ મળે છે કે તેઓ હિન્દુઓની ખાસ અટકો વિનાની સાધારણ કોમ કે જાતમાંથી મુસલમાન થયેલા હોવા જોઈએ.

ભરૂચ જિલ્લાના વહોરાઓ માફક, ખેડા જિલ્લાના વહોરાઓમાં પણ ઉચ્ચ, નીચ 'જ્ઞાતિભેદો' છે. તેમ તેઓ જે મૂળ હિન્દુ જાતિઓમાંથી મુસલમાન થયા હતા, તેના અવશેષરૂપ હોવા જોઈએ. તેમનામાં કુલ બ્યાશી અટકો હોવાનું કહેવામાં આવે છે, તે પૈકી ૬૮ તો એક સપાટી પરની છે, જ્યારે માત્ર ચૌદ અટકોવાળા જ પોતાને ચઢિયાતા માને છે. તેથી, તેમની હિન્દુઓની મૂળ જાતિઓનો અંદાજ આવી શકે છે. પોતાને ચઢિયાતા માનતા વર્ગો, પોતાથી ઊતરતા દરજ્જાના વર્ગોને પોતાની કન્યાઓ આપતા નથી; જોકે કન્યાઓ લાવવામાં તેઓ ગમે તે સ્તરમાંથી લેવામાં વાંધો ગણાતા નથી. તેમની કુલ વસ્તી આશરે ચાર પાંચ હજારથી વધારે હોવી જોઈએ નહીં, જ્યારે બાકીની ૬૮ કોમોની વસ્તી પંદર હજારની આજુબાજુ છે.

હિન્દુઓમાંથી થયેલા ખ્રિસ્તીઓમાં પણ લગ્નવ્યવહારમાં આ મૂળનો જ્ઞાતિભેદ હજી જીવતો રહેલો છે.

પારસીઓ આટલી કેળવાયલી અને આગળ પડતી સંસ્કારી કોમ છે. છતાં તેમનામાં પણ લગ્નવ્યવહારમાં આવો જાતિભેદ હિન્દમાં આવ્યા પછી પણ જીવતો રહેલો છે.

આ ભેદ તેમની મૂળ ઉત્પત્તિ સૂચવે છે; જોકે હવે જમાનો વીત્યા પછી, માત્ર 'સાપ ગયા અને લીસોટા રહ્યા' જેવી સ્થિતિ લાગે છે.

હવે તો જમાનો ઓળખી, વહોરાઓએ જૂનો ભેદભાવ વિસરી જવો જોઈએ. ઈસ્લામમાં આવો ભેદભાવ છે જ નહીં. "કુલ્લોમો'મોનુન, ઈખ્વતુન" 'બધા જ મુસલમાનો ભાઈ ભાઈ છે." અને ઈસ્લામ આવ્યો છે પણ દુનિયામાં ભ્રાતૃભાવ પ્રેરવા માટે તેથી જો જૂના જ્ઞાતિ કે જાતિ ભેદો હજી પણ નિભાવવામાં આવે તો ઈસ્લામી શરીઅતના મગમાંજ ઘા કરવા બરાબર થાય છે.

સુરત, ભરૂચ અને ખેડા જિલ્લાના વહોરાઓએ પોતપોતાની કોમોમાં કેળવણીને ઉત્તેજન આપવા સ્કોલરશીપો વગેરેની સહાય આપવા અંજુમનો યોજેલી છે. અને તેનાં સારાં પરિણામો આવેલાં જોવામાં આવે છે. આવી કોઈ અંજુમન અમદાવાદ કે પંચમહાલ જિલ્લાઓમાં જાણવામાં નથી, જોકે અમદાવાદમાં જો આવી સહાય માટે મુસલમાનો-ની અનેક સંસ્થા મળે છે, પંચમહાલ ઘણી બાબતોમાં પછાત જીલ્લો છે, તેથી ત્યાંના વહોરાઓ પણ હજી પછાત રહેલા છે.

કન્યાઓ આપવામાં સુરતી વહોરાઓએ વિશાળ હૃદય અને શરીઅતને અનુસરતી પહેલ કરેલી છે. તેઓ જાતે મુસલમાનમાં પોતાની કન્યાઓ આપે છે. અમદાવાદના વહોરાઓ હજી તેટલા આગળ વધેલા નથી. છતાં તેમણે પણ જાતે વહોરાઓમાં પોતાની કન્યાઓ આપવાનો હિમ્મત ભર્યો ઠરાવ કરેલો છે, જ્યારે બાકીના જિલ્લાઓ હજી સંકુચિત મનોદશામાં જીવે છે. 'લોહી પાણી કરતાં ઘટ્ટ છે,' તેથી જે સંસ્કારો, તેમના લોહીમાં ઓતપોત થઈ ગયેલા છે, તે જતાં વખતે લાગે એ સ્વાભાવિક છે છતાં હવે આગેકૂચ કદમ કરવાનો સમય પાકી ગયો છે.

ખેડા જિલ્લાના કેટલાક વહોરાઓ પાકિસ્તાન, (કરાંચી ગયેલા છે) તેમણે ઉપર જણાવેલા ચઢતી ઊતરતી અટકોના ભેદભાવ વિનાની આપલે શરૂ કરેલી છે. ભારત અને પાકિસ્તાનના રાજકીય સંબંધ

બગડેલા હોવાથી, જવા આવવાના પાસપોર્ટ મેળવવામાં સમય વીતે એમ છે અને તકલીફ પડે છે. તેથી સંજોગોને અનુસરીને, તેમને આ સુધારો 'ફરજિયાત' કરવો પડયો હોય, એમ માનવા કારણ મળે છે. ગમે તે કારણ હોય છતાં, જે સામાજિક સુધારો થઈ રહ્યો છે તે આવકારપાત્ર છે. તે ઉપરથી ખેડા જિલ્લાના બીજા વહોરાઓએ પણ બોધપાઠ લેવો જરૂરી છે.

ખેડા જિલ્લાના વહોરાઓ એકંદરે ગરીબ વર્ગ છે, જોકે તેમનામાંના જે બહાર ગામોમાં વસે છે, ખાસ કરીને મુંબઈ અમદાવાદ અને વડોદરામાં અને જેઓ ત્યાં વેપાર કરે છે તેઓ સુખી સ્થિતિના છે. તેઓ ત્યાં પેઢીઓથી વસતા હોવા છતાં તેમની કંઈક પ્રમાણમાં મર્યાદિત આર્થિક સ્થિતિ અને કંઈક પ્રમાણમાં સંકુચિત મનોદશાને કારણે હજી તેમનામાંથી બહુ જ થોડાઓએ ત્યાં સ્થાવર મિલ્કતો વસાવેલી છે. તેઓ હજીએ તેમના મૂળ વતનને જ વળગી રહેલા જણાય છે.

સુરતી અને ભરૂચી વહોરાઓ સાહસિક છે, અને વેપાર ખેડવા પરદેશ-ખાસ કરીને બરમા અથવા આફ્રિકા જાય છે. તેથી તેઓ આબાદ થયેલા છે. ગુજરાતના બાકીના જિલ્લાઓના વહોરાઓમાં તેટલી સાહસિકતા હજી જોવામાં આવતી નથી. આર્થિક તંગી તેમના માનસ ઉપર અસર કરે છે. તે તંગીની અસર તેમની કેળવણી ઉપર પણ પડે છે. આર્થિક તંગી અને કેળવણીનો અભાવ એક પ્રકારે વિષચક્ર છે. તેની અસર પરસ્પર થાય છે.

ગુજરાતના ઉત્તર ભાગમાં ખેતી કરનારા વહોરાઓ મોટા ઢીલો ફેંટો, બંડી, પછેડી અને કાડીઓ પહેરે છે તેની ઉપરથી પહોળી અને ઢીંચણ નીચેથી ચુસ્ત અને ઘૂંટણ આગળ બટનવાળી સુરવાળો પહેરે છે. ગુજરાતના મધ્ય ભાગમાં, તેઓ ઉત્તર ભાગમાં પહેરવામાં આવે છે તેથી થોડો ઓછો ઢીલો ફેંટો, કોટ અને લુંઘી (કાછડી વિનાની ધોતી) પહેરે

નર્મદા નદીની દક્ષિણે, તેઓ માથે કપડાના કેટલાક કટકાની અંદર રૂ મૂકીને સીવેલી ટોપી, લાંબો કોટ અને 'તમ્માન ' જાતની ઢીલી સુરવાળો પહેરે છે.

પુરુષો ડોકમાં ચાંદીનાં રૂપિયાં, હાથે પહોંચીઓ અને વીંટીઓ અને કેટલીક વખત પગમાં સાંકળાં પહેરે છે. જોડા તો બધા જ પહેરે છે. સાધારણ રીતે ૨૫ વરસ પછીથી પગમાં સાંકળા પહેરવામાં આવતાં નથી; પરંતુ કેટલીક વખત કોઈ માનતાને કારણે જો તે પહેરવામાં આવે છે તો તેમાં દર વરસે અકકેક આંકડો ઉમેરવામાં આવે છે. કેટલાંક મુખ્ય શહેરોમાં, અથવા તેવાં શહેરોની આજુબાજુ વસનારા વહોરાઓની સ્ત્રીઓએ મુસલમાની પહેરવેશ દાખલ કરેલો છે. તે સિવાય બાકીના આખા ગુજરાતના ખેતી કરનારા વહોરાઓની સ્ત્રીઓ હિન્દુ સ્ત્રીઓ માફક સાડી, ચોળી અને ચણિયા પહેરે છે. બધી સ્ત્રીઓ સપાટો પહેરે છે. હવે સપાટોનું સ્થાન ચંપલોએ લીધેલું છે.

તેમનાં ઘરેણાં ખાસ ઘાટનાં ઘણાં જાડાં અને વજનમાં ભારે હોય છે. તેનો ઘાટ કેટલોક હિન્દુ ઢબનો અને કેટલોક મુસલમાની ઢબનો હોય છે. બીજા ઘણાખરા મુસલમાનોની સ્ત્રીઓ કરતાં આ ખેતી કરનારા વહોરાઓની સ્ત્રીઓ અવાજ થાય તેવા અથવા ઘુઘરીઓવાળા દાગીના પહેરતી નથી.

ભરૂચ જિલ્લાના લગભગ બધા જ વહોરાઓ જમીનદાર અથવા ખેડૂત હોય છે. તેમની સ્ત્રીઓ તેમને ખેતીના કામમાં મદદ કરે છે. પુરુષો સ્વતંત્ર મિજાજના અને તામસી હોય છે. તેઓ તોફાની વૃત્તિવાળા હોય છે. કેટલીક વખત તેઓ ઘણા ક્રૂર ગુનાઓ કરે છે

ભરૂચ જિલ્લામાં કોઈ રસ્તે હિન્દુનાં અને વહોરાઓનાં ગાડાં ભેગાં થઈ જાય તો વહોરાને પોતાનું ગાડું ભાગ્યે જ સીમામાંથી બહાર કાઢવું પડે છે.

આ વહોરાઓએ એમના જિલ્લામાં એવી વિશિષ્ટ સ્થિતિ પ્રાપ્ત કરેલી છે કે તેમનું સ્થાનિક ઉપનામ 'સોલ્જર લોક' પડેલું છે. હિન્દુઓ તે જ નામે યુરોપિયોનોના જડ (rough) વર્ગને ઓળખે છે. ગુજરાતના ઉત્તરભાગમાં તે જ કારણે ધુંધકાના વહોરાઓને 'દેશી સોલ્જરો' અથવા 'સિપાહીઓ' કહે છે.

૫૦૬-૧૮૧૦માં સુરત પાસે બાડોણમાં એક અબ્દૂર્ રહીમને પોતે ઇમામ મેહદી હોવાનો દાવો કરી સુન્ની વહોરાઓનું જબરું લશ્કર ભેગું કર્યું હતું. તેને માંડવીનો કિલ્લો અને માંડવી શહેર કબજે કરી બ્રિટિશ સરકારને હંફાવવા બાથ ભીડી હતી. સરકારે તેને અને તેના ૨૦૦ કરતાં વધારે સાથીઓને કતલ કર્યા પછી જ શાન્તિ થઈ શકી હતી.

૧૮૫૭માં તા. ૧૫મી મેને દિવસે, જાહેર સુલેહશાન્તિનો ભંગ કરી આજુબાજુનાં ગામડાંના આશરે ૨૦૦ વહોરાઓ ભરૂચમાં ચઢી આવ્યા હતા, અને તેમના ધર્મના અપમાનનું વેર લેવાને તે અપમાન કરનાર બેજનજીને મરણતોલ માર મારી જાનથી મારી નાખ્યો હતો, અને પારસીઓની અગિયારીના કુંડ ઉપર જ ત્યાંના પારસી પોબેદને મારી નાખ્યો હતો.

ભરૂચી વહોરાઓ અંદર અંદર એટલે સુધી અદાવત રાખે છે કે તેઓ તેમનાં પોતાનાં નજદીકનાં સગાંનાં ખૂન એવી રીતે કરે છે કે તેનો શક કોઇ દુશ્મન અથવા હરીફ ઉપર જ જાય.

અમદાવાદ જિલ્લાના વહોરાઓ પ્રામાણિક અને સીધી લીટીના હોય છે. પરંતુ ભરૂચ જિલ્લાના વહોરાઓએ લુચ્ચાઈ અને ઠગાઈ માટે બદનામ મેળવેલું છે. ભરૂચ જિલ્લાના વહોરાઓ જોકે ઘણા જ કુશળ અને મહેનતુ ખેડૂતો છે; તેઓ ઉદાર છે અને મહેમાનોનો સારો આદર સત્કાર કરે છે. તેમ છતાં તેઓ મિતાહારી અને કરકસરીઆ

છે. ૧૮૬૫માં, અમેરિકન વિગ્રહને અંતે તેમની આર્થિક સ્થિતિ હતી તે કરતાં તેઓ હમણાં વધારે ગરીબ છે; છતાં, એકંદરે, ભરૂચ જિલ્લાના વહોરાઓ એક વર્ગ તરીકે સુખી સ્થિતિના છે.

રાંદેર અને સુરતના વહોરાઓ કેટલોક વખત થયો બરમા અને પૂર્વ આફ્રિકા સાથેના વેપારને લીધે માલદાર અને આબાદ થયેલા હતા, પરંતુ, બીજા વિશ્વવિગ્રહમાં, રંગૂનનો બે વખત પહેલો જાપાનીઓને હાથે અને પછી અંગ્રેજોને હાથે વિનાશ થવાથી રાંદેરના વહોરાઓનું ત્યાં "સુરતી બજાર" ખતમ થઈ જતાં, ત્યાંના વહોરાઓમાંના ઘણા ગરીબ સ્થિતિમાં આવી ગયેલા છે. સુરતી બજારના એક શેરના મૂળ રૂ. ૨૫ના રૂ. ૫૦૦૦ થયા પછી, હવે તેની કંઈ જ કિંમત રહેલી નથી. રાંદેરની પીપરડીવાળા હાઈસ્કૂલ, બોર્ડીંગ હાઉસ અને યતીમખાનું બધાં જ આ "સુરતી બજાર"ની આવકમાંથી નભતાં હતાં. તેમને હવે બહારથી મદદ માગવાનો વખત આવેલો છે, અને ઘણી વિધવાઓ જેઓ આ આવક ઉપર એશઆરામથી રહેતી હતી તે હવે મુફલિસ થઈ ગયેલી છે

ગુજરાતના દક્ષિણ ભાગનાં શહેરોમાં અને મુંબાઈમાં વસતા સુખી સ્થિતિના વહોરાઓએ મેમણોનો પહેરવેશ અથવા સોનેરી કિનારીવાળો અરબી કોટ અને ઓવરકોટ(સાયાં) અથવા કમાનવાળી રેશમી ભરતની પાઘડી પહેરવાં શરૂ કર્યાં છે. તેમની માતૃભાષા પણ ગુજરાતમાં-થી ઉર્દૂ પરિવર્તન પામતી જાય છે, મુંબાઈમાં સ્થાયી વસેલા મુસલમાનો સાથે આંતરલગ્નની પ્રથા ચાલુ કરી દીધેલી છે.

ખેડા જિલ્લાના સુન્ની વહોરાઓ તેમના ભરૂચ જિલ્લાના સુન્ની વહોરાભાઈઓથી જુદી રીતે ખેતી કરતા નથી. તેમનામાં કેટલાક ગાડાં રાખે છે અને વેપારીઓનો માલ એક સ્થળેથી બીજે સ્થળે લાવ લઈજા

કરે છે. તેમનામાંના કેટલાક તેલની ઘાણીઓ કરે છે. તેથી તેમને ‘ ઘાંચી વહોરા ’ પણ કહેવામાં આવે છે.

આ ઉપનામ ખાસ કરીને ખેડા જિલ્લાના કપડવણજ ગામના અને પંચમહાલ જિલ્લાના ગોધરા ગામના સુન્ની વહોરાઓને મળેલું છે. તેનું કારણ એમ જણાય છે કે તે બન્ને ગામોમાં શીઆ ઇસ્માઇલી દાઉદી વહોરાઓની ઘણી અને આબાદ વસ્તી છે. તેથી આ શીઆ વહોરાઓથી સુન્ની વહોરાઓને જુદા પાડવા, પહેલાને માત્ર ‘ વહોરાઓ ’ અને બીજાને ‘ ઘાંચી વહોરાઓ ’ કહેવામાં આવે છે; પણ હવે તો આ કહેવાતા ‘ ઘાંચી વહોરાઓ’માંથી ઘણાએ ‘ શેખ ’ અથવા ‘ મન્સૂરી ’ અટક અંગીકાર કરેલી છે. ગોધરાના ઘણા સુન્ની વહોરાઓનો ૧૯૪૮માં તે શહેરમાં જાહેર આગ લાગેલી તેમાં તેમનો લત્તો ખાસ બળી ગયેલો. તે કારણે તેઓ ત્યારથી પાકિસ્તાન હિજરત કરી ગયેલા છે.

આ વહોરાઓ ઘરમાં ગુજરાતી બોલે છે. તેઓ તેમના પોતાના જ વર્ગમાં પરણે છે. તેમ ખાવાપીવામાં, પોશાકમાં અને રહેણીકરણીમાં તેઓ બીજા મુસલમાનોથી એટલા જુદા લાગે છે કે તેઓ બધા નહીં તો તેમનામાંના ઘણાખરા હિન્દુઓની ‘ ઘાંચી ’ કોમમાંથી મુસલમાન થયેલા હોવા વિશે શક રહેતો નથી.

આ અભિપ્રાય બોમ્બે ગેઝેટિયરના સંપાદકનો છે, પરંતુ તે વાસ્તવિક લાગતો નથી. ખેડા જિલ્લાના, તેમ જ પંચમહાલના આ વહોરાઓ પહેલાં એકલી ઘાણી જ નહિ પણ મુખ્યત્વે ખેતી કરતા હતા, અને નાનોમોટો વેપાર પણ કરતા હતા. ખેતીની મોસમ વીતી ગયા પછી, અનેક ઘાણીને આડધંધા તરીકે આદરતા હતા. તેથી તે તેમનો ‘ મુખ્ય ’ ધંધો કહી શકાય નહિ. વળી, હિન્દુઓમાં ‘ ઘાંચી’ની કોઈ પેટાકોમ કે જ્ઞાતિ નથી. સુરતમાં અને અમદાવાદમાં

'ઘાંચી વાણીઆ' ઘાણીઓ કરે છે. તે જ રીતે, કાઠિયાવાડમાં કેટલાક મેમણો પણ ઘાણીઓનો ધંધો કરે છે. તેવા મેમણોને કોઈ "ઘાંચી મેમણ" કહેતા નથી.

ખેડા જિલ્લાના સુન્ની વહોરાઓ અમદાવાદના સુલ્તાનોના જમાનામાં હિન્દુઓમાંથી મુસલમાન થયેલા હોવા જોઈએ.

દિલ્લીના સુલ્તાન ફિરોઝશાહ તઘલકના ગુજરાતના પહેલાં સૂબા ઝફરખાન સાથે સુન્ની મઝહબના ઘણા ઓલિયા અહીં આવ્યા હતા. તેમણે ગુજરાતના ઘણા શીઆ વહોરાઓને સુન્ની સંપ્રદાયમાં આણ્યા હતા. ખેડા જિલ્લાના સુન્ની વહોરાઓનો મોટો ભાગ આ શીઆ વહોરાઓમાંથી સુન્ની થયેલાનો છે. એટલે સુધી કે શરૂમાં આ બન્ને પ્રકારના વહોરાઓ વચ્ચે આંતરલગ્નનો વહેવાર હતો. તે રિવાજ સૈયદ અહમદજાફર શિરાજીએ બેગડાના જમાનામાં બંધ કરાવ્યો હતો. આ બાજો અભિપ્રાય "પ્રીચીંગ ઓફ ઇસ્લામ"નો હતો. સર થૉમસ આર્નોલ્ડનો છે તે વધારે સુસંગત લાગે છે.

ખેતી કરનારા વહોરાઓ સુન્ની મઝહબના અને ધાર્મિક વૃત્તિવાળા હોય છે. કેટલાક કુરઆને શરીફ પઢી જાણે છે ઘણા નમાઝ પઢવાની કાળજી રાખે છે. લગભગ બધા જ 'પીરઝાદાઓ'ને માને છે, અને તેમને ઘણું માન આપે છે.

ઘણા ખેતી કરનારા વહોરાઓ હજી કેટલાક હિન્દુ રિવાજો પાળે છે. કેટલાક તેમનાં છોકરાંનાં હિન્દુ નામ પાડે છે. બીજાઓએ મુસલમાની નામો કઢંગી રીતે મચરડી નાખેલાં છે; જેવાં કે ઇબ્રાહીમને બદલે ઇબરૂ અથવા ઇબલા, યૂસુફને બદલે ઇસજી અથવા ઇસમ; છોકરીઓનાં નામોમાં ખતીજાને બદલે ખજા અને ફાતમાને બદલે ફતુડી.

લગ્ન અગાઉ બેત્રણ દિવસ, વાનુદેવ નામના ખાસ દેવના માન તેઓ લાંગ અને વાલની દાળ ભેગી બાફીને વહેંચે છે, મરણ પ્રસંગો તેમની સ્ત્રીઓ હિન્દુ સ્ત્રીઓ માફક રડે કૂટે છે.

લગ્ન, સીમંત અને મરણના પ્રસંગોએ મોટા નાનવસ કરવાન રિવાજ વહોરાઓએ ઘણી હદ સુધી વધારેલો છે. એવે પ્રસંગે, શ્રીમં વહોરાઓ પોતાના નાતવાળાઓને ઘણા દિવસો સુધી જમાડે છે. અ ઓછામાં ઓછું એક દિવસનું જમણ તો બધાને માટે ફરજિયાત હો છે. વહોરાઓમાં જ્યારે નાતવરો કરવાનો હોય છે ત્યારે તેમનો હજામ મેહમાનોને નોતરાં દેવા ફરી વળે છે, જ્યારે લગ્ન પ્રસંગ હોય છે ત્યાં જમનારા સાંજે પાંચ વાગે ભેગા થાય છે, અને મરણ પ્રસંગ હોય છે ત્યારે તેઓ સવારે ૧૦થી ૧૨ વાગ્યા સુધીમાં એકઠા થાય છે. સાધારણ નિયમ તરીકે, સ્ત્રીઓ પુરુષો જમી રહ્યા પછી જમવા બેસે છે. અગાઉ, નાતવરો કરનાર ધનાઢ્ય માણસ હોય તોયે જમણમાં ફક્ત દાળ ભાત અને ઘી પીરસવામાં આવતાં હતાં, પરંતુ ૧૮૬૩-૬૪ના રૂના વેપારમાં મળેલા મોટા નફા પછી ભારે અને ખર્ચાળ જમણો કરવાનો રિવાજ પડી ગયેલો છે.

૧૮૯૮માં ફર્સ્ટ કલાસ જમણમાં પકવાન, ખાંડના લાડુ અથવા કંસાર કરતા હતા. ઘણા જ થોડા ગરીબ માણસો ત્યારે દાળ ભાત જમાડતા હતા. સાધન સંપન્ન વહોરાઓ લગ્નવરામાં રૂા. ૧૦૦૦ થી વધારે અને મરણની નાતોમાં રૂા. ૩૦૦૦ જેટલું ખર્ચ કરે છે.

આ શાકાહરી જમણો સ્પષ્ટ સૂચવે છે કે આ વહોરાઓ મૂળ હિન્દુઓમાંથી મુસલમાન થયેલા હોવા જોઈએ. બીજા મુસલમાનોમાં આ જમણો માંસાહારી હોય છે.

૧૮૮૦ પછીનાં વરસોમાં ભરૂચ અને સુરત જિલ્લાના ખેતી કરનારા વહોરાઓમાં, મુખ્યત્વે સુરતથી ઉત્તરે પાંચ માઈલ ઉપર આવેલા વરીઆવ ગામના વહોરાઓમાં ‘ ગયર મુકલ્લિદ ’ અથવા ‘વહાબી ’ મૌલવીઓએ તેમના અકીદા ઘણી ફતેહમંદીથી ફેલાવ્યા છે. આ વહાબી વહોરાઓમાંથી ઘણા પહેલાં ચુસ્ત મુસલમાનો હતા. તેમણે તેમના જૂના પીરઝાદાઓ તજી દીધા છે. અને ગયર મુકલ્લિદ મૌલવીઓને તેમણે તેમના પીરઝાદાઓનું સ્થાન આપેલું છે. તે મૌલવીઓએ વહોરાઓના મઝહબી આગેવાનો થયેલા છે એટલું જ નહીં પણ કેટલાક પ્રમાણમાં તેમની દુનિયાદારી બાબતોમાં પણ તેમણે તેવી હકૂમત અખત્યાર કરેલી છે. ઇસ્લામમાં તેમનું આકીન વધતું જાય છે. તેની એક નિશાની, તેમની સ્ત્રીઓએ હિન્દુઓનો પહેરવેશ છોડી દીધો છે, અને મુસલમાની પહેરવેશ અખત્યાર કરેલો છે, બીજું, તેમણે તાડી અને એવાં બીજા નશાવાળાં પીણાં છોડી દીધાં છે. ત્રીજું તેમણે જંગી જાહેર જમણો કરવાં તજી દીધાં છે; તેમ જ લગ્ન, મરણ અને બીજા પ્રસંગોના ભારે અને ખર્ચાળ નાતવરાઓ બંધ કર્યા છે. તેમણે માંગલિક પ્રસંગોએ વાજાં વગાડવાં માંડી વાળ્યાં છે. અને મરણ પ્રસંગોએ સ્ત્રીઓનો રડવાકૂટવાનો રિવાજ બંધ કર્યો છે. તેમણે હિન્દુ આચારો તજ્યા છે, અને શરીઅતના કાનૂનો ચુસ્તપણે અખત્યાર કર્યા છે.

આ પ્રમાણે ગયર મુકલ્લિદ થયેલા વહોરાઓ તેમના બદલાયલા અકીદા છુપાવવા પ્રયત્ન કરતા નથી. તેઓ અંગ્રેજી શિક્ષણ ઇસ્લામ અને નીતિને નુકશાનકર્તા માને છે. તેને બદલે, ઇસ્લામ માટેના નવા ઉત્સાહમાં ગામડામાં, મસ્જિદોમાં અને રાંદેરના મદ્રેસામાં છોકરાંઓને ઇસ્લામની મઝહબી તાલીમ આપવામાં આવે છે. ચુસ્ત સુન્નીઓ અને ગયર મુકલ્લિદો વચ્ચે દીની ચર્ચાઓ સામાન્ય થઈ પડેલી છે. તેવી

ચર્ચાઓ શાન્તિથી અને સભ્યતાથી કરવામાં આવે છે. હજી સુધી તે કારણે કોઈની લાગણીઓ દુભવેલી નથી. જૂના અને નવા પક્ષ વચ્ચે લગ્નના અને બીજા સામાજિક સંબંધો કોઈ રીતે તૂટ્યા જણાતા નથી.

ખેડા જિલ્લામાં આવું ગયર મુકલ્લિદ કેન્દ્ર નડિયાદમાં છે. ત્યાંના ઘણાખરા વહોરાઓ ગયર મુકલ્લિદ છે. તે કારણે તેઓ ખેડા જિલ્લાના (ચરોતરના) બીજા સુન્ની વહોરાઓથી જુદા પડી નિરાળી કોમ થઈ ગયા છે. અગાઉ નડિયાદી વહોરાઓ અને ચરોતરના વહોરાઓ વચ્ચે આંતર લગ્નવ્યવહાર હતો. તે નડિયાદીઓ ગયર મુકલ્લિદ થયા પછી બંધ થયેલો છે. બીજા સામાજિક વ્યવહારોમાં પણ નડિયાદી વહોરાઓ કંઈક જુદા લાગે છે.

છતાં, તેમણે લગ્ન અને મરણ પ્રસંગોએ જે કરકસરના નિયમો અખત્યાર કરેલા છે તે જરૂર પ્રશંસાને પાત્ર અને અનુકરણીય છે. લગ્ન પ્રસંગે તેઓ કંઈક ધામધૂમ કરતા નથી. જુમ્માની નમાઝ મસ્જિદમાં પઢીને બધા નમાઝીઓ વરરાજા સાથે કન્યાના બાપને ત્યાં જાય છે. પેશઇમામ પણ સાથે હોય છે તે નિકાહ પઢાવે છે. પછી આવેલા મહેમાનોને પતાસા કે ખારેકો—તેએ થોડી સંખ્યામાં વહેંચવામાં આવે છે. પછી પોતપોતાને ઘેર જાય છે. લગ્નપ્રસંગ આ રીતે, કહો કે વધારે પડતી કરકસરથી પતી જાય છે.

ગોધરાના વહોરાઓ ગયર મુકલ્લિદ નથા ચુસ્ત સુન્ની છે. છતાં, તેમણે પણ આથી થોડા આગળ વધી લગ્ન પ્રસંગોએ કરકસર અપનાવેલી છે. નડિયાદીઓ તો એક પ્રસંગે એક લગ્ન પતાવે છે, જ્યારે ગોધરાવાળા તો જમાતમાં થનારા સમૂહ લગ્ન માફક બધા જ વરરાજા થોડાક વડીલો સાથે તેમના મોહલ્લામાં લગ્નપ્રસંગ માટે નીકળી પડે છે અને જેમ જેમ કન્યાના માબાપના મકાનો આવતા જાય તેમ તેમ જે તે

વરરાજા અને તેમના વડીલો તે કહેવાતા વરઘોડામાંથી છૂટા પડે છે, અને તે કન્યાના માબાપના ઘર તરફ જાય છે. તેમને આવતા જોયા પછી જ તે કન્યાના માબાપના ઘર બહાર સામાન્ય દીવો કરવામાં આવે છે. આવેલા વરરાજા અને વડીલો ઘરને ઓટલો હોય તો ત્યાં, નહીં તો આંગણામાં સામાન્ય પાથરણા ઉપર બેસી જાય છે. કોઈ 'મિયાસાહેબ' નિકાહ પઢાવે છે. પછી વરરાજા વગેરે દૂધ ભાત ખાય છે અને પ્રસંગ પતી ગયો હોય તેમ પોતપોતાના ઘેર વિખરાઈ જાય છે.

મરણપ્રસંગોએ નડિયાદીઓમાં કોઈ જમણવાર કે નાતવરો કરવામાં આવતો નથી. મૈયતને કબરસ્તાનમાં દફન કરી આવ્યા પછી સૌ વિખરાઈ જાય છે. એમને માટે કહેવામાં આવે છે કે—" મર ગયા મર દૂદ, ન ફાતેહા, ન દરૂદ ". મરણ પાછળ ખર્ચ ન કરવું એ ઠીક છે પણ મરનારની રૂહની શાન્તિ માટે પણ લાપરવા થઈ જવું વધારે પડતું લાગે છે. એમા હૃદયની લાગણીઓનો અભાવ વર્તાય છે.

સુરત અને મુંબઈમાં વસતા કેટલાક તવંગર વહોરાઓ સિવાય ગામડાના સુન્ની વહોરાઓ પોતાની કોમ બહાર ક્વચિત્ જ પરણે છે. દરેક ગામડામાં તેમની જમાત અને તેમનો જાત-પટેલ હોય છે, અને કેટલાક વખત સામાજિક અગત્યના પ્રસંગોએ સૌના સામાન્ય સવાલો સારુ જુદા જુદા ગામડાના માણસો એકત્ર થયેલા જણાયા છે. તેમ છતાં તેમનામાં કોઈ સામાન્ય મુખી નથી, અને તેમનામાં જમાતના બંધારણ જેવું કંઈ જ નથી. તેમનાં જુદા જુદા ગામડાંમાં અને તેમના જુદા જુદા વર્ગોમાં તેમની મૂળ ઉત્પત્તિના ભેદભાવ તેમના અત્યારના સામાજિક વ્યવહારોમાં ચાલુ રહેલા છે. નર્મદા નદીની ઉત્તરનાં ગામડાંવાળાઓ નર્મદા નદીની દક્ષિણના ગામડાંવાળાઓ સાથે આંતરલગ્નવ્યવહાર રાખતા નથી. ધંધુકામાં 'દેસાઈ'ની અટક ધરાવતા કેટલાંક કુટુંબો ગામડાના બીજા

સામાન્ય વહોરાઓથી નિરાળાં રહે છે. આ 'દેસાઈ' કુટુંબના મૂળ પુરુષ રજપૂત હતા અને જહાંગીર બાદશાહના વખતમાં તેઓ મુસલમાન થયેલા હતા. એ બાદશાહની એ વખતની સનદ હજી તેમના કુટુંબમાં જાળવી રાખેલી છે. ભરૂચ જિલ્લાના કેટલાક ભાગોમાં જેઓ પોતાને બ્રાહ્મણ અથવા રજપૂત ઉત્પત્તિના માને છે, તેઓ જેમના પૂર્વજો કોળી, રાવળિયા અથવા ઢેડ હતા, તેમની કન્યાઓ પોતાના પુત્રો માટે લે છે; પરંતુ પોતાની કન્યાઓ તેમને આપતા નથી. આવી જ પરિસ્થિતિ બીજા જિલ્લાઓનાં વહોરાઓમાં પણ જોવામાં આવે છે.

એક વર્ગ તરીકે તેમનું ભાવિ સારું છે. તેમનામાંના કેટલાક તેમનાં છોકરાંને અંગ્રેજી કેળવણી આપતા થયા છે. હવે તો વહોરાઓમાં યુનિવર્સિટીની હરેક પ્રકારની ડિગ્રીઓ ધરાવતા યુવકો અને યુવતીઓ પણ જોવામાં આવે છે. કેટલાકોએ તો વિદેશી ઉપાધિઓ પણ મેળવેલી છે.

પ્રકરણ ૬૪

શેખડાઓ

શેખડા મુખ્યત્વે ભરૂચ અને અમદાવાદ જિલ્લાઓમાં મળે છે. તેઓ ખેડા જિલ્લાના નડિયાદમાં તથા જૂના વડોદરા રાજ્યના પેટલાદ પ્રાન્તના વસોમાં અને ખંભાતમાં પણ છે. નડિયાદના શેખડા, ઈ. સ. ૧૯૨૫ના અરસામાં શુદ્ધિ કરાવી હિન્દુ થયા છે. તેઓ પીરાણામાંના પીરોમાંથી બીજા પીરો કરતાં ઓછી અગત્યના પીર બાવા મોહમ્મદશાહને માનનારી કોમોમાંથી એક કોમ છે. તેમના રીતરિવાજોમાં તેઓ મતિયા કણબીઓથી ભાગ્યે જ જુદા પડે છે. તેઓ તેમનાં મુર્દા દાટે છે; પરંતુ આ એક મુસલમાની રિવાજ સિવાય, અને તેઓ મુસલમાની નામ રાખે છે. તે સિવાય તેમના બીજા બધા જ રિવાજો હિન્દુઓના હોય છે.

તેઓ સુન્નત કરાવતા નથી, અને બીજા મુસલમાનો સાથે ખાતાપીતા પણ નથી. તેઓ કપાળે 'ટીલાં' કરે છે. તેમનામાં ઘણા સ્વામિનારાયણનો પંથ પાળે છે. તેમનામાં લગ્નપ્રસંગોએ કાઝી અને બ્રાહ્મણ બન્ને હાજર હોય છે તેઓ 'ઇસ્લામી' નિકાહ'ની વિધિ કોઈ 'ફકીર' પાસે અને હિન્દુ 'ચોરી' ની વિધિ બ્રાહ્મણ પાસે કરાવે છે.

સુરતના મતિયા કણબીઓ માફક તેઓ એક નિરાળી કોમ છે.

સમા

સમાઓ ઉત્તર ગુજરાતમાં છૂટાછવાયા મળે છે. તેઓ તેમનું પેઢીનામું યાદવ કુળના શ્રીકૃષ્ણ જેમણે 'શ્યામ' તરીકે પણ ઓળખવામાં આવે છે, તેમના પુત્ર સાંતી સાથે સાંકળે છે.

"ચાચનામા"માં જણાવ્યા પ્રમાણે તેઓ ઈ સ. ૭૧૨ના અરસામાં સિન્ધુ નદાના દક્ષિણ ભાગના કિનારે વસતા હતા. તેઓ સિન્ધના આરબ વિજેતા મોહમ્મદ બિન કાસિમનું સાર્વભૌમત્વ સ્વીકારવા નાચનાકૂદતા અને શરણાઈઓ વગાડતા સામા આવ્યા હતા.

તેમનાં પેઢીનામામાં તેમની ઉત્પત્તિ સૂર્યવંશ તેમ જ ચંદ્રવંશ બન્નેમાંથી વર્ણવેલી છે. તે ઉપરથી સમજાય છે કે તેઓ યાદવ કુળના હોવાની કથની, તેમને હિન્દુ સમૂહમાં સ્થાન આપવા માટે તેમના ચારણોએ જોડા કાઢેલી હોવી જોઇએ. સમાઓ ઘણું કરીને તુર્કોની કોઈ કોમ હોવી જોઈએ, તેઓ ઈ.સ.ના સાતમા સૈકામાં હિન્દમાં આવેલા હોય.

તેઓ તેમની આરબ ઉત્પત્તિ પણ જણાવે છે. તેઓ અબુજહલની ઔલાદ હોવાનું કહે છે. આ અબુજહલ ઈસ્લામના હ. પયગમ્બર સાહેબ (સલ) તથા ઇસ્લામનો કટ્ટર દુશ્મન હતો. તે ઈ. સ. ૬૨૪માં બદરની લડાઈમાં મુસ્લિમોને હાથે માર્યો ગયો હતો.

વિકલ્પમાં તેઓ હ. નૂહ (Noah) પયગમ્બર(અલ) ના પુત્ર સામ સાથે પણ પોતાને સાંકળે છે.

ઘણા હિન્દુ રાજાઓ ચૌદમી સદીની આખરે મુસલમાન થયેલા છે.

એન્સાઈક્લોપીડિયા બ્રિટાનિકા અને એન્સાઈક્લોપીડિયા ઑફ ઇસ્લામમાં આ કોમને મૂળ રજપૂત જણાવી તેઓ પાછળથી મુસલમાન થયા હોવાની નોંધ છે; પરંતુ મૌલાના સુલેમાન નદવી તેમના પુસ્તક "અરબ ઔર ભારત કે સંબંધ"માં સમાઓ પહેલેથી જ મુસલમાન હોવાનું કહે છે. તેઓ ઉમેરે છે કે તે મૂળ આરબી 'સમ્મહ' અરબી શબ્દ છે. તેનો અર્થ 'મૌન સેવવું' એવો થાય છે.

આરબ ઇતિહાસકાર બિલાઝુરી તેમના અરબી ઇતિહાસ "મુઅજમુલ બલદાન"માં તેમને ખાસ અરબો જણાવે છે.

સિન્ધી ઇતિહાસકારો તેમને અબુજહલના પુત્ર અને આંહઝરત (સલ)ના એક ખાસ સહાબી અકરમહની ઓલાદમાંથી હોવાનું જણાવે છે.

તેઓ પ્રથમ કચ્છમાં આવ્યા હતા ત્યાંથી તેઓ સિન્ધમાં ગયા હતા. ત્યાર પછી તેઓ ગુજરાતના નલકાંઠામાં વસ્યા હતા.

સિન્ધનો આરબ વિજેતા સિન્ધમાં આવ્યો ત્યારે તેઓ સિન્ધમાં વસતા હતા.

ઇતિહાસકાર ઝાહિરી કહે છે કે રાય ભાણુ, જામ સેહતા અને કચ્છના રાજા મૂળ સમા કોમમાંથી હતા.

સમા કોમનો રાજા 'જામ' ઉપનામથી ઓળખાતો હતો. જામનગરના જામ રાજાઓ મૂળ કચ્છના રાજ્ય કુટુંબમાંથી છે. તેઓ રજપૂત છે. તેથી સમાઓ પણ મૂળ રજપૂત હોવાનું અનુમાન થયું હોય એમ લાગે છે.

સુલતાન મહમૂદ ગઝનવી પછીથી એ વંશમાં નિર્બળ સુલતાનો થય. હતા ત્યારે સમાઓનું રાજ્ય બીજી સુમરા કોમે જીતી લીધું હતું. સુમરાઓએ ૧૩૫૧ સુધી રાજ્ય કર્યું હતું; પરંતુ ત્યાર પછી સમાઓએ પોતાનું રાજ્ય પાછું મેળવ્યું હતું.

સમાનો શેખ બહાઉદ્દીન ઝકરિઆ મુલ્તાની સુહરાવર્દીના (હિ. સ. ૫૭૮-૬૬૬)ના અનુયાયીઓ હતા. જ્યારે ફીરોઝશાહ તવીલ ઈ. સ. ૧૩૬૧માં તેમના ઉપર ચઢાઈ કરી ત્યારે તેમણે સદર શેખ બહાઉદ્દીનના મુરીદના મુરીદ હ. મખ્દુમ જહાંનિયા સૈયદ જમાલઉદ્દીન બુખારીને

વચ્ચે નાખી સમાધાન કર્યું હતું. છેવટે તેમનું રાજ્ય ગુજરાતના સુલતાન મુઝફ્ફરશાહના એક સામા સલાહુદીને જીતી લીધું હતું. ત્યારથી તેમની પડતી થઈ હતી. તેઓ કેળવણીમાં પછાત હોવાથી અને બીજી રજપૂત કોમો સાથેના તેમના સહવાસથી તેઓ ધીરે ધીરે ઇસ્લામ ભૂલતા ગયા હતા. એટલે સુધી કે તેમણે તેમનાં નામ પણ રજપૂતશાહી રાખવાં શરૂ કર્યાં હતાં. હમણાં થોડા સમયથી કેટલાક મશાયખાના ઉપદેશથી તેઓ ફરીથી ઇસ્લામી શરીઅત તરફ ઢળતા જાય છે. હવે તેઓ તેમનાં નામ મુસલમાની રાખે છે. તેમનો પહેરવેશ પણ દરમ્યાન હિન્દુશાહી ધોતીનો થઈ ગયો હતો. તે હવે મુસલમાની સુરવાળ-વાળો થવા લાગ્યો છે. તેઓ સિન્ધી જેવી કચ્છી બોલી બોલે છે. તેઓ ખેતી કરે છે. વેપાર કે ઉદ્યોગ સાથે તેમને કંઇ નિસ્બત જણાતી નથી.

સમાઓ કચ્છમાં પણ છે. તેઓ એ જ નામની રજપૂત કોમમાંથી મુસલમાન થયેલા છે. તેઓ મૂળ સિન્ધમાંથી કચ્છમાં ચૌદમા સૈકાના છેવટના ભાગમાં આવ્યા હતા. તેઓ નોટિયાર, હિંગોલા, અબદા અને સોઢા રજપૂતોમાંથી થયેલા મુસલમાનોની કન્યાઓ લે છે; પરંતુ પોતાની કન્યાઓ તેઓ માત્ર પોતાનાં વર્ગમાં જ આપે છે.

પ્રકરણ ૬૫

સંઘારા

કાઠિયાવાડી સંઘારા વાઘેરો સાથે નિકટનો સંબંધ ધરાવે છે. તે સંબંધ તેઓ એક પ્રજા કે એકબીજાના વંશજ હોવાથી નહિ, પણ તેમની વૃત્તિઓ અને વ્યવહારોની સમાનતાને લીધે છે.

સંઘારા તેરમી સદીના સંઘન નામના એક નામચીન ચાંચિયાની ઔલાદ હોવાનો દાવો કરે છે. ઓખામંડળ પ્રાન્તના એક ગામનું નામ હજી સંઘનકોટડા છે. તેનો અર્થ, સંઘનનો કિલ્લો થયા છે. ભરતી વખતે તે બેટ બની જાય છે. પહેલાંના જમાનામાં તે સ્થળ ચાંચિયાનું એક સુપ્રસિદ્ધ આશ્રયસ્થાન હતું.

સંઘને પોતાની સત્તા પશ્ચિમે હાલાર પ્રાન્તના ખંભાલિયા સુધી અને દક્ષિણે પોરબંદર રાજ્ય સુધી ફેલાવી હતી. સંઘનના પુત્ર ભીમજીના સમય પર, સુલતાન મહમૂદ બેગડાએ બેટ અને દ્વારકા જીતી લઈ ત્યાંથી ચાંચિયાઓને હાંકી કાઢ્યા હતા; પરંતુ ભીમજી તરત પાછો આવ્યો હતો અને બેટ પાછો મેળવ્યા હતો. ત્યાર પછી થોડા વખતમાં મુસલમાનો દ્વારકામાંથી ચાલ્યા ગયા હતા.

સંઘારાનું આ વૃત્તાંત સામાન્ય રીતે તેમનો જે ઇતિહાસ માન્ય રાખવામાં આવેલો છે તેને બંધબેસતું આવતું નથી. તે વૃત્તાંત એવું છે કે નીઅરકસે (Nearchus) વર્ણવેલા સંઘારાના તેઓ વંશજો છે. નામ અને ધંધાની સમાનતાને પરિણામે આ ગોટાળો થવા પામ્યો હોય; પરંતુ એટલું તો નિઃસંદેહ છે કે અનેક પેઢીઓ સુધી

સંઘારા વા સંઘનિયા બેધડક ચાંચિયા તરીકે મશહુર હતા; અને જોકે વાઘેરો તેમની સાથે ઘણા મળેલા હતા. છતાં સાહસ અને શૌર્યમાં સંઘારા વાઘેરોથી ઘણા આગળ પડતા હતા. એટલે સુધી કે કાઠિયાવાડના કિનારાના ચાંચિયા સાથે તેમનું નામ સમન્વય થઈ ગયેલું હતું.

તેઓ મુસલમાનો છે; પરંતુ ઘણું કરીને તેઓ હિન્દુઓમાંથી મુસલમાન થયેલા. છે તેઓ તેમની જ કોમમાં લગ્નવ્યવહાર કરે છે. હવે તેઓ મોટે ભાગે ખલાસીઓ અને માછીમારો છે. તેઓ હવે કચ્છના અખાતનાં ગામડાંમાં વસે છે.

કચ્છી સંઘારા હિન્દુ તેમ જ મુસલમાન છે. તેઓ ઈ.સ. ૧૩૦૦ના અરસામાં સિન્ધમાંથી કેટલાક વૃત્તાંત પ્રમાણે જાડેજાઓ સાથે અને બીજાના વૃત્તાંત પ્રમાણે જાડેજાઓ પહેલાં કચ્છમાં આવ્યા હતા. ત્યાર પછી કેટલાક વરસે તેમનામાંથી જખાવમાં રહેતા એક મીન્સુએ તેમને ઇસલામમાં આણ્યા હતા.

તેઓ સિન્ધી મિશ્રણવાળી કચ્છી બોલી બોલે છે. તેઓ મેલા, ખાસ પ્રામાણિક નહિ તેવા પણ મહેનતું, તામસી અને મહેમાનદારી કરનારા છે. તેઓ મૌલવીઓ અને પીરોને માને છે. તે સાથે તેમનામાંના ઘણાખરા "જખ" એટલે સફેદ ઘોડેસ્વારોને પણ પૂજે છે.

તેમની તે પૂજાનું મુખ્ય સ્થળ ભૂજથી ૧૮ માઈલ પશ્ચિમે કાકડબેટ ડુંગર ઉપર છે. ભાદરવા મહિનાના બીજા સોમવારે ત્યાં મેળો ભરાય છે. તેમાં ઘણા હિન્દુ સંઘારા અને થોડા મુસલમાન સંઘારા ભેગા થાય છે. "જખ" એટલે સફેદ ઘોડેસ્વારો ૭૨ છે.

મુસલમાન સંધારા તેમનાં છોકરાંનાં હિન્દુ નામો પાડે છે. તેઓ લગભગ ચોથા ભાગના છોકરાઓની સુન્નત કરાવતા નથી. તેઓ છોકરાઓને અફીકો પણ કરતા નથી.

તેઓ બાળ-લગ્ન કરે છે. આ લગ્નો હિન્દુ તેમ જ મુસલમાન વિધિઓ અનુસાર કરવામાં આવે છે.

તેઓ તેમના મૈયત દફન કરે છે; પરંતુ તેમનામાંથી કેટલાક મૈયતના પગને પ્રથમ અગ્નિ અડકાડે છે. તેમનામાં મરણ પછીની કોઈ વિધિ મુસલમાની રીતરિવાજ મુજબ થતો નથી.

તેમની સ્થિતિ સુધરતી જતી નથી. તેમનાં છોકરાંને તેઓ કેળવણી આપતા નથી. તેમ તેઓ કોઈ નવો ધંધો પણ કરતાં નથી.

તેઓ પોતે આરબ ઉત્પત્તિના હોવાનો દાવો કરે છે; પરંતુ તેઓ મૂળ હિન્દુઓ હતા. તેમનામાં કેટલીક રજપૂત કોમો પણ સમાયેલી છે. તેમનામાં ઘણા પેટાવિભાગો છે. તેમની પર (બાવન) 'નુખ્ખે' કુટુંબો ઉપરથી પડેલી અટકો ઉપરથી સમજાય છે. તેમનું નામ 'સંઘી'—ટોળું એ ઉપરથી પડેલું હોય. જો તેમ હોય તો તેઓ જાનવરો રાખનારા —Herdsman હોય. તેઓ, કદાપિ સંધાર જાતના રજપૂતોમાંથી હોય. ટૉડના કોષ્ટકમાં બે સ્થળે તેમનો ઉલ્લેખ આવે છે. વાયવ્ય પ્રાન્તોમાં તેઓ હજી જોરદાર છે. ટૉડના "રાજસ્થાન"માં રહેલુ છે કે જમના નદી ઉપરના જગમોહનપુરમાં તેમના ઠકરાત છે અને આગ્રાથી આશરે ૮૦ માઈલ અગ્નિ ખૂણામાં ઇટાવામાં હજી તેઓ રાજ્ય કરતી પ્રજા છે. તેમની સ્થાનિક આખ્યાયિકા અનુસાર, તેઓ મૂળ કનોજમાં રહેતા હતા. ત્યાંથી તેઓ દક્ષિણે લંકાદ્વીપ સુધી પર્યટણ કરીને વાયવ્ય પ્રાંતો ભણી પાછા ફર્યા હતા. અને કનોજના

રાઠોડોના ઈ.સ. ૧૦૯૪માં થયેલા પતન પછી ત્યાં તેમણે પોતાની સત્તા પુનઃ પ્રાપ્ત કરેલી હતી.

મહાન સિકંદરના સરદાર નિયરકસે—Nearchus ઈ. સ. પૂ. ૩૨૫માં સિન્ધુ નદીની પૂર્વ પશ્ચિમે સંગાદાસ અથવા અંગારાસ જાતિના લોકો જોયા હતા. તે આ જ લોકો હોવા જોઈએ. ત્યાર પછી સંગમાનો, સંગા, સંગામાનો, સંગેસઅન વગેરે નામો નીચે તેઓ ચાંચિયા તરીકે નામચીન થયા.

કચ્છના સંઘારાઓમાં કોઈ દરિયાનું (ખલાસીનું) કામ કરતા નથી; પરંતુ કાઠિયાવાડી સંઘારામાં ઘણા તેવું કામ કરે છે.

આઠમા સૈકાની શરૂઆતમાં આ સંગમાઓ અને તંગામારોની ખેડ અને કોરકાની સાથે રહી કરેલા અત્યાચારોને કારણે જ સિન્ધ ઉપર આરબો ચઢી આવ્યા હતા, અને તેમણે તે દેશ જીતી લીધો હતો.

નવમા સૈકાની શરૂઆતમાં "બવારીજ" (બયરા=નાવ)ના નામ નીચે તેઓ પશ્ચિમે સોકોત્રા સુધી આરબોનાં વહાણોનો પીછો પકડી દરિયો સાફ રાખતા હતા. અલબીરૂની ઈ.સ. ૧૦૩૦માં આ બવારીજનાં મુખ્ય મથકો કચ્છ અને સોમનાથ પાટણમાં ગણાવે છે; માર્કો પોલો (ઈ.સ. ૧૨૯૦) ગુજરાતના જે ઝનૂની ચાંચિયાઓનો ઉલ્લેખ કરે છે તે આ જ લોકો હોવા જોઈએ.

સત્તરમા સૈકાની આખરે સંગેરી અથવા સંગાનીઆના નામ નીચે તેઓ દરિયાઈ માર્ગે બીજાને પુષ્કળ હેરાન કરતા હતા. ૧૬૯૦માં ઓવીંગ્ટન તેમને સિન્ધ અને કાઠિયાવાડના વાયવ્ય ખૂણે આવેલી જગતની ભૂશીર વચ્ચે ચાંચિયાઓનો ધંધો કરતા હોવાનું વર્ણવે છે. તે કહે છે કે તેમની હોડીઓ તેઓ એટલી ઝડપથી હંકારતા હતા કે તેઓ ક્વચિત્ જ પકડાઈ શકાતા હતા. તેઓ ભલે ચાંચિયા હતા તોપણ તેઓ આપેલાં વચનો નિમકહલાલીથી પાળતા હતા.

હેમીલ્ટન કહે છે કે ઈ. સ. ૧૭૨૦ માં તેમનું રહેઠાણુ સંઘાની-આમાં હતું. તેમનું બંદર ઓખામંડળમાં "બેટ" હતું. તેમની સરકાર એક રાણી હતી. કોઈ વહાણ લૂંટતાં પહેલાં તેઓ ભાંગ પીતા હતા, અને માથાના વાળ છૂટા મૂકીને તેઓ તે વહાણ ઉપર તૂટી પડતા હતા. તેવે વખતે તેઓ દુશ્મનનો કોઈ માણુસ જીવતો રહેવા દેતા નહોતા.

Rennel કહે છે કે ઈ. સ. ૧૭૮૮માં તેઓ બેટ અને આરામરાથી ઈરાની અખાત સુધી દરિયો ખેડતા હતા. આ સંઘારાઓ સાથે ચાંચિયાની બીજી જાતો, ખાસ કરીને દ્વારકાના વાઘેર અને આરામરાના વાઢેલો જોવા મળતા હતા.

અઢારમા સૈકાની આખરે ઈ. સ. ૧૭૯૯ માં અંગ્રેજી વહાણોએ એકબે વખત તેમના ઉપર હુમલા કર્યા હતા, અને જોકે તેમના ચાંચિયાપણાના કાફલાનો નાશ કરવામાં આવ્યો હતો, તોપણ તેમના કિલ્લા લઈ લેવામાં આવ્યા નહતા.

ઈ. સ. ૧૮૦૯માં થોડા વખત માટે કર્નલ વૉકરે તેમને સીધા કર્યા હતા; પરંતુ ત્યાર પછી થોડા વખતમાં જ તેમણે તેમનો જૂનો ધંધો ફરીથી શરૂ કરી દીધેલો હતો. પાછળથી જ્યારે ઓખામંડળ ગાયકવાડ સરકારને સોંપવામાં આવ્યું ત્યારે વાઘેરોએ બળવો કર્યો હતો. પરંતુ ઈ. સ. ૧૮૨૦માં અંગ્રેજી લશ્કરે દ્વારકા અને બેટ સર કરી તેમને છેવટના કાબૂમાં આણ્યા હતા.

પ્રકરણ ૬૬

સુમરા

સુમરા રજપૂતઉત્પત્તિની સિન્ધી કોમ હોવાનું માનવામાં આવે છે. મહમૂદ બેગડાએ ઈ. સ. ૧૪૭૩ માં સિન્ધ જીતી લીધું ત્યારે તેણે તેમને મુસલમાન કર્યા હોવાનું કહેવામાં આવે છે.

ઇલિયટ સુમરાને પરમાર જાતના તેથી અગ્નિકુળના નિઃશંક ચંદ્રવંશી, અર્થાત્ પાંચમા સૈકા આખરે અથવા છઠ્ઠા સૈકાના આરંભમાં હિન્દમાં આવેલા મિહિર ગુર્જર અથવા ગૌરાંગ હૂણ પ્રજા હોવાનું કહે છે. તેમની કોમના મુખ્ય વર્ગે આઠમા શતકના આરંભમાં ઇસ્લામ સ્વીકાર્યો હતો.

તેઓ પોતાને આરબોના તમીમ અને કુરેશ કોમો તરીકે અને તમીમ અન્સારીની ઔલાદ તરીકે ઓળખાવે છે.

બિલગ્રામી માને છે કે ' સુમરા ' નામ મૂળ ' સામિરા ' છે, અને એ યુરોપનું એક મશહૂર શહેર છે તેથી આ કોમ ત્યાંથી આવેલી હોવી જોઈએ.

અબ્દુલ હલીમ શરર પોતાની " તારીખે હિન્દ "માં આ કોમને સિન્ધના જ " સામરા " શહેરના ઉચ્ચ ખાનદાનના હોવાનું કહે છે. તેઓ ઉમેરે છે કે તેમણે મુસલમાન થઇ મિસરના ઇસ્માઈલીઓની મદદથી હકૂમત જમાવી હતી.

ઇબ્ને બતુતાના હાંશિયા લખનારે તેમને ' સુમરા ' કે ' સામી ' કે ' સુમતી ' અને તેઓ મૂળ રજપૂત હોવાનું માન્યું છે. એ જ કારણથી

ફિરોઝશાહ તઘલકની સિન્ધ ઉપરની ચઢાઈ વખતે તેણે ટઠ્ઠાના જામ, જે આ સુમરાઓના રાજા હતા તેની સાથે સુલેહ કરી હતી, એવા આશયથી કે મુસલમાનોની પોતાની ખૂનરેજી થતી અટકે.

અલ્લામા સુલેમાન નદવીએ પોતાના "અરબો હિન્દ"માં કહ્યું છે કે આ લોક આરબ ઇસ્માઈલી હતા.

સૈયદ અબુ ઝફર નદવી તે ઉપરથી તેમના "ગુજરાતના ઇતિહાસ"-માં અનુમાન કરે છે કે આ કોમનું મૂળ નામ "સોમરાય" હોઈ તેનો અરબી ઉચ્ચાર "સોમરા" થયો હતો. તેમનું "સોમરા" નામ મુસલમાની અને બીજું નામ ગયર મુસલમાની હતું; જેવી રીતે ચીની અને બરમી મુસલમાનોનાં નામ બે પ્રકારનાં હોય છે.

ઇબ્ને બતુતાના સુમરા કોમ વિશેના વર્ણનનો સાર છે કે ૧. સામરી લોક પોતાના પૂર્વજોનો સંબંધ હજ્જાજ બિન યૂસુફ કસફી સાથે જોડે છે. ૨. ધર્મે તેઓ હિન્દુ નહોતા; તેમ તેઓ હિન્દુઓના હાથ નીચે રહેવાનું પણ પસંદ કરતા નહોતા. તે સાથે તેમની ધાર્મિક માન્યતાઓમાં કેટલીક વાત તો એવી હતી કે તેઓ આમ મુસલમાનોથી જુદા પડતા.હતા. ૩. તે વખતે સિન્ધ દિલ્હીના સુલતાનોને તાબે એવી રીતે હતો કે સુમરા રાજાઓ સાથે દિલ્હીનો એક "અમીર"–અંગ્રેજી રાજ્યઅમલના "રેસીડન્ટ" જેવો રહેતો હતો. સિન્ધ દિલ્હીના રાજ્યના મુલતાન પ્રાન્તનો એક ભાગ ગણાતો હતો.

સુમરાઓનો ધર્મ ઇસ્માઈલી હોવાનું સાબિત થયેલું છે. તેઓ આરબ વિજેતાઓ સાથે સિન્ધમાં આવીને વસ્યા હતા. એ તો સ્પષ્ટ છે કે તેમના ખાવાપીવાના તેમ લગ્નવિવાહના કેટલાક રિવાજો ગયર ઇસ્લામી હતા. તે સાથે તેઓ પોતાને હિન્દુ નહિ પણ મુસલમાન જ સમજતા હતા. તેઓ પોતાને માટે "મલેક ફિરોઝ" જેવા ઇસ્લામી

લકબ અખત્યાર કરતા હતા, અને બિન-મુસ્લિમ રાજાઓની તાબેદારી કરવી પોતાને માટે શરમજનક માનતા હતા. તેથી તેઓ હિન્દુ તો નહોતા જ.

કરમતિયા અને ઇસ્માઇલી સંપ્રદાયો જ એવા હતા કે જે જે દેશમાં તે સંપ્રદાયો ફેલાતા હતા તે તે દેશોમાં ત્યાંના રીતરિવાજો અને ધાર્મિક માન્યતાઓને તેઓ પોતાનામાં સમાવી લેતા હતા. એ ધોરણે તેમણે હિન્દમાં હ. અલી (કરમ)ને વિષ્ણુના અવતાર બનાવી લીધા હતા. એથી તેમને તેમના સંપ્રદાયનો પ્રચાર કરવામાં સરળતા મળતી હતી. અગાઉ ઇસ્માઈલીઓના કિલ્લા અલમુતથી હિન્દમાં પ્રચારકો આવ્યાનું ઇતિહાસથી સાબિત થયેલું છે. એ પ્રચારકો પોતાનાં નામ પણ હિન્દુઓનાં જેવાં જ ધારણ કરી લેતા હતા. એવા જ રિવાજો આજે મુંબઈના ખોજાઓમાં જોવામાં આવે છે.

આ સંબંધે અજબ થવા જેવો કિસ્સો શેખુ'લ ઇસ્લામ ઝકરિયા મુલતાનીના મુરીદ મખ્દુમ જહાંનિયા જલાલુદ્દીન બુખારી (હિ. સ. ૭૦૭-૮૦૦) વિશે મળે છે. તેઓ સિન્ધના શહેર ઊચમાં રહેતા હતા અને ત્યાં તેઓ લોકોને ઇસ્લામનો ઉપદેશ કરતા હતા. ઊચનો રાજા સુમરા એક વખત તેમની પાસે ગયો હતો ત્યારે ત્યાં દરવેશોની ભીડ હતી. સુમરાએ હઝરતની સંમતિ વિના કોઈ માણસને મસ્જિદમાંથી બહાર કાઢી મૂક્યો હતો. તેથી મખ્દુમ જહાંનિયા બોલી ઊઠ્યા હતા કે “સુમરા ગાંડો થયો છે.” તરત જ સુમરા પાગલ બની ગયો હતો; શહેરમાં સનસનાટી પ્રસરી ગઈ હતી પછી સુમરાની માએ હઝરત પાસે આવી ઘણી આજીજી કરી હતી. એ ઉપરથી હઝરતે તેનો ગુનો માફ કર્યો હતો અને સુમરા ફરીથી પહેલાં હતો તેવો થઈ ગયો હતો. તે તરત જ મસ્જિદમાં

આવ્યો હતો અને તેણે હઝરતના પગ ચૂમ્યા હતા, અને તે તેમનો મુરીદ થયો હતો. આથી સમજાય છે કે તે ઇસ્માઈલી સંપ્રદાય છોડી સુન્ની થયો હતો.

ઇસ્માઈલી સંપ્રદાયની મિસરની ફાતિમી ખિલાફત સુલતાન અલાઉદ્દીન (અલાદીન)ને હાથે ઈ.સ. ૧૧૭૮માં ખતમ થયેલી હતી. ત્યાર પછી અલમુત કિલ્લાની હસન બિન અબ્બાહે સ્થાપેલી નઝારી હકૂમત ઈ.સ. ૧૨૫૬માં હલાકુખાનને હાથે સમાપ્ત થઈ ગયેલી હતી.

સિન્ધના ઇસ્માઈલીઓ ઉપર તેમના એ કેન્દ્રોના ધ્વંસની અસર થયેલી હોવી જોઈએ. તેથી બધા સુમરાઓ સથવા તેમનામાંના ઘણા હ. મખ્દુમ જહાંનિયાને હાથે સુન્ની થઈ ગયા હોય એ માનવું યોગ્ય છે.

સુલતાન મહમૂદ ગઝનવી પછી તે વંશના બાદશાહો નિર્બલ હોવાથી સુમરા કોમે, સુમરા નામના પોતાના એક સરદારને પોતાનો બાદશાહ નીમ્યો હતો. તેણે પાસેના એક સાદ નામના તાલુકદારની પુત્રી સાથે લગ્ન કર્યું હતું. તેમનો પુત્ર ભુંગર ત્યાર પછી બાદશાહ થયો હતો. તેની હકૂમત પાંચ વરસ ચાલી હતી. તેના પછી થયેલા બાદશાહોનાં નામોમાં કેટલાંક હિન્દુ નામ અને કેટલાંક અરબી નામ મળે છે.

"તોહફતુલ કિરામ"માં કહેલું છે કે સુમરા કોમ સામરા નામની આરબ કોમમાંથી ઊતરી આવેલી છે. તે કોમ સિન્ધમાં હિજરી બીજી સદીમાં આરબોની તમીમ કોમ સાથે આવેલી હતી. તમીમ કોમ તે વખતે અબ્બાસી ખલીફાઓ તરફથી સિન્ધમાં હકૂમત કરતી હતી.

મજકુર ચર્ચાનો સમગ્રપણે વિચાર કરતાં ફલિત થાય છે કે સુમરા કોમ હિન્દી અને અરબી કોમના મિશ્રણરૂપે છે. સુમરા નામને ઇરાકના સામરા નામના શહેર સાથે કોઈ સંબંધ નથી. સામરાનું મૂળ નામ સુરર મન રઆઅ હતું. સામરા તો તેનું અપભ્રંશ રૂપ છે.

યુરોપિયન લેખકોએ આ કોમને 'નવા મુસ્લિમ રજપૂત' તરીકે વર્ણવ્યા છે એનસાઇક્લોપોડિયા બ્રિટાનિકામાં તે પ્રમાણે કહેલું છે. ઇલિયટે પણ તેમ જ કહેલું છે. પરંતુ તે મત સાબિત કરવા તે બન્ને લેખકોમાંથી કોઈએ કોઈ પુષ્ટિકારક પુરાવો આપેલો નથી. ફારસી ઈતિહાસકારોના સંયુક્ત વર્ણનથી જણાય છે કે તેઓ શુદ્ધ હિન્દુ નહોતા, તો તેઓ રજપૂત શી રીતે હોઈ શકે?

મરહુમ મૌલવી અબ્દુલહલીમ તેમને 'નવા મુસ્લિમ યહૂદી' કહે છેઃ યહૂદીઓના એક વિભાગનું નામ 'સામરી' હતું, તેથી કદાપિ તેમણે તે પ્રમાણે અનુમાન કરેલું હોય.

કાઠિયાવાડી સુમરા મુખ્યત્વે જામનગર, મોરબી અને ધ્રોળમાં મળે છે. હવે તેઓ મજૂરો કે ખલાસીઓ છે. તેઓ ગરીબ જીવન ગુજારે છે. તેઓ પહેલાં તેમની છોકરીઓને દૂધ પીતી કરતા હતા.

કચ્છી સુમરા મુખ્યત્વે ભુજ અને માંડવીમાં મળે છે. સિન્ધમાં ઈ.સ. ૧૦૩૨ થી ૧૩૫૧ સુધી રાજ્ય કરતી એ નામની હિન્દુ પ્રજાના તેઓ વંશજો છે.

તેમની પોતાની આખ્યાયિકા અનુસાર તેમના પૂર્વજો તેરમા સૈકાના અંતમાં અલાઉદ્દીન ખિલજીના ત્રાસમાંથી મુક્તિ મેળવવા સિન્ધમાંથી કચ્છમાં આવતા રહ્યા હતા.

એક વખતે તેમનો સરદાર તેના ૧૫૦૦ સાથીઓ સાથે લખપતની પૂર્વે રણ ઓળંગતો હતો ત્યારે પાણી થઈ રહેવાથી તે બધા તરસથી રિબાતા હતા. તે વખતે એક મુસલમાન પીર બહાઉદ્દીને તેમને પોતાની પાસેના પાણીના એક જ વાસણમાંથી તેમની બધાની તરસ છિપાવી હતી. એ પીર વડસાર પાછા ફર્યા ત્યારે ત્યાંના જામ અને તેમની આખી કોમ મુસલમાન થઈ ગઈ હતી. તે પીરનો રોજો લડસારમાં છે. ત્યાં હજી દર વરસે મેળો ભરાય છે.

આ લોકો ગંદા રહે છે, છતાં તેઓ પ્રામાણિક અને મહેનતુ છે તેમની રીતભાત સારી છે. તેમનામાંથી કેટલાક ખલાસીઓ, કેટલાક ખેડૂતો, કેટલાક કડિયારા અને કેટલાક ઘાસ કાપનારા છે.

તેઓ મઝહબે સુન્ની છે, તેમના પીર તેમની સાથે સિન્ધમાંથી આવેલા પીરની ઔલાદમાંથી છે.

તેઓ અંદર અંદર પરણે છે; પરંતુ પ્રસંગોપાત્ત તેઓ તેમની કન્યાઓ સૈયદોમાં આપે છે. તેમના અંદર અંદરના કજિયા તેમની જમાત ભેગી થઈને પતાવે છે.

પહેરવેશ અને રીતરિવાજોમાં તેઓ બીજા મુસલમાનોથી જુદા પડતા નથી તેથી તેમની કોમ માટે સારું ભાવિ કલ્પી શકાતું નથી.

સોઢા

સોઢા હિન્દુ તેમ જ મુસલમાન હોય છે. તેઓ મહાન સિકંદરે પંજાબમાં જોયેલાં Sogdoi અથવા Sodrae લોકો છે.

હિન્દુ સોઢા કચ્છમાં તેમની પુત્રીઓ જાડેજાઓને તેમ જ મુસલમાનોને આપે છે. તેમની સ્ત્રીઓ ઘણી ખૂબસૂરત હોય છે. તેઓ

મહત્ત્વાકાંક્ષી અને ખટપટી હોય છે. પુરુષો ખેડૂતો હોય છે અને જાનવરો ઉછેરે છે.

સોલંકીઓ

સોલંકીઓ રજપૂતોની સોલંકી જાતિમાંથી મુસલમાન થયેલા ઉત્તર ગુજરાતના જુદા જુદા ભાગોમાં નાની નાની સંખ્યામાં મળે છે. તેઓ રાઠોડ અને બીજા રજપૂતોમાંથી મુસલમાન થયેલી કોમોમાં લગ્નવ્યવહાર રાખે છે. તેમનામાં અને સોલંકીઓમાં ધંધા, રીતરિવાજો કે દેખાવમાં કંઈ ફેર હોતો નથી.

પ્રકરણ ૬૭

કારીગરો

કારીગરોના ૨૨ વર્ગ છે : ૧. રેશમ બાંધનારા બંધારા, ૨. અનાજ શેકનારા ભાડભૂંજા, ૩. સુતરાઉ કપડાં છાપનારા છીપા, ૪. રેશમી કપડા છાપનારા અને રંગનારા ચૂંદડીગરા, ૫. ચૂનો બનાવનારા ચૂનારા, ૬. ચૂડીઓ બનાવનારા ચૂડીગર અથવા ચૂડીવાળા, ૭. ઘાણી કરનારા ઘાંચી, ૮. કાગળ બનાવનારા કાગદી, ૯. ઈંટો ચણનારા કડિયા, ૧૦. ગોશ્ત તૈયાર કરનારા કસાઈઓ, ૧૧. લક્કડકામ કરનારા ખરાદી, ૧૨. ચામડાં કેળવનારા ખાટકી, ૧૩. લોખંડ કામ કરનારા લુહારો, ૧૪. હાથીદાંતનું કામ કરનારા મણિયારો, ૧૫. કપડાં વણનારા મોમના, ૧૬. જોડા બનાવનારા મુલ્તાની મોચીઓ, ૧૭. ઘોડાના નાળ જડનારા નાળબંધ, ૧૮. કપડાંને આરપાનારા પાંજણીગરા, ૧૯. કપડાં રંગનારા રંગરેજો, ૨૦. પથ્થર ઘડનારા સલાટો, ૨૧. સોનીકામ કરનારા સોનીઓ, અને ૨૨. કપડાં વણનારા તાઈ.

આ યાદીમાં બીજા નીચે પ્રમાણે ઉમેરવા જોઈએ : ૨૩. માટીનાં વાસણો બનાવનારા કુંભારો, ૨૪. કપડાં ધોનારા ધોબીઓ, ૨૫. કપડાં રંગનારા ખત્રીઓ, અને ૨૬. રૂ પીંજનારા પીંજારા, અને કચ્છ કાઠિયાવાડના લાડક.

આ બધાને નીચે ગુજરાતી કક્કાવારી પ્રમાણે વર્ણવેલા છે :—
૧. કડીઆ, ૨. કસાઈઓ, ૩. કાગદી, ૪. કુંભારો, ૫. ખત્રીઓ, ૬. ખરાદીઓ, ૭. ખાટકીઓ, ૮. ઘાંચીઓ, ૯. ચૂડીગરો, ૧૦. ચૂનારા, ૧૧. ચૂંદડીગરો, ૧૨. છીપાઓ, ૧૩. તાઈ અથવા જુલાયા, ૧૪.

ધોબીઓ, ૧૫. ઘોડાને નાળ જડનારા નાળબંધ, ૧૬. પાંજણીગરા, ૧૭. પીંજારા, ૧૮. બંધારા, ૧૯. ભાડભૂંજા, ૨૦. મણિયારો, ૨૧. મુલ્તાની મોચીઓ, ૨૨. મોમનાઓ, ૨૩. રંગરેજો, ૨૪. લુહારો, ૨૫. લાડક, ૨૬. સલાટો અને ૨૭. સોનીઓ.

૧. કડીઆ

કડિયા કામ કરનારા કડિયાઓ ગુજરાતમાં બધે જ મળે છે, જેઓ તે જ નામની હિન્દુ જાતિમાંથી મુસલમાન થયેલા છે. ગુજરાતના ઉત્તર ભાગમાં તેમની ઘરની બોલી ગુજરાતી અને દક્ષિણ ભાગમાં ઉર્દૂ હોય છે. તેઓ ઊંચા, મજબૂત, શ્યામ અને ઘાટીલા હોય છે. ઉત્તર ભાગમાં તેઓ માથે વાળ રાખે છે, અને દક્ષિણ ભાગમાં માથે હજામત કરાવે છે. બધા લાંબી દાઢી રાખે છે.

ઉત્તર ગુજરાતમાં પુરુષો મુસલમાની પાઘડી, જુવાન માણસો રાતી અથવા કિરમજી અને વૃદ્ધ માણસો સફેદ રંગની, હિન્દુ ઢબનો કોટ, ધોતી, અને જોડા પહેરે છે. દક્ષિણ ગુજરાતમાં તેઓ પહોળા પટ્ટાનો ગોળ, સાધારણ રીતે રંગીન પાઘડી, હિન્દુ ઘાટનો કોટ અને ઊંચી, ઢીલી મુસલમાની સુરવાળો અને જોડા પહેરે છે.

સુરતમાં તેમણે ઓરડાઓની દીવાલો શણગારવા માટે નામ મેળવેલું છે. તેમની સ્ત્રીઓ ઘરકામ કરે છે. તેઓ શાન્ત, પ્રામાણિક, મિતાહારી, મહેનતુ અને કંઈક કરકસર વિનાના હોય છે. તેમની સ્ત્રીઓને જાહેરમાં નીકળવાની છૂટ હોય છે. તેઓ ગરીબ હોય છે અને કરજમાંથી મુક્ત હોતા નથી.

તેઓ મઝહબે સુન્ની હોય છે. તેમનામાંના કેટલાક કુરઆન થોડું પઢી જાણે છે, અને લગભગ બધા જ નમાઝ પઢવાની કાળજી રાખે છે.

તેઓ પીરાણાવાળા પીર ઇમામશાહના એક વંશજના અનુયાયીઓ છે. તે પીરઝાદાને તેઓ ઘણા ફિદા હોય છે.

તેમનાં રીતરિવાજોમાં કંઈ વિશિષ્ટના નથી. તેઓ માત્ર તેમની કોમમાં જ પરણે છે. તેમના પીરઝાદાની સરપરસ્તી નીચે તેઓ ઇલાયદી કોમ તરીકે રહે છે. તેઓ તેમનાં છોકરાંને અંગ્રેજી ભણાવતા નથી. તેમનામાં કોઈ ઊંચી પદવીએ ચઢેલો નથી.

૨. કસાઈઓ

ગોસ્ત તૈયાર કરનારા કસાઈઓ ગુજરાતના બધા ભાગોમાં મળે છે. તેમનામાં બે વર્ગ છેઃ ગાયનું ગોસ્ત તૈયાર કરનારા 'ગાય-કસાઈ' અને ઘેટાં-બકરાંનું ગોસ્ત તૈયાર કરનારા 'બક્કર-કસાઈ'. બન્ને વર્ગ પોતાને રજપૂત ઉત્પત્તિના માને છે. ગાય-કસાઈઓ બક્કર-કસાઈઓ સાથે લગ્નવ્યવહાર રાખતા નથી. તેઓ ઊંચા, મજબૂત બાંધાના અને સાધારણ વર્ણના, અને તેમની સ્ત્રીઓ ફૂટડી અને સારી મુખકળાવાળી હોય છે. તેઓ ખાવેપીવે એટલા પુષ્ટ હોય છે કે એક હિન્દુસ્તાની કહેવત છે કે "કસાઈ કી બેટી દશ બરસમેં બચ્ચા જણતી હય."

શહેરોમાં તેમની ઘરની બોલી ઉર્દૂ અને ગામડાંમાં ગુજરાતી હોય છે.

પુરુષો સાધારણ પાઘડીઓ, કેટલાક કીમતી અને ભભકાદાર પાઘડીઓ, કોટ, ઉરેફ સુરવાળો અને જોડા પહેરે છે. શહેરોમાં તેમની સ્ત્રીઓ મુસલમાની અને ગામડાંમાં હિન્દુ પહેરવેશ પહેરે છે. ભઠિયારા માફક તેઓ ઘરેણાં પહેરવાના શોખીન હોય છે.

મોટી ઉંમરની સ્ત્રીઓ જાનવરોના હલકા અને નાના ભાગ વેચવામાં મદદ કરે છે. કરકસર સિવાય કસાઈઓમાં બીજા સારા ગુણો હોતા નથી. કહેવત છે કે "ના દેખા હો બાઘ તો દેખો બિલાઈ, ના દેખા હો ઠગ તો દેખો કસાઈ". તેમની સ્ત્રીઓ ગાળો દેવામાં પારંગત હોવા માટે નામચીન છે. તેઓ સુખી સ્થિતિના છે, અને ઘણાખરા પૈસા બચાવી શકે છે.

તેઓ મઝહબે સુન્ની છે. તેમનામાં પુરુષો અને સ્ત્રીઓ બન્નેમાંથી થોડા કુરઆને શરીફ પઢી જાણે છે, અને નમાઝ પઢવાની કાળજી રાખે છે. તેમનામાં કોઈ અસાધારણ રીતરિવાજ નથી. તેઓ માત્ર પોતાની કોમમાં પરણે છે. તેમની જમાતનું બંધારણ સારું હોય છે, અને તેનો પટેલ હોય છે. તેમની જમાતનું ફંડ હોય છે. તે તેઓ મસ્જિદો, મુસાફરો અને મિસ્કીનો માટે ખર્ચે છે. જૂજ અપવાદ સિવાય તેઓ નિરક્ષર હોય છે. તેમનામાંથી કોઈ ઉચ્ચ પદવીએ પહોંચ્યા નથી.

કસાઈઓની એક કોમ પહેલાં "લાડ" નામથી ઓળખાતી હતી. ચૌદમી સદીના મહાન દુકાળ સમયે તેઓ ગુજરાત છોડી દક્ષિણ મહારાષ્ટ્રમાં ચાલ્યા ગયા હતા. હાલ તેઓ બીજાપુરમાં રહે છે.

ભરૂચ જિલ્લાના પ્રદેશને પહેલાં "લાટ" કહેતા હતા તે ઉપરથી આ કોમનું નામ "લાડ" પડેલું હોય. તેઓ દક્ષિણમાં પણ ઘરમાં જે બોલી બોલે છે તેને તેઓ 'ચોર્યાસી' કહે છે. તે નામનો એક તાલુકો સુરત જિલ્લામાં છે. તેથી તેમનો સંબંધ સૂરત જિલ્લા સાથે પણ પહેલાં હોવો જોઈએ.

૩. કાગદી

કાગળ બનાવનારા કાગદીઓ ગુજરાતમાં મોટી સંખ્યામાં મળે છે. તેઓ હિન્દુઓમાંથી મુસલમાન થયેલા હોવાનું કહેવાય છે. સામાન્યતઃ

તેઓ કદાવર, માંસાળા, ઘઉંવર્ણા અને ઘાટીલા હોય છે, કેટલાક માથાના આગલા ભાગમાં અને કેટલાક આખે માથે હજામત કરાવે છે. થોડા જુવાન માણસો માથાના વાળ વધવા દે છે. બધા જ દાઢી રાખે છે. સ્ત્રીઓ મધ્યમ કદની, ઘાટીલી, ઘઉંવર્ણી અને સારી મુખાકૃતિવાળી હોય છે. પુરુષો મોટી, ઢીલી બાંધેલી ગોળ, રાતી અથવા સફેદ પાઘડી, સાધારણ કોટ અને અંગરખાં, ઊંચા 'ચોરણા' અને જોડા પહેરે છે. સ્ત્રીઓ ઘરમાં બીજી મુસલમાન સ્ત્રીઓ માફક લાંબાં પહેરણ અને ઇજારો, અને બહાર જવામાં તે ઉપર 'ઓવરકોટ' જેવી 'પિચવાઝ' પહેરે છે.

અમદાવાદ, જે મજબૂત, દેશી, જાડા કાગળો માટે લાંબા સમયથી જાણીતું છે, તે કાગળો તેઓ બનાવે છે. સ્ત્રીઓ તેમાં મદદ કરે છે અને ઘરકામ કરે છે. પુરુષો શાન્ત, પ્રામાણિક, મહેનતુ, મિતાહારી પણ કંઈક મોજશોખના શોખીન હોય છે. અગાઉ તેમનો ધંધો આબાદ હતો; પરંતુ છેલ્લાં થોડાં વરસોથી તેમના કાગળોની માગ ઘટી ગયેલી છે. મીલોમાં વિવિધ પ્રકારના કાગળો તૈયાર થતા હોવાથી હવે હાથ-બનાવટના કાગળોની ખાસ જરૂર જણાતી નથી. મીલના બનાવટના કાગળોનો ગ્લેઝ—ચળકાટ હાથ બનાવટના કાગળોના સાદા દેખાવ કરતાં વધારે આકર્ષક લાગે છે. હૈદરાબાદ અને કાશ્મીરના કાગળો અમદાવાદના કાગળો જેટલા સફેદ કે સ્વચ્છ હોતા નથી.

તેઓ મઝહબે સુન્ની હોય છે. તેમનામાં ઘણા પુરુષો અને સ્ત્રીઓ બન્ને કુરઆને શરીફ પઢી જાણે છે, અને નમાઝ પઢવાની કાળજી રાખે છે. તેઓ અમદાવાદમાં ચિશ્તી પીરઝાદાઓના મુરીદો છે. તેમને તેઓ ઘણું માન આપે છે. તેમના રીતરિવાજો સામાન્ય મુસલમાનોના રીતરિવાજો જેવા જ હોય છે. તેઓ પોતાની કોમમાં જ પરણે છે. તેમના પીરઝાદાઓની સરપરસ્તી નીચે તેઓ નિરાળી

જમાત તરીકે રહે છે. તેમનામાંના કેટલાક તેમના છોકરાઓને ગુજરાતી અને અરબી અને જૂજ અંગ્રેજી શીખવે છે. તેમનામાંથી કોઈ ઊંચી પદવીએ પહોંચ્યા નથી.

૪. કુંભારો

અમદાવાદમાં મુસલમાન કુંભારો છે. તેઓ હિન્દુ કુંભારોમાંથી મુસલમાન થયેલા હોવા જોઈએ.

કચ્છના મુસલમાન કુંભારો સિન્ધમાંથી સોળમા સૈકામાં કચ્છમાં આવીને વસેલા છે. તેઓ મુખ્યત્વે હિન્દુ કુંભારોમાંથી મુસલમાન થયેલા હોવા જોઈએ, પરંતુ તેમનામાંથી કેટલાક હ. પયગમ્બર સાહેબ(અલ)નાં દાઈ બીબી હલીમાની ઔલાદ હોવાનો દાવો કરે છે.

" કુંભાર " નામ " કુંભ "—ઘડો અને " કાર "—બનાવનાર: એ ઉપરથી પડેલું હોવું જોઈએ. તેમને " ઓઝા " અથવા " પ્રજાપતિ " પણ કહે છે. ' પ્રજાપતિ 'નો અર્થ ' બ્રહ્મા ' થાય છે, જેમણે માટીના લોચા કુંભારના ચાકળા ઉપર ફરતાં સુન્દર આકારો લેતા જોયા હશે તેમને તેમના આ નામની સાર્થકતાનો અચ્છો ખ્યાલ આવી શકશે.

૫. ખત્રીઓ

ખત્રીઓ, હિન્દુ ખત્રીઓમાંથી મુસલમાન થયેલા છે. તેઓ સિન્ધમાંથી કચ્છમાં ઈ.સ. ૧૫૪૪માં આવ્યા હતા. તેઓ હિન્દુઓ હતા ત્યારે તેમના ગોર સારસ્વત બ્રાહ્મણો સાથે વાંધો પડવાથી તેમણે ઇસ્લામ ધર્મ અંગીકાર કર્યો હતો. તેઓ મઝહબે સુન્ની છે.

૬. ખરાદીઓ

લક્કડકામ કરનારા ખરાદીઓ ગુજરાતમાં નાની સંખ્યામાં અને અમદાવાદમાં મોટી સંખ્યામાં મળે છે. અમદાવાદના ખરાદીઓ તે જ નામની હિન્દુ જ્ઞાતિમાંથી મુસલમાન થયેલાનું કહેવાય છે. સૂરત અને બીજાં સ્થળોએ તેઓનો મિશ્ર વર્ગ હોય તેમ લાગે છે.

તેઓ સરેરાશ કદના અને સામાન્ય વર્ણના હોય છે. તેમના દેખાવમાં કોઈ વિશિષ્ટતા નથી. તેમની સ્ત્રીઓ દેખાવડી હોવાનું કહેવાય છે. સ્ત્રી-પુરુષો બન્ને મુસલમાની પહેરવેશ પહેરે છે.

તેઓ ધંધે ખરાદી હોય છે. તેમની સ્ત્રીઓ તેમને તે કામમાં મદદ કરતી નથી. તેઓ શાન્ત અને મિતાહારી હોય છે, પણ પ્રામાણિકતા કે કરકસર માટે તેમણે સારું નામ મેળવેલું નથી. એક વર્ગ તરીકે તેઓ સુખી સ્થિતિના છે.

તેઓ મઝહબે સુન્ની અને ધાર્મિક વૃત્તિવાળા હોય છે. ઘણાખરા કુરઆને શરીફ પઢી જાણે છે. તેમના રીતરિવાજો સાધારણ મુસલમાનો જેવા જ હોય છે. તેઓ માત્ર પોતાની કોમમાં જ પરણે છે. તેમની જમાત હોય છે, પણ તેમાં પટેલ હોતો નથી. તેઓ છોકરાંને ગુજરાતી કે અંગ્રેજી ભણાવતા નથી. તેમનામાંથી કોઈ ઊંચી પદવીએ પહોંચેલા નથી.

૭. ખાટકીઓ

ચામડાં કેળવનારા ખાટકીઓ આખા ગુજરાતમાં સંખ્યાબંધ છે. તેમના બે વર્ગ છે : ખાટકીઓ અને ઢાલગરો (મૂળ, ઢાલ બનાવનારા). તેઓ કસાઇઓના વર્ગના જ છે અને તેમની સાથે લગ્નવ્યવહાર રાખે છે. તેઓ કસાઇઓ જેવી સુખી સ્થિતિના નથી, પરંતુ દેખાવ,

બોલી અને ચારિત્ર્યમાં તેઓ કસાઈઓ જેવા જ હોય છે. તેઓ બકરાં ઘેટાંનાં, ચામડાં કેળવે છે અને ગામડાંમાં ઘેટાંબકરાંનું ગોશ્ત વેચે છે. તેઓ ગામડાંમાં ફરી ચામડાં ભેગાં કરે છે. તેમને કેળવ્યા પછી તેઓ તે ચામડાં મોટા વેપારીઓને વેચે છે. તેમની સ્ત્રીઓ તેમને ચામડાં કેળવવાના કામમાં મદદ કરે છે.

૮. ઘાંચીઓ

ઘાણી કરનારા ઘાંચીઓ ગુજરાતના બધા ભાગોમાં, ખાસ કરીને, ઉત્તર ગુજરાતમાં મળે છે. તેમને કેટલીક જગાએ (કપડવણજ અને ગોધરામાં) 'ઘાંચી' અને કેટલાક જગાએ (ખેડા જિલ્લામાં) 'ઘાંચી વહોરા' કહે છે. અહીં 'વહોરા' ઉપનામ દેખીતી રીતે અશસ્ત્ર હિન્દુ કોમોમાંથી મુસલમાન થયેલા તેવા સામાન્ય અર્થમાં વપરાયાનું લાગે છે. તેઓ હિન્દુઓની પીંજારા અને ઘાંચી જ્ઞાતિઓમાંથી મુસલમાન થયેલા હોવાનું કહેવાય છે. મુસલમાન પીંજારા માફક તેઓ પોતાને "મન્સુરી" એટલે મહાન સૂફી હ. મન્સુર(રહ)ના અનુયાયીઓ કહેવડાવે છે.

તેઓ મજબૂત બાંધાના, કદાવર અને ઊઘડતા વર્ણના હોય છે. યુવાનો માથે વાળ વધારે છે અને દાઢી ટૂંકી રાખે છે. વૃદ્ધ પુરુષો માથે હજામત કરાવે છે. અને દાઢી વધારે છે. સ્ત્રીઓ ઘઉંવર્ણી સારી મુખકળાવાળી અને દેખાવમાં હિન્દુ ઘાંચીઓની સ્ત્રીઓ જેવી હોય છે. તેઓ ઘરમાં ગુજરાતી બોલે છે.

પુરુષો મુસલમાની પાઘડી અને અંગરખાં પહેરે છે. અમદાવાદમાં અને ખેડા જિલ્લામાં તેઓ ધોતી પહેરે છે, જ્યારે પંચમહાલના કેટલાક ધોતી અને કેટલાક સુરવાળો પહેરે છે. ગોધરામાં તેમની સ્ત્રીઓએ થોડા વખતથી મુસલમાની પોશાક પહેરવો શરૂ કર્યો છે, પરંતુ

બીજા ગામોમાં નાની છોકરીઓ મુસલમાની ઢબની ઓઢણીઓ ઓઢે છે. તે સિવાય બીજી રીતે તેમની સ્ત્રીઓ હિન્દુ પહેરવેશ પહેરે છે.

પુરુષો ગાડાં ફેરવે છે, ઘાણી કરે છે, દૂધ વેચે છે અને ખેતી કરે છે. તેમની સ્ત્રીઓ દૂધ વેચે છે, અને ઘરકામ કરે છે. તેમના ધંધામાં મુસલમાન ઘાંચીઓ હિન્દુ ઘાંચીઓને જથ્થાબંધ તેલ વેચે છે, અને હિન્દુ ઘાંચીઓ તે તેલ ગ્રાહકોને છૂટક વેચે છે.

તેમનાં મકાનો સુઘડ અને ઠીક ચણાવેલાં હોય છે.

પુરુષો એકંદરે પ્રામાણિક, મહેનતુ, મિતાહારી, કરકસરીઆ પણ કજિયાખોર હોય છે. સ્ત્રીઓ ખાસ કરીને ગોધરામાં સારાં કપડાંની અને મોજમજાની શોખીનો હોય છે. એક કોમ તરીકે તેઓ સુખી સ્થિતિમાં છે.

તેઓ મઝહબે સુન્ની છે અને પોતાને મશહૂર સૂફી હ. મન્સુર (રહ)ના અનુયાયીઓ કહેવડાવે છે; પરંતુ તેમનામાં કોઈ વિશિષ્ટ આચારો નથી. ગોધરાની સ્ત્રીઓ એક વર્ગ તરીકે મઝહબની પાબંધ હોય છે. બીજા સ્થળની સ્ત્રીઓ સાધારણ રીતે ઇસ્લામથી અજ્ઞાત હોય છે.

સુન્ની વહોરા પીંજારા અને કસબીઆ માફક તેમનાં નામ વિચિત્ર રીતે મરડી નાખેલાં હોય છે, જેવાં કે ઇબ્રાહીમ ને ઇબલા, ડોસા ને ડોસલા મોહમ્મદ ને મોમદા, યૂસુફ ને ઇસબ, ફાઝિલ ને ફઝલા અને ફાતમા ને ફતુ કે ફતલી. તેઓ હિન્દુ નામ પણ પાડે છે, જેવાં કે જીવી, ધનકોર, માનકોર. લગ્નપ્રસંગોએ હિન્દુ સ્ત્રીઓ માફક તેમની સ્ત્રીઓ વરરાજા સાથે કન્યાને ઘેર ગાતા ગાતા જાય છે. લગ્ન વરાઓમાં તેમનાં જમણ સાધારણ રીતે હિન્દુ વાનીઓનાં હોય છે. મોડાસામાં હિન્દુ સ્ત્રીઓ માફક

તેમની સ્ત્રીઓ હાથીદાંતની મઢેલી ચૂડીઓ થોકબંધ ખભા સુધી પહેરે છે. મરણપ્રસંગોએ તેમની સ્ત્રીઓ રડેકૂટે છે.

તેઓ પોતાની કોમમાં જ અથવા પીંજારામાં પરણે છે. તેમની જમાત જૂદી હોય છે. તેઓ તેમની જમાતનો પટેલ ચૂંટી કાઢે છે. તેમણે તેમનાં છોકરાંને ગુજરાતી ભણાવવું અને કેટલાક કેસોમાં અંગ્રેજી ભણાવવું શરૂ કરેલું છે. તેમનામાં કેટલાક તવંગર છે, પરંતુ કોઈ ઊંચી પદવીએ ચઢેલા નથી.

પંચમહાલના મુસલમાનોમાં ઘાંચીઓ અને શીઆ વહોરાઓ મુખ્ય વર્ગો છે. ઘાંચીઓ ઘણું કરીને હિન્દુઓમાંથી મુસલમાન થયેલા છે.

તેઓ મશહૂર સૂફી સંત હ. મન્સુર(રહ)ના અનુયાયીઓ હોવાનો દાવો કરે છે.

અગાઉ પંચમહાલનો બધો ગાડાવહેવાર તેમના જ હાથમાં હતો, પરંતુ રેલવે થયા પછીથી તે ધંધો ઘણોખરો પડી ભાગેલો છે. થોડા વખતથી ગોધરાની આજુબાજુના ઘાંચીઓ ખેતી કરતા થવા લાગ્યા છે.

૯. ચૂડીવાળા

ચૂડીઓ બનાવનારા ચૂડીવાળા ગુજરાતના બધા ભાગોમાં છે. તેઓ તે જ નામની હિન્દુ જાતિમાંથી મુસલમાન થયેલા છે.

તેઓ ઘરમાં ઉર્દૂ બોલે છે. તેઓ મધ્યમ કદના એકવડા બાંધાના અને વિવિધ વર્ણના હોય છે.

તેઓ માથે હજામત કરાવતા નથી અને દાઢી રાખે છે. તેમની સ્ત્રીઓ મધ્યમ કદની ખૂલતા વર્ણની અને દેખાવડી હોય છે. તેમના પુરુષો અને સ્ત્રીઓ બન્ને ગુજરાતમાં દક્ષિણ ભાગના ગરીબ મુસલમાનો જેવો પહેરવેશ પહેરે છે.

તેઓ કાચની, લાખની અને પતરાની ચૂડીઓ બનાવે છે. પતરાની કેટલીક ચૂડીઓ પિત્તળ અથવા સોનાની કિનારીવાળી હોય છે. તેવી ચૂડીઓ ત્રણ જાતની જોડીમાં ચાર આનાથી ચાર રૂપિઆમાં વેચાય છે. ચૂડીઓ વેચવા તેમની સ્ત્રીઓ જાય છે. પુરુષો પ્રામાણિક, મહેનતુ, શાન્ત, મિતાહારી અને ત્રેવડવાળા હોય છે.

તેઓ મઝહબે સુન્ની હોય છે. તેમનામાંના કેટલાક કુરઆન પઢી જાણે છે. અને નમાઝ પઢે છે. તેઓ ગરીબ અને કેટલાક કરજદાર હોય છે.

તેમનામાં કોઈ ખાસ રીતરિવાજ નથી. તેઓ બીજા મુસલમાનોમાં પરણે છે. તેમની જમાતનું બંધારણ ઠીક હોય છે, પરંતુ તેમનામાં કોઈ પટેલ હોતો નથી. તેમનામાંથી જૂજ માણસો તેમનાં છોકરાંને ગુજરાતી ભણાવે છે, અને કોઈ જ અંગ્રેજી ભણાવતા નથી. તેમનામાંથી કોઈ ઊંચી પદવીએ પહોંચ્યા નથી.

૧૦. ચૂનારા

ચૂનો બનાવનાર ચૂનારા આખા ગુજરાતમાં નાનીનાની સંખ્યામાં મળે છે. તેઓ હિન્દુઓના ઊતરતા વર્ણોમાંથી મુસલમાન થયેલા છે. તેમની માતૃભાષા ગુજરાતી છે. પુરુષો ત્રણ ખૂણાની પાઘડી, કરચલીઓ-વાળું અંગરખું અને ધોતી પહેરે છે. સ્ત્રીઓ હિન્દુ પહેરવેશ પહેરે છે. તેઓ ચૂનો બનાવે છે અને કડિયા કામ કરે છે. સ્ત્રીઓ ઘરકામ કરે છે. તેઓ ધાંધલિઆ, એદી અને બદચાલના હોય છે. એક કોમ તરીકે તેઓ સુખી સ્થિતિમાં છે. તેઓ પૈસા બચાવી શકે છે. તેઓ નામના સુન્ની હોય છે અને મઝહબ બાબત કંઈ જાણતા હોતા નથી. મરણપ્રસંગોએ તેમની સ્ત્રીઓ રડેકૂટે છે. તેઓ માત્ર તેમની કોમમાં જ પરણે છે. તેમની જમાતનું બંધારણ હોય છે, પરંતુ તેમાં કોઈ પટેલ હોતો નથી. તેઓ તેમનાં છોકરાંને ભણાવતા નથી તેમ તેમની સ્થિતિ સુધારવા કંઈ કોશિશ કરતા નથી.

૧૧. ચૂંદડીગરા

રેશમી ચૂંદડીઓ છાપનાર ચૂંદડીગરા આખા ગુજરાતમાં મળે છે. તેમનામાં પેટાવિભાગો નથી. તેઓ આરબ ઓલાદના હોવાનું અને સિન્ધમાં થઈને ગુજરાતમાં આવ્યાનું કહે છે; પરંતુ ઘણું કરીને તેમનામાંના ઘણાખરા હિન્દુ ઉત્પત્તિના હોવા જોઈએ.

તેઓ મધ્યમ કદના, ખૂલતા વર્ણના, સારી મુખાકૃતિવાળા હોય છે. તેઓ માથાના વાળ અને દાઢી વધવા દે છે. તેમની સ્ત્રીઓ સારા બાંધાની અને સુઘડ મુખકળાવાળી હોય છે.

તેમની માતૃભાષા ગુજરાતમાં ઉર્દૂ અને કાઠિયાવાડમાં ગુજરાતી હોય છે. તેમનામાં પુરુષો અને સ્ત્રીઓ બન્ને રેશમી કપડાં છાપે છે. સુરતમાં તેઓ કપડાં રંગે છે, અમદાવાદમાં રંગતા નથી. કેટલાક સરકારી નોકરીઓમાં પટાવાળા અથવા પોલીસવાળા હોય છે. ખાસ કરીને ઉત્તર ગુજરાતમાં તેઓ મહેનતુ, મિતાહારી, કરકસરીઆ, મહેમાનોની ખાતર કરનારા અને કંઈક જલદ મિજાજના હોય છે. તેથી તેમની આર્થિક સ્થિતિ મધ્યમ છે. તેઓ મઝહબે સુન્ની અને શરીઅતના પાબંધ હોય છે.

તેમનામાં મરણ પછી ત્રણ દિવસ સુધી જે ઘરમાં મરણ થયું હોય તે ઘરવાળાને જમાતને ખર્ચે અને પછીના દિવસોમાં તેમના સગાંવહાલાંને ખર્ચે જમાડે છે. દશમે દિવસે તે ઘરવાળાઓ જમાતને અને સગાંવહાલાંને નાતવરો કરીને જમાડે છે.

તેઓ નિરાળી કોમ છે. તેઓ માત્ર પોતાની કોમમાં જ પરણે છે. તેમનામાં જમાતનું બંધારણ છે, પણ નાત-પટેલ હોતો નથી.

અમદાવાદમાં પુરુષો દિવસે એક ઓરડામાં કામ કરે છે અને સાંજે તેઓ ત્યાં શતરંજ રમે છે અથવા કંઈક વાંચે છે. તેઓ તેમનાં છોકરાંને નિશાળે મોકલે છે અને અંગ્રેજી પણ ભણાવે છે. તેઓ આગળ ધપતી

કોમ છે. તેમનામાં કેટલાક સારી પદવીએ ચઢેલા છે. તેમનામાંથી એક જણ ઈ.સ. ૧૮૯૯માં લુણાવાડા સ્ટેટમાં પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટ હતા, અને બીજા એક સારા ઉર્દૂ કવિ હતા. આ બીજા થોડા વખત ઉપર ગુજરી ગયેલા છે. અમદાવાદની અને પાછળથી મુંબઈની હાઈકોર્ટનાં જાણીતા એડવોકેટ ઇસ્માઈલ ઇબ્રાહીમ ચૂંદરીગર જેઓ પાછળથી પાકિસ્તાન ગયેલા છે, તેઓ અમદાવાદના ચૂંદરીગર છે. પાકિસ્તાનમાં તેઓ પ્રધાન-મંડળમાં હતા અને છેવટે પંતપ્રધાનના હોદ્દા સુધી પહોંચ્યા હતા. તેઓ પંજાબના ગવર્નર પણ થયા હતા. પાકિસ્તાન જતાં પહેલાં તેઓ ભારતની કેન્દ્ર સરકારના પ્રધાન હતા.

૧૨. છીપા

સુતરાઉ કપડાં છાપનારા છીપાઓ ઉત્તર અને મધ્ય ગુજરાતમાં વસે છે. તેમનામાં કેટલાક એ નામની ગુજરાતી અને બાકીના મારવાડી હિન્દુ જ્ઞાતિઓમાંથી મુસલમાન થયેલા છે.

મારવાડીઓ ગુજરાતમાં કેટલાક સમય પછી મોડા આવેલા છે. મારવાડના ઈ. સ. ૧૮૬૮ના દુકાળ વખતે તેમનામાંના ઘણાખરા ગુજરાતમાં આવેલા છે, અને બીજા છીપાઓ હજી ત્યાંથી ગુજરાતમાં ચાલુ આવતા રહે છે.

ગુજરાતી છીપાઓ મજબૂત, સારા બાંધાના, ઊંચા અને શ્યામ હોય છે. તેઓ માથે હજામત કરાવે છે અને દાઢી ભરાવદાર રાખે છે.

મારવાડી છીપાઓ ગુજરાતીઓથી વધારે મજબૂત બાંધાના અને ખૂલતા વર્ણના હોય છે. તેઓ માથે હજામત કરાવતા નથી. બન્ને જાતના છીપાઓની સ્ત્રીઓ સારા બાંધાની, ખૂલતા વર્ણની પણ અનિયમિત મુખાકૃતિવાળી હોય છે.

ગુજરાતી છીપાઓ ઘરમાં ગુજરાતી અને ઉર્દૂ અને મારવાડી છીપાઓ તેમની મારવાડી બોલી બોલે છે. ગુજરાતી છીપાઓમાં પુરુષો ધોતી પહેરે છે. તે સિવાય તેમનામાં પુરુષો અને સ્ત્રીઓ ઊતરતા વર્ગોના મુસલમાનોનો સાધારણ પહેરવેશ પહેરે છે. મારવાડી છીપાઓ માથે રાતી અથવા વિવિધ રંગોની પાઘડી પહેરે છે. હિન્દુ ઢબનો કોટ અને ધોતી પહેરે છે. તેમની સ્ત્રીઓ હિન્દુ સ્ત્રીઓ માફક રાતી ઓઢણી નીચી, ઢીલી, પીઠ વિનાની મારવાડી ચોળી અને નીચો, ભરાવદાર, કમરથી જરા નીચો રહેતો ચણિયો પહેરે છે. તેઓ સુતરાઉ કપડાં છાપે છે.

ગુજરાતીઓ શાન્ત પણ મારવાડીઓ કજિયાખોર હોય છે. ગુજરાતી કે મારવાડી છીપાઓએ પ્રામાણિકતા માટે નામ મેળવ્યું નથી. બન્ને જાતના છીપાઓ એટલી કરકસર કરે છે કે તેમને કંજૂસ કહી શકાય. તેમની સ્થિતિ સુખી છે. મારવાડી છીપાઓએ થોડા વર્ષોમાં ‘ દોરી લોટા ’માંથો ‘ ગાદી તકિયા ’ની સ્થિતિ પ્રાપ્ત કરેલી છે; પરંતુ હવે મીલોમાં સુતરાઉ કાપડ એવા આકર્ષક રંગો અને આકૃતિઓથી છપાય છે કે છીપાઓનો આ જૂનો ધંધો તૂટતો જાય છે.

તેઓ મઝહબે સુન્ની છે; જોકે તેમનામાં થોડા જ કુરઆને શરીફ પઢી જાણે છે, છતાં તેઓ નમાઝ પઢવાની કાળજી રાખે છે. તેમના કોઈ પીરઝાદા નથી. તેમનામાં કોઈ ખાસ રીતરિવાજો નથી. જ્યાં જ્યાં તેમની વસ્તી હોય છે ત્યાં ત્યાં તેમની જમાતનું બંધારણ સારું હોય છે. તેમાં તેમનો ચૂંટી કાઢેલો જમાતનો મુખી હોય છે. ગુજરાતીઓ કે મારવાડીઓ સામાન્ય રીતે તેમનાં છોકરાંને ભણાવતા નથી, પરંતુ થોડા સમય થયો તેમનામાં અંગ્રેજી કેળવણીનો સારો પ્રસાર થયેલો છે, અને હવે તો તેમનામાં ઉચ્ચ અમલદારો, વકીલો, દાકતરો અને ઇજનેરો

પણ મળે છે. સ્ત્રી કેળવણીએ પણ તેમની સારી પ્રગતિ કરેલી છે, અને તેમનામાં ગ્રેજ્યુએટ યુવતીઓ પણ જોવા મળે છે.

મુસલમાન છીપાઓ હિન્દુ ભાવસારોમાંથી મુસલમાન થયેલા હોય. પરશુરામે જ્યારે એકવીસ વાર નક્ષત્રી પૃથ્વી કરી ત્યારે તેઓ રજપૂત હોવાનું તેમનામાંનું કેટલાકનું કથન છે ત્યારે તેઓ વ્રજ મથુરામાં વસતા હતા એમ તેઓ કહે છે. ત્યાંથી તેઓ મારવાડમાં આવ્યા હતા. ત્યાં તેઓ સંત દેવજીના અનુયાયીઓ થયા હતા. આ સંત મૂળ 'છીપા' હતા. હિન્દુ છીપાઓએ તેમનામાં 'આકીન' (ભાવ) રાખવાથી તેઓ 'ભાવસાર' કહેવાયા હતા.

૧૩. તાઈ

રેશમી કપડાં વણનારા તાઈ ગુજરાતના બધા ભાગોમાં મળે છે. તુર્કસ્તાન અને અરબસ્તાન વચ્ચે આવેલા તાઈ નામના ગામના નામ ઉપરથી તેઓ પોતાની કોમનું નામ પડયું હોવાનું કહે છે. હ. ઇદરીસ (અલ) પયગમ્બરસાહેબે તેમને વણતાં અને સીવતાં શીખવ્યાનો તેમનો દાવો છે. ઈસ્લામના હ. પયગમ્બર સાહેબ(સલ)ના જન્મ પહેલાં તરત જ થઈ ગયેલા અને જેમનું નામ અરબસ્તાનમાં ઉદારતા માટે કહેવતરૂપ થઈ ગયેલું છે તે મશહૂર હાતિમતાઈની ઔલાદમાંથી હોવાનું તેઓ કહે છે.

ગુજરાતમાં તેઓનો મિશ્ર વર્ગ છે. તેમનામાંના કેટલાક આશરે હજારેક વરસ ઉપર સિંધમાંથી આવેલા પરદેશીઓ છે, અને બીજા ગુજરાતી હિન્દુઓમાંથી મુસલમાન થયેલા છે. તેઓ મધ્યમ કદના, નબળા બાંધાના, ખુલતા વર્ણના અને ઠીક મુખકળાવાળા હોય છે. તેઓ દાઢી રાખે છે અને માથે હજામત કરાવે છે, અને બીજા ઊતરતા વર્ગના મુસલમાનોથી ભાગ્યે જ જુદા માની શકાય તેવા છે. તેમની

સ્ત્રીઓ દેખાવડી અને ઘાટીલી હોય છે. તેમનામાંના કેટલાક ઘરમાં ઉર્દૂ અને કેટલાક ગુજરાતી બોલે છે. પુરુષો તંગ સુરવાળો પહેરે છે. તે સિવાય તેમના પહેરવેશમાં કોઈ વિશિષ્ટતા નથી.

સુરત જિલ્લાના વલસાડના તાઈ લોકો પોતે આરબ ઔલાદના હોવાનો દાવો કરે છે. તેઓ કાયસ્થના જેવી પાઘડી, અંગરખા, મોમનાઓ પહેરે છે તેવી સુરવાળો અને જોડા પહેરે છે. મોટાં શહેરોમાં તેમની સ્ત્રીઓ મુસલમાની અને ગામડાંમાં હિન્દુ પહેરવેશ પહેરે છે. વલસાડમાં કેટલાંક કુટુંબો શરાફનો અને નાણાં ધીરવાનો ધંધો કરે છે. તે સિવાય બાકીના બધા સુતરાઉ સાડીઓ અને પાઘડીઓ વણે છે. તેઓ શાન્ત, પ્રામાણિક, મહેનતુ અને સ્થિરતાથી કામ કરનારા હોય છે; પરંતુ તેમના કામનું મહેનતાણું ઓછું મળે છે. તેથી તેમનામાંના ઘણાખરા ગરીબ હોય છે.

તેઓ મઝહબે સુન્ની છે. ખાસ કરીને અમદાવાદ અને સુરતમાં તેઓ ઇસ્લામના પાબંધ હોય છે. તેઓ પાંચ વખતની નમાઝ મસ્જિદમાં પઢે છે. તેમના રીતરિવાજ સામાન્ય મુસલમાનોના રીતરિવાજો જેવા હોય છે. તેઓ પોતાની કોમમાં જ પરણે છે. તેમની જમાતનું જુદું બંધારણ હોય છે. તેમાં તેમનો નાત-પટેલ હોય છે. કેટલાક તેમનાં છોકરાંને મુલ્લા પાસે કુરઆને શરીફ પઢવા મોકલે છે. એક વર્ગ તરીકે તેઓ નિરક્ષર છે.

ખેડા જિલ્લાના તાઈ મૂળ હિન્દુ ખત્રીઓ હોવાથી ધંધે કપડાં વણનારા હોય છે. તેમનું 'તાઇ' નામ બનારસની એ નામની હિન્દુ કોમ ઉપરથી પડેલું કહેવામાં આવે છે. તેઓ મઝહબે સુન્ની છે. તેઓ સુલતાન મહમૂદ બેગડાના અમલમાં (ઈ. સ. ૧૪૫૪-૧૫૧૩) મુસલમાન થયેલા હતા.

તેઓ બધા વણકરો છે અને સુન્ની મુસલમાનોના ઊતરતા વર્ગોમાં કન્યાવ્યવહાર કરે છે.

તેઓ ઘરમાં ગુજરાતી બોલે છે. સ્ત્રીઓ અને પુરુષો બન્ને હિન્દુ પહેરવેશ પહેરે છે.

કાઠિયાવાડમાં 'તાઈ'ને 'જુલાયા' કહે છે. ત્યાંના તાઈ અથવા નરીઆ સુન્ની મઝહબ પાળે છે. તેઓ અમદાવાદના સુલતાનોના સમયમાં મુસલમાન થયેલા છે. તેમનો પહેરવેશ, દેખાવ અને રહેણીકરણી હિન્દુઓના જેવી જ હોય છે.

તેઓ મુખ્યત્વે ધોરાજી, જામનગર અને ધ્રાંગધ્રામાં વસે છે. જૂનાગઢમાં પણ તેમની વસ્તી છે. ત્યાં એક જુલાયો ગ્રેજ્યુએટ થઈ કેળવણી ખાતામાં માસ્તર હતો.

તેઓ ધંધે વણકરો છે. ધોરાજીના તાઈ ચોરીઓ કરનારો તોફાની વર્ગ છે. તેમણે ઘર ફોડી ચોરીઓ માટે બદનામ મેળવ્યું છે. એક કોમ તરીકે બીજા તાઈઓ શાન્ત અને મહેનતુ જીવન ગાળે છે. તેઓ પોતાની આજીવિકા જોગું કમાઈ લે છે.

૧૪. ધોબીઓ

મુસલમાન ધોબીઓ મોટે ભાગે શહેરોમાં હોય છે. તેઓ હિન્દુ ધોબીઓમાંથી મુસલમાન થયેલા હોવા જોઈએ.

તેમનો પૂર્વ ઇતિહાસ જાણવામાં નથી. જૂનાગઢના એક ભાઈ ઈ. સ. ૧૯૦૫ના અરસામાં એલ. એમ. એસ. દાક્તર થઈ, પહેલા વિશ્વયુદ્ધમાં (૧૯૧૪-૧૮) આઈ. એમ. એસ.માં દાખલ થઈ ફ્રાન્સના યુદ્ધક્ષેત્રમાં નોકરી અર્થે ગયા હતા. ત્યાં તેમણે એક મહિલા સાથે લગ્ન કર્યું હતું. પછીથી તેઓ મક્કા પાસેના જીદ્દા બંદરના હાજીઓના

સરકારી ક્વૉરનટાઇનના દાક્તર હતા. ત્યાર પછી તેઓ તેમની ફ્રેન્ચ પત્ની સાથે પૂનામાં રહેતા હતા. તેમની મૂળ ધોબી પત્ની અને તેની સંતતિ જૂનાગઢમાં રહેતાં હતાં. તેઓ જૂનાગઢ આવતાં જતાં હતાં.

કેળવણી કથીરને કુંદન બનાવે છે.

ખેડા જિલ્લામાં જૈનો તેમના પર્યુષણના તહેવારોમાં મુસલમાન ધોબીઓને તેમનો ધંધો તે તહેવારો દરમ્યાન બંધ રાખવા માટે અમુક રકમ બદલા પેટે આપતા હતા.

૧૫. નાળબંધ

ઘોડાની નાળ જડનારા નાળબંધ બધા જિલ્લાઓમાં મળે છે. પુરુષો ઘોડાની નાળ જડે છે. તેમની સ્ત્રીઓ કાંતે છે. તેઓ બીજા મુસલમાનો સાથે લગ્નવ્યવહાર રાખે છે. તેમનો દેખાવ, બોલી અને પહેરવેશ બીજા મુસલમાનો જેવાં જ હોય છે. તેમની જમાતનું જુદું બંધારણ હોતું નથી તેમ તેમનામાં નાત-પટેલ પણ હોતા નથી. તેઓ કરકસરીઆ અને સુખી સ્થિતિના હોય છે; પરંતુ સ્વચ્છતા, પ્રામાણિકતા કે મિતાહાર માટે તેમણે સારું નામ મેળવેલું હોતું નથી. તેઓ સાધારણ રીતે ધાર્મિક વૃત્તિવાળા હોય છે. સામાન્ય રીતે તેઓ નિરક્ષર હોય છે; પરંતુ અપવાદરૂપ અંગ્રેજી કેળવણીને પરિણામે તેમનામાંના જૂજ સરકારી ઊંચામાં ઊંચા હોદ્દા સુધી પહોંચેલા છે, અને ખિતાબધારી પણ થયેલા છે.

૧૬. પાંજણીગરા

સુતરાઉ દોરાને કાંજી પાનારા પાંજણીગરા ગુજરાતના બધા ભાગોમાં મળે છે. તેઓ તે જ નામની હિન્દુ જ્ઞાતિમાંથી મુસલમાન થયેલા

છે. તેઓ માથે હજામત કરાવે છે. પરંતુ તેમના દેખાવમાં કોઈ વિશિષ્ટતા હોતી નથી. ઘરમાં તેઓ ઉર્દૂ અને ગુજરાતીની મિશ્ર બોલી બોલે છે. પુરુષો અને સ્ત્રીઓ સાધારણ મુસલમાની પહેરવેશ પહેરે છે. બધા સુતરને આર પાવાનો ધંધો કરે છે. તેઓ શાન્ત, કરકસરીઆ, સાધારણ રીતે મિતાહારી અને પ્રામાણિક હોય છે. તેમનું કામ સ્થિર હોય છે, પરંતુ તેમાં મહેનતાણું ઓછું મળે છે, અને તેમનો ધંધો શીખી લેવો સહેલો હોવાથી તેમાં ઘણી હરીફાઈ રહે છે.

તેઓ મઝહબે સુન્ની હોય છે; પરંતુ ધાર્મિક વૃત્તિવાળા હોતા નથી. તેમનામાંથી જૂજ માણસો કુરઆને શરીફ પઢી જાણે છે. તેઓ માત્ર પોતાની કોમમાં જ પરણે છે. તેમનામાં કોઈ ખાસ રીતરિવાજો હોતા નથી. તેમની જમાતનું બંધારણ જુદું હોય છે. તેમાં તેમનો જુદો પટેલ હોય છે. તેઓ તેમનાં છોકરાંને ભણાવતા નથી.

હીર પાંજણીગરા :

રેશમને કાંજી પાનારા હીર પાંજણીગરા બીજા પાંજણીગરાને બધી રીતે મળતા આવે છે, અને તેમની સાથે લગ્નવ્યવહાર રાખે છે, છતાં તેઓ તેમનાથી નિરાળા હોય છે. આ ધંધામાં મુસલમાનોની મોનોપોલી (એકહથ્થુ વેપાર) હોય છે કારણ કે તે માટેની કાંજી જૂનાં ચામડાંને લીંબુના રસમાં ઉકાળીને તેનો રસ કરીને બનાવવામાં આવે છે. તેથી હિન્દુઓ આ ધંધો કરતા નથી.

૧૭. પીંજારા

રૂ પીંજનારા પીંજારા કાઠિયાવાડમાં લગભગ દરેક નાનામોટા ગામમાં મળે છે. ગુજરાતમાં પણ પીંજારા છે, પરંતુ ત્યાં તેઓ નોખી કોમ તરીકે નથી. જીનીંગ ફેક્ટરીઓમાં કપાસમાંથી રૂ જુદું પાડવાનું

શરૂ થયું તે પહેલાં ઘણા મુસલમાનો, ઘણું કરીને. સુન્ની વહોરાઓ એ ધંધો કરતા હતા. ગોદડાં ભરવા તેઓ રૂ પીંજી આપતા હતા.

"અનલ હક્ક": અહમ્ બ્રહ્માસ્મિઃ હું ઈશ્વર (ખુદા) છું એમ કહેનાર સૂફી સંત હ. મન્સુર(રહ) રૂ પીંજવાનો ધંધો કરતા હતા. એ આડનામ ઉપરથી આજે એ ધંધો કરનારા ઘણા પોતાને "મન્સુરી" કહેડાવે છે. અમદાવાદમાં આ અટક અખત્યાર કરવાની પહેલ કરનાર મરહુમ ખા. સા. ડૉ. અલીભાઈ મન્સુરી હતા. તેઓ લાંબા સમય સુધી મુંબઈની ધારાસભામાં સભ્ય હતા. ત્યાર પછી તો ઘણાઓએ આ અટક અપનાવેલી છે.

પંચમહાલ, ગોધરા, દાહોદ જેવાં મોટાં ગામોમાં જ્યાં શીઆ વહોરાઓની વસ્તી વધારે છે ત્યાંના સુન્ની વહોરાઓને અગાઉ "ઘાંચી" કહેતા હતા અને જ્યાં વસતાં ખેડા જિલ્લાના સુન્ની વહોરાઓને પહેલાં "પીંજારા" કહેતા હતા. તેમનામાંના ઘણાએ હવે તેમની અટક "શેખ" કે "મન્સુરી" રાખેલી છે.

૧૮. બંધારા

રેશમ બાંધનારા બંધારા હિન્દુઓની એ જ નામની જ્ઞાતિમાંથી મુસલમાન થયેલા છે. તેઓ આખા ગુજરાતમાં સંખ્યાબંધ છે. પુરુષો મજબૂત બાંધાના, કંઈક નીચા કદના અને ઊઘડતા વર્ણના હોય છે. તેઓ માથે હજામત કરાવે છે અને દાઢી રાખે છે. સ્ત્રીઓ મધ્યમ કદની, કંઈક નીચી, ખૂલતા વર્ણની અને ઠીક મુખાકૃતિવાળી હોય છે. તેમની માતૃભાષા ઉર્દૂ છે. પુરુષો અસાધારણ ઊંચી સુરવાળો પહેરે છે. ઉત્તર ગુજરાતમાં તેમનામાંના કેટલાક ત્રણ ખૂણાની પાઘડી પહેરે છે. તે સિવાય, બીજી રીતે, તેઓ સામાન્ય મુસલમાની પહેરવેશ પહેરે છે. ઘણીખરી સ્ત્રીઓ હિન્દુ પોશાક, ઘણું કરીને જે રેશમી સાડીઓ તેમને બાંધવા કે

રંગવા આપેલી હોય છે તે જ તેઓ પહેરે છે. તેમણાં ઘરેણાં સાધારણ મુસલમાનોનાં ઘરેણાં જેવાં હોય છે. ઉત્તર ગુજરાતમાં પુરુષો રેશમ અને નવીજૂની રેશમી સાડીઓ ધૂવે છે અને બાંધે છે. તેમાં તેમની સ્ત્રીઓ મદદ કરે છે. દક્ષિણ ગુજરાતમાં રેશમ અને રેશમી તેમને કપડાં બાંધવા અને ધોવા ઉપરાંત, તેઓ રેશમ અને મિશ્ર રેશમી-સુતરાઉ કપડાં વેચે છે. પુરુષો સ્વચ્છ, પ્રમાણિક, મહેનતુ, મિતાહારી, શાન્ત, ત્રેવડવાળા અને વિલાસી હોય છે. તેમની સ્ત્રીઓ જાહેરમાં બહાર નીકળે છે. એક વર્ગ તરીકે તેઓ સુખી સ્થિતિમાં છે, પૈસા બચાવે છે, અને તેમનામાંના થોડા જ દેવાદાર હોય છે.

તેઓ મઝહબે સુન્ની છે. કુરઆને શરીફ પઢી જાણે છે અને ઘણા ખરા નમાઝ પઢવાની કાળજી રાખે છે.

તેમના રિવાજોમાં કોઈ વિશિષ્ટતા નથી. તેઓ અંદર અંદર પરણે છે. તેમનું નાતબંધારણ સારું છે, પરંતુ તેમનામાં કોઈ ખાસ નાતપટેલ હોતો નથી. કેટલાક તેમનાં છોકરાંને ગુજરાતી અને જૂજ અંગ્રેજી જાણાવે છે. તેમનામાંના કોઈ ઉચ્ચ સ્થિતિએ પહોંચેલા નથી.

૧૯. ભાડભૂંજા

ભાડભૂંજા–' ભાડ '=' ભઠ્ઠી ' પર અનાજ ભૂંજનારા (શેકનારા) ગુજરાતના બધા ભાગોમાં મળે છે. તેઓ બીજા મુસલમાનો સાથે લગ્નવ્યવહાર રાખે છે. તેઓ ભિન્ન કોમ તરીકે વર્તતા નથી.

૨૦. મણિયારો

હાથીદાંતની ચૂડીઓ બનાવનાર મણિયારો મુખ્યત્વે અમદાવાદ અને કાઠિયાવાડ અને થોડા સુરત અને ભરૂચમાં મળે છે. તેઓ હિન્દુઓમાંથી મુસલમાન થયેલા છે. તેઓ ઘઉંવર્ણા અને દેખાવડા હોય છે. કેટલાકની ઘરની બોલી ગુજરાતી અને કેટલાકની કચ્છી હોય છે. પુરુષો મોટી

ઢીલી પાઘડી, કોટ અને ધોતી અથવા લીટીઓવાળી સુતરાઉ કપડાની ઘણી ઢીલી સુરવાળો પહેરે છે. ઉત્તર ગુજરાત અને કાઠિયાવાડમાં તેમની સ્ત્રીઓ હિન્દુ પહેરવેશ પહેરે છે. તેઓ ગૌરાંગી હોવાથી વધારે સુંદર દેખાવા, સાધારણ રીતે, કાળી સાડીઓ પહેરે છે. પુરુષો ચૂડીઓ અને હાથીદાંતની બીજી ચીજો બનાવે છે. સ્ત્રીઓ ઘરકામ કરે છે. પુરુષો શાન્ત, મહેનતુ અને ત્રેવડવાળા હોય છે. તેઓ સુખી સ્થિતિમાં છે અને પૈસા બચાવી શકે છે.

તેઓ મઝહબે સુન્ની હોય છે. તેમનામાંના કેટલાક કુરઆને શરીફ પઢી જાણે છે અને નમાઝ પઢવાની કાળજી રાખે છે. તેમના કોઈ પીરઝાદા નથી, પરંતુ તેઓ અમદાવાદના મશહૂર પીર હ. શાહઆલમ સાહેબ(રહ)ને માને છે. ઘાંચી સ્ત્રીઓ માફક મણિયારોની સ્ત્રીઓ પણ લગ્નનાં ગીત ગાય છે અને મરણપ્રસંગોએ રડેકૂટે છે.

તેઓ માત્ર પોતાની કોમમાં જ પરણે છે. તેમની જુદી જમાત અને પટેલ હોય છે. તેમનામાંના થોડા છોકરાંને ભણાવે છે. તેઓ સાધારણ રીતે તેમનાં છોકરાંને અંગ્રેજી શીખવતા નથી, પરંતુ અપવાદરૂપે અમદાવાદના નૂર મોહમ્મદ ખાલિકભાઈ મણિયાર ગ્રેજ્યુએટ થયા હતા અને સરકારી કેળવણી ખાતામાં હેડમાસ્તરના હોદ્દા સુધી પહોંચ્યા હતા. તેઓ આશરે ઈ. સ. ૧૯૩૧માં સુરતમાં ગુજર્યા હતા. કેટલાક મણિયારો મુંબાઈમાં હાથીદાંતના વેપારમાં શ્રીમંત બન્યા છે.

મુલ્તાનીઓ અથવા મુલ્તાની મોચીઓ

મુલ્તાન તરફથી આવેલા આ મોચીઓ ગુજરાતમાં બધા મુખ્ય શહેરોમાં મળે છે. ઘણું કરીને મુસલમાનોનાં અગાઉનાં આક્રમણોને કારણે, એવા એકાદ આક્રમણ વખતે તેઓ ઉત્તર હિન્દુસ્તાનમાંથી નાસી આવી ગુજરાતમાં સ્થાયી વસ્યા હતા. તેમના પોતાના વૃત્તાંત અનુસાર

તેમણે અમદાવાદના સુલતાન મહમૂદ બેગડાના અમલ દરમ્યાન ઇસ્લામ સ્વીકાર્યો હતો.

પોતાને મુલ્તાનીઓ કહેવડાવતા લોકો નાસિકમાં સૂકી મરચી, બાળવાનાં લાકડાં અને પરચૂરણ કરિયાણું વેચે છે. જનરલ બ્રીગ્સના મત પ્રમાણે નાદિરશાહે ઈ. સ. ૧૭૩૯માં હિન્દુસ્તાનની ઉપર ચઢાઈ કરી હતી ત્યારે આ લોકો મુલ્તાનથી નાસી છૂટ્યા હતા અને નિઝામ-ઉલ-મુલ્ક આસફજાહ સાથે તેઓ દક્ષિણમાં ગયા હતા.

મોચીઓ બાબત કેટલીક કહેવતો :

૧. ચતુરમાં ચિતારો અને મૂરખમાં મોચી. ૨. સઈની સાંજ અને મોચીનું વહાણું. ૩. મોચીની છાતી ઉપર પથ્થર, (તેમના ઉડાપણા માટે). ૪. મેલ કરવત મોચીના મોચી : (મોચી પોતાની સ્થિતિ સુધારી શકતો નથી) અને પ્રયત્નો કરવા છતાં તે પાછો પડે છે.

હવે તો મોચીઓ કેળવણી લેતા થયા છે. જૂનાગઢમાં એક મોચી તે વખતના ત્યાંના સ્થાનિક સનદી વકીલ હતા. અંગ્રેજી રાજ્યમાં એક મોચી ગ્રેજ્યુએટ થઈ રેવેન્યુ ખાતામાં કેટલાંક વરસો પહેલાં મામલતદારના હોદ્દા સુધી પહોંચેલા હતા. ‘ કેળવણી કીમિયો છે’.

ઉત્તર ગુજરાતમાં મુલ્તાની પઠાણો અથવા સાદા મુલતાનીઓ, જેઓ પોતાનાં નામ પાછળ ‘ ખાન ’ ઉમેરે છે, તેઓ લશ્કરી સિપાહીઓ, દરજીઓ અથવા પરચૂરણ નોકરીઓ કરનારા હોય છે. તેમનાં શરીર અને મ્હોં ભારે હોય છે. તે ઉપરથી તેમની ઉત્તર હિન્દુસ્તાનની ઉત્પત્તિની સાબિતી મળે છે. બનતાં સુધી તેઓ પોતાની કોમમાં જ પરણે છે તેઓ કહે છે કે તેઓ મૂળ મુલ્તાનથી આવેલા હતા.

ઉત્તર ગુજરાતના મુલ્તાનીઓ ઉર્દૂ બોલે છે. પુરુષો મધ્યમ વર્ગના મુસલમાનો જેવો પહેરવેશ અને સ્ત્રીઓ સાડી, ચણિયા પહેરે છે.

તેમની માતૃભાષા ઉર્દૂ છે, જે તેઓ ખાસ ભાર—accent સાથે બોલે છે.

પુરુષો એકવડા બાંધાના, તેમાંના ઘણા કમરમાંથી જરા વાંકા વળેલા અને શ્યામવર્ણ અથવા રતૂમડા જૈતુનના રંગના પણ સાદી મુખાકૃતિવાળા હોય છે. તેમની સ્ત્રીઓ ઘાટીલી અને ઘઉંવર્ણી હોય છે.

તેમનાં મકાનોનાં ફક્ત એક માળનાં, હંમેશાં આગળ રવેશવાળાં હોય છે. રવેશમાં સ્ત્રીઓ અને પુરુષો સાથે બેસી કામ કરે છે. ઘરમાં રાચરચીલામાં કંઈ જ હોતું નથી; ફક્ત એક પથારી કે ખાટલો કેટલીક ચટાઈઓ અને બેસવાનાં સ્ટૂલો (stools) અને થોડાં રાંધવાના વાસણો હોય છે. તેમના ખોરાકમાં કોઈ વિશિષ્ટતા હોતી નથી. પુરુષો મુસલમાનોના ઊતરતા વર્ગો જેવો પોશાક પહેરે છે. તેમની સ્ત્રીઓ કાં તો સુતરાઉ 'દુપટ્ટો' (ઓઢણું), રાતી 'પિશવાઝ' અને ઇજારો પહેરે છે. તેઓ કોઈ ખાસ દાગીના પહેરતી નથી.

આ સ્ત્રીઓ જે પિશવાઝો પહેરે છે તે બીજી મુસલમાન સ્ત્રીઓની પિશવાઝો કરતાં કેટલીક બાબતોમાં જુદા પ્રકારની હોય છે. તેમાં પૂરતી સંખ્યામાં ગડીઓ કે પ્લેટો હોતી નથી. તેઓ ચોળીઓ પહેરતી નથી. તેથી આ પિશવાઝો ચોળીઓની ગરજ સારે તેવી રીતે સીવવામાં આવે છે.

તેમની સ્ત્રીઓ તેમના ધણીઓના મરણ પછી બીજી મુસલમાન વિધવાઓ માફક તેમની બંગડીઓ ભાગી નાખે છે; પરંતુ તેમનાથી ઊલટી રીતે તેઓ માથે રાતાં ઓઢણાં ઓઢવાનાં ચાલુ રાખે છે.

તેઓ મહેનતુ અને કરકસરીઆ હોય છે, પરંતુ પ્રામાણિકતા માટે તેમણે સારું નામ કાઢેલું નથી. તેમનામાનાં ઘણાખરા ચામડાંનું કામ કરે છે.

બૂટ બનાવવામાં સાધારણ સીવણપદ્ધતિ વિરુદ્ધ તેઓ પ્રથમ ચામડાની ઊંધી બાજુ સીવે છે અને પછી તેને ઉલટાવી નાખે છે. ખાસ કરીને સ્ત્રીવર્ગમાં તેમના શીવેલા જોડાઓની ઘણી માગ હોય છે. તેઓ ગરીબ હોય છે છતાં તેમનામાંના થોડાક જ દેવાદાર હોય છે.

તેઓ મઝહબે સુન્ની હોય છે પરંતુ ઇસ્લામ માટે લાપરવા હોય છે. તેમના કોઈ ખાસ રીતરિવાજો કે મઝહબી અકીદાઓ નથી. મુસલમાનોમાં તેમનું સ્થાન ઊતરતું છે. તેઓ નિરાળી કોમ છે. તેઓ માત્ર પોતાની કોમમાં જ પરણે છે. તેમનામાં જમાતનું બંધારણ નથી, તેમ તેમનામાં નાતપટેલ પણ હોતો નથી. તેમનામાં ભાગ્યે જ કોઈ લખી વાંચી જાણે છે. તેમનામાં ઘણા થોડા તેમનાં છોકરાંને ભણાવે છે.

૨૨. મોમનાઓ

મોમના ખરું જોતાં 'મોમિન' (ઇસ્લામના) ઈમાન લાવનારા આખા ગુજરાતમાં સંખ્યાબંધ મળે છે. ઇસ્માઈલી સૈયદોના જે ખાનદાનમાં ઈ.સ. ૧૯૪૯માં પીરાણાવાળા પીર હ. ઇમામશાહ(રહ) સૌથી વધારે વિખ્યાત થયેલા છે. તે પીરોએ મોમનાઓને હિન્દુઓની ઘણી જાતિઓમાંથી ઇસ્લામમાં લાવી શીઆ મઝહબમાં દાખલ કર્યા હતા.

તેમના મુસલમાન થવા સંબંધે બે કથનીઓ છે; પ્રથમ–બે વરસ વરસાદ વિનાનાં વીત્યાં પછી પીર ઇમામ શાહે વરસાદ વરસાવ્યો હતો, તેથી ઘણા હિન્દુ ખેડૂતો મુસલમાન થયા હતા. બીજી—કે ઘણા હિન્દુ જાત્રાળુઓ પીરાણા થઈને કાશીની જાત્રાએ જતા હતા. પીર ઇમામશાહે તેમને કાશી લઈ જવાનું માથે લીધું હતું. તેઓ કબૂલ થયા હતા. પીરે આંખ મીંચતામાં તેમને એ જાત્રાના પવિત્ર સ્થળમાં મૂકી દીધા હતા. તેમણે ત્યાં માનતાઓ કરી હતી અને ગંગાજીમાં સ્નાન કર્યું હતું; પરંતુ પીરે આંખો ખોલી ત્યારે તેઓ પીરાણામાં જ હતા.

૨૬

પીરાણા અમદાવાદથી અગ્નિ ખૂણામાં ૧૦ માઈલ ઉપર છે. ત્યાં મુખ્ય પાંચ રોજાઓ છે: ૧. ઇમામશાહનો, તેમને મુખ્યત્વે હિન્દુઓ માને છે. ૨. બાબા મોહમ્મદશાહ(રહ)નો, તેમને શેખ અથવા શેખડાઓ માને છે. ૩. સુરાભાઈનો, તેમને રબારીઓ અને બીજા હિન્દુઓ માને છે. ૪. હ. બાકરઅલીનો, તેમને મુખ્યત્વે હિન્દુઓ માને છે, અને ૫. હ. નૂરશાહનો, તેઓ નૂરશાહી મોમનાના પીર છે.

જેમના નામ ઉપરથી 'મશાયખશાહી' મોમના કહેવાય છે તે પીર હ. મશાયખ (રહ) અમદાવાદમાં અને મહમૂદશાહી મોમનાના પીર ધોલેરા પાસે ભડિયાદમાં દફન થયેલા છે.

મોમનાઓ તેમના મુખ્ય સ્થળો ઉપરથી રાધનપુરી, ધાંધારી અથવા પાલનપુરી અને તેમના મુખ્ય પીરઝાદાઓના નામ ઉપરથી મશાયખશાહી, નૂરશાહી અને મહમૂદશાહી કહેવાય છે, છતાં બધા જ ઇમામશાહી મુસલમાનો છે. ખાનદેશના મતિયાઓ સાથે ગુજરાતના મોમનાઓએ પણ સત્તરમા શતકના અંતમાં ઈ. સ. ૧૬૯૧માં બંડ કર્યું હતું. તેમને ભરૂચ શહેર સર કરી થોડો સમય તે પોતાને કબજે રાખ્યું હતું.

પુરુષો કદમાં નીચા, કંઈક સ્થૂળ, ઘઉંવર્ણા અને સારી મુખકળાવાળા હોય છે. ઘણાખરા માથે હજામત કરાવે છે અને દાઢી રાખે છે પરંતુ અમદાવાદી મોમનાઓ માથે હિન્દુઓ જેવી ચોટલી રાખે છે અને દાઢી રાખતા નથી. સ્ત્રીઓ સારા બાંધાની, ઘઉંવર્ણી અને સારી મુખાકૃતિવાળી હોય છે.

અમદાવાદી મોમના વાણિયાશાહી પાઘડી પહેરે છે. પહેરવેશની દરેક બાબતમાં તેઓ હિન્દુઓની નકલ કરે છે. બીજા મોમનાઓ ત્રણ ખૂણાની મુસલમાની પાઘડી, કોટ અને હિન્દુઓની ધોતી અથવા એટલી

ઢીલી સુરવાળો પહેરે છે કે તેમને "ઘાઘરીઆ વહોરાઓ" કહેવામાં આવે છે. અહીં "વહોરા" ઉપનામ અશસ્ત્ર હિન્દુઓની કોમમાંથી મુસલમાનો થયેલા એ અર્થમાં વપરાયલું લાગે છે.

સુરતના મોમનાઓની જૂજ સ્ત્રીઓ સિવાય બીજા મોમનાઓની સ્ત્રીઓ હિન્દુ પહેરવેશ પહેરે છે. લગભગ બધા જ ગોસ્ત ખાય છે; પરંતુ તેઓ કપડાં વણવાનો ધંધો કરતા હોવાથી અને તે કારણ તેમને હિન્દુ સાથે સંસર્ગ હોવાથી તેઓ તેમના નાતવરાઓમાં ગોસ્ત વાપરતા નથી.

પુરુષો રેશમી અથવા સુતરાઉ કપડા વણે છે, રંગે છે, વેચે છે અથવા ખેતી કરે છે. ખેડા અને ઉત્તર ગુજરાતના બીજા ભાગોમાં આ વણકર મોમનાઓમાંથી ઘણા એક વખત ખેતી કરતા હતા. તેમની સ્ત્રીઓ કપડાં વણે છે અને સુતર તૈયાર કરે છે. તેઓ ઝાઝા પ્રામાણિક કે સત્યવક્તા હોતા નથી. પરંતુ મહેનતુ, મિતાહારી, સુઘડ અને કંજૂસ કહી શકાય એટલી હદ સુધીના કરકસરીઆ હોય છે. તેમની સ્ત્રીઓ જાહેરમાં બહાર નીકળે છે.

મોમના મઝહબે શીઆ છે. અમદાવાદી મોમના સિવાય બીજા મોમનાઓ કુત્બુદ્દીનનું ગુજરાતી કુરઆન પઢે છે અને ઇબાદતમાં તેમના નામની તસ્બી પઢે છે. અમદાવાદી મોમનાઓ કુરાઅને શરીફને બદલે પીર ઇમામશાહની ધર્મપોથી વાંચે છે, અને કેટલાક છૂપી રીતે હિન્દુ દેવીદેવતાઓની પૂજા પણ કરતા હોય એમ કહેવાય છે. ઘણા મોમનાઓ દિલમાં શીઆ હોવા છતાં જાહેરમાં સુન્ની હોવાનો દેખાવ રાખે છે. સુરતમાં મોમનાઓનો એક નાનો સમૂહ છે. તેઓ ખરેખરા સુન્નીઓ છે. આ મોમનાઓ જોકે થોડા વખત ઉપર શીઆ મોમનાઓથી જુદા પડેલા છે, તોપણ હજુ તેઓ તેમની સાથે લગ્નવ્યવહાર રાખે છે. બધા મોમનાઓ સુન્નત કરાવે છે અને તેમનાં મુડદા દફન કરે છે. બીજી

બાબતોમાં અમદાવાદી મોમનાઓના રીતરિવાજો બીજા ચુસ્ત મુસલમાનોના રીતરિવાજોથી ઘણી રીતે જુદા પડે છે. ઉત્તર ગુજરાતમાં, તેમનામાં હિન્દુ નામો પાડવાં સામાન્ય છે; જોકે તે પ્રથા દક્ષિણ ગુજરાત માંકવચિત્ જોવામાં આવે છે. સામાન્ય રીતે અમદાવાદી મોમના સિવાય બીજા મોમનાઓ ઇસ્લામી શરીઅત મુજબ લગ્નવિધિ કરે છે, જ્યારે અમદાવાદી મોમનાઓ મુસલમાની વિધિ કરવા ઉપરાંત બ્રાહ્મણ ગોરને બોલાવીને હિન્દુ વિધિ પણ કરાવે છે.

ઉત્તર ગુજરાતમાં બધા મોમનાઓમાં ઘણી નાની ઉંમરે બાળલગ્નો થાય છે, એટલે સુધી કે કેટલીક વખત બાળકોએ ધાવણ પણ છોડેલું હોતું નથી. તેમનામાં કન્યા લાયક ઊમરની થઈ તેને સાસરે જાય છે ત્યારે તે પ્રસંગને મોટા ઉત્સવ તરીકે ઊજવવાનો તેમનામાં રિવાજ છે. મરણપ્રસંગોએ હિન્દુ સ્ત્રીઓ માફક તેમની સ્ત્રીઓ રડેકૂટે છે. અમદાવાદી મોમના સિવાય બીજા મોમનાઓ અંદર અંદર લગ્ન કરે છે. તેમના નિકાહ બીજા મુસલમાનોના કાજી પઢાવે છે.

ઈ. સ. ૧૮૨૭માં મેલવીલે મહીકાંઠા અને પ્રાંતિજના મોમનાઓમાં લગ્નવિધિ બ્રાહ્મણ કરાવતો હોવાની નોંધ કરેલી છે. તે રિવાજ ગયી સદી આખર સુધી ચાલુ રહેલો હતો. અમદાવાદના મોમનાઓ પ્રાંતિજના મોમનાઓ સાથે લગ્નવ્યવહાર રાખે છે. તેથી જ્યારે કન્યાના કુટુંબમાં એવો રિવાજ હોય છે ત્યારે હિન્દુ વિધિ કરવામાં આવે છે. આ હિન્દુ વિધિનો રિવાજ હવે ઓછો થયેલો જણાય છે.

તે સાથે હવે તો ઘણા મોમનાઓ સુન્ની મઝહબ પાળે છે. તે સાથે જૂના વડોદરા રાજ્યના વસોમાં સુન્ની અને શીઆ બન્ને જાતના મોમના છે. તેઓ આંતરલગ્નો કરે છે. સુન્ની મોમનાઓમાં .તેઓ અગાઉ શીઆ હતા તેની અસર હજી બાકી રહેલી જણાય છે. તેઓ હ.

પયગમ્બર સાહેબ(અલ) જેટલી જ અગત્ય મૌલાઅલી (કરમ)ને આપે છે; કવચિત્ વધારે પણ, અને મોહર્રમમાં તાજિયા કરે છે. તે સાથે મોહર્રમની મજલિસો કરી તેમાં હ. ઇમામહુસેન અને બીજા શોહદાઓનું જંગે કરબલાનું બયાન શીઆઓની ચુસ્તતાથી પઢે છે અથવા સાંભળે છે.

દરેક સ્થળે તેમની જમાત અને તેમાં તેમનો પટેલ હોય છે. તેમની જમાતના કાનૂનો એકંદરે ઠીક પાળવામાં આવે છે. પાલનપુરના મોમનાઓમાં મોટી તકરારોમાં ફેંસલા તેમના પાલનપુરના પીરઝાદાઓ પાસે કરાવવામાં આવે છે. એ પીરઝાદાઓને તેમના મુરીદો માથા દીઠ વાર્ષિક સવા રૂપિયો આપે છે.

તેઓ તેમના છોકરાંને ભણાવે છે. તેમનામાંથી, અમદાવાદના વલી મોહમ્મદ મોમિન કાઠિયાવાડના માણાવદર સ્ટેટના ખાનગી સેક્રેટરી હતા. તેમના પુત્ર ગુલામ હૈદર મોમિન એલ.એલ. બી. છે અને અમદાવાદમાં વકીલાત કરીને સરકારી ન્યાયખાતામાં દાખલ થઈ ડિસ્ટ્રિક્ટ અને સેશન્સ જજના હોદ્દા સુધી પહોંચ્યા હતા. તેઓ ઈ. સ. ૧૯૫૯માં ગુજરી ગયા છે. તેમના પુત્ર ડબલ ગ્રેજ્યુએટ છે, અને પુત્રીઓ પણ ગ્રેજ્યુએટ છે. તેમના પુત્ર હાલમાં રાજ્યસભાના સભ્ય ચૂંટાયા છે.

કચ્છના મોમના

એક વૃત્તાંત અનુસાર તેઓ લેઉઆ કણબી હતા, અને ઇસ્માઈલી પીર સદરુદ્દીને તેમને ઇસ્લામમાં આણી શીઆ ઇસ્માઈલી મઝહબમાં દાખલ કર્યા હતા.

તેઓ કંઈક શ્યામ હોય છે. તેઓ માથામાં વચ્ચે ચોટલી રાખીને બાકીની હજામત કરાવે છે. તેઓ દાઢી રાખતા નથી.

પુરુષો કોટ, સુરવાળો અને ખૂણા પડતા ફેંટા પહેરે છે. સ્ત્રીઓ ચણિયા, કબ્જા અને સાડલા પહેરે છે. તેઓ ઘરમાં ગુજરાતી બોલે છે.

તેઓ મેલા પણ મિતાહારી, શાન્ત અને મહેનતુ હોય છે. થોડા માલદાર અથવા સુખી સ્થિતિના છે; પરંતુ ઘણા દેવાદાર પણ હોય છે. એક વર્ગ તરીકે તેમની પાસે તેમની જરૂરિયાતોને પહોંચી વળવા જેટલું પણ હોતું નથી.

તેઓ ધર્મે શીઆ છે પણ માત્ર નામના જ મુસલમાન છે. તેમની આદતો, લાગણીઓ અને સામાન્ય રહેણીકરણી હિન્દુઓના જેવી જ હોય છે. તેમનામાં એકબીજાને મળતી વખતે સલામ કરવાનું સામાન્ય રૂપ શ્રાવકો માફક 'જુહાર' 'જુહાર' કહેવાનું હોય છે. બીજા કેટલાક હિન્દુઓ માફક 'રામ' 'રામ' કહે છે. કોણ જાણે શા કારણથી તેઓ જન્માષ્ટમી અને દીવાળીના તહેવારો પાળે છે. તે દિવસે તેઓ તેમનાં સૌથી સારાં કપડાં પહેરીને બહાર નીકળે છે.

તેમનામાં જેઓ ખેડૂતો હોય છે તેઓ તેમની આવકનો ૧/૨૦મો ભાગ અને જેઓ મજૂરી કરતા હોય છે તેઓ દર વરસે એક રૂપિયો તેમના પીરાણાના પીર ઇમામશાહ માટે જુદો કાઢે છે. એક બીજા વૃત્તાંત અનુસાર, તેઓ તે રકમો પીર સદરુદ્દીનની 'ગાદી' મસ્જિદ માટે અલગ કાઢે છે. આમ તેઓ પીર ઇમામશાહ અને પીર સદરુદ્દીનમાં માનવા ઉપરાંત, તેઓ એક બાબા વેલા અને તેની સ્ત્રી રાણગઢમાં માને છે. બાબા વેલા લૂંટારો અને બહારવટિયો હતો, અને તેની સ્ત્રી રાણગઢ સતી હતી.

તેમનામાં કેટલાક પૈસાદાર હોય છે. તેઓ જિંદગીમાં અનેક વખત પીરાણા જાત્રાએ જાય છે. તેમનામાંનો ગરીબ ભાઈ પણ જિંદગીમાં એક વખત પીરાણા જાય છે.

તેઓ તેમનામાંના જ અંદર અંદર પરણે છે, તેથી તેઓ નિરાળી કોમ છે. ભુજ પાસે માનકુવામાં તેમનો 'મુખી' રહે છે. તે તેમના કજિયા પતાવે છે. કોઈ મોમનો તેમની કોમનો કોઈ રિવાજ તોડે છે તો મુખી તે માણસને દંડ કરે છે; અથવા તેને જમાત બહાર મૂકે છે. કોઈ વિધવાને પુનર્લગ્ન કરવું હોય તો તેની મંજૂરી લેવી પડે છે. જો કોઈ વિધવા તેમની મંજૂરી લીધા વિના પુનર્લગ્ન કરે છે તો તે તેને જમાત બહાર મૂકે છે. ખૂન અને વ્યભિચારના ગુના માટે જમાત બહાર મૂકવાની સજા કરવામાં આવે છે; પરંતુ જમાતમાં દંડ ભરવાથી તે માણસ ફરીથી જમાતમાં દાખલ થઈ શકે છે.

તેઓ મુસલમાનો સાથે ભળતા નથી; ગોશ્ત ખાતા નથી; છોકરાંઓની સુન્નત કરાવતા નથી; નમાજ પઢતા નથી તેમ રમજાનના રોજા રાખતા નથી.

છોકરા છોકરીના જન્મ પછી છઠ્ઠીને દિવસે કુટુંબની સ્ત્રી જમીન ઉપર ગુલાલનો ક્રોસ—cross (+) કરે છે. બાળક મહીનાનું થાય ત્યારે સારસ્વત બ્રાહ્મણ તેનું નામ પાડે છે. આ બ્રાહ્મણો પૈકી કેટલાક ઈસ્લામી અકીદાઓમાં માને છે.

લગ્નનો દિવસ વરકન્યાના પિતાઓ નક્કી કરે છે. લગ્નના ચાર દિવસ અગાઉ માંડવો બાંધવામાં આવે છે. સ્ત્રીઓ ગીતાં ગાય છે અને ખારેકો વહેંચવામાં આવે છે. લગ્નને દિવસે વરના પિતા તેમનાં સગાં સ્નેહીઓ સાથે વરઘોડો કહાડી વરને કન્યાને ત્યાં લઈ જાય છે. ત્યાં લગ્નની વિધિ પ્રથમ બ્રાહ્મણ કરાવે છે, પછી પીર ઇમામશાહના વંશનો એક સૈયદ પણ તે વિધિ કરાવે છે. આવા સૈયદો પૈકી એકાદ સૈયદ મોમનાની વસ્તીવાળા દરેક ગામમાં રહે છે.

કોઈ માણસ મરણપથારીએ હોય તો તેને નવરાવીને તેની આગળ ઘીનો દીવો મૂકવામાં આવે છે. તે માણસ મરી જાય પછી શબ નવા ખાટલા સાથે બાંધવામાં આવે છે. તેના ઉપર સુતરાઉ કાપડ ઓઢાઢીને જનાઝો ઉપાડનાર "સાહેબ" "સાહેબ" પોકારતા તેને કબરસ્તાનમાં લઈ જઈ દફન કરે છે.

ગુજરાતમાં છે તે મુજબ તેઓ મસ્જિદોને બદલે "ખાના"માં માને છે. ત્યાં એક "ગાદી" હોય છે. ત્યાં એક દીવો નિરંતર બળતો રાખવામાં આવે છે. અહીં દરરોજ સાંજે પુરુષો ભેગા થઈ પૂજા કરે છે. કેટલીક વખતે સ્ત્રીઓ પણ ત્યાં જઈ તે પ્રમાણે કરે છે. ખેડૂતો આવાં 'ખાના" માટે પોતાની ખેતીની કુલ આવકનો $\frac{1}{4}$ હિસ્સો ઇલાયદો કહાડે છે.

ખેડા જિલ્લાના લઓ ગામમાં શીઆ મોમના છે; તેઓ પણ આ પ્રમાણે કરે છે.

તેઓ તેમના છોકરાંને શાળાઓમાં મોકલતા નથી, તેમ તેઓ કંઈ નવો ધંધો કરતા પણ નથી.

કાઠિયાવાડના મોમના

કાઠિયાવાડના મોમનાઓ ચુસ્ત મુસલમાનો નથી. તેઓ પહેરવેશ અને રીતિરિવાજોમાં હિન્દુઓને વધારે મળતા આવે છે. તેઓ આખા કાઠિયાવાડમાં છૂટાછવાયા વસે છે. તેમની વધારે વસ્તી વાંકાનેરમાં છે. તેઓ મોટે ભાગે ખેડૂતો હોય છે.

ખેડા જિલ્લાના મોમનાઓ

ખેડા જિલ્લાના મોમનાઓમાં ઘણા શીઆ છે. તેઓ મૂળ હિન્દુઓની ઘણી કોમો—સુતારો, લુહારો અને વણકરોમાંથી મુસલમાન થયેલા છે. હાલ પણ તેઓ એ જ પ્રમાણે બાપીકા ધંધા કરે છે.

તેઓ આશરે ૧૦૦ વરસ ઉપર શાહ કબીરુદ્દીનને હાથે મુસલમાન થયેલા હતા.

તેઓ શાન્ત, ધાર્મિક અને સાધારણ સારી સ્થિતિમાં છે. હિન્દુઓમાંથી મુસલમાન થયેલા વર્ગોમાં તેઓ સૌથી વધારે મહેનતુ છે. તેઓ ગુજરાતી બોલે છે. સ્ત્રીપુરુષો હિન્દુ પહેરવેશ પહેરે છે.

દક્ષિણી મોમનાઓ

મોમનાઓની એક શાખા દક્ષિણી મોમનાની છે. તેઓ હિન્દુઓમાંથી મુસલમાન થયેલા છે. તેમને ઇસ્લામમાં લાવનાર ગુલબર્ગના ખ્વાજા સૈયદ હુસેન 'ગીસુદરાઝ' હતા. તેઓ પંદરમા શતકમાં થઈ ગયા હતા. તેમના બીજા પીર બીજાપુરના હુશામ પીર 'ગુજરાતી' હતા. તે ઓગણીસમા સૈકામાં થયા હતા.

૨૩. રંગરેજો

કપડાં રંગનારા રંગરેજો ગુજરાતના બધા ભાગમાં મળે છે. તેઓ હિન્દુઓની ખત્રી નામની વણકર જ્ઞાતિમાંથી મુસલમાન થયેલા કહેવાય છે. તેમનામાં પેટા-વિભાગો નથી. તેઓ ઊંચા, માંસાળા અને ઘઉંવર્ણા હોય છે. તેઓ માથે વાળ અને ભરાવદાર દાઢી રાખે છે. તેમની સ્ત્રીઓ મધ્યમ કદની, ઘઉંવર્ણી અને સારી મુખકળાવાળી હોય છે. તેમની માતૃભાષા ઉર્દૂ હોય છે. તેમનામાં સ્ત્રીપુરુષો બન્ને મુસલમાની પહેરવેશ પહેરે છે.

ઉત્તર ગુજરાતની રંગરેજ સ્ત્રીઓ કુરતાં અને ઘેરા જાંબુડા અથવા કાંસાના રંગનાં ઓઢણાં ઓઢે છે. તેઓ બધી જાતના રંગ રંગે છે. તેઓ 'કસુંબા'નો વેપાર કરે છે. સ્ત્રીઓ કપડાં રંગતા પહેલાં તે બાંધવાનું કામ કરે છે.

રંગરેજો શાન્ત, મિતાહારી, મહેનતુ, કરકસરીઆ અને સુખી સ્થિતિના હોય છે. તેઓ પૈસા બચાવી શકે છે. તેમની સ્ત્રીઓ જાહેરમાં નીકળે છે.

તેઓ મઝહબે સુન્ની છે. તેઓ તેમનાં છોકરાંને કુરઆને મજીદ પઢાવે છે અને નમાઝ પઢવાની કાળજી રાખે છે.

તેમનામાં લગ્નપ્રસંગે વરરાજા ઘોડે બેસવાને બદલે ચાલીને જાય છે. તે સિવાય તેમનામાં કોઈ ખાસ રીતિરિવાજો નથી. ઉત્તર ગુજરાતમાં વિવિધ પ્રકારના મુસલમાનો રંગરેજો તરીકે ઓળખાય છે; પરંતુ સુરતમાં તેમની અલગ કોમ છે. તેઓ માત્ર પોતાની કોમમાં જ પરણે છે. તેમની જમાતનું બંધારણ હોય છે, અને તેમાં નાત-પટેલ હોય છે. ઘણાખરા તેમનાં છોકરાંને કુરઆને પાક ઉપરાંત ગુજરાતી અને કેટલીક વખતે અંગ્રેજી પણ શીખવે છે. તેમનામાં કોઈ ઉચ્ચ પદવીએ પહોંચ્યા નથી.

૨૪. લાડક

આ કોમ માત્ર કચ્છ અને જામનગરમાં જ છે. તેઓ મૂળ રજપૂત હતા અને હજી પણ રહેણીકરણી, રીતિરિવાજો વગેરેમાં તેઓ હિન્દુ જ છે; પણ મરણ પછી તેઓ તેમના મૈયત દાટે છે, ત્યારે મરનારની એક આંગળી કાપી તેને હિન્દુ વિધિથી બાળવામાં આવે છે. કચ્છના રાવ મેહરામણ જ્યારે દિલ્હી મોગલ શહેનશાહ પાસે ગયેલા ત્યારે દરબારમાં શહેનશાહના માન ખાતર તેમણે ઇસ્લામ સ્વીકારેલો; પરંતુ કચ્છ પાછા આવીને તેઓ પુનઃ હિન્દુ ધર્મ જ પાળતા હતા. તેમના અનુયાયીઓ આ 'લાડક' કોમ છે.

૨૫. લુહારો

લોખંડનું કામ કરનારા લુહારો ગુજરાતના પશ્ચિમ ભાગમાં ઘોઘા-માં અને કાઠિયાવાડમાં મળે છે. તેઓ મૂળ સિન્ધમાંથી આવેલા છે. પુરુષો કંઈક નીચા, નબળા બાંધાના અને શ્યામ હોય છે. તેઓ માથાના વાળ સાધારણ લાંબા અને દાઢી ટૂંકી પણ ભરાવદાર રાખે છે. સ્ત્રીઓ શ્યામ હોય છે. ઘરમાં તેઓ ગુજરાતી બોલે છે. પુરુષો મેમણો માફક મુસલમાની પાઘડી, કોટ અને સુરવાળો પહેરે છે. સ્ત્રીઓ હિન્દુ પહેરવેશ પહેરે છે, તેઓ છરીઓ, સુડીઓ, લોખંડનાં ઓજારો, ભાલાનાં લોખંડના ફળ અને ખંજરો બનાવે છે. તેમની સ્ત્રીઓ ઘરકામ કરે છે. તેઓ શાન્ત, મહેનતુ કરકસરીઆ અને એકંદરે સુખી સ્થિતિના છે. તેઓ મઝહબે સુન્ની છે. કેટલાક કુરઆને મજીદ પઢી જાણે છે અને નમાઝ પઢવાની કાળજી રાખે છે. તેમનામાં કોઈ ખાસ રીતરિવાજો નથી, તેઓ બીજા મુસલમાનો સાથે લગ્નસંબંધ રાખે છે. તેમનામાં જમાતનું બંધારણ કે પટેલ નથી. તેઓ છોકરાંને ભણાવે છે પણ અંગ્રેજી શીખવતા નથી. તેમનામાંથી કોઈ ઊંચી પદવીએ પહોંચેલો નથી.

૨૬. સલાટો

પથ્થર ઘડનારા સલાટો આખા ગુજરાતમાં મળે છે. તેમનામાંના ઘણાખરા તે જ નામની હિન્દુ જાતિમાંથી મુસલમાનો થયેલા હોવાનું કહેવાય છે. મારવાડી સલાટો મારવાડ અને ગુજરાત વચ્ચે આવજા કર્યા કરે છે. તે સિવાય તેમનામાં કોઈ પેટા-વિભાગો નથી. તેઓ મજબૂત અને માંસાલા હોય છે. તેમના દેખાવમાં કોઈ વિશિષ્ટતા હોતી નથી.

તેઓ ધંધે પથ્થર ઘડનારા હોવા છતાં તેમનામાં કેટલાક કુશળ કોતરકામ કરનારા હોય છે. એટલે સુધી કે તેઓ પ્રાચીન નાજુકમાં નાજુક શિલ્પકામ અને કોતરકામ મૂળ જેવું કરી આપે છે.

તેઓ ઉર્દૂ બોલે છે. સ્ત્રીપુરુષો બન્ને મુસલમાની પહેરવેશ પહેરે છે. સ્ત્રીઓ પુરુષોને તેમના કામમાં મદદ કરતી નથી. તેઓ શાન્ત અને મહેનતુ હોય છે, પરંતુ ખાસ મિતાહારી હોતા નથી. તેઓ કંઈક કરકસર વિનાના હોય છે. એક કોમ તરીકે તેઓ કંઈક ખરાબ સ્થિતિમાં છે. તેમના રીતરિવાજો સામાન્ય મુસલમાનોના જેવા જ છે. તેઓ નામના સુન્ની હોય છે, પરંતુ ધાર્મિક વૃત્તિવાળા હોતા નથી. તેમનામાં થોડાક કુરઆને શરીફ પઢી જાણે છે. તેઓ બીજા મુસલમાનો સાથે લગ્નસંબંધ રાખે છે. તેમની જમાતનું જુદું બંધારણ અને તેમાં પટેલ હોય છે. તેઓ તેમનાં છોકરાંને ભણાવતા નથી. તેમનામાંથી કોઈ ઊંચી પદવીએ પહોંચેલા નથી.

૨૭. સોનીઓ

સોનું ઘડનારા સોનીઓ કચ્છ, કાઠિયાવાડ અને અમદાવાદમાં નાની સંખ્યામાં મળે છે. તેઓ એ જ નામની હિન્દુ જાતિમાંથી મુસલમાન થયેલા છે. પુરુષો ઘઉંવર્ણા અને સ્ત્રીઓ ફૂટડી હોય છે. તેઓ ઉર્દૂ બોલે છે. પુરુષો ત્રણ ખૂણાની પાઘડી, અંગરખાં અને ઊંચી સુરવાળો પહેરે છે. સ્ત્રીઓ હિન્દુ પહેરવેશ પહેરે છે.

તેઓ બધા સોનાચાંદીનું કામ કરે છે, પરંતુ તેમાં હલકી ધાતુઓ ભેળવવા માટે તેમણે બદનામ મેળવેલું હોય છે. તેમની સ્ત્રીઓ પુરુષોને તેમના કામમાં મદદ કરે છે, પરંતુ તેમની પુત્રીઓને તેઓ કયાં પરણાવશે, તે તેઓ જાણતા નહિ હોવાથી, તેઓ તેમને તેમનો ધર્મ શીખવતા નથી.

તેઓ મહેનતુ અને મિતાહારી હોય છે, પણ ઝાઝી ત્રેવડવાળા હોતા નથી. એક વર્ગ તરીકે તેઓ સુખી સ્થિતિમાં છે.

તેઓ મઝહબે સુન્ની છે. કેટલાક કુરઆન પઢી જાણે છે, અને નમાઝ પઢવાની કાળજી રાખે છે. તેઓ હ. પીરાનપીર સાહેબ (રહ.)ની ઔલાદ

સૈયદ પીરઝાદાઓના મુરીદો હોય છે. મરણ પ્રસંગોએ તેમની સ્ત્રીઓ રડેકૂટે છે. તે સિવાય તેમનામાં કોઈ ખાસ રીતિરિવાજો નથી. તેમની જમાતનું જુદું બંધારણ નથી, તેમ તેમનામાં કોઈ નાત-પટેલ હોતો નથી. તેઓ તેમના છોકરાંને ગુજરાતી શીખવે છે; પણ અંગ્રેજી શીખવતા નથી. તેમનામાંથી કોઈ ઊંચી પદવીએ પહોંચેલા નથી.

પ્રકરણ ૬૮

નોકરીઓ કરનારા

નોકરીઓ કરનારી તેર કોમો છે: ૧. કમાલિયા, ૨. ગંધ્રપો, ૩. તાંસચી, ૪. તુર્કી હજામો, ૫. બહુરૂપિયા, ૬. ભટ્ટી, ૭. ભવૈયા, ૮. ભાંડ, ૯. ભીસ્તી, ૧૦. મદારી, ૧૧. મીર અથવા મીરાસી, ૧૨. લંધા, અને ૧૩. સિપાહીઓ.

૧. કમાલિયા

ઉપર ધાર્મિક વર્ગોના વર્ણનમાં હીજડા અને અને પાવૈયા સાથે કમાલિયાનું વર્ણન આવી ગયેલું છે.

૨. ગંધ્રપ—ગાંધર્વો

ગાનારા ગંધ્રપો (ગાંધર્વો) આખા ગુજરાતમાં મળે છે. તેઓ તે જ નામની હિન્દુ જ્ઞાતિમાંથી મુસલમાન થયેલા છે. પુરુષો મધ્યમ કદના, મજબૂત બાંધાના, ઘઉંવર્ણા અને સારી મુખકળાવાળા અને સ્ત્રીઓ સુંદર હોય છે. તેઓ ગુજરાતી બોલે છે. પુરુષો ત્રણ ખૂણાની પાઘડી, હલકા કપડાનો કોર અને ઊંચી, તંગ સુરવાળો પહેરે છે. સ્ત્રીઓ સાડીઓ અને ચોળી, ચણિયા પહેરે છે.

સુકી મોસમમાં તેઓ ગામડે-ગામડે ફરે છે, અને ચોમાસામાં તેઓ ગુજરાતના વાયવ્ય ભાગમાં તેમનાં ગામોમાં જાય છે અને ત્યાં ખેતી કરે છે. તેઓ છથી દશની ટોળીઓમાં મુસાફરી કરે છે. તેમની છોકરીઓ ગાય છે અને નાચે છે. તે વખતે ટોળીના પુરુષો તબલા, સારંગી વગાડે

છે. તેમની સ્ત્રીઓ જાહેરમાં ગાતી નાચતી નથી. એક કોમ તરીકે તેઓ સુખી સ્થિતિમાં છે. કેટલાક પૈસા બચાવી જાણે છે.

તેઓ મઝહબે સુન્ની હોય છે. તેમનામાંના જૂજ માણસો કુરઆને શરીફ પઢી જાણે છે, અને નમાઝ પઢવાની કાળજી રાખે છે. તેમને પીરઝાદા હોય છે.

તેમની છોકરીઓ ધંધાદારી તવાયફ અને વેશ્યાઓ થાય છે. તેથી પુરુષો તેમની કોમમાં પરણતા નથી. તેઓ ગરીબ મુસલમાનોમાંથી અને કેટલીક વખતે કોળીઓમાંથી કન્યાઓ લાવે છે. તેવા પ્રસંગોએ કન્યાઓના માબાપને રૂા. ૫ થી ૧૦ આપે છે. ગંધ્રપ માબાપો તેમની પુત્રીઓની કમાણી ઉપર જીવે છે.

તેમની જમાતનું બંધારણ હોય છે અને તેમાં પટેલ હોય છે. તેઓ સાધારણ રીતે ચોમાસામાં લગ્નપ્રસંગોએ ભેગા થાય છે. તેઓ તેમનાં છોકરાંને ભણાવતા નથી. તેથી તેમની સ્થિતિ સુધરવાની કોઈ નિશાની જણાતી નથી.

હિન્દુ ગંધ્રપો ઉત્તર હિન્દમાંથી ગુજરાતમાં આવેલા છે. મોટે ભાગે તેઓ દક્ષિણ ગુજરાતમાં જોવામાં આવે છે. તેઓ મૂળ ચિત્રોડા વર્ગના નાગર બ્રાહ્મણો હોવાનું કહેવાય છે.

૩. તાંસચી

ત્રાંસાં વગાડનારા 'તાંસચી' અને નગારાં વગાડનારા 'નગારચી' જુદી કોમો નથી; પરંતુ વિવિધ વાજિંત્રો વગાડનારા એકત્ર સમૂહનાં એ જુદાં જુદાં નામ છે. એમના એ સંઘના હેતુઓ એવા હોય છે કે તેમના ધંધાનો નફો તેમના જ બધા માણસોમાં સરખે હિસ્સે વહેંચાય અને બહારના હરીફો તેમના ધંધામાં માથુ મારે નહીં. તેમના ધંધામાં નવો પ્રવેશક સામાન્ય ભંડોળમાં પ્રથમ દોઢ રૂપિયો આપે છે. તેમની દરેક

કમાવાની મોસમને અંતે તેમના બધા સભ્યો પોતપોતાની કમાણી એક સામાન્ય ભંડોળમાં ભેગી કરે છે. ત્યાર પછી તે રકમ બધા સભ્યોમાં સરખે હિસ્સે વહેંચવામાં આવે છે. આ નિયમનો ભંગ કરનારને એકબે રૂપિયા દંડ કરવામાં આવે છે.

૪. તુરકી હજામો

ખાનગી કુટુંબોમાં નોકરીઓ કરનારા તુર્કી હજામોનો વર્ગ આખા ગુજરાતમાં મળે છે. તેઓ પરદેશથી આવેલા મુસલમાન હજામો અને સ્થાનિક હિન્દુમાંથી મુસલમાન થયેલાની ઔલાદ છે.

હજામ શબ્દ અરબી ' હજામ ' ઉપરથી છે. હજામો માથાના વાળ કાપે છે.

તુર્કી મુસલમાન હજામોને કેટલીક વખતે માનાર્થે ' ખલીફા ' કહેવામાં આવે છે. ' ખલીફા ' શબ્દનો અર્થ કેટલો નીચે ઊતરી ગયો છે તેનું આ એક દૃષ્ટાંત છે.

તેમનામાં બે પેટા-વિભાગો છે. જખો મૂકનારા ' જોખારી ' અને હજામત કરનારા ' હજામો '.

તેઓ ઊંચા, શ્યામ, જાડા હોઠવાળા અને નાની આંખોવાળા હોય છે. ગુજરાતના દક્ષિણ ભાગમાં તેઓ ઉર્દૂ બોલે છે, પરંતુ અમદાવાદમાં તેમની ઘરની બોલી ગુજરાતી છે.

પુરુષો ગરીબ મુસલમાનો જેવો પરંતુ જોખારી સ્ત્રીઓ હિન્દુ સ્ત્રીઓ જેવો અને અમદાવાદમાં હજામોની સ્ત્રીઓ હિન્દુ સ્ત્રીઓ જેવો પણ બીજા ભાગોમાં મુસલમાન સ્ત્રીઓ જેવો પહેરવેશ પહેરે છે.

જોખારીઓ જખો રાખે છે અને હજામો હજામત કરે છે અને સુન્નત કરે છે.

ખેડા જિલ્લાના સુન્ની વહોરાઓમાં આ હજામો લગ્ન, મરણ વગેરે નાતવરાઓને પ્રસંગે જમાતના માણસોને નોતરાં દે છે. તથા વરાઓઓમાં બીજાં પરચૂરણ કામ કરે છે.

મોગલ શેહનશાહતના જમાનામાં હજામો દરેક ગામના જાહેર હજામખાનામાં કામ કરતા હતા અને તે હજામખાનામાં ઠંડા, મધ્યમ અને ગરમ ઓરડાઓમાં આ હજામોમાંથી બબ્બે, ત્રણ ત્રણ જણ નોકરીઓ કરતાં હતા.

આ હજામોનાં હાલનાં હજામખાનામાં જમીનથી કેટલીક ઊંચાઈએ દિવાલમાં પાણીની ટાંકી હોય છે. એ ટાંકીમાં ગરમ પાણી તૈયાર રાખવામાં આવેલું હોય છે. નહાનાર માણસ તે નીચે ઊભો રહીને તે ટાંકીના નળમાં લાકડાની ખીલી કે કપડાનો ડૂચો હોય છે તે ખેંચી કાઢીને નહાય છે. તે માટે પહેલાં અર્ધો આનો લેવામાં આવતો હતો. હજામોના આવાં મનાતાં હજામખાનાં મોટાં મોટાં શહેરોમાં હોય છે.

હજામોની સ્ત્રીઓ રૂ કાંતે છે અને દાયણો અને નર્સો તરીકે કામ કરે છે. પુરુષો શાન્ત, કંઈક સુસ્ત અને વાતોડિયા હોય છે. હિન્દુ હજામો પણ વાતોડિયા હોય છે. તે ઉપરથી 'વાવડી ચસકી'ની કહેવત પડેલી છે. મુસલમાન હજામો ખાસ પ્રામાણિક, મિતાહારી કે કરકસરીઆ હોતા નથી. તેઓ સાધારણ રીતે ગરીબ અને કેટલાક દેવાદાર હોય છે. ગરીબ માણસો તેમની દુકાનોએ હજામત કરાવવા આવે છે. હવે તો 'હેર કટિંગ સલૂનો'માં આજના જમાનામાં ગરીબ, તવંગર બધાને જ આ સલૂનોમાં હજામત કરાવવા અને વાળ કપાવવા જવું પડે છે.

તેઓ મઝહબે સુન્ની હોય છે પરંતુ તેમનામાંથી જૂજ માણસો કુરઆને શરીફ પઢી જાણે છે કે નમાઝ પઢવાની કાળજી રાખે છે.

તેઓ એક સુલેમાન ફારસી નામના પીરને માને છે. તે પીરનો ઉરસ પાળે છે. તેઓ કહે છે કે એ પીરે સૌથી પ્રથમ વાંસની પટ્ટી વતી હજામત કરવાની કળાની શોધ કરી હતી.

તેમનામાં કોઈ ખાસ રીતરિવાજ નથી. તેમના બન્ને વર્ગ અંદર અંદર લગ્ન કરે છે. તેઓ બીજી કોમમાં પરણતા નથી. તેમની જમાતનું જુદુ બંધારણ હોતું નથી અને તેમાં પટેલ હોય છે. તેઓ હિન્દુ હજામો સાથે મિત્રાચારીનો સંબંધ રાખે છે અને એકબીજાને ત્યાં નાતવરોમાં હાજરી આપે છે. કુરઆને શરીફ પઢાવ્યા ઉપરાંત તેઓ તેમનાં છોકરાંને કંઈ વધારે ભણાવતાં નથી; પરંતુ થોડા વખત ઉપર ખેડા જિલ્લાના એક 'ખલીફા' એમ.એ. થઈ એક કોલેજમાં 'લેકચરર' તરીકે નિમાયા છે. આ એક અપવાદ સિવાય તેમનામાંથી બીજો કોઈ ઊંચે ચઢયો હોય એમ જાણવામાં નથી.

૫. બહુરૂપિયા

ઘણા સ્વાંગ ધારણ કરનારા બહુરૂપિયા નાટક કરનારી આઠ કોમોમાંથી એક છે. તેઓ આખા ગુજરાતમાં નાની સંખ્યામાં મળે છે. તેઓ મિશ્ર વર્ગ છે. ઘરમાં તેઓ હિન્દુસ્તાની બોલે છે, અને નાટક કરતા હોય તે સિવાય તેઓ સાધારણ .મુસલમાનોનો પહેરવેશ પહેરે છે. તેઓ ગારુડી વાણી બોલે છે. are ventriloquists અર્થાત 'તેઓ પોતે બોલતા હોય છતાં આપણને એમ લાગે કે કોઈ બીજો બોલે છે, તેઓ મ્હોંકળા એવા રીતે સજે છે કે તેમના મોંનો એક તરફનો ભાગ પુરુષ જેવો અને બીજી તરફનો ભાગ સ્ત્રી જેવો લાગે છે. તેમની ગરદન તેઓ એટલી ત્વરાથી ફેરવી શકે છે કે તેઓ એક વ્યકિત હોવા છતાં બે માણસ હોય એમ

આપણને લાગે છે. તેમની સ્ત્રીઓ આ પ્રમાણે સ્વાંગ સજતી નથી પરંતુ ઘરકામ કરે છે. પુરુષો સ્વચ્છ, પ્રામાણિક, કુશળ અને ધાર્મિક વૃત્તિવાળા, પરંતુ કંઈક સુસ્ત અને કરકસર વિનાના હોય છે. તેમની સ્ત્રીઓ જાહેરમાં નીકળતી નથી. તેઓ ગરીબ હોય છે છતાં કરજદાર હોતા નથી. મઝહબે સુન્ની, તેમનામાંથી થોડા કુરઆને શરીફ પઢી જાણે છે. અને નમાઝ પઢવાની કાળજી રાખે છે. તેઓ પીરઝાદાઓને અનુસરે છે. તેઓ ભિન્ન કોમ તરીકે રહેતા નથી. તેમનામાં કોઈ નાત-પટેલ હોતો નથી.

૬. ભટ્ટી

ભટ્ટીઓ મૂળ યાદવ કુળના રજપૂતો છે. સં. ભટ્ટ=યોદ્ધો. સુલ્તાન મહમૂદ ગઝનવીએ કરેલી એક લઢાઈમાં તેમને મુસલમાન કરી, દિલ્હી અને સતલજ નદી વચ્ચે ભટીન્ડા નામના ગામમાં વસાવ્યા હતા. ગુજરાતના ભટ્ટીઓ બીજા મુસલમાનો સાથે આંતર-લગ્નવ્યવહારથી એટલા મિશ્રિત થઈ ગયેલા કે તેમનામાં મુખકળા, પહેરવેશ, રીતરીવાજ કે ચારિત્રની કોઇ વિશિષ્ટતા નથી. તેઓ ઉત્તર ગુજરાતમાં પટાવાળા અથવા ગામડામાં પસાયતાની નોકરીઓ કરે છે.

તેમની મુખ્ય વસ્તી પંજાબમાં લાહોર ને મુલતાન પ્રાંતોમાં છે, તેથી કંઈક ઓછા પ્રમાણમાં તેઓ વાયવ્ય પ્રાંતોમાં તથા સિન્ધ અને કચ્છમાં વસે છે.

પંજાબી ભટ્ટીઓના વૃત્તાંત અનુસાર તેમની રાજધાની હાલના રાવળપીંડી પાસે ગઝનીપુરમાં હતી.

હિન્દુ ભટ્ટીઓનું રાજ્ય હજી જેસલમીરમાં છે. બીકાનેરમાં તેમને "ભાટી" કહે છે, હિન્દુ ભાટિયા વેપારીઓ પણ આ જ ભટ્ટીઓ - કે ભાટિયાઓમાંથી છે.

૭. ભવૈયા

ફરતા રહી ભવાઈ કરનારા ભવૈયા આખા ગુજરાતમાં મળે છે, તેઓ તે જ નામની હિન્દુ ન્યાતિમાંથી મુસલમાન થયેલા છે. તેઓ સાધારણ કદના અને શ્યામ હોય છે. તેઓ દાઢીમૂંછ મૂંડાવે છે, પણ માથાના વાળ વધારે છે. તેમની સ્ત્રીઓ સુંદર હોય છે. તેઓ ઉર્દૂ બોલે છે. ખાનગી બાબતમાં તેઓ મુસલમાની પહેરવેશ પહેરે છે. પુરુષો પુરુષવર્ગ સમક્ષ નાચે છે અને ભવાઈ કરે છે. તેમની સ્ત્રીઓ સ્ત્રીવર્ગ સમક્ષ ગાય છે. સ્ત્રી પુરુષો બન્ને વ્યભિચારી જીવન ગાળે છે. એક કોમ તરીકે તેઓ ગરીબ છે, અને કેટલાક દેવાદાર હોય છે. કોઈ કુટુંબમાં પુત્ર જન્મ્યો હોય છે ત્યાં તેઓ જાય છે અને બક્ષિસ માગે છે. મઝહબે સુન્ની, તેમનામાંના થોડા કુરઆને શરીફ પઢી જાણે છે કે નમાઝ પઢવાની દરકાર રાખતા હોય છે. તેમનામાંના થોડાને પીરઝાદા હોય છે. તેમનામાં કોઈ ખાસ રીતરિવાજ નથી. તેઓ પોતાની કોમમાં જ પરણે છે, તેમની જમાતનું બંધારણ હોય છે. પણ તેમાં પટેલ હોતો નથી. તેમનામાંના ઘણા થોડા તેમના છોકરાંને ભણાવે છે. તેમનામાંથી કોઈ સાધારણ ભવૈયા કરતાં ઊંચી પદવીએ પહોંચેલા નથી.

હિન્દુ ભવૈયા અથવા તરગાળા મુખ્યત્વે ઉત્તર ગુજરાતમાં રહે છે. તેઓ એક અસીત નામના ઔદીચ્ય બ્રાહ્મણ અથવા સોનીની વંશના છે. અસીત અમદાવાદથી ઉત્તરે આવેલા ઉંઝા ગામમાં રહેતો હતો. તેમની આખ્યાયિકા અનુસાર અસીત ત્યાંના કણબી પટેલ હીમાલનો ગોર હતો. દિલ્હીના શહેનશાહ ફર્રૂખશિયરે (ઈ. સ. ૧૭૧૩-'૧૯) આ હીમાલની પુત્રીનું માગું કર્યું હતું. હીમાલે ના પાડવાથી ફર્રૂખશિયર લશ્કર લઈને ઉંઝા ઉપર ચઢી આવ્યો હતો. હીમાલે શહેનશાહ પાસે હાજર થઈ ખુલાસો કર્યો હતો કે કન્યા તેની પુત્રી નહોતી પણ

તેના ગોર અસીતની તે પુત્રી હતી. તે ઉપરથી શહેનશાહે અસીતને તેડાવી તેની ખાત્રી કરાવતાં અસીતે તેની હા પાડી હતી. તેની કસોટી કરવા અસીતને કન્યા સાથે જમવા કહેવામાં આવ્યું હતું. તેણે તે પ્રમાણે કર્યું હતું. પછી શહેનશાહ ચાલ્યો ગયો હતો.

અસીત કણબીની કન્યા સાથે જમ્યો હતો, માટે બ્રાહ્મણોએ તેને નાત બહાર મૂકયો હતો. તેથી તે ગામના મંદિરમાં રહ્યો હતો અને ગાઈ નાચીને પોતાનું ગુજરાન કરતો હતો. તેના વંશજો તેનો ધંધો અનુસર્યા હતા.

તરગાળામાં વ્યાસ અને ભવૈયાના બે વર્ગો છે ગુજરાતમાં નાટકોની શરૂઆત ભવૈયાઓએ કરી હતી. એક ભવૈયા જયશંકર " સુંદરી " એ સુન્દર એકિટંગ માટે નામ મેળવેલું છે.

૮. ભાંડ

મશ્કરા ભાંડ બધા જ કોમોમાંથી હોય છે. પરંતુ મુખ્યત્વે વાયવ્ય પ્રાંતોમાંથી નવા આવનારા ગુજરાતના બધા મોટા શહેરોમાં મળે છે. તેમના દેખાવમાં ઘણો ફેર હોય છે. તેઓ ઉર્દુ બોલે છે અને સાધારણ મુસલમાનોના પહેરવેશ પહેરે છે. તેઓ ગાય છે, નાચે છે અને નાટક કરે છે. તેમ કરવા માટે તેઓ આશરે દશ-દશના 'તાયફા' —ટોળીઓમાં બહાર જાય છે. દરેક તાયફાનો આગેવાન 'જમાદાર' કહેવાય છે. દરેક તાયફામાં એક એક મશ્કરો હોય છે. તેઓ નાટકો ભજવતા નથી, પરંતુ વાર્તાઓ અને સમાજ ઉપર મર્માળા, વિચિત્ર અને તેટલાં જ અસભ્ય કટાક્ષવચનો કહે છે. બે વાર્તાઓના વચલા ગાળામાં મશ્કરો ચાળા કરે છે અને જમાદાર ગાય છે, અથવા નાચે છે. કેટલાક વખત તે ઘણી પ્રવીણતાથી તેમ કરે છે. તે વખતે તેમના તાયફાના બીજા માણસો તબલા, સારંગી વગાડે છે. જ્યારે જમાદાર

નાચ કરે છે ત્યારે તે ઓઢણું ઓઢે છે. પોતાનાં પુરુષનાં કપડાં ઉપર સ્ત્રીની ‘ પિશવાઝ ’ પહેરે છે અને પગે ઘૂઘરા બાંધે છે. તેમની ભવાઈ માટે તેમને રૂા. ૧૫ થી ૧૦૦ સુધી મળે છે. તેમાંથી અર્ધો હિસ્સો તેમનાં જમાદારને મળે છે, અને બાકીનો અર્ધો હિસ્સો તાયફાનાં બીજા માણસો વહેંચી લે છે. તેઓ એદી અને રમતગમતના શોખીન હોય છે. તેઓ પ્રામાણિક કે મિતાહારી હોતા નથી. તેમનામાં કેટલાક સુન્ની અને બીજા શીઆ હોય છે. તેઓ સાધારણ ધાર્મિક વૃત્તિવાળા હોય છે. તેમનામાંથી જૂજ માણસો કુરઆને શરીફ પઢી જાણે છે. તેમનામાં કોઈ ખાસ રીતરિવાજ નથી. તેમના ‘ તાયફા ’ હોય છે. તે સિવાય તેઓ ઇલાયદી કોમ નથી. તેઓ છોકરાંને ઉર્દુ પઢાવે છે. તેમનામાંથી જૂજ માણસો ફારસી અને અરબી સારું પઢેલા હોય છે.

હિન્દુ ભાંડ મારવાડમાંથી આવેલા છે. તેઓ જાનવરો અને પક્ષીઓની બોલીનું આબેહૂબ અનુકરણ કરે છે.

૯. ભીસ્તી

પોતાની પીઠ ઉપર પાણીની નાની મસકો ફેરવનારને ‘ ભીસ્તી ’ અને પાડાઓ ઉપર મોટી પખાલો ભરી રસ્તામાં પાણી છાંટનારને ‘ પખાલી ’ કહે છે. કહેવત છે કે ‘ પાડાને વાંકે પખાલીને ડામ ’.

હવે પખાલીઓ જોવામાં આવતા નથી. તેમનું સ્થાન ભીસ્તીઓએ લીધું લાગે છે. ગુજરાતમાં મોટા શહેરોમાં તેમની વસ્તી હોય છે. બાકીના મારવાડ તરફથી ખેતીની મોસમ સિવાયની મોસમોમાં, ત્યાં તેમને કંઈ કામ નહિ હોવાથી મસકોની મજૂરી કરવા તેઓ ગુજરાતમાં ઊતરી પડે છે.

તેઓ મઝહબે સુન્ની હોય છે. તેઓ શાન્ત અને મહેનતુ હોય છે. તેઓ મારવાડીમિશ્ર ઉર્દુ બોલી બોલે છે.

તેમનો પોશાક મોટે ભાગે મારવાડી જેવો હોય છે. ગુજરાતમાં મજૂરી કરવા આવનાર ભીસ્તીઓની સ્ત્રીઓ મોટે ભાગે મારવાડમાં જ રહે છે અને પુરુષો પણ ચોમાસામાં ખેતી કરવા ત્યાં જતા રહે છે. ગુજરાતમાં રહે તોય વરસાદની મોસમમાં તેમને મસકોની મજૂરી મળી શકે નહીં.

અમદાવાદના એક ભીસ્તી સરકારી કેળવણી ખાતામાં ડેપ્યુટી એજ્યુકેશન ઇન્સ્પેકટરના હોદ્દા સુધી પહોંચ્યા હતા અને સરકારે તેમને ખા. સા.ના ખિતાબથી નવાજ્યા હતા. તેમના પુત્ર સરકારી ન્યાયખાતામાં ડિસ્ટ્રિક્ટ જજના હોદ્દા સુધી પહોંચ્યા હતા. 'કેળવણી કીમિયો છે'.

૧૦. મદારી

પીર શાહ મદહરના અનુયાયીઓ મદારીઓને 'બાજીગર' એટલે રમતગમત અથવા હાથચાલાકીના ખેલ કરનારા પણ કહેવામાં આવે છે. તેઓ આખા ગુજરાતમાં અને માળવામાં બબ્બે ત્રણત્રણ કુટુંબોની ટોળીઓમાં ફરતા રહી તેમના ખેલ કરે છે. તેઓ હિન્દુ નટ લોકોમાંથી મુસલમાન થયેલા છે. પુરુષો મધ્યમ કદના, મજબૂત બાંધાના, શ્યામ અને સારી મુખાકૃતિવાળા હોય છે. તેઓ ઉર્દૂ અને તેમની પોતાની ખાસ બોલી બોલે છે. તેમનામાંનાં સ્ત્રીપુરુષો બન્ને હિન્દુ પહેરવેશ પહેરે છે. પુરુષો ફેંટા, બંડીઓ અને ધોતિયાં અને સ્ત્રીઓ નાનાં ઓઢણાં, તંગ ચોળીઓ અને ઘેરાવદાર ચણિયા પહેરે છે. પુરુષો સાપ રમાડે છે, દોરડાં પર નાચે છે અને હાથ ચાલાકીના ખેલ કરે છે. સ્ત્રીઓ તેમના પુરુષવર્ગ સાથે ઉપર કહેલા ખેલ કરતી નથી, પરંતુ સ્ત્રીઓ સમક્ષ ગાય છે અને કેટલીક વખતે વેશ્યાઓ તરીકે વર્તે છે. તેઓ સુઘડ પણ સુસ્ત, વ્યભિચારી અને ચોર વૃત્તિના હોય છે.

મઝહબે સુન્ની હોવા છતાં તેઓ ઇસ્લામ વિશે કંઈ જ જાણતા હોતા નથી. તેઓ મુસલમાન પીરો અને હિન્દુ દેવતાઓની પૂજા કરે છે. તેઓ હિન્દુ રીતરિવાજો પાળે છે. તેઓ માત્ર પોતાની કોમમાં જ પરણે છે. તેમની જુદી જમાત અને તેમાં તેમનો પટેલ હોય છે. તેઓ છોકરાંને ભણાવતા નથી. તેમની રખડતી જિંદગીમાં તે શક્ય પણ નથી. તેઓ તેમની સ્થિતિ સુધારવા કંઈ કોશિષ કરતા નથી.

૧૧. મીર અથવા મીરાસી

મીર: અમીર અથવા મીરાસી જમીનદારોને "લંધા" એટલે ગાનારા, અથવા ઢોલી, એટલે ઢોલ વગાડનારા અને ડોમ પણ કહેવામાં આવે છે. ડોમ નામની એક કોમ છે. તેઓ આખા ગુજરાતમાં પણ મુખ્યત્વે ઉત્તર તરફનાં મોટા શહેરોમાં મળે છે.

તેઓ મૂળ બે વર્ગમાંથી છે. એક વર્ગ ગુજરાતના હિન્દુ ભાટ લોકોમાંથી અને બીજો વર્ગ ઉત્તર હિન્દુસ્તાનના કેટલાક ભ્રષ્ટ લોકોની અને બીજા કેટલાક ડોમ લોકોની ઔલાદમાંથી છે; પરંતુ બન્ને વર્ગમાં આંતરલગ્ન વ્યવહાર હોવાથી હવે તેઓ બધા એક જ વર્ગના થઈ ગયેલા છે.

ડોમ લોકોની કોમ બુંદેલખંડ, સાગર અને અયોધ્યામાં ચોતરફ પસરેલી છે. પરંતુ હવે તે સાદડી વણનારા અને રસ્તા ઉપર ઝાડુ કાઢનારા ભંગીઓની સ્થિતિએ પતન થયેલી કોમ છે.

તેઓ તેમના 'મીરાસી' નામ માટે તરંગી ખુલાસો કરે છે કે તેમનું નામ 'મીરાસી'—'મીર': અમીર અને 'આસી'—પાપ કરનાર ઉપરથી પડેલું છે, કારણ કે તેમના એક પૂર્વજે એક ભંગી સાથે ભોજન કર્યું હતું. આ ખુલાસા ઉપરથી પણ ઉપર કહેલું

અનુમાન જ પ્રાપ્ત થાય છે. ખા. બા. કાઝી શમ્સુદ્દીન કહે છે કે જેવી રીતે હજામોને ' ખલીફા ' : રાજાઓ, ભંગીઓને ' મેહતર ', સરકારી અને ઘરમાં કામ કરનારી છોકરીઓ—નોકરોને ' વસીકા '—કુશાગ્ર જેવા માનપ્રદ લકબોથી સંબોધવામાં આવે છે, તેવી જ રીતે કદાપિ તેમનું ' મીર ' નામ પડેલું હોય.

પુરુષો ઊંચા, ઘાટીલા, કંઈક તામ્રવર્ણ અને સારી મુખાકૃતિવાળા અને સ્ત્રીઓ ઘાટીલી અને સુંદર હોય છે. કાઠિયાવાડના મીરાસીઓ મોટો, ઢીલો બાંધેલો સાફો, ટૂંકી બંડી, ઉપરથી ખૂલતી અને ઘૂંટણ આગળથી તંગ સુરવાળો, ઉપર કમરે વીંટેલી અને ઘૂંટણ સુધી લટકતી ' લુંગી ' પહેરે છે. બીજા બધા મીરાસીઓ ગરીબ મુસલમાનો જેવો પહેરવેશ પહેરે છે. અમદાવાદ અને સુરતમાં મીરાસી સ્ત્રીઓ મુસલમાની પહેરવેશ પહેરે છે. તે સિવાય તેમની બીજી સ્ત્રીઓ હિન્દુ પહેરવેશ પહેરે છે.

કેટલાક મીરાસીઓ પાસે જમીન હોય છે અને ચોમાસામાં તેમનામાંના ઘણા ખેતી કરે છે. સૂકી મોસમોમાં પુરુષો એકેક બબ્બે અથવા ત્રણ-ત્રણની ટુકડીઓમાં ફરતી રહીને હિન્દુઓ અને મુસલમાનો બન્નેને વાર્તાઓ અથવા કવિતા કહીને અને ઢોલ, તબલા, સારંગી વગેરે વાજિંત્રો વગાડીને માગતા ફરે છે. સ્ત્રીઓ ઘેર રહે છે અને ડોમનીઓ અને લંઘીઓને નામે મુસલમાનોને ઘેર લગ્ન અને એવા બીજા ભવ્ય પ્રસંગોએ સ્ત્રીઓ સમક્ષ ગાવા-બજાવવા જાય છે. તેઓ કરકસરીઆ પણ સુસ્ત હોય છે; પ્રામાણિક કે મિતાહારી હોતા નથી. તેમની ઘણી સ્ત્રીઓ હલકી જાતની હોય છે.

તેઓ અમદાવાદના સૈયદ દાદામિયાંના ચુસ્ત મુરીદો છે. તેમને તેઓ માથા દીઠ વાર્ષિક એક રૂપિયો અથવા એક મણ ઘઉં આપે છે.

તેઓ તેમની કોમમાં જ પરણે છે. તેઓ તેમના સૈયદ પીરઝાદાઓની સરપરસ્તી નીચે સારી બંધારણવાળી જમાત છે. તેમનામાંના કોઈ તેમનાં છોકરાંને ભણાવતા નથી.

૧૨. કાઠિયાવાડી લંધા

લંધાની કોમ માત્ર કાઠિયાવાડમાં જ છે. ગુજરાત તમામમાં તેઓ જોવા મળતા નથી. તેઓ માગણ વર્ગના મુસલમાનો છે. તેઓ અમીર વર્ગમાં ગાવા નાચવાનું કામ કરે છે.

તેઓ ગુજરાતી બોલે છે, અને હિન્દુઓ જેવો પહેરવેશ પહેરે છે, તેઓ ખાધેપીધે સુખી છે.

૧૩. સિપાહીઓ

લશ્કરમાં નોકરી કરનારા સિપાહીઓ ગુજરાતના બધા ભાગોમાં સંખ્યાબંધ મળે છે. તેઓ કંઈક પરદેશથી આવેલા લશ્કરી મુસલમાનોની ઔલાદમાંથી અને કંઈક સ્થાનિક રજપૂતોમાંથી મુસલમાન થયેલા, તેમની ચૌહાણ, રાઠોડ, અને પરમારની અટકો ઉપરથી જણાઈ આવે છે. તેઓ મિશ્રવર્ગ છે. તેઓ કાઠિયાવાડમાં ગુજરાતી અને બીજા પ્રાન્તોમાં ઉર્દૂ બોલે છે. તેઓ બીજા મુસલમાનો સાથે પરણે છે. તેમના દેખાવમાં કોઈ વિશિષ્ટતા નથી. માથાના વાળ અને દાઢી રાખવાની [illegible]માં તેમનામાં વિવિધ પ્રકાર જોવામાં આવે છે. કાઠિયાવાડમાં તેઓ હિન્દુ પહેરવેશ પહેરે છે. તે સિવાય બીજા પ્રાન્તોમાં સ્ત્રીઓ અને પુરુષો મુસલમાની પોશાક પહેરે છે. તેઓ ખેતી અથવા મજૂરી કરે છે, અને સરકારી નોકરીઓમાં તેઓ લશ્કરી સિપાહીઓ, પોલીસ સિપાહીઓ અને પટાવાળા તરીકે કામ કરે છે. તેમની સ્ત્રીઓ કાંતે છે અને ગરીબ વર્ગો જેમની સ્ત્રીઓ ખેતરોમાં કામ કરે છે તે

સિવાય તેમની બીજી સ્ત્રીઓ જાહેરમાં નીકળતી નથી. પુરુષો મહેનતુ પણ કંઈક કરકસર વિનાના મોજમજા અને નિશાના શોખીન હોય છે. એક કોમ તરીકે તેમની હાલત ખરાબ છે.

મઝહબે સુન્ની, કેટલાક કુરઆને શરીફ અને નમાઝ પઢે છે. તેમના પીરઝાદાઓને તેઓ માન આપે છે. તેમનામાં કોઈ ખાસ રીતરિવાજ નથી. તેઓ બીજા મુસલમાનો સાથે પરણે છે. તેથી તેમની ઇલાયદી કોમ રહેલી નથી. છતાં તેમનામાં જમાતનું બંધારણ અને નાત પટેલ હોય છે. કેટલાક તેમનાં છોકરાંને ગુજરાતી અને જૂજ અંગ્રેજી ભણાવે છે. તેમનામાંથી કોઈ ઊંચી પદવીએ પહોંચ્યા નથી.

કાઠિયાવાડના સિપાહીઓ

કાઠિયાવાડમાં આ વર્ગમાં ઘણાં પરચૂરણ વર્ગના મુસલમાનોનો સમાવેશ થાય છે. આરબો, મકરાણી, સિન્ધી, બલુચી, પઠાણ વગેરે લશ્કરમાં નોકરી કરનારા બધા પરચૂરણ વર્ગોને ‘સિપાહીઓ’ના સામાન્ય ઉપનામથી ઓળખવામાં આવે છે. કસ્બાતીઓ અને મલેકો જેઓ લાંબા કાળથી અને મોટી સંખ્યામાં કાઠિયાવાડમાં સ્થાયી થયેલા છે તેમના વંશજોને પણ આ સામાન્ય ઉપનામથી સંબોધવામાં આવે છે.

આ સિપાહીઓના પૂર્વજો કાઠિયાવાડમાં મુસલમાની હકૂમત દરમ્યાન અથવા મુસલમાનોના આક્રમણો દરમ્યાન જે કિલ્લેબંધીઓમાં લશ્કરી થાણા રાખવામાં આવતાં હતાં ત્યાં તેઓ વસતા હતા. તેમનામાં કેટલાક પરદેશી મુસલમાનો અને કેટલાક સ્થાનિક રજપૂતોમાંથી અને કોળીઓમાંથી થયેલા મુસલમાનો હતા. તેમને જાગીરો આપવામાં આવેલી હતી. તે જાગીરની આસપાસ તેમણે સારી

લાગવગ સંપાદન કરેલી હતી; જોકે પાછળના સમયમાં તેમની આ લાગવગ ઓછી થઈ ગયેલી છે.

આ વર્ગનાં બે કુટુંબોએ કાઠિવાડમાં ઈશાન ખૂણામાં બજાણા અને દસાડાનાં બે નાનાં સંસ્થાનો પ્રાપ્ત કરેલાં છે.

ખેડા જિલ્લાના સિપાહીઓ

અહમદશાહ પહેલાના સમય દરમ્યાન (ઈ. સ. ૧૪૧૧-'૪૩) જે ભાડૂતી લશ્કરી સિપાહીઓ હતા તેમના તેઓ ઘણું કરીને વંશજો હોવા જોઈએ. હવે તેઓ મોટે ભાગે ચોકીદારી અને રાવળિયા તરીકે કામ કરે છે. ખેડૂતો તરીકે આ સિપાહીઓનું અને ખેડા જિલ્લાના બીજા મુસલમાનોનું સ્થાન ઘણું નીચું છે.

આ સિપાહીઓ ખેડા જિલ્લાના કોળીઓ અથવા બીજી કોઈ કોમ કરતાં વધારે તંગ હાલતમાં હોય છે. તેઓ આળસુ, અભણ અને બેદરકાર હોય છે. તેમની સ્ત્રીઓ તેમને કોઈ કામમાં મદદ કરતી નથી. તેમની દરેક પ્રકારની સ્થિતિ ખરાબ છે અને તે દિવસે દિવસે વધારે ખરાબ થતી જાય છે.

———

પ્રકરણ ૬૯

મજૂરી કરનારા

મજૂરી કરનારી ૧૭ કોમો છે : ૧. કઠિયારા, ૨. ઘોરખોદિયા, ૩. ચાટલા, ૪. ચામડા, ૫. છારા, ૬. થોરી, ૭. ધુળધોયા, ૮. નટ, ૯. નાગોરી, ૧૦. પખાલી, ૧૧. બજાણીઆ, ૧૨. મપારા. ૧૩. માછીઓ, ૧૪. માળીઓ, ૧૫. વણુજારા, ૧૬. વાદીઓ, ૧૭. શીશગર.

૧. કઠિયારા

બાળવાનાં લાકડાં વેચનારા 'કઠિયારા માટીનાં વાસણો વેચનારા કરાલિયા કરતાં વધારે માલદાર હોય છે. કઠિયારા કરાલિયા સાથે પરણે છે તેથી તેઓ બન્ને મળીને એક મિશ્ર કોમ થયેલી છે. કરાલિયા માટે ઉપર પ્રકરણ ૫૭ જુઓ.

૨. ઘોરખોદિયા

કબરો ખોદનારા ઘોરખોદિયા આખા ગુજરાતમાં નાની સંખ્યામાં મળે છે. તેઓ કંઈક વિદેશી અને કંઈક સ્થાનિક હિન્દુમાંથી મુસલમાનો થયેલા, એક મિશ્ર ઉત્પત્તિના છે. દેખાવમાં તેઓ નીચા કદના અને શ્યામ હોય છે. તેઓ ઉર્દૂ બોલે છે. પુરુષો ત્રણ ખૂણાની પાઘડી, બીજા મુસલમાનો પહેરે છે તેવા સામાન્ય કોટ અને ઊંચી સુરવાળો પહેરે છે. સ્ત્રીઓ મુસલમાની પહેરવેશ પહેરે છે. પુરુષો કબરો ખોદે છે અને તેમની સ્ત્રીઓ કાંતે છે. તેઓ શાન્ત, મિતાહારી, ગંદા,

મેલા અને ત્રેવડ વિનાના હોય છે. સ્ત્રીઓ સારી રીતભાતવાળી હોય છે. એક કોમ તરીકે તેઓ ગરીબ છે. કેટલાક દેવામાં ડૂબી ગયેલા હોય છે. મઝહબે સુન્ની, કેટલાક કુરઆને શરીફ પઢી જાણે છે, પરંતુ નમાઝ પઢવામાં તેઓ નિયમિત હોતા નથી. તેમનામાં કોઈ ખાસ રીતરિવાજો નથી. સમાજમાં તેમનું સ્થાન ઘણું નીચું છે. તેઓ તેમની કોમમાં જ પરણે છે. તેમની જમાતનું બંધારણ નથી અને તેમનામાં નાત પટેલ હોતો નથી. તેઓ છોકરાંને ભણાવતા નથી. તેમનામાંથી કોઈ ઊંચે હોદ્દે પહોંચ્યા નથી.

૩. ચાટલા

ચાટલા ઉત્તર ગુજરાતમાં પ્રસંગોપાત્ત મળતી રખડતી કોમ છે. તેમની ઉત્પત્તિ વિશે કંઈ પત્તો મળતો નથી. પુરુષો નીચા કદના, ભરાવદાર અને ઘણા શ્યામ હોય છે. તેઓ માથે લાંબા વાળ રાખે છે. સ્ત્રીઓ શ્યામ અને અનિયમિત અને કર્કશ મુખાકૃતિવાળી હોય છે. પુરુષો જાડી અને સફેદ ધોતી અને સ્ત્રીઓ સાડલા અને કેટલાક વખત ચોળીઓ પહેરે છે. તેઓ માંસાહારી હોય છે, અને મરેલાં જાનવરોનું માંસ પણ તેઓ ખાય છે. તેઓ કઠિયારાનો ધંધો કરતા હોય છે, તેઓ ગંદા, મેલા અને વ્યભિચારી હોય છે. તેઓ તદ્દન કંગાલ હોય છે. અને ઘોડાં, ગધેડાં રાખે છે. તેમની પાસે જિંદગીની ઓછામાં ઓછી જરૂરિયાત સિવાય બીજું કંઈ હોતું નથી.

તેઓ માત્ર નામના જ મુસલમાન હોય છે. ઇસ્લામ વિશે તેઓ કંઈ જ જાણતા હોતા નથી. તેઓ માને છે કે માણસ મરી ગયા પછી 'પીર' થાય છે. દરેક વરસે મરનારની મરણ તિથિએ, તે મરનારના કુટુંબવાળા તેમની કોમને મરનારની કબર ઉપર આમંત્રે છે. ત્યાં તેઓ તેમને ઘર સાથે બકરી અને કુક્કરના ગોસ્તની મિજબાની જમાડે છે. તેઓ તેમના મુર્દાને ઊભી સ્થિતિમાં દાટે છે. તેથી તેમનાં કબરો ઊંચી અને માત્ર બે

ચોરસ ફીટ લાંબી હોય છે. તે કબરો ઉપર મધ્યમાં તેઓ અર્ધો ફૂટ ઊંચો એક કુંડ બનાવે છે. તેઓ નકામી કોમ છે અને તેમનામાં સુધરવાની કોઈ નિશાની નથી.

૪. ચામઠા

ચામઠા કેટલાક હિન્દુ અને કેટલાક મુસલમાન હોય છે. તેઓ પથ્થરની ઘંટીઓ વેચે છે, પરંતુ મુખ્યત્વે તેઓ ધંધાદારી નાચનારા હોય છે.

હિન્દુ ચામઠા ખોડિયાર માતામાં અને મુસલમાન ચામઠા હ. બીબી ફાતેમા(રહી)ને માને છે. તેમનામાં વિધવાઓ પુનર્લગ્ન કરે છે.

હિન્દુ ચામઠાઓ પણ તેમનાં શબ દફન કરે છે.

૫. છારા.

છારા અથવા ઘાઘરીઆ પ્રસંગોપાત્ત નાની સંખ્યામાં આખા ગુજરાતમાં મળે છે. તેઓ હિન્દુઓમાંથી મુસલમાન થયેલા માનવામાં આવે છે. તે સિવાય તેમની ઉત્પત્તિ વિશે કંઈ જ ચોક્કસ જાણવામાં નથી. ઉર્દુ ઉપરાંત તેઓ તેમની અંદર, બીજા સાધારણ મુસલમાનો સમજી શકે નહીં, તેવી બોલી બોલે છે. પુરુષો મોટા કદના, મજબૂત બાંધાના, ઘણા કાળા અને અનિયમિત મુખાકૃતિવાળા હોય છે. તેઓ મેલા રહે છે. તેઓ માથાના વાળ અને દાઢી વધારે છે. તેમની સ્ત્રીઓ પુરુષો કરતા કંઈક ઠીક પરંતુ કાળી હોય છે. પુરુષો ધોતી અને સ્ત્રીઓ ઓઢણાં, અંજારો જેવી ચોળીઓ અને થીગળાંવાળાં ઘાઘરા પહેરે છે. ચોમાસામાં તેઓ એક સ્થળે ભેગા થાય છે. ત્યાં તેઓ લગ્નક્રિયાઓ અને કુટુંબની બીજી વિધિઓ કરે છે અને તેમના કજિયા પતાવે છે. સૂકી મોસમની શરૂઆતમાં જ તેઓ ટોળીઓમાં વહેંચાઈ જાય છે.

અને વણઝારી કૂતરા અને ગધેડા સાથે ભીખ માગવા, ચોરીઓ કરવા અને ખોટા સિક્કાઓ ચલાવવા ફરતા ફરે છે. તેઓ ખરાબ ચાલના હોય છે. તેઓ નામના જ મુસલમાન હોય છે. તેમનો પટેલ 'નાયક' કહેવાય છે.

૬. થોરી

મુખ્યત્વે ઉત્તર ગુજરાતમાં મળી આવતા થોરીઓ રખડતી કોમ છે. તેઓ હિન્દુઓમાંથી મુસલમાન થયેલા કહેવાય છે. સ્ત્રી પુરુષો બન્ને ઊંચાં, મજબૂત અને શ્યામ હોય છે. તેઓ ઘરમાં ગુજરાતી બોલે છે. સ્ત્રી પુરુષો બન્ને હિન્દુ પહેરવેશ પહેરે છે. ચોમાસામાં તેઓ ઘાસનાં અથવા બરુનાં નાનાં ઝૂંપડાં બનાવે છે. તેઓ ગામેગામ દશથી પચાસની ટોળીઓમાં ફરતા રહે છે. તેઓ બળદો અને અનાજની લેવડદેવડ કરે છે. તેઓ લૂંટફાટ કરે છે, બળદો અને ઘોડા ચોરે છે. તેમની સ્ત્રીઓ છોકરાં ઉપાડી જાય છે. તેઓ ગરીબ અને ખરાબ ચાલના હોય છે. તેઓ માત્ર નામના જ મુસલમાન હોય છે, અને ઇસ્લામ વિશે કંઈ જ જાણતા હોતા નથી. તેઓ હિન્દુ દેવતાઓની પૂજા કરે છે. સ્ત્રી પુરુષો બન્ને વ્યભિચારી જીવન ગાળે છે. તેઓ છોકરાંઓની સુન્નત કરાવે છે અને મુર્દા દફન કરે છે. લગ્નપ્રસંગે વર કન્યાના બાપને રૂા. ૨૦૦ આપે છે. તેઓ માત્ર પોતાની કોમમાં જ પરણે છે. તેમની જુદી જમાત છે. તેમાં તેમનો પટેલ હોય છે. તેઓ તેમનાં છોકરાંને કેળવણી આપતા નથી. તેઓ સ્થાયી વસવાટ કરવાની કે કોઈ નિયમિત કામ કરવાની નિશાની દર્શાવતા નથી.

હિન્દુ થોરીઓ ગરાસીઆ અને મકવાણા કહેવાય છે. તેથી તેઓ મૂળ રજપૂતો હોવા સંભવ છે. છતાં અત્યારે તેઓ એટલી અધોગતિએ ઉતરી ગયેલા છે કે તેઓ અંત્યજ તરીકે અસ્પૃશ્ય ગણાય છે.

થોરીઓમાં બે ટોળીઓ છે. એક ખેડા જિલ્લાના કપડવંણજમાં અને બીજા નર્મદા નદી પરના ચાણોદ પાસે માંડવીમાં સ્થાયી થયેલી છે. કપડવંણજવાળા થોરીઓ ધોળકા, ખેડા અને પંચમહાલમાં અને માંડવીવાળા થોરીઓ રેવા કાંઠામાં ફરે છે.

તેઓ ઘરમાં અપભ્રંશ ગુજરાતી બોલે છે. તેઓ હિન્દુસ્તાની સમજે છે.

કાઠિયાવાડમાં તેઓ ઘાસની આવરણીઓ, મીઠું અને ઘાસની ઈંઢાણીઓ અને સુથિયાં વેચે છે.

૭. ધૂળધોયા

ધૂળ ધોનારા ધૂળધોયા ગુજરાતમાં સંખ્યાબંધ છે; પરંતુ મુખ્યત્વે તેઓ નડિયાદ અને મહેમદાવાદમાં મળે છે. તેઓ હિન્દુઓની ખત્રી કોમમાંથી મુસલમાન થયેલા હોવાનું કહેવાય છે.

તેમનામાં એક કથની પ્રચલિત છે કે એક વખત તેમની વણકરો તરીકેની આવક ઘટી ગઈ હતી ત્યારે એક ફકીરે તેમને દુઆ દીધી હતી કે ભવિષ્યમાં તેમને ધૂળમાંથી સોનું મળશે.

પુરુષો મધ્યમ કદના, સારા બાંધાના, ફિક્કા ચહેરાના, પણ ઠીક મુખાકૃતિવાળા હોય છે. તેઓ દાઢી રાખે છે અને માથાના વાળ લાંબા વધવા દે છે. સ્ત્રીઓ સારા બાંધાની, ઘઉંવર્ણી અને સુંદર હોય છે. ઘરમાં તેઓ ઉર્દુ બોલે છે. સ્ત્રી પુરુષો બન્ને સાધારણ મુસલમાનો જેવો પહેરવેશ પહેરે છે.

પુરુષો સોનીઓને ત્યાંથી ધૂળ અને બીજો કચરો ખરીદી લાવે છે. તે તેઓ ધૂએ છે. ચાળણીમાંથી ચાળે છે અને તેમાંથી સોનાચાંદીના રજકણો

સંભાળપૂર્વક વીણી કાઢે છે. તેમની સ્ત્રીઓ કાંતે છે. તેઓ શાન્ત, પ્રમાણિક, સાચાબોલા, કંઈક સુસ્ત, મિતાહારી અને ઉદાર હોય છે. તેમની સ્ત્રીઓ જાહેરમાં નીકળે છે. તેમની સ્થિતિ ગરીબ હોય છે.

મઝહબે સુન્ની, તેઓ એક કોમ તરીકે ધાર્મિક વૃત્તિવાળા હોય છે. તેઓ કુરઆને શરીફ પઢેલા હોય છે અને નમાઝ પઢે છે. તેમનામાં કોઈ ખાસ રીતરિવાજ નથી. તેઓ માત્ર તેમની કોમમાં જ પરણે છે. તેમની જમાત જુદી હોય છે. અને તેમાં તેમનો પોતાનો પટેલ હોય છે. તેઓ તેમનાં છોકરાંને ઉર્દૂ અને ગુજરાતી અને કેટલીક વખત અંગ્રેજી ભણાવે છે. તેમનાંમાંથી કાઈ ઊંચી પદવીએ ચઢેલા નથી.

૮. નટ

ખેલ કરનારા નટ લોકો આખા ગુજરાતમાં નાની સંખ્યામાં મળે છે. તેઓ રખડતી કોમ છે. તેઓ તે જ નામની હિન્દુ જ્ઞાતિમાંથી મુસલમાન થયેલા છે. પુરુષો ઊંચા, મજબૂત બાંધાના, શ્યામ અને સુઘડ અવયવોવાળા હોય છે. સ્ત્રીઓ શ્યામ છતાં સુંદર હોય છે. સતત કસરત કરવાથી તેમના અવયવો સર્વોત્તમ રીતે ઘાટીલા થયેલા હોય છે. તેઓ ઉર્દૂ અને ગુજરાતી બોલે છે. તેઓ મારવાડી અને કાઠિયાવાડી બોલીઓ સમજે છે. તે ઉપરાંત તેઓ અંદર અંદર કોઈ અજબ બોલી બોલે છે. તેમનાં રહેવાનાં લાંબા, નીચાં, સપાટ મથાળાવાળા સાદડીઓના અથવા બરૂનાં ઝૂંપડાં તેઓ જ્યાં જાય છે ત્યાં તેમની સાથે લઈ જાય છે. પુરુષો સામાન્ય મુસલમાની પાઘડી અથવા ઢીલાં ફાળિયાં, બંડીઓ, કોટ અને ધોતી અથવા સાધારણ સુરવાળો પહેરે છે, સ્ત્રીઓ હિન્દુ પહેરવેશ પહેરે છે.

ચોમાસામાં પચાસથી સો કુટુંબો કોઈ મધ્ય સ્થળે એકત્ર થાય છે. ત્યાં તેઓ તેમનાં કજિયા પતાવે છે અને લગ્ન અને મરણની ક્રિયાઓ

કરે છે. સૂકી મોસમ શરૂ થતાની સાથે તેઓ આઠ દશ માણસોની ટોળીઓમાં ગધેડાં, ઘેટાં, બકરાં, કૂતરાં અને મરઘાં કૂકડાં લઈ, ગાતા નાચતા અને તંગ બાંધેલા દોરડા ઉપર ચાલવાના અને બીજા કસરતના ખેલ કરતા ભીખ માગતા ફરે છે. આ ખેલોમાં તેમની સ્ત્રીઓ મુખ્ય ભાગ ભજવે છે. તે વખતે તેઓ 'કબૂતરી', 'મછલી' અને 'ભાનુમતી' કહેવાય છે. તેઓ દોરડાં ઉપર કબૂતરીની માફક ઊડે છે, માછલીઓ માફક ડૂબકી મારે છે અને તેમ કરવામાં તેઓ કોઈ વખત સમય-સૂચકતા ગુમાવતી નથી. તે વખતે પુરુષો ઢોલ વગાડે છે. તેઓ મહેનતુ, વ્યભિચારી અને અપ્રામાણિક હોય છે. તેમની સ્ત્રીઓ પણ વ્યભિચારી હોય છે.

તેઓ તેમના છોકરાંઓની સુન્નત કરાવે છે. તેમના મુર્દાં દફન કરે છે. તે સિવાય તેઓ માત્ર નામના જ મુસલમાન હોય છે. ઇસ્લામી શરીઅત વિશે તેઓ કંઈ જ જાણતા હોતા નથી. તેઓ હિન્દુ દેવતાઓની પૂજા કરે છે અને જન્મ અને લગ્ન પ્રસંગે તેઓ હિન્દુ વિધિઓ કરાવે છે.

જ્યારે કોઈ નટ મરી જાય છે ત્યારે તેના કપાળ ઉપરનો થોડો ભાગ બાળવામાં આવે છે. તેને 'દાગ દેના' એટલે ડામ દેવાની ક્રિયા કહેવામાં આવે છે. આમ કર્યા પછી તેને દફન કરવામાં આવે છે, પણ તે વખતે જનાજાની નમાઝ પઢવામાં આવતી નથી.

૯. નાગોરી

માળવાના નાગોર ગામમાંથી આવનારા નાગોરીઓ અમદાવાદ, વીરમગામ, ભાવનગર, વડોદરા અને ભરૂચમાં રહે છે. પુરુષો મોટા કદના, સ્થૂળ, શ્યામ અને સારી મુખાકૃતિવાળા હોય છે. તેઓ માથે હજામત કરાવે છે અને ભરાવદાર દાઢી રાખે છે. તેમની સ્ત્રીઓ સુંદર અને

ઘઉંવર્ણી હોય છે. તેઓ ગુજરાતી અને ઉર્દુ મિશ્ર બોલી બોલે છે. પુરુષો બેડોળ ઘાટની મુસલમાની પાઘડી, ટૂંકો કોટ અને સામાન્ય રીતે ધોતી; પરંતુ માત્ર મોટા તહેવારોને પ્રસંગે સુરવાળો પહેરે છે. સ્ત્રીઓ મુસલમાન સ્ત્રીઓ માફક ઓઢણાં, કુરતાં અને ઇજારો પહેરે છે. ભરૂચમાં તેઓ ચોળી અને પહેરણ એક કપડાં તરીકે શીવેલાં પહેરે છે.

તેઓ ગાડાં ફેરવે છે. રેલ્વેના જમાના પહેલાં, તેઓ માળવામાંથી માલ અને માણસો અમદાવાદ લાવતા હતા. હવે તેઓ ટૂંકી મજલોની જ મુસાફરી કરે છે. તેઓ મહેનતુ, કરકસરીઆ, મિતાહારી, તકરારી અને સાધારણ રીતે પ્રામાણિક હોય છે. તેમની સ્ત્રીઓ મજૂરી કરે છે અને દૂધ વેચે છે. તેઓ મઝહબે નામના સુન્ની હોય છે. એક કોમ તરીકે પુરુષ વર્ગ ધાર્મિક વૃત્તિવાળા હોતા નથી તેમનામાંથી થોડા જ કુરઆને શરીફ પઢી જાણે છે અથવા નમાઝ પઢે છે. પુરુષોથી ઉલટી રીતે સ્ત્રીઓ નમાઝ પઢવાની કાળજી રાખે છે. તેઓ સાધારણ રીતે કોઈ પીરઝાદાને માને છે.

તેમનામાં કોઈ ખાસ રીતરિવાજ નથી. તેઓ માત્ર તેમની જ કોમમાં પરણે છે. તેઓ જુદી કોમ તરીકે રહે છે. તેમની જમાતનું જુદું બંધારણ અને તેમાં લોકો તરફથી ચૂંટેલો પટેલ હોય છે. તેઓ તેમનાં છોકરાંને ભણાવતા નથી. એકંદરે તેઓ પડતી હાલતમાં છે.

ગુજરાતના ઉત્તર ભાગમાં પાલનપુરના નાગોરીઓની સંખ્યા સૌથી વધારે છે. પાલનપુરની રાજ્યગાદી પહેલાં નાગોરમાં હતી.

તેમણે ગાડાં ફેરવવાનો તેમનો મૂળ ધંધો છોડી દીધેલો છે. હવે હથિયારો ધારણ કરવાનો ધંધો તેમને અખ્તયાર કરેલો છે. તેથી જોકે તેઓ પોતાને ‘ ખાન ’ કહેવડાવે છે અને જોકે હવે તેઓ બધા એક જ કોમ તરીકે એકત્ર થયેલા છે, છતાં તેમનામાં કાઝી, મુગલ અને શેખ

જેવી અટકો હોય છે, તે ઉપરથી સમજાય છે કે તેઓ એક વખત તે નામોની વિવિધ કોમોમાંથી હોવા જોઈએ. પાલનપુરી નાગોરીઓ મરણ, પરણ અને સુન્નતના પ્રસંગોએ નાતવરા કરવાના ઘણા શોખીન હોય છે. આવા જમણોને તેઓ એટલી અગત્ય આપે છે કે ત્યાંનો કોઈપણ નાગોરી આવો એકાદ વરો કરવામાં પોતાનાં ઘરબાર વેચી સારી આખી જિંદગાની કમાણી ઉડાવી દે છે. જો તે માણસ તેવો નાતવરો કરવા તૈયાર હોતો નથી તો નાતીલા ભેગા થઈ તેને તેમ કરવા ફરજ પાડે છે. તેથી જોકે તેઓ મહેનતુ અને કરકસરીઆ હોય છે; છતાં તેમનામાંથી જૂજ માણસો જ તવંગર અથવા આબાદ હોય છે અને બાકીના હમેશા શાહુકારના કરજમાં ડૂબેલા હોય છે. જૂનાગઢ તાબે વંથલીમાં એક નાગોરી કુટુંબ માલદાર છે તે મુંબઈમાં વેપાર કરે છે.

૧૦. પખાલીઓ

પાણીની પખાલો ભરનારા 'પખાલીઓ' અને પાણીની નાની મસકો ભરનારા 'મસકીઓ' અથવા 'ભીસ્તીઓ' અથવા વધારે શુદ્ધ સ્વરૂપમાં 'બેહેસ્તીઓ' અથવા 'બહેસ્ત': સ્વર્ગવાળાઓ કહેવામાં આવે છે. તેઓ આખા ગુજરાતમાં સંખ્યાબંધ મળે છે. તેઓ હિન્દુઓની પખાલી જ્ઞાતિમાંથી મુસલમાન કહેવાય છે તેમનામાં બે પેટા વિભાગ છે. એક ગુજરાતના ઉત્તર ભાગમાં અને બીજો દક્ષિણ ભાગમાં.

પુરુષો નીચા કદના, મજબૂત બાંધાના અને શ્યામ હોય છે. કેટલાક માથે હજામત કરાવે છે અને બીજા માથે લીલી સૂકી હવાથી રતુમડા થઈ ગયેલા વાળ વધારે છે. તેઓ દાઢી ટૂંકી રાખે છે. તેમની સ્ત્રીઓ નીચા કદની અને શ્યામ હોય છે. ઘરમાં તેઓ ઉર્દૂ બોલે છે. તેઓ ઊંચા ચોરણા પહેરે છે. તે સિવાય પુરુષો ગરીબ વર્ગના મુસલમાન જેવા

પહેરવેશ પહેરે છે. મહી નદીના ઉત્તર પ્રદેશમાં સ્ત્રીઓ હિન્દુઓનો અને દક્ષિણ પ્રદેશમાં મુસલમાનોનો પહેરવેશ પહેરે છે. પુરુષો પખાલો ભરે છે. છોકરાના જન્મ પછી ચાલીસમા દિવસની ક્રિયાઓ માટે બરૂની અને ઘાસની નાની હોડીઓ બનાવે છે. પખાલો લઈ જવા લાવવા માટે મહી નદીના ઉત્તર પ્રદેશમાં બળદો અને દક્ષિણ પ્રદેશમાં પાડા રાખે છે. સ્ત્રીઓ પુરુષોને પાડા કે બળદો હાંકવામાં મદદ કરે છે. પુરુષો શાન્ત, પ્રામાણિક અને સુરત સિવાયના જિલ્લાઓમાં મિતાહારી, મહેનતુ, કરકસરીઆ અને મોજમજાના શોખીન હોય છે. તેઓ સુખી સ્થિતિમાં છે. મઝહબે સુન્ની. તેમનામાં જૂજ માણસો જ કુરાને શરીફ પઢી જાણે છે, અથવા નમાઝ પઢવાની કાળજી રાખે છે. તેમનામાં કોઈ ખાસ રીતરિવાજ નથી.

સુરતી પખાલીઓ સિવાય બીજા માત્ર પોતાની કોમમાં જ પરણે છે. તેમની જમાતનું બંધારણ હોય છે અને તેમાં તેમનો પોતાનો ચૂંટી કાઢેલો પટેલ હોય છે. અમદાવાદમાં તેમને ભેગા થવાનો 'ચોરો' હોય છે. ત્યાં તેઓ વાતો કરવા ભેગા થાય છે. ગાયનના જલસા પણ તેઓ ત્યાં જ કરે છે. તેઓ તેમનાં છોકરાંને ભણાવતા નથી. તેમનામાંથી કોઈ ઊંચી પદવીએ પહોંચેલા નથી.

૧૧. બજાણિયા

બજાણિયા કેટલાક હિન્દુ અને કેટલાક મુસલમાન હોય છે. તેમની કોમનો મુખી રાધનપુરમાં રહે છે. તેઓ કસરતના ખેલ કરે છે અને દોરડાં ઉપર નાચે છે. તેમનામાં છૂટાછેડાનો રિવાજ છે. વિધવાઓ પુનર્લગ્ન કરે છે.

૧૨. મપારા

અનાજ તોલનાર મપારા ગુજરાતના બધા ભાગમાં મળે છે. તેઓ હાથીદાંતની ચૂડીઓ બનાવનારા મણિયારોને ઘણી રીતે મળતા આવે છે.

૧૩. માછીઓ

માછીઓ મુખ્યત્વે અમદાવાદમાં છે. તેઓ હિન્દુઓની ભોઈ અને ખારવા જ્ઞાતિઓમાંથી મુસલમાન થયેલા છે. તેઓ ઊંચા, સારા બાંધાના અને ઘણા શ્યામ હોય છે.

તેમનામાં બે પેટા વર્ગ છે: પક્ષની અંદરના (inland) માછીઓ અને દરિયાકિનારાના માછીઓ. બન્ને વર્ગ ઉર્દૂ બોલે છે. કેટલાક ધોતી પહેરે છે. તે સિવાય બન્ને વર્ગના માછીઓ સાધારણ મુસલમાની પહેરવેશ પહેરે છે. દેશની અંદરના માછીઓની સ્ત્રીઓ લગ્ન અને મરણ પ્રસંગોએ મજૂરી કરે છે. દરિયાકિનારાના માછીઓ ઇંગ્લૅન્ડ અને ચીન જેટલા દૂર દેશોની સફર કરે છે; તેઓ જ્યારે ધંધામાં હોય છે ત્યારે સ્ત્રીઓ તેઓ દરિયામાંથી મચ્છીઓ પકડે છે જ્યારે પુરુષો ઘેર હોય છે ત્યારે તેમની સ્ત્રીઓ મચ્છી વેચે છે; પરંતુ જ્યારે પુરુષો સફરે જાય છે ત્યારે તેઓ રૂ કાંતે છે. દેશની અંદરના માછીઓ સુસ્ત અને કજિયાખોર હોય છે. તેઓ કરકસર કરતા નથી, તેમ તેઓ મિતાહારી પણ હોતા નથી. દરિયાકિનારાના માછીઓ કરકસરીઆ, મિતાહારી, ધાર્મિક વૃત્તિવાળા અને સુખી સ્થિતિના હોય છે. દરિયાકિનારાના કોઈ માછી લાંબી સફરે જાય છે ત્યારે તે તેની સ્ત્રીને પૈસા આપતો જાય છે. આનો વહીવટ તે સ્ત્રી ઘણી ત્રેવડથી કરે છે. અને પોતે નીતિ સાચવી, ઘણી વિવેક બુદ્ધિથી ઘર નિભાવે છે.

દેશની અંદરના માછીઓ માત્ર નામના જ મુસલમાન હોય છે, તેથી ઊલટા દરિયાકિનારાના માછીઓ મઝહબે સુન્ની, ધાર્મિકવૃત્તિ-

વાળા અને સ્ત્રી-પુરુષો બન્ને કુરઆને શરીફ પઢી જાણે છે અને નમાઝ પઢવાની કાળજી રાખે છે.

બન્ને વર્ગોમાંથી કોઈ વર્ગમાં કોઈ વિશિષ્ટાચારો નથી. તેમનો દરેક વર્ગ પોતાની કોમમાં જ પરણે છે. તેમની જમાતનું બંધારણ હોય છે અને તેમાં પટેલ હોય છે. એમાંથી કોઈ વર્ગ તેમનાં છોકરાંને ભણાવતા નથી. તેમનામાંથી કોઈ વર્ગ ઊંચા હોદ્દા ઉપર ચઢેલા નથી.

૧૪. માળીઓ

મુસલમાન માળીઓનું માત્ર એક જ કુટુંબ અમદાવાદમાં ગઈ સદીની આખરમાં હતું. તેઓ હિન્દુઓની તે જ જ્ઞાતિમાંથી મુસલમાન થયેલા કહેવાય છે. આ લોકો ઉપર કહેલા ઘોરખોદિયા સાથે પરણે છે. આ માળીઓ મૈયતો માટે ફૂલની ચાદરો બનાવે છે. તે સિવાય તેઓ ઘોરખોદિયાથી કોઈ રીતે જુદા પડતા નથી.

૧૫. વણઝારા

વણઝારા અથવા બનઝારા અર્થાત્ વેપારીઓ (વણજ=વેપાર) છે. તેઓ આખા ગુજરાતમાં મળે છે. તેઓ એ જ નામની હિન્દુ જ્ઞાતિમાંથી મુસલમાન થયેલા છે. બ્રીગ્સના કહેવા પ્રમાણે વણઝારા રાઠોડ, બરતીઆ, ચૌહાણ અને પવાર નામની રજપૂત કોમોમાંથી છે. બ્રીગ્સવન = બન = જંગલ ઉપરથી તેમને વનમાં રહેનાર અથવા બનમાંથી આવનારા માને છે.

તેમની એક શાખાને 'લવાની' કહે છે. લવણ = મીઠું, એ ઉપરથી એ નામ પડ્યું હોય. તેઓ મોટે ભાગે મીઠાનો વેપાર કરતા હોય છે. અંગ્રેજી અમલ દરમ્યાન તેઓ લશ્કરમાં દાખલ થયેલા હતા.

તેઓ રખડતી કોમ છે. ચોમાસામાં તેઓ તેમનાં જાનવરોને જ્યાં પૂરતો ઘાસચારો મળે ત્યાં મુકામ કરે છે અને સૂકી મોસમોમાં તેઓ મારવાડ અને ગુજરાત વચ્ચે આવજા કરે છે.

તેઓ મધ્યમ કદના, મજબૂત બાંધાના પણ એકવડા કોઠાના અને માંસાળા હોય છે. પુરુષો માથાના વાળ લાંબા અને દાઢી સાધારણ લાંબી રાખે છે. તેમની સ્ત્રીઓ પણ મધ્યમ કદની; પરંતુ પુરુષો કરતાં જરા વધારે સ્થૂળ, શ્યામ અને બિહામણા દેખાવની હોય છે. તેઓ અંદર અંદર તેમની પોતાની બોલી બોલે છે, જે બીજા સાધારણ મુસલમાનો સમજી શકતા નથી. પુરુષો મારવાડી પાઘડી, કોટ અને ધોતી પહેરે છે. સ્ત્રીઓ સાડીઓ પહેરે છે. તેઓ માથાના વાળમાં નવ ઈંચ લાંબી લાકડી ખોસે છે. તે લાકડીનું મથાળું પ્યાલા જેવું પહોળું હોય છે. તેથી તેમની સાડી માથા ઉપરથી તેટલી ઊંચી રહે છે. સાડી સાથે તેઓ પીઠ વિનાની ચોળી, નીચો ઘેરવાળો ઘાઘરો અને ચાંચવાળાં પગરખાં પહેરે છે. તેમનાં ઘરેણાં વિચિત્ર હોય છે. તેઓ માથા ઉપર દરેક લમણા ઉપર એકેક લાંબી ચાંદીની સાંકળી પહેરે છે. તે સાંકળીનો એક છેડો માથા વચ્ચેના વાળની લટમાં અને બીજો છેડો કાન ઉપરના વાળની લટમાં ભરાવે છે. તે ઉપરાંત તેઓ નાકમાં નથ અને કાનમાં મોટી પતરાની અથવા પીત્તળની વાળીઓ પહેરે છે. તેમના હાથ ઉપર કાંડાથી ખભા સુધી પીત્તળની અથવા પતરાની પહોળી પટ્ટીઓની સંખ્યાબંધ ચૂડીઓ, હાથની આંગળીઓ ઉપર પતરાની વીંટીઓ અને પગમાં પીત્તળ કે પતરાની હલકી સાંકળીઓ પહેરે છે.

તેઓ બળદો વેચવા આવે છે.તે ઉપરાંત મારવાડમાંથી તેઓ ઊનના ખડબચડા કામળા લાવે છે અને બદલામાં અનાજ, મીઠું, નાળિયેર

અને તંબાકુ લઈ જાય છે. સ્ત્રીઓ વણઝારના બળદો હાંકે છે. પ્રામાણિક ધંધા માટે તેમણે સારી નામના મેળવેલી હોય છે; પરંતુ તેઓ સુસ્ત, ગંદા અને ત્રેવડ વિનાના હોય છે. એક કોમ તરીકે તેઓ ગરીબ અને કેટલાક દેવાદાર હોય છે.

તેઓ સુન્નત કરાવે છે. તેમનાં મુર્દાં દફન કરે છે અને ઇસ્લામી શરીઅત પ્રમાણે નિકાહ કરે છે; છતાં તેઓ ઇસ્લામ વિશે કંઈક જાણતા હોતા નથી. તેઓ હિન્દુ દેવતાઓમાં માને છે. તેમનાં નામ હિન્દુશાહી હોય છે. તેઓ કદી ગાયનો ગોશ્ત ખાતા નથી. તેઓ તેમની કોમ બહાર પરણે છે. તેઓ નિરાળી કોમ તરીકે રહે છે. દરેક "ટાંડ" ટોળીમાં અલગ 'નાયક' હોય છે. તેને તેમની કોમની દીવાની સ્વરૂપની તકરારીમાં પાંચસાત રૂપિયા સુધીનો દંડ કરવાનો અધિકાર હોય છે.

તેમની સ્થિતિ ગરીબ છે. તેમનો જૂનો વણઝારાનો ધંધો હવે નષ્ટ થયેલો છે; છતાં તેમણે કોઈ નવો ધંધો અખ્ત્યાર કરેલો નથી. તેથી તેઓ નાબૂદ થતા જાય છે. મુસલમાન લશ્કરોને અનાજ પૂરો પાડનાર તરીકે તેમણે મહમ્મદ તઘલક (ઈ. સ. ૧૩૪૦)થી ઔરંગઝેબ (ઈ.સ. ૧૬૫૮–૧૭૦૭) સુધી ઇતિહાસમાં સ્થાન મેળવેલું હતું. તેમણે જ ઈ.સ. ૧૭૯૧–૯૨માં શ્રીરંગાપટ્ટણનાં ઘેરા વખતે લૉર્ડ કોર્નવાલિસના લશ્કરને પણ અનાજ પૂરું પાડયું હતું.

કાઠિયાવાડી વણઝારા

તેઓ કાઠિયાવાડમાં બળદોની પીઠો ઉપર અનાજ અને તમાકુ લાવે છે. સારા રસ્તા અને રેલવેનાં સાધનોને લીધે હવે તેમનો ધંધો પડી ભાંગેલો છે.

હિન્દુ વણઝારા કાલકામાતાને પૂજે છે અને વિધવાઓને પુનર્લગ્ન કરવા દે છે.

૧૬. વાદીઓ

વાદીઓમાં કેટલાક હિન્દુઓ અને કેટલાક મુસલમાન હોય છે. તેઓ મુખ્યત્વે સાપ પકડે છે અને તેના ખેલ કરે છે. તેઓ નજરબંધીના ખેલ પણ કરે છે.

તેઓ ગૌણ ધંધા તરીકે પથ્થરની નાની ઘંટીઓ, સૂપડાં અને ઘાસની ઉઢાણીઓ વેચે છે.

તેમનામાં વિધવાઓ પુનર્લગ્ન કરે છે.

૧૭. શીશગર

કાચ બનાવનાર શીશગર ખેડા જિલ્લાના કપડવંજમાં અને થોડા પંચમહાલમાં મળે છે. તેઓ હિન્દુઓમાંથી મુસલમાન થયેલા છે. પુરુષો ઊંચા, મજબૂત બાંધાના, શ્યામ અને સારી મુખાકૃતિવાળા હોય છે. તેઓ માથાના વાળ સાધારણ ટૂંકા અને દાઢી લાંબી રાખે છે. સ્ત્રીઓ શ્યામ પણ દેખાવડી હોય છે. તેઓ ઉર્દુ બોલે છે. પુરુષો અમદાવાદના સુન્ની વહોરાઓ પહેરે છે તેવી ત્રણ ખૂણાની નાની પાઘડી, કોટ અને પહોળી સુરવાળો પહેરે છે. સ્ત્રીઓ સાધારણ મુસલમાનોનો પહેરવેશ પહેરે છે. તેઓ શાન્ત, મહેનતુ, કરકસરીઆ અને થોડા અફીણી હોય છે. તે સિવાય બીજા બધા મિતાહારી હોય છે. તેઓ કાચની બાટલીઓ અને બંગડીઓ અને એવી જ બીજી ચીજો બનાવે છે. સ્ત્રીઓ તેમને તે કામમાં મદદ કરે છે. એક કોમ તરીકે તેઓ ગરીબ છે.

તેઓ મઝહબે સુન્ની હોય છે. તેમનામાંના કેટલાક કુરઆને શરીફ પઢી જાણે છે, અને નમાઝ પઢવાની કાળજી રાખે છે.

તેમનામાં કોઈ ખાસ રીતરિવાજ નથી. તેઓ માત્ર પોતાની કોમમાં જ પરણે છે. તેમની જુદી જમાત અને તેમાં તેમના મુખી હોય છે. તેમની જમાતમાં સંભાળપૂર્વક ઘડેલા નિયમો હોય છે. તેમનામાંના કેટલાક તેમનાં છોકરાંને કેળવણી આપે છે. તેમનામાંથી કોઈ ઊંચી પદવીએ ચઢેલા નથી.

પરિશિષ્ટો

પરિશિષ્ટ ૧

ઇસ્લામમાં ફિરકા

રિવાયત છે કે એક વખત કોઈ અસહાબે આંહઝરત(સલ)ને પૂછ્યું : યા રસૂલિલ્લાહ ! યહૂદીઓના ૭૧ ફિરકા થયા અને નસરાનીઓ(ખ્રિસ્તી)ના ૭૨ ફિરકા થયા તો ઇસ્લામના કેટલા ફિરકા થશે? આપે ફરમાવ્યું કે મારી ઉમ્મતના ૭૨ ફિરકા થશે અને એ પેશીનગોઈ આજે સાચી પડેલી છે:—

૧. સુન્નત વલ જમાઅત (સુન્નીઓ) તેના ચાર પેટા ફિરકા છે : ૧. હનફી, ૨. શાફઇ, ૩. માલિકી અને ૪. હંબલી.

શીઆઓના ફિરકા

૨. અસના, આશિરી, ૩. ઈસ્માઈલીઆ, ૪. ઔલીઆ, ૫. અબ્દીઆ, ૬. ઝૈદીઆ, ૭. અબ્બાસીઆ, ૮. ઇસ્હાકીઆ, ૯. મુતનાસખીઆ, ૧૦. રાજઇવા, ૧૧. મુતરાઝીઆ, ૧૨. શીઇયા.

૧૩. ખ્વારિઝી ફિરકા

૧૪. અઝરકિયા, ૧૫. અબોખીઆ, ૧૬. સઅલબીઆ, ૧૭. ખરઝમીઆ, ૧૮. ખલાફીઆ, ૧૯. કરઝીઆ, ૨૦. કનઝીઆ, ૨૧. મૌતઝીલા, ૨૨. મયસુનીઆ, ૨૩. મહદુમીઆ, ૨૪. અજશીઆ. ૨૫. શમરાખીઆ.

મઝહબે ઝીબ્રીઆના ફિરકા

૨૬. કુતઝરીઆ, ૨૭. (?), ૨૮. (?), ૨૯. મેરાસીઆ, ૩૦. કશલીઆ, ૩૧. સાબકીઆ, ૩૨. ખુફીઆ, ૩૩. ફીકીઆ, ૩૪. હસબીઆ, ૩૫. મસઇયા, ૩૬. જીબ્બીઆ.

૩૭. મઝહબે કાદરિયાના ફિરકા

૩૮. અહમદીઆ, ૩૯. સનબીઆ, ૪૦. ફીસાનીઆ, ૪૧. શતાનીઆ, ૪૨. શરફીઆ. ૪૩. વહમીઆ, ૪૪. નાકશીઆ, ૪૫. તબરીઆ, ૪૬. કાસલીઆ, ૪૭. નિઝામીઆ, ૪૮. મેઝલીઆ, ૪૯. આબ્દીઆ.

મઝહબે ઝહીમીઆના ફિરકા

૫૦. મોબીતીઆ, ૫૧. મૂરબદીઆ, ૫૨. મુતરાફીઆ, ૫૩. વાહેદીઆ. ૫૪. હાકીઆ, ૫૫. મખ્લુકીઆ, ૫૬. ગાદ્દરીઆ, ૫૭. ફાનીઆ, ૫૮. ઝનવાકીઆ, ૫૯. બાફઝીઆ, ૬૦. કબરીઆ, ૬૧. વાંકહીઆ.

મઝહબે મુર્જીયાના ફિરકા


૬૨. તારકીઆ, ૬૩. મશાહીઆ, ૬૪. શાર્કાઆ, ૬૫. તેહમીઆ, ૬૬. ઇલ્મીઆ, ૬૭. બદઇયા, ૬૮. મનકુશીઆ, ૬૯. મુસ્તરાબીઆ, ૭૦. આરબીઆ, ૭૧. મશબીઆ, ૭૨. હશબીઆ, ૭૩. જઇઆ.

નીચેના ફિરકા કે મઝહબ વધારાના છે:

૧. વહ્હાબીઆ, ૨. નેહારી; ૩. કાદિયાની, ૪. દીનેઇસાહી. ૫. સાલમીઆ, ૬. એહલે કુરઆન, ૭. બાબી, (બહાઈ), ૮. રોશનીઆ, ૯. એહલેહદીસ, ૧૦. ફરહુદીઆ, ૧૧. મહદવીઆ, ૧૨. ઝૈદીઆ.

પરિશિષ્ટ ૨

મુસલમાનોના મુખ્ય પેટાવિભાગો



પરિશિષ્ટ ૩

સુન્નીઓના ચાર ઇમામો

નામ	હિજરી સન	ઈસવી સન
૧. ઇમામે આઝમઅબુ હનીફા નો'માન ઇબ્ન સાબિત અલ કૂફી	૮૦–૧૫૦	૬૯૯–૭૬૭ ૭૦૧–૭૯૯
અબુ હનીફાના બે શાગિર્દો–		
૧. અબુ યૂસુફ યાકુબ ઇબ્ન ઇબ્રાહીમ અલકૂફી	૧૧૩–૧૮૨	૭૩૧–૭૯૮
૨. (અબુ અબ્દુલ્લા) મોહમ્મદ ઇબ્ન હુસેન અશ-શયબાની	૧૩૨–૧૮૭	૭૪૯–૮૦૨

નામ	હિજરી સન	ઈસવી સન
૨. અબુ અબ્દુલ્લા માલિક ઇબ્ન	૯૫–૧૭૫	૭૧૩–૭૯૫
અનસ		૭૧૮–૭૯૫
૩. અબુ અબ્દુલ્લા મોહમ્મદ ઇબ્ન ઇદરીસ અલ-શાફઈ	૧૫૦–૨૦૪	૭૬૭–૮૧૯/૨૦
૪. અબુ અબ્દુલ્લા અહમદ અલ-શયબાની અલ-મર્વઝી ઇબ્ને હંબલ		૭૬૮–૮૨૭

સુન્નીઓના 'ઇમામો' સંબંધે એવો અર્થ કરવાનો છે કે તેમણે ઇસ્લામી શરીયતના મૂળ આધારો કુરઆને શરીફ તથા હદીસ શરીફ ઉપરથી ઇસ્લામી ધારાશાસ્ત્ર તૈયાર કર્યું હતું, જેને "ફીકહ" કહેવામાં આવે છે.

શીઆઓ તેમના 'ઇમામો'નો અર્થ જુદી જ રીતે કરે છે. તેમના મત પ્રમાણે ઇમામત પયગમ્બરીમાંથી અને પયગમ્બરી અલ્લાહ તા'લામાંથી ઉદ્દભવેલી છે, તેથી તેઓ તેમના ઇમામોને અલ્લાહ તા'લાના પ્રેરિત દુનિયા ઉપરના 'અવતારો' માને છે. સુન્નીઓ એવા અર્થમાં કે એવી માન્યતાથી તેમના ઇમામોને માનતા નથી.

સુન્નીઓ 'ઇમામત'ના મુકાબલામાં "ખિલાફત"માં માને છે અને તે માટે તેઓ મુસલમાનોમાંથી સૌથી વધારે નેક અને સૌથી વધારે પરહેઝગારને પોતાના 'ખલીફા' તરીકે બહુમતીથી ચૂંટી કાઢે છે.

શીઆઓના મત પ્રમાણે, ઇમામ "મા'સુમ" (infallible) હોવા જોઈએ. સુન્નીઓના મત પ્રમાણે, ઇમામ તેમ હોવાની જરૂર નથી.

આ તફાવત લક્ષમાં રાખીને સુન્નીઓના મજકૂર 'ઇમામો' સમજવાના છે. તેમને માટે 'ઇમામ' ઉપનામ પ્રચલિત થઈ ગયેલું છે. માટે ઉપર મથાળામાં એ શબ્દપ્રયોગ કરેલો છે, પરંતુ તેનો અર્થ ઉપર સમજાવ્યો છે તે મુજબ કરવાનો છે.

શીઆ ઇમામો

શીઆ ઇમામ 'મા'સુમ' infallible ઉપરાંત વંશપરંપરાના છે. તે ભૂલને પાત્ર નથી. તેમ તે પાપથી પણ પર છે. સુન્ની મુસલમાનો આ વિશેષાધિકારો privilege માત્ર પયગમ્બરોમાં જ હોવાનું માને છે. માત્ર પયગમ્બરો જ ધાર્મિક સિદ્ધાંતો સંબંધે ભૂલ કરતા નથી તેમ તેમનામાં શારીરિક કે નૈતિક ક્ષતિઓ હોતી નથી, તેમ હોય તો તેથી તેમના ધાર્મિક ઉપદેશના પ્રચારકાર્યને હાનિ પહોંચે છે. તેથી તે બન્નેથી પર હોય છે.

પરિશિષ્ટ ૪

કુરઆનનું શીઆ ભાષ્ય

સર ડેનીસન રોસ કહે છે કે કલામુલ્લાહમાં હ. અલી(કરમ)ના નામનિર્દેશનો અભાવ શીઆઓને બહુ ગૂંચવે છે, પરંતુ સુરા મુની આયત ૪માં અલી વિશેષણ **(વ ઇન્નાહુ ફી ઉમ્મિલ કિતાબે લદયનાલ અલીયુલ હકીમ)** તેમાં તેઓ હ. અલી(કરમ)નો ઉલ્લેખ વાંચે છે. સુરા ૩૭ આ. ૪૩૦માં **(સલામુન અલી ઇલયાસીન)**માં નબી ઇલ્યાસનો ઉલ્લેખ છે, તેમાં તેઓ **"અલી યાસીન"** વાંચવાનું સૂચવે છે. તેમના ઇમામી સિદ્ધાંતોના આદેશમાં (obsession) કુરઆનમાં 'પ્રજા' માટે વપરાયેલો શબ્દ "ઉમ્મ"ને તેઓ "અઇમ્મ" વાંચી, બન્ને અરબી શબ્દોમાં અક્ષરો એકસરખા

છે, પણ ઝબર, ઝેર, પિશના ફેરફારથી ઉચ્ચાર બદલાય છે, તેથી તેમ કરી તેમાં સુરા ૨. આ. ૧૩૪, સૂ. ૩, આ. ૧૦૪, વગેરેમાં તેઓ તેમના ઇમામોના ઉલ્લેખ વાંચે છે.

સૂરા ૧૬, અન્નહલ: "મધમાખી" ની આ. ૬૮ માં છે કે "**વ અવ્હા રબ્બુકે ઇલન્નહલે:** અને તારા પરવર દિગારે માખીને શીખવ્યું છે, તેમાં શીઆઓ હ. અલી (કરમ) અને તેમની ઔલાદનો ઇશારો વાંચે છે. તેઓ કહે છે કે મધમાખી જે તંદુરસ્તી આપનાર અમૃત પેદા કરે છે તે કુરઆન સિવાય બીજું કંઈ જ હોઈ શકે નહીં. એ બેધડક ભાષ્યને કારણે જ શીઆઓએ હ. અલી (કરમને "અમીરુ'લતહલ"નું નવું ઉપનામ વિશેષત: નિઝારીઓની ધાર્મિક કૃતિઓમાં જોવામાં આવે છે.

એક છેલ્લી બાબતથી તેમની આ 'તફસીર' પૂરી થાય છે. સુરા ૯૩ની આ. ૭ માં છે કે "**વ લજદકે હબીનન ફહદા**": અને તેણે (અલ્લાહે) તને (હ. મોહમ્મદ (સલને) રસ્તો ભૂલેલો જોયો અને તેને તને સાચે માર્ગે ચઢાવ્યો. આમાં અલ્લાહ પાક હ. પયગમ્બર સાહેબ (સલ) ને સંબોધે છે. તેનો આશય છે કે ભાવિ નબીને તેમનું ઉપદેશકાર્ય સોંપતા પહેલાં બહુઈશ્વરવાદ—polytheismનો ઉલ્લેખ કરી તેમને ચેતવે છે. શીઆઓને આનો અર્થ બેસાડવામાં ભ્રાન્તિ વિષય લાગ્યો હતો. તેથી મૂળ પાઠમાં અદલાબદલી કરી. "દોલ્લન" ને બદલે "દોલ્લુન્" વાંચવાનું તેમણે સૂચવ્યું છે. આ સુધારો કરવાથી તેનો અર્થ થાય છે કે "માર્ગ ભૂલેલાએ તેને શોધી કાઢયો છે," અથવા "માર્ગ ભૂલેલો તને મળ્યો છે." તે ઉપરથી તેઓ ઇમામનો પૂર્વજ હ. પયગમ્બર સાહેબ (સલ)ની આબરૂ બચાવવા માગે છે.

ઈરાનમાં શીઆ મઝહબ રાષ્ટ્ર ધર્મ તરીકે ઈ. સ. ૧૪૯૯માં સ્વીકારવામાં આવ્યો હતો. સર એડવીન અર્નોલ્ડ કહે છે કે એ માનવું ભૂલભરેલું છે કે શીઆઓમાં હઝરત(સલ)ની 'સુન્નત'ને માનતા નથી. તેમના મઝહબી સાહિત્યમાં હદીસોનો મોટો સંગ્રહ છે. તેમાંની સુન્નીઓ ઘણી હદીસો માન્ય રાખે છે તે જ હદીસો છે. હદીસો "સહી" (સાચી) માનવામાં તેઓ આ હઝરત (સલ)ના જે સહાબીઓએ મૌલા અલી (કરમ)નો 'વારસાઈ' હક સ્વીકારવા ના પાડી હતી, તેમની આશા તેઓ ઇન્કારે છે અને માત્ર પોતાના ઇમામો અને તેમના ટેકેદારોની જ સાક્ષી તેઓ લજ્જાને પાત્ર ગણે છે. આ પ્રમાણે હ. અલી (કરમ) અને તેમના વારસોનો દાવો મજબૂત કરવામાં કામ લાગે તેવી હદીસોની જ અગત્ય તેઓ સ્વીકારે છે.

પરિશિષ્ટ ૫

સદામા શીઆઓના છ સર્વમાન્ય ઇમામો

ઈમામ	હિજરી	ઈસ્વી	રોજો
૧. હ. અલી ઇબ્ન અબુ તાલિબ અલ મુરતઝા	૧૧-૪૦	૬૩૨-૬૬૦	નજફ
૨. ઇમામ હસન ઇબ્ન અલી અલ મુજતબા	૪૦-૪૯	૬૬૯-૬૬૯	મદીના
૩. ઇમામ હુસેન ઇબ્ન અલી અશ શહીદ	૪૯-૬૦	૬૬૮-૬૮૦	કરબલા
૪. અલી અશગર ઇબ્ન હુસેન ઝેનુ'લ આબેદીન અલ-બજ્જાદ	૬૦-૯૪	૬૮૦-૭૧૩	મદીના
૫. મોહમ્મદ અલ બાકી	૬૪-૧૧૪	૭૧૩-૭૩૨	મદીના
૬. જા'ફર અસ સાદિક (જન્મ હિ. ૮૦)	૧૧૪-૧૪૮	૭૩૨-૭૬૫	મદીના

પરિશિષ્ટ—૬–૭

પરિશિષ્ટ ૬

ઇસના આશરીના બાર ઇમામો

૧ થી પરિશિષ્ટ ૬ મુજબ

	ઇમામ	હિજરી	ઇસવી	રોજો
૭.	મૂસા અલ કાઝીમ	૧૪૮-૧૮૩	૭૬૫-૮૦૭	કાઝમીન
૮.	અલી અર-રઝા	૧૮૩-૨૦૩	૮૦૦-૮૧૯	તુસ
૯.	મોહમ્મદ અલજાવિદ અલ-તકી	૨૦૩-૨૨૦	૮૧૯-૮૩૫	કાઝમીન
૧૦.	અલી અલમેહદી અલ-હાદી	૨૨૦-૨૫૫	૮૩૫-૮૬૮	સામરા
૧૧.	હસન અલ અસ્કરી અલ-નાકી	૨૫૫-૨૬૦	૮૬૮-૮૭૪	,,
૧૨.	મોહમ્મદ અબુઅલ કાસિમ અલમેહદી	૨૬૦-૨૬૫	૮૭૪ ૮૭૩ થી ૮૭૭	

આ છેલ્લા (બારમા) ઇમામ હમણાં ગયબ છે. તેઓ આવશે પછી તરત કયામત થશે. તેઓ પાંચ વરસની વયે ગયબ થયા હતા તેથી તેમને "ઇમામે ગયબ" પણ કહે છે.

પરિશિષ્ટ ૭

ઇસ્માઇલી શીઆઓના ૧૯ ઇમામો

તેમને વહોરાઓ અને ખોજાઓ બન્ને માને છે.

૧૬ થી પરિશિષ્ટ ૬ જુઓ.

ઇમામ	ઇમામતની સાલો હિજરી	ઇસવી
૭. ઇસ્માઈલ ઇબ્ન જાફર અસ સાદિક	૧૪૮-૧૫૮	૭૬૫-૭૭૫
૮. મોહમ્મદ અસ બાદિક	૧૫૮-૧૯૭	૭૭૫-૮૧૩
૯. રઝી અબ્દુલા	૧૯૭-૨૨૨	૭૧૩-૮૨૮
૧૦. તકી અહમદ	૨૧૨-૨૨૫	૮૨૮-૮૪૦
૧૧. હુસેન (? ઝકી અબ્દુલ્લા)	૨૨૫-૨૬૨	૮૪૦-૮૭૬
૧૨. અબ્દુલ્લા અલમેહદી	૨૬૨-૩૨૨	૮૦૬-૯૩૪
(મિસરની ફાતિમા ખિલાફતના પહેલા ખલીફા)		
૧૩. કાયમ બે અમર અલ્લાહ	૩૨૨-૩૩૪	૯૩૪-૯૪૫
૧૪. મન્સુર બિલ્લાહ	૩૩૪-૩૪૧	૯૪૫-૯૫૨
૧૫. મુયઝુદીન બિલ્લાહ	૩૪૧-૩૬૫	૯૫૨-૯૭૫
૧૬. અઝીઝ બિલ્લાહ	૩૬૫-૩૮૪	૯૭૫-૯૯૫
૧૭. હાકિમઅલી અલ્લાહ	૩૮૬-૪૧૧	૯૯૬-૧૦૨૦
૧૮. ઝાહિરરૂદ્દીન (ઝાહિરહસન)	૪૧૧-૪૨૭	૧૦૨૦-૧૦૩૫
૧૯. મુસ્તનસિર બિલ્લાહ	૪૨૭-૪૮૭	૧૦૩૫-૧૦૯૩-૯૪

મુસ્તનસિર બિલ્લાહ પછી વારસાની તકરારમાં ખિલાફત નઝરના પુત્ર મુસ્તા'લીને મળી હતી. મુસ્તા'લીનો પક્ષ લેનારા " મુસ્તા'લીઓ " પાછળથી " વહોરાઓ " કહેવાય છે, અને વડીલ પુત્ર નિઝારનો પક્ષ લેનારા " નિઝારીઓ " પાછળથી " ખોજા " કહેવાયા છે

૨૦. મુસ્તા'લી	૧૦૯૪-૧૧૦૧
૨૧. અમીર બિલ્લાહ	૧૧૦૧-૧૧૨૯

મિસરની ફાતિમી ખિલાફતના છેલ્લા ખલીફા તેમને ઈસ્માઇલી નિઝારી ફિદાઇઓએ શહીદ કર્યા હતા.

પરિશિષ્ટ ૮

ખોજાઓના ઇમામો

૧ થી ૬—પરિશિષ્ટ ૫ જુઓ

૭ થી ૧૯—પરિશિષ્ટ ૭ જુઓ

ઇમામો	ઇમામની સાલો હિજરી	ઇસ્વી
૨૦. નિઝાર બિલ્લાહ	૪૮૭-૪૯૦	૧૦૯૩-૧૦૯૬
૨૧. હાદી (હસન અબ્બાહ)	૪૯૦-૫૩૦	૧૦૯૬-૧૧૩૫
હિન્દમાં પહેલા ઇસ્માઇલી ઉપદેશક નૂર સતગરને મોકલનાર ઇમામો		
૨૨. મોહતદી	૫૩૦-૫૫૨	૧૧૩૫-૧૧૫૭
૨૩. કાહિર	૫૫૨-૫૫૭	૧૧૫૭-૧૧૬૨
૨૪. **અલા ઝિક્રીહિસ્સલામ**	૫૫૭-૫૬૧	૧૧૬૨-૧૧૬૬
(હસન બિન મોહમ્મદ બિન બુઝુર્ગ ઉમીદ)		
૨૫. ઝિયાઉદ્દીન મોહમ્મદ	૫૬૧-૬૦૭	૧૧૬૬-૧૨૧૦
૨૬. જલાલુદ્દીન હસન	૬૦૭-૬૧૮	૧૨૧૦-૧૨૨૧
૨૭. અલાઉદ્દીન મોહમ્મદ	૬૧૮-૬૫૩	૧૨૨૧-૧૨૫૫
૨૮. **રૂક્નુદ્દીન ખુરશાહ**	૬૫૩-૬૫૪	૧૨૫૫-૧૨૫૬

ચંગીઝખાનના પૌત્ર હલાકુખાને ૧૨૫૫માં ઈરાનની ઇસ્માઇલી વસ્તીને કત્લેઆમ કરી તેમના સઘળા કિલ્લાઓ જમીનદોસ્ત કર્યા હતા.

૨૯. શમ્સુદ્દીન મોહમ્મદ	૬૫૪-૭૧૦	૧૨૫૩-૧૩૧૦
૩૦. કાસિમશાહ	૭૧૦-૭૭૧	૧૩૧૦-૧૩૭૦
૩૧. ઇસ્લામશાહ	૭૭૧-૮૨૭	૧૩૭૦-૧૪૨૪

ઇમામો	હિજરી	ઇસવી
૩૨. મોહમ્મદ	૮૨૭-૮૬૮	૧૪૨૪-૧૪૬૪
૩૩. મુસ્તનસિર બિલ્લાહ	૮૬૮-૮૮૦	૧૪૬૪-૧૪૭૬
૩૪. અબ્દુર-સલામ	૮૮૦-૮૯૯	૧૪૭૬-૧૪૯૪
૩૫. ગરીબ મિર્ઝા	૮૯૯-૯૦૨	૧૪૯૪-૧૪૯૭
૩૬. બદરઅલી	૯૦૨-૯૧૫	૧૪૯૭-૧૫૦૯
૩૭. મુરાદ મિર્ઝા	૯૧૫-૯૨૦	૧૫૦૯-૧૫૧૪
૩૮. ઝુલ્ફિકારઅલી	૯૨૦-૯૨૨	૧૫૧૪-૧૫૧૬
૩૯. નુરૂદ્દીનઅલી	૯૨૨-૯૫૭	૧૫૧૬-૧૫૫૦
૪૦. ખલીલુલ્લાહઅલી (૧)	૯૫૭-૯૯૩	૧૫૫૦-૧૫૮૫
૪૧. નજરઅલી	૯૯૩-૧૦૩૮	૧૫૮૫-૧૬૨૯
૪૨. સૈયદઅલી	૧૦૩૮-૧૦૭૧	૧૬૨૯-૧૬૬૧
૪૩. હસનઅલી	૧૦૭૧-૧૧૦૬	૧૬૬૧-૧૬૯૫
૪૪. કાસિમઅલી	૧૧૦૬-૧૧૪૩	૧૬૯૫-૧૭૩૧
૪૫. અબુલહસન	૧૧૪૩-૧૧૯૪	૧૭૩૧-૧૭૮૦
૪૬. ખલીલુલ્લાહઅલી (૨)	૧૧૯૪-૧૨૩૩	૧૭૮૦-૧૮૧૭
૪૭. હસનઅલી શાહ	૧૨૩૩-૧૨૯૮	૧૮૧૭-૧૮૮૧

હિન્દમાં સ્થાયી રહેવા આવનાર પહેલા ઇસ્માઇલી ઇમામ અને પહેલા **હિઝ હાઇનેસ આગાખાન.**

૪૮. અલી શાહ	૧૨૯૮-૧૩૦૨	૧૮૮૧-૧૮૮૫
૪૯. સુલ્તાન મોહમ્મદ શાહ	૧૩૦૨-૧૩૭૬	૧૮૮૫-૧૯૫૯
૫૦. કરીમ શાહ	૧૩૭૬-	૧૯૫૯

હાલના નામદાર આગાખાન

પરિશિષ્ટ ૯

ખોજાઓના પીર

(જેમનાં નામની ખોજાઓ તસ્બી પઢે છે)

૧. નબી મોહમ્મદ (અલ.)	૨. ઈમામ હુસેન
૩. કાસમ શાહ	૪. અહમદઅલી
૫. નૂર સતગર	૬. ઇમામદીન
૭. મોહમ્મદ મન્સુર	૮. ગોલબદીન
૯. અબ્દુલ અઝીઝ	૧૦. મુસ્તનસિરબિલ્લાહ
૧૧. અહમદ હાદી	૧૨. કાસમ શાહ
૧૩. મોહમ્મદ	૧૪. મહમૂદ
૧૫. મહાબદીન	૧૬. ખાલકદીન
૧૭. અબ્દુલ મુમન	૧૮. ઇસ્લામ દીન
૧૯. અલાઉદ્દીન	૨૦. શમ્સુદ્દીન
૨૧. નસીરૂદ્દીન	૨૨. સાહેબદીન
૨૩. સદરૂદ્દીન	૨૪. હસન કબીરૂદ્દીન
૨૫. તાજદીન	૨૬. પંદીયાદે જવાંમર્દી (કિતાબનું નામ છે)
૨૭. અલાઉદ્દીન	૨૮. કાસમ શાહ
૨૯. નઝીર મોહમ્મદ	૩૦. દાદુ ઉર્ફે દાઉદ
૩૧. આગા હસન શાહ	૩૨. મોહમ્મદ
૩૩. આગા અઝીઝ	૩૪. મેરા બેગ
૩૫. આગા અલી અકબર	૩૬. આગા અલી અસ્કર
૩૭. હસન અલી	૩૮. અબુ'બ કાસમ અલી
૩૯. અબુ'લ હસન અલી	૪૦. બીબી ફાતેમા
૪૧. આગા અલી શાહ	૪૨. આગા મોહમ્મદ સુલતાન

પરિશિષ્ટ ૧૦

ઇસ્માઈલી ફિદાઇઓએ કરેલાં રાજદ્વારી ખૂન

ઈસવી સન

૧૦૯૨ નિઝામ-ઉલ-મુલ્ક. ઈરાનના શાહ મલિક શાહનો વઝીર.

૧૧૦૨ ઈરાનનો સલ્જુકીશાહ અને થોડી મુદત પછી તેનો શાહ-ઝાદો.

૧૧૧૩ મુસિલનો બાદશાહ

૧૧૧૪ અબુ'બમુઝફ્ફરઅલી, સંજરશાહનો વઝીર અને સફરબેગ, સંજરશાહનો કાકો

૧૧૧૬ અહમદયલ, મરાધાનો બાદશાહ-તેને ઈરાનના શાહ સુલ્તાન મોહમ્મદની હાજરીમાં કત્લ કર્યો હતો.

૧૧૨૧ અમીર અફ્ઝલ, મિસરનો વઝીર.

૧૧૨૬ કાસમ ઑફ સિકંદર, મુસિલ અને એલોપોનો બાદશાહ,

૧૧૨૭ મોહિયુદ્દીન , ઈરાનના સંજરશાહનો વઝીર.

૧૧૨૯ અમીર બિલ્લાહ–મિસરના ફાતિમી ખિલાફતના છેલ્લા ખલીફ

૧૧૩૧ તાજુલમુલ્ક બુરી–દમસ્કનો બાદશાહ.

૧૧૩૪ શમ્શુલમુલ્ક અને તેનોશાહજાદો

૧૧૩૫થી ૧૩૮ ખલીફા મુસ્તરશીદ, ખલીફા

૧૧૩૮ રાશીદ અને આઝીરબાયજાનનો બાદશાહ દાઉદ.

૧૧૪૯ ત્રિપોલીનો કાઉન્ટ રેમાન્ડ.

૧૧૯૧ કીઝીલ અરસ્લાન, આઝીરબાયજાનનો બાદશાહ.

૧૧૯૨ જેરૂસલમનો બાદશાહ, કોમરેડ ઓફ મોન્ફર્ડ. (આ ખૂન ઇંગ્લેન્ડના બાદશાહ રીચર્ડની ઉશ્કેરણીથી કરવામાં આવ્યાનો શક છે.

૧૨૧૭ ઇમધાનના બાદશાહ ઓગલમીસને મારી નાખવાની કોશિશ.

૧૨૭૧ બગદાદનો હાકિમ અને મોન્ગોલોનો તવારીખ લખનાર અલાઉદ્દીનજુવાઇની.

૧૨૭૨ ઇંગ્લેન્ડનો રાજા એડવર્ડ (૨) ક્રુઝેડો વખતે એકરમાં.

પરિશિષ્ટ ૧૧

દાઉદી વહોરાઓના દાઇઓ

(વડા મુલ્લાજી સાહેબો)

	નામ	હિજરી સાલ
૧.	ઝુએબ બિન મૂસા	૫૩૨-૫૪૬
૨.	ઈબ્રાહીમ બિન હસન અલ હમીદ	૫૪૬-૫૫૭
૩.	હાતિમ બિન ઇબ્રાહીમ અલ હમીદી	૫૫૭-૫૯૬
૪.	અલી બિન હાતિમ શમ્સુદ્દીન	૫૯૬-૬૦૫
૫.	અલી બિન મૌલાના મોહમ્મદ વાલીદ	૬૦૫-૬૧૬
૬.	અલી બિન હનઝાલ	૬૧૬-૬૨૬
૭.	અહમદ બિન મુબારિક	૬૨૬-૬૨૭
૮.	હુસેન બિન અલી બિન મોહમ્મદ બિન વાલીદ	૬૨૭-૬૮૨
૯.	અલી બિન હુસેન બિન અલી	૬૬૭-૬૮૨
૧૦.	અલી બિર હુસેન બિનઅલા બિન હનઝાલા	૬૮૨-૬૮૬
૧૧.	ઇબ્રાહીમ બિન હુસેન બિનઅલી બિન મોહમ્મદ અલ વાલીદ	૬૮૬-૭૨૮
૧૨.	મોહમ્મદ બિન હાતિમ બિન હુસેન	૭૨૮-૭૨૯
૧૩.	અલી શમ્સુદ્દીન (૨) બિન ઇબ્રાહિમ	૭૨૯-૭૪૬
૧૪.	અબ્દુલ મુત્તલિબ નજમુદ્દીન (૧) બિન મોહમ્મદ બિન હાતિમ	૭૪૬-૭૫૫

	નામ	હિજરી સાલ
૧૫.	અબ્બાસ બિન મોહમ્મદ બિન હાતિમ	૭૫૫-૭૭૯
૧૬.	અબ્દુલ્લા ફખરૂદ્દીન બિન અલી	૭૭૯-૮૦૮
૧૭.	હસન બદરૂદ્દીન (૧) બિન અબ્દુલ્લા ફખરૂદ્દીન	૮૦૮-૮૨૧
૧૮.	અલીશમ્સુદ્દીન (૩) બિન અબ્દુલ્લા ફખરૂદ્દીન	૮૨૧-૮૩૨
૧૯.	ઇદરીસ ઇમામુદ્દીન (૧) બિન હસન બિન અબ્દુલ્લા	૮૩૨-૮૭૨
૨૦.	હસન બદરૂદ્દીન (૨) બિન બદરીસ ઇમામુદ્દીન	૮૭૨-૯૧૮
૨૧.	હુસેન હુસામુદ્દીન (૧) બિન ઇદરીસ ઇમામુદ્દીન	૯૧૮-૯૩૩
૨૨.	અલી શમ્સુદ્દીન બિન હુસેન	૯૩૩-૯૩૩ (ફક્ત એક મહિનો)
૨૩.	મોહમ્મદ ઇઝ્ઝુદ્દીન (૧) બિન હસન બદરૂદ્દીન	૯૩૩-૯૪૨
૨૪.	યુસુફ નજમુદ્દીન (૨) બિન સુલયમાન	૯૪૨-૯૭૪

યમનથી ગુજરાતમાં આવી, સિદ્ધપુરમાં ગાદી સ્થાપનાર પહેલા વડા મુલ્લાંજીસાહેબ

૨૫.	જલાલ શમ્સુદ્દીન (૫) બિન હસન	૯૭૪-૯૭૫

આ મુલ્લાંજીએ ગાદી અમદાવાદ ફેરવી હતી.

૨૬.	દાઉદજી બુરહાનુદ્દીન (૧) બિન અજબ શાહ	૯૭૫-૯૯૯

આ મુલ્લાંજીની વફાત પછી ગુજરાતના વહોરાઓએ એક દાઉદ બિન કુત'બશાહને મુલ્લાંજી તરીકે પસંદ કરી, તે ખબર યમન મોકલી હતી. દરમ્યાન **યમનના** ઇસ્માઈલીઓએ એક **સુલયમાનને** વડા મુલ્લાંજી નીમી, તેમને ગુજરાતમાં મોકલ્યા હતા. ગુજરાતના વહોરાઓ-માંથી જે જૂજ માણસોએ સુલયમાનને સ્વીકાર્યા હતા, તેઓ **સુલયમાની વહોરાઓ** કહેવાયા, બાકીના જેમણે દાઉદ બિન કુતુબશાહનો પક્ષ લીધો હતો તેઓ **દાઉદી વહોરા** કહેવાયા હતા.

૨૭. દાઉદજી બુરહાનુદ્દીન (૨) બિન કુતુ'બશાહ ૯૯૯-૧૦૨૧

૨૮. શેખ આદબ સયફુદ્દીન (૧) બિન તૈયબ શાહ ૧૦૨૧-૧૦૩૦

આ મુલ્લાંજીએ પોતાના વારસ તરીકે પોતાના પુત્રને છોડી, એક શેખ તૈયબને વડા મુલ્લાંજી નીમ્યા હતા. તેથી તેમના પુત્ર ઇબ્રાહીમના પુત્ર અલીએ જુદો ફિરકો પાડચો હતો. તેના અનુયાયીઓ **અલીઆ વહોરા** કહેવાયા હતા.

૨૯. અબ્દુલ તૈયબ ઝકીઉદ્દીન (૧) બિન દાઉદ બિન કુતુબશાહ ૧૦૩૦-૧૦૪૧

૩૦. અલીશમ્સુદ્દીન (૫) બિન હુસેન બિન ઇદરીસ ૧૦૪૧-૧૦૪૨

૩૧. કાસમજી ઝયનુદ્દીન બિન પીરખાન ૧૦૪૨-૧૦૫૪

૩૨. કુતુબખાન કુત્બુદ્દીન બિન દાઉદજી કુતુબશાહ. ૧૦૫૪-૧૦૫૬
ઔરંગઝેબની ગુજરાતની સૂબાગીરી દરમ્યાન આ મુલ્લાંજીને અમદાવાદમાં કતલ કરવામાં આવ્યા હતા.

	નામ	હિજરી સાલ
૩૩.	પીરખાન સુજાઉદ્દીન બિન અહમદજી આ મુલ્લાંજીએ ગાદી જામનગર ફેરવી હતી.	૧૦૫૬-૧૦૬૫
૩૪.	ઇસ્માઈલજી બદરૂદ્દીન (૩) બિન મુલ્લાં રજબ બિન મૌલાઈ આદમ	૧૦૬૫-૧૦૮૫
૩૫.	અબ્દુલ તૈયબ ઝકીઉદ્દીન (૨) બિન બદરૂદ્દીન	૧૦૮૫-૧૧૧૦
૩૬.	મુલ્લા કલીમુદ્દીન બિન ઝકીઉદ્દીન	૧૧૧૦-૧૧૨૨
૩૭.	નૂરમોહમ્મદ નૂરૂદ્દીન બિન કલીમુદ્દીન	૧૧૨૨-૧૧૩૦
૩૮.	ઇસ્માઈલ બદરૂદ્દીન (૪) બિન શેખ આદમ સયફુદ્દીન	૧૧૩૦-૧૧૫૧
૩૯.	સૈયદના ઇબ્રાહીમ વજીહુદ્દીન બિન અબ્દુલ કાદિર હકીમુદ્દીન આ મુલ્લાંજીએ ગાદી ઉજ્જૈન ફેરવી હતી.	૧૧૫૦-૧૧૬૮
૪૦.	હિબ્તુલ્લાહ સયફુદ્દીન	૧૧૬૮-૧૧૯૩
૪૧.	અબ્દુલ તૈયબ ઝકીઉદ્દીન (૩) બિન બદરૂદ્દીન	૧૧૯૩-૧૨૦૦

આ મુલ્લાંજીએ ગાદી બુરહાનપુર ફેરવી હતી. આ મુલ્લાંજીએ એકાએક વફાત પામવાથી અગાઉની ચાલતી આવેલી પ્રણાલિકા મુજબ ઇમામપ્રેરિત પોતાના વારસ તેઓ નીમી શક્યા નહોતા—તેથી તેમના અવસાન પછી "મશાએખો"એ મસલત કરી, તેમના વારસ તરીકે યુસુફ નજમુદ્દીનને વડા મુલ્લાજી નીમ્યા હતા.

૪૨.	યુસુફ નજમુદ્દીન (૨) બિન ઝકીઉદ્દીન આ મુલ્લાજીએ ગાદી સુરત ફેરવી હતી.	૧૨૦૦-૧૨૧૩

	નામ		હિજરી સાલ
૪૩.	અબ્દેઅલી સૈયફુદ્દીન બિન ઝકીઉદ્દીન		૧૨૧૩-૧૨૩૨
૪૪.	મોહમ્મદ ઇઝઝુદ્દીન બિન શેખ જીવણજી	(૨)	૧૨૩૨-૧૨૩૬
૪૫.	તૈયબ ઝયનુદ્દીન બિન શેખ જીવણજી	(૨)	૧૨૩૬-૧૨૫૨
૪૬.	મોહમ્મદ બદરૂદ્દીન બિન સયફુદ્દીન	(૫)	૧૨૫૨-૧૨૫૬
૪૭.	અબ્દુલ કાદીર નજમુદ્દીન બિન તૈયબ ઝયનુદ્દીન	(૪)	૧૨૫૬-૧૩૦૨
૪૮.	અબ્દુલ્લા હુસેન હુસામુદ્દીન બિન તૈયબ ઝયનુદ્દીન	(૨)	૧૩૦૨-૧૩૦૭
૪૯.	મોહમ્મદ બુરહાનુદ્દીન બિન નજમુદ્દીન	(૩)	૧૩૦૭-૧૩૨૩
૫૦.	અબ્દુલ્લા બદરૂદ્દીન બિન હુસામુદ્દીન	(૬)	૧૩૨૩-૧૩૩૧
૫૧.	તાહીર સયફુદ્દીન બિન મોહમ્મદ બુરહાનુદ્દીન	(૨)	૧૩૩૧-
૫૨	મોહમ્મદ બુરહાનુદ્દીન સા.		

હાલના વડા મુલ્લાંજી સાહેબ તેઓ સુરત તેમ જ મુંબઈ રહે છે, છતાં હજી ગાદીનું સ્થળ તો સુરત ગણાય છે.

મુલ્લાંજીઓ	ગાદીનું સ્થળ	હિજરી સાલ
૧ થી ૨૨	યમન	૫૩૨-૯૪૨
૨૪-	સિદ્ધપુર	૯૪૨-૯૭૪
૨૫ થી ૩૨	અમદાવાદ	૯૭૪-૧૦૫૬

મુલ્લાંજીઓ	ગાદીનું સ્થળ	હિજરી સાલ
૩૩ થી ૩૮	જામનગર	૧૦૫૬-૧૧૫૦
૩૯-૪૦	ઉજ્જૈન	૧૧૫૦-૧૧૯૩
૪૧–	બુરહાનપુર	૧૧૯૩-૧૨૦૦
૪૨ થી ૫૧ .	સુરત	૧૨૦૦ હજી સુધી

પરિશિષ્ટ ૧૨

આ પુસ્તક તૈયાર કરવામાં લેખકે જોયેલાં પુસ્તકો :

૧. બૉમ્બે ગેઝેટિયર, પુ-૯, ભા-૨, વિભાગ ૧ : "ગુજરાતના મુસલમાનો".

૨. મહાગુજરાતનાં બીજાં સરકારી ગેઝેટિયરો :—

૧. કાઠિયાવાડ ગેઝેટિયર, પૃ ૮
૨. કચ્છ અને પાલનપુર એજેન્સીનું ગેઝેટિયર, પુ. ૫
૩. ખેડા અને પંચમહાલનું ગેઝેટિયર, પુ. ૪
૪. સુરત જિલ્લાનું ગેઝેટિયર
૫. ભરૂચ જિલ્લાનું ગેઝેટિયર

૩. જસ્ટીસ સૈયદ અમીરઅલીનું "સ્પીરિટ ઑફ ઇસ્લામ".

૪. એજનનું "શૉર્ટ હિસ્ટરી ઑફ સેરેસેન્સ".

૫. સર એડવીન આર્નોલ્ડનું "પ્રીચીંગ્ઝ ઑફ ઇસ્લામ" અને તેનો ઉર્દૂ તરજુમો "દાવતે ઇસ્લામ".

૬. સર ડેનીસન રૉસનુ "ઇસ્લામ".

૭. ખા. બ. પ્રોફે. કૉમીસેરિયટનો "હિસ્ટરી ઑફ ગુજરાત", ભાગ ૧.

૮. આર. ઇ. એન્થનીનું "મુંબઈ પ્રાન્તની જ્ઞાતિઓ અને જાતો" (અંગ્રેજી) ભાગ ૧, ૨, ૩.

૯. ડૉ. બી. આર. આંબેડકરના "પાકિસ્તાન પરના વિચારો" (અંગ્રેજી).

૧૦. નીચેનાં કોમી તવારીખોનાં પુસ્તકો :—
 ૧. મેમણ તવારીખ,
 ૨. ખોજાવૃત્તાંત,
 ૩. ગુલઝારે દાઉદી.

૧૧ કેટલાંક શિષ્ટ માસિકો, જેવાં કે,
 ૧. ફાર્બસ ગુજરાતી સભાનું ત્રૈમાસિક.
 ૨. "બુદ્ધિપ્રકાશ", અમદાવાદ.
 ૩. "દીન" અમદાવાદ.

મહાગુજરાતના મુસલમાનો

ભાગ ૨

પ્રકરણ ૭૧

ઇસ્લામ ધર્મ

ગુજરાતના મુસલમાનોમાં, સુન્ની અને શિયા બન્ને મઝહબ (creeds)ના અનુયાયીઓ છે. તેમાં સુન્નીઓની સંખ્યા ઘણી મોટી છે. સુન્નીઓમાં પરદેશી અંશના સૈયદ, શેખ અને પઠાણ સિવાય, બાકીના ૯૯ સ્થાનિક હિન્દુઓમાંથી મુસલમાન આવેલા છે. શિયાઓમાં પરદેશી તત્ત્વ સૈયદો અને મોગલો છે; અને સ્થાનિક હિન્દુઓમાંથી ઘણાખરા શિયા (વેપારી) વહોરાઓ, તાઈ અને ઘણા મૌલાનાઓ છે. સૈયદોમાં શિયા અને સુન્ની બન્ને પ્રકાર છે; જોકે બહારના વર્તનમાં શિયા સૈયદો પણ સુન્ની હોવાનો દેખાવ કરે છે.

ગુજરાતમાં, સુન્ની મઝહબનો પ્રચાર મુખ્યત્વે રાજકર્તાઓની દોરવણીથી અને શિયા મઝહબનો પ્રચાર ધર્મોપદેશકોના બોધથી થયેલો છે. ઇસ્લામનો પ્રચાર કરવા ઇંતેજાર તેવા રાજકર્તાઓમાં, સૌથી પહેલો મુસલમાન સૂબો અલફખાન (ઈ. સ. ૧૨૯૭–૧૩૧૭) હતો; અને અમદાવાદના સુલતાનોમાં, મુઝફ્ફરશાહ પહેલો (૧૪૧૧–૧૪૪૧), મહમૂદ બેગડો (૧૪૫૯–૧૫૧૩) અને મુઝફ્ફરશાહ બીજો (૧૫૩૫–૧૫૫૦) હતા; તે જ પ્રમાણે, મોગલ શહેનશાહોમાં, જહાંગીર (૧૬૦૫–૧૬૨૭) અને ઔરંગઝેબ (૧૬૫૮–૧૭૦૭) હતા.

શિયા મઝહબનો ફેલાવો ખંભાતના નવાબો અને તેમના ઈરાની આશ્રિતો બાદ કરતાં, ત્રણ ઉપદેશકોને લીધે છેઃ ૧ મુસ્તાલી ઇસ્માઇલી અથવા દાઊદી વહોરા મઝહબના ઈમામ તરફથી આવેલા દાઈ અબ્દુલ્લા (૧૦૬૭), અમદાવાદ પાસેના પીરાણાના મૂળ પીર કુત્બુદ્દીન (૧૪૦૭) અને તેમના ગાદીવારસો, અને સોળમા સૈકાની શરૂઆતમાં આવનાર ઇસ્માઇલી અમીરી ઉપદેશક શાહ તાહિર.

દિલ્હીના શહેનશાહ બહાદુરશાહે (૧૭૯૭–૧૭૧૨) ૧૭૦૯માં એક ફરમાન કાઢયું હતું કે જાહેર નમાજોમાં (જેમાં ખુત્બા પઢવામાં આવે છે તે જુમા અને બે ઈદની નમાજો) તેમાં ચોથા ખલીફા હ. અલીના લકબોમાં "વસી" (વારસ—"વશીએ-રસૂલુલ્લાહ") અલ્લાહના રસૂલ (હ. મોહમ્મદ પયગમ્બર)ના વારસ લકબ ઉમેરવો. આ ફરમાનને લીધે અમદાવાદના સુન્ની મુસલમાનોમાં ઘણો અસંતોષ થયો હતો. તેમણે ખુત્બો પઢનારને "વસી" લકબ મૂકી દેવા ચેતવણી આપી હતી, પરંતુ બીજા ખુત્બામાં તેણે તે લકબ પઢવાનો આગ્રહ કરવાથી, તેને "મિમ્બર" (pulpit) ઉપરથી નીચે ખેંચી પાડી, ત્યાં જ મારી નાખ્યો હતો.

શિયા સુન્ની વચ્ચેનો મૂળ મતભેદ માત્ર એટલો જ હતો કે, જેમ સુન્નીઓ માને છે તેમ, પહેલા ત્રણ ખલીફા હ. અબુબકર, ઉમર અને ઉસ્માન, હ. પયગમ્બરસાહેબના કાયદેસર વારસ હતા કે જેમ શિયાઓ વાંધો લે છે તેમ, તેઓ હ. અલીનો ખિલાફતનો હક છીનવી લેનારા હતા. આ પ્રાથમિક અને રાજકીય મતાંતરમાંથી ધાર્મિક આચાર વિચારોમાં પણ કેટલાક મતાંતરો ઉદ્ભવ્યા છે. આમાં મુખ્ય એ છે કે શિયાઓ કુરઆનમાંના કેટલાક ભાગ એવું કહીને મૂકી દે છે કે તે ભાગ હ. ઉસ્માને પોતાના તરફથી ઉમેરેલા છે; અને હ. અલીની તારીફમાં તેઓ એક પ્રકરણ એવું કહીને ઉમેરે છે કે તે પ્રકરણ હ.

ઉસ્માને કુરઆનની આવૃત્તિમાંથી કમી કરેલું હતું. જાહેરમાં શિયાઓ પણ સુન્નીઓ પઢે છે તે આવૃત્તિવાળું કુરઆન પઢે છે. આ ફેરફારો તો તેમની ખાસ મઝહબી કિતાબોમાં હોવા જોઈએ—કુરાનમાં બીજાં કેટલાંક પ્રકરણોના અર્થ સુન્નીઓ કરે છે, તેથી જુદી રીતે શિયાઓ કરે છે. (કુરઆનની શૈલી એટલી સંક્ષિપ્ત laconic અને એટલી ગૂઢ—mystic છે કે જુદો અર્થ કરવા માટે કલ્પનાને સહેજ છૂટી મૂકવી પડે છે. સુન્નીઓમાં ચાર ઇમામોને બદલે શિયાઓ—"અસના અશરી' બાર ઇમામો માને છે; શીઆ વહોરા અને આગાખાનીઓનો એ માત્ર પહેલા ૭ ઇમામો માને છે. સુન્નીઓના ઇમામો માત્ર શરિયતનો અર્થ કરનાર "ફકીર"—theologians છે, જ્યારે શિયાઓના મજકૂર ઇમામો હ. પયગમ્બર સાહેબના ખાનદાનના હ. અલી પછીના એમના વારસો છે.

સુન્નીઓના ચાર ઇમામો			મજહબનું નામ
૧. અબુહનીફા	ઈ. સ.	૭૦૧—૭૯૯	હનફી
૨. શાફઈ	,,	૭૬૮—૮૨૭	શાફઈ
૩. માલિક	,,	૭૧૮—૭૯૫	માલિકી
૪. હંબલ	,,	૮૧૩—૮૩૩	હંબલી

શિયા અસના અશરીના બાર ઇમામો

૧. મૌલા અલી	ઈ. સ.	૬૩૨—૬૬૦
૨. ઇમામ હસન	,,	૬૬૦—૬૭૦
૩. ઇમામ હુસેન	,,	૬૭૦—૬૮૦
૪. ઝયનુલઆબેદીન	,,	૬૮૦—૭૧૨

૫. મોહમ્મદ અલબાકિર	,,	૭૧૨–૭૩૨
૬. જાફર અસ્સાદિક	,,	૭૩૨–૭૬૫
૭. મૂસા અલ કાઝીમ	,,	૭૬૫–૭૯૯
૮. અલી અરૂરઝા	,,	૭૯૯–૮૧૯
૯. મોહમ્મદ અલજાવિદ	,	૮૧૯–૮૩૫
૧૦. અલી અલ-મેહદી	,,	૮૩૫–૮૬૮
૧૧. હસન અલ-અસ્કરી	,,	૮૬૮–૮૭૩
૧૨. મોહમ્મદ અલ-મેહદી	,,	૮૭૩-

છેલ્લા ઇમામ ૮૭૩ થી ૮૭૭ દરમ્યાન અદશ્ય થયા છે. કયામત પહેલાં તે આવશે. આગાખાનીઓ તેમને "ગુપ્ત" ઇમામ માને છે અને નામદાર આગાખાનને તેમના પ્રતિનિધિ તરીકે "હાઝર" ઈમામ માને છે.

ગુજરાતના મુસલમાનોમાં ઘણી મોટી સંખ્યા "હનફી"ની છે. જૂજ આરબો અને સુરતનું ઈદ્રુસી સૈયદ કુટુંબ—જે મૂળ આરબ કુટુંબ છે, તે "શાફઈ" છે.

શિયાઓ ઈરાનના "મુજતહીદ" વર્ગને એમના મઝહબના "ઉલમા" (Theologians—Doctors of Spiritual Law) ગણે છે. તેઓ માને છે કે આ "મુજતહીદો"ને દીની તેમ જ દુન્યવી શરિયતોમાં ફેરફાર કરવાનો અધિકાર છે. સુન્નીઓ કહે છે કે તેવા ફેરફારો કરવાનો સમય તેમના ચાર ઇમામો પછીથી ખતમ થઈ ગયેલો છે. મોઅતઝેલા વર્ગ (rationalists) માને છે કે કુરઆનના સિદ્ધાંતો અને શરિયતના કાનૂનોનો અર્થ જમાનાને અનુસરીને કયામત સુધી કરી શકાય છે.

મહિનાની ગણત્રી શિયા સુન્ની જુદી જુદી રીતે કરે છે. શિયાઓ જે દિવસથી ચંદ્ર દેખાતો બંધ થાય છે ત્યારથી મહિનાની ગણત્રી કરે છે, જ્યારે સુન્નીઓ એક ચંદ્રદર્શનથી બીજા ચંદ્રદર્શન સુધીના ગાળાનો મહિનો ગણે છે.

સુન્નીઓ પાંચ વખત નમાજ પઢે છે, જ્યારે શિયાઓ ત્રણ વખત પઢે છે. તેઓ પણ નમાજ તો પાંચ પઢે છે, પરંતુ બપોર પછીની જોહર—અસર ભેગી પઢે છે અને સાંજની મગરીબ—ઇશા તે જ પ્રમાણે જોડી દે છે. તેથી પાંચ નમાજ ત્રણ વખતમાં પતાવે છે. નમાજ પઢતી વખતે શિયાઓ હાથ છૂટા રાખે છે, જ્યારે સુન્નીઓ પૈકી "હનફી" બન્ને હાથ ભેગા કરી, ડુંટી નીચે રાખે છે અને "શાફઇ" બન્ને હાથ ભેગા કરી છાતી ઉપર રાખે છે. "જમાત" (ઘણા માણસોનો સમૂહ) સાથે નમાજ પઢવામાં, શિયાઓ એમના મઝહબના "તકીયા"ના નિયમાનુસાર, જમાતમાં જે મઝહબના નમાજ પડનારાની સંખ્યા વધારે હોય તે પ્રમાણે પોતે પણ વર્તીને નમાજ પઢે છે. સાધારણ રીતે, ગુજરાતમાં, શિયાઓની જ્યાં ત્યાં વધુમતી છે, તેથી તેમના ઉપર કહેલા સિદ્ધાંત અનુસાર, તેઓ પોતાની અંગત સલામતી માટે, જરૂર પડે તો પોતાના મઝહબનું બોલવું પડે તો તેમ કરે છે. સાધારણ રીતે શિયા—સુન્નીઓની મસ્જિદો જુદી હોય છે. શિયાઓ તેમની જ મસ્જિદોમાં નમાજ પઢે છે. મજકૂર મતાંતરો સિવાય, બીજી બાબતોમાં બન્ને મઝહબની ધાર્મિક માન્યતાઓ એક-સરખી છે.

મુખ્ય ધાર્મિક સિદ્ધાંતો

ઇસ્લામનો મૂળભૂત સિદ્ધાંત—લા ઇલાહા ઇલ્લલાહ, મોહમ્મદુર રસૂલુલ્લાહ : એક અલ્લાહ સિવાય બીજો અલ્લાહ નથી, અને હ.

મોહમ્મદ (અલ.) એના પેગમ્બર છે, એ છે તેને જરા વિસ્તારીને કહીએ તો ધ્યાનનો કલમો આ પ્રમાણે થાય છે :

એક ખુદા, તેના ફિરસ્તાઓ, તેણે વહી—revelation—મારફતે ઉતારેલી કિતાબો, તેણે દુનિયામાં મોકલેલા બધા પયગમ્બરો, છેવટ તો ઇન્સાફ કયામતમાં થશે અને દુનિયાના સુખદુઃખ અલ્લાહ તરફથી જ છે—આ સિદ્ધાંતો મુસલમાનોમાં સર્વમાન્ય અને મૂળભૂત છે.

ઈમાન પછી પ્રત્યેક મુસલમાનની બીજી ફરજ નમાજની છે. સુન્નીઓ પાંચ વખતની નમાજ પઢે છે. ૧. ફજર—પ્રભાત ફૂટયા પછી પણ સૂર્યોદય પહેલા પઢવાની; ૨. જોહર—સૂર્ય ઢળવા માંડ્યા પછી બપોર પછીના પહેલા ભાગમાં પઢવાની, ૩. અસર—સૂર્ય બરાબર ઢળ્યા પછી પણ સૂર્યાસ્ત પહેલાં પઢવાની, ૪. મગરીબ-સૂર્યાસ્ત પછી પણ રાત પડતા પહેલાં પઢવાની અને ૫. ઇશા—રાત શરૂ થયા પછી પણ મધ્યરાત્રિ પહેલાં પઢવાની. કેટલાક વધારે ધાર્મિક વૃત્તિવાળા મુસલમાનો ઉપર કહેલી પાંચ ફરજિયાત નમાજો ઉપરાંત, બે ઐચ્છિક નમાજો વધારે પઢે છે. તેમાંની ૧. "તહજ્જુદ"—પાછલી રાત્રે પણ પ્રભાત ફૂટતા પહેલાં પઢવાની અને ૨. "ઇશરાક"—સૂર્યોદય પછી પણ વધારે ગરમી થતા પહેલાં પઢવાની હોય છે.

ત્રીજી ફરજ, રમજાન માસના રોજા રાખવાની છે. આ રોજા ફરજિયાત છે. બીજા મરજિયાત રોજા પણ છે.

ચોથી ફરજ, સ્થિતિવાળા મુસલમાનો માટે "ઝકાત" આપવાની છે. તે પોતાની વાર્ષિક આવકમાંથી ગરીબો માટે આપવાનો એક પ્રકારનો અત્યારે યુરોપ અને અમેરિકાનો પ્રચલિત Poor rate છે. "ઝકાત" નો મૂળ અર્થ "શુદ્ધિ" છે અર્થાત્ તેટલી રકમ અલ્લાહને

નામે આપવાથી બાકીની આવક પોતાના વપરાશમાં લેવા માટે "શુદ્ધ" થયેલી માનવામાં આવે છે

આથી "ઝકાત" આપવાની ફરજ, જે મુસલમાન પાસે પર$\frac{૧}{૨}$ તોલા ચાંદી અથવા ૭$\frac{૧}{૨}$ તોલા સોનાની કીંમત જેટલી મિલકત હોય તેની ઠરાવવામાં આવેલી છે. તેવા મુસલમાનની જે કમાણી તેના કબજામાં વરસ સુધી રહેલી હોય, તે ઉપર તેને ૨$\frac{૧}{૨}$ ટકા જેટલી 'ઝકાત' આપવાની હોય છે. રહેવાનું ઘર, તેનું રાસરચીલું, પહેરવાનાં કપડાં, હંમેશાં પહેરવાના દાગીના, જરૂરી જાનવરો વગેરે ઉપર ઝકાત નથી. વધારાનાં મકાનો, જરૂર કરતાં વધારે મોજશોખની વસ્તુઓની કિંમત, જરૂર કરતાં વધારે દાગીના, તે જ પ્રમાણે મોજશોખ માટે રાખેલાં જાનવરો વગેરે ઉપર ઝકાત આપવાની હોય છે. જાનવરો, ખેતીની ઊપજ વગેરે માટે જુદા જુદા દર છે.

રમજાન માસ આખરે, કુટુંબના પ્રત્યેક સભ્ય માટે માથા દીઠ સાડાત્રણ શેર અનાજ ગરીબોને ખેરાતમાં આપવું ફરજિયાત છે. અલબત્ત, ગરીબ માણસો માટે આમાંથી માફી છે.

પાંચમી અને છેલ્લી ફરજ જીવનમાં એક વખત મક્કા શરીફની હજ પઢવાની છે. તે માટે પ્રાથમિક શરત હોય છે કે હજ પઢવા જનારને દેવું 'હોવું' જોઈએ નહીં; અને પોતાની ગેરહાજરીમાં પોતાના કુટુંબને નિર્વાહની ચિંતા હોવી જોઈએ નહીં.

નમાજમાં અમુક રીતે ઊઠવા બેસવાનું તથા ઊભા રહેવાનું ફરજીયાત છે. એ પ્રમાણે, દરેક સ્થિતિમાં કુરઆનમાંથી અમુક ભાગ પઢવાનો હોય છે. નમાજ પઢતા પહેલાં, નમાજ પઢનારને, સ્ત્રી તેમ જ પુરુષને, "વઝુ" કરવું તેટલું જ ફરજિયાત છે. "વઝુ" માટે હાથ, પગ, મોં અમુક રીતે અમુક વખત ધોવાના હોય છે પછી નમાજ પઢવાની પાક હોવી

જોઈએ. એક નમાજ પઢ્યા પછી શરિયતમાં જણાવેલી નાપાકી થયેલી ના હોય તો, નમાજ પઢનારને ત્યાર પછીની નમાજ માટે બીજી વખત વઝુ કરવાની જરૂર રહેતી નથી. નમાજ ઘરમાં અથવા ઘર બહાર ગમે તે સ્થળે પઢી શકાય છે; પરંતુ મસ્જિદમાં અને તે ઘણા માણસોના સમૂહ ("જમાત") સાથે નમાજ પઢવી વધારે બરકતી માનવામાં આવે છે. પાંચ નમાજ પૈકી દરેક નમાજ એકબીજાથી લાંબી ટૂંકી હોય છે. જુમાની–શુક્રવારની નમાજમાં તેમ જ બે ઈદોની નમાજમાં, નમાજ ઉપરાંત "ખુત્બો" (ધાર્મિક પ્રવચન) પઢવામાં આવે છે. તેમાં મુસલમાનોને ધર્મસંબંધે નસીહત કરવામાં આવે છે. મરનાર મૈયત માટે પઢવાની નમાજમાં ઇસ્લામનો મૂળભૂત રુણખો "લા ઇલાહા ઇલ્લલ્લાહ" તથા "અલ્લાહો અકબર," અલ્લાહ સૌથી મહાન છે એ ઉદ્ગારો અમુક વખત અને અમુક ક્રમમાં પઢવાના હોય છે.

મુખ્ય ધાર્મિક આચારો :—

ગુજરાતના મુસલમાનો જો કે ઝાઝા ચૂસ્ત—orthodox નથી તોપણ દીનનાં ખાસ ફરમાનો તેઓ સંભાળપૂર્વક અને ચીવટથી પાળે છે. રોજની નમાજ માટે મસ્જિદમાં નિયમિત જનારાની સંખ્યા ઝાઝી હોતી નથી, પરંતુ જુમ્માની નમાજ માટે ઠીક સંખ્યા ભેગી થાય છે. અને રમજાન માસમાં રાત્રે ઈશાની નમાજ સાથે "તરાવીહ" પઢવા નમાજીઓ સારી સંખ્યામાં ઉત્સાહથી ભેગા થાય છે.

મોહર્રમના દિવસો સુન્નીઓ ધાંધલિયા આનંદમાં ગાળે છે, છતાં શિયા સ્ત્રી પુરુષો એ દિવસો ખરેખર શોક અને આત્મ-સંયમમાં ગાળે છે.

રમજાનના રોજા ઘણાખરા રાખે છે અને રમજાન અને બકરી ઇદની નમાજો પઢે છે. આ બન્ને નમાજો, સુન્નીઓ ઇદગાહોમાં

(વરસાદના દિવસોમાં જુમા મસ્જિદોમાં અથવા એવી બીજી મોટી મસ્જિદોમાં) પઢે છે, જ્યારે શિયાઓ તેમની ઈલાયદી મસ્જિદોમાં પડે છે. (સુન્ની–શિયાની મહિનાની ગણત્રી જુદી જુદી હોવાથી, તેમની ઈદો પણ જુદા જુદા દિવસોએ આવે છે.)

ઝકાત જેમની શક્તિ હોય છે તેઓ ખુશીથી આપે છે. હિન્દુઓ-માંથી મુસલમાન થયેલા સિવાય બાકીના મુસલમાનો ભાગ્યે જ વ્યાજ લે છે અથવા દારૂ પીએ છે. સઘળા જ મુસલમાનો હ. પયગમ્બર સાહેબ અને પાક કુરઆને શરીફને ઘણું માન આપે છે અને દીનના કાનૂનો પાળે છે. ઘણાખરા સુન્નીઓ પીરજાદા અથવા મુરશીદોના મુરીદો હોય છે.

ગુજરાતમાં સૈયદો, અને કેટલાક ચિસ્તી અને ફરીદી શેખો "પીરી-મુરીદી" (ગુરુ-શિષ્યનો ધંધો) કરે છે. તેમને માનનારાને તેઓ "મુરીદો" કહે છે. સમાજના ઊતરતા વર્ગોમાં, દરેક કોમના "પીર" હોય છે; એટલે સુધી કે "બે-પીર", "પીર-વિનાનો" એ તિરસ્કાર યુક્ત સંબોધન થઈ ગયું છે. બુખારી સૈયદો મેમણો અને છીપાઓના પીરો, પીરાણાના સૈયદો અને "કાકા" ઓના મીરો છે. "ગંધ્રવ" (ગાંધર્વ) એટલે વેશ્યાઓના વર્ગના પણ પીર-મુરશીદ હોય છે.

પીરના મુરીદ થવાની વિધિ

પીર સાહેબ કોઈને પોતાનો મુરીદ કરતી વખતે, તેને પ્રથમ ઇસ્લામના મુખ્ય સિદ્ધાંતો સમજાવે છે, પછી તેને નીતિને રસ્તે આવવા અને અનીતિથી દૂર રહેવા બોધ કરે છે, અને ઇસ્લામનો પાક મઝહબ પાળી, ખુદાને ખુશ કરી જન્નત (મોક્ષ) મેળવવાનો સૌથી સીધો અને ટૂંકો માર્ગ સૂચવે છે. પછી એકાદ શરબતના પ્યાલામાંથી, પીરસાહેબ

પોતે ઘુંટડો શરબત પીએ છે અને બાકીનું શરબત મુરીદને પી જવા ફરમાવે છે. આને પીરનો "લબ" (હોઠ) લેવો કહે છે. આ વિધિ બાળકની "બિસ્મિલ્લાહ" વખતે જ્યારે તે બાળક ચાર વરસ, ચાર મહિના અને ચાર દિવસનો થાય છે ત્યારે, અથવા તેના લગ્ન પહેલાં અથવા જિંદગીમાં કોઈ પણ વખત થઈ શકે છે. (દિલ્લીના ખ્વાજા હસન નિઝામી જેવા પીરો તો પત્રવ્યવહારથી અથવા તારથી પણ મુરીદ બનાવે છે.)

ઘણી વખત એમ બને છે કે પીરસાહેબના પોતાના આચારો તેમણે મુરીદોને કરેલા બોધથી ઊલટા હોય છે. તેમ છતાં, પ્રથમથી જ મુરીદને શીખવેલું હોય છે કે "ગુરુ કહે તે કરવું, તે કરે તે નહીં." તેથી મુરીદ અટળ આકીનથી માને છે કે "પીર-એ-મા ખરી અસ્ત, એચૂનકાદે મા અસ્ત" મારો પીર તરણા જેવો (અથવા નકામો) છે, છતાં મારે માટે મારું આકીન બસ છે. (પીર ત્રણ જાતના હોય છેઃ "પીર-પથ્થર", "પીર પત્તા" અને "પીર લક્કડ" પથ્થર પોતે ડૂબે છે અને બીજાને પણ ડુબાડે છે. અખા ભગતે કહ્યું છે તેમ—

"ગુરુ કીધા મેં ગોકુળનાથ"
ઘરડા બળદને ઘાલી નાથ."

પીર "પત્તા"—પાંદડા જેવા હોઈ, પોતે તરી શકે છે, પરંતુ બીજા કોઈને તારી શકતા નથી; જ્યારે "લાકડું" તો પોતે તરે છે અને બીજાને પણ તારી શકે છે. છેલ્લા વર્ણના પીર આજકાલ જવલ્લે મળે છે.

પીર સાહેબ પોતાના મુરીદો પાસેથી (શિયા-વહોરાઓ અને આગાખાની ખોજાઓ માફક) નિયમિત કરવેરા ઊઘરાવતા નથી. તેમ છતાં, તેમની આવક ઘણી વધારે હોય છે. આસ્થાવાળા મુરીદો હંમેશાં

પોતાના પીરને પૈસા, અનાજ વગેરે જે કંઈ જોઈએ તે આપ્યે જાય છે, તેથી પીર કદાપિ મોજશોખનું જીવન નહીં તો ઓછામાં ઓછું આરામવાળું જીવન તો ગુજારી શકે છે. તેમને ફુરસદ મળે ત્યારે બીજે, ત્રીજે કે ચોથે વરસે, તેઓ પોતાના મુરીદોમાં દૌર કરવા (ચક્કર મારવા) નીકળી પડે છે. ત્યારે મુરીદો તેમને નાણાં ઉઘરાવી આપવા બંધાયલા મનાય છે. પ્રસંગોપાત્ત, કોઈ મુરીદ પીર સાહેબને પોતાના કોઈ બિમાર સગાની મરણપથારીએ તેને માટે દુઆ કરવા, અથવા નવપરણિત દંપતીને આશીર્વાદ આપવા અથવા નવા મકાનનું વાસ્તુ કરવા આમંત્રે છે. તેવે પ્રસંગે પીર સાહેબને સારું નજરાણું મળે છે.

પીરી મુરીદીનું ભાવિ

હવે પરિસ્થિતિ બદલાઈ રહી છે. અંગ્રેજી કેળવણીએ અને છેલ્લા થોડાક વખતની વધતી જતી મોંઘવારીએ પીરોના ધંધામાંથી રસકસ ઉરાડી દીધો છે અને એ સ્થિતિ હવે તે પોતે પણ સમજી ગયા લાગે છે. ઘણા પીરોના વારસો મદ્રેસાઓમાં ઉસ્તાદો તરીકે, કેટલાક અંગ્રેજી શિક્ષણ લઈ "શિક્ષકો" તરીકે અને જો તેઓ સાધનસંપન્ન હોય તો વેપારમાં પોતાનું ભાવિ જોડવા લાગ્યા છે.

(માત્ર સુન્નીઓમાં જ નહીં, પરંતુ શિયા વહોરાઓમાં, તેમ જ આગાખાની ખોજાઓમાં પણ નવા જમાનાની અસર થતી જાય છે, અને વિદ્યમાન વડા મુલ્લાંજી સાહેબ અને નામદાર આગાખાન સાહેબનાં અવસાન પછીથી હાલની સ્થિતિ ચાલુ રહે તેવી સંભવિતતા ઓછી લાગે છે. નવો યુવક વર્ગ અત્યારના ઘરડેરા જેવો અંધશ્રદ્ધાળુ નથી.

સ્ત્રીઓમાંથી થોડીક, ખાસ કરીને સૈયદોની અને કેટલાક શેખોની

કુંવારી કન્યાઓ, કુરઆને શરીફ અને બીજી દીની કિતાબો પઢે છે. ઘણી સ્ત્રીઓ ધાર્મિક વૃત્તિઓવાળી હોય છે, અને જો કે તેમને જાહેર નમાઝોમાં ભાગ લેવા દેવામાં આવતો નથી, તોપણ તેઓ ઘરમાં નમાજ પઢે છે, રોજા રાખે છે. જૂની મસ્જિદોમાં સ્ત્રીપુરુષો એક વખતે નમાજ પઢી શકે તેવી ગોઠવણો હતી. અમદાવાદની જુમા મસ્જિદમાં નમાજની જગા ઉપર જાળીવાળું અધમેળિયું સ્ત્રીઓ માટે જ કરેલું છે. જૂનાગઢની "માઈ ગઢેચી"ની પ્રાચીન મસ્જિદમાં પુરુષોની નમાજ પઢવાની એક બાજુએ તેવી જાળીવાળી અલગ જગા સ્ત્રીઓ માટે કરેલી છે–ભા. કર્તા.) દીનના બીજા કાનૂનો પુરુષો કરતાં વધારે ચીવટતાથી પાળે છે. (હવે તો છોકરીઓ પહેલા કરતાં વધારે મોટી ઉંમર સુધી કુંવારી રહે છે અને પિતાઓની અંગ્રેજી કેળવણીની અસરને પરિણામે છોકરીઓ પણ તે પંથે ચઢી છે. સૈયદો જેવી ચુસ્ત પરદો પાળતી કોમમાં પણ આ નવો પવન વાયો છે. કેટલીક આવી યુવાન સ્ત્રીઓ તો નોકરીઓમાં પણ જાય છે અને એ રીતે પરદાને તિલાંજલી આપે છે. "સમય બળવાન હૈ, નહિ મનુષ્ય બળવાન".
—ભા. કર્તા)

માનતાઓ

માનતાઓ માનવી એ ઇસ્લામની શરૂઆત પહેલાંનો રિવાજ છે અને તેમ કરવું એ ઇસ્લામની અને હ. પયગમ્બરની શરીઅતથી વિરુદ્ધ નથી. કુરઆને પાકમાં આવાં દૃષ્ટાંતો છે. ઇસરાઇલોના એક પયગમ્બર હ. ઝકરીય્યા માટે કહેલું છે કે (સૂરા ૩, આયત ૪૦) જ્યારે અલ્લાહ તા'લાએ તેમને વૃદ્ધાવસ્થામાં પુત્ર થવાનું વચન આપ્યું ત્યારે ત્રણ દિવસ સુધી કોઈ બીજા માણસ સાથે માત્ર ઈશારત સિવાય બીજી રીતે વાતચીત નહિ કરવા તેમને ફરમાવવામાં આવ્યું હતું. કુમારિકા મરીઅમને, તેમના પુત્ર હ. ઇસાના જન્મ પ્રસંગે, તેમને એકાંત

સ્થળે જવા માટે ફરમાવવામાં આવ્યું હતું ત્યારે, તે માટે લોકો પૂછે તો તેમને માત્ર ઇશારતથી એમ જણાવવા કહેવામાં આવ્યું હતું કે, 'મેં લોકો સાથે નહીં બોલવાની માનતા માનેલી છે'—સૂરા ૧૯, આયત ૨૬.

ઇસ્લામના જમાનામાં, હ. પયગમ્બર સાહેબે પોતાની પુત્રી બીબી ફાતિમા ઝોહરા અને તેમના પતિ હ. અલીને તેમના પુત્રો ઇમામ હસન અને હુસેન બિમારીમાંથી સાજા થવા સારુ ત્રણ દિવસના રોજા રાખવાનું કહેલું હતું. રોજા રાખવા, અમુક વખત નમાજ પઢવી, ખેરાત કરવી, ગરીબોને જમાડવા અથવા કોઈ ધાર્મિક કે ધર્માદા મકાન કે સંસ્થા બાંધવા કે સ્થાપવાની માન્યતા માનવી એ ઇસ્લામના કાયદા- કાનૂન અનુસાર છે. ધાર્મિક વૃત્તિવાળા જ આવી માન્યતાઓ માને છે.

પરંતુ હયાત અથવા પહેલાં થઈ ગયેલાં વલી ઓલિયા કે પીર પયગમ્બરની માનતા માનવી, એ આદત પરહેઝગાર શખ્સો એક પ્રકારની પીરપૂજા જેવો ગણે છે. વહ્હાબી મઝહબ માનનારા મુસલમાનો આવા આચારોથી તદ્દન વિરુદ્ધ છે. અને એ પ્રમાણે વર્તનારને તેઓ "કાફરો"થી જરા પણ જુદી રીતે ગણાતા નથી. હિન્દુઓમાંથી મુસલમાન થયેલાના હિન્દુ સંસ્કારોને લીધે વલી ઔલિયાઓની માનતાઓ પ્રવેશ પામેલી છે. આ બદી આટલેથી જ અટકેલી નથી. કરબલા શરીફના માનવંતા શહીદો હ. ઈમામ હુસેન વગેરેના રોજાઓની નકલો કરી, "જરી" "તાજિયા" અને "તાબૂતો" બનાવવા, એટલે સુધી કે "તાબૂત"ના "દુલાઓ"ની પણ માનતાઓ માનવી, એ ખરેખર વીર-પૂજા અને મૂર્તિ-પૂજા છે, જે ઇસ્લામમાં તદ્દન વર્જ્ય છે.

આ પ્રમાણે આ માનતાઓ ત્રણ પ્રકારની છે: ૧ વલી ઔલિયાની, ૨. તાજિયા-તાબૂતની અને ૩. જિન–પરી વગેરે અદૃશ્ય રહેતી હસ્તીઓની.

વલી ઓલિયાના રોજાઓની માનતાઓ

મશહૂર દરગાહોની ઝયારતો (visits) કરવાની માનતાઓ પણ માનવામાં આવે છે. આજકાલ ગુજરાતમાં, ઉત્તરે ઊંઝામાં આવેલી સૈયદ મીરાંઅલી (રસ)ની દરગાહ સૌથી વિશેષ જાણીતી છે.

આ દરગાહની ખ્યાતિ ફેલાવવામાં ખાસ હિસ્સો મરહૂમ ગાયકવાડ સરદાર શ્રી ખંડેરાવની એ પીરમાં અતિશય શ્રદ્ધા હતી તેણે ભજવેલો છે. તેમણે એ પીરની તુરબત (કબર)ની આજુબાજુ નક્કર ચાંદીનો કઠેરો કરાવી આપ્યો હતો. ત્યારથી, ગુજરાતની બીજી કોઈ પણ દરગાહ કરતાં આ દરગાહ વધારે જાત્રાળુઓને આકર્ષે છે. જિન-ભૂતની બલા કાઢવામાં ગુજરાતની બીજી કોઈ પણ દરગાહ કરતાં આ દરગાહ વધારે ખ્યાતિ મેળવેલી છે. કેટલીક વખત, દક્ષિણ હિન્દમાંથી, રજપૂતાના-માંથી અને ઉત્તર હિન્દમાંથી જિન–ભૂત વળગેલાં સ્ત્રીપુરુષો બલાથી મુક્તિ મેળવવા આ દરગાહમાં આવે છે.

ભૂત બલા કાઢવાની રીત

આ દરગાહમાં ભૂત વળગેલાં સ્ત્રીપુરુષ આવે છે કે તરત જ દરગાહનો મુજાવર તેને, તેની સામાજિક સ્થિતિ અનુસાર, દરગાહની ઓરડીઓ કે ઓસારામાં જાપ કરી આપે છે. મગરીબ (સાંજ) વખતે ભૂત વળગેલ તે શખ્સ બીજા તેવા સ્ત્રી પુરુષો સાથે પીરની તુરબતના કઠેરા પાસે બેસે છે. પછી તે બલા વળગેલા શખ્સને દરગાહના કૂવામાંથી અથવા ત્યાંની ટાંકીમાંથી એક પ્યાલો પાણી પીવા આપવામાં

આવે છે. આ પાણી પીતાની સાથે જ જો તેના શરીરમાં ભૂત હોય તો તરત જ તે ધૂણવા માંડે છે; જો તે સ્ત્રી હોય તો પોતાના માથાના વાળ આગળપાછળ ઉછાળે છે અને આંખોના ડોળા ચક્કર ચક્કર ફેરવે છે. જો તે તે પ્રમાણે ધૂણવા માંડે નહીં તો બીજા એક બે પ્યાલા, ઉપર કહેલા પાણીના, તેને પિવડાવવામાં આવે છે. ત્યાર પછી પણ જો તે ધૂણવા લાગે નહીં તો તેને કોઈ શારીરિક રોગ હોવાનું ગણવામાં આવે છે. તેવા કેસમાં, ઈલાજ તરીકે, પીરની તુરબત પાસે એક ઝાડ છે; તેનાં પાંદડાં તે દરદીને શરીરે બાંધવા કે તેને પાવા આપવામાં આવે છે. દરગાહના મુજાવરોના કહેવા પ્રમાણે, આ ઝાડ હિન્દમાં થતા કોઈ પણ ઝાડની જાતનું નથી. એમ કહેવામાં આવે છે કે એ પીરે એક વખત દાતણ કરી, તે દાતણ પાસેની નરમ જગામાં ખોસી દીધું હતું. તેમાંથી આ ઝાડ ઉગેલું છે. દાતણ જમીનમાં ખોસ્યા પછી થોડે વખતે તેમાંથી ફણગા ફૂટયા હતા અને પછી તેમાંથી પાંદડાં ફૂટયાં હતાં. જમાનો થતાં, આ પાંદડાં દરદીઓના શારીરિક દરદોના અકસીર ઇલાજ તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. હોશિયારમાં હોશિયાર વૈદ્ય —હકીમોમાંથી નહીં મટેલા કોઢ, ભયંકર ફૂલી ગયેલાં જલંદર, અતિ હઠીલા સંધિવાના રોગો વગેરે ઘણાં જૂનાં, જક્કી, જીવલેણ દરદો આ પાંદડાંના ઈલાજથી મટેલાં જાણવામાં છે. એક દરદીનો આશા રહિત અંધાપો આ પાંદડાંથી મટેલો. તેના અહેસાનમાં તે દરદીએ એક "કસીદો" (ode) બનાવેલો. તે કસીદો હજી પણ એ દરગાહના કવ્વાલી અને ગવૈયા પ્રસંગોપાત ગાય છે.

કેટલીક વખત આ પાંદડાંનો ઇલાજ કરવાની પણ જરૂર રહેતી નથી. માત્ર દરદી ત્યાં આવી દરગાહમાં પીરના વસવામાં વસે છે. થોડા વખત પછી તેને અથવા તેની સાથેના માણસોમાંથી કોઈ ને અથવા દરગાહના મુજાવરને પીર સ્વપ્નામાં આવે છે કે દરદીને હવે આરામ થયો છે તેથી તેણે હવે ચાલ્યા જવું. આ પહેલી તાકીદ પછી પણ તે દરદી

જો ત્યાંથી જાય નહીં તો બીજું સ્વપ્ન ઉપર પ્રમાણે વધારે સ્પષ્ટ રીતે આપવામાં આવે છે. તેમાં વધારે સખત તાકીદ આપવામાં આવે છે કે તે ત્યાંથી જશે નહીં તો તેને કંઈક નુકસાન થશે. મીરાં દાતારની આ દરગાહમાં આ પ્રમાણે ચમત્કારિક રીતે સારા થયેલા સંખ્યાબંધ દાખલાઓ ગુજરાતભરમાં મળશે.

કેટલીક વખત એમ બને છે કે આ દરગાહમાં ગયેલા દરદીને બીજા પીરની દરગાહમાં જવાની તાકીદ મળે છે. થોડો વખત થતાં, સુરતમાં આવેલી " નવ શહીદ " નામની નવ પીરોની દરગાહમાં જવાની તાકીદ મળેલી છે.

હઠીલા ભૂતને થતી શિક્ષા

મીરાં દાતારની દરગાહમાં દવા થાય છે, તેના કરતાં ભૂત જે રીતે કાઢવામાં આવે છે તે વધારે જાણવા જેવું છે. ઘણી વખત બને છે કે કોઈ ભૂત એટલું જક્કી હોય છે કે વારંવાર શિક્ષા કરી તેને કાઢી મૂકવા છતાં તે તરત જ પાછું આવે છે. તેવા કિસ્સામાં ત્યાર પછી તેને જે શિક્ષા કરવામાં આવે છે તે જેટલી ત્રાસદાયક છે તેટલી જ હલકા પ્રકારની છે. આવું જક્કી ભૂત જેને વળગ્યું હોય છે તેને જાણે કોઈ અદૃશ્ય વ્યક્તિનો ગેબી હાથ ત્યાંના એકાદ થાંભલા તરફ જોરજુલમથી ખેંચે છે અને તે સ્ત્રી યા પુરુષ લાચારીથી તે તરફ તેની મરજી વિરુદ્ધ ખેંચાય છે. પછી જાણે તે ગેબી હાથ, આંખે દેખાતા દોરડા સિવાય તે ભૂત વળગેલા શખ્સના હાથ બાંધે છે અને જાણે તેને ઘણી સખત શારીરિક શિક્ષા કરવામાં આવતી હોય તેમ તે શખ્સ કંપે છે અને બૂમો પાડે છે.

કેટલીક વખત, એવા હઠીલા ભૂત વળગેલા શખ્સને દરગાહના જાજરૂઓ તરફ અદૃશ્ય રીતે ઘસડવામાં આવે છે. આ પ્રમાણે ઘસડાતાં,

તે દરદી આખો વખત પીર મીરાં દાતારને કરગરે છે અને આજીજી કરે છે અને ભવિષ્યમાં તેના તે ગેબી આકીનોને તાબે રહેવા વચન આપે છે. તે દરદી જે રીતે જાજરુઓ તરફ ઘસડાય છે, તેથી લાગે છે કે તેને કોઈ બળાત્કારે ખેંચતું હોય અને તે તેની મરજી વિરુદ્ધ તે તરફ ખેંચાતો હોય. આ પ્રમાણે, જાજરુઓ અથવા પેશાબખાના તરફ તે દરદીને ઘસડી જઈને, તેને તે ગંદકીમાં ઝબકોળવામાં આવે છે અને તેમાં રગદોળવામાં આવે છે. આખરે જ્યારે તે ભવિષ્યમાં સારી વર્તણૂકનું ખરા દિલનું વચન આપે છે ત્યારે તેની આ બેભાનવસ્થા (fit) પૂરી થયે તે તેમાંથી બહાર આવે છે અને પોતાની હાર બહુ હલકી રીતે કબૂલ કર્યા બદલ, તે પોતાના મોંમાં દાંત વચ્ચે ખાસડું લઈ, દરગાહમાંથી બહાર દોડે છે, અને જાણે તે મરી ગયો હોય તેમ તે એકાએક પડી જાય છે. એકાદ કલાક પછી જ્યારે તે મૂર્છામાંથી શુદ્ધિમાં આવે છે ત્યારે તે તદ્દન બદલાઈ ગયેલો જણાય છે. હવે તે પૂરા ભાનમાં હોય છે. તેના શરીરમાં ભૂત હતું તે વખતનો તેનો ગભરાયેલો ચહેરો અને થાકેલો દેખાવ અને સાપની સ્થિર દૃષ્ટિ જેવા તેની આંખોના ડોળાનો ભયાનક દેખાવ જતો રહેલો હોય છે. તેનો હંમેશનો ખુશમિજાજ પાછો આવે છે. પછી તે તેની માનતા પૂરી કરી તેને ઘેર જાય છે.

મોહર્રમ

મોહર્રમમાં હ. ઇમામ હુસેનના રોજાની નકલ "તાજિયા" કરી, તેની માનતાઓ માનવામાં આવે છે તે માનતાઓ બે પ્રકારની હોય છે. ૧. તાજિયા આગળ ભેગા થયેલા લોકોને દૂધ શરબત અથવા ખજૂર અથવા ૨. તાબૂત આગળ, અગાઉના કોઈ ગુનાના 'સદકા' અથવા 'કફ્ફારા' (Penance or self-torture) તરીકે પોતાની જાતને કોઈ પ્રકારનું કષ્ટ દેવામાં આવે છે.

પહેલા પ્રકારની માનતામાં, માનતા માનનાર માનેલી ચીજ જ્યાં તાજિયા બનાવવામાં આવે છે ત્યાં મોકલે છે. તાજિયા બનાવનાર તે ચીજ ઉપર "ફાતિહા" (કુરઆનનું સૌથી પહેલું પ્રકરણ) પઢે છે અને નાળિયેર વધેરીને, તેનું પાણી દૂધ અથવા શરબતમાં મેળવી, નાના નાના વ્યવસાયોમાં ત્યાં હાજર હોય તેમને પીવા માટે આપે છે.

બીજા પ્રકારની માનતામાં આવી માનતાઓ સાધારણ રીતે સ્ત્રીઓ માને છે. આખી રાત ઊભા રહીને તાજિયાની "ચોકી" કરવાની હોય છે. મોહર્રમની નવમી તારીખની રાત્રે આ પ્રમાણે કરવામાં આવે છે. આવી માનતા માનનાર સ્ત્રી તાબૂત હોય ત્યાં જાય છે અને આખી રાત તાબૂત સાથે ફરે છે. જ્યાં તાબૂત ઊભા રહે ત્યાં તે ઊભી રહે છે અને ફરી તાબૂત આગળ ચાલે એટલે તે યે ચાલવા માંડે છે. પછી તે તાબૂતની સાથે સવાર થતાં તાબૂતની મૂળ જગાએ પાછી આવે છે. આ પ્રમાણે તે આખી રાત જાગરણ કરે છે. આ પ્રકારની માનતા સાધારણ રીતે વચલા અથવા ઊતરતા વર્ગની સ્ત્રીઓ માને છે. આવી માનતા, મોહર્રમની નવમી તારીખની રાતે, જેને "કતલની રાત" કહેવામાં આવે છે, તે રાત્રે અમલમાં મૂકવામાં આવે છે.

કેટલાક માણસો માનતા માને છે કે તેમની અમુક મુરાદ બર આવશે તો તેઓ દરેક વર્ષે, મોહર્રમની દશમી તારીખે, એટલે તાબૂત ઠંડા કરવાને દિવસે, તાબૂતથી થોડા આગળ, અમુક અંતર સુધી આવ્યો હશે.

બીજા કેટલાક એવી માનતા માને છે કે જો તેમને પુત્ર થશે અથવા તેમનો કોઈ બિમાર પુત્ર કે પુત્રી સાજાં થશે તો તેઓ તે પુત્ર કે પુત્રીને આખી જિંદગી અથવા અમુક વરસો સુધી, ત્યાર પછીના દરેક મોહર્રમમાં, તેને તાબૂતનો "વાઘ", "રીંછ", "હિન્દુ સાધુ",

"મોગલ", "વહોરો", "હુસેની બ્રાહ્મણ" અથવા "સાંઈ કોરા" (master conchman) બનાવશે. આવા "વાઘ", "રીંછ" જે પૈસા ભેગા કરે છે, તે મોહર્રમની બારમી તારીખે, એટલે તાબૂતની ઝયારતને દિવસે (તાબૂત ઠંડા થયા પછી ત્રીજે દિવસે) ઝયારતનું ખાવાનું રાંધવામાં "ફાતિહા" પછી લોકોમાં "તબર્રૂક" (શેષ) તરીકે વહેંચવામાં આવે છે.

મોહર્રમમાં આવી માનતાઓ માનનારા ઉપરાંત બીજા માત્ર જોવાં અને મોજ કરવા આવે છે.

જીન પરીઓની માનતાઓ

જીન પરીઓની જે માનતાઓ માગવામાં આવે છે, તેને "હાજરાત" હાજર હોય તે (બહુવચન)—કહેવામાં આવે છે. સામાન્યતઃ જે જીનોની આવી માનતાઓ માનવામાં આવે છે, તેમનાં નામ "ચાંદખાં", "નન્નુમીયાં" અને "શેખ સદ્દુ" હોય છે એમ ધારવામાં આવે છે.

"આમરોહા" અથવા સંભલના મોહીયુદ્દીન ઝંગી નામના શેખ અને તેમની સ્ત્રી ફાતિમાના પુત્ર હતા. હિન્દની મુસલમાન સ્ત્રીઓના રૂહાની મંઝિલમાં તેમને ચઢાવવામાં આવ્યા (promoted) ત્યારે તેમનું નામ "શેખ સદ્દુ" રાખવામાં આવ્યું હતું.

આ "હાઝરાત" જાતની માનતાઓ ઘણું કરીને સ્ત્રીઓ માને છે. તે પ્રસંગે જે જમણ રાંધવામાં આવે છે, તેમાં ગાયનું ગોસ્ત અને એવી કેટલીક ખાસ ચીજો હોતી નથી. પછી જે ખાસ જીનની માનતા હોય છે, તેની તારીફ–ફદાલી (spirit musician) પાસે ઢોલ, તંબૂરા સાથે ગવરાવવામાં આવે છે. જે સ્ત્રીને જીન વળગ્યો હોય છે, તેને આવે પ્રસંગે, તેના શરીરમાં તે જીન પ્રવેશ કરે છે એમ માન-

વામાં આવે છે. તેથી સ્ત્રીને "અસરદાની" કહે છે. જે સ્ત્રી અથવા પુરુષો આ વખતે જો કંઈ પૂછે છે તો તેને, તેની મુરાદ બર આવે તો, અમુક કામ કરવું અથવા ના કરવું, અથવા અમુક જમણ માનતા તરીકે જમાડવું, વગેરે બાબતો આ "અસરદારી" સ્ત્રી તરફથી કહેવામાં આવે છે. હાજર હોય છે તે સ્ત્રીઓમાંથી બીજી ઘણી સ્ત્રીઓ આ "અસરદાની"ને સવાલો પૂછે છે, અને તે તેમને જવાબો આપે છે. પછી ત્યાં લોબાન બાળવામાં આવે છે. ત્યાર પછી તૈયાર કરેલા જમણમાંથી જીન વળગેલી સ્ત્રી થોડું જમે છે અને થોડા વખત બેહોશ રહ્યા પછી તે ફરીથી તેના પૂર્વવત્ ભાનમાં આવે છે.

પરીઓની માનતાઓ પણ આ રીતે જ કરવામાં આવે છે. આ માનતાઓને "પરીઓં–કે તબક ભરના" પરીઓની થાળીઓ ભરવી, કહેવામાં આવે છે. માલદાર અથવા મધ્યમ વર્ગની સ્ત્રીઓની પુત્રીઓ જ્યારે બિમાર થાય છે ત્યારે એમ માનવામાં આવે છે કે ભયંકર સ્વપ્ન આવવાથી અથવા ઊંઘમાંથી ઝબકી આવવાથી એવી બીમારીઓ થાય છે, અને તેવી બીમારીઓ પરીઓ કરે છે, તેથી આવી માનતાઓ માત્ર સ્ત્રીઓ જ સામાન્ય રીતે માને છે. જાન સાહેબ નામે એક ઉર્દૂ કવિ કહે છે કેઃ "પરીઓં કે તબક ભરુંગી, દીવાની ન હો જાઉં"; "કુછ ખોટે હય જો ખ્વાબમેં દરિયા નઝાર આયા". અર્થ—હું દીવાની થઈ જાઉં નહીં તે માટે પરીઓની રકાબીઓ ભરીશ; સ્વપ્નમાં મેં નદી દરિયા જોયા એ ખરું સ્વપ્ન હતું. વળી જો કોઈ કન્યા મોટી ઉંમર સુધી કુંવારી રહી હોય, અને જો તેની માએ તેને વર મળે એવી પરીઓની માનતા માનેલી હોય તેવે પ્રસંગે પણ ઉપર પ્રમાણેના, પરીઓના તબક ભરવામાં આવે છે.

ધાર્મિક મકાનો

મુસલમાનોના ધાર્મિક મકાનો ત્રણ પ્રકારના છેઃ ૧. મસ્જિદો,

૨. ઇદગાહો (ઇદની નમાજ પઢવાની જગાઓ), ૩. શિયાઓના "ઇમામ વાડા", જ્યાં તેઓ તેમના અગાઉ થઈ ગયેલા ઇમામો (ધાર્મિક નેતાઓ)ની તારીફ પઢે છે અને તેમના "મરસિયા" (શોકગીતો) ગાય છે. ખાસ કરીને અમદાવાદ અને સૂરતમાં મસ્જિદો મોટી સંખ્યામાં છે, પરંતુ ઘણીખરી જૂની મસ્જિદો છે. આજકાલ, કંઈક આર્થિક નબળી સ્થિતિને કારણે અને કંઈક ઉત્સાહની મંદીને પરિણામે નવી મસ્જિદો ઘણી થોડી બંધાય છે.

લાકડાં અને પથ્થરની કેટલીક જૂની મસ્જિદો જૈન અથવા બ્રાહ્મણોનાં મંદિરોને ફેરવી નાંખી બનાવેલી હોય છે. પથ્થરના મંદિરો-માંથી આ પ્રમાણે બનાવેલી મસ્જિદોના શ્રેષ્ઠ નમૂના પાટણ, અમદાવાદ અને ખંભાતમાં છે. લાકડાંના આવાં દેવાલયોમાંથી બનાવેલી એક સુન્દર મસ્જિદ સૂરત પાસે રાંદેરમાં છે.

હ. પયગમ્બર સાહેબે જે સૌથી પહેલી મસ્જિદ મદીનામાં બાંધી હતી, તેમાં "મિમ્બર"—pulpit (ખુત્બો પઢવા માટે ઊંચી જગા) નહોતી. ઇસ્લામના ઇતિહાસમાં મસ્જિદમાં સૌથી પહેલી 'મિમ્બર', મિસરના આરબ વિજેતા અમ્રબીન અલ-ઑસ ઇસ્કંદરિયા—Alex-andria—માં ઈ. સ. ૬૪૨-૬૪૩માં બનાવી હતી. તે વખતના ખલીફા હ. ઉમરે જ્યારે આ વાત જાણી ત્યારે તેમણે અમ્રને લખ્યું હતું કે નમાજ પઢતા મુસ્લિમો તરફ ઊભા રહીને ખુત્બો પઢવો શું તારે માટે બસ નહોતું, કે તારે માટે તેમનાથી ઊંચું સ્થાન તારે બનાવવું પડ્યું?

સાધારણ રીતે, મસ્જિદમાં દાખલ થવા પથ્થરના થોડાં પગથિયાં ચઢી, પથ્થરના દરવાજામાંથી અંદર જવાય છે. આ દરવાજા ઉપર એ મસ્જિદ બાંધ્યાની સાલ સામાન્ય રીતે કવિતામાં લખેલી હોય છે. દરવાજાની અંદર ૪૦-૫૦ વાર લાંબો અને ૨૦ વાર પહોળો પાકો ચૂના

ગચ્છીનો ચોક (સેહન) હોય છે. ચોકમાં આશરે ૨૦ ચોરસ ફૂટનો પથ્થરની બેઠકવાળો હોજ હોય છે. ચોકને એક છેડે બે ઓરડીઓ હોય છે. એકમાં "હમામખાનું"—નાહવાની જગા હોય છે તેમાં "સખાવો" (પાણીની ટાંકી) હોય છે. બીજી ઓરડી "મુજાવર" માટે હોય છે.

મુજાવરનું કામ મસ્જિદ સાફસૂફ રાખવાનું અને રાત્રે તેમાં દીવાબત્તી કરવાનું હોય છે. મુજાવર સાધારણ રીતે પરદેશી પઠાણ અથવા પંજાબી અથવા હિન્દુસ્તાની હોય છે. મસ્જિદના ફંડમાંથી તેને પગાર આપવામાં આવે છે. દક્ષિણ ગુજરાતમાં, મુજાવર મસ્જિદ સાથેના કબ્રસ્તાનની પણ દેખરેખ રાખે છે અને એને લીધે તેને નજીવા પગારમાં થોડો ઉમેરો મળે છે. કબ્રસ્તાનમાંની પોતાનાં સગાં-વહાલાંની કબરોની સંભાળ બદલ, કેટલાંક સગાંકુંટુંબો તરફથી તેને કંઈક માસિક રકમ આપવામાં આવે છે. ઉત્તર ગુજરાતમાં, જ્યાં સાધારણ રીતે કબ્રસ્તાનો મસ્જિદોથી દૂર હોય છે. ત્યાં મુજાવર કપડાં સીવીને અથવા મસ્જિદમાં કુરઆન પઢાવીને પોતાની આવકમાં વધારો કરે છે.

મસ્જિદના દરવાજાની સામે નમાજ પઢવાની જગા હોય છે. આ જગા ઈંટોની ચોરસી ઉપર પાકી ચૂનાગચ્છી કરેલી હોય છે અને તે બહારના ચોકથી એકાદ ફૂટ ઊંચી હોય છે. આ જગા પૂર્વમાં ખુલ્લી હોય છે. બીજી ત્રણ દિશાઓમાં દિવાલો કરી, ઉપર છાપરું કે અગાશી કરેલી હોય છે. પશ્ચિમ તરફની, એટલે મક્કા તરફની "કિબ્લા"ની દિવાલમાં, વચ્ચે "મેહરાબ" (ભીંતમાં કમાનદાર ગોખ જેવી જગા—Arched niche) અને તેની બાજુમાં જ, લાકડાના અથવા પાકાં ચણેલાં ચારપાંચ પગથિયાંવાળી "મિમ્બર" હોય છે. મિમ્બર નજીક દિવાલ પાસે એક લાંબી અને જાડી લાકડી "અસા" રાખવામાં આવે

છે. જૂના રિવાજ મુજબ "ખુત્બો" પઢતી વખતે તે પઢનાર આ અસા ઉપર ટેકો રાખે છે. રોજની નમાજ માટે નમાજ પઢવાની જગ્યાએ સામાન્ય સાદડીઓ પાથરેલી હોય છે. પરંતુ ઈદ જેવા તહેવારોએ તે ઉપર શેતરંજીઓ પાથરવામાં આવે છે. દિવાલો ઘણું કરીને ઈંટોની અને ધોળેલી હોય છે. કેટલીક વખત તે ઉપર શોભા માટે સોનેરી અક્ષરોએ "પંજતનનાં" (પાંચ જણા અલ્લાહ, હ. પયગમ્બર સા., હા. અલી, બીબી ફાતિમા અને તેમના બે પુત્રો ઈમામ અને હુસેન —બેને એક વ્યક્તિ–હસનયન–ગણવામાં આવે છે; અથવા પહેલા ચાર ખલીફાના નામ અથવા કુરઆને શરીફમાંની કોઈ સૂરા (પ્રકરણ) લખેલાં હોય છે. રાત્રે રોશની માટે દિવાલોમાંના લોઢાના આંકડાઓ –wall brackets–માં કાચના પ્યાલા મૂકી દીવા સળગાવવામાં આવે છે; અથવા જો આજુબાજુ પૈસાદાર લોકો વસતા હોય છે તો છાપરા કે છતમાં લટકાવેલાં કાચનાં ઝુમ્મરોમાં રોશની કરવામાં આવે છે. અત્યારના ઇલેકટ્રીસિટીના જમાનામાં વીજળીની બત્તીઓની રોશની કરવામાં આવે છે. રમજાન માસમાં મસ્જિદોમાં વધારે રોશની કરવામાં આવે છે. રમજાનની "તરાવીહ"ની નમાજ પઢવા આવનાર દરેક નમાજી પોતાની સાથે અક્કેક ફાનસ લેતો આવે છે. નમાજ ચાલે ત્યાં સુધી તે ફાનસને ત્યાં બીજા દીવાઓ સાથે લટકાવે છે.

મસ્જિદની સાધારણ મરામત, રોશની અને મુજાવરના પગાર માટે, ઘણીખરી મસ્જિદોમાં થોડાંઘણાં "વકફ" (ધર્માદા) ઘર અથવા દુકાનો હોય છે. તેના ભાડામાંથી મજકૂર ખર્ચ કરવામાં આવે છે. આ ફંડની દેખરેખ એ લત્તાના કોઈ એક આબરૂદાર માણસના હસ્તક હોય છે. એને "મુતવલ્લી"—વાલી, ટ્રસ્ટી કહે છે. જો કોઈ "વકફ"ના હોય તો ઉપર જણાવેલું ખર્ચ તે લત્તાના અથવા ગામના મુસલમાનો પાસેથી ઉઘરાણું કરીને ફંડ ઊભું કરીતેમાંથી કરવામાં આવે છે.

મેહરાબ અને મિનારા છેક ઈ. સ. ૭૦૫—૭૧૫ ના અરસામાં, છઠ્ઠા ઉમ્મિયા ખલીફા અલવલીદના અમલમાં દાખલ થયા હતા.

મેહરાબ મસ્જિદની સાદાઈમાં થોડી નકશી ઉમેરવા પૂરતી જ લાગે છે. મિનારા શરૂમાં, મુસ્લિમ વસ્તી વધવાથી, બધાને અઝાનનો અવાજ પહોંચી શકે માટે થોડે ઊંચેથી તે પોકારવાની સગવડ માટે યોજવામાં આવેલા હોવા જોઈએ. પ્રથમ અક્કેક મિનારો જ કરવામાં આવ્યો હતો. મિસરની જૂની મસ્જિદોમાં થોડીકને હજી અક્કેક મિનારો જ છે. પાછળથી, એકસરખો દેખાવ (symmetry) લાવવા, બીજો મિનારો દાખલ થયો હતો. મિનારાઓમાં ઉપર જવા વર્તુલાકારની સીડીઓ હતી. ત્યાર પછી મિનારા માત્ર શોભારૂપ થયા હતા. તેથી અંદરની સીડીઓ નીકળી ગઈ હતી અને બહારની નાજુકાઈ અને નકશીકામ વધ્યાં હતાં. નોંધપાત્ર છે કે અમદાવાદ પાસેના સરખેજમાં ત્યાંના પીર હ. શેખ અહમદ ખટ્ટુના રોજામાંની મસ્જિદમાં એક પણ મિનારો નથી. એ મસ્જિદ અમદાવાદની જૂમા મસ્જિદ બંધાઈ તે સાથે જ ઈ. સ. ૧૪૧૧ ના અરસામાં બાંધવામાં આવેલી હતી.

ઇદ્દગાહો

ઈદની નમાજ પઢવાની જગાઓ માત્ર સુન્ની મુસલમાનોની હોય છે. આવી જગાઓ સામાન્ય રીતે શહેરથી બહાર હોય છે. આ જગાઓ જમીનની સપાટીથી ત્રણ ચાર ફૂટ ઊંચી પથ્થર અથવા ચૂનાગચ્છીની પાકી કરેલી હોય છે. પશ્ચિમ તરફ એક દિવાલ હોય છે. અને તેને દરેક છેડે અક્કેક નાનો મિનારો હોય છે. તે દિવાલની મધ્યમાં ત્રણથી પાંચ પગથિયાંની એક 'મિમ્બર' હોય છે. એ મિમ્બર પરથી રમજાન અને

બકરી ઈદોની નમાજોમાં, નમાજ થઈ રહ્યા પછીથી, 'ખુત્બા' પઢવામાં આવે છે.

ઈમામવાડા ચારે તરફથી બંધ કરી દીધેલી ઇમામોની જગાઓ હોય છે. તે જગાઓ માત્ર શિયાઓની હોય છે. આખા ગુજરાતમાં નોંધ લેવા લાયક ઇમામવાડા માત્ર બે જ છે. એક સૂરતમાં અને બીજો ખંભાતમાં. ખંભાતનો ઈમામવાડો વધારે ભવ્ય છે. (ખંભાતના નવાબો અને ત્યાંના મુસલમાનોની ઘણી વસ્તી શીઆઓની છે. આ ઇમામવાડામાં, મોહર્રમના પહેલા દશ દિવસોમાં, કરબલા શરીફમાં શહીદ થયેલા હ. ઇમામ હુસેનના રોજાની નાની નકલ રાખવામાં આવે છે અને હ. ઈમામ હુસેન અને એમની સાથેના બીજા શહીદોને એ જંગમાં જે દુઃખ પડેલાં અને તેમણે ત્યાં જે હિંમત અને બહાદુરી દર્શાવેલી તેના વર્ણનવાળી કોઈ કિતાબ તે દિવસોમાં ત્યાં પઢવામાં આવે છે. મુલ્લાં પઢતા જાય છે તે મુજબ ભેગાં થયેલાં સ્ત્રી પુરુષો રૂદન કરે છે અને છાતી કૂટે છે. કેટલાક તો એટલી છાતી કૂટે છે કે તેમને લોહી નીકળે છે.

મઝહબી હોદ્દેદારો

મસ્જિદના 'મુજાવર' અને 'મુતવલ્લી' ઉપરાંત, બીજા પાંચ પ્રકારના હોદ્દેદારો હોય છે. ૧. રોજની નમાજ પઢાવનાર 'મુલ્લા'; ૨. સુન્નીઓમાં જુમાના ખુત્બા પઢનાર 'ખતીબ'; અને ૩. શિયાઓમાં ઈમામવાડામાં શોકગીતો—'મરસિયા'—elegies ગાનાર 'મરસિયાતખાન'; ૪. શરિયતના કાનૂનો શીખવનાર 'મૌલવી'; અને ૫. ઇસ્લામ શરિયતનો અમલ કરનારી ઇસ્લામી રિયાસતો હતી ત્યારે દીવાની તકરારોના ફેંસલા કરનાર "કાજીઓ". આ પદવી હવે નષ્ટ થયેલી છે. આ બધા હોદ્દેદારોમાં 'મુલ્લા'ની પદવી સૌથી ઊતરતી છે.

મુલ્લા

કોઈ પણ માણસ, જેને કુરઆન પઢતાં આવડતું હોય અને જે નમાજ પઢવાનું જાણતો હોય તે "મુલ્લા" થઈ શકે છે. ઘણું કરીને તે ગરીબ માણસનો પુત્ર હોય છે. એના પિતાના ધંધાનો કે તેની સામાજિક સ્થિતિનો તેને "મુલ્લા" થવા માટે કંઈ બાધ આવતો નથી.

જેને મુલ્લાની જગા જોઈતી હોય છે તે પ્રથમ મસ્જિદના કર્તાહર્તા પાસે જાય છે. ઘણાખરા મુલ્લા જુવાન હોય છે. એ જગાનો પગાર કે તેને લગતી પરચુરણ બક્ષિસો એટલી હોતી નથી કે તે કુટુંબને આરામમાં રાખી શકે. તેથી તેમનામાંના ઘણાખરા અપરિણીત હોય છે. જ્યારે મુલ્લાંને પરણવાનો વિચાર થાય છે ત્યારે તે મુલ્લાની જગા છોડી દે છે અને વણવાનું કે એવું બીજું કોઈ વધારે આવક થાય તેવું કામ તે કરે છે.

મસ્જિદના નોકર તરીકે, મુલ્લાની ફરજો આ પ્રમાણે હોય છે: દરરોજની પાંચ વખતની નમાજ માટે અઝાન પોકારવી. અઝાન મસ્જિદની સૌથી ઊંચી જગાએથી પોકારવામાં આવે છે. અઝાનમાં આ પ્રમાણે કહેવામાં આવે છે: ૧. અલ્લાહો અકબર (૪ વખત) (અલ્લાહ સૌથી મહાન છે). ૨. હું સાક્ષી પૂરું છું કે એક અલ્લાહ સિવાય બીજો અલ્લાહ નથી (૨ વખત) ૩. હું સાક્ષી પૂરું છું કે હ. મોહમ્મદ (અલ.) તેના પયગમ્બર છે (૨ વખત). ૪. નમાજ પઢવા આવો (૨ વખત). ૫. મુક્તિ મેળવવા આવો. ૬. મીઠી ઊંઘ કરતાં નમાજ વધારે સારી છે (૨ વખત). ૭. નમાજ તૈયાર છે (૨ વખત). ૮. અલ્લાહો અકબર (૨ વખત). ૯. અલ્લાહ એક છે.

આ અઝાન સુન્નીઓની છે. શિયાઓ સવારની 'ફરજ'ની નમાજમાં "ઉંઘ કરતાં નમાજ સારી છે" એ શબ્દો પઢતા નથી. તેને બદલે તેઓ પઢે છેઃ 'કામ કરવા આવો' (૨ વખત).

ફજરની નમાજની અઝાનના ઉપર જણાવેલા ખાસ શબ્દો દિવસની બીજી નમાજોમાં પઢવાના હોતા નથી.

કેટલીક મસ્જિદોમાં (ખાસ કરીને, જ્યાં ઝાઝા નિયમિત નમાજ પઢનારાની સંખ્યા ઓછી હોય છે ત્યાં) મુલ્લા હોતા નથી. ત્યાં 'મુજાવર' અઝાન પોકારે છે અને નમાજ પઢાવવાનું કામ, નમાજ માટે ભેગા મળેલા નમાજીઓમાંથી જે નમાજ સૌથી સારી રીતે પઢી શકતા હોય છે, તે નમાજ પઢાવવાનું કામ કરે છે.

મુલ્લાની ફરજોમાં અઝાન પોકાર્યા પછી નમાજીઓ ભેગા થાય તેમને, પોતે "પેશ ઇમામ" થઈ નમાજ પઢાવવીઃ જો મસ્જિદમાં 'મુજાવર' ના હોય તો તે કામ પણ મસ્જિદ સાફસાફ રાખવાનું કામ પણ તેણે કરવું; તે ઉપરાંત, તે છોકરા-છોકરીઓને કુરઆન પઢાવે છે. તેને ઉર્દૂ આવડતું હોય છે તો તેઓ તે પઢાવે છે. આ પઢાવવાની 'મક્તબ' શાળા મસ્જિદના ચોકમાં એક ઢાળિયા નીચે હોય છે. ત્યાં તે પઢાવવાનું કામ સવારમાં ૭ થી ૯ દરમ્યાન અને બપોર પછી બે થી પાંચ સુધીમાં કરે છે.

મુલ્લાઓ સામાન્ય રીતે કુરઆનના અર્થ જાણતા હોતા નથી. કુરઆન અરબી ભાષામાં છે પરંતુ તે તે પઢી જાણે છે અને છોકરાને તે જોડણી કરાવીને પઢાવી શકે છે. આમ છોકરા પણ કુરઆન માત્ર પોપટિયું પઢી શકે છે.—તેના અર્થ તે સમજતા હોતા નથી. તે સમજવાની જરૂર નથી એમ પણ ઘણી વખત મુલ્લાઓ તરફથી કહેવામાં આવે છે.

મુલ્લાઓ દોરા તાવીજ પણ કરે છે. તે માટે તે કુરઆનમાંની આયાતો લખી આપે છે. દોરા તાવીજ હાથે બાંધવામાં આવે છે અથવા ગળામાં લટકાવવામાં આવે છે. માનવામાં આવે છે કે એથી બીમારીઓ મટે છે, ભૂત પલીત નીકળી જાય છે અથવા નજર લાગી હોય અથવા ખરાબ સ્વપ્નાં આવ્યાં હોય તો તેની માઠી અસર નાબૂદ થાય છે. મુલ્લાં સ્વપ્નોના અર્થ પણ કરી બતાવે છે. તાવ, આંખો અને વાના દરદો તે મટાડે છે. તાવ માટે તે ગળામાં પહેરવાનો ૧૦-૧૫ ગાંઠો વાળેલો કાળો દોરો આપે છે; અથવા, કુરઆનમાંની કેટલીક આયાતો પઢી, તે પાણી પર ફૂંકી, તે પાણી દરદીને પીવા માટે આપે છે અથવા છેવટનો 'પલીતો'—શુદ્ધ શબ્દ "ફલીતો" છે—તે બાળવા માટે આપે છે. આ રીતે મુલ્લાં સર્વજ્ઞ મનાય છે. કુરઆનની આયાતોમાં ચમત્કારિક અસર જરૂર છે.જ. પરંતુ જે તે આયતનો વિર્દ (જાપ) પઢી, તેની સિદ્ધિ મેળવેલી હોય તો જ અથવા તેટલું પવિત્ર જીવન હોય તો. ઘણાખરા મુલ્લા તેવા હોતા નથી. છતાં અંધશ્રદ્ધા કામ કરે છે. મુલ્લાંઓ જન્મ, મરણ કે લગ્ન પ્રસંગોએ કંઈ ભાગ લેતા નથી. હવે તો બાળકના જન્મ વખતે તેના કાનમાં અઝાન કહેવા, મરણ પહેલાં "યાસીન" પઢવા અને મરણ પછી "ફાતિહા" પઢવા અને લગ્ન વખતે જે ગામમાં 'કાઝી' હોતા નથી ત્યાં મુલ્લા નિકાહ પઢાવવાનું કામ કરે છે.

મુલ્લાઓનો પગાર એટલો ઓછો હોય છે કે તે મસ્જિદવાળા લત્તામાં રહેનાર લોકો તેમને વારાફરતી સવારસાંજ જમવાનું મોકલે છે અથવ. જમવા માટે પોતાને ત્યાં બોલાવે છે તે ઉપરાંત, રમજાનમાં તેમને માટે કંઈ ઉઘરાણું કરવામાં આવે છે. જે છોકરા મુલ્લા પાસે પઢવા આવે છે, તેઓ દર જુમાને દિવસે મુલ્લાંને જૂજ ફી આપે છે અને પઢનારામાંથી કોઈ કુરઆન પૂરું પઢી રહે છે ત્યારે મુલ્લાને જોડી કપડાં વગેરે આપી ખુશ કરે છે.

મરસિયાખ્વાન

"મરસિયા" (લોકગીતો—Elegies) ગાનાર મરસિયાખ્વાન માત્ર શિઆઓમાં જ હોય છે. થોડા ફારસી અને ઉર્દૂના જ્ઞાન ઉપરાંત તેનો અવાજ મધુર અને કાન સંગીતમય હોવા જરૂરના છે. ગાવાનું ઘણું કરીને એ જાતે જ શીખેલો હોય છે મોહર્રમ વખતે પહેલી તારીખથી ચાળીસ દિવસ સુધી હ. ઇમામ હુસેન અને કરબલા શરીફના બીજા શહીદો માટે તે મરસિયા ગાય છે. કેટલીક વખત લખનૌ કે મુંબઇથી કોઈ મશહૂર મરસિયાખ્વાનને ખાસ બોલાવવામાં આવે છે. લખનોના શિયાઓએ મરસિયા બનાવવા અને તે ગાવાનું કામ એક હુન્નર તરીકે કેળવ્યું છે. લખનૌના કેટલાક "મરસિયા" લખનાર અને ગાનારાઓએ ઉર્દૂ સાહિત્યમાં "કવિ" ઓ તરીકે ઉચ્ચ અને માનદ પદ મેળવ્યું છે. મોહર્રમમાં આવા હોશિયાર મરસિયા ગાનારને બોલાવવા માટે ગુજરાતના મુખ્ય શહેરોના શિયાઓ ઉઘરાણું કરી મોટી રકમ ભેગી કરે છે; અથવા કોઈ પૈસાદાર શિયા તે રકમ પોતે એકલો જ આપે છે. મરસિયાખ્વાન પ્રસંગાનુસાર નવા મરસિયા પણ બનાવે છે, અને તે ઇમામવાડામાં પઢે છે અને ગાય છે. તેના શૈલી, અવાજ અને ગાવાની છટા એટલાં કેળવેલાં હોય છે કે તેના સાંભળનારા કરબલાના માનવંત શહીદોની વિપત્તિઓ સાંભળી શોકસાગરમાં ડૂબી જાય છે અને તેમને તે આપત્તિઓ આપનારા અને તેમની ઔલાદો તરફ અતિ ક્રોધ અને તિરસ્કારની નજરે જુએ છે.

ખતીબ

જુમાની અથવા ઈદની નમાજ પછી જે ખુત્બો (ધાર્મિક પ્રવચન —sermon) પઢવામાં આવે છે તે પઢનારને ખતીબ—sermon reader કહે છે.

શહેરો અને મોટાં ગામોમાં "કાજી" આવો ખુત્બો પઢે છે. ગામોમાં નમાજ પઢવનાર "પેશ ઇમામ" ખુત્બો પઢે છે. તેથી ત્યાં તે "ખતીબ" હોય છે. ખતીબને ખાસ તાલીમ લેવી પડતી નથી. ખાસ કરીને ગુજરાતના ઉત્તર ભાગમાં ખતીબની પદવી વા જગા વંશ-પરંપરાની હોય છે. ખતીબ કુરઆન પઢાવતો નથી; તેમ તાવીજ વગેરે પણ કરતો નથી. તે કોઈ પણ બીજો સાધારણ ધંધો કરે છે.

મૌલવી

ઇસ્લામની શરિયત (canon—law) જાણનાર "મૌલવી" મુસલમાનોના દીનના અફસરોમાં સૌથી અગત્યની અને સૌથી વધારે આવકવાળી જગા ભોગવે છે.

તેમની વિદ્વત્તા માટે જાણીતા થોડા મૌલવીઓ સિવાય, બીજા મૌલવીઓ પંદરમા અને સોળમા સૈકામાં ગુજરાતમાં આવેલા મહાન ધર્મોપદેશકો અને વલી ઓલિયાઓના પ્રતિનિધિઓ રૂપે તેમના વંશજો છે. આ મરહૂમ ઓલિયાઓની માનવંત યાદગીરીમાં, તેમના આ વંશનો વાર્ષિક "ઉરસો"—મરણસંવત્સરીઓ ભરે છે. તેમાં તેમના મુરીદો પીરની દરગાહ માટે કંઈ કંઈ ભેટ લઈ આવે છે. સામાન્ય રીતે, માલદાર મુરીદોનો આદરસત્કાર મૌલવીઓ તરફથી થાય છે. ઉરસની સાંજે, દરગાહમાં અતિ કીમતી કપડાં પાથરવામાં આવે છે. ભપકદાર રોશની કરવામાં આવે છે, સંગીત થાય છે અને "ડફ"ના તાલ સાથે, પુરુષ વર્ગ તુરબતની ચારે બાજુ કુંડાળું વળી "રતીબ" નામનો નાચ ધીરેધીરે નાચે છે. તે નાચમાં તેઓ પોતાના શરીર ઉપર તલવારો અને 'ગુરઝો' (માથે કડીઓવાળી અણીદાર સળીઓ) પોતાના શરીરો ઉપર મારે છે; અને પીરના પ્રભાવને લીધે તેથી તેમને કંઈ ઈજા થતી નથી.

મૌલવીઓ, એક વર્ગ તરીકે, બુદ્ધિશાળી અને ઠીક પઢેલા હોય છે. તેમાંના કેટલાક અરબી પણ ઠીક જાણે છે. શરિયત સમજાવવાની અને શીખવવાની તેમની ફરજો ઉપરાંત, કેટલાક મૌલવીઓ "પીર-મુરીદી"નો ધંધો પણ કરે છે અને દોરા-તાવીજો વડે દરદો મટાડી "હકીમ"નો ધંધો પણ આદરે છે. ઇસ્લામની શરિયતના જાણકાર તરીકે મૌલવી ઇસ્લામના કાયદાકાનૂનો બાબત પોતાનો અભિપ્રાય આપે છે. આવા અભિપ્રાયને "ફતવા" કહે છે.

કેટલાક મૌલવીઓ દીની અને દુન્યવી શરિયતના કાબિલ ઉપમા (વિદ્વાન) હોય છે. વારસા બાબતની ઇસ્લામી શરિયાતના ગૂંચવાડાનો લાભ લઈ, બન્ને પક્ષોને પોતાના "મસલા" (અભિપ્રાયો) આપી, તેમાંનો એક પક્ષ જે તેમને વધારે ફી આપે તેના તરફ તેઓ ઢળી જાય છે.

દીનના ઉપદેશકો તરીકે, મૌલવીઓ કોઈ કોઈ વખત ખાનગી મકાનોમાં, કુરઆનની અમુક અમુક આયતો લઈ, તે ઉપર વાચનો (ધાર્મિક પ્રવચનો) કરે છે.

ખાનગી વાચનો કુટુંબના આનંદ અથવા શોક, બન્ને પ્રકારના પ્રસંગોએ કરાવવામાં આવે છે. લગ્ન અથવા ઘરનું વાસ્તુ એ આનંદના પ્રસંગો છે; જ્યારે શોકના પ્રસંગો કોઈના મરણનો દિવસ,–તેની જ્યારત (મરણ પછીનો ત્રીજો દિવસ), તેનો ચેહલમ–ચાલીસો (મરણ પછીનો ચાળીસમો દિવસ) તેના મરણ પછીની વરસી વગેરે હોય છે.

આ વાચનો બે પ્રકારના હોય છે. કુરઆનમાંથી સામાન્ય વાયજ; અને મીલાદ શરીફ હ. પયગમ્બર સાહેબના જન્મ દિવસની કથા (હ. પયગમ્બર સાહેબનો જન્મ દિવસ અને વફાતનો દિવસ એક જ દિવસે છે). સાધારણ વાયજના પ્રસંગે, મૌલવીની મદદમાં એક "મુકરી"

(કિરાઅત પઢનાર; ધાર્મિક પ્રવચન કવિતા તરીકે પઢનાર) હોય છે. વાયજ શરૂ કરતા પહેલાં અને પૂરું કરી રહ્યા પછી આ મુકરી હ. પયગમ્બર સાહેબની તારીફ ફારસી અથવા ઉર્દૂમાં ગાય છે. મીલાદ શરીફ અરબીમાં અને ઊર્દૂમાં બન્ને રીતે પઢવામાં આવે છે. તેમાં ૧૫-૨૦ પઢનારાની ટોળી હોય છે. કેટલાક માલદારોના મૈયતોની વરસીઓ પણ આમ મીલાદ પઢવાના પ્રસંગો બને છે.

"આમિલ"—ઈલ્મ શીખવનાર તરીકે, મૌલવી ૧૪થી ૨૦ વરસની ઉંમરના છોકરાઓને શરિયત, ન્યાયશાસ્ત્ર, નીતિશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન શીખવે છે. કેટલીક વખત મૌલવીઓ કુરઆનના "હાફિઝ" પણ હોય છે. આખું કુરઆન શરીફ જેને મોઢે હોય તેને "હાફિઝ" કહેવામાં આવે છે. રમઝાન માસની "તરાવીહ"ની નમાજમાં આવા હાફિઝોની ખાસ જરૂર પડે છે. તે માસની "તરાવીહ"ની નમાજમા સામાન્ય રીતે આખું કુરઆન ખતમ કરવાનો શિરસ્તો હોય છે. તેથી દરરોજનો અક્કેક પારો (વિભાગ) પઢાય તો જ માસ આખરે આખું ખતમ થઈ શકે છે. કુરઆન આખા મહિનામાં એક વખત પઢી શકાય માટે તેના ૩૦ સરખા વિભાગ કરેલા છે. તેથી મૌલવીની આ ખાસ લાયકાતને લીધે તેને આ કામ માટે ખાસ પસંદ કરવામાં આવે છે. "હાફિઝ"ને મુસલમાનો ઘણું માન આપે છે. તેથી આવા હાફિઝો પોતાના નામ પહેલાં તેને લકબ તરીકે ઉમેરે છે. આવા હાફિઝ-મૌલવીને તરાવીહ પઢાવવા બદલ માસ આખરે લોકો ઠીક ઉઘરાણું કરી આપે છે.

પરંતુ દરેક મૌલવી "હાફિઝ" હોય, એવો કોઈ નિયમ હોતો નથી. કેટલીક વખત થોડું પઢેલા પણ "હાફિઝ" હોય છે. હાફિઝને કુરઆનના અર્થ જાણવાની જરૂર માનવામાં આવતી નથી, માત્ર આખું કુરઆન તેને કંઠસ્થ હોય, એટલે તેને "હાફિઝ" કહેવામાં આવે છે. મુસલમાનો

માને છે કે જે શખ્સ ' હાફિઝ " હોય તે પોતાના પૂર્વજોની અને પોતાની ઓલાદની, બન્ને તરફની વીસ વીસ પેઢીને જહન્નમની આગથી બચાવે છે.

પીરી–મુરીદી કરનારા મૌલવીઓ અહીં અગાઉ આવેલા ઇસ્લામના ધર્મોપદેશકોના વંશજો હોય છે. જેઓ આવી પીરી–મુરીદી કરે છે તેઓ વરસમાં કેટલાક મહિના પોતાના મુરીદોમાં ફરે છે. ત્યારે તેઓ નમાજ પઢાવવાના અને પ્રસંગોપાત્ત વાયેજ કહેવાના કામ સિવાય બીજું કંઈ કરતા નથી. આમ કરવા માટે તેઓ સાધારણ રીતે મોહર્રમની શરૂઆતમાં નીકળે છે અને આઠ નવ મહિના સુધી પોતાના મુરીદોનાં ગામોમાં ફરતા રહે છે.

કેટલાક પીરઝાદાઓના મુરીદો થોડાં જ ગામમાં હોય છે. કેટલાકને આખા ગુજરાતમાં અને કેટલાકને તો ગુજરાત બહાર, પશ્ચિમમાં, આફ્રિકામાં, નાતાલ, મોરીશિયસ સુધી અને પૂર્વમાં બર્મા અને સિંગાપોર સુધી પોતાના મુરીદો પથરાયેલા હોય છે. પીરઝાદાના અવસાન સમયે તેમના પુત્રો પિતાના મુરીદોને વારસાઈ મિલકત તરીકે વહેંચી લે છે. કેટલાક પીરઝાદા પૈસા માટે અથવા એવા જ બીજા કોઈ કારણસર પોતાના મુરીદોમાંથી અમુક કુટુંબો અને તેમાંથી થતી આવક બીજાને આપે છે. આમ હિન્દુઓના તીર્થસ્થળોએ ગોર કુટુંબોમાં પણ કેટલીક વખત થાય છે. પીરઝાદાના મુરીદો ઘણું કરીને વંશ-પરંપરાના હોય છે તેથી પેઢી દર પેઢી મુરીદ બનાવવાની વિધિ નવેસરથી કરવી પડતી નથી, પરંતુ મુરીદોનાં કુટુંબોમાં બહારથી " વહુઓ " તરીકે આવતી સ્ત્રીઓ અને નવા થતા મુરીદો માટે તેવી વિધિ કરવાની જરૂર પડે છે. આવી વિધિમાં નવો થનાર મુરીદ, નમાજ પઢીને, પીરના ઓલિયા પૂર્વજોના " શજરા "–વંશવૃક્ષ–Geneological tree–ને ' બોસો ' (ચુંબન) કહે છે. પછી પીર તેને દીનની કેટલીક

૩૨

બાબતો સમજાવે છે અને પછી શરબતના પ્યાલામાંથી પોતે થોડું પી, બાકીનું તેને પી જવા કહે છે. મુરીદો પીરઝાદાઓને પોતાના 'પિતા' તુલ્ય માને છે.

પીરઝાદા પોતાના મુરીદોના ગામમાં જાય છે ત્યારે ત્યાંની મસ્જિદમાં અથવા પોતાના મુરીદો પૈકી સૌથી માલદાર (અથવા સૌથી માનીતા કે માનવંતા) મુરીદને ત્યાં પોતાનો ઉતારો કરે છે. ત્યાં રહી તે મુરીદોને અવારનવાર બોધ કરે છે. તેમને ઘેર કોઈ બીમાર હોય તો ત્યાં જઈ તેના ઉપચાર કરે છે. મુરીદો પીરઝાદાઓને ઘણું માન આપે છે. ભરૂચના સુન્ની વહોરાઓ તો પીરઝાદાઓને દીનના ઉપદેશક ઉપરાંત, દુન્યવી બાબતોમાં પણ સલાહકાર માને છે. તેઓ એમ પણ માને છે કે પીરઝાદાઓની અને તેમના વલી ઔલિયા પૂર્વજોને લીધે તેમના મુરીદોને અલ્લાહ પાકકયામતને દિવસે બક્ષી દેશે.

પીરનો મુકામ જે તે ગામમાં પોતના મુરીદોની સંખ્યાના પ્રમાણમાં હોય છે. તેમના તેવા મુકામ વખતે મુરીદો તેમને ભેટ—નઝર આપે છે. સામાન્ય રીતે, કોઈ મુરીદ ખાસ બીમાર ના હોય અથવા કોઈ મુરીદ પીરસાહેબને ખાસ આમંત્રે નહીં ત્યાં સુધી પીરસાહેબ તે ગામમાં તે વરસમાં પાછા આવતા નથી. મુલ્લાં માફક, મૌલવી—પીરઝાદા પણ માંદા માણસોને દોરા-તાવીજ કરી આપવામાં કુરઆન શરીફની અમુક અમુક આયાતોનો ઉપયોગ કરે છે. દોરો આપે તો તેમાં ગાંઠો વાળીને આપે છે. તાવીજ આપે છે તો તે કાગળ ઉપર અથવા રકાબીમાં કેસરથી લખીને આપે છે. બીમાર માણસ તે ધોઈને પી જાય છે. પીરઝાદાઓ સામાન્ય રીતે ભૂતબલા કાઢવાનું કામ કરતા નથી. કેટલાંક કરે છે પણ ખરા. સાધારણ રીતે જે દરદોમાં દોરા-તાવીજ આપી શકાય છે તે સિવાયના દરદોના ઇલાજ પીરસાહેબો કરતા નથી. ઘણાં કુટુંબોમાં આવો પીર-મુરીદોનો સંબંધ પેઢીઓ સુધી ચાલુ રહે છે.

પરંતુ એમ પણ બને છે કે કોઈ નવીન પરદેશી આરબ, અફઘાન કે ઉત્તર હિન્દનો પઠાણ અથવા હિન્દુસ્તાની ગામેગામ ફરતાં પોતાની આકર્ષક રીતભાત અને બોલચાલથી પોતાના ઇલ્મથી, પરહેઝગારીથી અથવા કોઈ ખાસ રોગ મટાડીને બીજાઓને પોતાના મુરીદ થવા આકર્ષે છે.

મૌલવીઓમાં થોડા જ માલદાર હોય છે, પરંતુ સામાન્ય રીતે તેઓ બધા જ સુખી સ્થિતિના હોય છે. શરિયત સમજાવવા માટે કે વાયજ પઢવા માટે તેઓ ફી લે છે. મુરીદો પાસેથી પીરઝાદાઓને તેમના વાર્ષિક કર પેટે મુરીદની આર્થિક સ્થિતિ અનુસાર રૂા. ૨ થી ૧૦ સુધી મળે છે. આ રકમ જ્યારે પીરઝાદાઓ મુરીદોમાં ફરવા નીકળે છે ત્યારે તેમને આપવામાં આવે છે; અથવા એ પીરના કોઈ પૂર્વજના ઉરસમાં મુરીદો ભેગા થયા છે ત્યારે તેઓ આપે છે. પીરઝાદાના કુટુંબના કોઈ સભ્યના લગ્ન પ્રસંગે મુરીદોને આમંત્રવામાં આવે છે ત્યારે પીરસાહેબને ઠીક રકમ મળે છે.

કાજી—લગ્નના રજિસ્ટ્રાર

મુસલમાન બાદશાહોના અમલ દરમ્યાન, કાજીઓ દીવાની અને ફોજદારી ન્યાયાધીશોનું કામ કરતા હતા, પરંતુ, હવે તેઓ રમજાન અને બકરી ઇદની નમાજો પઢાવે છે, તે ઉપરાંત તેઓ નિકાહ અને તલાકનાં દફતરો રાખે છે. તે સિવાય તેઓ બીજું કંઈ કામ કરતા નથી.

શહેરોમાં, ખાસ ફી મળે નહીં ત્યાં સુધી કાજીઓ પોતે નિકાહ પઢાવવા જતા નથી. તે માટે તેમણે પોતાના તરફથી એક "નાયબ" (આસિસ્ટંટ–મદદગાર) નીમેલો હોય છે. નિકાહ અને તલાકના

રજિસ્ટરો તેઓ નોખાં નોખાં રાખે છે. તલાકો તેમની મારફત સિવાય બારોબાર થાય તેમાં રજિસ્ટરો હોતાં નથી.

કાજીઓનો અધિકાર આજકાલ આટલો ઓછો થઈ ગયો છે છતાં હજી મુસલમાનોમાં તેઓ સારો મરતબો ભોગવે છે.

સૂરતમાં કાજીના હોદ્દા માટે ચૂંટણી કરવામાં આવે છે. જ્યારે અમદાવાદમાં તે જગા વંશપરંપરાની છે. ભરૂચમાં કાજી વંશપરંપરાના છે. કંપની સરકારના સમયથી તેમની નિમણૂક છે. તેમને તે માટે પોલિટિકલ પેન્શન મળે છે. ઘણાં કેસોમાં કાજીનો પગાર કોઈ વકફ ફંડમાંથી આપવામાં આવે છે. ઈદના દિવસોએ કાજીઓ દક્ષિણ ગુજરાતમાં છત્રી જેવી અને ઉત્તર ગુજરાતમાં ગોળ "ગુંબજ" dome જેવી મોગલ પાઘડી અને લાંબો "જામો" અંગરખો પહેરી નમાજ પઢાવે છે. ત્યારે લોકો તેમને શાલ અને કંઈક રોકડી રકમ પણ ભેટ આપે છે.

નવા મુસ્લિમોની વિધિ

ઇસ્લામનો ઉપદેશ કરી નવ-મુસ્લિમ ઉમેરવા વહ્‌હાલીઓ અને ચુસ્ત મૌલવીઓ કંઈક કોશિશ કરે છે. તે બાદ કરતાં, આજકાલ ઈસ્લામની પ્રવૃત્તિ અતિ મંદ પડી ગયેલી છે. અવારનવાર કોઈ ઊતરતા વર્ગનો હિન્દુ દુનિયાદારીના કે કોઈ એવા જ કારણસર ઇસ્લામ સ્વીકારે છે. તેટલો વખત મુસલમાનોમાં તે બાબત ચર્ચા થાય છે, પરંતુ દીનના ઉપદેશકો તરફથી પદ્ધતિસર અને નિયમિત રીતે આ દિશામાં કોઈ પ્રયાસો થતા હોય એમ જાણવામાં નથી.

જ્યારે કોઈ હિન્દુ ઇસ્લામ સ્વીકારે છે ત્યારે મુસલમાનોની એક પાર્ટી મળે છે અને તેમની સમક્ષ તે દીનનો કલમો પઢે છે. પછી તેને ખાંડનું શરબત પાવામાં આવે છે. પછી તે નવ-મુસ્લિમોને ઘોડા

ઉપર બેસાડી, તેનો વરઘોડો ગામમાં ફરવે છે. તેમ ફરી આવ્યા પછી, તેની સુન્નીત—circumcision—કરવામાં આવે છે, ત્યારે તેનું મુસ્લિમ નામ પાડવામાં આવે છે. સાધારણ રીતે "અબ્દુલ્લા" (અલ્લાહનો સેવક) "દીનઅહમદ" (હ. મોહમ્મદ પયગમ્બરના દીનમાં દાખલ થનાર) અથવા એવું તેમનું નામ પાડવામાં આવે છે. આ સઘળું ખર્ચ, જેના મુરબ્બીપણા નીચે તેણે ઇસ્લામ સ્વીકાર્યો હોય છે તે ઉપાડી લે છે.

પવિત્ર દિવસો

મોહર્રમ, રમજાન, ઈદ અને બકરી ઈદ સિવાયના બીજા પવિત્ર દિવસો, શિયાઓ અને સુન્નીઓ જુદા જુદા પાળે છે.

વરસનો શરૂ મહિનો મોહર્રમનો છે. તે મહિનો હ. ઈમામ હુસેનની શહાદતની યાદગીરીમાં પવિત્ર મનાય છે. જગતભરમાં માણસો માનસિક ઉશ્કેરણી માટે આતુર હોય છે. આનંદોત્સવમાં નહીં તો શોકવિલાસમાં તે એ આવેશને મોકળા માર્ગે વહેવા દે છે.

ગ્રીક એડોનીસના હૃદયતોદક વિલાસની લોકપ્રિયતા ઈરાની વીર રૂસ્તમના પોતાના પુત્રને, તેને ઓળખ્યા વિના, પોતાને હાથે જ કતલ કરવાનો કરુણ કિસ્સો, ખ્રિસ્તીઓ તરફથી ભજવાતું Passion Play જેમાં હ. ઇસાને ક્રોસના વધસ્તંભ ઉપર લઈ જવામાં આવે છે તે કહાણી કરુણ રસમાં વર્ણવવામાં આવેલી છે. આ દૃષ્ટાંતોથી સાબીત થાય છે કે મનુષ્યની સામાન્ય પ્રકૃતિ હૃદયદ્રાવક કરુણરસને એક પ્રકારના શોકયુક્ત વિલાસસમ માને છે અને તે માટે તે ઝુરે છે. ઉર્દૂમાં એક કહેવત છે કે "ક્યા ગમ હય મઝેકા કે તબિયત નહીં ભરતી!" શોક એવો મઝાનો છે કે તેથી સંતોષ નથી! આદમીના દિલની ગમ માટેની આ ઊંડી આરઝુ, અલ્લાહ તા'લા પર આફ્રીન

રાખી ભરસો રાખવાના ઈસ્લામના કડક કાનૂનથી સંતોષાતી નથી. આદમીના દિલના સિતારના હરેક તારને હલાવી નાખવા જેટલો રણકાર ઈસ્લામના આ શરૂ શહીદોની ચિત્રવિચિત્ર કહાણીઓમાંથી કરુણ રસ પ્રિય ઈરાની હ્રદયને જોઈ તો ખોરાક મળી આવ્યો છે. (મૌલાના મોહમ્મદ અલી, "જૌહર' એમના એક ઉર્દૂ કાવ્યમાં કહે છે કે કત્લેહુસેન અસ્લમેં મર્ગે યઝીદ હય, ઈસ્લામ ઝિંદા હોતા હય, હર કરબલા કે બાદ "—ઈમામ હુસેનનું શહીદ થવું ખરી રીતે યઝીદનું જ મરણ હતું. દરેક મોહર્રમ પછી ઈસ્લામ સજીવન થાય છે.

એક બીજી ઉક્તિ છે કે " સર દાદ, દસ્ત ન દાદ દર દસ્તે યઝીદ" —યઝીદના હાથમાં ઈમામહુસેને પોતાનું માથું આપ્યું, પણ તાબેદારી સૂચવતો પોતાનો હાથ આપ્યો નહીં). ઇસ્લામના સૌથી ઉચ્ચ ખાનદાનની નાજુક, પરદાનશીન બાનુઓ અને તેમના કુમળાં નિર્દોષ બાળકોને ક્રૂર રીતે ફસાવી, પછી તેમને નિરાધાર તજી દઈ, રંકથી રાય સુધી સૌને વિનામૂલ્યે મળતી અલ્લાહ પાકની પાણી જેવી સુલભ ન્યામત ઈન્કારી, ત્રણ ત્રણ દિવસો સુધી તેમને તલસાવ્યા, ઇમામહુસેનની દુઆ માટે કુમળાં બાળકે લંબાવેલા નાજુક હાથ કાંડાંમાંથી ઉડાવી દીધા. પિતાની ગોદમાં લીધેલા બાળપુત્રને તીરથી વીંધી નાખ્યો, ઇસ્લામના પયગમ્બર સાહેબના નવાસા (દોહિત્ર)—જેવી ઉચ્ચ ખાનદાનની ઔલાદ, દીનના "હૈદર" સિંહના, બાપથી સવાયા બેટા, હથિયાર પર નહીં પણ પોતાના દાવાના અદલ ઈન્સાફ પર પૂરો ભરોસો રાખનારને દગો દઈ, ઘેરી લીધા, જેણે તાબે થઈ ગેર-આબરૂ થવા કરતાં મોતને વધાવી લીધું. ઈમામહુસેનનો પોતાની એકલી જાતનો એકલવાયો દુશ્મનના લશ્કરમાં ધરી જવાનો છેલ્લો ધસારો, તેમને થયેલા સંખ્યાબંધ જખમો, તેમનું અતિ અતિ કરુણ હ્રદય ચીરી નાખે તેવું અવસાન અને જાણે વધુ મારવા, નાહક અપમાન કરવા, ધડથી માથું જુદું પાડવું વગેરે વગેરે મુસીબતો, દીનના દુશ્મન

તરફથી નહીં પણ પોતાના જ કબીલાના એક શખ્સ, અને તેયે એક વખતના સોબતી અને દોસ્ત તરફથી પોતાને નસીબ થઈ! રહમાન યા રહિમ!

હ. ઈમામહુસેન અને તેમના સાથીઓ એકલાને જ આવા અતિ-શોક માટે લાયક શહીદો ગણવા, સુન્નીઓ ઈન્કારે છે. તેઓ પૂછે છે કે હ. પયગમ્બર સાહેબના એ સોબતી અને બીજા ખલીફા હ. ઉમર ફારૂક જેમને મજુસી (magion) ખૂની અબુ લુલુ ઈરાનીઓના બાબા ફિરોઝે મસ્જિદમાં શહીદ કર્યા અને એ વેદનાથી તેઓ ત્રણ દિવસ સુધી પીડાયા, તેમનું શું? ત્રીજા ખલીફા હ. ઉસ્માન ગની ત્રણ દિવસની પીરસ વેઠી નમાજ પઢતાં શહીદ થયા, તેમનું શું? વળી, ખુદ ઈમામ-હુસેનના જ પિતા હ. અલી હૈદરનું પણ શું? ઈમામહુસેન બીજાઓથી વધારે મોટા શી રીતે ગણી શકાય? એમનું અવસાન અલ્લાહના હૈદરના અવસાન કરતાં વિશેષ શોકયુક્ત શી રીતે લેખાય? શિયાઓ જવાબ આપે છે, હા, બરાબર છે. દીનના આ બધા શહીદોનાં અકાલીન અવસાનોથી દીનને ઘણી હાનિ પહોંચી છે. તેમ છતાં, એ બધાના અવસાનોના સંજોગો એકત્ર કરતાં પણ હ. ઈમામહુસેનની શહાદતના ચિત્રવિચિત્ર પ્રસંગોની સાથે સરખામણી થઈ શકે નહીં. સખત દિલના આરબો ફરી પૂછે છે કે ખુદ અલ્લાહ તા'લાના હૈદર માટે પણ આટલો મોકળા મનનો વિલાપ વાજબી નથી. ઈમામહુસેન અલ્લાહ પાકે મુકરર કરેલા તકદીર મુજબ અલ્લાહની રહમતે પહોંચ્યા છે. ખુદા પાક કંઈ ખોટું કરે નહીં. માટે તે વિરુદ્ધ અવાજ ઉઠાવવો એ અલ્લાહના હુકમોમાં અવિશ્વાસ જાહેર કરવા બરાબર છે! નરમ દિલનો ઈરાની આ સાંભળી અચકાય છે અને-જાણ્યે અજાણ્યે પોતાના પ્રાચીન દ્વૈતમત (Dualism) તરફ ઢળે છે. તે વાદ કહે છે કે 'અહરિમન' અને 'બહમન' (ભૂંડું અને ભલું) એક બે શક્તિઓ છે. પ્રસંગોપાત્ત,

સર્વશક્તિમાન પરમેશ્વરની મરજી વિરુદ્ધ પણ પાપ–બુદ્ધિ ફાવી જાય છે. આવા જ કોઈ સંજોગોમાં, કરબલાના મેદાનમાં અહરિમન શશ્રે ફતેહ મેળવેલી હોવી જોઈએ.

આલી ખાનદાન ઈમામહુસેનની શહાદતનો શોક તે દિવસે કુદરતે પણ નહોતો કર્યો ? મોહર્રમની ક્રૂર, કાળી દશમી તારીખે પ્રકાશિત સૂર્યનાં કિરણો પણ ઝાંખાં અને રક્તમય રાતા દિસતાં હતાં ! એટલે સુધી કે ખરે મધ્યાહને લાલ આકાશમાં તારા દેખાતા હતા. જ્યારે શહીદ ઈમામહુસેનનું માથું પ્રતિસ્પર્ધી ખલીફાના કૂફાના મહેલમાં લાવવામાં આવ્યું ત્યારે એ મહેલની દીવાલોએ પણ રક્તાશ્રુ વહાવ્યાં હતાં ! સુન્નીઓ આ વર્ણન અતિશયોક્તિ ભર્યું અને અસત્ય લેખે છે. પ્રત્યુત્તરમાં, શિયાઓ સુન્નીઓને ઉપાલંભે છે અને ટાણાં મારે છે કે ગમીના દિવસોને તમે બેહૂદા મોજના અને નાહક ધાંધલના દિવસો બનાવી દીધા છે. પરહેઝગાર આરબોની છાયાવાળા ચુસ્ત સુન્નીઓ આ ગેરવાજબી વર્તન કબૂલે છે. તેઓ ખુલાસો કરે છે કે વિચારવંત મુસ્લિમો તો સાચા દિલથી શોક કરે છે; માત્ર અવિચારી, અણસમજુ લોકો જ એવા તોફાનમાં ભાગ લે છે.

મોહર્રમનું આ ધાંધલિયું તોફાન સ્થાનિક હિન્દી તત્ત્વ છે. જેવી રીતે ઈરાની ઢબથી ઉજવાતા મોહર્રમની ખાસિયતોના મૂળ ઈરાનીઓના પ્રાચીન મઝહબોની માન્યતાઓ અને શોકવિલાપના મરસિયાઓમાં મળે છે. તે જ પ્રમાણે મોહર્રમના મૂળ લિબાસના હિન્દી ઉપરણાં હિન્દુઓની દેવ-દેવીઓની શ્રદ્ધાની ફળદ્રુપ ભૂમિકામાંથી પ્રકટેલાં છે.

૯. ઈમામહુસેનની શહાદત અને તેમના શોકના દિવસો બીજા આવા દિવસોની માફક શોક કરનારા પાસે અનેક જીન–પરીઓ આમંત્રાવે છે. આ હવાઈ આત્માઓમાં બધાં જ અનિષ્ટ કે ઇન્સાનના

દુશ્મન હોતાં નથી. માત્ર તેમને રહેવા ઘર નથી, તેથી જમીન અને આકાશ વચ્ચેના અવકાશમાં, ઠંડા ગરમ વાતાવરણમાં, કપડાંલત્તા વિના નગ્ન સ્થિતિમાં સ્થાયી સ્થાન વિના, આમતેમ રખડે છે, રવડે છે, ભટકે છે. તેથી તો કેટલાકને આપણે અરવાહના પ્રિય વાસરૂપ સુંદર રોજામાં વસાવીએ તો આપણે તેમને રાજી કરી, આપણી રક્ષાનો બોજો તેમને સોંપી શકીએ. બીજા કેટલાકને એમનાં બીજા વાસરૂપ ઘોડાના લોઢાના નાળમાં ઉતારી શકીએ અથવા છોકરા અને જુવાનોનાં અંગમાં દાખલ કરી તેમના વાઘ, રીંછ બનાવી, તેમને આપણે મન-માનતી રીતે નમાવી શકીએ. બાકીનાઓ માટે આપણે કંઈ કરી શકીએ તેમ નથી. તેવાઓને આપણે બૂમબરાડા અને વાજાંનગારાના શોરબકોરથી આપણી પાસેથી દૂર દેશનિકાલ કરી શકીએ. અંતર આવેશનું આ હિન્દી તત્ત્વ ઇસ્લામની કડક સાધુને છાજતી અતિ સાદાઈ અને સખતાઈ કરમાઈ જાત, સુકાઈ જાત, ખરી જાત, મરી જાત. સદ્‌ભાગ્યે, મોહર્રમના ક્રિયાકાંડમાં જીન-પરીઓની ભૂતાવલિ દૂર કરવાની હિન્દુ માન્યતા આનંદોત્સવ સજીવન રાખે છે.

મોહર્રમ

ઉત્તર ગુજરાતના સુન્નીઓમાં, મોહર્રમ શોકના દિવસો મનાય છે. ગરીબ વર્ગની સ્ત્રીઓ આ દશ દિવસોમાં મરસિયા ગાય છે અને છાતી કૂટે છે. દક્ષિણ ગુજરાતમાં મોહર્રમની ચોથી તારીખથી શોક મોજ-મઝા અને તમાશામાં બદલાઈ જાય છે. ચોથા દિવસ પછી જે એક રિવાજ બન્ને ભાગમાં સામાન્ય રીતે પાળવામાં આવે છે તે એ છે કે રસ્તાઓની બાજુ ઉપર ઠેકાણે ઠેકાણે છોકરાં અને માણસોને પીવા માટે સાદા પાણી અથવા શરબતના માટલા મૂકવામાં આવે છે તેને "સલીલો" કહે છે.

એ દિવસોમાં કીમતી અથવા વિચિત્ર કપડાં પહેરી, ઈમામહુસેન

અને બીજા શહીદોના મરસિયા ઢોલ, સતાર અથવા સારી રીતે ગાતા લોકો ટોળાઓ બંધ ફરે છે. કેટલાક જો તેમણે માનતાઓ માનેલી હોય છે તો પોતાના છોકરાંને દીનના ફકીરોનો લીલો પોશાક પહેરાવે છે. જો કે આ રિવાજ ફક્ત ગરીબ વર્ગમાં જ જોવામાં આવે છે; અથવા તેઓ વાઘ, રીંછ અથવા એવો જ બીજો કઢંગો વેશ કાઢી ઘેરઘેર ભીખ માગતા ફરે છે ત્યારે બીજા કેટલાક "દુલા"—વરરાજા બને છે.

મોહર્રમના દુલા

શિયાઓમાં એક માન્યતા પ્રચલિત છે કે કરબલાના જંગના મેદાનમાં જ્યારે દુશ્મનોના સરદાર દયાહીન ઉબયદુલ્લા બિનઝિયાદે ઇમામ હુસેનના માણસોને આંતરી તેમણે પોતાના બચાવ માટે ખાઈ ખોદી કરેલી છાવણીમાં તેમને ઘેરી લીધાં હતાં, ત્યારે ઈમામહુસેનના યુવાન ભત્રીજા, ઇમામ હસનના પુત્ર, કાસિમ અને પોતાની નાની પુત્રી સકીનાનાં લગ્ન થવાનાં હતાં, પરંતુ તે જંગમાં જ વરરાજા શહીદ થઈ જવાથી એ લગ્ન થઈ શકેલાં નહોતા.

આ દુલાના ઘોડાનો પડી ગયેલો એક નાળ દક્ષિણ હિન્દના કોઈ મુસલમાનોને મળી આવ્યો હતો. તેમણે તે નાળ હિન્દમાં આણ્યો હતો. મોહર્રમમાં, જ્યારે કરબલાના જંગના અવશેષો લોકોને જાહેરમાં દેખાડવામાં આવે છે ત્યારે આ "દુલાના ઘોડાનો નાળ" અથવા "નાળ સાહેબ", જેમાં મૂળ દુલાના આત્માનો કંઈક અવશેષ હજી પણ વસતો માનવામાં આવે છે, તે અદ્ભુત રીતે માંદાને સાજો કરી શકે છે. આ નાળ જેની પાસે હોય છે તેના અંગમાં મૂળ દુલાનો આત્મા પ્રવેશ કરી, તેને "હામ" (ચેતન–spirit) ચઢે છે. આ "હામ" ચઢાવવા માટે નીચેની વિધિ કરવામાં આવે છે.

દુલાને હામ ચઢાવવાની વિધિ

ચાંદીનો અથવા લોઢાનો બેત્રણ ફૂટ લાંબો સળિયો જેને એક છેડે વજનદાર ચાંદ રાત—crescent અથવા ઘોડાના નાળની આકૃતિ હોય છે, અને તે ચારે તરફ પુષ્કળ મોરપીંછથી ઢંકાયેલો હોય છે, તેવો સળિયો કેટલાક વખત સુધી બળતા લોઢાની પાસે મૂકી રાખવામાં આવે છે.

દક્ષિણમાં, ખાસ કરીને હૈદ્રાબાદમાં, દરેક મોહર્રમ પછી મથાળે નાખવામાં આવા અનેક સળિયા કૂવામાં નાખી દેવામાં આવે છે. બીજા મોહર્રમ પહેલાં થોડા સમય અગાઉ, જેમણે પોતાના સળિયા કુવામાં નાખેલા હોય છે તે બધા તે કૂવા ઉપર જાય છે અને અસલ શહીદ જેને દુલો બનાવવા ઇચ્છતા હોય છે તેનો સળિયો પાણીની સપાટી ઉપર આવે છે.

ગુજરાતમાં આ ચમત્કાર જોવામાં આવતો નથી. તેને બદલે ત્યાં એક ઘનફૂટ લંબાઈ, પહોળાઈ અને ઊંડાઈનો ખાડો ખોદવામાં આવે છે અને એ ખાડામાં આગ સળગાવવામાં આવે છે. પછી જેણે દુલા થવાની માનતા માનેલી હોય છે, તે તે આગની સાત અગર અગિયાર વખત પ્રદક્ષિણા કરે છે. જો તે માણસ અથવા તેના દોસ્તો તેના અંગમાં દુલાનો હામ ચઢતો જુએ છે તો તેઓ નામવાળા સળિયાના મોરપીંછ તેના મોં આગળ ધીરે ધીરે હલાવી તેને પંખો કરે છે. આ આખો વખત પુષ્કળ લોબાન બાળવામાં આવે છે. આજુબાજુ એકઠા થયેલા લોકો "દુલા" "દુલા" ના તાલ આપ્યા કરે છે; અને જેને "હામ" ચઢવાનો હોય છે તે માણસ તે તાલ ઝીલતો, પ્રથમ ધીરે ધીરે અને પછી વધારે અને વધારે જોશથી "દુલા" "દુલા"ના પડઘા પાડતો પોતાનું શરીર ઝુલાવે છે. જ્યારે તેને પુરો "હામ" ચઢે છે ત્યારે તેની આંખોના ડોળા ઉપર ચઢી સ્થિર થઈ જાય છે અને તેનું અંગ ઠંડુ

પડી જાય છે. તે વખતે તેનું મોં નીચું નમાવી નાળના મોરપીંછથી ઢાંકી દેવામાં આવે છે. કેટલાક વખત સુધી તેનું મ્હો મોરપીંછમાં આ પ્રમાણે દબાવી રાખ્યા પછી, "હામ" ચઢે છે, પછી તે હામ ચઢેલો "દુલો" પાણી કે આગની પરવા કર્યા સિવાય દોડે છે, જેવો તે નાસવાનું શરૂ કરે છે કે તરત જ તેનો એકાદ મિત્ર તેને પાછળથી પકડી રાખે છે અને તે રીતે તેને ટેકો આપી સ્થિર કરે છે. તેને કયાં જવું છે તે જાણ્યા વિના, તે દુલો દોડતો હોય છે. તેને બીજા દુલાઓના ઉપર પ્રમાણેના અખાડાઓમાં અને તાજિયાઓ પાસે તેઓ લઈ જાય છે, ત્યાં તેની આગળ બીજો વધારે લોબાન બાળવામાં આવે છે. એક સ્થળેથી બીજે સ્થળે જતાં રસ્તામાં, દુલાને રોકીને પરણિત સ્ત્રીઓ સંતતિ માગે છે, અથવા શૉકયનું સાલ કાઢવા માટે અરજ કરે છે, અથવા જીન, પરી કે બીજી બલા દૂર કરવા માટે દુલાને વિનવે છે. સ્ત્રીઓની પુત્રાદિ વાંચ્છના પૂરી પાડવા દુલો પોતાના મોરપીંછવાળા તામને જે ફૂલહાર ચઢાવેલા હોય છે, તેમાંથી એક બે ફૂલ આપે છે. પોતાને અખાડે પાછા ફરતાં દુલો બેભાર થઈ પડી જાય છે. એ પ્રમાણે એક બે કલાક બેશુદ્ધ રહ્યા પછી તે ફરી શુદ્ધિમાં આવે છે. જેમણે દુલા થવાની માનતા માનેલી હોય છે તેમને જ આ પ્રમાણે "હામ" ચઢે છે અને તેમને પણ કેટલીક વખત તેવો "હામ" ચઢતો નથી.

કોઈ સ્ત્રીના અંગમાં "દુલા"નો હામ દાખલ થઈ શકતો નથી. ("દુલા" નર જાતિનું રૂપ છે. તેનું નારીજાતિનું રૂપ "દુલ્હન" છે.)

તાજિયા

કરબલા શરીફમાં આવેલા હ. ઈમામહુસેનના રોજાના નમૂના રૂપે, નાના મોટા, કીંમતી અથવા સાધારણ કિંમતના, વાંસના અથવા પતરા જેવા કાગળના "તાજિયા" અથવા "તાબૂતો" તેમના મકાનોમાં કેટલાક દિવસો સુધી બનાવી, રાખી મૂકી, મોહર્રમની નવમી

તારીખે રાત્રે તે તાબૂતો બહાર કાઢી, ગામના મુખ્ય રસ્તાઓમાં તે સરઘસ માફક ફેરવે છે. તાબૂતો આગળ, રસ્તામાં જમીન ઉપર આળોટે છે. બીજે દિવસે, દશમી તારીખે, તાબૂત બનાવનારા, બહુ દેખાવ અને ઘોંઘાટ સાથે, બીજું સરઘસ કાઢી, તલાવ અથવા નદી તરફ તાબૂતો લઈ જાય છે, અને ત્યાં તેઓ તે તાબૂતો પાણીમાં ડુબાડે છે. તે સાંજે તેઓ મીઠી રોટલી અને શરબત બનાવે છે અને પોતાના મિત્રોમાં વહેંચે છે.

અમદાવાદમાં અને બીજે કેટલેક ઠેકાણે, કીમતી તાબૂતો મસ્જિદોમાં રાખી મૂકવામાં આવે છે.

ગુજરાતના બીજા શહેરો કરતાં સૂરતમાં મોહર્રમના તમાશા વધારે કરવામાં આવે છે. ત્યાં એક વધારે રિવાજ છે કે પાંચમી તારીખે સાંજે, તાબૂત આગળ ફાતિહા દીધેલા "ચુંગા" જાતના ઘઉંના જાડા રોટલા ખાધા પછી, છોકરાંને લીલા કપડાં પહેરાવીને સગાંવહાલાંમાં ચુંગા વહેંચવામાં આવે છે, અને જે કુટુંબોમાં પુત્રપુત્રીઓના લગ્નોનો સંબંધ થયેલો હોય છે તેમને ત્યાં પણ એવા લાંબા કપડાં મોકલવામાં આવે છે.

તાબૂત બનાવવાનો રિવાજ તૈમૂર લંગના વખતથી, ઈ. સ. ૧૪૦૦ થી શરૂ થયેલો છે. તેણે કરબલા શરીફના ઝયારતે કરી આવ્યા પછી હ. ઇમામહુસેનના રોજાની નાની નકલ બનાવડાવી હતી, અને મોહર્રમના પહેલા દસ દિવસોમાં શોકની બીજી વિધિઓમાં તેનો ઉમેરો કર્યો હતો.

શિયાઓના મોહર્રમ

સુન્નીઓ મોહર્રમના પહેલા દસ દિવસ પાળે છે, જ્યારે શિયાઓ તે ચાળીસ દિવસ સુધી લંબાવે છે. પહેલા દશ દિવસ ખાસ શોકના છે.

આ દિવસોમાં, ગુજરાતના દક્ષિણ ભાગમાં, શિયાઓ ટોળે મળી, કાળા કપડાં પહેરી, ઉઘાડે પગે ચાલી, વાગતે ગાજતે, હ. ઇમામહુસેન, હુસેનના વાવટાઓ ઇમામવાડામાંથી કાઢે છે અને જે કોઈ માણસો બધી માનતા માનેલી હોય છે તેને ત્યાં તે વાવટાઓ સરઘસરૂપે લઈ જવામાં આવે છે. તેને ત્યાં છાતી કૂટતાં કૂટતાં મરસિયા ગાઈ રહ્યા પછી સૌને ખાંડનું શરબત પાવામાં આવે છે, અને વાવટાઓને ફૂલના હાર ચઢાવવામાં આવે છે. તે ઉપરાંત, સવારસાંજ પચ્ચીસ પચ્ચીસ માણસો ઇમામવાડામાં અથવા કોઈ ખાનગી ઘરમાં ભેગા થાય છે. ત્યાં તેઓ કરબલાના જંગનો હેવાલ તથા શહાદતનું વર્ણન સાંભળે છે. આ પ્રમાણે લોકો ભેગા થાય તે રૂમમાં શેતરંજીઓ પાથરે છે અને એક ખૂણામાં એક ખુરશી ઉપર સફેદ કપડું બિછાવે છે. લોકો ભેગા થાય ત્યારે, દક્ષિણ ગુજરાતમાં શરબત અને ઉત્તર ગુજરાતમાં અફીણનો કસુંબો પાઈ ત્યાં ભેગા થયેલામાંથી એક જણ ખુરશી પાસે ઊભો રહીને પઢવા માંડે છે. ઇમામહુસેનના સદ્‌ગુણોનાં વખાણ કર્યા પછી, ઇમામહુસેન શત્રુના મોટા લશ્કર ઉપર એકલા જ ધસારો કરી કેવી બહાદુરી બતાવી હતી તેની તારીફ કરે છે. જ્યારે તે પઢનાર ઇમામહુસેનની છેલ્લી ઘડીઓ અને છેવટે તેમની શહાદત ઉપર પહોંચે છે ત્યારે તેની ગાવાની શોકયુક્ત ઢબ અને રડતા અવાજથી ભેગી થયેલી મંડળી દિલસોજી અને ગમના પડઘા પાડે છે અને પઢનારનો ખોખરો અવાજ ભેગા થયેલાને જનતાનાં ડૂસકાં અને રૂદનમાં દબાઈ જાય છે. પછી તે જરા આગળ તેમની પાસે આવી માનવંત શહીદની બીબી અને નિર્દોષ, નિરાધાર બાળકોની વિપત્તિઓ વર્ણવતા લોકો તેની ચોપાસ ફરી વળે છે અને મોટા અવાજે રોતા અને છાતી કૂટતા તેઓ એટલો બધો વિલાપ કરે છે કે કેટલાક તો ત્યાં બેશુદ્ધ થઈ ધરણી પર ઢળી પડે છે. આમ મરસિયા પઢવાનું કામ એકાદ કલાક પહોંચે છે. પછી શોકનો હલવો ખાઈ, મસાલાનું પાણી પી, સૌ ત્યાંથી વિદાય થાય છે.

આશુરા

મોહર્રમની દશમી તારીખ "આશુરા" તરીકે ઓળખાય છે. આશુર=દશ. તે દિવસે, અલ્લાહ તા'લાએ આવા જાતનું પહેલું જોડું, દાદા આદમ અને દાદી હવ્વાને પેદા કર્યા હતા. તેની યાદગીરીમાં આ દિવસ તેઓ પવિત્ર માને છે. હ. પયગમ્બરસાહેબ તે દિવસે રોજો રાખતા હતા. તેથી તેમનું અનુકરણ કરી ઘણા પરહેઝગાર સુન્નીઓ તે દિવસે રોજો રાખે છે.

દશમી સફર

મોહર્રમ પછી બીજો મહિનો સફરનો છે. તેની દશમી તારીખે, શિયાઓ હ. ઇમામહુસેનના મરસિયા ગાય છે અને તેમની અને તેમની સાથેનાં બીજા શહીદોની અરવાહો (આત્માઓ) માટે ફાતિહા પઢે છે.

તેરમી સફર

એ જ મહિનાની તેરમી તારીખ "તેરાતેઝી" અથવા "તલનબેઝી" કહેવાય છે. હ. પયગમ્બરસાહેબ (અલ.) તે દિવસે સખત બિમારીમાંથી સાજા થયા હતા તેની યાદગીરીમાં સુન્નીઓ તે દિવસે આનંદોત્સવ કરે છે, ગુજરાતના ઉત્તર ભાગમાં તે દિવસે સવારે હ. પયગમ્બર સાહેબ માટે દુઆઓ પઢી, સાકર અને શેકેલા ચણા ખાય છે.

આખ્ખરી ચહારશંબાહ=છેલ્લો બુધ

એ જ મહિનાનો છેલ્લો બુધવાર "આખ્ખરી ચહારશંબાહ" (બુધવાર) તરીકે ઓળખાય છે. હ. પયગમ્બર સાહેબ મોટા મંદવાડમાંથી ઊઠ્યા તેની ખુશાલીમાં સુન્નીઓ મીઠાઈ અથવા મિષ્ટાન્ન બનાવે છે અને ગામ બહાર બાગબગીચાઓ અથવા સીમમાં ઉજાણી માટે જાય છે.

જુમા = શુક્રવાર, શંબા = શનિવાર, યકશંબા = રવિવાર, દોશંબા = સોમવાર, સેશંબા = મંગળવાર, ચહારશંબા = બુધવાર, જુમેરાત = ગુરુવાર.

આ દિવસે શિયાઓ પણ તહેવાર તરીકે પાળે છે; પરંતુ બીજી રીતે. તેઓ કહે છે કે સફરનો મહિનો આખા વરસમાં અપશુકનિયાળ છે, માટે તેના છેલ્લો દિવસ ગામ બહાર ઉજાણી કરી વિતાવવો જોઈએ, જેથી અનિષ્ટ ગામને છેવાડે રહી જાય અને તેમના મકાનોમાં દાખલ થાય નહીં.

બારમી રબી–ઉલ–અવ્વલ=બારા વફાત

ત્રીજો મહિનો રબી-ઉલ-અવ્વલનો છે. તેની ૧૨મી તારીખે હ. પયગમ્બર સાહેબની વફાત (અવસાન) થયેલી છે. તેથી સુન્નીઓ આ દિવસને બે ઈદોથી ઊતરતો, પણ અતિ પવિત્ર દિવસ ગણે છે. તે દિવસે સાંજે, હ. પયગમ્બર સાહેબને જેનો ખાસ શોખ હતો તે દૂધ ચોખાની ખીર રાંધી, તે ઉપર ફાતિહા પઢી, આં. હઝરતની રૂહને બક્ષી દેવામાં આવે છે.

આવા ફાતિહા, આ બારે દિવસ પઢી, તે જ પ્રમાણે આં. હઝરતની રૂહને બક્ષવામાં આવે છે. બારમો દિવસ ખાસ વફાતનો હોઈ, સૌથી વધારે પાક દિવસ છે.

શિયાઓ આ મહિનાની ૨૮મી તારીખને આં. હઝરતનો વફાતનો દિવસ માને છે.

સાંજના વાળુ પછી, રાત્રે મસ્જિદોમાં મજલિસો ભરાય છે અને તેમાં વાયજો થાય છે. તેમાં આં. હઝરતની રૂહ માટે દુઆઓ પઢવામાં આવે છે. વાયજ પછી આં. હઝરતના કદમ મુબારક (પાક પગલાં

Footprints) અથવા દાઢી મુછનો વાળ અથવા એવી જ બીજી કોઈ-આં હઝરતની યાદગીરીની ભેગા થયેલાઓને ઝયારત કરાવવામાં (દેખાડવામાં) આવે છે.

રબી-ઉસ-સાની—રબી-ઉલ-આખર

ચોથો મહિનો રબી-ઉસ-સાની (બીજો) અથવા રબી-ઊલ-આખર છે. તેની અગિયારમી તારીખ હ. પીરાનપીર સૈયદ અબ્દુલકાદિર જીલાની(રહ.)નો જન્મદિવસ છે. સુન્નીઓ આ દિવસને ' બગદાદ શરીફવાળા હ. પીરાનપીર સાહેબની અગિયારમી શરીફ' તરીકે ઓળખે છે. તે દિવસે ગરીબ માણસો પણ ૧૧ અથવા ૨૨ બત્તીઓની રોશની કરે છે, અને માલદાર અને સુખી સ્થિતિના માણસો તો બત્તીઓ ' ઝાડ ' અથવા ' મેંહદી ' બનાવી ૧૧ દીવા લટકાવે છે. તે દિવસે છોકરાને ખાવાપીવાની ખૂબ મજા પડે છે. તેમને મીઠાઈ મેવા ખાવા મળે છે. તે રાત્રે ' મલીદો ' (ચૂરમું) ખાવાનો સાધારણ રિવાજ છે.

શબે મે'રાજ

આં હઝરત (સલ) અલ્લાહ પાકની ખાસ મુલાકાત માટે મક્કાથી જેરૂસલેમ થઈ સાત આસ્માન ઉપર ગયા હતા. તે રાત, સામાન્ય માન્યતા પ્રમાણે, રજબ માસની તારીખ ર૭મી માનવામાં આવે છે. તે રાત્રે મસ્જિદોમાં રોશની કરવામાં આવે છે.

ઇસ્લામની ત્રણ મહાન રાત્રિઓ પૈકી આ એક છે. બીજી બે શબે બરાત અને શબે કદ્ર છે.

શબે બરાત

હિજરીનો આઠમો માસ શાબાનનો છે. તેની ૧૪મીની રાત્રી ' શબે બરાત ' છે. શબ=રાત. તેને વિધાતાની રાત્રિ તરીકે ઓળખવામાં

૩-૩

આવે છે. તે રાત્રે, આસમાનમાં, હજી નહીં જન્મેલી અરવાહો-(આત્માઓ)ની તકદીર લખવામાં આવે છે. સુન્નીઓ તે રાત્રે પોતાના ત્યાર સુધી ગુજરેલા સગાંવહાલાં માટે ફાતિહા પઢે છે અને પોતાને ત્યાં બનાવેલી મીઠી વાનગીઓ હયાત સગાંવહાલાંમાં વહેંચે છે. પછી તેઓ આતિશબાજી છોડે છે. છોકરાં તે રાત્રે નાની લાકડીઓ ઉપર નાળિયેરની કાચલીઓમાં કપાસિયા વગેરે ભરી તે સળગાવી, તેની મશાલો કરી, મહોલ્લાઓમાં ફરે છે. તે રાત્રે મસ્જિદોમાં ઘણી રોશની કરવામાં આવે છે અને પોતાનાં રહેવાનાં મકાનોમાં પણ તેઓ તેવી જ રોશની કરે છે. મુસલમાનોની આ રાતની રોશની હિન્દુઓની દિવાળીના તહેવારોની રાતોએ કરવામાં આવતી રોશની જેવી હોય છે.

રમજાનની તા. ૧૯મી અને ૨૧મી

રમજાન નવમો મહિનો છે. આ મહિનામાં મુસલમાનો રોજા રાખે છે.

આ મહિનાની ૧૯મી અને ૨૧મી તારીખો શિયા મુસલમાનો અનુક્રમે " કત્લે મૌલા અલી " અને શહાદતે મૌલા અલી " તરીકે પાળે છે. તા. ૧૯મીએ હ. અલી કૂફાની મસ્જિદમાં નમાજ પઢતાં ખૂનીને હાથે જખ્મી થયા હતા અને ૨૧મી તારીખે તેમનું અવસાન થયું હતું. બન્ને દિવસોએ શિયાઓ મૌલા અલી માટે ફાતિહા પઢી, ફકીરોને જમાડી, તે દિવસો તેઓ શોકના દિવસો તરીકે પાળે છે.

શબે કદ્ર

રમજાનની તા. ૨૭મી શબે કદ્ર મનાય છે. ત્રણે પવિત્ર રાત્રિઓમાં આ રાત્રિ સૌથી વધારે પવિત્ર છે. તે રાત્રે ઇસ્લામની પહેલી વહી—**revelation** મળેલી હતી. કુરઆનમાં " કદ્ર " નામની સૂરામાં છે કે

"ઇન્ના અન્ઝલનાહો ફીલયલતુ'લ કદ્ર = અયે (અલ્લાહે) એ (કુરઆન) કદ્રની રાતે ઉતાર્યું છે. અહીં એ રાત કયી તારીખની હતી તે કહેલું નથી; પરંતુ આં હઝરત (અલ)ની એક હદીસને આધારે તે રાત રમજાનના છેલ્લા દશ દિવસોમાં છે, એમ માનવામાં અવે છે. અલ્લાહ એક છે"—એ નિયમો છેલ્લા દશ દિવસોની એકી રાત્રિઓની ગણુત્રી કરી, તેમાં પાછલા ભાગમાંની તરાવીહ રાત્રિ—૨૭મી—કદ્રની રાત્રિ છે એમ સામાન્ય માન્યતા છે. આ માન્યતા સુન્નીઓની છે. શિયાઓ તા. ૨૩મી કદ્રની રાત માને છે તેઓ પણુ એકી રાત્રિ જ ગણે છે પરંતુ છેલ્લા દશ દિવસો પૈકી શરૂના દિવસોની રાત્રિ હોવાનું તેમનું માનવું છે.

આમાં આ રાત કયી ચોક્કસ રાત છે તે અનિશ્ચિત રાખવામાં કદાપિ એક હોવું એ પણુ હોય કે આ પવિત્ર રાતે મુસલમાનો પુષ્કળ બંદગી કરે, કારણુ કે "કદ્ર"ની સૂરામાં કહેવામાં આવેલું છે કે આ એક રાતની બંદગી હજાર રાતોની બંદગી બરાબર છે. તે રાત્રે બંદગી કરનારા આખી રાત જાગે છે અને બંદગી કરતા રહે છે.

રમજાન ઇદ

રમજાન માસ પૂરો થતાં, તે પછીના આવતા મહિનાની પહેલી તારીખે "રમજાન ઇદ" આવે છે. તેને અરબીમા "ઇદ-ઉલ-ફિત્ર" કહે છે. ફિત્ર—ખેરાત, તે દિવસે દરેક સુન્ની પોતાના કુટુંબના બધા જ સાત વરસથી મોટા સભ્યો માટે માથા દીઠ સાડાત્રણુ શેર અનાજની ખેરાત કરે છે.

શિયાઓની આ ઇદ એક બે દિવસ વહેલી આવે છે, કારણુ તેમના મહિનાની ગણુત્રી ઉપર એ વિષયની ચર્ચામાં જણાવ્યા મુજબ, જરા જુદી રીતે કરવામાં આવે છે.

આ ઈદ મુસલમાનોની બે મોટી ઈદો પૈકી એક છે. બીજી "બકરી ઈદ" છે.

આ ઈદને દિવસે, નાના મોટા, સ્ત્રીપુરુષો બધા જ નાહી ધોઈ, નવાં કપડાં પહેરી, તેલ ફૂલેલ ઘસે છે. તેઓ પૈસા અથવા અનાજની ખેરાત કરે છે. વધારે રિવાજ અનાજની ખેરાત કરવાનો છે. અનાજમાં મોટે ભાગે ઘઉં આપવામાં આવે છે. આ ખેરાતને 'ફિત્ર' કહે છે. એમ માનવામાં આવે છે કે ફિત્ર આપ્યા વિના રોઝાનો સવાબ (પુણ્ય) મળતો નથી.

તે દિવસે, નમાજ પહેલાં, "શીર-ખુરમું" પીવાનો રિવાજ છે. શીર=દૂધ, ખુરમા = ખારેકો અથવા ખજૂર. દૂધમાં ખારેકોના કટકા નાખી, તે ઉકાળી ખીર બનાવવામાં આવે છે, તેને "શીર-ખુરમું" કહેવામાં આવે છે.

આઠ વાગ્યા પછી, મુસલમાનો વાગતે ગાજતે ગામબહાર, ઈદગાહમાં નમાજ પઢવા જાય છે. આ સરઘસમાં ગામના કાજી અને અને આગેવાન મુસલમાનો ખાસ હોય છે. ઈદની નમાજ માટે જ ઈદગાહ વાપરવામાં આવે છે; બીજી કોઈ નમાજ માટે નહીં. રસ્તામાં, બધા મનમાં ધીરે અવાજે અલ્લાહની તારીફ બોલતા બોલતા જાય છે. અલ્લાહો અકબર, અલ્લાહો અકબર; લાઇલ્લાહ ઇલ્લાલ્લાહ, અલ્લાહો અકબર; લિલ્લાહિલ હમ્દ. અલ્લાહ સૌથી મહાન છે અને સૌ તારીફ અલ્લાહ માટે જ છે,

ઈદની નમાજ પઢી, કાજી મિમ્બર ઉપર ચઢી, સાધારણ રીતે અરબી જબાનમાં ખુત્બો પઢે છે. તે વખતે તે હ. પયગમ્બર સાહેબનું અનુકરણ કરી, હાથમાં મોટી લાકડી—"અસો" પકડે છે. નમાજ અને ખુત્બામાં મળી આશરે દોઢ કલાક જાય છે.

પછી લોકો ગામમાં પાછા આવે છે. સાધારણ રિવાજ પ્રમાણે તેઓ એક રસ્તેથી જાય છે અને બીજે રસ્તેથી પાછા ફરે છે. આમ કરવાનો હેતુ અન્ય કોમો ઉપર આ ઇદની મહત્તાની અને સાથે મુસલમાનોની પણ છાપ પાડવાનો હોય છે.

બકરી ઈદ

છેલ્લા બારમા મહિના—જિલહજની દશમી તારીખે આ ઈદ આવે છે. તે દિવસ મક્કામાં 'હજ' પઢવાનો દિવસ છે. આ ઈદને દિવસે કુરબાની કરવામાં આવે છે. તેને અરબીમાં ઈદુદ્દુહા કહે છે. તે દિવસે હ. ઇબ્રાહીમ પયગમ્બરે અલ્લાહ તા'લાના ફરમાનથી પોતાના વડીલ પુત્ર હ. ઈસ્માઈલની કુરબાની આપવા તૈયારી કરેલી હતી. એ મહાન ભોગની યાદગીરીમાં મુસલમાનો આ દિવસે જાનવરની કુરબાની આપે છે (હ. ઇબ્રાહીમની કુરબાનીમાં ચમત્કારિક રીતે અલ્લાહ પાકે હ. ઇસ્માઇલને ઉઠાવી લઈ, તેની જગાએ એક "દુમ્બો" મૂક્યો હતો. દુમ્બો ઘેટાંને મળતું એ જ વર્ગનું પ્રાણી છે. તેથી મુસલમાનો પણ તે દિવસે કોઈ જાનવરની, હિન્દમાં સાધારણ રીતે બકરી કે ઘેટાં કે ઉત્તર હિન્દમાં દુમ્બાની કુરબાની આપવામાં આવે છે.

આ ઈદને દિવસે, સવારમાં વહેલાં ફકીરોના ટોળેટોળાં મુસલમાનોના લત્તાઓમાં ભીખ ઉઘરાવતા જોવામાં આવે છે. આ ઈદને દિવસે પણ, રમજાન ઈદની માફક, માત્ર જેને કોઈ નજદીકના સગાના મોતને કારણે શોક હોય, તે સિવાયના બીજા બધા મુસલમાનો નાહ્યા પછી, વાર-તહેવારે પહેરવાનાં સારાં કપડાં પહેરે છે અને તેલ અત્તર વાપરે છે. આ પ્રમાણે કરવાનું હ. પયગમ્બર સાહેબનું ફરમાન છે. આમ તે પ્રમાણે કરતા હતા એથી એને "સુન્નત–એ–રસૂલુલ્લાહ" કહે છે. પયગમ્બર સાહેબનો આચાર ગણી બધા મુસલમાનો તે પ્રમાણે અમલ કરે છે.

સઘળા મુસલમાનો તે દિવસે ચાલતા કે ગાડીઓમાં, રમજાન ઇદની માફક, ઇદગાહમાં નમાજ માટે જાય છે. ત્યાં નમાજ અને તે પછીનો ખુત્બો થઈ રહ્યા પછી તેઓ ગામમાં પાછા આવે છે.

ઘેર આવી, તેઓ કુરબાની કરી, તે ગોસ્ત પોતાના સગાંવહાલાંમાં વહેંચે છે અને તે ગોશ્ત પોતાને ત્યાં રાંધી તે પોતે સહકુટુંબ ખાય છે. બાકીનો દિવસ સગાંસ્નેહીઓને હળવા મળવામાં ગાળે છે.

ઈદ–એ–ગદીર

આ ઈદ શિયાઓની છે. તે જિલહજ મહિનાની ૧૮મી તારીખે આવે છે. તે દિવસે હ. પયગમ્બરસાહેબે હ. અલીને પોતાના કુટુંબી જાહેર કર્યા હતા. ૨૮।૧૧।૯૭

હકીકત આ પ્રમાણે હતી કે તે વર્ષે આંહઝરત (સ૦લ-અલ.) સંખ્યાબંધ મુસલમાનોને લઈને મક્કા શરીફ હજ પઢવા ગયા હતા. કેટલાક વખતથી આં હઝરતને લાગતું હતું કે આપની અંતિમ ઘડી નજદીક આવતી જાય છે. તેથી આપે આખા અરબસ્તાનમાં પોતાની સાથે હજ પઢવા આવવા માટે અમંત્રણ મોકલ્યું હતું. આ હજને "હજ અલવિદાય"—છેલ્લી હજ કહે છે. હજ પઢીને મદીના પાછા ફરતા, મક્કાથી થોડે દૂર, ગદીર નામના તળાવને કિનારે, આંહઝરતે મુકામ કરી ત્યાં ભેગા થયેલા હાજીઓને આખરી વિદાય આપી હતી. તે વખતે આપ એક ખુત્બો પઢ્યા હતા. તેમાં આપે મુસલમાનોને દીન બાબત છેવટની નસિયત કરતા કહ્યું હતું કે આપ મુસલમાનો માટે "કુરઆન અને પોતાનું કુટુંબ" મૂકી જતા હતા. તે બેને મુસલમાનો છોડશે નહીં એવી આપ આશા રાખતા હતા.

આપના કુટુંબમાં, આપની પુત્રી બીબી ફાતિમા, જમાઈ મૌલા

અલી અને બે દોહિત્રો ઇમામહુસન અને હુસેન હતા.

આપની આ ભલામણને શિયાઓ મૌલા અલીના આપે આપના "વારસ" નીમ્યા હતા એવો અર્થ કરે છે. અને એ જ હકીકત ઉપર શિયાઓનો દારોમદાર છે કે આ હઝરત પછી પહેલા હકદાર ખલીફા હ. અલી જ હતા; અને ખરેખર થયેલા પહેલા ત્રણ ખલીફા—હ. અબુબક્ર સિદ્દીક, હ. ઉમરઅલ ફારૂક અને હ. ઉસ્માન ગની, હ. અલીનો વારસાઈ હક છીનવી લેનાર Usurpers હતા.

હકીકતમાં ઊંડા ઊતરતા, ખરી હકીકત આ પ્રમાણે છે કે આંહઝરતના અવસાન સાથે જ મદીનાના મુસ્લિમોમાં, આપના વારસ કોણ થવા જોઈએ તે માટે તીવ્ર મતભેદ ઊભો થયો હતો. તે માટે ત્રણ પક્ષ બંધાયા હતા. ૧. મક્કાથી હિજરત કરી આવેલા (મોહા જરીનો), ૨. મદીનાના મદદગારો (અનસારો) અને ૩. આ હઝરતના પોતાના કુટુંબીઓ (હાશિમી કુરેશો). છેલ્લા પક્ષના આગેવાનો આ હઝરતના કાકા હ. અબ્બાસ અને જમાઈ હ. અલી હતા. હ. અબ્બાસ તો આંહઝરતના કફનદફનમાં રોકાયેલા હતા. હ. અલી બીબી ફાતિમાને દિલાસો દેવામાં ગૂંથાયેલા હતા. પિતાના અવસાનનો આઘાત લાડલી બેટી ઉપર બહુ કારમી રીતે થયેલો હતો.

બાકીના બે પક્ષો, બે જુદી જુદી મસ્જિદોમાં ભેગા થયા હતા અને પોતાનામાંથી વારસ ચૂંટવા કોશિશ કરતા હતા. સંભવિત હતું કે બે પક્ષો મતભેદને કારણે ઝઘડી પડે. તેવે સમયે, હ. અબુબક્ર અને હ. ઉમર અન્સારો જ્યાં ભેગા થયા હતા ત્યાં પહોંચી ગયા હતા અને વખત વિચારી હ. ઉમરે લોકોની લાગણીઓને સ્પર્શી શકે તેવું જુસ્સાદાર ભાષણ કર્યું હતું અને સૌને યાદ દેવડાવ્યું હતું કે આ નાજુક સમયે સૌની પ્રાથમિક ફરજ હતી કે ઇસ્લામને સંભાળી લેવો તે માટે સૌ એકમતી થયા હતા. તેથી hit the iron when it is hot.

સમય સૂચકતા વાપરી, હ. ઉમરે તરત જ હ. વયોવૃદ્ધ અને આ હઝરતના બાળપણના ગોઠિયા અને દિલોજાન દોસ્ત હ. અબુબક્રના હાથ ઉપર બયઅત—oath of allegiance કરી હતી, અર્થાત્ તેમને "વારસ" ગણી તેમને વફાદાર રહેવા સોગંદ લીધા હતા. લાગણીના આવેશમાં ત્યાં ભેગા થયેલા બધા અન્સારોએ પણ તે જ પ્રમાણે હ. અબુબક્રના હાથ ઉપર બયઅત કરી હતી. પછી તેઓ મસ્જિદે નબવી જ્યાં મોહાજરીનો ભેગા થયા હતા ત્યાં ગયા હતા. તેમને તેમણે પોતાનો નિર્ણય જણાવ્યો હતો, અને પછી તે બધા જ આઁ હઝરતના કફનદફનની વિધિ થતી હતી ત્યાં પહોંચ્યા હતા.

આ પ્રમાણે, હ. અલફારૂકે સમયસૂચકતા વાપરી, ઇસ્લામની ડગુમગુ થતી ઇમારત બચાવી લીધી હતી. તેમ કર્યું ન હોત તો હ. અલીની ખિલાફત વખતે મુસલમાનોમાં જે પક્ષો બંધાયા હતા, તે પક્ષો આઁ હઝરતના અવસાન સાથે જ બંધાત પરિણામે, ઇસ્લામની નવી ઇમારત જોખમાત.

હ. અલી તો ત્યાર પછી છ માસ સુધી હ. બીબી ફાતિમાને દિલાસો આપતા ઘરમાં જ રોકાઈ ગયા હતા. પ્રત્યાઘાતને પરિણામે છ માસ આખરે જ્યારે બીબી ફાતિમાની પણ વફાત થઈ, ત્યાર પછી જ હ. અલી ઘરબહાર નીકળી શકયા હતા. તેમણે પણ હ. અબુબક્રના હાથ ઉપર બયઅત કરી હતી. જો કે તે ઉપર વર્ણવેલા સંજોગોને લીધે છ માસ પછી હતી. પરંતુ તે ઢીલનું કારણ સૌ જાણતા હતા તેથી તે સામે કોઈએ કંઈ વાંધો લીધેલો નહોતો.

હ. અલી, કદાપિ, પહેલાં ખલીફા થયા હોત તો? તેઓ ચોથા ખલીફા થયા અને તેમણે તે રાજનીતિની અને યુદ્ધનીતિની ગંભીર ભૂલો કરી હતી. તેવી ભૂલો જો તેમણે શરૂમાં જ કરી હોત તો ઇસ્લામની હસ્તી રહેત કે કેમ તે જ શંકાસ્પદ છે. અલ્લાહ જે કંઈ કરે છે તે

લાંબી નજરે આપણા લાભનું જ હોય છે એમ માનીને વર્તવું જ વાજબી છે. "તવક્કુલનો અલલ્લાહ"—અલ્લાહ ઉપર ભરોસો રાખો. "વ'લ કદ્રે ખય્રેહી વ'શર્‌રેહી મિનલ્લાહેતા'લા". આપણું ભલું અને બૂરું બન્ને અલ્લાહ તા'લા તરફથી જ હોય છે. જેને આપણે આપણી ટૂંકી નજરે આપણું બૂરું માનીએ છીએ તે ઘણી વખત લાંબી નજરે આપણું ભલું જ નીવડે છે.

શહાદતે હજરત ઉમર અલફારૂક

જિલહજની ૨૯મી તારીખે શિયાઓ એક બીજો "તહેવાર" ઊજવે છે. તે દિવસે એક અબુલુલુ નામના આતિશપરસ્ત ગુલામે બીજા ખલીફા હ. ઉમર અલફારૂકને ફજરની નમાજ વખતે, અંધારાનો લાભ લઈ (તે વખતે ફજરની નમાજ હાલ કરતાં થોડી વહેલી પઢવામાં આવતી હતી) મસ્જિદમાં જ જખમી કર્યા હતા, જેને પરિણામે, તે ત્રણ દિવસ પછી ખુદાની રહમતે પહોંચ્યા હતા. અબુલુલુને ઇરાની શિયાઓ બાબા ફિરોઝ તરીકે ઓળખે છે.

ઉપર વર્ણવ્યા પ્રમાણે, હ. અલીનો વારસાઈ હક ડુબાડનાર મુખ્ય વ્યક્તિ તરીકે શિયાઓ હ. ઉમરને ગણતા હોવાથી, તેમની શહાદત તેઓ વેરભાવે "કત્લે ઉમર" નામે એક મહાન તહેવાર તરીકે છેક હમણાં સુધી ઊજવતા હતા. માત્ર થોડા વખતથી જ તેમણે તેમ કરવું બંધ કરેલું છે. કદાપિ, રાજકારણે હોય.

ઇસ્લામમાં જાદુ

ઇસ્લામના ખાસ 'અરકાનોમાં'—મૂળભૂત સિદ્ધાંતોમાં, તેમના મઝહબી આકીનમાં ગુજરાતના મુસલમાનો જીન-પરી, જાદુ અને નજર લાગવી—વગેરેમાં માને છે.

ગુજરાતના મુસલમાનો ઇસ્લામી, અર્થાત્ અરબી અને ઈરાની જીન, પરી તેમ જ હિન્દુ ભૂતાવલિ,—બન્નેમાં માને છે. હિન્દુ ભૂતાવલિમાં નર-ભૂત અને સ્ત્રી-ડાકણ અતિ સામાન્ય છે. મુસલમાની બલાઓ બે પ્રકારની છેઃ જીન્નાત (જીનનું બહુવચન) અને શયતાન (મેલાં ભૂતો)—શયતાની બલાઓ, મૂળ શયતાન. જે પોતે જ એક જીન હતો તેના નવ પુત્રોની ઓલાદ છે. જીન્નાત, નવદશાંશ ચેતન અને એક દશાંશ જડનાં બનેલા છે. એમના બાર વિભાગ કે એવાં છે, જેમાંના ત્રણ મુસલમાનો છે. જીન્નાત અને શયતાન ઉપરાંત બીજી જાત પરીઓની છે. તેમની છાયા પડવાથી માણસો ચક્કર બની જાય છે. તે સિવાય એક બિયાબાન—અરણ્યવાસી જાત છે. બલાઓને કબજે કરવા કોઈ ભુવા પાસે શિક્ષણ લેવું જોઈએ. શીખનારને ઘણી પાકી પાળવી પડે છે. લાંબી મુદ્દત સુધી રોજા રાખવા પડે છે અને ઘણાં વિર્દ્‌વઝાયફ (જાપ) જપવા પડે છે. તે ઉપરાંત, ખાવાપીવામાં ઘણી પરહેજગારી પાળવી પડે છે, સાધનાઓ શીખવી પડે છે, ગેબી આંકડાઓની ગણત્રી મોઢે કરવી પડે છે અને ગ્રહદશાઓની અસરનો અભ્યાસ કરી પોતાનો ઘણોખરો વખત મંત્રો જપવામાં વિતાવવો પડે છે. આવી તાલીમ લેનારા ઘણાખરા સૈયદો અને મુલ્લાઓ હોય છે. આવા મુરશિદને જ્યાર કોઈ કેસમાં ખાતરી થાય છે ત્યારે જાદુઈ ચોરસ અને ગોળાકૃતિઓ વિર્દ-વઝાયફ અને કુરઆને પાકની આયાતો પઢી, અથવા દરદીને તાવીજ પીવા કે પહેરવા આપી વળગેલી બલાને દૂર કરે છે.

શયતાની બલાઓ મનુષ્ય જાતિ પ્રતિ તિરસ્કારને લીધે અને સારાં નરસાં જીન–ભૂત કોઈ બીજા જાદુગાર ભુવાના ફરજિયાત મોકલ્યા માણસના અંગમાં પ્રવેશ કરી, તેમને ગાંડા કરી કે માંદા કરી, તેમના મકાન તોડી પાડી અથવા ખાસ મિલકત [લઈ જઈ મહાવ્યથા કરે છે, જ્યારે કોઈ સ્ત્રી યા પુરુષ એકાએક અવાચક થઈ જાય છે અથવા

ચક્રમ બની જઈ, માથું હલાવ્યા કરે છે, અથવા લાંબો છટ થઈ સૂઈ જાય છે ત્યારે તેના સગાંવહાલાને ધાસ્તી લાગે છે કે કોઈ બલા તેના અંગમાં દાખલ થયેલી હોવી જોઈએ. તેથી ભૂત કાઢવા માટે જાણીતા કોઈ સૈયદ કે મુલ્લાને બોલાવવામાં આવે છે. તે દરદીનું નામ જાણ્યા પછી કયા અને કેવા સંજોગોમાં તે બલા વળગેલી છે, વગેરે સઘળી તજવીજ કરી તે માણુસને બલા વળગેલી છે કે માત્ર અંગરોગ છે તેની નિરીક્ષા કરે છે અને જો બલા વળગેલી હોય તો કયા વિર્દ-વઝાયફથી તે દુર થઈ શકશે તે તે નક્કી કરે છે.

કુરઆને શરીફ જાદુનો અમલ કરવાની મના કરે છે, છતાં જાદુની હસ્તી છે એમ માનવાને ફરમાવે છે. જો કે જાદુ કરવાની મના છે તો પણ ખાસ કરીને સ્ત્રીઓ ઘણી વખત તેનો આશરો લે છે. તેમ કરવામાં તેમનો હેતુ સામા માણુસનો પ્યાર મેળવવાનો, હરીફો વચ્ચે ઝગડો ઉત્પન્ન કરાવવાનો, અથવા દુશ્મન દૂર કરવાનો હોય છે. પહેલા બે હેતુઓ સાધવા પ્યાર કે તિરસ્કાર ઉત્પન્ન કરે તેવી પીવાની ચીજો આપવામાં આવે છે અને ત્રીજા હેતુની સિદ્ધિ માટે અડદના લોટની દુશ્મનની આકૃતિ બનાવી, તેમાં સોયો ભોંકી, તેના ભુક્કા કરી નાખવામાં આવે છે. ઘણાખરાં માણુસોની, ખાસ કરીને ઢેડ, કોળી જેવા હલકા લોકોની નજર લાગે છે.

કુરઆને મજિદ મુજબ, સૌથી પ્રથમ હારૂત અને મારૂત નામના બે ઉચ્ચ દરજ્જાના ફિરસ્તાઓ હતા. તેઓ પોતાની પરહેજગારીની મગરૂરીમાં માટીના માનવીના વિકારો અને નબળાઈઓની હાંસી કરતા હતા. તેમના આ શેખીપણાને લીધે, જગન્નિયંતાને માઠું લાગ્યું. તેથી અલ્લાહતા'લાએ ·તેમને ફરમાવ્યું કે તેમણે થોડો વખત દુનિયામાં જઈ ઓરતો ને આદમીઓ સાથે એકસરખા સંજોગોમાં વસી કામક્રોધની માયામાંથી તેઓ કેવી રીતે લેશમાત્ર આંચ આવ્યા વિના

બચી શકે છે તેની તેમણે ખાતરી કરી આપવી, આ પ્રમાણે, હારૂત અને મારૂતને આસ્માનમાંથી નીચે દુનિયા ઉપર, બેબીલોનમાં ફેંકવામાં આવ્યા—ત્યાં એમને તેમના ઉચ્ચ અને વિશાળ દમનને લીધે ઇન્સાફ કરવાની કાજીની પદવી પ્રાપ્ત થઈ. ઘણા લાંબા કાળ સુધી તેમણે કાયદાનો અમલ અદલ ઇન્સાફથી કર્યો. છેવટે તેમની કસોટીનો દિવસ આવી ગયો. તેઓ ન્યાયાસને બેઠા હતા ત્યારે એક રમણી ઇન્સાફની કચેરીમાં આવી. એ સુન્દરીની મોહમાયા એવી અલૌકિક હતી કે એના પહેલા જ કટાક્ષે આ ફિરસ્તા–કાજીઓને મુગ્ધ બનાવી દીધા. પોતાના ઇશ્કના બંદા બનાવી દીધા. તેનો ધંધો ન્યાયપરાયણ નહોતો પરંતુ પોતાની મોહિનીમાં પૂર્ણ વિશ્વાસ રાખી, પોતાનો કેસ રજૂ કર્યો અને તેમણે તેના તરફ વિષય-વાસનાની વિષતારી દૃષ્ટિએ એની દલીલોની તુલના કરી. તે પોતાનો દાવો તો જીતી, પરંતુ ન્યાયાસને બેઠેલા તેના મુન્સફોની તાત્કાલિક અને કાયમની પાયમાલી કરીને આ ફિરસ્તા–કાજીઓને કાજી-ઉલ-કુઝાત—કાજીઓના કાજી અલ્લાહ તા'લાએ એજ બેબીલોનના મોટા કૂવામાં સાંકળોથી જકડીને ઊંધે મસ્તકે લટકાવ્યા છે, અને તે પ્રમાણે તેઓ રોજે કયામત સુધી જ્યારે માણસો પતંગિયાની માફક જ્યાં ત્યાં પથરાયેલા હશે અને જ્યારે મોટા મોટા પહાડો કાંતેલા ઊનની માફક હવામાં ઊડતા હશે તે રોજ કયામત સુધી તેઓ એ જ હાલતમાં રહેશે.

આજે પણ આ કૂવા પાસે જનાર માણસ આ પતિત અને પિડાતા ફિરસ્તાઓનો "હાય" "હાય"ના દુઃખી પોકારો સાંભળે છે. વિશેષતઃ આ પ્રમાણે સાંભળનારની ઇચ્છા હોય તો, જોકે તે ફિરસ્તાને જોઈ શકતો નથી, છતાં તેમના અવાજ પરથી તે જાદૂ શીખી શકે છે. પાશ્ચાત્ય જડવાદને લીધે, જાદુનો અભ્યાસ કંઈક નષ્ટ થયો છે. છતાં, હિન્દના મુસલમાનો હજી પણ તે ઇલ્મ પાછળ મંડ્યા છે. મોહમ્મદ-

અલી જીની અને કાઠિયાવાડી મોહમ્મદ છેલ જેવા અમાનુષી શક્તિ ધરાવનારા હજી મળતા રહે છે. તેમના જાદુના ખેલો જોઈ, જાદુના અભ્યાસીઓની શિથિલ થતી જતી શ્રદ્ધા ઉત્તેજિત થાય છે.

જાદુ બે પ્રકારનું છે. રૂહાની અને શયતાની; અર્થાત્ દૈવી અને આસુરી. શયતાની જાદુનો અમલ કરવાની સખ્ત મના કરવામાં આવેલી છે.

રૂહાની જાદુ બે પ્રકારનું છેઃ ઉલવી ઈલ્મ અને સિફલી ઈલ્મ. ઉલવી ઇલ્મ મુસલમાનોમાં વિશેષ પ્રચલિત છે. આ ઉલવી ઇલ્મ અધમ જાદુ નથી પણ અતિ ઉચ્ચ પ્રકારની વિદ્યા છે, અને ઉલમાઓ શુભ વાંચ્છનાઓ માટે તેનો અભ્યાસ કરે છે. આ રૂહાની ઇલ્મની કમાલિયત (પૂર્ણતા) "ઇસ્મ=આઝમ"—અલ્લાહ તા'લાનું સૌથી પવિત્ર નામ જાણવામાં છે. આ નામ સૌથી પહેલાં હ. સુલયમાન પયગમ્બર (અલ.)ને માલમ પડયું હતું અને ત્યારપછીથી તે નામ અલ્લાહે સુબ્હાને પાકના માનીતા બંદાઓ મારફત પરંપરા ઉતાર્યું છે. તેમની વીંટી ઉપર આ મહાન નામ કોતરેલું હતું. તેને જ પ્રતાપે હ. સુલયમાન (અલ.) આદમીઓ, જીન્નાત અને પરીઓ, આબોહવા અને પશુપંખી ઉપર અમલ ભોગવતા હતા. આ પવિત્ર નામ ઉચ્ચારીને એમના દીવાન નામના જીને એક પળ ભરમાં અરબસ્તાનનાં યમન પ્રાન્તમાંથી ત્યાંની સુલ્તાના બિલ્કીસ બેગમનું રત્નજડિત તખ્ત હ. સુલયમાન પયગમ્બર (અલ.) પાસે એમના જેરુસલેમના દરબારમાં ઉડાવી આણ્યું હતું. હ. સુલયમાન પયગમ્બર (અલ.)નું નામ પઢવાથી વળગેલી બલાઓ નીકળી જાય છે. બીમાર સાજા થયા છે. બીજાં નામોમાં પણ ખાસ ચમત્કાર રહેલા છે. "ઈહનય કરશત" અને "ઇહનય-કઝયત" એ બે ગાંડપણ લાવનાર અને ગાંડપણ કાઢનાર જીનના નામ સાધવાથી ગાંડપણની બલાઓને નોતરવામાં કે કાબૂમાં લાવવામાં આવે છે. કેટલાક

પયગમ્બરો અને ઔલિયાના નામોચ્ચારમાં પણ ખાસ ચમત્કાર રહેલા છે. તે ઉપરાંત, કુરઆને પાકની કેટલીક સૂરાઓ (પ્રકરણો), આયાતો (વાકયો) અને શબ્દો આ ઇલ્મથી અજાણ્યાને ખાસ અર્થ વિનાનાં અને ગૂઢ, ન સમજાય તેવાં લાગે છે છતાં, તેમાં ખાસ ચમત્કારો છુપાયેલા છે. અલ્લાહ પાકના "યા વદુદો ના નામથી કેટલાક આરવાહ વા જીન્નાત સારા કામ અર્થે તાબે થાય છે. તે જ પ્રમાણે, અલ્લાહ તા'લાના "યા જબ્બારો નામથી તેઓ ખોટા કામ સારુ તાબેદાર બને છે. પરવર દિગારના બીજાં નામો અને કુરઆને શરીફની બીજી આયાતો કે શબ્દોથી આબોહવા ઉપર અમલ મેળવી શકાય છે, અને આદમીઓ તથા સાપ, વીંછી વગેરે પ્રાણીઓના આત્માઓ ઉપર હકૂમત ભોગવી શકાય છે. ઇબ્ને ખલ્દુન (ઈ. સ. ૧૩૩૨-૧૪૦૫) મુસ્લિમ નામમા ગયબી ઇલ્મના જાણીતા અરબી લેખકનો આધાર લઈ, કહે છે કે "નામધુરા" "બઆદાન" "યસવાદ" "વધધસ" —"નૂકના" "ધાદુસ" —આ શબ્દોમાં ખાસ શકિતઓ રહેલી છે. નાહીને કે વઝુ કરીને, અને પાક કપડાં પહેરીને, સૂતા પહેલાં આ નામનો વઝીફો (જાપ) એકાગ્ર ચિત્તે પઢવાથી, જે મુરાદ માટે એ વઝીફો પઢ્યો હોય તે મુરાદ બર લાવવા માટે શું કરવું, તેના માર્ગદર્શક સ્વપ્ના આવે છે. તે લેખક ઉમેરે છે કે આ વઝીફાના પ્રભાવથી સ્વપ્નમાં એક વ્યકિત જોવામાં આવે છે. જે હેતુની સિદ્ધિ સારુ શું કરવું તે તે દર્શાવે છે. ઇબ્ને ખલ્દુને પોતે આ નામના વઝીફાથી પોતાની જિંદગીની મુશ્કેલીઓમાંથી પાર પાડવાના અજબ દિશા સૂચક સ્વપ્ના જોયા હતા. આ જાદુઈ શબ્દોથી જે અરવાહો (આત્માઓ) ઉપર હકૂમત મેળવી શકાય છે. તે માટે ખાવાપીવાની અમુક પરહેઝગારી પાળવી પડે છે.

ઉપર પ્રમાણે, શારીરિક અને કપડાંની પૂર્ણ શુદ્ધિથી કુરઆને

શરીફની "અત્તારિક" નામની તુમીસૂરાના છેવટના શબ્દો "ઇન્નહુમ યકીદુન કયદવ વ અકીદો કયદા." ખરે, તેઓ કાવત્રું રચે છે અને હું પણ કાવત્રું રચું છું. આ આયત પઢવાથી વીંછીની ડંખ મારવાની શક્તિ જતી રહે છે. વળી ભેદભરેલી ગુપ્ત સંખ્યાઓની મેળવણી કે ગોઠવણ અને એની આકૃતિઓના તાવીજોમાં ભલું કરવાની શક્તિ હોય છે. જેને આ રૂહાની ઇલ્મનો અમલ કરવો હોય તેણે એ ઇલ્મમાં કમાલિયત મેળવી જોઈએ. એટલું જ નહીં, પરંતુ તેની સફળતા સારુ અમુક સમયમાં અમુક હજાર તસ્બીઓ (માળાઓ) વઝીફો (જાપ) તરીકે પઢવી જોઈએ અને એ આખો વખતમાં આહાર અને બીજા કેટલાક પ્રકારના ખોરાકોની પરહેઝી પાળવી જોઈએ. ચાળીસ દિવસની મુદ્દત, જેને "ચિલ્લો" કહેવામાં આવે છે, તે મુદ્દત કોઈ પણ આયત કે નામનો વઝીફો પઢવા સારુ સાધારણ થઈ પડેલી છે. આ ચાળીસ દિવસમાં જે નામ અથવા આયતનો વઝીફો પઢવાનો હોય તે નામ કે આયત દરરોજ તે જ વખતે નિર્ણિત કરેલી એકાંત, પાક જગામાં અમુક સંખ્યામાં પઢવા જોઈએ. નિર્ણિત સમય ચૂકવાથી વઝીફો ફરીથી પહેલેથી શરૂ કરવો પડે છે. ચિલ્લો કરનારે વઝીફો પઢતી વખતે આખો વખત પોતાની આગળ ધૂપ, લોબાન બાળવો પડે છે અને પોતે જાતે પોતાનાં કપડાં સર્વ પ્રકારે પાક સાફ રાખવાં પડે છે. જે જીન્નત તે જાય કે આયતના તાબેદાર બંધ હોય છે, તેઓને ચિલ્લો પૂરો કરતા અટકાવવા તેની આગળ અતિ ભયંકર, વિકૃત આકૃતિઓમાં દેખા દે છે. જો તે પઢનાર ગભરાઈ જઈ, વઝીફો અધુરો મૂકે તો તેના ભોગ જ મળ્યા! તરત જ તે ગાંડો થઈ જાય છે! અને બાકીની આખી જિંદગીને એવો જ ગાંડો રહે છે અથવા તેને એવો લકવો વા કંપવાયુ થાય છે કે તે રોગ કોઈ પણ દવાથી મટતો નથી. આ નવો અભ્યાસી આવા દેખાવોથી ડરે નહિ એવા મજબૂત દિલનો હોય તો એ જીન્નાત બીજી તદબીરો મોકલે છે.

આવો એક આમિલ કહે છે કે જ્યારે ઝેરી પ્રાણીઓના ડંખવા કે કરડવાના ઇલમ હાથ કરવાની આયતનો તે વઝીફો પઢતો હતો ત્યારે એક વખત તેણે પોતે જ્યાં ચિલ્લામાં બેઠો હતો ત્યાં પોતાના પિતાને તેમના કટ્ટા શત્રુઓ જકડી બાંધી આણ્યા હોય તેવું દૃશ્ય જોયું અને વઝીફા પઢનાર પાસે આવીને તે બાંધી લાવનાર વ્યક્તિએ તેના પિતાને ઘુંટણીએ પડવા અને પોતાની તલવાર ખેંચીને તે બુઢ્ઢા માણસની ગરદન ઉડાડી દેવાની તૈયારી કરી. તે વખતે તેના પિતાએ તે વઝીફો પઢનાર પુત્રને તેના પિતૃપ્રેમના સઘળા પવિત્ર સોગંદોથી પોતાને બચાવવાને માટે વિનવ્યો. તેના પિતાએ તેને ખાત્રીથી કહ્યું કે એ બધો ભ્રમ નહોતો. પરંતુ ખરેખરું ખેદજનક સત્ય હતું. તેણે પિતાએ કહ્યું કે તે દુશ્મન ઘરમાં ધસી આવ્યો હતો. તેણે (પિતાએ) પુત્રને સહાય માટે બૂમ મારી ત્યારે તે દુશ્મને પોતાના રક્ષણ સારુ પિતા-પુત્રની સામે થઈ તેને (પિતાને) બાંધી તેના પુત્ર પાસે તેને (પિતાને) મારી નાખવા સારુ ઘસડી આણ્યો હતો. વઝીફો પઢનાર પુત્ર લગભગ ભાન ભૂલી પોતાનું મંત્રેલું કુંડાળું છોડી બાપને બચાવવા બહાર નીકળતો હતો, તેવામાં તેને યાદ આવ્યું અને લુચ્ચા મનની બાજી સમજી જઈ, તે તે તરફ બેદરકાર રહ્યો. એ રીતે તે જીન હારવાથી અદૃશ્ય થયો. તે વઝીફો પઢનારને નિષ્ફળ કરવાને તે જીનનો બીજો પ્રયાસ પહેલા કરતાં પણ વિશેષ ભયંકર હતો. તે વઝીફો પઢનારને ભાસ્યું કે તે જે ઘરમાં બેઠો હતો તે ઘર જાણે કે હમણાં તેના ઉપર તૂટી પડી તેને કચરી નાખશે, તેવી રીતે તે ઘર આમતેમ ઝોલા ખાતું હતું. જ્યારે આ અજમાયશ પણ નિષ્ફળ થઈ ત્યારે તે જીને તેને શાન્તિથી તેનો ચિલ્લો પૂરો કરવા દીધો. આથી ભયંકર કસોટીમાં સાધેલો વઝીફો સાકરના ગાંગડા ઉપર પડી એ આમિલને સાકર હડકાયાં કુતરો કે ઝેરી સાપ કરડ્યો હોય તે ઉપર ખાવા આપતા હતા. આ પ્રમાણે તેમણે અનેક માણસોને સાજા

કર્યા હતા. એમ કહેવાય છે કે તેમના મિત્ર માર્ચ ૧૮૯૮માં સુરતમાં બહુ મોટી પાકી ઉમરે ગુજરી ગયા હતા.

અલ્લાહ તા'લાના જાપ. 'અસ્મા-ઉલ-હુસ્ના—બે પ્રકારના છે. ૧. જલાલી (ભયંકર) અને ૨. જમાલી (દયાળુ) "અલ ખાફેદો" (ગુસ્સે થનાર)ને 'અલ આદિબો (ઇન્સાફ કરનાર) "અલકહ્‌રો (કેહર વરતાવનાર) વગેરે નામોના વઝીફો પઢવાથી ભયંકર દૃશ્ય પ્રગટ થાય છે. તેવી જ રીતે "અર રહમાનો" (દયાળુ) "અર રહીમો (કૃપાળુ) અલ ગફુરો (માફ કરનાર) વગેરે નામોના વઝીફાથી ખૂબસુરત ફિરસ્તાના ખુશનુમા દેખાવથી દિલ પ્રફુલ્લ થાય છે. જલાલી નામોના વઝીફામાં કમાલિયત મેળવવી ભયંકર અને દુસ્વારુ છે છતાં મુરાદ જલ્દી બર લાવવામાં આ વઝીફાઓ વધારે કારસાધક (અસર-કારક) છે.

શયતાની જાદુ યા મેલી વિદ્યા, મેલાં ભૂતપલીતો અને નાપાક જીનોના મારફતે સાધવામાં આવે છે. રૂહાની ઇલ્મના વઝીફા પઢતી વખતે જેટલી પાકી, પરહેઝગારી પાળવી પડે છે તેટલી જ નાપાકી અને શરૂર (ખરાબ વર્તન) મેલી વિદ્યા મેળવતાં રાખવી પડે છે. મેલી વિદ્યા જાણનારા અને તેનો અમલ કરનારા એક ઘડીભર પણ શારીરિક પવિત્રતા જાળવે તો તેમની મેલી શક્તિ ગુમાવવાની એમને ધાસ્તી રહે છે. એમણે કોઈ દિવસ નાહવું નહીં, તેલ—અત્તરની ખુશબો વાપરવી નહીં, નમાજ પઢવી નહીં, અને કોઈ પણ સારું અથવા પવિત્ર કામ કરવું નહીં. મેલા પલીતોને તાબે કરવાની હિન્દી કે ગુજરાતી રીતો અરબી રીતો કરતાં પણ વધારે નાપાક અને કમકમી-ભરેલી છે. દિવાળીના અરસામાં, આસો માસના કૃષ્ણ પક્ષમાં અને ખાસ કરીને કાળીચૌદશની કાળી રાત્રે જ્યારે સઘળાં ભુતોને તેમના પૂર્વના સ્થાનોએ એક વખત જઈ આવવાની છૂટ મળે છે ત્યારે મેલી

૩૪

વિદ્યા સાધનાર ગંદાં કપડાં પહેરી, ગંધાતા તેલ ચોળી, નાપાક ખોરાકનું ભાથું—ખાસ કરીને ગાયભેંસનું ગોશ્ત અને તેમના આંતરડાં અને એક તેજ ધારવાળો છરો તથા ગૂગળનો પુષ્કળ ધૂળ લઈ, પોતાની માનીતી ભૂતાવળીમાં કે મા૫ના સમશાનમાં અથવા અસ્પૃશ્ય હેડ-ભંગીના કબ્રસ્તાનમાં અથવા જ્યાં ફાંસી દીધેલા ખૂનીઓને દાટેલાં હોય ત્યાં જાય છે તે જગાએ જઈ, એ મંત્રેલું કૂંડાળું કરી, તેમાં બેસે છે, છરો તૈયાર રાખી, જાપ જપવા શરૂ કરે છે અને આજુબાજુ કાળા મગના દાણા ફેંકતો જાય છે. એના આહ્‌વાન અનુસાર જ્યારે ભૂતાવલિ તેની સમક્ષ હાજર થાય છે ત્યારે આ મંત્ર જપનાર શું ખાવું છે તે તેમને પૂછે છે, તેણે જે માંસ આણ્યું હોય તે માંસ જો તેઓ માંગે તો તે સાધના કરનાર તેમાંથી સર્વોત્તમ કડકાઓ પોતાના મંત્રેલા કૂંડાળા બહાર નાંખતો જાય છે. પરંતુ તેના મહેમાનોમાંથી કોઈ એવા માંસથી પ્રસન્ન ના થાય અને માણસનું માંસ માગે તો સાધના સાધનારે પોતાની જાંઘમાંથી કડકો કાપીને તે ભૂતને નાખવો જોઈએ, નહિ તો પોતાના આ સાહસને માટે પોતાને જ તે ભૂતના ભોગ થવું પડે છે. જો તે ભૂત તે સાધના સાધનારના શરીરનું માંસ સ્વીકારે તો પછી તે ભૂત એક વરસ માટે તેનો ગુલામ બને છે. કેટલીક વખત આવી સાધના સાધનાર પોતાનું જ માંસ કાપી આપવા નારાજ હોય તો તે પોતાના એકાદ ચેલા કે મિત્રને પોતાની સાથે સમજાવી લઈ જાય છે. જો કોઈ ભૂત ઉપર પ્રમાણે માણસનું માંસ માગે તો તે સાધનાર પોતાના સોબતીનો ભોગ આપવાનું કહે છે, પણ શરત કરે છે કે તે ભૂતે તેને ઘેર પહોંચતા સુધી કંઈ કરવું નહીં. ભૂત તે વાત કબૂલ કરે છે. મંત્ર-વિધિ પૂરી થઇ રહ્યા પછી જ્યારે તેઓ ઘેર જાય છે ત્યારે તેનું કલેજું ખાઈ જઈ તેને મારી નાંખે છે. બીજી સવારે તે માણસ લોહીની ઊલટી થવાથી મરી ગયેલો માલૂમ પડે છે.

ઉપલી હકીકતોને અનુલક્ષી ઇસ્લામ મુસ્લિમોને પાક અને તાહેર (પવિત્ર) રહીને અલ્લાહની અકળ શકિતમાં જ વિશ્વાસ રાખે, એવી ભલામણ કરી, આવી જાતના મંત્રો જપવાથી દૂર રહેવાની ભલામણ કરે છે. કુરઆને શરીફ જાદુનો અમલ કરવાની મના કરે છે. કારણ કે તે સાધારણ માનવ શકિતની બહાર છે. તેથી પૂરેપૂરી સંભાળ ના રાખનાર અશકત માનવી દૂર જ રહે એમાં એની સલામતી રહેલી છે. નહિ તો હારૂત અને મારૂતના જેવા હાલ થયા વિના રહેતા નથી. સાંસારિક જંજાળો વચ્ચે રહી માનવી આ શકિત મેળવવા અશકત છે. તેમાં લાભ કરતાં હાનિ વધારે છે. સમજુ લોકો પોતાની શરિયતનો કામિલ કરી, આદર્શ જીવન વિતાવે એમાં જ એને સુખ તથા આનંદ છે.

શુકન—સામાન્ય

પક્ષીઓની બોલી ઉપરથી શુકન જોવામાં આવે છે. ઘુવડ બોલે તો છોકરાંની જિંદગી જોખમમાં છે એમ માનવામાં આવે છે. પણ અનાજનું દાન કરવાથી એ હાનિ ટાળી શકાય છે. કબૂતર કકળતું સંભળાય તો તે પાયમાલીની નિશાની કે સગુંવહાલું મહેમાન તરીકે આવશે એમ લોકો માને છે. શૂન્યકાર મધ્યરાત્રે કૂતરું રડતું સંભળાય તો કોઈનું મરણ સૂચવે છે. કૂતરાની આંખો મરનારના મકાન ઉપર યમદૂત ઊતરતા જોઈ શકે છે. બિલાડી આડે ઉતરે તો અપશુકન છે, પણ રસ્તે જતાં રમતું છોકરું અથવા છાશ લઈ આવતી સામી મળે તો તે સારા શુકન છે. મોંની ચામડીમાં ચેળ આવે, આંખ ફરકે તો તે ઉપરથી સારાનરસા શુકન મનાય છે. વાધણી આવે તો કોઈ સંભારતું હોય. એક ઉર્દૂ કાવ્યકંડિકા છે કે—

"હિજ્રમેં હમને અજબ તૌરસે ઇરશાદ કિયા,
"હિચકી આઈ તો કહા ઉસને હમેં યાદ કિયા"

એકાંત અવસ્થામાં મને અજબ પ્રેરણા થઈ અને વાધણી આવી તો મેં માન્યું કે ફલાણે મને યાદ કર્યો.

જમણા હાથની હથેળીમાં ચેળ આવે તો લક્ષ્મીયોગ મનાય છે. જમણા પગને તળિયે તે પ્રમાણે ચેળ આવે તો મુસાફરી થશે એમ સૂચન થાય છે. અઠવાડિયાને પ્રત્યેક દિવસે અમુક કામ કરી શકાય અને અમુક કામ ના કરી શકાય એવી એક લોકમાન્યતા છે.

રવિવાર—છોકરાંનાં નામ પાડવા, નવાં જમણ જમવાં, નવાં કપડાં પહેરવાં, નવો અભ્યાસ કરવો, નોકરીની શરૂઆત કરવી અને ખેતરમાં ખેતીની શરૂઆત કરવા માટે શુકનિયાળ દિવસ છે. તે દિવસે ઘોડો ખરીદવો અથવા મુસાફરી કરવી સારી નથી.

સોમવાર—મંદવાડમાંથી સાજા થયા પછી પહેલાં નાવણ માટે, છોડીને સાસરે વળાવવા સારુ, ઘરનો પાયો ખોદવા માટે, કોઈ માણસને કંઈ કામ સોંપવા સારુ, કોઈ જનાવરનો અદલોબદલો કરવા માટે અને પૂર્વ દિશામાં મુસાફરી કરવા માટે સારો દિવસ ગણાય છે.

મંગળવાર—નવાં જમણ જમવાં, મંદવાડમાંથી સાજા થયા પછી નાહવા, બીજાને કંઈ કામ સોંપવાં અને જાનવરને દાટવા માટે સારો દિવસ છે.

બુધવાર—"બુધ આસે, બુધ વાસે, બુધ ગામ ના જાશે" એ પ્રચલિત કહેવત છે. છોડીને સાસરે વળાવવા, બાળકનું નામ પાડવા, નવાં કપડાં પહેરવાં, હજામત કરાવવા, નવું જમણ, નવો અભ્યાસ કરવા, ખેતર ખેડવા, ઘરનો પાયો નાખવા અને ઘર બદલવા માટે શુકનિયાળ છે.

ગુરુવાર—બુધવારનાં કામ કરવા માટે સારો દિવસ છે. ગુરુવારે દક્ષિણ દિશામાં જવાય નહીં. તેમ હાથી ખરીદી શકાય નહીં.

શુક્રવાર—બુધવારનાં કામ કરવા માટે સારો દિવસ મનાય છે. બકરાં ખરીદવા માટે સારો દિવસ નથી.

શનિવાર—બુધવારે જે કામ કરી શકાય છે તે કામ આ દિવસે પણ કરી શકાય છે પરંતુ પૂર્વમાં મુસાફરી થાય નહીં અને ઊંટ ખરીદાય નહીં.

નીચેની આકૃતિમાં જણાવેલી દિશાઓમાં તે સાથે દર્શાવેલી તારીખોએ જવાય તો મૌલા અલી અને ખ્વાજા ખીઝરની રક્ષા મળે છે.

વાયવ્ય ૨૮-૨૦-૫	ઉત્તર ૩૦-૨૧-૫-૧૮	ઈશાન ૨૧-૧૩-૬
પશ્ચિમ ૨૭-૧૯-૧૨-૪		પૂર્વ ૨૬-૨૨-૧૪-૭
નૈઋત્ય ૨-૧૦-૧૭-૨૫	દક્ષિણ ૨૯-૧૨-૧૮-૯	અગ્નિ ૯-૧૪-૨૪

પ્રકરણ ૭૧

રીતરિવાજો

ગુજરાતના સુન્ની મુસલમાનોમાં, જે પ્રસંગોએ ધાર્મિક વિધિઓ કરવાની હોય છે, તેમાં મુખ્ય નીચે પ્રમાણે છેઃ સ્ત્રીનું સીમંત, બાળકનો જન્મ, તેનું નામ વિધાન, તેના જાનની સલામતી માટે જાનવરનો સદકો આપવો (કુરબાની કરવી) તેની "બિસ્મિલ્લાહ" પઢાવવી, (તેને ઇસ્લામની દીક્ષા આપવી), તેનો વિવાહ, તેનું લગ્ન અને કુટુંબમાં કોઈ પણ મરણ.

ઉર્દૂ કહેવત છે કે "મર ગયા મરદૂદ, ન ફાતિહા, ન દરૂદ" જેની પાછળ ફાતિહા, દરૂદ પઢવા,

પઢાવવા ના આવે તો ખુદાની રહમત પામતા નથી. "અલ ફાતિહા" કુરઆનનું સૌથી પહેલું પ્રકરણ છે. તેને પ્રચલિત રીતે "અલ્હમ્દો" ના નામથી ઓળખવામાં આવે છે. તે પ્રકરણના શરૂ થતા શબ્દો એ છે. 'દરૂદ' હ. પયગમ્બર સાહેબ માટે અલ્લાહની રહમત અને બરકત માગવા સારુ પઢવાની દુઆ. આ ઉર્દૂ કહેવત ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે ગુજરાતના મુસલમાનો પોતાની પાછળ ફાતિહા, દરૂદ પઢવા, પઢાવવા, સંતતિ હોવા માટે કેટલા આતુર હોય છે. સંતતિમાં ખાસ કરીને પુત્ર હોવાથી, પોતાનું નામ રહે, કાયમ રહે, અમર (!) રહે, તે માટેની ચિંતા હિન્દુ ધાર્મિક આચારવિચારનો પડઘો છે. હિન્દુઓ પોતાની પાછળ શ્રાદ્ધ કરી, પિતૃઓને પિંડ આપનાર પુત્ર સારુ કેટલી ચિંતા સેવે છે! દાંપત્યજીવન પછી એકબે વર્ષમાં સંતાનપ્રાપ્તિ ના થાય તો ગુજરાતી મુસલમાન સ્ત્રી તે માટે વિવિધ રીતે પ્રયત્નો કરે છે.

વલી ઓલિયાઓના રોજાઓની ઝયારતો કરે છે; અને ઝિંદા (જીવતા) વલીઓ, એટલે ઘણા પરહેઝગાર શખ્સો, પીરજાદાઓ અથવા દરવિશોને શોધી કાઢી, દોરા-તાવીજ અજમાવે છે. પીરસાહેબ દવા શરૂ કરતા હોય તો તે ઈલાજ પણ કરી જુએ છે. સ્ત્રી માતા થવા કેટલી ઉત્સુક હોય છે! આમિલો (વિદ્વાનો) જે તાવીજો આપે છે, તેમાંનો એક નમૂનો આ છે:

૧	૩	૫	૬
૨	૭	૯	૩
૩	૦	૬	૭

આવાં તાવીજો ઘણું કરીને સાધારણ શાહીથી નહીં પણ કેસરના પાણીથી લખવામાં આવે છે. તે ગુલાબજળથી અને ગરીબ માણસો સાદા પાણીથી ધોઈ, તે ધોયેલું પાણી પી જાય છે.

સીમંત

કેટલાક તાવીજ આપનારા આમિલો એલચી, લવિંગ અથવા સાકર ઉપર અલ્લાહના ચમત્કારી (mystic) અને અસરકારક નામો પઢી, તે ઉપર ફૂંકી, તે ખાવા માટે આપે છે. એથી કોઈ જિન્નાત ગર્ભ રહેલો અટકાવતો હોય તો તે દૂર થાય છે, એમ માનવામાં આવે છે. આમિલો માને છે કે સ્ત્રીને ઔલાદ થવી એ કુદરતી ક્રમ છે; અને તે પ્રમાણે ના થાય તો કોઈ જિન્નાત વચ્ચે વાંધો પાડતો હોવા જોઈએ. કેટલાક આમિલો પેઢું ઉપર બાંધવા અથવા ગળામાં પહેરવા દોરા કરી આપે છે. વળી, બીજા કેટલાક આમિલો અલ્લાહનું કોઈ ચમત્કારી નામ અથવા કુરઆનની કોઈ એવી આયાત સ્ત્રીના ગર્ભાશય ઉપરના પેઢુના ભાગ ઉપર અથવા પુરુષની ઇંદ્રિયના ઉપરના ભાગ ઉપર શાહીથી લખે છે અથવા તે ભાગ ઉપર પોતાની સારી આંગળી ફેરવી, તે શબ્દો

ત્યાં લખે છે. ગર્ભ રહ્યા પછી તે પુત્ર થાય, તે માટે પણ આમિલ બીજા કેટલાંક તાવીજ નાહવાના પાણીમાં નાખી, તે પાણીથી નહાવાનું કહે છે. કેટલાક પીરોની ઝયારત કરવાથી પ્રજોત્પત્તિ થાય છે, એમ એ પીરો માટે માનવામાં આવે છે. દરગાહમાં પીરના મઝાર (કબર) ઉપરના ઘુમ્મટના થાંભલાને અથવા તુરબત(કબર)ની આજુબાજુની જાળીને દોરી બાંધી તે દોરીમાં ગાંઠો પાડવી તેથી ચોક્કસ પ્રજા થાય છે, એમ સ્ત્રીઓ માને છે.

સંતતિ આપતા પીરો

બ્લાકમન, આઈને અકબરી, નોંધ આપે છે કે ફતેહપુર સીક્રીમાં પીર મૌલાના શેખ સલીમ ચિસ્તીનો રોજો છે, જ્યાં મોગલ બાદશાહ અકબરનો પુત્ર સલીમ (પાછળથી જહાંગીર) જન્મ્યો હતો, તે રોજો આજે પણ સંતાન આપવા માટે જાણીતો છે, અને તે સારુ ઘણી મુસલમાન અને હિન્દુ સ્ત્રીઓ પણ ત્યાં જાય છે.

અમદાવાદમાં પીર શાહ આલમસાહેબના રોજામાં એક ઝાડ છે જેના ફળમાં પણ આ ગુણ હોવાનું માનવામાં આવે છે. તેથી ઘણા દૂર દૂરના માણસો તે ફળ લઈ જઈ, પોતાની સ્ત્રીઓને ઉમેદભેર ખાવા આપે છે અને તે ફળ ખાય ત્યારથી જ ગર્ભ રહે છે, એમ માને છે. જો આ ફળ ખાધા પછી ગર્ભ રહે તો જે સ્ત્રી અથવા પુરુષે આ ફળ રોજામાંથી લીધું હોય તે અમુક વરસ સુધી તે પીરના દરેક વાર્ષિક ઉરસ પર ઝયારત માટે જાય છે અને તે ઝાડને દૂધ પાય છે.

તે જ પ્રમાણે, ઊંઝાના પીર સૈયદ મીરાં દાતારની દરગાહમાં તુરબત પાસે જે ઝાડ છે તેનાં પાંદડાંમાં પણ એ જ પ્રકારના ગુણ હોવાનું માનવામાં આવે છે.

એવી જ રીતે કેટલાક પીરની દરગાહોમાં જુઈની વેલો અથવા

ગુલાબના છોડ હોય છે. તેનાં ફૂલોમાં એવો જ ચમત્કાર રહેલો માનવામાં આવે છે.

આ મુરાદથી કોઈ સ્ત્રી પીરના દરગાહનું ફૂલ લેવા જાય છે ત્યારે તે નાહીધોઈને કપડાં પહેરીને જાય છે. દરગાહમાં જઈ, તે ફૂલના છોડ અથવા વેલ નીચે પોતાની સાડીનો ખોળો પાથરીને બેસે છે. તે કોઈ ફૂલ ચૂંટીને લેતી નથી. જેટલા ફૂલ એની મેળે એના ખોળામાં પડે તેટલી સંતતિ તેને થશે એમ તે સ્ત્રી માને છે.

ઉત્તર ગુજરાતમાં, જો પહેલા સંતાન પછી બીજું સંતાન ના થાય, અથવા થાય પણ મરી જાય, તો પહેલા સંતાનનાં અનિષ્ટ પગલાંથી તેમ થાય છે એમ લોકો માને છે. તેમને વહેમ પડે છે કે પ્રથમ સંતાનને કોઈ જિન-બલા વળગી હશે, તે જિન-બલા ત્યાર પછી થયેલાં બાળકોનો નાશ કરે છે. તેથી તે બાળકની માને ફરીથી બાળક પ્રસવે ત્યારે તે નવા બાળક ઉપર સાકર અને તલ ૭ અથવા ૯ વખત વાળીને, જે છેલ્લા પુત્ર અથવા પુત્રી ઉપર વહેમ હોય તેને ખવડાવે છે. આ ઉતાર એ નવા જન્મેલા બાળકના જીવનની સલામતીની સંજ્ઞારૂપે છે; અને તે મોટા પુત્ર પુત્રીમાં જે બલા વસતી હોય તેને તે ખવડાવ્યાથી તેણે તેનો ભોગ લીધો, એમ માનવામાં આવે છે.

કદરૂપાં છોકરાં જન્મે, અથવા જન્મતાં તેમને એકબે દાંત ફૂટેલા હોય તો તે છોકરાંથી તેના માબાપ અથવા નિકટના સગાંની જિંદગી જોખમમાં હોય, એમ મનાય છે. આવા દાંતવાળા છોકરાના માબાપમાંથી એકાદનું મોત અવશ્ય થવું જોઈએ, એવો ઘણો પ્રબળ વહેમ પ્રવર્તે છે.

જો કોઈ દરવિશની દુઆથી અથવા કોઈ પીરની તબરૂકથી ગર્ભ રહેવા પામે તો સહીસલામત પ્રસવ થાય ત્યાં સુધી બીજી કંઈ બલા તેને

હરકત કરે રહી. તે બાબત ખાસ સંભાળ લેવામાં આવે છે. તે સ્ત્રીને સંખ્યાબંધ તાવીજો પહેરાવવામાં આવે છે, અને છરી અથવા લોઢાનો કડકો તેની પાસે હંમેશાં રાખવામાં આવે છે. ચાંદરાતે (નવો ચાંદ દેખાય તે દિવસે) અને જુમેરાતે (ગુરુવારે) તેને ઘર બહાર નીકળવા દેવામાં આવતી નથી. તેમ દરરોજ સંધ્યાકાળે ઝાડોની ઘટા અથવા દરિયા કે નદીકિનારે તેને જવા દેવામાં આવતી નથી. મંત્રેલા રેશમી દોરા "ભાર દોરીઓ" તેને કમ્મર અને પેઢુ ઉપર પહેરાવે છે. તેનો પ્રસુતિકાળ દિવાળીની આજુબાજુના કોઈ દિવસમાં થવાનો હોય તો કાળીચૌદશ ભૂતપલીતોની ખાસ રાત્રી ગણવામાં આવે છે, તેથી તે સ્ત્રીની અતિશય સંભાળ રાખવામાં આવે છે. કોઈ ઘર આગળ લગ્ન અથવા બીજા કોઈ શુભ પ્રસંગનો માંડવો બાંધેલો હોય ત્યાં તેને જવા દેતા નથી; લગ્ન અથવા મરણ પ્રસંગે તેને ભાગ લેવા દેતા નથી. તેમ શહેરના દરવાજામાંથી નીકળવા અથવા દરિયો અથવા ચંદ્રગ્રહણ સમયે તે સ્ત્રી અથવા તેનો સ્વામી અથવા તેના ધણીના કોઈ સગાં પણ કંઈ ખાય પીએ નહીં, બીડી હુક્કો પીએ નહીં અથવા કંઈ ચીજ કાપે અથવા ભાંગે નહીં, તેની ખાસ સંભાળ લેવામાં આવે છે. જો તેઓ પૈકી કોઈ પાન ખાય અથવા પાનની બીડી સરખી પણ વાળે તો તે બાળકના કાન જરૂર વળેલા થાય; જો કોઈ ચીજ કાપે અથવા ભાગે તો તે બાળકની આંગળી મરડાયલી અથવા તેના હોઠ સસલાના જેવા થાય. ભાર મૂકીને કહેવામાં આવે છે કે કોઈ ગર્ભિણી સ્ત્રીના જક્કી ધણી એ આ માન્યતાઓને અવગણી, ગ્રહણ સમયે, પોતાને મોઢે કપડું વીંટયું હતું, તેથી જે બાળક જન્મ્યું તેને મોઢે પણ એ પ્રમાણે એવો જ પરદો થઈ થયો હતો. ગ્રહણ વખતે, જો તે સ્ત્રીના ધણીના કુટુંબમાંથી કોઈ હુક્કો પીએ તો બાળકની છાતી નબળી થાય અને શ્વાસ લેતી વખતે તેમાંથી હુક્કાના ગુડગુડ જેવો અવાજ થાય. ગ્રહણ વખતે, ગર્ભિણી સ્ત્રી, તેના ધણી અને નિકટનાં સગાં ચૂપચાપ બેસી રહે છે.

અને નમાજ અથવા કુરઆન પઢવા સિવાય બીજું કંઈ કામ કરી શકતા નથી. તે વખતે ગર્ભિણી સ્ત્રીને સુવાડી દેવામાં આવે છે. શુભ વખતે તેને ૧ થી ૫¼ શેર ઘઉંની પોટલી પાસે રાખવા માટે આપવામાં આવે છે. ગ્રહણ છૂટ્યા પછી, આ ઘઉંમાં બીજા વધારે ઘઉં ઉમેરી તેને ગરમ પાણીમાં બાફી, તેમાં ખાંડ અને કોપરું નાખી, તે 'બાકળા' સગાંવહાલાંમાં વહેંચી દે છે. 'ભારદોરી' પહેરવાથી, બાળકની માને જે બલા નડતી હોય તે, ગર્ભ રહે ત્યારથી તે પ્રસવ થાય ત્યાં સુધી કંઈ નુકસાન કરી શકતી નથી. ભારદોરી સાત રંગના રેશમની ગુંથેલી દોરી હોય છે. એ દોરી ઉપર મુલ્લા કુરઆનની આયાતો પઢી, જેમ જેમ ગર્ભના મહિના વધતા જાય તેમ તેમ દરેક મહિને અક્કેક ગાંઠ તેમાં ઉમેરતા જાય છે. અને તે દોરી ગર્ભાશયના ભાગ ઉપર પહેરાવવામાં આવે છે. આ દોરીને લીધે અધુરે ગર્ભપાત થતો નથી અને એ રીતે અંગરોગ અથવા ભૂતપલીતથી ગર્ભને કોઈ રીતે હાનિ પહોંચતી નથી. નવમા મહિનાની શરૂઆતમાં અથવા આખરે આ દોરી છોડી લેવામાં આવે છે. તેને લોબાનની ધુપ આપીને, કેટલાક ફૂલ સાથે કોઈ હવડ કૂવામાં અને આવો કૂવો પાસે ના હોય તો તળાવ, નદી અથવા બીજા કોઈ જળાશયમાં નાખવામાં આવે છે. મહિના હોય ત્યાં સુધી એ સ્ત્રી નવાં કપડાં, દાગીના અથવા બંગડી સરખી, જે પરિણીત સ્ત્રીઓનું ખાસ આભૂષણ અને તેમની ખાસ નિશાનીરૂપ છે, તે પણ પહેરવાની મના કરવામાં આવે છે. એ જ પ્રમાણે, સ્ત્રીના હંમેશના વિવિધ પ્રકારના સાધારણ નજીવા શણગાર પણ ઉતારી મૂકવામાં આવે છે. આંખમાં સુરમો આંજી શકાતો નથી, હાથે પગે મેંદી અથવા દાંતે રસી મૂકી શકાતી નથી; તે ઉપરાંત, કેટલીક ચીજો ખાવાની બંધી કરવામાં આવે છે. આવી સ્ત્રીથી કોપરું તેમ જ જમીનની અંદર થતું બટાટા સિવાયનું બીજું કંઈ પણ શાક ખવાતું નથી. દાગીના વિરુદ્ધનો મનાઈ હુકમ 'સાત માસા'ના સીમંતની વિધિ સુધી પહોંચે છે. પરંતુ

અમુક ખોરાક નહીં ખાવા સંબંધે તો બાળક ધાવણ છોડે ત્યાં સુધી લંબાય છે. તેનો હેતુ માત્ર એટલો જ હોય છે કે માતા અને બાળક બન્નેની તંદુરસ્તીને કંઈ હાનિ પહોંચે નહીં.

ગર્ભધાનના સાતમા અને નવમા મહિનાઓની વિધિઓ

ગર્ભ રહ્યા પછી ‘સાત માસા’ અથવા ‘નવ માસા’—સાતમે અથવા નવમે મહિને સીમંતની વિધિ કરે છે, તે બહુ અગત્યની છે. જુદાં જુદાં કુટુંબોમાં તો વિધિ જુદી જુદી રીતે ઉજવવામાં આવે છે. સઘળી વિધિઓમાં, ગર્ભ છેવટ સુધી સહીસલામત રહે અને પ્રસૂતિ સમયે કંઇ વિઘ્ન નડે નહીં અને બાળક સુખરૂપ અવતરે, એટલા સારું સૌ બાધા માનતાઓ સંભાળથી પૂરી કરવામાં આવે છે. પ્રથમ તો જેમ જન્મ, વિવાહ અને લગ્ન જેવા બીજા શુભ પ્રસંગોએ કુંભારને ત્યાંથી માટીનાં કોરાં, નવાં વાસણો લાવવામાં આવે છે તેમ આ સીમંતની વિધિ માટે પણ કરવામાં આવે છે. આ વિધિને “બિરધ અથવા બિરધ ભરવી” કહે છે. (કુટુંબમાં “વૃદ્ધિ” થવાની, તે માટે કરવાની ક્રિયાનું આ અપભ્રંશ રૂપ થઈ ગયું લાગે છે).

પૂરી “બરધ” માટે ચાર મોટાં અને બીજાં નાના મળી કુલ ૧૨૫ વાસણો જોઈએ છે. કુંભારને તે માટે ખાસ વરધી આપેલી હોય છે. કુંભાર પોતે તે વાસણો રંગીને સુશોભિત બનાવે છે. આ વાસણો બદલ કુંભારને એક સરખી રૂા. પાંચની ફી આપવામાં આવે છે. કેટલીક વખત ૧૨૫ નહીં પણ તેથી માત્ર અર્ધા અથવા ચોથા ભાગનાં જ વાસણો ભરવામાં આવે છે. તેથી વરધીને અર્ધી વરધી અથવા પા વરધી કહેવામાં આવે છે અને કુંભારને પણ પ્રમાણમાં ઓછા પૈસા આપવામાં આવે છે. કેટલેક ઠેકાણે આ વાસણો પ્રથમ કુંભારને ત્યાંથી બરોબાર કૂવે લઈ જવામાં આવે છે, અને યુવાન

પરિણીત સ્ત્રી, જે વિધવા થયેલી ના હોય, તેવી સૌભાગ્યવતી સ્ત્રી, અને સીમંતની વિધિ માટે તો ખાસ કરીને એવી સૌભાગ્યવતી સ્ત્રી પસંદ કરવામાં આવે છે, જેને થયેલાં સંતાનોમાંથી કોઈ પણ સંતાન મરી ગયું ના હોય, એટલું જ નહીં પણ કોઈ પણ ગર્ભ અધૂરે પડી ગયો ના હોય, એવી 'અખંડ દુઃખવાળી' સ્ત્રી કૂવામાંથી પાણી કાઢે છે અને દરેક વાસણમાં થોડું થોડું પાણી રેડે છે. પછી બધી સ્ત્રીઓ અને કુંભાર, બધાં વાસણો સાથે, વાજતે ગાજતે જે ઘેર આ માંગલિક પ્રસંગ હોય છે ત્યાં આવે છે. પછી સ્ત્રી જો પરદાનશીન હોય તો તે વાસણો ઘરના ઝનાનાવાળા ભાગમાં લઈ જવામાં આવે છે. ત્યાં મોટાં વાસણો નીચે મૂકી, દરેક મોટા વાસણ ઉપર ત્રણ ત્રણ નાનાં વાસણો, એક ઉપર એક મૂકી, સૌથી ઉપરનાં વાસણો એ પ્રમાણે હારબંધ ગોઠવવામાં આવે છે. આ વાસણો ઘરના મુખ્ય ઓરડામાં આ પ્રમાણે ગોઠવવામાં આવે છે. પછી દહીં ભાતનો 'કરંબો' કરી "ચપાટી"-(રોટલી) અને હલવો રાંધી, તે સઘળા ઉપર પોતાના કુંટુંબમાંથી મરી ગયેલાં વડવાઓનાં નામનો, ખાસ કરીને જે સ્ત્રીઓ પ્રસૂતિમાં મરી ગયેલી હોય તેમના નામનો ફાતિહા પઢવામાં આવે છે. આ પ્રમાણે મરેલાંની અરવાહોને શાંત પાડ્યા પછી બીજી વિધિઓ કરવા માંડે છે. તેમાં "બાળ બેહલીય પટ્ટી"—જિન્નાત દૂર કરવાની ક્રિયા, "કંદુરી"—માટીની થાળીઓની વિધિ, અને "નાવ"—હોડી ભરવી, એ મુખ્ય છે.

બાલ બેહલીમ પટ્ટી

લગ્ન, સીમંત અને બિસ્મિલ્લા પહેલાં આ બાધા કરવાની હોય છે. બાધા રાખનાર સ્ત્રી માનતા માને છે કે જ્યારે જે પ્રસંગ માટે માનતા માનેલી હોય તે બનાવ બનશે ત્યારે તે સ્ત્રી શેર, બશેર, કે અઢી શેર બળતા અંગારા ઓલવશે. તેથી તે સ્ત્રી તે દિવસે રોજો રાખે છે અને

'ફદાલી' (ભૂવા)ને બોલાવે છે. તે ભૂવો પોતાની સાથે બે 'નેઝા' (ભાલા) લઈને સવારમાં આવે છે. આ કહેવાતા ભાલા માત્ર બે વાંસની પટ્ટીઓ, આશરે એક એક ફૂટ લાંબી અને અર્ધો અર્ધો ઇંચ જાડી, એક છેડે અણીવાળી હોય છે. આ પટ્ટીઓ ફદાલી નવી લીપેલી જગાએ ભીંતને ટેકવીને મૂકે છે અને તે જગાએ કોઈ માણસનો, જો તે નાપાક સ્થિતિમાં હોય તો તેનો પડછાયો સરખો પડવો જોઈએ નહીં, એ પ્રમાણે સૂચના આપી, તે ચાલ્યો જાય છે. સંધ્યાકાળે, જ્યારે જિન્નાતનો કરવા નીકળવાનો સમય મનાય છે ત્યારે ફદાલી બીજી વખત આવે છે. ત્યારે ઘરમાં સારામાં સારું કોરું સફેદ કપડું હોય તે જમીન ઉપર પાથરવામાં આવે છે. પછી તે કપડા ઉપર, જાણે મિજબાની હોય તેમ, દરેક જાતનું ગોસ્ત (ગાયના ગોસ્ત સિવાય), જેટલી જાતની મચ્છી મળી શકે તેટલી જાતની મચ્છી, તે જ પ્રમાણે, અનાજ ફળ-ફળાદિ, દૂધ અને શરબત મૂકવામાં આવે છે. તે ઉપરાંત, ચોળાની રોટલી, દાળની રોટલી, બાજરીની રોટલી, પુલાવ, ખીચડી, કઢી, 'ફલૌદી'–કળીના લાડુ કરે છે તે છુટા કળી અને છાશ મૂકવામાં આવે છે. મીઠાઈમાં દરેક જાતનો હલવો–મીઠી વાસવાળા, દ્રાક્ષ નાંખેલા, "તર હલવા"થી માંડી સાદા "મલીદા" (છૂટું ચુરમું) સુધી મૂકે છે. એ જ પ્રમાણે સ્થાનિક બજારમાં મળતાં દરેક પ્રકારના ફળફળાદિ—નારંગી, સંત્રા, કેરી, સીતાફળ, શેરડી, નારિયેર, કોઈ ખાય નહીં તેવું કોહું, અને ખાટાં કરંદાં પણ 'દસ્તરખાન'—જમવા પાથરેલા કપડા ઉપર સજાવે છે. સ્વાદ અને શોખથી ખાવા માટે નાની નાની રકાબીઓમાં તાજો ફુદીનો, મઠો અને તળેલી દાળ રાખવામાં આવે છે. છેવટે, મળી શકે તેટલાં શરબત–ગુલાબનું, મલાઈનું, બદામનું, ઘઉંના મેંદાનું, તેમાં કેશર નાખી, તેનો સોનેરી અને રૂપેરી માછલી જેનો ખૂબસુરત દેખાવ બનાવી, તે પણ મૂકવાનું ભૂલતા નથી.

મિજબાનીની વાનગીઓ પીરસાતી હોય તે સમયે, ફદાલી સવારની ગોઠવેલી વાંસની "નેઝા" રૂપી પટ્ટીઓ પાસે પુષ્કળ બળતા લોબાન સાથે, એક લોબાનદાની મૂકે છે, અને તે "ભાલાઓ"ને ફૂલના હાર પહેરાવી, તેમની ટોચોએ કોરા રાતા મલમલ(મદ્રાસી)ના નાના નાના વાવટા ચઢાવે છે. પછી લોટની કણકને ચોરસ કોડિયા માફક બનાવી, દરેક બાજુએ અકેક દીવેટ મૂકી, એ "ચૌમુખ" દીવેટ ઘીથી પ્રગટાવે છે. જ્યારે બધી તૈયારી થઈ રહે છે ત્યારે માનતા માનનાર સ્ત્રી હાથમાં શરબતનો પ્યાલો લઈ ખાસ સ્વચ્છ કરેલી જમીન ઉપર એક ચોરસ આકૃતિ દોરેલી હોય છે ત્યાં આવીને ઊભી રહે છે. આ અરસામાં સૂર્યાસ્ત થાય છે, અને રોજા છોડવાનો સમય થયો હોય છે. તે સ્ત્રી ઉપર પ્રમાણે ત્યાં આવે તે વખતે ફદાલી પોતાની પાસે મૂકેલા ત્રણ જાતના ફૂલ—જુઈ, મોગરો અને ચમેલીની ત્રણ પડીકાઓમાંથી એક પડીકી ખોલે છે. આ ફૂલ જેણે નહાઈ ધોઈ ને વીણેલાં હોય છે, તેના સિવાય બીજો કોઈ તે ફૂલને તે વીણ્યા પછી અડકેલો હોતો નથી. પડીકાનાં ફૂલ બળતા લોબાન ઉપર થોડો વખત ધરી રાખી, તેને તે પ્રમાણે ધૂપ દઈ, પોતે સાથે આણેલાં સતાર તંબૂરાના તાલ સાથે "સાત શેઅરો" ગાવા શરૂ કરે છે. આ 'શેઅરો' પયગંબરો, ફિરસ્તા, જિન્નાત, પરીઓ અને માનતા માનનારાઓની મરી ગયેલાં સગાંની અરવાહો (આત્માઓ)ની તારીફો સંબંધે હોય છે. અકેક 'શેઅર' ગવાતો જાય છે તેમ તે શરબતના પ્યાલા સાથે ઊભી રહેલી સ્ત્રી ફદાલીને અકેક પૈસો આપતી જાય છે, અને ફદાલી તે સ્ત્રીને પોતાની ફૂલની પડીકી-માંથી તેના શરબતના પ્યાલામાં અકેક ફૂલ નાખતો જાય છે. જ્યારે સાતે "શેઅરો" પૂરા થાય છે અને શરબતના પ્યાલામાં સાતે ફૂલ ભેગાં થાય છે ત્યારે તે સ્ત્રી પ્રથમ પ્યાલામાંનાં સાતે ફૂલ ગળી જઈ, તે ઉપર પ્યાલામાંનું શરબત પી જઈને પોતાનો રોજો છોડે છે. તે પછી દસ્તરખાન ઉપર સજાવેલી મિજબાની ઉપર ફાતિહા પઢવામાં આવે

છે અને પ્રથમ ફદાલી જમી રહ્યા પછી માનતા માનનાર સ્ત્રી અને બીજા જમાય તેટલું જમે છે. જે ઓરડામાં આ મિષ્ટાન પીરસેલાં હોય છે તે ઓરડામાંથી તેમાંની કોઈ પણ વાનગી બહાર જવા દેવામાં આવતી નથી. વધેલું જમણ ભિખારી સરખાંને પણ આપવામાં આવતું નથી. એ રીતે જે કંઈ વધ્યું હોય છે તે એક ચોખ્ખા સફેદ કપડામાં ભેગું કરવામાં આવે છે અને તે સઘળું ઉપર કહેલો કણકનો 'ઓમુખ' દીવો, બધું જ એક સાથે, જે ઘરમાં આ રસોઈ કરવામાં આવેલી હોય છે, તેના વાડામાં દાટવામાં આવે છે.

મિષ્ટાન્ન જમી રહ્યા પછી, ફદાલી એક નવું સંગીત ગાય છે, જેથી ભેગાં થયેલાં સ્ત્રી પુરુષોમાંથી કોઇ બીજાને ઉપર પ્રમાણે કોઈ જિન્નાત વળગેલી હોય તો તે ધુણવા માંડે છે. સાધારણ નિયમ પ્રમાણે, જે સ્ત્રીએ ઉપરની માનતા માનેલી હોય છે તેના અંગમાં તે બલા પ્રવેશે છે. એ પ્રમાણે ભૂત અંગમાં આવે નહીં તો તે સ્ત્રી ત્યાંથી ઊઠી જાય છે, અને માનતાની તે પછીની વિધિ, ઉઘાડા હાથપગથી અંગારા હોલવવાની વિધિ કરવી શરૂ કરે છે. જેટલા કોલસા હોલવવાના માન્ય હોય છે તેટલા કોલસા લાવીને ફદાલી આગળ મૂકવામાં આવે છે. ફદાલી તે કોલસા સળગાવે છે અને પવન નાખી તેને ધિકતા અંગારા બનાવે છે. પછી ત્યાં જમીનમાં એક ખાડો કરીને અંગારા તે ખાડામાં ભરવામાં આવે છે. પછી માનતા માનનાર સ્ત્રી આવે છે અને ફદાલી ગાતો જાય છે અને તેના તાલ પ્રમાણે તે સ્ત્રી તે બળતા અંગારામાંથી થોડા અંગારા પોતાના હાથમાં લે છે અને તેને જોરથી મસળીને હોલવી નાંખે છે. પછી તે સ્ત્રી જ્વાળાઓ નીકળતા અંગારાના તે ખાડામાં પગ મૂકે છે અને ઉઘાડા પગે તે ઉપર કૂદી ખૂંદી, પગ જરા પણ દાઝ્યા વિના, તે સઘળા અંગારા તે હોલવી નાખે છે. કેટલીક વખત ફદાલી પોતે પણ તે સ્ત્રી સાથે કોલસા ખૂંદીને ઓલવવામાં ભળે છે. સાધારણ

રીતે, તે સ્ત્રી પોતાની માનતામાં બીજા કોઈ ને કોઈ ભાગ લેવા દેતી નથી. એવા પણ દાખલા બને છે કે આ પ્રમાણે માનતા માનવામાં સ્ત્રીઓ બહુ ખરાબ રીતે દાઝી જાય છે, પરંતુ આવા દાખલા ક્વચિત બને છે. જ્યારે એ પ્રમાણે બને છે ત્યારે ખુલાસો કરવામાં આવે છે કે તે સ્ત્રીએ રસોઈ કરવામાં અથવા માનતા કરવાની જગ્યા લીંપવામાં જે પાકી, પરહેજગારી પાળવી જોઈએ તે તેણે પાળેલી નહીં હોય.

સહ્નક : બીબીકી સહ્નક : કંદુરી

"સહ્નક" (અરબી)નું અપભ્રંશ રૂપ 'સાનક" ગુજરાતીમાં વપરાય છે તેનો અર્થ 'તાસક' છે. "સહનક", અથવા જેમ ઊતરતા વર્ગની સ્ત્રીઓ કહે છે તેમ 'કંદુરી'ની વિધિ, લગ્ન અંગે સીમંત પહેલાં અથવા મંદવાડમાંથી સાજા થવાથી, ખાસ કરીને સ્ત્રીઓ તરફથી કરવામાં આવે છે.

"કંદુરી"ને દક્ષિણમાં "શિવલિંગ પોપટી" કહે છે. પોતાની મેળે ઉગતા થોરની વાડમાંના તેના લાલ ફળે આ માનતાને તેનું નામ આપેલું છે. આ માનતામાં આ ફળ મૂકવાનો રિવાજ હવે બંધ થયેલો છે, પરંતુ અગાઉ એ ફળ માનતાની જમણની રકાબીમાં મૂકવામાં આવતું હતું.

આ માનતામાં ઇસ્લામના હ. પયગમ્બર સાહેબની લાડલી પુત્રી હ. બીબી ફાતિમ ઝોહરાને દૂધ અથવા ખીર અથવા કુરબાની સાનકો માનવામાં આવે છે. 'સાનક'નો અર્થ માટીની તાસક–રકાબી થાય છે. આ વિધિને 'સાનક' કહે છે, કારણ કે દૂધ, ખીર અથવા કરંબા સાથે અર્ધો શેર કળી ચુનો પાણીમાં પલાળેલો મૂકવામાં આવે છે.

આ માનતાનું જમણ જમવામાં માત્ર પરમ પવિત્ર પતિવ્રતા

સ્ત્રીઓ જ ભળે છે. એની વિધિમાં પ્રથમ જ કળી ચુનો ખાવાનો હોય છે. તે કારણે પતિવ્રતા સ્ત્રીઓ સિવાય બીજી કોઈ સ્ત્રી તેમાં ભળવાની હિંમત કરી શકતી નથી.

આ રસોઈ રંધાતી હોય છે ત્યારે કોઈ પુરુષની અથવા છોકરાની પણ દૃષ્ટિ તે ઉપર પડવી જોઈએ નહીં. રસોઈ તૈયાર થાય પછીથી તો કોઈ પુરુષની દૃષ્ટિ તે ઉપર પડવાનો સવાલ જ ઉદ્‌ભવતો નથી, અને જે સ્ત્રીઓ તે માનતામાં ખાવામાં ભળે છે તેમણે પણ નાહીધોઈ, પાક કપડાં પહેરીને જ ખાવું પડે છે.

ઉર્દૂ શાયર 'રાહત'ની એક શે'ર છે કે "મેં મેલી સરસે, સર મુઝે ધોના ઝરૂર હય, સહનકમેં શામિલ, અય બુઆ! હોના ઝરૂર હય".

દૂધ અને ખીર અથવા કરંબો જુદી જુદી રકાબીઓમાં પીરસવામાં આવે છે, પરંતુ આ માનતાની મુખ્ય વાની—અર્ધો પલાળેલો કળી ચુનો–માટીની એક ગોળ, કાળી તાસકમાં મૂકેલો હોય છે. ભેગી થયેલી સ્ત્રીઓ ત્રણ, પાંચ કે સાત તે ચુનાની તાસકની આજુબાજુ બેસે છે. તેમાંની સૌથી વયોવૃદ્ધ સ્ત્રી શરૂઆત કરી, પોતાના જમણા હાથની પહેલી આંગળી તે ચુનાના લોચામાં ખોસી આંગળી ઉપર આવી શકે તેટલો ચુનો લે છે અને ખાવા માંડે છે. બીજી સ્ત્રીઓ પછી તે પ્રમાણે કરે છે. કળી ચુનાથી પતિવ્રતા સ્ત્રીના મોંમા ફોલ્લો ઉઠતો નથી. જો કોઈ સ્ત્રીનું મોં કે જિભ તે ચુનાથી દાઝે છે તો તે સ્ત્રી ખરેખરી પતિવ્રતા નથી, પણ તેમ હોવાનો ઢોંગ કરે છે, એમ માની એ મંડળીમાંથી તેને કાઢી મૂકે છે. ચુનો પૂરો કરી રહ્યા પછી તે સ્ત્રીઓ દૂધ, ખીર પીએ છે અથવા કરંબો હોય તો ખાય છે. જમણ પૂરું થતા પહેલાં સૂરમો અને દાંતે મૂકવાની કાળી 'મસી' લાવવામાં આવે છે, અને જમવાના

દસ્તરખાન ઉપર એક અત્તરની શીશી મૂકવામાં આવે છે. ભેગી થયેલી સ્ત્રીઓ આંખમાં સૂરમો આજે છે, દાંતે મસી લગાડે છે અને અત્તર શરીરે અથવા કપડામાં ઘસે છે. દરેક સ્ત્રીને એકેક ઓઢણું ચારથી છ જોડી કાચની બંગડીઓ અને સવા રૂપિયો રોકડો આપવામાં આવે છે. વધેલી ખીર, કરંબો અને ચુનાવાળી સાનક, જમનાર સ્ત્રીઓને ઘેર મોકલવામાં આવે છે. તેઓ તેમાંથી જોઈએ તેટલું કાઢી લે છે. રાંધેલી વાનીઓ અને ચુનામાંથી જે વધ્યું હોય તે એક સાનકમાં ભરી, રાતનું અંધારું જામ્યા પછી ભૂતના ઉતાર તરીકે ચકલામાં મૂકવામાં આવે છે.

નાવ-હોડીની માનતા

નાવની માનતા પાણીના પયગમ્બર હ. ખ્વાજા ખિઝર બાઇબલના 'ઇલિયાસ' નબીની માનવામાં આવે છે. આ વિધિમાં મુખ્ય ભાગ ભજવનાર કુંભાર નહીં પણ ભિસ્તી હોય છે. નાવની માનતા ખાસ માનેલી હોય તો જ કરવામાં આવે છે. સાધારણ રીતે, બે નાવ માનેલાં હોય છે. તે બનાવવાની વરધી ભિસ્તીને મળે છે. ભિસ્તી આ નાવ ઘાસ અને વાંસના, આશરે બે ફૂટ લાંબા અને એક ફૂટ પહોળાં બનાવે છે. તે જ્યારે તૈયાર થાય છે ત્યારે તે જૂના જમાનાના વહાણ જેવાં લાગે છે. હાલની સ્ટીમરોના વચ્ચેના થાંભલા (mast) ને બદલે આ જૂનાં વહાણો ઉપરથી શંકુ આકારના હોય છે. વાંસની ચીપો તે પ્રમાણે ગોઠવેલી હોય છે અને વાંસની સળીઓ તે પ્રમાણે ગોઠવી, તે ઉપર નવું રાતું મદ્રાસી (મલમલ)નું કપડું નાખવામાં આવે છે. નમતે પહોર, ભિસ્તી આ નાવ માનતા માનનારને ઘેર લઇ આવે છે. ત્યાં તે ઉપર રાતું કપડું ચોંટાડી, તેને ફૂલના હાર પહેરાવી, પાસે લોબાન બાળવામાં આવે છે. ભિસ્તિ પોતાની વિધિ પતાવી રહે છે ત્યારે સ્ત્રીઓ ભિસ્તીને નાવ પાસે મુકવા માટે રોટલી, હલવો, દુધ

અને દુધ દળિયા મોકલે છે. આ રસોઈ નાહીધોઈ, પાક થયેલી જુવાન સ્ત્રીઓએ બનાવેલી હોય છે અને રસોઈ કરતી વખતે તે ઉપર કોઈ નાપાક માણસનો પડછાયો પડવા દેવામાં આવેલો હોતો નથી. પછી ભિસ્તી દુધ અને 'દુધ દળિયા' એક ચોખ્ખા તાંબાના અથવા માટીના વાસણમાં કાઢે છે, અને લોટની કણકનો "ચૌમુખ" દીવો બનાવી, તેમાં ઘી પૂરી, નવા રાતા સૂતરની દીવેટો તેમાં મૂકી, તે દીવેટો સળગાવે છે. પછી એક નાવ પોતે લઈ, બીજું નાવ પોતાના નાયબને આપી, સરઘસમાં ભળે છે અને સૌ વાજતે ગાજતે નદી તરફ જાય છે. રાત પડે ત્યારે તેઓ નદીએ પહોંચે છે, ત્યાં તે નાવને ઉતારે છે, અને 'દૂધ દળિયા' દરેક નાવમાં થોડા થોડા રેડે છે. પછી ખ્વાજા ખિઝર સાહેબ (સા.) માટે ફાતિહા પઢી ફદાલી સતાર અને તંબુરાના તાલ સાથે ખ્વાજા સા.ની તારીફ ગાય છે, અને ભિસ્તી લાલ વાવટાવાળી હંગામી હોડીઓ વહેતા પાણી ઉપર તરતી મૂકી દે છે. નાવ નજર બહાર ગયા પછી ફદાલી, ભિસ્તી અને બીજા જે હાજર હોય તે માનતાની રસોઈ જમે છે અથવા તે વહેંચી લઈને ઘેર લઈ જાય છે. ફદાલીને જમાડવા ઉપરાંત આઠ આનાથી એક રૂપિયા અને ભિસ્તીને સવા રૂપિયાથી અઢી આપવામાં આવે છે. ભિસ્તી પાણીનું કામ કરે અને આ માનતા પાણીમાં વસતા પયગમ્બરની હોય છે, તેથી તેને વધારે આપવામાં આવે છે. ફદાલી તો જેમ બીજી માનતાઓમાં ગાનાર તરીકે માનવામાં આવે છે તેમ આ માનતામાં પણ આવે છે. ફદાલીના વાજિંત્ર જૂની ઢબના અને તેનો કંઠ બિનકેળવાયેલો 'સારીગમ'ના જરા પણ જ્ઞાન વિનાનો હોય છે. છતાં આવા પ્રસંગોએ ફદાલી સિવાય બીજા કોઈને ગાવા વગાડવાનો હક માનવામાં આવતો નથી.

માના દૂધ ઉપરથી પુત્ર કે પુત્રી થશે તેની પરીક્ષા
સીમંતની વિધિ

ગર્ભવતી સ્ત્રીને સાતમો કે નવમો મહિનો ચાલતો હોય છે ત્યારે

પતિ અને પત્ની એમ બન્ને પક્ષના સગાંને પતિને ઘેર આમંત્રવામાં આવે છે. સ્ત્રીના પક્ષના કેટલાં સગાં નોતરવાં તે પ્રથમથી નક્કી કરવામાં આવે છે. તેની સંખ્યા તે સ્ત્રીના માતાપિતાએ તેને જે જરદાગીના કરેલા હોય છે તેની કિંમત ઉપર અવલંબે છે.

મહેમાનોમાં સ્ત્રી વર્ગ બપોરે અને પુરુષ વર્ગ સાંજે પધારે છે. પ્રથમ પુરુષો જમે છે અને પછી સ્ત્રીઓ, ઘરમાં 'ઝનાના'ના ભાગમાં જમે છે. રાત્રે, એક કોરું કપડું લઈ, તેમાં એક રૂપિયો, થોડાં પૌંઆ અને સ્ત્રીને ગર્ભના જેટલા મહિના થયા હોય છે તે હિસાબે સાત અથવા નવ જાતનાં ફળ. તેમાં એક નાળિયેર હોય છે, અને તે બધું તે કપડામાં બાંધે છે. પછી તે પોટલી તે સ્ત્રી લે છે અને તેના સ્વામીના ખોળામાં નાખે છે. તે જ રીતે, સ્વામી તે પોટલી પત્નીના ખોળામાં પાછી નાખે છે. જટલો મહિના પછી (સાત અથવા નવ) આ વિધિ કરવામાં આવે છે તેટલા વખત પતિપત્ની આ પ્રમાણે તે પોટલી એક-બીજાના ખોળામાં નાંખે છે. તે પોટલીમાં ફળ અને પૌંઆ ઉપરાંત રોકડા રૂપિયા પણ હોય છે. પૈસાદાર ઘરવામાં રૂા. ૧૧), મધ્યમ વર્ગ રૂા. ૫ અને ગરીબ હોય તો રૂા. સવા અથવા ઓછામાં ઓછા પાંચ આના તે પોટલીમાં મૂકે છે. આ રકમ પતિની જેટલી બહેનો હોય તેમને વહેંચી આપવામાં આવે છે, પછી સ્ત્રી તરફના સગાં તે સ્ત્રીને અને તેના ધણીને કીંમતી કપડાં આપે છે. બીજે દિવસે સવારે નાસ્તો કરી મહેમાનો વિદાય થાય છે.

ઉપર પ્રમાણે ફળ અને પૌંઆ વગેરેથી ખોળાભરવાની વિધિ પતી રહ્યા પછી અને પુરુષ વર્ગ ત્યાંથી વિદાય થયા પછીથી, સ્ત્રીઓ તરત જ પોતે એકલા અંદર અંદર એક વધારાની ખાનગી વિધિ કરે છે. 'સતમાસા' (સીમંત)ના થોડા મહિના પહેલાં, આશરે પાંચમે મહિને, સાસુ જમાઈને ત્યાં એક નાનો ચાંદીનો પ્યાલો, તેટલો જ

નાનો ચમચો અને તે પ્યાલાનું તેવું જ નાનું ઢાંકણું મોકલે છે. આ વસ્તુઓ તે સ્ત્રીના સાસરિયાં સંઘરી રાખે છે અને સીમંતની વિધિ થઈ રહ્યા પછી તે બહાર કાઢે છે અને ભેગી થયેલી સ્ત્રીઓમાંથી સૌથી વયોવૃદ્ધ સ્ત્રીને અથવા તે ગર્ભવતી સ્ત્રીની માતાને તે વસ્તુઓ આપે છે. નજર લાગે તેવી કોઈ સ્ત્રી ત્યાં હોય તો તેને બહાર કાઢ્યા પછી તે ગર્ભિણી સ્ત્રીના સ્તનમાંથી થોડાં ટીપાં દૂધ કાઢે છે. આ દૂધ ચમચામાં કાઢી તેમાં આંગળી ફેરવી, તે દુધ જાડું છે કે પાતળું તે ઉપરથી પુત્ર કે પુત્રી થશે તે તેઓ નક્કી કરે છે. જો દુધ પાતળું હોય છે તો પુત્ર થશે એવું ભવિષ્ય ભાખે છે અને ઘણી વખત તે સાચું પડે છે. પ્યાલાનો આ ઉપયોગ કરી રહ્યા પછી તે પ્યાલો તે ગર્ભવતી સ્ત્રીની નણંદને અથવા તે પક્ષની બીજી કોઈ સ્ત્રીને ભેટ તરીકે આપી દે છે.

પ્રથમ **પ્રસૂતિ** વેળા જ આ વિધિ કરવામાં આવે છે. આ વિધિ કંઈક સમયાદિ લેખાય છે. તેથી કેટલાંક ચુસ્ત કુટુંબોમાં તે વિધિ કરવામાં આવતી નથી. આ પ્રસંગે જે ખર્ચ થાય છે તે તો નાતવરા કરવાનું હોય છે. આવા જમણવારોમાં માલદાર માણસો એકબે હજાર રૂપિયા ખર્ચી નાખે છે. મધ્યમ સ્થિતિવાળા તેથી અર્ધું અને ગરીબો જો કે કંઈ જ કરતા નથી તોયે તેમને પણ રૂ. પાંચથી દશનો ખર્ચ થાય છે જ.

બાળકનો પ્રસવ

સીમંત પછી, સ્ત્રી તેને પિયેર જાય છે અને સુવાવડ પૂરી થતાં સુધી તે ત્યાં રહે છે. બાળકનો જન્મ થયાની **પ્રથમ** ખબર લઈ આવનારને સારા માલદાર અથવા મધ્યમ કુટુંબોમાં એકબે રૂપિયા બક્ષિસ આપવામાં આવે છે. આ વાતની બહાર જાણ થાય છે કે તરત જ ગવૈયાઓ અને તિરસ્કૃત નપુંસક હીજડાઓ બક્ષિસો લેવા બાળકના પિતાને ત્યાં ઉભરાય છે.

હીજડાઓ ઢોલ વગાડે છે અને ગાય છે અને તેમનામાંથી એક જણ એક ઓશિંગાનું બનાવટી બાળક બનાવી, પ્રસવ કાળનો વેશ ભજવીને, તેને પછી ધવડાવવાનો દેખાવ કરે છે. અમદાવાદમાં, હીજડાઓ ઉપરાંત ભવૈયાઓ પણ આવા પ્રસંગે એ બક્ષિસ લેવાનો હક કરે છે. અને કેટલીક વખત તો ખાસ કરીને પુત્રનો જન્મ હોય છે ત્યારે તો, પોતે માંગે તેટલું ના મળે ત્યાં સુધી તેઓ દુરાગ્રહ કરીને ત્યાંથી ખસતા નથી. દરેક મંડળીમાંથી આવી બક્ષિસ માગનારો તે મંડળીનો વિદૂષક હોય છે. તે ગાતો નથી તેમ નાચતો પણ નથી ગામડીયા રીતે, ઘરવાળાને મહેણાટોણાં મારી, બીભત્સ મશ્કરીઓ કરી, એવી પરિસ્થિતિ ઉત્પન્ન કરે છે કે ઘરના માણસો તે જેટલું માંગે તેટલું બધું જ તેને આપીને તેને ત્યાંથી વિદાય થયેલો જોવા ઇચ્છે છે. કેટલાક માણસો પોતાના ઘર આગળ આવો તમાશો થાય તે પસંદ કરતા નથી; તેથી તેઓ આવા હીજડા અને ભવૈયાઓને તેમના રિવાજ મુજબનું દાપું આઠ આનાથી રૂપિયો તેમને ઘેર જ મોકલી આપે છે.

બાળકના પ્રસવસમયે કેટલાક વિચિત્ર રિવાજો જોવામાં આવે છે. નવા આગંતુકને દુનિયાની હવા લાગે કે તરત જ દાઈ તેની જાતની વધાઈ ખાય છે. પુત્ર હોય તો માતાને હર્ષના ઉમળકાનો માનસિક આંચકો લાગે નહીં તે માટે, પરંતુ ખાસ કરીને તો ભૂતપલીતને છેતરવા સારુ, જાહેર કરે છે કે તે તો એક છોકરી છે અને તે એક આંખે કાણી છે. પુત્રી હોય છે ત્યારે તો તે પુત્રી છે, એમ સ્પષ્ટ કહી દે છે, કારણ કે પુત્રીનો જન્મ સામાન્યતઃ આનંદદાયક મનાતો નથી. નવ અવતરેલાં બાળકને, પુત્રી કે પુત્ર હોય તોપણ તેને, વાંસના સૂપડામાં સુવાડે છે અને પોતાની વધારે અગત્યની સારવારમાં દાઈ અને બીજા રોકાય છે. તે ધીરે ધીરે બાળકને લે છે. તે પતી રહ્યા પછી, દાઈ માંસના લોચા જેવા બાળકને લે છે. તે ધીરે

ધીરે રડતું જાય છે અને દાઈ તેનું આખું શરીર દબાવે છે, પોતાની આંગળી વતી બાળકના કાન, આંખો, નસ્કોરાં અને ગુદાનો ભાગ સાફ કરી ખુલ્લાં કરે છે. પછી માથું દબાવી ઘાટીલું કરે છે, નાકને સીધું અણિયાળું બનાવે છે, હાથ પગની આંગળીઓ સીધી કરે છે, અને છેલ્લે દુંટીનો નાળ તેને ગળે વીંટાળી, તેને અંગે ઘી ચોળી, કકોળા પાણીથી તેને નવરાવે છે. બાળકના માથાની આજુબાજુ નવું રાતું કપડું સહેજ ચુસ્ત બાંધવામાં આવે છે. પછી બાળક તેના કાનમાં "તકબીર" (અઝાન) કહેવા માટે તૈયાર થયેલું ગણાય છે. બાળક દુનિયામાં આવી તેના કિરતારનું નામ પહેલવહેલું સાંભળે એ હેતુથી, બાળકને નવરાવી તૈયાર કરે કે તરત જ, બાળકનો પિતા તેના કાનમાં "અલ્લાહો અકબર"થી શરૂ થતી અઝાન કહે છે. પછી બાળકને તેની માતાને સોંપવામાં આવે છે.

"તકબીર" કહ્યા પછી પણ માતાને તેના નવા બાળકને ધવડાવવા આપવામાં આવતું નથી. કુટુંબની વૃદ્ધ સ્ત્રીઓ બાસક માટે 'ગળથુથી' તૈયાર કરે છે. તેમાં સુવાં, હરડાં, રાતા ગુલાબની સૂકી કળીઓ, સોનામુખી અને ઉંદર અથવા બકરીની લીંડીઓ ભેગી કરવામાં આવે છે. નવા આગંતુકને માતાના દુધને બદલે આ કાળો ઉકાળો પાવામાં આવે છે. તેનું કારણ એટલું જ હોય છે કે તેના ગર્ભાશયમાંના વસવાટ દરમિયાન તેના આંતરડામાં જમા થયેલો કચરો કાઢી નાખવાની ખાસ અગત્ય અને તાકીદ માનવામાં આવે છે. જન્મ પછી કેટલાક કલાકો અથવા એક બે દિવસ સુધી—જ્યાં સુધી મળ સાફ થાય નહીં ત્યાં સુધી—બાળકને ગળથુથી ઉપર જ રાખવામાં આવે છે.

બાળકનું પહેલું ન્હાવણ થઈ શકે કે તરત જ તેને નજર ના લાગે તે સારૂ, તેને હાથેપગે કાળા દોરાના 'રક્ષાબંધન' બાંધવામાં આવે છે. પછી આંખોમાં કાજળ આંજે છે, ભ્રમરો ઉપર પણ કાજળ

લગાડી, ઝાંખી ભ્રમરોને કાળી બનાવે છે; તદુઉપરાંત, ગાલે, હથેલી-ઓમાં અને પગના તળિયાએ મેશના ડાઘા કરી, માથાના વાળનો એક ગુચ્છો ગુંદર અથવા મીણથી ચોંટાડી દે છે. તેથી કોઈની ખરાબ નજર હોય તો બાળકને હાનિ થવાને બદલે આ બધી કાળી નિશાનીઓ તરફ તે આકર્ષાય છે. સવાર–સાંજે લોબાન રાઈ અને મેંદીના બીજ બાળક અને તેની માતાના અંગ ઉપરથી સાત અથવા નવ વખત ઉતારી તે દેવતામાં નાંખી બાળવામાં આવે છે. ઘણી વખત રાતા મરચાંના બીજ એ પ્રમાણે આગમાં નાખે છે, તે ઉપરથી પરીક્ષા કરે છે કે બાળકની બિમારી અંગરોગ છે કે તેને કોઈની નજર લાગેલી છે. મરચાં બળતી વખત જો તેની હરહંમેશની તીખી વાસ ના આવે તો તે બાળકને અવશ્ય કોઈની નજર લાગેલી માનવામાં આવે છે. કેટલીક વખત રાઈ સાથે ફટકડીનો કડકો દેવતામાં નાખવામાં આવે છે. ફટકડી આગમાં ફૂલે છે. તેના આકાર ઉપરથી તે નજર સ્ત્રીની લાગેલી છે કે પુરુષની તે શાણી સ્ત્રીઓ પારખી કાઢે છે. ફૉબ્સ તેમની હિંદુ ડીક્ષનેરીમાં કહે છે કે મેંદીના બીજ લગ્ન વખતે ભૂતપલીત દૂર કરવા માટે બાળવામાં આવે છે. બાળકના જન્મ પછી રાઈ અથવા મેંદીના બીજ, ખાસ કરીને ઘરના બારણા આગળ બાળે છે. તેથી મેલી બલાઓ ઘરમાં પ્રવેશ કરતી નથી, એમ માનવામાં આવે છે. છઠ્ઠીનું નાહવણુ નાહતા સુધી તે ઘરમાંથી કોઈને આગ, મીઠું કે પાણી આપવામાં આવતું નથી. તે બાળકના કાનમાં ઉપર કહેલી "તકબીર" (અઝાન) બાળકનો પિતા કહે તે પહેલાં તે બાળકના કાન પાસે તાંબાપિત્તળની થાળી વગાડવામાં આવે છે, જેથી તે તેના કાનમાં કહેલી અઝાનનો અવાજ સહન કરી શકે. તેને નવરાવતા પહેલાં તેની ચામડી પાકી કરવા તેના ઉપર થોડું ઠંડું પાણી છાંટવામાં આવે છે.

પ્રસૂતિકાળ જો તેના સામાન્ય નિયમ કરતાં લંબાય છે તો દોરા-

તાવીજ કરવામાં આવે છે. કેટલીક વખત આ ઇલ્મનો જાણકાર માટીના ભાગેલા વાસણના કડકા ઉપર કંઈક આકૃતિ દોરી આપે છે, અથવા કોઈ ચમત્કારિક નામ અથવા તેવા કોઈ આંકડા લખી આપે છે. આ કડકો તે સ્ત્રીના ગર્ભાશયવાળા પેટના ભાગ ઉપર બાંધવામાં આવે છે, વળી આઠ વરસથી નાના છોકરા—છોકરીઓને ભેગાં કરી, તેમને એક સુપડામાં થોડા ઘઉં સાથે ૧૧ તાળાના પૈસા નાખીને આપે છે. અને તેને તેઓ લાકડાના ચાટલા વતી હલાવતાં જાય છે અને અલ્લાહની બંદગી કરતા જાય છે કે " અલ ફાતિહા ! જલદી છુટકારો કર " પાક પરબર દિગાર માસુમ બચ્ચાંઓના સાફ દિલની દુઆ જલ્દી કબૂલ કરે છે એમ સાધારણ રીતે માનવામાં આવે છે. પ્રસૂતિ થાય કે તરત જ આ છોકરાંને દુધ ખીર જમાડવામાં આવે છે, ફકીરોને ઘઉંના મીઠા બ.કળા અથવા કાચા ઘઉં અને પૈસાની ખેરાત કરે છે.

નામકરણ : નામ પાડવાની વિધિ

છઠ્ઠીને દિવસે સવારે બાળકનું નામ પાડવાની વિધિ કરવામાં આવે છે. પિતા, પિતામહ અથવા બીજા વૃદ્ધ વડીલ કુરઆને શરીફનું કોઈ પણ પૃષ્ટ અચાનક ઊઘાડે છે અને તે પૃષ્ઠ ઊપરની ત્રીજી લીટીના પહેલાં શબ્દના પહેલાં અક્ષરથી શરૂ થતું કોઈ પણ નામ પાડવામાં આવે છે.

હ. પયગમ્બર સાહેબને ખાસ પસંદ એવા નામ અબ્દુલ્લા કે અબ્દુર્રહમાન—અર્થાત્ અલ્લાહનો સેવક, પરમ દયાળુ ખુદાનો બંદો. સૈયદોમાં, છોકરાઓના નામને છેડે સાધારણ રીતે ' અલી ' પ્રત્યય આવે છે; જેવાં કે અહમદઅલી, અકબરઅલી, મુમતાઝઅલી અથવા ' હુસેન ' પણ હોય છે. ઉદા. અમીરહુસેન, ફઝલહુસેન; કેટલીક વખત, પરંતુ ક્વચિત, અંતમાં ' શાહ ' ઉમેરે છે. મહમદશાહ, તાજશાહ,

શેખમાં છોકરાઓને ઉમર, ઉસ્માન, મોહમ્મદ, મહમૂદ, હુસેન, ગુલામહુસેન, ગુલામઅલી, ગુલામ અહમદ કહે છે. આ બધાં નામ ઘણાં કુટુંબોમાં સામાન્ય છે, પરંતુ સારી સ્થિતિનાં કુટુંબોમાં આ પ્રમાણે નામ હોય છે. શમ્સુદ્દીન, મોઈનુદ્દીન, સા'દુલ્લાહ, ફઝલુલ્લાહ વગેરે. શેખમાં નામ પહેલાં 'શેખ' અથવા 'મોહમ્મદ' લખે છે. મોહમ્મદ અસદુલ્લાહ, શેખગુલામઅલી. મોગલોમાં છોકરાઓનાં નામ અમીર, મોહમ્મદ, હસન, હુસેન, અલી વગેરે પાડે છે. તેમનામાં પ્રત્યેક નામ પહેલાં 'મીરઝા' અને પાછળ 'બેગ' પ્રત્યયો ઉમેરે છે. મીરઝા અમીર બેગ. પઠાણો મોગલોના જેવાં જ નામ પાડે છે. ફક્ત શરૂમાં 'મીરઝા' મૂકી દે છે અને છેડે 'બેગ'ને બદલે 'ખાન' ઉમેરે છે.

સ્ત્રીઓના સૌથી સાધારણ નામ ઉચ્ચ અને સામાન્ય બન્ને વર્ગોમાં, કુરઆનમાંથી જ લેવામાં આવે છે. જેવાં કે ફાતિમા, ખદીજા, આયશા વગેરે. ખાનદાન મુસલમાન કુટુંબમાં આવા સાદાં નામોને બદલે અરબી અર્થગર્ભિત નામ પાડે છે. જેવાં કે ખયરૂન્નિસા (=સ્ત્રીઓમાં સૌથી સારી), અમીરૂન્નિસા (=સ્ત્રીઓમાં સૌથી ઉચ્ચ) બદરૂન્નિસા (=સ્ત્રીઓમાં અદ્ર)વગેરે વગેરે; સૈયદોમાં સ્ત્રીઓના નામ પાછળ 'બેગમ' શેખમાં 'બીબી' મોગલોમાં 'ખાનમ' અને પઠાણોમાં 'ખાનુ' ઉમેરે છે.

આ સિવાય, કેટલાંક માબાપ, જેમના છોકરાં જીવતાં ના હોય અથવા જેમને બહુ મોટી ઉંમરે છોકરું થયું હોય, તેઓ કંઈક વિચિત્ર નામ પાડે છે; જેમાં કદરૂપતા અથવા અતિ નમ્રતા સૂચવાય છે. ઉદા. નથ્થુ, અર્થાત્ નાથેલો—નાક વીંધેલો. આ નામવાળા બાળકને છોકરી માફક જેનું નાક વીંધીને એક રીતે કદરૂપો બનાવે છે. આ પ્રમાણે એટલા સારું કરે છે કે તેથી ભૂતપલીત તે બાળકને હેરાન કરે નહીં.

આવું જ બીજું નામ 'પુંજો' અથવા 'કચરા' છે. કેટલીક વખત, કેટલાંક છોકરાં ગુજરી ગયા પછી એકાદ બાળક જન્મે છે તો તેને સુપડામાં કેટલાક કચરા સાથે મૂકવામાં આવે છે અને તેને સુપડા અને કચરા સાથે ઘર બહાર લઈ જઈને કુટુંબના કોઈ બીજા માણસને આપી દેવામાં આવે છે. પછી તે બીજા માણસની મિલકત તરીકે તેને ફરીથી ઘરમાં લાવવામાં આવે છે. સુપડામાં સુવાડ્યા પછી તે બાળકનું નામ "ઘસીટા"—'ઘસડેલો' એમ પાડવામાં આવે છે. જો તે પઠાણ હોય તો, તે મોટો થાય ત્યારે, 'ઘસીરખાન' અને સૈયદ કે શેખ હોય 'મીર ઘસ્સુ' અથવા 'શેખ ઘસ્સુ' કે 'મીર ઘીસુ' અથવા 'શેખ ઘીસુ' નામ પાડે છે. આવાં નામ, ગુજરાતમાં હિન્દુ તેમજ મુસલમાનોમાં ઉચ્ચ વા સામાન્ય, કોઈ પણ વર્ગમાં મળી શકે છે. આવા વિચિત્ર નામ પાડવાનું કારણ કંઈક એમ હોય છે કે કુટુંબોમાં મરી ગયેલાં માણસો, ખાસ કદીને સુવાવડમાં મરી ગયેલી સ્ત્રીઓ, ભૂત થયા હોય અને જેમ તેમના જીવનનું મુખ્ય ધ્યેય અફળ ગયું હોય તેવી રીતે કુટુંબમાં જન્મતાં નવાં બાળકોને મારી નાખી, તેમની જિંદગી એળે ગુમાવવા તેઓ કોશિશ કરે છે એવી માન્યતા ઘર કરી બેઠેલી જણાય છે. તે ઉપરાંત આવાં નામોમાં ભૂતને છેતરવા કેટલાં સહેલાં હોય છે તેનો અનુભવ થાય છે. બાળક જરા કદરૂપું હોય અથવા કૃત્રિમ રીતે તેને કદરૂપું કરેલું હોય, એટલે આવા નમાલા શિકાર તરફથી ભૂત-પલીતો પોતાની નજર ઉઠાવી લઈ બીજી તરફ લક્ષ્ય સાધે છે. આવી બલાઓનો મુખ્ય આશય તો બાળકનો પિતા કે માતાને નુકસાન કરવાનો હોય છે; બાળકની પોતાની સાથે તેમને કોઈ વેર હોતું નથી.

આ માન્યતા યહુદી લોકોની એક આવા પ્રકારની માન્યતાને મળતી આવે છે. બાળ યુસુફ નબીએ પોતાની કાકીનું નાડું (sasa) ચોર્યું

એવો એમની કાકીને શક ગયો હતો; અને એ નાડું એમની પાસેથી નીકળ્યું હતું. તે ઉપરથી તે જમાનાના Patriarchal કાનૂનો મુજબ એમને એમની કાકીને ત્યાં કેટલાંક વર્ષો સુધી 'ગુલામ' તરીકે રહેવું પડયું હતું. (તેઓ પોતે ઉમરે મિસરના 'અઝીઝ' (પ્રધાન) થયા ત્યારે એમના ભાઈઓ ત્યાં અનાજ લેવા આવ્યા હતા, તેમાંના એક વિરાટના બાદશાહનો કીમતી હીરાજડીત પ્યાલો ચોર્યો હતો એવો આક્ષેપ થતાં અને એ પ્યાલો ખરેખર એમના અનાજના થેલામાંથી નીકળતા, તે ભાઇને હ. યુસુફના 'ગુલામ' તરીકે થોડો સમય રહેવું પડયું હતું.

બાળકનું નામ પાડવામાં કેટલીક વખત, કુટુંબના વડિલોના નામ-માંથી કોઈ નસીબદારનું નામ પસંદ કરવામાં આવે છે અથવા નામ પાડનાર જે નામ ભાગ્યશાળી ગણાતો હોય છે તે નામ તે પાડે છે. તે દિવસે (છઠ્ઠીની) સાંજે બાળકના પિતાનાં સગાં તેની માતાના પિતાને ત્યાં સોનારૂપાના દાગીના લઈ ને બાળકને ભેટ આપવા જાય છે. ત્યારે મીઠાઈ વહેંચવામાં આવે છે, અને સાંજ પડયા પછી પતિ પોતાની પત્ની તરફના સગાંને જમાડે છે. ઝનાનાંમાં બાળકે અને તેની માતા તેમના સૌથી સારાં કપડાં સજે છે. પછી દાઈ પણ લોટનો છ ખુણાનો દીવો બનાવી, તેને દરેક ખૂણે એકકેક દીવેટ મૂકે છે. આ દીવામાં ઘી બાળવામાં આવે છે. પછી તેને એક રકાબીમાં મુકી, સાથે પૌંઆ, જુવાર અને ફળાદિ મૂકે છે. પછી પતિપક્ષનાં સગાં જે ભેટો લાવ્યા હોય છે તે તેમને આપે છે. દાઈયેણને પણ તે વખતે થોડા રૂપિયા મળે છે. પછી તે આ નવ-માતાને બારીએ લઈ જઈ, 'સાત તારા' (સપ્તઋષિ) ગણાવે છે. આ વિધિ પૂરી થાય એટલે પતિનાં સગાં વિદાય થાય છે.

છઠ્ઠીની વિધિમાં એક બીજી પણ વિધિ હોય છે. તેમાં સુવાવડમાં

ગુજરી ગયેલી કુટુંબની સ્ત્રીઓના આત્માઓને રીઝવવામાં આવે છે. નહાઈ–ધોઈ પાક થયેલી સ્ત્રીઓએ રાંધેલી રસોઈ, અને જેના ઉપર કોઈ નાપાક માણસનો પડછાયો સરખો પડેલો ના હોય, તેવી રસોઈ ઉપર ‘ ફાતિહા ’ પઢી, પછી તે ગરીબ ગુરબાંને વહેંચી દેવામાં આવે છે. પૈસાદાર માણસો ઘણાં દાગીના કરાવે છે, પરંતુ ગરીબ વર્ગ, ગળામાં ચાંદીનાં સાંકળાં અને કપડામાં એકાદ જોડ જરા ઠીક દેખાય તેવાં અને ઝબલાં આપે છે.

અકીકો : કુરબાની

બાળકના જન્મ પછી સાતમે, ચૌદમે કે એકવીસમે દિવસે ‘ અકીકો ’ એટલે જીવ સાટે જીવનો ભોગ આપવાની ખાસ ઇસ્લામી વિધિ કરવામાં આવે છે. મુસલમાનોમાં દરેક વર્ગ આ વિધિ કરે છે. અકીકાની આ વિધિમાં બાળકના જન્મના માથાના નામનું મુંડન અને એક બે બકરાની કુરબાની મુખ્ય હોય છે. છોકરી હોય તો એક અને છોકરો હોય તો બે બકરાની કુરબાની આપવાની હોય છે. તે દિવસે દોસ્ત બિરાદરોને નોતરવામાં આવે છે અને હજામને તેડાવે છે. સઘળું તૈયાર થાય ત્યારે, જેવો હજામ બાળકના વાળ ઉતારવા અસ્ત્રો ફેરવવો શરૂ કરે છે કે તે જ વખતે એકા સાથ બાળકનો પિતા કે તેના તરફથી તેનો બીજો કોઈ સગો બકરાને હલાલ કરવા તેને ગળે છરી ફેરવે છે. તે વખતે તે પ્રમાણે પઢે છે; હું કુરબાની આપું છું. આ જાનવર(જાનવરો)ની, મારા પુત્ર (નામ—‘ વલી ’) કાજે લોહી સાટે લોહી, ચામડી સાટે ચામડી, માંસ સાટે માંસ, અને વાળ સાટે વાળ.

ઝબેહ કરેલી બકરીનું ગોશ્ત બાંધવામાં તેનું એક પણ હાડકું ભાગવું જોઈએ નહીં. તેને. હડકાં છુટાં પાડી દાટી દેવામાં આવે છે.

પછી ગોશ્ત અને ચામડું ત્રણ હિસ્સામાં વહેંચવામાં આવે છે. એક ભાગ ખેરાતમાં, બીજો ભાગ સગાં વહાલામાં વહેંચવામા અને ત્રીજો ભાગ મા, બાપ અને તેમના માબાપ સિવાય બીજાં સગાંના ખાવામાં વપરાય છે. આ વિધિ કરવામાં બાળક પુત્ર હોય કે પુત્રી, પહેલા પોતાનું હોય કે પછીનું તેનો કંઈ ફેર કરવામાં આવતો નથી. સારાંશ સર્વ પ્રસંગોએ એકસરખી વિધિ કરવામાં આવે છે.

ચાળીસ દિવસનું નહાવણ

બાળકના જન્મ પછી ચાળીસમે દિવસે, તેની માતા નહાઈધોઈ ઊઠ્યાની ખુશાલીમાં, સીમંત સમયે જેવી 'નાવ'ની વિધિ કરેલી હોય છે, તેવી વિધિ ફરીથી કરવામાં આવે છે. અને પ્રથમ પ્રમાણે ભિસ્તી પાસે ઘાસના નાવ તૈયાર કરાવી, વાગતે ગાજતે તે નાવ નદી તરફ લઈ-જઈ, તેમાં દીવા સળગાવી, તેને પાણી ઉપર વહેતાં મૂકવામાં આવે છે. આ માનતા ખ્વાજા ખિઝ્ર(રહ.)નો આભાર માનવા બદલ હોય છે.

ખ્વાજા ખિઝ્ર (રહ.)—બાઇબલના ઇલિયાસ નબી, પાણીના પયગમ્બર છે. તેમણે 'આબ–એ–હયાત' (અમૃત) શોધી કાઢી પીધું છે, તેથી તેઓ ચિરંજીવ છે, તે ત્રિકાળજ્ઞાની છે. તેમની તારીફમાં એક ઉર્દૂ કવિ કહે છે કે—

"ખિઝ્રકી તરાહ પીકે આબેહયાત,
"ઝિન્દગાની અકીલે ખોયેગા,
"યેહ તો હમ સે ન હો એક મુમ્તાઝ,
"અબસે પાની સે હાથ ધોયેગા.

અર્થ : ખ્વાજા ખિઝ્ર (રહ.)ની માફક અમૃત પીને ચિરંજીવી થઈને જિંદગી એકલવાઈ ગુજારવી પડે છે. આ પ્રમાણે મારાથી (કવિથી) તો થઈ શકે તેમ નથી. તેથી એવા પાણીથી હું તો હાથ ધોઈ નાખું છું. તે પાણી હું પીઉં નહીં. હું તો તે ફેંકી દઉં.

બાળકનો પિતા બાળકની માતાને કેટલાંક કપડાં અને બાળકને પારણું અને તેમાં મૂકવાના નાનાં ગાદલાં આપે છે.

બોટણ—નિમકચશ્ત

બાળક જ્યારે સાડાચાર માસનું થાય છે ત્યારે અને દૂધ કરતાં વધારે સંગીન ખોરાક લેવાને લાયક થાય છે ત્યારે ગોશ્તની 'બોટી' ચુસાવવાની વિધિ—'બોટણ' અથવા ઇરાની-ઓમાં રિવાજ છે તેમ નિમક (મીઠું) ચુસવાની વિધિ કરવામાં આવે છે. પિતાના મિત્રો તરફ બાળકને ભેટો આપવામાં આવે છે. સંધ્યાકાળે બાળકને સારાં કપડાં પહેરાવી, તેની ફોઈ તેને એક રૂપિયો આપી 'ખીર' પાય છે, તે પછી ગોશ્તની એક બોટી (નાનો કડકો) તેને ચુસાવે છે. આ વિધિ પછી સ્નેહીઓને જમાડવા પડે છે. ગરીબ વર્ગ આ ખર્ચ કરતા નથી.

જન્મગાંઠ : સાલગિરેહ

બાળકની પહેલી જન્મગાંઠ ત્યારપછીનો પહેલો આનંદોત્સવ છે. સામાન્ય નિયમાનુસાર,, સગાંઓમાં માત્ર સ્ત્રી વર્ગને જ આમંત્રવામાં આવે છે. તેઓ આવીને દિવસે ઝનાનામાં વીતાવે છે, અને રાત્રે, માત્ર થોડાં સારાં કુટુંબના અપવાદ સિવાય, ઢોલ તબલા સાથે ગાવા બજાવ-વામાં આ પ્રસંગનો મહિમા માને છે. કેટલીક વખત, પુરુષ વર્ગને આમંત્રી, તેમને જમાડી, તાલીમબાજ ગવૈયા બોલાવી તેમનું મનો-

રંજન કરવામાં આવે છે. મહેમાનો વિદાય થતાં પહેલાં તેઓ બાળકને ચાંદલા આપે છે. સાદું જમણ માત્ર માલદાર અથવા સારી સ્થિતિના માણસો જ આપે છે. ગરીબો તેમ કરતા નથી.

"સાલગિરેહ" એ નામ એ ઉપરથી ઉપસ્થિત થયેલું છે કે દિલ્હીના મોગલ શહેનશાહોના અમલમાં શાહઝાદા અથવા શહેનશાહની મા ઝનાનામાં એક રેશમી દોરી રાખતાં હતાં; અને દરેક વર્ષે તેમાં અકેક ગાંઠ (ગિરેહ) ઉમેરતાં જતાં હતાં.

અંગ્રેજી Anniversaryની વ્યુત્પત્તિ પણ તે જ છે. A Lax. Annum=year અને verto=to turn.

ગુજરાતી 'જન્મગાંઠ'—'સાલગિરેહ'નું ભાષાંતર છે કે સ્વતંત્ર શબ્દ છે તે તો સાક્ષરો કહી શકે.

બાળક—પુત્ર વા પુત્રી—ચાર વર્ષ, ચાર માસ, અને ચાર દિવસનું થાય ત્યારે તેની 'બિસ્મિલ્લાહ' પઢાવવામાં આવે છે. અલ્લાહ તા'લાનું નામ લેવાની આ વિધિ કોઈ મુસલમાન ચૂકતો નથી. આવે પ્રસંગે, પૈસાદાર માણસો સો-બસો આદમીઓ જમાડે છે. સંધ્યાકાળે, જમણ પતી રહ્યા પછી, બાળકને ફૂલના 'સેહરો' (આખું શરીર ઢંકાઈ રહે તેવો હાર) પહેરાવી, પુરુષ વર્ગના "દીવાનખાના"માં લઈ જવામાં આવે છે. ત્યાં મુલ્લા, મહેમાનો અને બીજાં છોકરાં તેની રાહ જોતાં બેઠેલાં હોય છે. 'બિસ્મિલ્લાહ' પઢનાર બાળકને મોટી ગાદી—'મસ્નદ' ઉપર બેસાડે છે. તેની પાસે મીઠાઈ મૂકે છે તેમાં બે કડકા સોનેરી વર્ક ચઢાવેલાં હોય છે. પછી મુલ્લા પઢાવે તેમ બાળક કુરઆને શરીફની પહેલી સૂરા (પ્રકરણ—'અલ્હમ્દો' પઢે છે. આ પઢવાનું થઈ રહ્યા પછી, મુલ્લાં ઉર્દૂ શે'રમાં બાળક માટે દુઆ કરે છે અને બાળકના માબાપની તારીફ ગાય છે. તે કાવ્યની પ્રત્યેક કડી આગળ સહેજ અટકે

છે ત્યારે ભેગાં થયેલાં છોકરાં મોટે અવાજે 'આમીન' (અસ્તુ) બોલી, તાલ પૂરે છે. પછી છોકરાં મીઠાઈ જમતાં હોય છે ત્યારે સરઘસ કાઢી 'બિસ્મિલ્લાહ' પઢનાર બાળકને કુટુંબના પીરની દરગાહે 'સલામ' કરવા લઈ જાય છે. ત્યાંથી પાછા આવી સગાં સ્નેહીઓ બાળકને ચાંલ્લા આપે છે. તે આપવાની વિધિ એવી હોય છે કે રૂપિયા અથવા ચલણી નોટો કવરમાં મૂકી, તે ઉપર આપનાર પોતાનું નામ લખી, તે પાકીટ બાળકને ચાંલ્લા તરીકે આપે છે. આ પદ્ધતિથી થોડી રકમ આપનારની 'બાંધી મુઠી' રહે છે. કેટલાક વર્ગોમાં, લગ્ન અને એવા બીજા પ્રસંગોએ પણ ચાંલ્લા આ રીતે જ આપવામાં આવે છે અને તેમાં પણ આશય તો તે જ હોય છે. આ રિવાજનો વધારે પ્રચાર થવો ઘટે છે.

પછી બાળકને ઝનાનામાં લઈ જાય છે, ત્યાં સ્ત્રી વર્ગ ટોળે મળી, તેની પહેલી 'બલા' લેવા તૂટી પડે છે. 'બલા' લેવામાં સ્ત્રીઓ બાળકના શરીર ઉપર, માથાથી પગ સુધી, પોતાના હાથ ફેરવી, પોતાનાં ભવાં ઉપર અવળા હાથ રાખી, આંગળીઓ દબાવી, આંગળીઓના સાંધા ફોડી અવાજ કરે છે. આ પતી રહ્યા પછી બાળકના શરીર ઉપરથી 'સેહરો' કાઢી લે છે. અને સ્ત્રીઓ 'દોમની'—'સ્ત્રી ગાયકો'નાં ગીત સાંભળી આનંદ કરે છે. આ પ્રસંગે દરેક જણ પોતાની સ્થિતિ અનુસાર ખર્ચ કરે છે.

સુન્નત : ખત્ના : circumcision

છોકરાને છઠ્ઠે કે સાતમે વર્ષે તેની 'ખત્ના' કરવામાં આવે છે. ત્યારે સ્નેહીઓ સાકર, ઘી, મીઠાઈ મોકલે છે. છોકરો સાજો થાય ત્યારે ઉચ્ચ વર્ગો કરતાં વચલા વર્ગમાં, ફરી આનંદોત્સવ ઊજવે છે.

ગુજરાતના ઉત્તર ભાગમાં આ વિધિ બહુ મોડી, છોકરો લગભગ

પાકી ઉમરનો થવા આવે ત્યારે કરવામાં આવે છે, અને આ પ્રસંગે લગ્નપ્રસંગ જેટલો જ ઠાઠમાઠ કરી, 'વરઘ' પણ ભરી, તેટલો જ ખર્ચ કરવામાં આવે છે. ઉત્તર ગુજરાતમાં 'ખત્ના'ને 'સુન્નત-શાહી' કહે છે. દક્ષિણ ગુજરાતમાં 'શાદી' (આનંદોત્સવ) માત્ર લગ્નપ્રસંગ સંબંધે જ વપરાય છે. આ પ્રસંગનું ખર્ચ પ્રત્યેક માણસ પોતાની સ્થિતિ અનુસાર કરે છે.

ખત્ના કરવી એ હ. પયગમ્બર સાહેબ અલ.ની 'સુન્નત' (આચાર) છે; કુરઆને મજીદનો 'હુકમ' નથી. છતાં જાણે તે અલ્લાહ પાકનું જ ફરમાન હોય તે પ્રમાણે તેનો અમલ કરવામાં આવે છે. જે છોકરાઓ કુદરતી રીતે, જાણે ખત્ના કરેલી હોય તે પ્રમાણે, જન્મેલા હોય છે તેમની ખત્ના કરવામાં આવતી નથી.

શિયા દાઉદી વહોરાઓમાં, શિયા મોગલોમાં અને શિયા તેમ જ સુન્ની આરબોમાં, આ ક્રિયા બહુ વહેલી, બાળકની છઠ્ઠીને દિવસે જ કરવામાં આવે છે. આ લોકો આ ક્રિયાને એટલી અગત્ય આપે છે કે તેઓ છોકરાઓ માફક છોકરીઓની પણ ખત્ના કરે છે.

ખત્નાને દિવસે છોકરાને ઘેન રહે તેથી દવા આપવામાં આવે છે. ખત્નાની સાદી ક્રિયામાં ઇંદ્રીની આગળની વધારાની ચામડી કાપી નાખવામાં આવે છે. યહુદીઓમાં પણ આ ક્રિયા કરવામાં આવે છે. પરંતુ મુસલમાનોની ક્રિયા વધારે સાદી અને છોકરાને ઓછું દુઃખ આપનારી હોય છે.

ક્રિયા માટે ઠરાવેલા દિવસે, બપોર પછી, છોકરાને સુવાડવાનો હોય તે ઓરડામાં, લાલ મદરાસીનો ચાર ચોરસ ફૂટનો એક નવો કડકો પાથરવામાં આવે છે. આ કપડા આગળ એક ત્રાંબાની કથરોટ, રાખોડી ભરીને મૂકવામાં આવે છે. જે છોકરાની ખત્ના કરવાની હોય છે તેને, કેટલાંક કુટુંબોમાં, ભાંગ અથવા માજુન એવી જ કોઇ સહેજ

નશો લાવનારી વસ્તુ ખવડાવે છે. પછી તેને કોઈ મજબૂત સગો ઊંચકી લાવી, રાતા કપડા ઉપર એકાદ ફૂટ ઉંચી એક લાકડાની ચોકી મૂકેલી હોય છે. તેના ઉપર પગ નીચે લટકતા રાખી બેસાડે છે. છોકરાને પકડી રાખનાર તેને મજબૂત રીતે, જરા પણ હાલી શકે નહીં તેવી રીતે, પકડી રાખે છેઃ અને હજામ તેને વાતોમાં વળગાડે છે. ખત્ના કરતી વખતે છોકરો જરા પણ ઊંચો નીચો થાય તો તેને ઇજા થાય, માટે આ પ્રમાણે તેનું ધ્યાન બીજે પ્રકારે રોકવામાં આવે છે. દરમ્યાન, હજામ ખાસ તૈયાર કરેલી સુંવાળી વાંસની સળી છોકરાની ઇંદ્રીના આગળના ભાગમાં દાખલ કરી, આગળની વધારાની ચામડી આગલા ફૂલને જરા પણ વળગી રહે નહીં તેની ખાત્રી કરી લે છે. ચામડી લેશ પણ વળગી રહે તો ખત્ના ફરીથી કરવી પડે અને તેમ કરવામાં છોકરાને અતિશય પીડા થાય. ચામડી જરા પણ વળગી રહી નથી તેવી ખાત્રી થાય એટલે આગળની ચામડી ઉલટાવી, તે સાફ કરી, પાછી હતી તે પ્રમાણે તે કરી દે છે. પછી વાંસનો નાનો સુંવાળો ચીપિયો લઈ, તેના આગળના છેડા પહોળા કરી, બહાર ખેંચી કાઢેલી આગળની વધારાની ચામડીની અંદર દાખલ કરે છે. હોંશિયાર હજામ આ વખતે એટલી ચાલાકી વાપરે છે કે ચામડી બહાર ખેંચવી, તેમાં ચીપિયો દાખલ કરવો, અને એ વધારાની ચામડી તીક્ષ્ણ અસ્તરાથી કાપી લેવી—આ ત્રણે કામ એટલી ઝડપથી એક સાથે પળ વારમાં કરી નાખે છે કે તે થઈ રહ્યા પછી છોકરાને 'સોનાની ચકલી' જોવાનું કહી, તેની નજર ફેરવી. ચીપિયો કાઢી લઈ, તે ચામડી ઇંદ્રિયના ફૂલ ઉપર ચઢાવી, તે ઉપર આવેલા પાનનો રસ ફૂંકારે છે. પછી તે ઉપર, લોહી બંધ કરવા એક નરમ રાતી ભૂકી ભભરાવે છે. અને કાપી કાઢેલી વધારાની ચામડી, મેલાં પાથરેલા લાલ મદરાસાના કડકામાં વીંટાળી લઈ, સગાં સ્નેહીઓના "મુબારક–સલામત"નાં અભિનંદનો વચ્ચે ત્યાંથી વિદાય થઈ જાય છે,

ખત્ના કરવાના રિવાજ, ભિન્ન ભિન્ન ઇસ્લામી દેશોમાં ભિન્ન ભિન્ન હોય છે. અરબસ્તાનના હિજાજ પ્રાંતની દક્ષિણે અલ અસીરના જિલ્લામાં ખત્ના ' સલ્ખ '—Sacrification–સર્જનની ઑપરેશન કરવાની રીતે કરવામાં આવે છે; બરટન, અલ્ફલયલા વલયલા, પૃ. ૩, પૃ. ૧૦–૧૨. બરટન વર્ણન કરે છે કે, દસ—બાર વર્ષના છોકરાને ઊંચી જમીન ઉપર બેસાડી તેના હાથમાં એક ભાલો આપવામાં આવે છે. ભાલાની અણી ઉપર રાખી, નીચેનો છેડો તેના પગ ઉપર ટેકવે છે. જો છોકરો જરા પણ હાલે તો તેટલા પ્રમાણમાં ભાલો પણ હાલે છે, અને એ રીતે છોકરાની સહનશક્તિની કસોટી કરવામાં આવે છે. તે વખતે તેની કોમના લોકો આજુબાજુ ઊભા રહી તેના ધૈર્યની પરીક્ષા કરે છે. હજામ અસ્તરા જેવી તીક્ષ્ણ ધારવાળી કટાર વતી છોકરાની ડૂંટી નીચેના ભાગ ઉપર એક છછરો કાપ મૂકી ત્યાંથી થોડી ચામડી ઉખેડે છે, તેવા જ કાપ જાંગના બન્ને સાંધામાં મૂકી ત્યાંથી પણ થોડી થોડી ચામડી ઉખેડે છે. આ ત્રણે બાજુથી ચામડી ઉખેડતાં ઉખેડતાં તે અંડની અને ઇંદ્રિય ઉપરની પણ થોડી ચામડી ઉખેડી, છેવટે ઇંદ્રિયના ફૂલ આગળની ચામડી કાપી રહે ત્યાં સુધી છોકરાનો ભાલો જરા પણ હાલવો જોઈએ નહીં. આ કડક કસોટી (ordeal) પતી રહે એટલે તે છોકરો " અલ્લાહો અકબર ", અલ્લાહ સૌથી મહાન છે, એમ બોલી ઊઠે છે. અને કોઈની પણ મદદ વિના ઘેર ચાલતા જવાની કોશિશ કરે છે. પરંતુ દર્દને લીધે તે થાકી જઈ, પડી જાય છે. જેટલા વધારે પગલાં તે પોતાની મેળે ચાલી શકે છે તેટલી વધારે શાબાશી તેને મળે છે.

રમજાનનો પહેલો રોજો

ખત્ના પછી, છોકરા વા છોકરીના જીવનને બીજો માંગલિક પ્રસંગ જ્યારે તે પહેલી વારનો રમજાનનો રોજો રાખે છે ત્યારનો હોય છે. એમ

માનવામાં આવે છે કે છોકરા વા છોકરીના પહેલા રોઝાનો 'સવાબ' (પુણ્ય) તેનાં માબાપને મળે છે. રોઝાની સખ્તી ખમી શકે તેટલી તંદુરસ્તી છોકરા કે છોકરીની હોય તો તેને રમઝાન માસમાં એક રોઝો રખાવે છે. તે દિવસે સગાંસ્નેહીઓના ખાસ મંડળને આમંત્રવામાં આવે છે અને તેમને જમાડવામાં આવે છે.

હદિયો : કુરઆન ખતમ કરવાની વિધિ

રમઝાનના આ પ્રમાણેના પહેલાં રોઝા પછી, જ્યારે છોકરો કે છોકરી કુરઆન પૂરું પઢી રહે ત્યારે માબાપ પઢાવનાર મુલ્લાને 'હદિયો' બક્ષિસ આપે છે. થોડા માણસો ભેગા કરી તેમની હાજરીમાં, કુરઆન ખતમ કરનાર (પૂરું પઢી રહેનાર) છોકરા કે છોકરી પાસે કુરઆનનું ૫૫મું પ્રકરણ "સૂર–એ૦અહ્‌રહમાન", જેમાં અલ્લાહ તા'લાએ સાધ્ય જાતને જે જે ન્યામતો બક્ષેલી છે, તેનું વર્ણન છે, તે સૂરા પઢાવે છે. તે પ્રસંગે, મુલ્લાને જોડી કપડાં અને થોડા રોકડા રૂપિયાની બક્ષિસ મળે છે. કુરઆન ખતમ કરનાર છોકરા કે છોકરીને પણ નવાં કપડાં મળે છે. અને ત્યાં ભેગા થયેલાં બીજાં છોકરાંને બદામ, અખરોટ વગેરે સૂકાં ફળ અને પૌંઆ વહેંચવામાં આવે છે. આ પ્રસંગે આ સિવાય બીજું કંઈ ખર્ચ હોતું નથી.

લગ્ન

મુસલમાનોમાં છોકરોને ૧૬ થી ૨૨ની ઉંમર સુધીમાં અને છોકરીને ૧૦ થી ૧૮ સુધીમાં પરણાવે છે. પુનર્લગ્ન સિવાય પહેલા લગ્નમાં છોકરાં અથવા છોકરીને પોતાની વહુ કે વર પોતાની મેળે પસંદ કરવાની મુન્સફી હોતી નથી.

હવે તો જમાનો બદલાઈ ગયો છે. બાળલગ્ન પ્રતિબંધક નવા કાયદા સરકારે કરેલા છે. વિશેષમાં, વધતી જતી કેળવણીને લીધે પણ

ઐચ્છિક ધોરણે લગ્ન હવે મોટી ઉંમરે કરવામાં આવે છે. અંશતઃ પાશ્ચાત્ય કેળવણીની અસર અને અંશતઃ નવા આઝાદ જમાનાની તાસીરને પરિણામે, વરકન્યા પણ લગ્ન પહેલાં પરસ્પર પરિચય ઇચ્છે છે અને યોજે છે પણ ખરાં.

ગુજરાતના દક્ષિણ ભાગમાં, કેટલાંક કુટુંબોમાં, જ્યારે પુત્રી પક્વ ઉંમરે પહોંચે, અર્થાત્ તે પ્રથમ રજસ્વલા થાય ત્યારે એક ખાનગી વિધિ કરવામાં આવે છે. તેને 'ઓઢણી ઓઢવી' કહે છે.

જ્યારે પુત્ર પુખ્ત ઉંમરે પહોંચે ત્યારે માતાપિતા સાધારણ રીતે લગ્ન ગોઠવી આપનાર ભાંજગડિયા, ખાસ કરીને સ્ત્રીઓની સહાય લેવામાં આવે છે. સ્ત્રીઓને ચુસ્તમાં ચુસ્ત સામા પક્ષના કુટુંબમાં જવાની પૂર્ણ છૂટ હોય છે. તેથી તેમની પસંદગી વિશેષતઃ થાય છે. લાયક કન્યા પહેલેથી પસંદ કરી રાખેલી હોય છે. તેને ત્યાં છોકરાના કુટુંબની સ્ત્રીઓ જાય છે. તેને જોઈને, તેના સંબંધી વાતચીત કર્યા પછી, જોવા જનાર સ્ત્રીમંડળને ખાંડનું શરબત પીવા આપવામાં આવે છે. જો તેમને છોકરી પસંદ પડેલી હોય છે, એટલે કે સંબંધ બાંધવાનો તેમનો વિચાર હોય છે તો તેઓ શરબત પીએ છે; પરંતુ જો તેમનો વિચાર તે પ્રમાણે હોતો નથી તો તેઓ શરબત પીવા ઇન્કાર કરે છે.

શરબત પીધા પછી, તેઓ તે છોકરીની લગ્ન માટે માગણી કરે છે. તે સૂચવવા તેઓ તેના મ્હોંમાં સાકરનો ગાંગડો મૂકે છે. પછી તેઓ દરદાગીના વિશે નક્કી કરી, વિવાહનો દિવસ મુકરર કરે છે.

વિવાહને દિવસે, વર અને કન્યા બન્નેને ઘેર સગાં ભેગાં થાય છે. સંધ્યાકાળે, વરને ઘેર, દાગીના અને મીઠાઈ તાસકોમાં મૂકી, તે ઉપર કપડાં ઢાંકી, વાગતે ગાજતે કન્યાને ત્યાં મોકલવામાં આવે છે. તે સાથે

વરના કુટુંબની સ્ત્રીઓ જાય છે. તેમના સગાંસ્નેહીઓના છોકરાં પણ સાથે હોય છે. તેથી તેમનું સરઘસ સુશોભિત બને છે.

કન્યાને ઘેર પહોંચ્યા પછી, જો પુરુષો સાથે ગયા હોય તો તેઓ અને છોકરાં ઘરબહાર મંડપ બાંધ્યો હોય તો ત્યાં અને મંડપ બાંધ્યો ના હોય તો ઘરનો જે ઓરડો તેમને માટે સજાવી રાખ્યો હોય ત્યાં તેઓ બેસે છે. ત્યાં તેમને કન્યા તરફનો એક સગો ખાંડનું શરબત પાય છે; અને એ શરબત વિવાહનું છે એમ તે કહેતો જાય છે. શરબત પી રહ્યા પછી શરબત પીનાર શરબત પાનાર સાટે બે આનાથી બે રૂપિયા સુધીની રકમ શરબતના પ્યાલાની રકાબીમાં મૂકે છે.

એટલા વખતમાં, સરઘસમાંની સ્ત્રીઓ ઘરમાં જઈ, કન્યાને દાગીનાથી શણગારે છે, અને વિવાહની વીંટી પહેરાવી "દુપટ્ટો" ઓઢણી ઓરાઢે છે. પછી ખાંડનું શરબત અને કૉફી પી, ફૂલ ગુલાબ લઈ, ત્યાંથી વિદાય થાય છે. તેમણે આણેલી તાસકોમાં, કન્યાને ત્યાંથી વર માટે રૂમાલ, વીંટી, 'મંડીલ' (પાઘડી) અને મીઠાઈ આપે છે.

ખાસ કારણોને લીધે, ઉતાવળ કરી, વિવાહ અને લગ્ન ભેગાં કરી નાખવામાં આવે છે. અપવાદરૂપ પ્રસંગો સિવાય, સાધારણ રીતે વિવાહ પછી, લગ્ન પહેલાં, એકાદ વરસ વીતી જાય છે. તે દરમ્યાન, દરેક વારતહેવારે વરકન્યા તરફથી પરસ્પર કપડાં દાગીનાની બક્ષિસો આપવા લેવાનું ચાલે છે.

લગ્નના થોડા મહિના પહેલાં, કન્યાના સગાંમાંની સ્ત્રીઓ તેને ત્યાં ભેગી થાય છે અને કન્યાના લગ્ન માટેનાં કપડાંની તૈયારીઓ કરે છે. લગ્નના આગલા પખવાડિયામાં, રાત્રે નિત્યકાળથી પરવારી, સ્ત્રીઓ ભેગી થાય છે અને ઢોલ વગાડી ગીતો ગાય છે.

લગ્ન પહેલાંના અઠવાડિયામાં, કન્યા એક જ ઓરડામાં રહી પરદો પાળે છે. આ અઠવાડિયામાં, વર અને કન્યા બન્ને પીળાં કપડાં પહેરે છે, લગ્નના બે ત્રણ દિવસ પહેલાં, વર અને કન્યા બન્નેને ઘેર, માટીનાં વાસણો ભેગાં કરવામાં આવે છે. જો સ્ત્રીઓ પરદો પાળતી હોય છે. તો આ વાસણો ઘરના ઝનાનાના ભાગમાં, અને પરદો પાળતી હોતી નથી તો ઘર બહાર લગ્ન કાજે ઊભા કરેલા મંડપમાં તે વાસણો ગોઠવે છે. તે વાસણો ગોઠવવામાં પૂર્વજોના આત્માઓને રાજી કરવાનો હેતુ હોય છે. તે વાસણો ઉપર ખાવાનું મૂકવામાં આવે છે અને તે ઉપર "ફાતિહા" પઢવામાં આવે છે.

બન્ને પક્ષને ઘેર આ પ્રમાણે વાસણો ગોઠવાઈ ગયા પછી વર અને કન્યાને દરેક ઘેર, તે તરફની સ્ત્રીઓ ભેગી થઈ, ગીતો ગાતાં ગાતાં વર અને કન્યાને પીઠી ચોળે છે. તેને 'ઉબટના' કહે છે. પીઠીમાં ચણાનો લોટ, ઘઉંનો મેદો, મગના લોટ, હળદર, તલનું તેલ, અને ખુશ્બોદાર તેલ અત્તર ભેગાં કરેલાં હોય છે. પીઠી ચોળવાનું હેતુ વર કન્યા ઉપરથી ભૂતપલીતોની નજર દૂર કરવાનો હોય છે. તેથી તે (પીઠી) તૈયાર કરતી વખતે કોઈ ખરાબ નજરવાળી સ્ત્રી અથવા તેવા પુરુષની તે પીઠી ઉપર નજર ના પડે તેની ખાસ સંભાળ રાખવામાં આવે છે. તે માટે જે ઘંટીમાં પીઠી દળવામાં આવે તેના હાથાને સુખડનું તેલ લગાડી, નવા લાલ કપડાંમાં પાના, સોપારી અને 'મીંઢળ' મૂકી, તે કપડું તે ઘંટીના હાથાને બાંધે છે. સાત સૌભાગ્યવતી સ્ત્રીઓ એટલે કે જેમનો કોઈ ધણી ગુજરી ગયેલો ના હોય તેવી પ્રથમ વારની પરણિત સ્ત્રીઓ તે પીઠી દળીને, તેમાં ઘી, તેલ કે અત્તર વગેરે નાખી તૈયાર કરે છે. પીઠી તૈયાર થયા પછી, મેંદીનાં પાન પણ તેવી જ રીતે તૈયાર કરવામાં આવે છે.

પછી જમીન ઉપર ચોખાથી કિનારી બાંધી, એક સમચોરસ

આકૃતિ દોરે છે, અને તેની વચ્ચે એક લાકડાની ચોકી મૂકે છે. તે ઉપર વર કે કન્યાને જૂનાં પીળાં કપડાં પહેરાવી બેસાડે છે. પછી સ્ત્રીઓ ગીતો ગાતાં ગાતાં પીઠી વર કે કન્યાને શરીરે ચોળે છે, અને મેંદી હાથે પગે લગાડે છે. સાતે સૌભાગ્યવતી સ્ત્રીઓ વારાફરતી પીઠી ચોળે છે. દરેક સ્ત્રી વર કે કન્યા, જેને પીઠી ચોળાતી હોય, તેના મ્હોમાં સાકરનો ગાંગડો મૂકે છે, અને મૂઠી ભરી ચોખા તેના અંગ ઊપર નાખી તેનાં ઓવારણાં લે છે. પછી તેના અંગ ઊપરથી સાત વખત રાઈ વાળીને તેની 'બલા' લે છે. પછી એકેક પૈસો તેના અંગ ઊપરથી વાળીને વાજાં વગાડનારને આપે છે અથવા પીઠી ચોળવાની ચોકી આગળ મૂકે છે. ચોકી આગળ આ પ્રમાણે જેટલા પૈસા ભેગા થાય છે તે ધર્માદા કરવામાં આવે છે. જ્યારે સાતે સ્ત્રીઓ ઉપર પ્રમાણે વિધિ પૂરી કરે છે ત્યારે વર યા કન્યા જેને આ પ્રમાણે પીઠી ચોળેલી હોય છે તેને એક છરી અથવા કટાર અથવા કોઈ લોઢાનું ધારવાળું હથિયાર આપવામાં આવે છે. તે હથિયાર તે વર કે કન્યા લગ્નના દિવસ સુધી સંભાળીને પોતાની પાસે રાખી મૂકે છે. આ દિવસોમાં, નજર ના લાગે માટે કડું, ગળરાવો અથવા સોનાનો કોઈ પણ દાગીનો પહેરવો જોઈએ.

દુલા–દુલ્હન (વર–કન્યા) ને 'જલવો' રમાડે, એટલે દુલો દુલ્હનનો બુરખો ખસેડી તેનું મ્હોં જુએ, તે વખતે "કોમની" સ્ત્રી ગાનારીઓના 'ટોના' 'નાવનાં સાત ગીતો' સાંભળવાથી જાદુ અને 'બલા' થી બચાવ થાય છે; જો દુલ્હનને કોઈ 'બલા' વળગેલી હોય છે તો 'ટોના' નો અવાજ કાને પડતાં જ તે 'બલા' તેના અંગમાં આવે છે. દુલો આવે ત્યારે 'ટોના' ફરીથી ગાવામાં આવે છે અને દુલાની ઉંચાઈ રાતા અને સફેદ દોરાની એકી સંખ્યાની ગૂંથેલી દોરીથી કાઢવામાં આવે છે. આ બે રંગની દોરાની જોડી દોરી બનાવી, દુલ્હન

પોતાની ઈજાર માટે નાડું બતાવે છે.

લગ્ન પ્રસંગે, વરકન્યાના મકાનો સાફસૂફ કરી, ધોળી વા રંગી દરેક ઘરની આગળ મંડપ બાંધવામાં આવે છે. કેટલીક વખત આવા મંડપ બહુ શણગારીને બનાવે છે અને તેમાં સોનેરી નકશી અને ઝાલરવાળા થાંભલા મૂકી ઝુમ્મરો લટકાવી શોભા કરે છે. મંડપનો પહેલો થાંભલો જમીનમાં દાટતાં પહેલાં, જમીનમાં દાટવાના તેના છેડાને સુખડનું તેલ લગાડે છે અને તે ઉપર એક નવા રાતા મદરાસાના કડકામાં પાન, સોપારી અને મીંઢળ બાંધી, તે કડકો થાંભલાના તે છેડાને બાંધે છે. પછી નાળિયેર વધેરી, તેનું કોપરું માંડવો બાંધનારા અને કુટુંબીઓમાં વહેંચી દે છે. આખું ઘર સ્ત્રીઓના વાપરમાં હોય છે, તેથી લગ્ન પહોંચે ત્યાં સુધી પુરુષ વર્ગ પોતાને માટે આ મંડપનો ઉપયોગ કરે છે.

લગ્નના થોડા દિવસ પહેલાં ઘર આગળ વાજાં વગાડવા વાજાંના માને રોકવામાં આવે છે. લગ્ન એ મોટો આનંદોત્સવ મનાય છે. તેથી રાતા અને પીળા રંગનાં કુંડાં બહાર પુરુષો માટે અને અંદર સ્ત્રીઓ માટે ભરવામાં આવે છે. પછી પુરુષો અને સ્ત્રીઓ પોતપોતામાં રંગની પિચકારીઓ મારી પરસ્પર ભીંજવી નાખે છે.

લગ્ન પહેલાં, સ્ત્રીઓ બીજી પણ એક ગમત કરે છે. ચાંદીની કડીઓ સોનેરી અને રૂપેરી કસબમાં વીંટી, ગૂંથી, ભૂલભુલામણી જેવી અટપટી ગાંઠો પાડી, તેનાં 'કંગણ' હાથે પહેરવાના કડાં બનાવે છે. એક કડું વર માટે અને બીજું કન્યા માટે હોય છે. લગ્ન પછી વરને કન્યાનું કડું અને કન્યાને વરનું કડું ઉકેલવું પડે છે.

લગ્નના દિવસની સાંજે, વર તરફથી ગાડીઓમાં અને ઘોડાઓ ઉપર છોકરાં બેસાડી, મજુરો અને નોકરોને માથે બેસે અથવા તેથી પણ વધારે સોનેરી અને લીલાં ચીતરેલાં માટીનાં વાસણોમાં મીઠાઈ

અને સૂકો મેવો ભરી અને તાસકોમાં કપડાં ભરી, વાગતે ગાજતે સરઘસ કાઢી, કન્યાને ત્યાં મોકલે છે. સરઘસ દુલ્હનને ત્યાં પહોંચે ત્યારે છોકરાંને લગ્નના મંડપમાં બેસાડી શરબત પાય છે. તે પી રહ્યા પછી, દરેક છોકરો શરબતના પ્યાલા અથવા રકાબીમાં નાનું મોટું રૂપાનું નાણું—બે આનાથી માંડી રૂપિયા સુધીનું નાખે છે. આ પૈસા શરબત પીનાર કન્યા તરફનો કોઈ ગરીબ સગો હોય છે તે લઈ જાય છે.

દુલ્હનને તેના કુટુંબનાં બૈરાં તેના ઓરડામાં ન્હવરાવી, નવા કપડાં સજાવી, દાગીનાથી શણગારે છે. પછી વર તરફથી આવેલી તાસકોમાં વર માટે કપડાં, મેંદી અને કન્યાની હરહંમેશની જરૂરી ચીજોની "જહેજ" ભરી આવેલા મહેમાનો પાછા વિદાય થાય છે. કન્યાની 'જહેજ' માં કપડાં, દાગીના, ઘરનું રાચરચીલું, સ્ત્રીઓના દીવાનખાના અને સુવાના રૂમનો શણગાર અને રાંધવાનાં વાસણો હોય છે. આ બધી વસ્તુઓ કન્યાની સ્વતંત્ર મિલકત ગણાય છે અને તેને તલાક આપવામાં આવે તો એ સઘળી વસ્તુઓ તેને પાછી સોંપવી પડે છે.

સરઘસ પાછું ફરે છે ત્યારે વરને તેના લગ્નનાં કપડાં સજાવે છે અને તેના રૂમમાં સામાન ગોઠવે છે. રાત્રે ઘણી ગમત જામે છે. કન્યાની બહેન વરને હાથે મેંદી લગાડવા આવે છે. પરદાની એક બાજુએ કન્યા અને બીજી બાજુએ વર અને તેના સ્નેહીઓ બેસે છે. પરદા નીચે થઈને સામી બાજુએ કન્યા તરફ માત્ર વરનો જ હાથ જવો જોઈએ. પરંતુ એમ થવાને બદલે ઘણા હાથ નાખવામાં આવે છે અને કન્યાને પોતાની અક્કલ વાપરી વરને હાથે મેંદી લગાડવાની હોય છે, અને બીજા હાથ ઉપર ચૂંટી ખણી, તેમને કોમળ શિક્ષા કરવાની હોય છે. આમાં તે ભૂલ કરે ત્યારે બધા ખૂબ હસે છે. છેવટે જ્યારે તે વરના હાથની નાની આંગળીએ મેંદી લગાડે છે ત્યારે તેને રૂપારત્નની બક્ષિસ મળે છે.

આ રમત થઈ રહે છે ત્યારે વર તરફના મહેમાનો નાયકાનાં ગાયનો અથવા ભાંડની ભવઈ અથવા મૌલુદ ગાનારાની ગઝલો સાંભળે છે. ધીરે ધીરે તાયફા અને ભાંડને રૂખસદ મળતી જાય છે અને તેમનું સ્થાન મૌલુદ ગાનારા લેતા જાય છે. મૌલુદ પૂરું થાય ત્યારે કૉફી, ગરમ દૂધ, મીઠાઈ અથવા પતાસાં ગાનારા અને સાંભળનારામાં વહેંચવામાં આવે છે.

રાત્રે આશરે ૧૦ વાગે, દુલાને દુલહનને પોતાને ત્યાં લઈ આવવાનો સમય થાય છે. દુલાને એનો બાપ માથે 'સેહરો' બાંધી, જેમ દરેક મુસ્લિમ ઉમેદ રાખે છે તેમ તેની દિલની મુરાદ પણ બર આવી માટે તે અલ્લાહ પાકનો સાચા દિલથી ઉપકાર માને છે. પછી પિતા કે પિતા તરફનો કોઈ સગો દુલાને ઘોડા ઉપર બેસાડે છે અને દુલો તેના સ્નેહીઓ સાથે વાજતે ગાજતે દુલહનને ત્યાં જાય છે.

ગુજરાતમાં પૈસાદાર મુસલમાનોમાં, દુલા આગળ "વાડી" કાઢવાનો રિવાજ છે. કુદરતી ફૂલઝાડ જેવા રંગીન કાગળનાં ફૂલઝાડ બનાવી પિત્તળપાન અને અબરખની શોભા કરી તેમને ત્રિકોણાકારમાં ગોઠવે છે. તેને "વાડી" કહે છે. જોકે કેટલીક 'વાડીઓ' બહુ કીમતી બનાવે છે, છતાં 'વાડી' બનાવવા મુખ્ય હેતુ તો લોકોને ખુશ કરવાનો જ હોય છે. તેથી સરઘસ દુલહનને ઘેર પહોંચે તે પહેલાં તો કોઈક "વાડી" ઉપર હાથ નાખે છે અને કોઈક શરૂઆત કરે એટલે બીજા 'ટૂટી પડી' 'વાડી' લૂંટી લે છે.

વરઘોડો કન્યાના ઘર આગળ પહોંચે તે વખતે કન્યા ઉપરની બારીમાંથી ચોખા વતી વરને વધાવી લે છે. પછી ઘરનાં મુખ્ય બારણા આગળ વરને તેનો સાળો ખાંડનું શરબત પાય છે. અને વર તે બદલ તેને રૂા. ૫/૧૦ આપે છે. વરના કુટુંબની અને તેના ખાસ સ્નેહીઓની

સ્ત્રીઓ બંધ ગાડીઓમાં સરઘસમાં સામેલ થયેલી હોય છે. તેઓ કન્યાને ત્યાં જોવા અંદર બોલાવે ત્યાં સુધી તેમની ગમત માટે 'કોમની' સ્ત્રી ગાનારીઓ વાજિંત્રો વગાડી ગીતો ગાઈ તેમનું મનોરંજન કરે છે. જ્યારે વર અંદર આવે છે ત્યારે જે સ્ત્રીઓ તેનો પરદો કરતી હોય છે, એટલે જે તેનાથી નાની હોય છે તે બીજા રૂમમાં ખસી જાય છે.

બહુ રોશનીથી સજાવેલા મંડપમાં વર તરફથી આવેલા પુરુષો એક બાજુએ અને કન્યા તરફના પુરુષો બીજી બાજુએ બેસે છે. બન્ને પક્ષ વચ્ચેની જગામાં ત્રણ બેઠકો કરેલી હોય છે. એક વર માટે, બીજી કન્યાના વકીલ માટે અને ત્રીજી નિકાહ પઢાવનાર કાજી અથવા તેના નાયબ માટે હોય છે. વર જો નાની ઉંમરનો હોય છે તો તેને ઊંચકીને તેની જગાએ બેસાડે છે; પરંતુ જો તે મોટી ઉંમરનો હોય છે તો તેને ક્યાં બેસવાનું છે તે તેને માત્ર બતાવવામાં આવે છે અને તે પોતે ચાલીને ત્યાં જઈને બેસે છે. કાજી અથવા તેનો નાયબ પોતાની જગાએ બેસે એટલે તે કન્યાના વકીલને પૂછે છે કે "કન્યા ફલાણા ફલાણા વરને (તેનું નામ અને તેના પિતાનું નામ કહીને) અમુક "મહેર" (પલ્લા માટે) કબૂલ કરે છે?" જો તે હા પાડે તો તે પછી વર તરફના બે શાહેદોની તે માટે શાખ લેવામાં આવે છે.

પૈસાદાર માણસો મોટી રકમની "મેહર" નક્કી કરે છે. પરંતુ, સાધારણ રીતે, હ. પયગમ્બર સાહેબે (અલ.) પોતાની લાડલી પુત્રી બીબી ફાતિમા ઝોહરા માટે જે મેહર નક્કી કરી હતી તે રૂા. ૧૭/- ની મેહર અથવા આ હઝરતે (અલ.) પોતે પોતાની બીબી હ. આયશા માટે જે મેહર આપી હતી તે રૂા. ૭૫૦/- ની મેહર નક્કી કરવામાં આવે છે.

પછી કાજી વા નાયબ વરને ઇસ્લામના કલમા પઢાવે છે; અને

કન્યાને તેના વકીલ મારફતે પૂછેલો સવાલ વરને પૂછે છે કે "ફલાણી ફલાણી કન્યા (તેનું તથા તેના બાપનું નામ લઈને) તમે આટલા રૂપિયાની મેહર (રકમનો આંકડો કહીને)માં તમારી સ્ત્રી તરીકે કબૂલ કરો છો? તે હા પાડે એટલે આ રોજકામ(proceeding)ની નોંધ કરી લેવામાં આવે છે. તે પૂરી થાય એટલે હાજર હોય તે બધા હાથ ઊંડાવી (બે હાથ ભેગા કરી, છાતી સામે જરા છેટે રાખી) નિકાહ પઢનાર દુલા-દુલ્હન સુખી થાય તે માટે ખુદાની દુઆ માગે છે. નિકાહ પૂરા થયા પછી કાજી કે નાયબ જેણે નિકાહ પઢાવ્યા હોય તેને રૂા. પાંચ અને શાલ ભેટ મળે છે. કાજીની ફી સાથે કન્યા રહેતી હોય તે મહોલ્લાની મસ્જિદમાં પણ કંઈક રકમ, ઓછામાં ઓછો રૂા. સવા આપવામાં આવે છે. પછી સાકર વહેંચવામાં આવે છે. કાજી (નાયબ) તેમાંથી પોતાનો હિસ્સો લઈ ત્યાંથી વિદાય થાય છે. પછી હાજર હોય તે લોકોમાં સાકર વહેંચવામાં આવે છે.

વાજાંવાળાઓ અત્યાર સુધી શાંત બેસી રહ્યા હોય છે તે હવે મોટે અવાજે નિકાહની 'સલામતી' વગાડે છે. પછી કન્યાને જોવા વરને ઘરમાં બોલાવવામાં આવે ત્યાં સુધી ભેગા થયેલા મહેમાનો વાજાં અને ગાયનની ગમતમાં વખત વિતાડે છે. ઉત્તર ગુજરાતમાં વરને સવારમાં પરોઢિયે ૫-૬ વાગે ઘરમાં બોલાવવામાં આવે છે; જ્યારે દક્ષિણ ગુજરાતમાં, બપોર પછી ૩-૪ વાગ્યે તેમ કરવામાં આવે છે. વરને અંદર બોલાવે એટલે એક ગાનારી ગાયન ગાતી ગાતી અને વરને ફૂલથી મારતી મારતી ધીરે ધીરે ઝનાનામાં લઈ જાય છે. ત્યાં તે અટકી જાય છે અને તે પછીનો વળાવો ઝનાનામાં ગાનાર "કોમની સ્ત્રીઓને" સોંપે છે. કોમની સ્ત્રીઓ પણ વરને તેવી જ રીતે આગળ લઈ જઈ, નક્કી કરેલી બેઠક ઉપર તેને બેસાડે છે. આ આખે રસ્તે, કન્યાની નાની બહેનો વરને સતાવવા મથતી હોય છે. વરની નાની બહેનો જે તે વખતે

તેની સાથે હોય છે, તે તેને તેમનાથી સંભાળે છે. એમ છતાં, કન્યાની બહેનો તક મળે તો તેઓ વરના કાન આમળે છે અને તેમ કરતાં વરને કેટલું દર્દ થાય તેની તેઓ જરા પણ પરવા કરતાં નથી. વરને એની જગાએ બેસાડે છે એટલે તરત જ કન્યાને શણગારી, બુરખો પહેરાવી, એના તરફની એક સ્ત્રી તેને ઊંચકી લાવી વરની પાસેની બેઠક ઉપર બેસાડે છે. પછી આખી રાત નાના પ્રકારની અનેક વિધિઓ અને રમતગમત થાય છે.

આ અનેક વિધિઓ વરકન્યાના સાથે જમવાના જૂના રિવાજના અવશેષો છે. કન્યા પોતાની મેળે હાથ હલાવે નહીં, તેથી ગાનારી સ્ત્રીઓમાંથી એકાદી સ્ત્રી તેનો હાથ પકડી, તેના હાથમાં સાકરનો ગાંગડો પકડાવી, વરના મોં તરફ તે હાથ ખેંચે છે; પણ જેવો વર તે સાકર પોતાના મોંમાં લેવા જાય છે કે તરત જ કન્યાનો તે હાથ ખેંચી લેવામાં આવે છે. આ પ્રમાણે વિવિધ રીતે મોડા સુધી રમત ગમત ચાલે છે.

પરોઢિયું થાય ત્યારે વરને પહેલી વાર કન્યાનું મોં આયનામાં દેખાડવામાં આવે છે તે વખતે વરકન્યા વચ્ચે કુરઆન મૂકી, તેમાંથી 'શાંતિ'નું પ્રકરણ (૫. સૂર–એ–ઇખલાસ: કુલહોયલ્લાહ) પઢવામાં આવે છે. પછી કન્યા પિયેર છોડી સાસરે જાય છે. ઉત્તર ગુજરાતમાં વધારામાં કન્યાના પિતાને લગ્ન પછીના દિવસે જાનવાળાને જમાડવા પડે છે.

લગ્ન પછી થોડા દિવસ વરકન્યા તેમના કુટુંબ સાથે કોઈ બાગ-વાળા મકાનમાં મોજમજા અને એશઆરામ કરે છે. સરખાવો. ખ્રિસ્તીઓનો Honeymoon નો રિવાજ.

લગ્ન પછી ચાર શુક્રવારે વરકન્યાને ઘેર જમવા આમંત્રવામાં આવે છે. પહેલા શુક્રવારે, અને કેટલીક વખત બીજા શુક્રવારે પણ,

વરની સાથે તેના સગાંસ્નેહીઓ, સ્ત્રીઓ તેમ પુરુષોને પણ આમંત્રે છે ઉત્તર ગુજરાતમાં, આ નવદંપતી ગુરુવારે સાંજે કન્યાને ત્યાં જાય છે અને શુક્રવાર સાંજ સુધી ત્યાં રહે છે. દક્ષિણ ગુજરાતમાં, શુક્રવારે સાંજે જાય છે અને શનિવારે સવારે પાછા ફરે છે. સરખાવો—હિન્દુઓનો "દસૈયાં" ના રિવાજ.

આ શુક્રવારોના જમણોને વર તરફથી બહુ અગત્ય આપવામાં આવે છે. તેથી જો કન્યાના પિતાના તરફથી આવા જમણ આપવામાં આવતા નથી તો વર તેને સાસરે ભાગ્યે જ જાય છે. તે જ પ્રમાણે, લગ્ન પછી, વરકન્યાનાં સગાં એકબીજાને ત્યાં એક વખત "વેવાઈ"-ની રીતે જઈ આવે નહીં ત્યાં સુધી તેઓ એકબીજાને ત્યાં છુટથી જવા આવવાનો વહેવાર રાખતા નથી.

તલાક : છુટાછેડા

તલાક ધણીની મુનસફીથી આપવામાં આવે છે. તલાકનો પૂર્ણ અમલ થવા માટે તે પૃથક પૃથક ત્રણ વખત આપવી જોઈએ. એક તલાક અને બીજી તલાક વચ્ચે અમુક વખત—એક મહિનો જવો જોઈએ. દરમ્યાન, ધણી સ્ત્રીને "સ્ત્રી" તરીકે પાછી સ્વીકારી શકે છે. તેમ કરવામાં ફરીથી નિકાહ કરવાની જરૂર હોતી નથી; પરંતુ ત્રીજી તલાક પછીથી તે તેમ કરી શકતો નથી. ત્રીજી તલાક છેવટની ગણાય છે અને ત્યાર પછી સ્ત્રી પોતાને ફાવે તેમ વર્તવા સ્વતંત્ર થાય છે. જો તેને ફરીથી બીજા નિકાહ કરવા હોય છે તો તેને ત્રણ "અટકાવ" આવે ત્યાં સુધી રાહ જોવી પડે છે. આ મુદતને "ઈદ્દત" કહે છે. તે દરમ્યાન તેની ખોરાકીપોશાકી તેના ધણીને પૂરી કરવી પડે છે.

આજકાલ, ત્રણે તલાકો એકીસાથે આપી દેવાનો રિવાજ થઈ

ગયો છે. આમ કરવું જો કે "કાયદેસર" છે, છતાં તે "વાજબી" નથી, તેમ પસંદ કરવા જેવું નથી. તેમ કરવાથી બન્ને પક્ષ વચ્ચે દરમ્યાનમાં સમાધાન થવાનો કંઈ તક હોય તો તે રદ થાય છે.

ઇસ્લામની "વિલાયત" (જન્મભૂમિ) અરબસ્તાન, ઇરાન, તુર્કસ્તાન અને અફઘાનિસ્તાનના મુસલમાનો કરતાં હિન્દના મુસલમાનો તલાકનો લાભ બહુ જ ઓછો લે છે. તલાક આપવી એ ઇસ્લામના મૂળભૂત આશયથી વિરુદ્ધ છે અને એ પ્રમાણે કલામુલ્લાહ તથા આંહઝરત (અલ.)ની હદીસ મુબારકથી સાબિત થાય છે. કુરઆને મજીદે તલાક માટે અસંખ્ય ગૂંચવાડા ભરેલી મુશ્કેલીઓ ઊભી કરીને, તલાક ના આપવી અને અપાઈ હોય તો તે ખેંચી લેવા માટે એટલી સહેલી રીતો યોજેલી છે કે તે પરિપૂર્ણ રીતે આપવી મુશ્કેલ બનાવી છે. ત્રણ 'અટકાવ'ની મુદ્દત સુધી ફરજિયાત બીજી નિકાહ ન કરી શકવાની અવધિ બાંધી છે તેનો હેતુ માત્ર એટલો જ છે કે બન્ને પક્ષમાંથી કોઈ પણ પક્ષ સમાધાન કરવાની કોશિશ કરી શકે છે.

આં હઝરત (અલ.)ની હદીસમાં સ્પષ્ટ કહેલું છે કે 'તલાક' માટે અલ્લાહ પાકને જેટલો તિરસ્કાર છે તેટલો તિરસ્કાર બીજી કોઈ બાબત તરફ નથી અને 'ગુલામ'ને સ્વતંત્રતા બક્ષવી અલ્લાહ તા'લાને જેટલી પ્યારી છે તેટલી પ્યારી બીજી કોઇ બાબત નથી.

ગુજરાતના શાન્તિપ્રિય મુસલમાનોમાં તલાક ક્વચિત જ અપાય છે. તલાક આપનાર બન્ને પક્ષને સમાન ધિક્કારે છે. તલાક આપનાર ધણીને બીજી સ્ત્રી મળવી મુશ્કેલ થઈ પડે છે; અને તલાક લેનાર સ્ત્રી તો બનતા સુધી બીજી વખતના નિકાહનો વિચાર જ કરતી નથી.

કહેવત છે કે "સેજ બદલનેસે કરમ નહીં બદલતે"—પથારી બદલવાથી નસીબ બદલાતું નથી. હિન્દના મુસલમાનોને તલાકનો તિરસ્કાર હોય છે કે 'તલાક' શબ્દ ગાળ તરીકે વપરાય છે.

મરણ

દરેક મુસલમાન ઇચ્છે છે કે તેનું મરણ એકાએક ના થાય, તેમ તે પરદેશમાં ના થાય, કારણ કે કોઈ પણ મુસલમાન જ્યારે મરણપથારી ઉપર હોય છે ત્યારે તેને કુરઆને શરીફનું ૩૬મું પ્રકરણ—"યાસીન" ની સૂરા પઢી સંભળાવવામાં આવે છે. તે પરદેશમાં અને પારકે ઘેર બની શકે નહીં. "યાસીન"ની સૂરામાં મરણ પછી આકીન રાખનાર મુસ્લિમને અલ્લાહ પાક કેવી રીતે માફ કરે છે અને તેના ઉપર પોતાની રહેમ વરસાવે છે તેનું વર્ણન છે જિજ્ઞાસુ એ સૂરાનો તરજુમો આ ભાષાંતરકર્તાની "પંજ સૂરા અને બીજી દુઆઓ"ની કિતાબમાં જોઈ શકશે. તે વખતે મરનારાના મોંમાં મધનું પાણી સૂકવામાં આવે છે. મધ ના હોય તો ખાંડનું પાણી મૂકે છે, પરંતુ મળી શકે ત્યાં સુધી મક્કા શરીફથી આણેલું 'ઝમઝમ'ના કૂવાનું પાણી મૂકે છે.

અંતકાળે, આત્મા દેહ છોડતી વેળાએ, મરનારને જે કષ્ટ થાય છે તે શેતાન કરે છે એમ માનવામાં આવે છે. તરસ્યા આત્માને શરબતનો પ્યાલો દેખાડી શેતાન લલચાવે છે. આત્મા ભોળવાય તો તે પ્યાલો ફેંકી દઈ શેતાન અદશ્ય થઈ જાય છે.

મરણ પછી આંખ અને મોં ઉઘાડાં રહી ગયા હોય તો તે બંધ કરવામાં આવે છે અને પછી મુર્દાને એક સારી રીતે ધોએલા પાટિયા ઉપર સુવાડવામાં આવે છે.

શિયાઓ મુર્દાને નવડાવવા ઠંડું પાણી વાપરે છે જ્યારે સુન્નીઓ નાહી શકાય તેવું કકોળું પાણી વાપરે છે. તે પાણીમાં બોરડીના પાન

નાખી તે ઉકાળેલું હોય છે (આ પાન ઊકળવાથી સાબુની ગરજ સારે છે. આજકાલ સાબુ જ વાપરવામાં આવે છે.

મુર્દાને નવડાવ્યા પછી તેને ખુશબો લગાડી ખુશબો લગાડેલું સફેદ કફન તેને પહેરાવે છે. જો તે સ્ત્રી હોય અને સાંજે મરી ગઈ હોય તો ખુદાને ત્યાં તેને માફી મળશે એમ માનવામાં આવે છે. જો કોઈ ગુરુવારે કે શુક્રવારે અથવા અજાનના કોઈ દિવસે અથવા દીનના કોઈ તહેવારે ગુજરી જાય તો તે મરનારના પરલોક માટે સારું મનાય છે. બુધવારે થયેલું મોત તે જ ધોરણે ખરાબ ગણાય છે. કોઈ કુટુંબમાં જો બુધવારે કોઈ મોત થાય તો તે કુટુંબમાં ચાર મોત થશે એમ મનાય છે. જો મરણ રાત્રે થાય તો મૈયતને દફન કરવા માટે સવાર સુધી લઈ જતા નથી.

જો દિવસે મોત થાય તો મુર્દાને નવડાવી, કફન પહેરાવી, તૈયાર કરી, નિકટના સગાંને છેલ્લી વારનું મોં બતાવી, તેને "જનાઝો"—bier ઉપર મૂકી, સગાંસ્નેહીઓ "શહાદત"નો કલમો આખે રસ્તે પઢતા, જનાઝાને પોતાની ખાંધ ઉપર ઉઠાવી, કબ્રસ્તાનમાં લઈ જાય છે.

મરનાર કુટુંબનો વડીલ હોય તો તેની વિધવા સૌથી સારાં કપડાં પહેરી તેના ગુજરનાર ધણીનું મોં છેલ્લા વખત જોઈ લે છે. પરંતુ મરનાર જો સ્ત્રી હોય તો તેના ધણીને, જો તે ફરીથી પરણવાનો ના હોય, તો જ તેને તેની ગુજરનાર સ્ત્રીનું મોં જોવા દે છે.

"શહાદતનો કલમો" આ પ્રમાણે છે. હું સાક્ષી પૂરું છું કે એક અલ્લાહ સિવાય બીજો અલ્લાહ નથી; તે એક જ છે અને તેનો સમોવડિયો કોઈ નથી. હું સાક્ષી પૂરું છું કે હ. મોહમ્મદ તેના બંદા અને પયગમ્બર છે.

પૈસાદાર ગુજરનારના જનાઝા સાથે તાલીમ (ટ્રેનીંગ) પામેલા "મૌલુદ" ગાનારા હોય છે. "મૌલુદ" હ. પયગમ્બર સાહેબના જન્મની ખુશાલીના કાવ્યો હોય છે.

પૈસાદારના જનાઝા ઉપર, ચાર બાજુથી ચાર માણસો કિનખાબનો મોટો કકડો "શમિયાના" માફક જનાઝા ઉપર અધ્ધર રાખીને ચાલે છે. મરનાર માલદાર હોય અને તે પુરુષ હોય તો તેના જનાઝા ઉપર સાદા કફન ઉપર લીલા અથવા ઘેરા અથવા કાળા રંગની શાલ, અને તે સ્ત્રી હોય તો કફન ઉપર લાલ રંગની શાલ ઓરાઢે છે.

જનાઝો લઈ જતી વખતે મરનારને ઘેર ભેગી થયેલી સ્ત્રીઓ રડે-કૂટે છે. આ રિવાજ આંહઝરત (અલ.)ની હદીસથી વિરુદ્ધ છે. આપની ૬૦ વર્ષની ઉંમરે આપના દોઢ વર્ષના પુત્રની વફાત (મરણ) વખતે આપની આંખમાંથી આંસુ પડી રહ્યાં હતાં, પરંતુ આપ મોટેથી રડતા નહોતા, ત્યારે આપે કહેલું હતું કે "આંખમાંથી આંસુ સરી રહ્યાં છે, દિલ કલ્પાંત કરી રહ્યું છે, તોપણ હ. ઇબ્રાહીમ ! તારાથી જુદા પડતાં અલ્લાહ પાકને પસંદ છે તે સિવાય હું બીજું કંઈ કહેતો નથી. તે એ છે કે આપણે સૌ અલ્લાહ પાસેથી આવ્યા છીએ અને અલ્લાહ પાસે જ પાછા જવાનું છે. આનું કાવ્યમય ભાષાંતર આ ભાષાંતરકર્તાની "મે'રાજ શરીફ"ની કિતાબમાં જિજ્ઞાસુ વાચકને મળી શકશે. સારાંશ, મરનાર પાછળ રડવાની મના નથી, માત્ર મોટેથી રડવા, છાતી કૂટવા અથવા એવો બીજો દેખાવ કરવા જ મના કરેલી છે.

સૂરત અને ભરૂચ જિલ્લાઓમાં માત્ર ગરીબવર્ગમાં રડવાનો રિવાજ છે. ગુજરાતના ઉત્તર ભાગમાં, માત્ર આરબો સિવાય, બીજા બધા વર્ગોમાં રડવાનો રિવાજ સાધારણ થઈ પડ્યો છે.

દક્ષિણ ગુજરાતમાં મૈયતને દફન કરવા લઈ જવા જનાઝો વપરાય

છે, પરંતુ ઉત્તર ગુજરાતમાં જનાઝાને બદલે ખાટલો વાપરે છે. ગામડામાં જનાઝો ના હોય ત્યાં ખાટલો વાપરવો પડે છે. સૌરાષ્ટ્રમાં નવાબ કુટુંબ અથવા અમીર વર્ગમાંથી કોઈ મરણ થયું હોય તો મૈયતને તેના કુટુંબના મોભા પ્રમાણે છત્રીપલંગથી માંડી સાદી પણ તદ્દન નવા અને નવી પાટી ભરેલા ખાટલામાં દફન કરવા લઈ જવામાં આવે છે,

જનાઝો ઉપાડનારા કદી પણ ભાડૂતી માણસો હોતા નથી. તેઓ મરનારના સૌથી નિકટના સગાં અને સ્નેહીઓ હોય છે. સધવા સ્ત્રીના જનાઝા માટે એક અપવાદ હોય છે કે તેનો ધણી જો ફરીથી પરણનારો ના હોય તો જ તેણે તેની ગુજરનાર સ્ત્રીનો જનાઝો ઉપાડવા દે છે.

જનાઝો જતો હોય અને રસ્તે કોઈ પણ મુસલમાન મળે તો શરિઅત અનુસાર તેણે મૈયત સાથે ઓછામાં ઓછા ચાળીસ પગલાં ચાલવું ફરજિયાત છે.

મરનારની કબર, મરનારે અમુક જગા કહી હોય તો ત્યાં, અથવા જ્યાં તેના કુટુંબના બીજા માણસો દફન થયેલા હોય ત્યાં કરવામાં આવે છે. કબ્રસ્તાનમાં મસ્જિદ હોય તો ત્યાં અથવા ત્યાં કોઈ પણ ચોખ્ખી (પાક) જગાએ મૈયતમાં ગયેલા માણસો વઝુ કરી મૈયતની નમાજ પઢે છે. આ નમાજ રોજ પઢવાની નમાજથી જુદી હોય છે. આ નમાજમાં મરહૂમની રૂહની શાંતિ માટે દુઆ માગવામાં આવે છે. પછી મૈયતને કબરમાં ઉતારી દફન કરે છે. તેમ કરવામાં ઓશીંગુ ઉત્તર તરફ અને મોં "કિબ્લારૂખ" મક્કાની કાબા શરીફની પાક મસ્જિદ તરફ, એટલે હિન્દમાં પશ્ચિમ તરફ રાખવામાં આવે છે.

કબર ત્રણ પ્રકારની બનાવવામાં આવે છેઃ સૌથી સામાન્ય કબર માટે મૈયત સારી રીતે સમાઈ શકે તેટલો ઊંડો ખાડો કરી, તેમાં મૈયત મૂકી, તે ઉપર માટી વાળી દેવામાં આવે છે. બીજા પ્રકારની

કબર માટે, ખાડાની અધવચ્ચે પાટીમાં કે પથ્થર મૂકી, તે ઉપર માટી નાખવામાં આવે છે. ત્રીજો પ્રકાર એવો છે કે કબરમાં નરમ કાદવ બનાવી તેમાં મૈયત મૂકે છે. કાદવ નરમ હોવાને કારણે તેમાં ઊતરી જાય છે. મૈયત મુકવાની પેટીઓ (કૉફીનો) માત્ર માલદાર માણસો જ વાપરે છે. આ ત્રણમાંથી પહેલી રીત મોટા શહેરોમાં જ્યાં જમીનની તંગી હોય છે ત્યાં બીજા પ્રકારની કબરો કરવામાં આવે છે. તેમ કરવાનું ખાસ કારણ એમ હોય છે કે મુસલમાનો માને છે કે મૈયત દફન કરીને લોકો ત્યાંથી ગયા પછી અલ્લાહ પાક તરફથી બે ફિરસ્તા—મુનકર અને નકીર—મૈયત પાસે આવે છે, અને તેને બેઠું કરી, તેને તેની ધાર્મિક માન્યતાઓ માટે પૂછે છે. જો તે ઇસ્લામી ધોરણે સંતોષકારક જવાબો આપે છે તો તેને કયામત સુધી શાંતિથી સૂઈ રહેવા દે છે, નહિ તો તેને કયામત સુધી અનેક પ્રકારના ત્રાસ આપ્યા કરે છે.

મૈયતને દફન કરતાં પહેલાં, તેના કફનમાં થોડા માટીના ઢેફાં જેને મુસલમાનો ' ફૂલ "ની માટી કહે છે તે મૂકવામાં આવે છે. ' ફૂલ ' એટલે તે માટીના એક એક ઢેફાં ઉપર મૈયતને દફન કરવા આવેલા શખ્સોએ " ફૂલહોવલ્લાહ "ની સૂરા પઢેલી હોય છે. તે સૂરા (પ્રકરણ) આ પ્રમાણે છેઃ "(હે પયગમ્બર!) કહી દે કે અલ્લાહ એક છે. તે પાક છે. તેને કોઈએ જન્મ આપ્યો નથી, તેમ તેણે કોઈને જન્મ આપ્યો નથી અને સકળ વિશ્વમાં તેનો કોઈ સમોવડિયો નથી." આનું કાવ્યમય ભાષાન્તર જિજ્ઞાસુ વાચકને આ લેખકની ' ઇસ્લામની ઓઝળ ' અથવા ' પંજસૂરા અને બીજી દુઆઓ 'માં અને શાળાઓમાં ચાલતી કેટલીક વાચનમાળાએમાંથી મળશે.

મૈયત ઉપર માટી વાળતી વખતે ત્યાં હાજર હોય છે તેઓ આ પ્રમાણે પઢે છે. અમે (ખુદાએ) તેને માટીમાંથી પેદા કર્યો છે અને અમે

તેને માટીમાં ભેળવી દઈએ છીએ. અને કયામતને દિવસે અમે તેને માટીમાંથી બીજી વખત (સજીવન કરી) ઉઠાડીશું. સરખાવો, બાઈબલની ઉક્તિ—From Dust thou art to Dust returnest—ભા. કર્તા.

પછી મૈયત સાથે ગયેલા બધા મરનારને ઘેર આવે છે. ત્યાં મરનારની રૂહની શાંતિ માટે દુઆ ગુજારી, નિકટના સગાં સ્નેહીઓ ત્યાં જમવા રોકાય છે અને પોતપોતાને ત્યાં જવા વિખરાઈ જાય છે.

મૈયત વખતે મદદ કરવાની અને મરનાર માટે દુઆ કરવાની ફરજ સૌ મુસલમાનો ઉપર ઇસ્લામે મુકેલી છે. 'ફરજ,' 'ફર્ઝ' અલ્લાહનું ફરમાન છે. પરંતુ આ ફરજ "ફર્ઝ એ કિફાયાહ" છે. એટલે મુસલમાનોની અમુક સંખ્યા એ ફરજ અદા કરે તો એ બોજો બીજા ઉપર રહેતો નથી.

પૈસાદાર વર્ગમાં, મરનારનાં કપડાં તથા અનાજનું દાન કરવામાં આવે છે. અમદાવાદમાં, મરનારની 'ઝયારત'ને દિવસે (મરણ પછી ત્રીજે દિવસે) નાનો વરો અને ચાળીસમે દિવસે મોટો વરો કરવાનો રિવાજ છે. ત્રીજા દિવસની ઝયારત સુધી જે ઘરમાં મૈયત થયું હોય તે ઘરમાં રસોઈ કરતા નથી. અમદાવાદમાં, મરનારના સગાંસ્નેહીઓ તરફથી મરનારના કુટુંબને તૈયાર રસોઈ મોકલવામાં આવે છે તેને ભાથી કહે છે. દક્ષિણ ગુજરાતમાં, આવી 'ભાથી' મરનારના ઘરમાં જ, પરંતુ તેનાં સગાંસ્નેહીઓને ખર્ચે તૈયાર કરવામાં આવે છે. સૌરાષ્ટ્રમાં જ્યારે નાનાંમોટાં રાજ્યો હતા ત્યારે ત્યાં રાજકુટુંબમાં કોઈ મરણ થયેલું હોય તો તેનો "ભાથી વેરો" રૈયત પાસેથી લેવામાં આવતો હતો. તેવા ત્રણ વેરા હતા. ગાદી, શાદી અને ભાથી. રાજા ગાદી ઉપર બેસે ત્યારે, તેનું અથવા પાટવી કુંવરનું લગ્ન થાય ત્યારે અને છેલ્લો વેરો રાજકુટુંબમાં કોઈ મરણ થાય તેનો હતો.

મરણને ત્રીજે દિવસે સવારમાં 'ઝયારત' કરવામાં આવે છે. સગાંસ્નેહીઓ સામાન્ય રીતે મહોલ્લાની અથવા નજદીકની મસ્જિદમાં ભેગા થાય છે. ત્યાં કુરઆન પઢી જાણનાર દરેક જણ ત્યાં રાખેલા કુરઆનના ત્રીસ ભાગ છૂટા છૂટા હોય છે તે પૈકી અક્કેક પારો પઢે છે. આ પ્રમાણે ટૂંક વખતમાં આખા કુરઆનનો 'ખતમ' પઢી શકાય છે. જે કુરઆન પઢી જાણતા હોતા નથી તેઓ અલ્લાહ જાપની તસ્બીહ પઢે છે અને એ પઢેલાનો 'સવાબ' (પુણ્ય) મરનારના આત્માને પહોંચે એવી તેઓ દુઆ કરે છે. પછી મૌલવી વાયઝ (ધાર્મિક પ્રવચન) પઢે છે. તે થઈ રહ્યા પછી, એક ફૂલ ભરેલી તાસક અથવા ટોપલી અને એક સુંગધીદાર તેલનું જરા પહોળા મોંનું વાસણ ત્યાં હાજર શખ્સોમાં ફેરવવામાં આવે છે. દરેક જણ અકકેક ફૂલ લે છે અને તે ઉપર દરૂદ શરીફ પઢી તે ફૂલ તે તેલમાં નાખે છે. પછી આ ફૂલવાળું તેલ મરનારની કબર ઉપર રેડવામાં આવે છે. પછી ભરાયેલા માણસોને મીઠાઈ કે પતાસાં વહેંચવામાં આવે છે. મરનારના સ્નેહીઓ તેના છોકરા કે છોકરાંઓને શાલ દુપટ્ટા ભેટ આપે છે. સૌરાષ્ટ્રમાં નાના મોટા રાજાઓ હતા ત્યારે કોઈ રાજાના મરણ પછી તે રાજ્યના મુખ્ય મુખ્ય ભાયાતો, ગરાસિયા અને અમલદારોએ મરનાર રાજાના શોકમાં સફેદ સાફા બાંધ્યા હોય તેમને મરનાર રાજા સાથે સંબંધ રાખતા બીજા રાજા તરફથી કસબી ફેંટાઓ ભેટ આપવામાં આવતા હતા. મસ્જિદમાંથી લોકો વિખરાતા પહેલાં મરનારની રૂહ માટે દુઆ ગુજારે છે. તેવી જ દુઆ તેઓ મરનારને ઘેર જઈને ફરીથી પઢે છે.

ત્યારપછી, પૈસાદાર અને કેટલાક સારી સ્થિતિના મધ્યમ વર્ગના કુટુંબોમાં પણ મરનાર પાછળ લગ્નપ્રસંગ જેટલો જ ભારે નાતવરો કરવાનો રિવાજ હોય છે. ઝયારતના દિવસનો વરો પ્રમાણમાં નાનો હોય છે. પણ ચાળીસમે દિવસે, ચોથે મહિને, છઠ્ઠે મહિને, નવમે

મહિને અને વર્ષ આખરે વરા કરવા પડે છે. આ રિવાજો હિન્દુ બહુમતીના સંસર્ગથી મુસલમાનોમાં દાખલ થયેલા લાગે છે.

વરા કરવાનો આ રિવાજ આજકાલનો નથી. ઓવીંગ્ટન (ઈ. સ. ૧૬૮૯) કહે છે કે મોગલાઈના જમાનામાં મરનાર પાછળ એટલું બધું ખર્ચ કરવામાં આવતું હતું કે મરનારે મુકેલી ઠીક ઠીક મિલ્કત પણ તે ખર્ચમાં ડૂલ થઈ જતી હતી. આ તો ફૂલણજીવેડા છે. આવા દાખલા અત્યારે પણ મળે છે. કેટલાક માલદાર માણસો તો મરનાર પાછળ દસ વર્ષ સુધી આવા વરા કર્યે જાય છે, પરંતુ આવા વરામાંથા કોઈ પણ વરાનું ખર્ચ કરવું ઇસ્લામી શરિયતે મંજૂર કરેલું નથી. માત્ર મૈયતને દફન કરવામાં જે ખર્ચ થાય તેટલું જ ખર્ચ કરવાની ફરજ છે અને તેટલા ખર્ચની જ શરિયતથી છૂટ છે. વધારાનું ખર્ચ 'ફૂઝુલ ખર્ચ' (waste) છે.

મરનારનો શોક

ઇસ્લામની શરિયત જે શોક ફરજિયાત કહે છે તે માત્ર કુટુંબના વડીલના મરણથી તેની વિધવાએ સખત પરદો પાળવા માટે છે. આ શોકનો પરદો પૂરા ચાર માસ અને દશ દિવસનો હોય છે. દરમિયાન, તેને ખાસ ફરજ પડે તેવી જરૂર ના હોય ત્યાં સુધી તે ઘરની બહાર નીકળતી નથી.

આ ખાસ ઇસ્લામી રિવાજ ઉપરાંત શોકના બીજા ઘણા રિવાજો મુસલમાનોએ હિન્દુઓના સંસર્ગથી અખત્યાર કરેલા છે.

પ્રાણપંખેરું ઊડી જાય કે તરત જ, મરહુમની વિધવા તેમની બંગડીઓ ભાંગી નાંખે છે. વિધવા ફરી નિકાહ ના કરે તો, હાથમાં

કાચની બંગડીઓ અને નાકમાં વાળી કે કાંટો પહેરતી નથી. જુવાન વિધવાને બંગડીઓ પહેરવી હોય તો સોના અથવા ચાંદીની પહેરે છે, કાચની બંગડીઓ પહેરવાની જ હરકત મનાય છે.

દક્ષિણ ગુજરાતમાં ગરીબ વર્ગની સ્ત્રીઓ અને ઉત્તર ગુજરાતમાં આરબો અને ખાસ પરહેજગાર કુટુંબોની સ્ત્રીઓ સિવાય, બીજી સ્ત્રીઓ હિન્દુ રિવાજ મુજબ રડે કૂટે છે. ઉત્તર ગુજરાતમાં જ્યારે કોઈ બીજી સ્ત્રી મરનારની વિધવા પાસે પહેલી વખત જાય છે ત્યારે તે ત્યાં બેસતાની સાથે જ પોક મુકીને રડે છે. મરનારની વિધવા પણ રડવા માંડે છે. આવેલી સ્ત્રી પોતે શાંત પડી તેને શાંત પાડે નહીં ત્યાં સુધી તે રડવું ચાલુ રાખે છે. આ રિવાજને 'મોં ઢાંકવું' કહે છે.

આવો શોક પાળવાની ટૂંકામાં ટૂંકી મુદત છ મહિનાની છે. પહેલા ૪૦ દિવસ સુધી, ઘરમાંના એક ઓરડામાંથી બધું રાચરચીલું ખસેડી લેવામાં આવે છે. ખાટલા અને ગાદી તકિયા કોઈની નજર પડે નહીં તેવી રીતે ઘરના કોઈ એકાંત ઓરડામાં મૂકી દેવામાં આવે છે અને ઘરના બધા માણસો જમીન ઉપર પથારીઓ કરીને સૂએ છે. ઘરમાં રસોઈ પણ કરવામાં આવતી નથી. શોકના છ મહિનામાં ઘરમાં કોઈ તહેવાર પાળવામાં આવતો નથી; કોઈ ગાયનના જલસામાં જતા નથી. છ મહિના પૂરા થાય ત્યારે શોક ઉડાવવાની વિધિ થાય છે. તે વખતે એ કુટુંબનો કોઈ નિકટનો સગો કે સ્નેહી મરનારની વિધવા વગેરેને પોતાને ત્યાં તેડે છે. અડીને સગાંમાનો મુખ્ય વડીલ પુરુષ એક વરસ સુધી સફેદ પાઘડી પહેરે છે. સૂરતમાં આ નિયમ યથાસ્થિત પાળવામાં આવતો નથી. વિધવા જો જુવાન હોય તો કાળાં કપડાં અને વૃદ્ધ હોય તો સફેદ કપડાં પહેરે છે. રાતાંપીળાં કપડાં તે કદી પહેરતી નથી. સૂરતમાં ઘણી વિધવાઓ બીજી નિકાહ કરે છે! ભરૂચમાં આ

રિવાજ સૂરત કરતાં ઓછો છે અને મહી નદીની ઉત્તરે ફરી નિકાહ કરવાનો રિવાજ ઘણો જ ઓછો છે.

હજ

મક્કા અને મદીનાની હજ કરી આવવાની ફરજ ઇસ્લામની પાંચ મુખ્ય ફરજોમાંની એક ફરજ છે. તે પાંચ ફરજો આ પ્રમાણે છે. ૧. ઇસ્લામના મૂળભૂત સિદ્ધાંતો શ્રદ્ધાથી માનવા, ૨. પાંચ વખતની નમાજ પઢવી, ૩. રમજાન માસમાં રોજા રાખવા ૪. ઝકાત આપવી અને ૫. હજ પઢવી. આ પાંચ ફરજોમાંની પહેલી ત્રણ બધા મુસલમાનો માટે ફરજિયાત છે; જ્યારે છેલ્લી બે સારી સ્થિતિવાળા માટે જ છે.

સુન્નીઓ મક્કા–મદીનાની હજ પઢે છે જ્યારે શિયાઓ મક્કા–મદીના ઉપરાંત કરબલા શરીફની ઝયારત પણ કરે છે. ("હજ" મક્કા–મદીના જવા માટે જ વપરાય છે; બીજી કોઈ પણ દરગાહે જવા માટે 'ઝયારત' શબ્દ વપરાય છે. 'ઝયારત'નો અર્થ 'દર્શન' (Visit) થાય છે. (શિયા વહોરાઓ અને ખોજાઓ મદીના જતા નથી.

ગરીબ માણસો સાધનોને અભાવે હજ પઢવા જાય છે ત્યારે તેમની જિંદગીનું જોખમ ખેડે છે. હજ પઢીને પાછા આવે છે ત્યારે તેમના સગાંસ્નેહીઓ તેમને લેવા માટે મુંબઈ સુધી સામા જાય છે. હાજીઓ તેમને મક્કા શરીફથી આણેલું ખજૂર અને કાબા શરીફમાં આવેલા 'ઝમઝમ'ના કૂવાનું પાણી બરકતી ચીજો તરીકે આપે છે. કેટલીક વખત હાજીઓ મક્કામાંની કાબા શરીફમાંની ધૂળ પણ લઈ આવે છે અને તે બહુ સંભાળથી સાચવી રાખે છે. તેઓ માને છે કે તેથી ઘણાં દરદો મટે છે.

સુન્ની વેપારી વહોરાઓમાં જે માણસ હજ પઢી આવ્યો હોય છે તે હજથી પાછો ફર્યા પછી તેની બાકીની જિંદગીમાં તે અરબી પોશાક પહેરે છે. આ રિવાજ માત્ર સુરત જિલ્લામાં છે. ગુજરાતના બીજા જિલ્લાઓમાં નથી. ચુંદડીગરોમાં હજ પઢી આવેલા હાજીને તે પાછો આવે ત્યારે ત્રણ દિવસ સુધી તેની કોમ તેને જમાડે છે અને બીજા છ સાત દિવસ સુધી તેનાં સગાંવહાલાં તેને તે પ્રમાણે જમાડે છે.

પ્રકરણ ૭૨

રમતગમતો

બહારની કસરતો–શિકાર

મુસલમાનોની રમતગમતો ત્રણ પ્રકારની હોય છે:

૧. ઘર બહાર કરવાની કસરત; ૨. ઘરમાં રમવાની રમતો, ૩. સંગીત.

બહુ જ થોડા મુસલમાનોને શિકારનો શોખ હોય છે, અથવા તે માટે તેમને આવશ્યક અવકાશ મળે છે. જેને તેવો શોખ હોય છે અથવા તે માટે અવકાશ મળે છે તેઓ શિકારી કૂતરા અથવા ચિત્તાથી હરણનો શિકાર કરે છે.

ઘોડા પર સવારી કરવાની કસરત એક વખતે બહુ લોકપ્રિય હતી, પરંતુ છેલ્લાં થોડાં વર્ષોમાં ભાલાથી હરણનો શિકાર કરતા હતા તે હવે બંધ થયેલો છે.

ઘોડાની માનીતી જાત ચોટીલા અથવા કાઠિયાવાડી ઘોડાની છે. તેનો કાળો અથવા ઘેરો રંગ માનીતો રંગ મનાય છે. ઘોડાની ગરદન ઉપરના વાળ કેવી રીતે રાખવામાં આવે છે તેને પણ અગત્ય આપવામાં આવે છે. સવારીનો ઘોડો દોડતો જાય (in trot) તે ખરાબ ‘ ચાલ ’ ગણાય છે. માનીતી ચાલો ‘ રહવાલ ’ (રવાલ) અને ‘ લંગૂરી ’ (વાંદરાની લાંબા કૂદકા મારવાની ચાલ અને ‘ ધીરક ’ (ઘોડો ‘ ઝોડ ’ થાય તે ચાલ) હોય છે. ઘોડાને આવી ચાલો શીખવવા માટે ‘ ચાબુક સવાર ’ (Jokey) રોકવામાં આવે છે.

ઘોડા ઉપરની એક કસરત જે હજુ ચાલુ રહી છે તે ‘ ભુટાટી ’ અથવા ‘ ભુનેટી ’ એટલે પાંચ ફૂટ લાંબી લાકડીને બે છેડે ઊન ભરી તે છેડા પર ચામડાના કવર ચઢાવેલાં હોય છે તે લાકડી ફેરવવાની હોય છે.

હલકી બળદ ગાડીઓની શરત દોડવી, અને (સુરત જિલ્લામાં) લડાયક ઘેટાં, મરઘાં, બટેર (Quails) અને સુર્ખ (red wax bills) ને લડાવી તે ઉપર પૈસાની રમત રમવી (ઉત્તર ગુજરાતમાં) આજકાલ સર્વપ્રિય રમતો થઈ પડી છે.

અખાડા

સાંજનો સમય અખાડામાં અંગ કસરત કરે છે. અખાડામાં તાલીમ આપનાર ઉસ્તાદ ઘણું કરીને પેન્શન લીધેલો લશ્કરી સિપાહી હોય છે. તે બે પ્રકારની કસરતો શીખવે છે. નાની અને મોટી. મોટી કસરતો ત્રણ પ્રકારની હાય છે. (૧) બેઠક :—જમીન ઉપર બેસીને એકદમ છલંગ મારીને ઊભા થઈ જવું. (૨) દંડ પીલવા અને (૩) અખાડાની ધૂળમાં પછડાવું. મગદળ ફેરવવા, મલખમ ઉપર ચઢવું અને સાંકળો ખેંચવાની કસરતો પણ ત્યાં થાય છે. સાધારણ લાકડીથી ‘ પટા ’ ખેલતાં શીખવે છે અને જમણા હાથમાં અંદર રૂ ભરી ઉપર ચામડું ચઢાવેલી લાકડી અને ડાબા હાથમાં ચામડાની ઢાલ રાખી પટા ખેલવાની ‘ ફરીગટકા ’—Pharigatka— નામની કસરત પણ શીખવે છે. પણ ખરી હોશિયારીની કસોટી તો કુસ્તીમાં થાય છે. જે પોતાના હરીફને પહેલો જમીન ઉપર ચત્તો પાડે તે જીત્યો ગણાય.

ઘરમાં રમવાની રમતો

ઘરમાં રમવાની રમતોમાં શેતરંજ, ગંજીફો—દેશી અને અંગ્રેજી

બન્ને રીત પ્રમાણે, અને ચૌસર અથવા પચ્ચીસી—એ મુખ્ય રમતો છે. છોકરાઓ પતંગો ઉરાડે છે અને લખોટે રમે છે. આજકાલ, ક્રિકેટ પણ દાખલ થઈ છે.

શેતરંજ રમવાની દેશી રીત યુરોપિયન રીતથી માત્ર એકબે બાબતોમાં જ જુદી પડે છે. તે આ પ્રમાણે છે :— રાજા, રાણી અને કિલ્લાઓના પ્યાદાં શરૂઆતમાં બે બે ઘર ચાલે છે; રાજા શહેરમાં ના હોય ત્યારે તેની પહેલી ચાલ સરદાર (knight) જેવી જ હોય છે; રાજા અને રાણીના પ્યાદાં જ 'રાણી' થઈ શકે છે અને એ પ્રમાણે ચાલ્યા કરે અને છેલ્લાં પાંચ જ ઘર બાકી રહ્યાં હોય તો રમત સંકેલી લેવામાં (draw) કરવામાં આવે છે.

દેશી રીત યુરોપિયન રીત કરતાં વધારે ઘોંઘાટવાળી હોય છે. દરેક રમનાર સાથે તેના થોડા મિત્રો તેને સલાહ આપવા માટે હોય છે અને દરેક ચાલ વખતે મોટે અવાજે ચર્ચા કરવામાં આવે છે.

આ રમતની બીજી બે—ઇરાની અને હિન્દી રીતો—સાધારણ રીત કરતાં ઘણી રીતે જુદી પડે છે. ઇરાની રીતને 'ઝરાફ' કહે છે અને તેમાં વધારે ખાનાં અને વધારે પ્યાદાં હોય છે. હિન્દુઓની 'જોરીબાજી'ની રમત સામાન્ય રમવાના પાટિયા અને સામાન્ય પ્યાદાંથી જ રમવામાં આવે છે. પરંતુ તેમાં કોઈ બચાવની રમત (covered piece) રમવામાં આવતી નથી.

ગંજીફાની દેશી રમત ત્રણ રમનારા આઠ ગંજીફાથી રમે છે. દરેક ગંજીફાના માત્ર ૧૨ પત્તાં જ રમવામાં વપરાય છે. એ રીતે દરેક રમનારને ૩૨ પત્તાં રમવા મળે છે. ગંજીફાના ચાર મુખ્ય પત્તાં અને ચાર ગૌણ પત્તાં હોય છે. મુખ્ય પત્તાં 'તાજ' 'સફેદ ચંદ્ર' 'ગુલામ', અને 'સમશેર' છે; ગૌણ પત્તાં 'અંગ' (ઘંટ) 'સુર્ખ સુરજ',

શરાફનો રૂક્કો 'બારન' અને 'કુવાશ' છે. મુખ્ય પત્તાંમાં અનુક્રમે 'રાજા' પહેલાં, 'વજીર' બીજો, દસ્સો ત્રીજો અને નવ્વો ચોથો ગણાય છે. એક્કો સૌથી છેલ્લો અને હલકો ગણાય છે. ગૌણ પત્તાંની કિંમતમાં 'રાજા,' 'વજીર,' 'એક્કો,' 'દૂરી,' 'તીરી' વગેરે અને દસ્સો સૌથી ઓછી કિંમતનો હોય છે. મુખ્ય પત્તાં 'હુકમ'નાં પત્તાં ગણાય છે. દિવસે સૂર્યવાળાં પત્તાં અને રાત્રે ચંદ્રવાળાં પત્તાં ચડિયાતાં ગણાય છે. સૂર્યનાં પત્તાં રમનારને બેમાંથી ગમે તે પ્રકારનાં પત્તાં આપવામાં આવે છે. સૌથી હલકાં પત્તાં તે કાઢી નાખે છે. રમતાં પહેલાં પત્તાં ચીપવામાં આવે છે. દિવસે જેની પાસે સૂર્યવાળાં પત્તાં આવ્યા હોય છે તે રમત શરૂ કરે છે અને રાત્રે ચંદ્રવાળાં પત્તાંવાળા.

ગંજીફાની રમત જૂના જમાનાના એક રાજાના વજીરે શોધી કાઢયાનું કહેવામાં આવે છે. તે રાજાએ થોડા વખત માટે પોતાનું રાજ્ય ગુમાવ્યું હતું અને તે છૂપી રીતે રહેતો હતો. ત્યારે તેનો વજીર તેની સાથે હતો. રાજા ઘણી વખત ઊંડા વિચારવમળમાં ઊતરી જતો હતો. તે વખતે તેના હાથ વિચારહીન મનોદશામાં માખો પકડતા હતા. જે સ્થાનમાં રાજા રહેતો હતો ત્યાં માંખોની વિપુલતા હતી. રાજા માંખોની પાંખો એક એક કરીને તોડી નાખવામાં અને પછી તેને ફેંકી દેવામાં પોતાનો કાળવ્યય કરતો હતો. વિચારશીલ વજીરને રાજાના માનસની આ કમનસીબ હાલતથી ઘણું લાગી આવ્યું હતું અને તેને તેમાંથી ઉગારવા તે યોજનાઓ યોજતો હતો. તે એવી શોધમાં હતો કે રાજાના હાથ અને તેનું મગજ કોઈ ઉપયોગી કામમાં રોકાયલાં રહે તો તે આ પ્રકારની દુર્દશામાંથી ઊગરી જાય. છેવટે તેણે આ ગંજીફાની રમત શોધી કાઢી. ગંજીફાનાં પાનાં હાથમાં પકડી રાખવાં પડે અને રમતમાં હાથ ઊતરવામાં મગજ કસવું પડે. તેથી હાથ અને મગજ બન્નેને પૂરતું કામ મળી રહે.

'ચૌસર' અને પચ્ચીસીની રમતોમાં મુખ્ય ફેર એ છે કે 'ચૌસર'-માં ત્રણ પાસા હાથ વતી નાખી તેના દાણા ગણવાના હોય છે, જ્યારે 'પચ્ચીસી'માં છ સાત કોરીઓ નાખવાની હોય છે, 'ચૌસર'-ચાર શિખાનું નામ તેના રમવાના પાટિયાના ક્રોસ જેવા આકાર ઉપરથી પડેલું છે. 'પચ્ચીસી'–૨૫, છ કોરીઓ નાખવામાં ૨૫ એ દાણાની સૌથી મોટી સંખ્યા હોય છે. ચૌસર મુખ્યત્વે ઉપલા વર્ગના માણસો રમે છે અને પચ્ચીસી ગરીબ વર્ગની સ્ત્રીઓ રમે છે. આ રમત ચાર રમનારા ચાર કુટીઓથી રમે છે; અથવા બે રમનારા આઠ કુટીઓથી રમે છે. તેના રમવાના પાટિયાનો આકાર ચાર લંબચોરસના ક્રોસ જેવો હોય છે. સાંકડી બાજુઓ એવી રીતે ગોઠવેલી હોય છે કે મધ્યમાં એક ચોરસ થઈ જાય છે. દરેક લંબચોરસ શેતરંજના આઠ લાંબી બાજુનાં ખાનાં અને ત્રણ પહોળી બાજુનાં ખાનાં જેટલો હોય છે. રમતની શરૂઆત દરેક રમનાર પોતાના લંબચોરસના મધ્યમાંથી અને મધ્યના ચોરસ પાસેના ખાનામાંથી કરે છે. રમનાર તેની ચાર કુટીઓ બહારની બાજુના ખાનામાં ચલાવે છે અને છેવટે તે મૂળ સ્થાને પાછી આવે છે. મુશ્કેલી એ હોય છે કે ચોપટની રમત માફક જો કુટીઓને કંઈ રક્ષણ મળે નહીં તો સામો રમનાર તે કુટીઓ 'મારે' છે અને તે રીતે બધી કુટીઓ પહેલા રમનાર પાસે પાછી આવે છે, તેથી તેને રમત નવેસરથી શરૂ કરવી પડે છે. ચારમાંથી ત્રણ રમનારા પોતાની કુટીઓ રમતના પાટિયાની ચારે બાજુ ફેરવી રહે ત્યાં સુધી આ રમત રમવાની પહોંચે છે.

પતંગો ઉરાડવી એ માત્ર છોકરાઓની જ રમત નથી પરંતુ મોટી ઉમરનાં માણસો પણ તેમાં રસ લે છે. પતંગો જુદા જુદા માપની અને રંગની ચોરસ અને પૂંછડી વિનાની હોય છે. પતંગ ઉરાડવાની દોરી સાધારણ શીવવાના દોરા બેવડાત્રેવડા કરી, તેને આર પાયેલો

હોય છે અને કેટલીક વખત વાટેલો કાચ પણ તે આરમાં નાંખીને પાય છે. આ કરકરો દોરો પતંગો પરસ્પર કાપવાની હોય છે ત્યારે વાપરવામાં આવે છે. ઘણી વખત બને છે તેમ એ પ્રમાણે કપાયલી પતંગ પાછળ ઘણાં છોકરાઓ અને મોટી ઉંમરનાં માણસો પણ તે પકડવા દોડે છે અને કોઈ તેને પાડે કે તરત જ બીજા તે લૂંટવા તૂટી પડે છે. આમ કરવામાં કેટલીક વખત મારામારી થાય છે ને પતંગના ફુરચા ઊડી જાય છે; પરંતુ આ તો પતંગ ઉડાડનારાની રમતનો એક ભાગ હોય છે.

સારી સ્થિતિના વર્ગોમાં પુરુષોને નહીં પરંતુ માત્ર સ્ત્રીઓને જ રમતગમત માટે ફુરસદ મળે છે. એમને સગાંસ્નેહીઓમાં જવા-આવવાનો પૂરતો અવકાશ હોય છે. અમદાવાદ સિવાય બીજાં સ્થળોએ તેઓ પત્તાં, ચૌસર વગેરે રમે છે. દક્ષિણ ગુજરાતમાં કેટલીક સ્ત્રીઓ શેતરંજ રમવામાં હોશિયાર હોય છે.

નાની છોકરીઓ ઢીંગલીઓ રમવામાં પોતાનો વખત વિતાવે છે. પૈસાદાર કુટુંબોમાં તો કેટલીક વખત ઢીંગલીઓના લગ્નસમારંભો યોજવામાં આવે છે અને તેમાં ઠીક ઠીક રકમ ખર્ચવામાં આવે છે.

વળી, તેઓ 'આંખ મિચાવની'—"Hint the Slippers" "અંધી ચુંહી"—Blindman's Buff અને "ફૂદડી"–Merry Rounders રમે છે. ફૂદડીની રમતમાં બે છોકરીઓ એકબીજાનો હાથ ઝાલી, આંખ સામી ઊભી રહી, ફૂંડાળે પડી જોરથી ફૂદડી ફરે છે. એમાંથી એક થાકી જાય ત્યાં સુધી તેઓ એ પ્રમાણે કર્યા કરે છે.

સંગીત

હ. પયગમ્બરસાહેબ(અલ.)ને સંગીત પસંદ નહોતું, અને સંગીતનો ધંધો મુસલમાનોમાં આબરૂદાર ધંધો ગણાતો નથી. તેમ

છતાં, ગુજરાતમાં, બધી કોમના મુસલમાનોમાં, અને, અમદાવાદ સિવાય, સ્ત્રીઓમાં પણ સંગીત માટે શોખ અને કળા હોય છે. વચલા અને ઉપરના વર્ગોમાં શિખાઉ સંગીતકારો સિતાર વગાડતાં શીખે છે. જોકે ગાવું આબરૂદાર ગણાતું નથી. છતાં ઘણાં ગાવા માટે કંઠ કેળવે છે અને ખાનગીમાં, મિત્રોના નાના જલસાઓમાં અધૂરું ગાય છે.

તેઓ જે ગાયનો ગાય છે તે ત્રણ પ્રકારનાં હોય છે. હિન્દીમાં પ્રેમગીતો, ઉર્દૂમાં ઇશ્કની ગઝલો અને ઊર્મિગીતો અને ફારસીમાં ઇશ્કની ગઝલો કેટલાક ગાય છે અને સિતાર પણ વગાડી જાણે છે.

ઉચ્ચ વર્ગની સ્ત્રીઓ ગાવાવગાડવાનું ક્વચિત્ જ શીખે છે, પરંતુ મધ્યમ અને ઊતરતા વર્ગોમાં, આનંદના પ્રસંગોએ તેઓ સાહેલીઓ ભેગી કરી હિન્દી અને ઉર્દુ ગઝલો વગેરે ઢોલ સાથે ગાય છે.

તવાયફો, ભાંડ અને મુખ્યત્વે ઉત્તર હિન્દમાંથી ગવૈયા આવે છે. તે ઉપરાંત મુસલમાનોમાં તાલીમ પામેલા બીજા બે સંગીત જાણનારા વર્ગો છે. તેઓ ઢોલ વગાડનાર 'દામનીઓ' જેમને સારાં કુટુંબોમાં પણ પ્રવેશ મળે છે અને 'ગાનારી છોકરીઓ' જેમને ગાતા અને નાચતા શીખવવામાં આવે છે તે સિતાર અને તંબૂરો વગાડતાં શીખે છે. જે કુટુંબમાં તેઓ રહે છે તેનો વડીલ તેમને પ્રસંગોપાત્ત પૈસા અને કપડાં આપે છે. આ વર્ગ એક વર્ગ તરીકે હવે નાબૂદ થયેલો છે. જૂનાગઢમાં 'બંધીઓ'નો એક વર્ગ છે તે ત્યાંના અમીર કુટુંબોમાં અને કેટલીક વખત નવાબ સાહેબના મહેલમાં પણ ગાવા-બજાવવાનું કામ કરતી હતી. હવે તો તેમના મુરબ્બીઓ સાથે તે વર્ગ પણ બેકાર થવાથી અદૃશ્ય થયો હોય તો ઈશ્વર જાણે.

નાટ્યકળા

નાટક માટે થોડું જ કહેવાનું છે. મુસલમાનો હિન્દુઓનાં નાટકો જોવાના શોખીન હોય છે, પરંતુ તેઓ પોતે ભાગ્યે જ તેમાં ભાગ લે છે.

વાચન

મુસલમાન સ્ત્રીપુરુષો જાતે વાંચવામાં અથવા બીજા વાંચે તે સાંભળવામાં પોતાના અવકાશનો ઘણો વખત ગાળે છે. તે પુસ્તકો તેઓ વાંચે છે તે ઘણું કરીને અને કદાપિ ઉર્દૂમાં બીજા પ્રકારના સાહિત્યના અભાવને લીધે, ગદ્યપદ્યમાં ઇશ્કના કિસ્સાઓ સિવાય બીજુ કંઈ હોતું નથી. ઇસ્લામના કડક કાનૂનો મુજબ, આવી ઘણી કિતાબો સ્ત્રીઓ માટે વાંચવાલાયક હોતી નથી અને ઘણાં કુટુંબોમાં તો બની શકે ત્યાં સુધી એવી કિતાબો ઝનાનખાનામાં દાખલ થવા દેતા નથી.

દીનની કિતાબો સિવાય, બીજી કિતાબો જે વંચાય છે તે તે 'મસનવી-મીર-હસન' અને 'ગુલ-બકાવલી' હોય છે. અર્વાચીન કિતાબોમાંથી જે કિતાબ ઘણાંખરાં કુટુંબોમાં વંચાય છે તે 'મીરાત-ઉલ-ઉરસ'—સ્ત્રીઓની આરસી છે. તેમાં એક ભણેલી અને બીજી અભણ એવી બે બહેનોની વાત છે. અંગ્રેજી નવલકથાઓના તરજુમા હવે તો થવા લાગ્યા છે અને અંગ્રેજી નહીં જાણનાર તે રસથી વાંચે છે.

પ્રકરણ ૭૩

મુસલમાનોની કોમ તરીકેની વર્તમાન સ્થિતિ

કુરઆને પાક અને હ. પયગમ્બર સાહેબે (અલ.) "કુલ્લુન મો'મેનુન ઇખ્વતુન" બધા મુસલમાનો ભાઈ ભાઈ છે, એવો બોધ કરીને ઇસ્લામમાં જે ભ્રાતૃભાવ પ્રેર્યો છે, તેમાંથી હાલ એટલું તો શેષ રહેલું છે કે સરખા સંજોગોમાં મુસલમાનો અન્ય ધર્મીઓ કરતાં 'કલમાગો' મુસલમાન ભાઈને પહેલી પસંદગી આપે છે. ઈ. સ. ૧૮૬૯ના અરસામાં, દક્ષિણ ગુજરાતમાં, કેટલાક વહહાબી ધર્મોપદેશકોએ ધીરા પણ સંભાળપૂર્વક ધર્મોપદેશથી ઇસ્લામનો અસલ તીવ્ર જુસ્સો સતેજ કર્યો હતો. એથી ઘણા લોકોએ કેટલાક બિનઇસ્લામી રિવાજો છોડી દીધા હતા, એટલે સુધી કે લગ્ન પ્રસંગોએ વાજાં વગાડવાં પણ બંધ કર્યાં હતાં, પરંતુ આ ધર્મોપદેશકનો મુખ્ય પ્રચારક મૌલવી લિયાકતઅલી, જે ઈ. સ. ૧૮૫૭ના બળવામાં એક અગ્રણી હતો તેને સરકારે પકડ્યો હતો. તે ઉપરથી એ ચળવળ વધારે પ્રગતિ કરી અટકી પડી હતી. ત્યારપછી વહહાબી મઝહબ મુસલમાનોમાં અપ્રિય થઈ પડ્યો હતો. અને જોકે હવે (ઈ. સ. ૧૮૯૮) તેને ફરીથી સતેજ કરવા પ્રયાસો થઈ રહ્યા છે, છતાં હજી તે સફળ થયા લાગતા નથી. ત્યાર પછીથી, એ મઝહબે પૂરતી પ્રગતિ કરેલી છે. ખેડા જિલ્લામાં નડિયાદમાં અને કાઠિયાવાડમા જૂનાગઢમાં તેમણે થાણાં જમાવેલાં છે. તે ઉપરાંત, છૂટાંછવાયાં મંડળો અહીંતહીં એ ઉપદેશ કર્યા કરે છે અને મુસલમાનોમાં તેની અસર થતી જાય છે.

શીઆ અને સુન્નીઓ મઝહબી મતાંતર હોવા છતાં, કેળવાયલા વર્ગોમાં આ બે ભિન્ન મઝહબના માણસો વચ્ચે દોસ્તી અને નિકાહ સુદ્ધાંત થાય છે. શીઆ કહે છે કે તેમના મઝહબનો વિરોધી ના હોય તેવો "બે-તા 'સુબ" સુન્ની અર્ધો શીઆ જ છે. સુન્ની તેનો જવાબ આપે છે કે પહેલા ત્રણ ખલીફા માટે દુશ્મની નહિ રાખનાર 'બે-તઅસુબ' શીઆ, જો તે ખાસ વ્હોરો ના હોય તો તે શીઆ નથી. આ બે કોમ વચ્ચે, ખાસ કરીને સુન્ની અને શીઆ વ્હોરા વચ્ચે, જો કોઈ એક લાગણી સામાન્ય હોય તો તે તિરસ્કારની લાગણી છે. ઊતરતા વર્ગના સુન્ની મુસલમાનોમાં આ લાગણી એટલી તીવ્ર છે કે તે સુન્નીઓ શીઆ વ્હોરાઓને મુસલમાન જ ગણાતા નથી. અમદાવાદમાં, સુન્ની મુસલમાનો બનતા સુધી શીઆ વ્હોરાઓ સાથે ખાવાપીવાનો સંબંધ રાખતા નથી.

ઘણા વર્ગોમાં ઈસ્લામનાં ધાર્મિક બંધન કરતાં, એક કુટુંબ કે એક કબીલાનાં અંગભૂત હોવાનો અથવા એક પ્રકારનો ધંધો કરનારા હોવાનો સંબંધ વધારે મજબૂત મનાય છે. આ જ કારણથી, સાધારણ નિયમ તરીકે, આવી કોમો અંદર અંદર જ લગ્નવ્યવહાર કરે છે. આવી 'જમાતો'ના આગેવાનને 'મુખી' કે 'પટેલ' કહે છે. દરેક જમાતના પોતાના નિયમો હોય છે, પણ તે નિયમ માત્ર સામાજિક બંધારણને લગતા જ હોય છે. નિયમોનું ઉલ્લંઘન થાય ત્યારે તે જમાત તરફથી દંડની સજા કરવામાં આવે છે. આ રીતે ભેગી થયેલી રકમ વાર્ષિક જમણ કરી ખર્ચી નાખવામાં આવે છે. કેટલીક જમાતોમાં આ ફંડમાંથી તે કોમના ગરીબ, નિરાધાર માણસોને મદદ કરવામાં આવે છે.

ધાર્મિક અને સામાજિક મંડળો ઉપરાંત, બધા જ મુસલમાનો આનંદ કરવા ભેગા મળે છે. પૈસાદાર અને સુખી સ્થિતિના વર્ગોમાં,

યુવક વર્ગ એકાદ ભાડાના રૂમમાં અથવા વારાફરતી તે મંડળના સભ્યોને ઘેર ભેગા થાય છે અને સાંજનો સમય વાંચવામાં અને બીડીઓ પીવામાં ગાળે છે. ગરીબ માણસોની પણ કલબો હોય છે. તેમાં પ્રમુખ હોય છે અને કલબના નિયમોનો અમલ કરાવવા દંડની સજા રાખવામાં આવે છે. અમુક દિવસોએ તેઓ સાંજે મળે છે, અને ચહાપાણી કરે છે અને ઢોલસિતાર વગાડે છે. ઈ. સ. ૧૮૭૭માં તૂર્કો રૂસી વિગ્રહમાં લોકો એટલો રસ લેતા હતા કે ઘણા મુસલમાનો કલબો બનાવી, વાચનાલયો યોજી, ત્યાં આવતાં ઉર્દૂ પેપરો વાંચતા અને સાંભળતા હતા.

બે વિશ્વયુદ્ધો ખેલાઈ ગયાં છે અને અત્યારે જોકે સર્વત્ર શાન્તિની વાતો કરવામાં આવે છે, છતાં દરેક પ્રજાની લડાયક તૈયારીઓ વિચારતાં અને વિનાશકારી ઍટમ અને હાઈડ્રોજન બૉમ્બોની બનાવટો સૂચવે છે કે ત્રીજું વિશ્વયુદ્ધ થાય તો નવાઈ નહીં.

આ રાજકીય પરિસ્થિતિએ આર્થિક અને સામાજિક ક્ષેત્રો ઉપર અસર કરેલી છે. તે સાથે પશ્ચિમના જડવાદે ધાર્મિક માન્યતાઓને શિથિલ કરવાનો ભાગ ભજવ્યો છે.

અર્ધી સદી પહેલાંના મુસલમાનોમાં ખુમારી હતી કે અમારા બાપદાદા 'સમશેર બહાદુર' હતા. તે લાગણી નવી કેળવણીથી ઓસરી ગઈ હતી. અંગ્રેજોની એક પક્ષને બીજા પક્ષ સામે કરવાની રાજનીતિએ થોડો વખત મુસલમાનોની કેળવણીને ઉત્તેજન આપવા, તેમના કેળવાયલા વર્ગને રાજ્યની નોકરીઓમાં બને તેટલું સ્થાન આપ્યું હતું, તેથી તેમની આર્થિક અને સામાજિક સ્થિતિ સુધરતી જતી હતી.

પરંતુ ત્યારપછી, દેશના ભાગલા પડતાં, ઘણે ઠેકાણે મનના પણ ભાગલા પડ્યા છે. આ વૃત્તિ ગામડાં કરતાં શહેરોમાં અને ભિન-

કેળવાયલા કરતાં કેળવાયલા વર્ગોમાં વિશેષ દેખાય છે. કૉંગ્રેસના બિન-કોમવાદના રાજતંત્રમાં છૂપો કોમવાદ સંતાયેલો છે. મુસલમાનોની ઉર્દૂ શાળાઓ બંધ થઈ છે. પરિણામે, તેમની ઇસ્લામની માહિતી ઓછી થતી જાય છે. આર્થિક ક્ષેત્રમાં પણ માત્ર કૉંગ્રેસ પક્ષને જ મોટે ભાગે ઉત્તેજન મળે છે. આથી મુસલમાનોનું સ્થાન સમાજમાં ઊતરતું જાય છે. કેટલાક સાધનસંપન્ન વર્ગો—ઉદા. કાઠિયાવાડના માલદાર મેમણો હિજરત કરી ગયા છે. રહ્યા છે તે ઘરને ખૂણે ભરાઈ રહેવાનું પસંદ કરે છે.

કૉંગ્રેસની કન્ટ્રોલ અને રાષ્ટ્રીયકરણની રાજનીતિએ જૂના અર્થ-શાસ્ત્રના નિયમોમાં મૂળભૂત ફેરફાર કરી દીધા છે. મુસલમાનો પહેલેથી જ આર્થિક ક્ષેત્રમાં નબળા તો હતા જ અને હવે તેઓ વધારે નબળા પડતા જાય છે.

મુસલમાનોની અત્યારની એકંદર સ્થિતિ નિરાશાજનક છે. ભાવિની તો ખુદાને ખબર!

H. A. Kazi

પ્રકરણ ૭૪

મુસલમાનોનું ભાવિ

હિન્દના મુસલમાનો એટલા આળસુ કે કામને માટે નાલાયક તો નથી, તોપણ તેમનામાં કરકસર અને દીર્ઘદૃષ્ટિની એટલી ખામી છે કે તેમનું ભાવિ શંકાસ્પદ લાગે છે. ઘણાં કુટુંબોમાં છોકરાંને 'બિસ્મિલ્લાહ' પઢાવ્યા પછી, તેની કેળવણીની શરૂઆત કરે છે. શરૂમાં તે કુરઆન શરીફ પઢે છે. તે 'ખતમ' (પૂરું) કરતાં તેને બે ત્રણ વર્ષ લાગે છે. પછી, સુખી કુટુંબો પોતાના પુત્રને કોઈ સારા મૌલવી પાસે ફારસી, ઉર્દૂ શીખવા મોકલે છે. તેમાં પણ સારો વખત વીતે છે. ત્યાં સુધી છોકરો એટલો મોટો થઈ જાય છે કે તેને ગુજરાતીમાં નાના નાના છોકરાઓ સાથે બેસીને ભણવામાં 'શરમ' આવે છે. મુસલમાનોમાં 'દીની' તાલીમની અગત્ય એટલી બધી માનવામાં આવે છે કે આ 'અહાર રોઝા ઝિંદગી' માટે 'દુન્યવી' તાલીમ લેવી બિનજરૂરી સમજે છે!

છતાં કેટલાંક કુટુંબો આવી દુન્યવી તાલીમની અવગણના કરતાં નથી. અલીગઢ કૉલેજે ફૂંકેલા નવા પવનની અસર મુસલમાનોમાં અંગ્રેજી અમલ દરમિયાન ઠીક ઠીક થઈ લાગતી હતી, પરંતુ હવે તે ઉપર ઠંડું પાણી ઢોળાઈ રહ્યું છે. જે કેળવણી નોકરીમાં ફળ આપતી નથી, તેવી કેળવણી લઈને ફાયદો પણ શો? વળી, કેળવણી ખાતર જ કેળવણી લેનારા તો અત્યારે વીરલા છે. મુસલમાનોમાં તો તેઓ શૂન્યવત્ છે.

જૂનાગઢનું જ દૃષ્ટાંત બસ છે. ત્યાં ઈ. સ. ૧૯૦૧માં કૉલેજ શરૂ થયા પછી હિન્દુ કુટુંબોમાં થોકબંધ ગ્રેજ્યુએટોના વેઢા પણ ગણાય. તેટલા જ બી.એ. થયેલા છે. એ કૉલેજ શરૂ થયે ૬૦ વર્ષ વીતી ગયાં છે, તોપણ મુસલમાનોની કેળવણીના ભાવિમાં ડોકિયું કરવું મુશ્કેલ છે. આ સ્થિતિ માત્ર હમણાં જ પેદા થઈ છે એમ નથી. અર્ધી સદી પહેલાં ઉર્દૂ શાયર હાલીએ "મુસદ્દસ"માં એનો તાદૃશ્ય ચિતાર આપેલો છે. મૌલાના હાલી અલીગઢ કૉલેજના સ્થાપક સર સૈયદ અહમદના સમકાલીન અને તેમના અંગત મિત્ર હતા અને તેમની જ પ્રેરણાથી તેમણે 'મુસદ્દસ'નું ખંડ કાવ્ય લખ્યું હતું.

ત્યાર પછી, અલ્લામાં સર મોહમ્મદ ઇકબાલે તેનું વર્તમાન ચિત્ર તેમનાં બે ખંડ કાવ્યો—"શિકવા" (અલ્લાહ પાક પાસે મુસલમાનોની ફરિયાદ) અને "જવાબ શિકવા"માં આબેહૂબ આપેલું છે.

હાલીએ મુસલમાનોની વર્તમાન સ્થિતિ સંબંધે "આ હઝરત" (અલ)ને અર્ઝરૂપે જે કાવ્ય લખેલું છે તે અત્યારના ઇસ્લામનો અને મુસલમાનોનો તાદૃશ્ય ચિતાર આપે છે. તેથી તેનો ગુજરાતી તરજુમો આ નીચે મેં ઉમેર્યો છે. તે સાથે એક બીજા ઉર્દૂ શાયર આગાહલીના કાવ્ય "અલ્લાહ પાક પાસે મુસલમાનોની દુઆ"નો ગુજરાતી તરજુમો પણ ઉમેર્યો છે.

રસૂલુલ્લાહને અરજ

(હરિગીત)

સરતાજ સૌ નબીઓતણા, કરું અર્જ હું ઉમ્મત વતી,
આ કાળ કપરો, કારમો, કહું છું કથા અમ દર્દની:—

(૨)

આરંભમાં ઇસ્લામની જાહોજલાલી શી હતી !
ને આજ એની દુર્દશા, સૌ ઠોકરે મારે મળી !

(૩)

જે દીનમાં દાખલ થવા, પત્રો લખ્યા પયગમ્બરે—
સીઝર, નજ્જાશી, શાહને, તે દીનને દુનિયા હસે.

(૪)

જેણે જગાડયું યુરપને, જે ઇલ્મની ભુરકી વડે,
તે દીનમાં ના ઇલ્મ છે, ના ઇલ્મની ચર્ચા હવે.

(૫)

જેણે મટાડયા કોમના સદીના જૂના ઝઘડા બધા,
તે દીનમાં ઝઘડા પડયા, કંઈ દીનના, દુનિયાતણા.

(૬)

તે મેળવી કોમો વિરોધી, એક 'કલમા' આશરે,
તે દીનમાં બે ભાઈઓ લડતા જુઓ છો આજ રે !

(૭)

જે ધર્મના વિવાદમાં, જ્યાં અન્ય વર્ગો હારતા,
તે દીનની હાંસી થતી, શી કાળની બલિહારી આ !

(૮)

તુજ દીનની સચ્ચાઈ તો પહેલાં હતી તે આજ છે,
પણ દિલ થયાં દીનદારનાં સચ્ચાઈથી ખાલી હવે.

(૯)

દૌલત ડૂબી, ઇજ્જત ઊડી, દરિયાદિલી સૂફાઈ ગઈ,
બાકી રહ્યું છે દીનનું જે નામ તે યે કયાં સુધી !

(૧૦)

મુસ્લિમ દિલે તુજ નામની ઇજ્જત હતી તે ના હવે,
તો યે હજી તુજ કામનું છે નામ મોટું આલમે.

(૧૧)

એ નામ રહેશે ક્યાં સુધી, ચિંતા થતી દિનરાત એ,
બસ, નામ બાકી દીનનું, શું કામ ભૂસી નાખશે !

(૧૨)

ફરિયાદ મારી મુસ્તફા ! કિશ્તી ફસી છે વમળમાં,
થઈને સુકાની નાવના, લેજો ઉગારી સંગમાં.

(૧૩)

આરો, સહારો આપનો, યા રહમતુ'લલિલ આલમી
કરજો દુઆ અલ્લાહથી, મકબુલ દુઆ છે આપની.

અલ્લાહ પાસે દુઆ

(ભુજંગી)

ખસો વાદળાં ! માર્ગ આપો દુઆને,
જુઓ રહેમ લેવા જતી આસમાને;
દુઆ ! અર્શ થોભી, ફરે અર્ઝ અલ્લા,
ઉઠયો કાળ તેની ગતિ ફેરવો યા !

(૨)

હતી શાન્તિ કાલે, થયો દ્વેષ આજે,
થયા મિત્ર વેરી, અમી ઝેર થાયે;
દવા શોક સંતાપની શોધવી છે,
તૂટેલાં દિલોને ફરી સાંધવાં છે.

(૩)

ખુદા ! રાહ તારો દયા રાખવાનો,
અને રાહ જૂનો, અમો રક્ષવાનો;
રખે ભૂલતો એ દયાધર્મ તારો,
ભૂલ્યા યાદ તારી, ચૂક્યા રાહ તારો.

(૪)

ગણે તુચ્છને 'મ્લેચ્છ' નામે વગોવે,
અને ઠોકરે સૃષ્ટિ સારી ચઢાવે;
પરેશાન, હેરાન આવ્યા તુ–દ્વારે,
ખુદા ! ખલ્ક જો ત્રાહી ત્રાહી પુકારે.

(૫)

ગુનેગાર, નાદાર બેઆબરૂ છે,
ગમે તે ભલે છે, તને એ ભજે છે;
કરે વ્હાર ના જો તુ બંદાતણી તો–
કહે, મુસ્લિમોનો ખુદા કો નથી જો !
